ચોથી શ્રેણી

પુસ્તક–૧૦૩

તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
માઘ ૧૮, ૧૯૪૫ શાકે
થી
તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪
માઘ ૨૩, ૧૯૪૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

## અ નુ ક્ર મ ણિ કા

**ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૧૮, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ | ૪૩ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) ( પ્રચંડ બોમ્બ બ્લાસ્ટથી કામદારોના થયેલ મૃત્યુ અંગે) | ૪૪ | ૪૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૬ | ૪૬ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૪૭ | ૪૭ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર ( સરકારી સંકલ્પની દાખલપાત્રતા અંગે) | ૪૭ | ૪૮ |
| સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦) ( ધોરણ–૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતા સાર"નો સમાવેશ કરવા અંગે | ૪૮ | ૫૯ |
| પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ) | ૬૦ | ૮૬ |
| **તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૧૯, ૧૯૪૫ શાકે** | | |
| **પ્રથમ બેઠક** | | |
| પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ ) | ૮૭ | ૧૧૧ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૧૨ | ૧૨૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૨૬ | ૧૪૪ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૧૪૫ | ૧૪૫ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( પહેલો દિવસ ) | ૧૪૫ | ૧૫૧ |
| દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો | ૧૫૨ | ૧૫૩ |
| ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક–૨૦૨૩ | ૧૫૨ | ૧૫૨ |
| પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો | ૧૫૨ | ૧૫૩ |
| **તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૨૦, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૫૪ | ૧૬૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬૭ | ૨૬૩ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૨૬૪ | ૨૬૪ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ ) | ૨૬૪ | ૨૮૮ |
| **તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ માઘ ૨૩, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૮૯ | ૩૦૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૦૧ | ૩૨૨ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૪ | ૩૨૩ | ૩૨૫ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ ) | ૩૨૬ | ૩૪૫ |

માઘ ૧૮, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માઘ ૧૮, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કૂપોષિત બાળકો**

***15/4/524 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર)**: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

**(૧)** તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૭૭૪૮ |
| ભાવનગર | ૨૬૧૮૮ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે,

**(૨)** તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| જૂનાગઢ | ૬૧૬૬ | ૧૫૮૨ | ૭૭૪૮ |
| ભાવનગર | ૨૦૦૩૨ | ૬૧૫૬ | ૨૬૧૮૮ |

(૩) ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને

**(૩)** ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે .

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો ઘટાડો / | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| જૂનાગઢ | ----- | ૨૦૭૯ |
| ભાવનગર | ------ | ૩૪૦૫ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં?

**(૩)** ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે .

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે

- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષનાં બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછાં વજનવાળાં બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩થી ૬ વર્ષના અતિ ઓછાં વજનવાળાં બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.

- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઇડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે.

તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

- દૂધ સંજીવની યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષનાં બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇટ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કુપોષણથી પીડાતાં બાળકોની જે સંખ્યા બતાવવામાં આવી છે તેમાં ફકત આંગણવાડીમાં પ્રવેશ લીધેલ છે તેવાં બાળકોનો જ સમાવેશ થાય છે કે જિલ્લામાં આવેલ તમામ કુપોષિત બાળકોનો સમાવેશ થાય છે? બીજો મારો પ્રશ્ન એવો છે કે, રાજયમાં આંગણવાડીઓમાં અને આંગણવાડી સિવાય કુપોષિત બાળકોની સંખ્યા કેટલી છે? ત્રીજો પ્રશ્ન એ છે કે, આંગણવાડીઓ સિવાય કુપોષિત બાળકો માટે સરકારે કોઇ સરવે કરાવેલ છે કે કેમ?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે બીજો પ્રશ્ન પૂછ્યો એમાં રાજયની સંખ્યાની વાત કરી, પરંતુ આ જિલ્લાની વાત છે એટલે આમાં આપણે જિલ્લાની સંખ્યા આપેલી છે. બીજું એમણે જે વાત કરી કે, આ બાળકોની ગણતરી કેવી રીતે થાય છે? તો આંગણવાડીમાં આપણે પોષણ ટ્રેકર દ્વારા આ બાળકોની સંખ્યા કુપોષિત છે કે કેમ એ નક્કી થતું હોય છે અને ભારત સરકાર દ્વારા જે સર્વર વસાવવામાં આવેલ છે એના દ્વારા આ નક્કી કરવામાં આવે છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જૂનાગઢ જિલ્લા અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાઇઝ ઓછાં વજનવાળાં બાળકોની સંખ્યા કેટલી છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાની વાત કરીએ તો ભેસાણ તાલુકામાં કુલ બાળકોની સંખ્યા ૨૬૯૩ એમાંથી સામાન્ય વજનવાળાં બાળકો ૨૩૩૬ છે, ઓછાં વજનવાળાં બાળકો ૨૯૬ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૬૧ છે. એ જ રીતે કેશોદ તાલુકામાં કુલ બાળકોની સંખ્યા ૮૨૬૦ છે, સામાન્ય વજનવાળાં બાળકો ૭૦૦૫ છે, ઓછાં વજનવાળાં બાળકો ૯૮૪ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૨૭૧ છે. માળિયા હાટીના તાલુકામાં કુલ બાળકોની સંખ્યા ૯૧૮૩ છે તેમાં સામાન્ય વજનવાળા બાળકો ૮૧૯૪ છે અને ઓછાં વજનવાળાં બાળકો ૮૧૩ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૧૭૬ છે. માણાવદર તાલુકામાં કુલ બાળકોની સંખ્યા ૪૯૬૦ છે, સામાન્ય વજનવાળાં બાળકો ૪૪૬૮ છે, ઓછાં વજનવાળાં બાળકો ૪૦૬ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૮૬ છે. માંગરોળ તાલુકામાં કુલ બાળકોની સંખ્યા ૧૨૭૫૮ છે, સામાન્ય વજનવાળાં બાળકો ૧૧૫૯૮ છે, ઓછાં વજનવાળાં બાળકો ૮૮૨ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૨૭૮ છે. મેંદરડા તાલુકામાં કુલ બાળકોની સંખ્યા ૩૨૫૬ છે, સામાન્ય વજનવાળાં ૨૮૩૯ છે, ઓછાં વજનવાળાં ૩૩૬ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૮૧ છે. વંથલી તાલુકામાં કુલ બાળકોની સંખ્યા ૩૮૭૬ છે, સામાન્ય વજનવાળાં બાળકો ૩૪૧૧ છે, ઓછાં વજનવાળાં બાળકો ૩૫૦ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૧૧૫ છે. વિસાદવર તાલુકામાં કુલ બાળકોની સંખ્યા ૪૭૭૪ છે તેમાં સામાન્ય વજવાળાં બાળકો ૪૦૨૧ છે, ઓછાં વજનવાળાં ૫૬૪ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૧૪૯ છે. જૂનાગઢ તાલુકામાં કુલ બાળકો ૧૮૨૩૭ છે તેમાંથી સામાન્ય વજનવાળા બાળકો ૧૬૩૩૭ છે, ઓછા વજનવાળા બાળકો ૧૫૩૫ છે અને અતિ ઓછાં વજનવાળાં બાળકો ૩૬૫ છે. એવી જ રીતે ભાવનગર જિલ્લાની વાત કરીએ તો ભાવનગરમાં કુલ બાળકો જે વજન કરેલા સંખ્યા છે એમાં ૩૩૬૬૦ છે, સામાન્ય વજનવાળાં ૨૬૮૮૪ છે.ઓછાં વજનવાળાં ૫૩૭૮ છે, અતિ ઓછાં વજનવાળાં ૧૩૯૮ છે. ગારિયાધરની વાત કરીએ તો,

અધ્યક્ષશ્રી : ભાવનગરના બધા તાલુકા બોલવાના છો? બધા તાલુકાનું હવે જનરલ આવી ગયું.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઓ.કે. સર.

અધ્યક્ષશ્રી : તે વિગત માનનીય ધારાસભ્યશ્રીને પહોંચાડી દેજો.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આંગણવાડીના જે બાળ લાભાર્થીઓ છે તેને પૂરક પોષણમાં શું શું આપવામાં આવે છે? અને તેના ફાયદા શું થાય છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ થોડો વિગતવાર રહેશે. અન્ન સલામતી કાયદા ૨૦૧૩ મુજબ લાભાર્થીને તેની દૈનિક પોષણની જરૂરિયાતના ૧/૩ ભાગનું પોષણ આપવાનુ થાય છે. જેમાં ભારત સરકારની માર્ગદર્શક સૂચનાને ધ્યાનમાં લઇને લાભાર્થી માટે આહાર નક્કી કરવામાં આવે છે. આંગણવાડીમાં આવતાં ૩ થી ૬ વર્ષ સુધીનાં બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન આંગણવાડી ઉપર આપવામાં આવે છે. અને અઠવાડિયામાં બે દિવસ ફળ પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાના તમામ ઘટકોમાં Take Home Ration - ટીએચઆર તરીકે ૬ માસથી ૩ વર્ષના નાના બાળકો પૈકી સામાન્ય વજનવાળા બાળકોને બાલ શકિતના ૭ પેકેટ, ૬ માસથી ૩ વર્ષના અતિ ઓછાં વજનવાળા બાળકોને ૧૦ પેકેટ તેમજ આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના અતિ ઓછાં વજનવાળા બાળકોને બાલ શકિતના ૪ પેકેટ પૂરાં પાડવમાં આવે છે. ભાવનગર જિલ્લાના તમામ ઘટકોમાં સરકાર દ્વારા મૂલ્યવર્ધિત કરેલા Take Home Ration બાલ શકિત પ્લસ પેકેટ આપવામાં આવે છે. લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજયની તમામ આંગણવાડી કેન્દ્રોમાં ૪૫ આંટા ફોર્ટીફાઇડ ચોખા તેમજ ફોર્ટીફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે. દૂધ સંજીવની યોજના અંતર્ગત

## તારાંકિત પ્રશ્નો

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકામાં ૬ માસથી ૬ વર્ષનાં બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફોર્ટીફાઇડ ફ્લેવર દૂધ પણ આપવામાં આવે છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણ એ ખૂબ ગંભીર સમસ્યા છે અને ગુજરાતમાં વાત કરીએ તો લગભગ ૫ વર્ષથી નીચેનાં ૧ લાખ ૨૬ હજાર બાળકો કુપોષિત છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન માત્ર બે જિલ્લાનો છે તેથી આપ તેનો જ પ્રશ્ન પૂછો. આપ તો સિનિયર ધારાસભ્યશ્રી છો. આ આખા રાજયનો પ્રશ્ન નથી. પછી મંત્રીશ્રી જવાબ આપશે કે રાજયનો પ્રશ્ન નથી એટલે કંઇ કહેવું નથી તેના કરતા તમે આ બે જિલ્લા પૂરતાં પેટા પ્રશ્નો પૂછો.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એક જ છે કે આવી ગંભીર સમસ્યા હોય તો તેનું નિરાકરણ યોગ્ય રીતે થવું જોઇએ. મારા ખેડબ્રહ્મા વિસ્તારમાં,

અધ્યક્ષશ્રી : આમાં તમારી ખેડબ્રહ્માની ચિંતા હોય તો આપે ખેડબ્રહ્માનો પ્રશ્ન પૂછવો જોઇએ. માનનીય ધારાસભ્યશ્રી, પ્રશ્ન અત્યારે બે જિલ્લાનો છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું કુપોષણની જ વાત કરવા માગું છું.

અધ્યક્ષશ્રી : કુપોષણનો પ્રશ્ન બે જિલ્લાનો છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પણ આ સમસ્યા તો ગુજરાતની છે અને અમે ગુજરાતના ધારાસભ્ય છીએ.

અધ્યક્ષશ્રી : તો પછી ગુજરાતના ધારાસભ્ય છો એટલે વિધાનસભાના નિયમોના નિયમને નહીં માનવાનું એવું ડોકટર તમે માનો છો ? તમે એવું માનો છો કે તમે જે નક્કી કરો એ જ નિયમ હોય ?

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પણ કુપોષણની વાત...

અધ્યક્ષશ્રી : અરે ભાઇ, હું આપને ફરી કહું છું માનનીય ધારાસભ્યશ્રી કે જે જિલ્લાનો પ્રશ્ન હોય તેની ચર્ચા કરાય. તમે સૌરાષ્ટ્રનો પ્રશ્ન છે અને ત્યાં તમે ખેડબ્રહ્માનો પ્રશ્ન પૂછો છો. રાજયનો પ્રશ્ન હોય તો તમે ચોક્કસ પૂછી શકો પરંતુ આ રાજયનો નથી આ બે જિલ્લા પૂરતો પ્રશ્ન છે. તમને ખરેખર જો ખેડબ્રહ્માની ચિંતા હોય તો તમારે ખેડબ્રહ્માનો પ્રશ્ન ચોક્કસ પૂછવો જોઇએ અથવા રાજયનો પ્રશ્ન પૂછવો જોઇએ. નિયમને તોડીને તમે કઇ રીતે વાત કરી શકો? આપ બેસો, આપે જો આ બે જિલ્લા પૂરતો પ્રશ્ન પૂછવો હોય તો હું ફરી તમને ઇન્વોલ કરું છું આપ ફરી બોલો... નથી ને?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કુપોષણ એ સમગ્ર રાજયનો ચિંતાનો વિષય છે. જે રીતે આ વિધાનસભા ગૃહમાં તા.૯-૭-૨૦૧૮ના રોજ જૂનાગઢ જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા ૧૮૯૫ બતાવી હતી. તા.૧૬-૩-૨૦૨૨ના રોજ જૂનાગઢ જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા ૨૩૭૮ બતાવી હતી. હાલ ૭૭૪૮ બતાવી છે. એવી જ રીતે ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮માં ૫૮૧૩ની સંખ્યા હતી. જે વર્ષ ૨૦૨૦માં ૧૨,૧૦૪ થઇ છે. વર્ષ ૨૦૨૨માં ૪૨૫૬ થઇ અને હાલ ૨૬,૧૧૮ છે. માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એટલું જ જાણવું છે કે આપણે વર્ષ ૨૦૨૪માં ઊભા છીએ. કુપોષિત બાળકો માટે સરકાર ૧૦૦ ટકા ચિંતિત હશે. તમામ ધારાસભ્ય પણ ચિંતિત છે. સરકાર ખર્ચ પણ કરે છે પણ કુપોષિત બાળકોની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થતો જાય છે. મારે માનનીય મંત્રીશ્રી પાસે એટલું જ જાણવું છે કે, વર્ષ ૨૦૧૮ની સ્થિતિએ વર્ષ ૨૦૨૪માં આ બંને જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યામાં વધારો થયો છે. સરકારે બજેટ આપવા છતાં પણ કુપોષિત બાળકોની સંખ્યામાં કેમ વધારો થયો છે? અને મારો બીજો પ્રશ્ન એ છે કે આ બંને જિલ્લામાં જે કુપોષિત બાળકો નોંધાય છે એ ફક્ત આંગણવાડી પૂરતા છે કે સમગ્ર જિલ્લાના છે?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પણ કુપોષણની વાત આવે એટલે આપણા મગજમાં એવી માનસિકતા હોય કે આજે બાળકને ખવડાવીએ અને કાલે એ પોષિત થઇ જાય પણ એવું નથી. આ એક વિષચક્ર છે અને એ વિષચક્રને સમજવું જરૂરી છે. કુપોષણ એક એવી સ્થિતિ છે કે જે માત્ર ગરીબોમાં જ નથી પણ સારા વર્ગનાં બાળકોમાં પણ આ કુપોષણ જોવા મળે છે. અતિ પોષણ એ પણ કુપોષણનો એક પ્રકાર છે. કુપોષણ માટે અનેક કારણો જવાબદાર છે. જેમાં જન્મ સમયની સ્થિતિ, બાળકના જન્મનો ક્રમ, માતાનું આરોગ્ય, સામાજિક આર્થિક સ્થિતિ, રહેણી-કરણીના ખાન-પાનની સ્થિતિ, કોઇ ચેપ, કૃમિ વગેરે જેવા અનેક કારણો જવાબદાર છે. આજે શું ખાવું અને શું ન ખાવું એની માહિતીનો અભાવ છે. આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ જુદા-જુદા મંચ ઉપરથી અનેક વખત વાત કરતા હોય છે કે જ્યાં સુધી આપણા વર્તનમાં પરિવર્તન નહિ આવે, ખાન-પાનની ટેવમાં સુધારો નહિ આવે ત્યાં સુધી આપણે બધાએ સાથે મળીને ઝુંબેશ ચલાવવી પડશે. આપણે બધા પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ ત્યારે આપણે આપણા મત વિસ્તારમાં વાત કરવી પડશે કે કુપોષણ શા માટે થાય છે. આજની દીકરી છે એ આવતીકાલની માતા છે. આજની દીકરી આજે સક્ષમ નહિ હોય તો સ્વાભાવિક છે કે એનું બાળક કુપોષિત થશે. ત્યારે આપણે એ રીતે સામાજિક ઝુંબેશ ઉપાડવી પડશે કે દીકરીના લગ્ન યોગ્ય સમયે જ થવા જોઇએ. એ ભણેલી-ગણેલી હોવી જોઇએ. દીકરીના પોષણની ઘરમાં પણ ચિંતા કરવી પડશે. આંગણવાડીના માધ્યમથી

આપણે એને ૧/૩ ભાગનું ભોજન આપીએ છીએ પણ ઘરમાં પણ એને વ્યવસ્થિત ભોજન મળે, પોષણયુક્ત આહાર મળે એની પણ ચિંતા કરવી પડશે અને ધાત્રી માતાઓની પણ ચિંતા કરવી પડશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ કહો છો એ પ્રમાણે જો સુખી–સંપન્ન પરિવારોમાં પણ કુપોષણનું પ્રમાણ હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી પણ અહીંયા ઉપસ્થિત છે ત્યારે હું કહીશ કે એની ફૂડ હેબિટ અને લિવિંગ હેબિટની જાગરૂકતા માટેનું અભિયાન પણ સાથે–સાથે ચલાવવું જોઇએ. આર્થિક સંપન્ન લોકોએ કેવો ખોરાક લેવા જોઇએ એ કામ પણ રાજ્ય સરકારે કરવું જોઇએ. (શ્રી શૈલેષભાઇ પરમાર બેઠાં–બેઠાં વચ્ચે બોલતાં..) તમને પ્રશ્ન પૂછતાં પણ આવડવું જોઇએ. આખા રાજ્યનો પ્રશ્ન પૂછીએ.....

શ્રી શૈલેષ મ. પરમાર : મેં બે જિલ્લાનો જ પ્રશ્ન પૂછ્યો છે.

અધ્યક્ષશ્રી : એ પ્રશ્ન હવે પૂરો થઇ ગયો છે. મંત્રીશ્રી, હજી કાંઇ પૂરક હોય તો જ્યારે ધારાસભ્યશ્રી માગે ત્યારે એમને બધી વિગત આપજો.

**અમદાવાદ જિલ્લાના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

*15/4/485 **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી** (ધોળકા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષઃ ૨૦૨૩–૨૪ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ મળી, | (૧) | ૨,૧૨,૦૨૭ |
| (૨) | તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૨,૧૨,૦૨૭ |
| (૩) | તે પેટે કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી? | (૩) | રૂ .૧૭૫૧.૬૭ લાખ |

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની અરજીઓ મળી? તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? અને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો મુખ્ય હેતુ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તેમજ વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો નાબૂદ થાય તે માટેનો છે. વિકસતી જાતિ કલ્યાણ દ્વારા રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી જાતિ, વિચરતી–વિમુક્તિ જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ૧ થી ૮ના કુમારને વાર્ષિક રૂ.૭૫૦/– શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જ્યારે ધોરણ ૧થી ૫ની કન્યાઓને વાર્ષિક રૂ.૭૫૦/– અને ધોરણ ૬થી ૮ની કન્યાઓને વાર્ષિક રૂ.૧,૦૦૦/–ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ હાલમાં કયા કયા પાત્રતાના માપદંડોને ધ્યાને લેવામાં આવે છે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાના પાત્રતાના માપદંડો નીચે મુજબ છે. વિદ્યાર્થીઓ વિકસતી જાતિના એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી જાતિ, વિચરતી–વિમુક્તિ જાતિના હોવા જોઇએ. વિદ્યાર્થીઓ ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતા હોવા જોઇએ. વાર્ષિક આવક મર્યાદા નથી. સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોવા જોઇએ. વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ.

મોરબી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્રવ મરણોત્તર સહાય

* 15/4/493 : શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) | ૧૮૨ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૧૮૨ |
| (૩) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ.૯,૧૦,૦૦૦/– |

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર સહાય યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલી

અરજીઓ મળી? કેટલી અરજી મંજૂર કરવામાં આવી? કેટલી અરજી નામંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર મોરબી તાલુકામાં ૮૫ અરજીઓ મળેલ જે પૈકી ૮૫ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે માટે રૂ.૪.૨૫ લાખની સહાય ચૂકવવામાં આવી. હળવદ તાલુકામાં ૪૫ અરજીઓ મળેલ જે પૈકી ૪૫ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે માટે રૂ.૨.૨૫ લાખની સહાય ચૂકવવામાં આવી. વાંકાનેર તાલુકામાં ૩૬ અરજીઓ મળેલ જે પૈકી ૩૬ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે માટે રૂ.૧.૮૦ લાખની સહાય ચૂકવવામાં આવી. ટંકારા તાલુકામાં ૧૨ અરજીઓ મળેલ જે પૈકી ૧૨ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે માટે રૂ.૦.૬૦ લાખની સહાય ચૂકવવામાં આવી. માળિયા મીયાણા તાલુકામાં ૪ અરજીઓ મળેલ જે પૈકી ૪ અરજીઓ મંજૂર કરવામાં આવી અને તે માટે રૂ.૦.૨૦ લાખની સહાય ચૂકવવામાં આવી. આમ, મળેલ કુલ ૧૮૨ અરજીઓ પૈકી ૧૮૨ અરજીઓ માટે રૂ.૯.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર સહાય યોજના અંતર્ગત લાભ લેવા માટેની પ્રક્રિયા શું છે? અને એક વ્યક્તિને કેટલી રકમની સહાય મળવાપાત્ર છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સત્યવાદી હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનાનો લાભ લેવા માટે વારસદારે મૃત્યુ થયાના છ મહિનાના સમયગાળામાં નિયત નમૂનામાં ઇ–સમાજ પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની હોય છે. સંબંધિત જિલ્લાના સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી દ્વારા ચકાસણી કરી તેઓના અભિપ્રાય સાથે અરજદારે અરજી ગ્રામીણ વિસ્તાર માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, પંચાયતને અને શહેરી વિસ્તાર માટે જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણને મોકલવાની હોય છે. જિલ્લાકક્ષાએ અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને રૂ. ૫૦૦૦/–ની સહાય ડી.બી.ટી. દ્વારા ચૂકવવામાં આવે છે.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ**

*15/4/506 **કિરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ, | (૧) | (નીચે કોષ્ટક) |
| (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જોગવાઇ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) | (નીચે કોષ્ટક) |
| (૩) | ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી? | (૩) | (નીચે કોષ્ટક) |

(૧)

| વર્ષ | કરવામાં આવેલ જોગવાઈ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૫૦૨.૩૨ |
| ૨૦૨૨–૨૩ | ૧૮૩૬.૮૩ |

(૨)

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૨૭૯.૮૮ |
| ૨૦૨૨–૨૩ | ૧૫૯૧.૮૭ |

(૩)

| વર્ષ | વપરાયેલ રકમ (કરોડમાં .રૂ) | વણ વપરાયેલ રકમ (કરોડમાં .રૂ) |
|---|---|---|
| ૨૦૨૧–૨૨ | ૧૨૧૨.૨૩ | ૬૭.૬૫ |
| ૨૦૨૨–૨૩ | ૧૪૭૦.૭૧ | ૧૨૧.૧૬ |

- ઉપર મુજબની બચત મહદઅંશે પગારભથ્થાં, કચેરી ખર્ચ વગેરે ઓછા થવાના કારણે રહેવા પામેલ છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દર વર્ષે શ્રમ અને રોજગાર વિભાગ માટે બજેટની જોગવાઇ કરવામાં આવે છે. આ જોગવાઇના પ્રમાણમાં પૂરતું બજેટ વપરાતું નથી. બજેટ નહીં વપરાવાનાં કારણો શું છે? અને એમાં લખ્યું છે કે, પગાર–ભથ્થાં, કચેરી ખર્ચ વગેરે ઓછા પ્રમાણમાં થાય છે. એક બાજુ આપણે આઉટસોર્સિંગથી કર્મચારીઓની ભરતી કરીએ છીએ અને પૂરતો પગાર પણ આપતા નથી. બીજી બાજુ બજેટમાં જોગવાઇ કરવા છતાં પણ પૂરતું બજેટ વપરાતું નથી તો ભવિષ્યમાં પૂરેપૂરું બજેટ વપરાય અને કાયમી ભરતી થાય એના માટે કોઇ કાર્યવાહી કરવા માંગો છો કે કેમ?

તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી છે કે બજેટ ઓછું વપરાય છે. વર્ષ ૨૦૨૧–૨૨માં ફાળવેલ રકમના ૯૪.૭૧ ટકા રકમ વપરાયેલ છે, વર્ષ ૨૦૨૨–૨૩માં ફાળવેલ રકમના ૯૨.૩૮ ટકા રકમ વપરાયેલ છે. બજેટની જરૂરિયાત મુજબ આપણે ચોક્કસપણે બજેટ વાપરતા હોઇએ છીએ અને આજે આપણી પાસે કર્મચારીઓનો પૂરતો સ્ટાફ પણ છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારશ્રીએ વર્ષ ૨૦૨૧–૨૨ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૨–૨૩ની બજેટ જોગવાઇમાં કેટલા ટકા વધારો કરેલ છે? કયા નવાં કામો માટે ખર્ચ કરેલ છે? અને ગુજરાતના યુવાનોને અદ્યતન તાલીમ આપવા માટે સરકારશ્રીએ શું પ્રયત્નો કરેલ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય મંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ વર્ષ ૨૦૨૧–૨૨ની બજેટની તુલનામાં વર્ષ ૨૦૨૨–૨૩ના બજેટમાં રૂ. ૩૩૪ કરોડનો એટલે કે, ૨૨.૨૭ ટકાનો વધારો કરેલ છે અને નીચે મુજબના કામકાજ કરવા માટે આ યોજનાઓ આપવામાં આવી છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં બાંધકામ શ્રમિકોને ભોજન મળી શકે એ માટે રાજ્યમાં કડિયાનાકા ખાતે માત્ર પાંચ રૂપિયામાં ભોજન આપવામાં આવે છે. કૌશલ્ય ધી યુનિવર્સિટી સ્થાપવામાં આવી છે. ૨૧ પ્રકારના ટૂંકાગાળાના અભ્યાસો શરૂ કરવા માટે મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકાસ યોજના મૂકવામાં આવી છે. શ્રમિકો માટે શિક્ષણની સહાય યોજના અને અન્ય યોજનાઓ મૂકવામાં આવી છે. નવા ૨૫ જેટલા ધન્વંતરી આરોગ્ય કેન્દ્રો પણ રજૂ કરવામાં આવ્યાં છે. માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો, ગુજરાત રાજ્યના યુવાનોને અદ્યતન તાલીમ મેળવી શકે તે હેતુસર ગુજરાત સ્કીલ યુનિવર્સિટી સ્થાપવામાં આવી. રાજ્યમાં ઔદ્યોગિક તાલીમ ખાતે ઇન્ડસ્ટ્રીઝ માર્કેટની માંગ જોતાં, આઇ.ટી.આઇ. પાવર ઓટોમેટિક જેવા વિવિધ નવા કોર્સનો વધારો કરવામાં આવ્યો છે. સરકારશ્રી દ્વારા રાજ્યમાં સંસ્થા કાર્યરત થાય તે માટે કુલ ૬૩ પ્રકારના બીન લોકપ્રિય ટ્રેડ હતા એમાં ૩૭૬ બેઠકો રદ કરી અને ૪૩ લોકપ્રિય ટ્રેડ એટલે કે ૪૫૨ બેઠકોનો વધારો કર્યો છે. વધુ યુવાનોને ડ્રોનની તાલીમ આપવા માટે અને ડ્રોન સ્કીલ ઇન્ડસ્ટ્રીઝના સંચાલન તથા ડ્રોન સક્ષમ સેન્ટર સ્થાપવા માટે પણ આ બજેટમાં રૂ. ૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૧–૨૨ અને વર્ષ ૨૦૨૨–૨૩માં વિભાગ દ્વારા કેટલા યુવાનોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે? મારો બીજો પ્રશ્ન છે કે, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગમાં શ્રમિકોને લાભ આપવાની કંઇ કંઇ યોજનાઓમાં અમલમાં મૂકેલ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એના જવાબમાં જણાવું તો, સરકારી આઇ.ટી.આઇ., ગ્રાન્ટ ઇન એઇડ આઇ.ટી.આઇ તેમજ સેલ્ફ ફાઇનાન્સ આઇ.ટી.આઇ.માં વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ ૧,૨૩,૮૮૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલો. વર્ષ ૨૦૨૨–૨૩માં કુલ–૧,૨૮,૨૨૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલો. વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ ૧,૦૫,૧૧૪ વિદ્યાર્થીઓને એપ્રેન્ટિસની તાલીમ આપવામાં આવેલી. વર્ષ ૨૦૨૨–૨૩માં કુલ ૧,૨૧,૭૧૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. રાજ્યની વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ૭૯ રાષ્ટ્રીય કક્ષા અને ૫૩ રાજ્ય કક્ષાના એમ કુલ મળી ૧૩૨ લાંબાગાળાના કોર્સો ચલાવવામાં આવે છે. ગુજરાત રાજ્યના યુવાનોને અદ્યતન તાલીમ મળે તે હેતુસર રાજ્યમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની ઇન્ડસ્ટ્રીઝ માર્કેટ માંગ મુજબ છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબના કોર્સ કરવામાં આવ્યા છે. આઇ.ટી.ઓ.ટી. ટેકનિકલ, સ્માર્ટ એગ્રીકલ્ચર, સ્માર્ટ સિટી, સ્માર્ટ હેલ્થ કેર, રિમોટ પાઇલોટ, પાઇલોટ સિવિલ એન્જિનિયરિંગ અને મેન્યુફેકચરિંગ ટેકનોલોજી, ટર્ન કી, પેન્ટિંગ, સોલાર ટેકનિકલ ઇલેક્ટ્રિક, મેટ્રો સ્ટેશન અને ઇલેક્ટ્રિક સ્ટેશન ડિઝાઇનના કોર્સો કરીએ છીએ.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શ્રમ અને રોજગાર વિભાગ મારફત રોજગારી માટે બજેટ ફાળવવામાં આવે છે, પણ જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે રોજગારીની તકો ઊભી કરવી જોઇએ. જયાં જી.આઇ.ડી.સી.ની વ્યવસ્થા નથી, ધારો કે, બનાસકાંઠા અને અને પાટણ જિલ્લામાં શિક્ષિત મહિલાઓને રોજગારી આપવા માટે ડાયમંડ જેવા વ્યવસાયનો આઇ.ટી.આઇ.માં કારીગર વર્ગ તૈયાર કરવા માટેની કોઇ જોગવાઇ સરકારશ્રી મારફત કરવામાં આવી છે કે કેમ? અને જો ન કરવામાં આવી હોય તો આપણા દરેક તાલુકામાં આઇ.ટી.આઇ. છે, અને આવનાર સમયમાં મહિલાને સ્વનિર્ભર કરવા માટે એને વ્યકિતગત રોજગારી મળી રહે એ માટે સરકારશ્રી કંઇ કરવા માગે છે કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં સતત રોજગારી પ્રાપ્ત થાય એના માટે ગુજરાત સરકાર હંમેશા વ્યવસ્થા કરે છે. મને આ સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે, હમણાં જ ૧૫ દિવસ પહેલાં એક રિપોર્ટ બહાર પડ્યો હતો અને સમગ્ર ભારત દેશમાં ૪.૨ રોજગારીનો દર હતો એમાં આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના શાસનમાં ૩.૭ થયો. ગુજરાત રાજ્યમાં આજે આગળ વધીને જે ૨.૨ દર હતો એમાંથી ૧.૭ દર ઉપર આપણે આવ્યા છીએ. એ જ બતાવે છે કે, ગુજરાતમાં રાજ્યમાં આજે રોજગારીના પ્રશ્નો ઓછા થયા છે. બહેનશ્રીનો પ્રશ્ન એકદમ લાગણીશીલ છે. અમે ૫૯૬થી વધારે પ્રાઇવેટ, સરકારી અને બધી જ આઇ.ટી.આઇ.માં બધા

કોર્સો ચલાવીએ છીએ. જૂના કોર્સ પણ છે અને નવા કોર્સનો ઉમેરો પણ કરીએ છીએ. સાથોસાથ બહેનો પણ વધુ તાલીમબદ્ધ થાય અને એ માટેની વ્યવસ્થા બને એના માટે અનેક પ્રકારની વ્યવસ્થા કરીએ છીએ. ભૌગોલિક સ્થિતિ નથી. જયાં માની લો કે જી.આઇ.ડી.સી. વગેરે નથી ત્યાં આગળ ભરતી મેળાનું આયોજન પણ કરીએ છીએ. આપ જૂઓ છો કે દર અઠવાડિયે કે પંદર દિવસે ભરતી મેળાનું આયોજન થાય છે. ત્રણ પ્રકારના લોકોને બોલાવીએ છીએ. એના લીધે સારામાં સારી ઇન્ડસ્ટ્રીઝના લોકો પ્રાપ્ત થાય, રોજગારી આપનાર લોકો અને જે લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે તે બન્નેનું સંકલન થાય અને વધુમાં વધુ લોકોને રોજગારી પ્રાપ્ત થાય તેવા પ્રયાસો કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીના જવાબમાં સખતના બદલે સતત શબ્દ જરા જોઇ લેજો, સુધારી લેજો.

**ગાંધીનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

*15/4/483 **: શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર** (ગાંધીનગર (દક્ષિણ))**: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪માં ગાંધીનગર જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) | ૬૭૯ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) | ૬૭૨ |
| (3) | ઉક્ત મંજૂર અરજીઓ પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (3) | રૂ ૬૪.૮૦.લાખ |

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર મહિલાઓ અને દીકરીઓ માટે નીત નવી યોજનાઓ અને યોજનાઓના ચોકકસ લક્ષ્યાંક સાથે આગળ વધી રહી છે. મને જવાબ મળી ગયો છે અને એમાં જે માગણી આવી એમાંથી ૬૭૯માંથી ૬૭૨ અરજીઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે. બાકીની ૭ કેમ નથી સ્વીકારવામાં આવી એક એનું કારણ અને બીજું કે આ સરકાર ચોક્કસ લક્ષ્યાંકો સાથે ૧૦૦ ટકા સિદ્ધિ સાથે ચાલી રહી છે ત્યારે કુંવરબાઇનું મામેરું એ એક સંવેદનશીલ મુદ્દો છે. એમાં રાજય સરકાર સમયાંતરે વધારો કરે છે. એ ૧૦ હજાર રૂપિયા હતા એ આજે ૧૨ હજાર રૂપિયા આપે છે. મારી રાજય સરકારને વિનંતી છે કે આ ૧૨ હજાર રૂપિયાની રકમમાં વધારો કરીને મામેરું ધામધૂમથી ઉજવવા માટે મંત્રીશ્રી એમાં વધારો કરવા માગે છે કે કેમ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : અહીંયા તમે બે ભાઇ બહેન મામેરાની ચિંતા ના કરો. ચર્ચા ન કરો.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એમાં કહ્યું છે કે જવાબ મળી ગયો છે, પણ તેમ છતાં કુંવરબાઇનાં મામેરામાં જે ૧૨ હજાર રૂપિયા આપવામાં આવે છે એમાં રાજય સરકાર વધારો કરવા માગે છે કે કેમ, તો એમનું સૂચન આવકાર્ય છે. સરકાર એ બાબતમાં વિચારશે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કુંવરબાઇનું મામેરુ યોજનામાં અરજદારે અરજી કયાં કરવાની હોય છે અને એના માપદંડો શું છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અરજદારે લગ્નની તારીખના બે વર્ષના સમયગાળામાં ઇ–સમાજ કલ્યાણ પોર્ટલ દ્વારા અરજી કરવાની થાય છે. પાત્રતાના માપદંડોમાં કન્યાની વય ૧૮ વર્ષ અને યુવકની વય ૨૧ વર્ષથી ઉપરની હોવી જોઇએ. એક કુટુંબની બે કન્યાઓને લાભ મળે છે. આવક મર્યાદા ૬ લાખ નક્કી કરેલી છે. અરજી મંજૂર થયેથી ડી.બી.ટી. દ્વારા રૂપિયા ૧૨ હજારની સહાય ચૂકવવામાં આવે છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આ કુંવરબાઇનું મામેરું યોજના એ જરૂરિયાતમંદ પરિવારો માટે ખૂબ મહત્ત્વની યોજના છે. જયારે એની શરૂઆત થઇ હતી ત્યારથી અત્યાર સુધી સરકાર દ્વારા સતત એમાં વધારો કરવામાં આવે છે. આ દરોમાં એ વધારો કયારે કયારે કરવામાં આવ્યો છે એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ કુંવરબાઇના મામેરાની સહાય વર્ષ ૧૯૯૫માં શરૂ કરવામાં આવેલી. એ વખતે ૫ હજાર રૂપિયા નક્કી કરવામાં આવેલા. ત્યારપછી વર્ષ ૨૦૧૨માં એમાં સુધારો કરીને રૂપિયા ૧૦ હજાર કરવામાં આવ્યા. છેલ્લે વર્ષ ૨૦૨૨માં રૂપિયા ૨ હજારનો વધારો કરીને તેમાં અત્યારે ૧૨ હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : નાના અને સામાન્ય પરિવારો માટે ખૂબ ઉપયોગી થાય એવું આ કામ છે.

**છોટાઉદેપુર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના**

***15/4/466 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

## તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અન્વયે ૩૦૫૬ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થઈ, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૩૦૩૫ અરજીઓ મંજૂર થઈ |
| (૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓ પેટે કેટલી રકમની સહાય મંજૂર કરી | (૩) ઉક્ત મંજૂર થયેલ અરજીઓમાં લાભાર્થી દિઠ માસિક રૂ.૧૨૫૦/– ની સહાય મંજૂર કરી |

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છોટા ઉદેપૂર જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, છોટા ઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૩ દરમિયાન તાલુકાવાર અરજીની જયારે વાત કરી છે ત્યારે છોટા ઉદેપૂરમાં વર્ષ દરમિયાન ૬૧૨ અરજી મળી તે તમામ ૬૧૨ મંજૂર કરવામાં આવી. જેતપૂર પાવીમાં ૪૪૯ અરજીઓ મળી, ૪૨૯ મંજૂર કરવામાં આવી, ૨૦ નામંજૂર કરવામાં આવી. કવાંટમાં ૪૩૦ અરજી મળી ૪૩૦ મંજૂર કરવામાં આવી. બોડેલીમાં ૭૦૩ અરજી મળી તે ૭૦૩ મંજૂર કરવામાં આવી. સંખેડામાં ૪૦૫ અરજી મળી એમાંથી ૪૦૪ મંજૂર કરવામાં આવી ૧ નામંજૂર કરવામાં આવી. નસવાડીમાં ૪૫૭ અરજી મળી તમામ મંજૂર કરવામાં આવી. આમ ૩૦૫૬ કુલ અરજીઓ મળી તેમાંથી ૩૦૩૫ મંજૂર કરવામાં આવી. ૨૧ નામંજૂર કરવામાં આવી.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લાં ૫ વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ સમગ્ર રાજયમાં કેટલું બજેટ ફાળવવામાં આવ્યું અને વર્ષવાર કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ છેલ્લાં ૫ વર્ષમાં આ પ્રમાણે બજેટમાં માતબર રકમનો વધારો કરવામાં આવ્યો. સન ૨૦૧૯–૨૦માં રૂ.૫૧૨.૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવી અને તેમાં રૂ.૫૨૨.૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો અને ૩.૭૦ લાખ લાભાર્થીઓને સહાય આપવામાં આવી. સન ૨૦૨૦–૨૧ની વાત કરીએ તો બજેટની જોગવાઇ રૂ.૫૦૨.૭૫ કરોડ કરવામાં આવી અને ખર્ચ રૂ.૧૩૧૩.૩૭ કરોડનો કરવામાં આવ્યો અને ૮.૧૬ લાખ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી. એવી જ રીતે સન ૨૦૨૧–૨૨ની વાત કરીએ તો બજેટની જોગવાઇ છે રૂ. ૬૮૦.૪૪ કરોડ કરવામાં આવી, સામે ખર્ચ ૧૭૬૮.૮૬ કરોડ કરવામાં આવ્યો અને ૧૧.૬૧ લાખ લાભાર્થીની સંખ્યા છે. એ જ રીતે સન ૨૦૨૨–૨૩ની વાત કરીએ તો બજેટની જોગવાઇ રૂ.૯૧૭.૨ કરોડની જોગવાઇ કરવામાં આવી સામે રૂ. ૨૧૫૬.૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો અને ૧૩.૬૨ લાખ લાભાર્થીની સંખ્યા છે. એજ રીતે સન ૨૦૨૩–૨૪ની વાત કરીએ તો બજેટની જોગવાઇ રૂ.૧૯૮૧.૭૬ કરોડની કરવામાં આવી સામે ખર્ચ રૂ. ૨૦૯૫.૫૫ કરોડનો કરવામાં આવ્યો અને ૧૪.૯૭ લાખ લાભાર્થીની સંખ્યા. આ યોજનામાં સરકારશ્રી દ્વારા છેલ્લાં પાંચ વર્ષના બજેટમાં ગંગા સ્વરૂપા બહેનોના આર્થિક વિકાસ માટે બજેટમાં રૂ.૪૬૦.૮૯ ટકાનો વધારો કરી વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂ.૨૩૬૨.૭૩ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. પાત્રતા ધરાવતા ગંગા સ્વરૂપા બહેનોને આ યોજનાનો લાભ મળી રહે તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ ઝુંબેશ સ્વરૂપે કામગીરી હાથ ધરવામાં આવેલ જેમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૪૦૪.૫૯ ટકા લાભાર્થીઓનો વધારો થયેલ છે. હાલ સરકારશ્રી દ્વારા રાજયના કુલ ૧૪.૯૭ લાખ લાભાર્થીઓને માસિક રૂ. ૧૨૫૦ની સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાતમાં ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજનામાં કેન્દ્ર તરફથી અને રાજય સરકાર તરફથી સહાય આપવામાં આવતી હોય છે પણ જયારે કેન્દ્ર અને રાજય સરકાર તરફથી સહાય આપવામાં આવતી હોય છે એ બહુ ઓછા પ્રમાણમાં સહાય હોય છે. એ વિધવા બહેન હોય છે એને માથે સંપૂર્ણ ઘરની જવાબદારી હોય છે, એનાં બાળકોને ભણાવવાની જવાબદારી હોય છે ત્યારે તેમાં સહાયમાં વધારો કરવા માગો છો કે કેમ? અને બીજું ઘણી બધી વિધવા બહેનો ગુજરાતમાં છે જેનું બી.પી.એલ. યાદીમાં નામ નથી. છેલ્લાં ૨૦ વર્ષથી બી.પી.એલ. યાદીનો સરવે કરવામાં આવ્યો નથી, તો બી.પી.એલ. યાદીનો સરવે કરાવવા માગો છો? બી.પી.એલ. યાદીનો સરવે કરાવી આ વિધવા બહેનોનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

માઘ ૧૮, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા**

*15/4/453 **શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા** (કાલાવડ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી**

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મજૂરોએ ભૂતકાળમાં ૧૮થી ૨૦ કલાક કામ કરવું પડતું હતું એના

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા,અને | (૧) | ૪૮ |
| (૨) | ઉકત ભરતીમેળામાં કુલ કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) | ૩૫૫૦ |

માટે જો કોઇ કાયદો લઇ આવ્યાં હોય તો ડો. બાબા સાહેબ આંબેડકર ૮ કલાક કામ કરવું જોઇએ એવો કાયદો લાવ્યા હતા. એમના ધર્મપત્ની ત્યાગમૂર્તિ એવા રમાબેન આંબેડકરજીની આજે જન્મ જયંતિ નિમિત્તે એમને વંદન અને નમન કરું છું. મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ ૪૮ રોજગાર મેળાઓ કરીને ૩,૩૫૦ લોકોને રોજગારી આપી છે. મારે પ્રજા વાત્સલ્ય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાના છે કે મારા જામનગર જિલ્લામાં તેમણે ૩,૩૫૦ લોકોને રોજગારી આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી વિશેષ એ જાણવું છે કે, જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલા ભરતી મેળાઓમાં કેટલા નોકરી દાતાઓ હાજર રહ્યા હતા? અને મુખ્યત્ત્વે કયા પ્રકારની નોકરી આપવામાં આવી હતી? અને બીજું, જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલા ઓન લાઇન અને કેટલા ઓફ લાઇન ભરતી મેળાઓ યોજવામાં આવ્યા?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે એમાં આપણે પ્રયત્ન એવો કરતા હોઇએ છીએ કે ગુજરાતમાં ભરતી મેળો થાય એની સાથે સાથે ફેકટર એચ.આર. લોકો આવે અને મેં હમણાં જ કહ્યું એમ જે લોકોને રોજગારી પ્રાપ્ત કરવાની છે એની સારી વ્યવસ્થા થાય એવું પ્લાનિંગ આપણે કરતા હોઇએ છીએ અને જામનગર જિલ્લામાં ૩૭૨ નોકરી દાતાઓ હાજર રહ્યા હતા અને એની અંદર કયા કયા ક્ષેત્રમાં તો જેમાં મેટલ મેન્યુફેકચરિંગ અને એન્જિનિયરિંગ માટેની, ઇલેક્ટ્રોનિક્સ, કન્સ્ટ્રક્શન-બાંધકામ, ડ્રગ્સ અને ફાર્મસી વિભાગમાં અને આપણે ઘણી વખત સર્વિસ ઇન્ડસ્ટ્રીઝ પણ લેતા હોઇએ છીએ. હોસ્પિટલ, સિક્યુરિટી, સેલ્ફ રિટેઇલ હોય એમાં બધા જ લોકોને ત્યાં આગળ જે શક્ય હોય એ પ્રમાણેની રોજગારી અપાતી હોય છે. એમણે પૂછ્યું એમાં આપણે ઘણી બધી ઓન લાઇન અને ઓફ લાઇન એ બે પ્રમાણે શરૂ કરી છે. છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં ૪૮ ભરતી મેળા પૈકી ૯ ઓન લાઇન ભરતી મેળા કર્યા અને ૩૯ ફિઝિકલ ઓફ લાઇન ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનો આભાર માનવા ઇચ્છું છું કેમ કે, મેં હમણાં જ મારા મત-વિસ્તારમાં જામનગર રોજગાર કચેરી અને મારા સંયુક્ત ઉપક્રમે આ ભરતી મેળાનું આયોજન કર્યું હતું અને એમાં ૨,૫૦૦ ઉમેદવારોએ ભાગ લીધો હતો અને ૬૫૦ ઉમેદવારોને નોકરી મળી ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રોજગાર કચેરીમાં નામ નોંધણી માટે ઓન લાઇન પ્રોસેસ છે કે કેમ? અગર હોય તો એની વિસ્તૃત માહિતી આપે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આ ભરતી મેળામાં કયા ઉમેદવારો ભાગ લઇ શકે છે? આભાર.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરીમાં નામ નોંધણી માટે ઓન લાઇન સુવિધા આપણે ત્યાં હોય છે. રામ રાજ્યમાં શ્રમ અને કૌશલ્ય વિભાગ અને રોજગાર વિભાગ હેઠળ રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા રાજ્યના યુવાનો અને નોકરી દાતાઓની સવલત માટે તા.૬/૮/૨૦૨૧નાં રોજ રોજગાર દિવસ નિમિત્તે અનુબંધન વેબ સાઇટ પોર્ટલ અને મોબાઇલ એપ્લિકેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને આ પોર્ટલ પર નોકરી દાતાઓ અને રોજગારવાંચ્છુ લોકોની સેતુરૂપ કામગીરી કરે તથા નોકરીદાતાઓને અનુબંધમ પોર્ટલ ગુજરાત.જી.ઓ.વી. ઇન પર નોંધણી કરવામાં આવે છે. અનુબંધમ આ રાજ્યના યુવાનોને રોજગારી સેવામાં ડિજિટલ મોડ દ્વારા મળી રહે તેમજ નોકરી દાતાઓને કુશળ માનવ બળ આપવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે વિકસાવવામાં આવ્યું છે. જેના માધ્યમથી ઉમેદવારો તેમની લાયકાત અને

યોગ્યતા મુજબ યોગ્ય રોજગારી મેળવી શકે તેમજ નોકરી દાતાઓના એકમોમાં રહેલી ખાલી જગ્યાઓ ઉમેદવારોને જરૂરિયાત મુજબ આપણે આપી શકતા હોઇએ છીએ. જે બીજો પ્રશ્ન હતો, ઉમેદવારોને અને નોકરી દાતાઓને એક પ્લેટફોર્મ ઉપર એકત્ર કરી મોટા પાયે રોજગારીની તકો ઊભી કરવામાં આવે છે. સ્થાનિક કક્ષાએ ભરતી મેળાઓનું આયોજન, રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની વિવિધ તકોથી માહિતગાર કરવામાં આવે છે. પોતાના ઘરઆંગણે જ રોજગારી પ્રાપ્ત થાય એ માટેની વ્યવસ્થા કરવામાં આવે છે અને ઉમેદવારો અથવા નોકરીદાતાઓનો સમય, નાણા અને શક્તિનો બચાવ અને મદદ થાય એ પ્રકારની વ્યવસ્થા છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રોજગારી મેળવવા માટે રોજગાર ભરતી મેળા સિવાય રોજગાર કચેરી અન્ય કઇ રીતે મદદરૂપ થાય છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરીમાં નોંધણી થયેલી ખાલી જગ્યા માટે લાયક ઉમેદવારોના નામોની ભલામણ યાદી નોકરી દાતાઓને મોકલી આપવામાં આવતી હોય છે. કચેરી પાસે જે કોઇ આવા રોજગાર મેળવવા વાળા હોય અને કોઇને ઓનલાઇન જોઇતી હોય અથવા તો મોકલવાની હોય એ પણ એક વ્યવસ્થા છે એની સાથેસાથે નોકરીદાતાઓ દ્વારા આયોજિત ટેસ્ટ અને ઇન્ટરવ્યૂ માટે ઉપસ્થિત રહે એવી રોજગારીની તકો પણ પૂરી પાડવામાં આવે છે. જાહેર ક્ષેત્રે રોજગારી મેળવવા માગતા ઉમેદવારોને રાજયમાં રોજગાર કચેરી દ્વારા સોશિયલ મીડિયા, પ્રિન્ટ મીડિયા કચેરી ખાતે આવતા ઉમેદવારોને રુબરુ અને અન્ય જાહેરખબરો માટે અરજી કરવાની પદ્ધતિ, જરૂરી લાયકાતથી માહિતગાર કરી રોજગારી મેળવવામાં મદદરૂપ થાય છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જેમ કહ્યું એમ કે આજની તારીખની અંદર રોજગારીનો જે છેલ્લો આંકડો હોય એ મારી પાસે ઉપલબ્ધ નથી. એમને હું ત્યાં આગળ આપી દઇશ.

**ભાવનગર જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના**

* **15/4/492 : શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ છેલ્લાં એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | ૮ |
| (૨) | તે પેટે કેટલી રકમની લોન આપવામાં આવી? | (૨) | રૂ.૧૨૦.૦૦ લાખ |

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી? તે પૈકી કેટલી અરજી મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર થઇ? જો મંજૂર કરવાની બાકી હોય તો કેટલા સમયમાં મંજૂર થઇ શકે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ તાલુકો પાલીતાણા- મળેલ અરજી-૧, મંજૂર કરેલ અરજી-૧, ચૂકવાયેલ રકમ રૂ. ૧૫ લાખ. શિહોર તાલુકો- મળેલ અરજી- ૧, મંજૂર કરેલ અરજી-૧, સહાય ચૂકવાઇ ૧૫ લાખ. ભાવનગર તાલુકો- મળેલ અરજી-૭, મંજૂર કરેલ અરજી-૪, સહાય ચૂકવાઇ ૬૦ લાખ, ત્રણ અરજી ક્ષતિ હેઠળ છે. મહુવામાં- મળેલ અરજી-૨, મંજૂર કરેલ અરજી-૨, સહાય ચૂકવાઇ ૩૦ લાખ. તળાજા, ઘોઘા, ગારીયાધાર, જેસર, વલ્લભીપૂર, ઉમરાળામાં કોઇ અરજી મળી નથી. કુલ મળેલ અરજીઓ ૧૧, મંજૂર કરેલી ૮, ક્ષતિગ્રસ્ત ૩, સહાય ચૂકવાઇ ૧૨૦ લાખ. ક્ષતિગ્રસ્ત જે અરજીઓ છે એની પૂર્તતા થયેથી સત્વરે મંજૂર કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી કેટલી પ્રમાણિકતાપૂર્વક જવાબ આપે છે. જયાં અરજી નથી આવી તેની પણ જાણકારી આપી રહ્યા છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ડૉ.બાબસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાનો મુખ્ય હેતુ શું છે? કેવા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લોન મળી શકે અને કેટલી લોન મળી શકે છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાનો મુખ્ય હેતુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થી વિદેશમાં જઇ ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાની તેજસ્વી કારકિર્દી ઘડી શકે અને પૂરતા નાણાના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે માટે લોન આપી મદદ કરવામાં આવે છે. આ યોજનામાં ધોરણ-૧૨ કે તેથી ઉપરના અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માગતા હોય તેમાં ૫૦ ટકાથી વધુ માર્કસ ધરાવતા હોય તેવા

તારાંકિત પ્રશ્નો

વિદ્યાર્થીઓને ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા, પી.એચ.ડી., તેમજ તમામ ક્ષેત્રના એકથી વધુ વર્ષના અથવા ઓછામાં ઓછા બે સેમિસ્ટરના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે લોન મળવાપાત્ર થાય છે. રૂપિયા પંદર લાખ વાર્ષિક ચાર ટકાના દરે લોન આપવામાં આવે છે. આના માટે કોઇ આવક મર્યાદા લાગુ પડતી નથી.

**ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના**

***15/4/472 ડૉ. હસમુખ પટેલ (અમરાઈવાડી): માનનીય ઉદ્યોગમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે? | કુલ ૨૧૨ એકમોને કુલ રૂ.૯,૬૩,૮૬,૮૫,૭૪૪/-(અંકે નવસો ત્રેસઠ કરોડ છયાસી લાખ પચ્ચાંસી હજાર સાતસો ચુમ્માલીસ પૂરા) |

ડો. હસમુખ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય ગુજરાત રાજ્યની ઉદ્યોગ જગતની બેકબોન ગણાતી એવી યોજના ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ વિશે છે. માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરે કે, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે તેનો જવાબ મને અત્યારે સ્ક્રીન ઉપર મળી ગયેલ છે. તેમાં થોડુંક ઉંડાણથી પૂછવું છે કે, આ સ્કીમ કેટલા સમય માટેની છે અને તેમાં આ યોજનાનો લાભ કયા કયા પ્રોજેક્ટને આપવામાં આવે છે તે જણાવશે તો વધારે સારું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણા અત્યારના પી.એમ. નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સન ૨૦૦૯થી આ યોજનાની શરૂઆત કરેલી. તેના કારણે આજે ગુજરાતનું વિકાસ મોડલ અનેક ક્ષેત્રે આખા ભારત અને દુનિયામાં ગુજરાતનું નામ મોખરે છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તેમાં કહું તો આ યોજના દસ વર્ષ માટેની છે. નેટ એસ.જી.એસ.ટી. પૂર્ણ કરવામાં આવે ત્યાં સુધી આ યોજનાનો લાભ આપવમાં આવે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે ઠરાવની જે શરતો છે તેમાં નવા પ્રોજેક્ટ હોય તેને આ સહાય આપીએ છીએ. કોઇ પ્રોજેક્ટ થઇ ગયો હોય અને પછી તેની અંદર બીજો કોઇ વધારાનો પ્રોજેક્ટ ઉમેરવામાં આવતો હોય તો તેને માન્ય રાખી સમય મર્યાદાની અંદર આવી જતા હોય તો તેને આ લાભ આપતા હોઇએ છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની ઉદ્યોગોને ઇન્સેન્ટિવ આપવાની યોજનાઓ છે તે ઉદ્યોગ સ્પેસિફીક છે. એટલે ચોક્કસ પ્રકારના ઉદ્યોગોને આ સહાય અપાય છે. અગાઉ યોજનાઓ હતી તે એરિયા સ્પેસિફિક હતી. જે તાલુકાઓ કે જિલ્લાઓ બેકવર્ડ હતા, જયાં ઔદ્યોગિક વિકાસ થયો ન હતો ત્યાં આવી સહાયો અપાતી હતી. તેના કારણે ઉદ્યોગો અને વિસ્તારનો સમતોલ વિકાસ થતો હતો. અત્યારે જે વિકાસ થયો છે તે માત્ર ગોલ્ડન કોરીડોર એટલે કે વાપીથી શરૂ કરીને અમદાવાદ સુધીમાં થયો છે. પરંતુ ઉત્તર ગુજરાતના અમુક જિલ્લાઓ, સૌરાષ્ટ્રના અમુક જિલ્લાઓ છે, ટ્રાઇબલ બેલ્ટના અમુક જિલ્લાઓ છે તેમાં ઔદ્યોગિક વિકાસ નહીંવત છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઉદ્યોગોને ઇન્સેન્ટિવ આપવાની નીતિમાં ફેરફાર કરી જે તાલુકાઓ અને જિલ્લાઓમાં ઔદ્યોગિક વિકાસ નહીંવત થયો છે અને રોજગારીના મોટા પ્રશ્નો છે ત્યાં ઇન્સેન્ટિવ આપવાની યોજના રાજ્ય સરકાર લાવવા માગે છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એમની લાગણી ચોક્કસપણે સારી છે. આપણું ગુજરાત રાજ્ય આ બાબતમાં ક્યાંય પાછળ ન રહે એના માટે આપણે ત્રણ કેટેગરી બનાવી છેઃ જે તાલુકામાં વિકાસ થઇ ગયો હોય એ તાલુકાની કેટેગરીને આપણે તાલુકા-૧ વિકાસ તરીકે આપ્યો છે, બીજો તાલુકા-૨ અને તાલુકા-૩ એમ ત્રણે પ્રકારે આપણે કેટેગરી પાડી છે અને એ કેટેગરીમાં અલગ અલગ પ્રકારની ગ્રાન્ટ અને સબસિડી આપતા હોઇએ છીએ. કોઇ તાલુકામાં બિલકુલ વિકાસ નથી તો એને આપણે વધુમાં વધુ લાભો આપતા હોઇએ છીએ એની ટકાવારીમાં પણ ફેરફાર હોય છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઉદ્યોગ પ્રોત્સાહન સહાય યોજના હેઠળ સહાય પાત્ર એકમોને ક્યાં સુધી પ્રોત્સાહન મળવાપાત્ર છે અને, ઉદ્યોગ પ્રોત્સાહન સહાય યોજના હેઠળ કયા કયા રોકાણોને સહાયપાત્ર મૂડી રોકાણ તરીકે માન્ય ગણવામાં આવે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં અનેક વાણિજ્ય ઉત્પાદન માટે ૧૦ વર્ષ સુધી નાણાકીય સહાય આપવામાં આવે છે. ઉદાહરણ રૂપે ૧.૦૭.૨૦૨૦માં કોઇએ ઉત્પાદન શરૂ કર્યું હોય તેવા એકમોને તા. ૧.૦૭.૨૦૨૦ થી તા.૩૦.૦૬.૨૦૩૦ સુધી વેચાણનો નેટ વેટ, નેટ જી.એસ.ટી.માંથી મુક્તિ આપવામાં આવે છે. બીજુ, આ યોજનામાં જમીન, નવું બિલ્ડિંગ, અન્ય બાંધકામ, નવો પ્લાન અને મશીનરી, જૂની ઇમ્પોર્ટ મશીનરી, ટેકનોલોજી, ડિઝાઇન અને ડ્રોઇંગ એવા અનેક પ્રકારના રોકાણોમાં સહાય આપવામાં આવે છે.

તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ જે સહાય યોજના છે એ યોજના અંતર્ગત જે લોકોએ વાઇબ્રન્ટ ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે એમ.ઓ.યુ. કર્યા હોય એવા કોઇ ઉદ્યોગોને આ સહાય આપવામાં આવે છે કે કેમ? અને બીજું જી.આઇ.ડી.સી.ની અંદર આવતા ઉદ્યોગો છે એ ઉદ્યોગોને પણ આ પ્રકારની સહાય ચૂકવવામાં આવે છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો લાભ જે કોઇ આના ધારા–ધોરણ મુજબ આવતા ઉદ્યોગો છે એ તમામને આ સહાય યોજનાનો લાભ મળે છે. જી.આઇ.ડી.સી.માં ખાસ કરીને આપણા જે લઘુ ઉદ્યોગો છે એને વધુમાં વધુ ફાયદો થાય એના માટે જ આ યોજના છે એટલે જી.આઇ.ડી.સી.ના તમામ નાના ઉદ્યોગોને પણ આ સહાય યોજનાનો લાભ મળે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારું એ પૂછવું હતું કે, વાઇબ્રન્ટ ગુજરાતમાં જે લોકોએ એમ.ઓ.યુ. કર્યા છે અને જે લોકોએ રોકાણ કરવાની જાહેરાત કરી છે એવા લોકોને પણ આ સહાય યોજનાનો લાભ સરકાર આપે છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં જણાવું કે આપણી જે ઔદ્યોગિક નીતિ છે એ આપણે પોર્ટલ ઉપર મૂકેલ છે એટલે જે લોકો આના ક્રાઇટેરિયામાં આવતા હશે એવા તમામ લોકોને આનો લાભ મળવાનો છે.

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં કૂપોષિત બાળકો**

***15/4/527 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** (સોમનાથ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ગીરસોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| ગીર સોમનાથ | ૧૦૯૦૭ |
| અમરેલી | ૧૦૪૨૫ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૮૦૬૮ | ૨૮૩૯ | ૧૦૯૦૭ |
| અમરેલી | ૮૦૧૧ | ૨૪૧૪ | ૧૦૪૨૫ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે .

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારોઘટાડો/ | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| ગીર સોમનાથ | ---- | ૧૧૯૦ |
| અમરેલી | ---- | ૧૪૫૯ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં?

(૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષનાં બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષનાં બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવાસત્વ ફોર્ટિફાઇડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કુપોષિતથી પીડાતાં બાળકોની સંખ્યામાં આંગણવાડીમાં જે બાળકો પ્રવેશ મેળવતા હોય એની જ ગણતરી થતી હોય છે

અતારાંકિત પ્રશ્નો

હકીકતમાં શ્રમિકોના બાળકો જે ગરીબ હોય છે એ વધારે કુપોષિત હોય છે તો આવા કુપોષિત બાળકોના માતા પિતા રોજગારી માટે અલગ અલગ જગ્યાએ રહેઠાણ બદલતા હોય છે તેથી આવાં બાળકો આંગણવાડીમાં પ્રવેશ મેળવતા નથી અને તેમની ગણતરી પણ થતી નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ**

15/4/462 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા** (હિંમતનગર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) | ૪૯ |
| (૨) | ઉકત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | • ૨૪ ફરિયાદમાં પર શ્રમયોગીઓને રૂ.૧૦,૫૮,૮૭૩–/નું સમજાવટથી ચૂકવણુ કરાવવામાં આવેલ છે .<br>• ૦૪ ફરિયાદમાં ૦૩ સંસ્થા વિરૂદ્ધ નામદાર અદાલતમાં કોર્ટ કેસ દાખલ કરેલ છે .<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થા વિરુદ્ધ નામદાર લેબર કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે .<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થામાં સમાધાન થઇ જતા ફરિયાદ પરત ખેંચેલ છે .<br>• ૦૬ ફરિયાદમાં અરજદારોને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળના સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી કરવા જણાવેલ છે .<br>• ૦૪ ફરિયાદમાં બાકી પગાર માટે નામદાર લેબર કોર્ટમાં રીકવરીની અરજી કરવા સલાહ આપેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ગ્રેજ્યુઇટીની માંગણી બાબતે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર સમક્ષ અરજી કરવા સલાહ આપેલ છે .<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે .<br>• નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ૦૪ ફરિયાદ અન્વયે કુલ–૦૧ કારખાના વિરૂદ્ધ કુલ–૦૧ ફોજદારી કેસ કરવામાં આવેલ છે તથા અન્ય ૦૩ ફરીયાદોનો નિયમ અનુસાર નિકાલ કરવામાં આવેલ છે . |

..................

**ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ બાબત**

**15/4/537** **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાસંદા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

)૧( ઉદ્યોગ પ્રભાગ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

)૧( (રકમ રૂ .લાખમાં(

| વર્ષ | બજેટ જોગવાઇ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૯૭૭૧૦.૫૩ |
| ૨૦૨૨-૨૩ | ૫૪૭૨૬૩.૨૩ |

)૨( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

)૨(

| વર્ષ | ફાળવવામાં આવેલ રકમ |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૯૨૩૪૦.૮૬ |
| ૨૦૨૨-૨૩ | ૪૬૫૨૨૩.૮૯ |

)૩( ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

)૩(

| વર્ષ | વપરાયેલ રકમ )ખર્ચ( | વણવપરાયેલ રકમ )બચત( |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૮૭૨૩૧.૫૧ | ૫૧૦૯.૩૫ |
| ૨૦૨૨-૨૩ | ૪૩૩૩૧૮.૯૯ | ૩૧૯૦૪.૯૦ |

**વણવપરાયેલ રકમના કારણો**

- કોવિડ-૧૯ ની વૈશ્વિક મહામારીના કારણે
- વિવિધ યોજના હેઠળ સહાય માટેની અરજીઓ ઓછી મળવાને કારણે
- વર્ષ ૨૦૨૧-૨૨ માં વાયબ્રન્ટ ગુજરાત સમિટ કોરોના મહામારીને કારણે યોજાયેલ ન હતી .
- અન્ય વહીવટી અને તક્નીકી કારણોસર

**પાટણ જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ**

15/4/484: **શ્રી લવીંગજી મુળજીજી સોલંકી** (રાધનપુર): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| )૧( તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં પાટણ જિલ્લામાં વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | )૧( | ૧૫૭૩ |
| )૨( તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | )૨( | ૧૫૭૧ |
| )૩( ઉક્ત મંજૂર અરજીઓ પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી? | )૩( | રૂ.૧૮૮.૫૨ લાખ |

**ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય**

**15/4/476 શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ (ચોટીલા): માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૩ ( ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને | )૩ ( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે . |

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો /ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| નવસારી | ----- | ૫૪૮૯ |
| વલસાડ | ૧૩૩૫ | ----- |

| | |
|---|---|
| )૪ ( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં? | )૪( ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

- આંગણવાડી કેન્દ્રો ખાતે 3 થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે .અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો

લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પૂરું પાડવામાં આવે છે.

- દૂધ સંજીવની યોજના અંતર્ગત નવસારી જિલ્લાના ચીખલી અને વાંસદા તાલુકાઓમાં અને વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી .પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇટ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.

-----------------------------------------

**ઉદ્યોગ પ્રભાગના તાબા હેઠળના ઈન્ડેક્ષ – બી દ્વારા મહોત્સવો,સમિટ અને શો**

**15/4/532 : શ્રી અમિત ચાવડા** (આંકલાવ)**: માનનીય ઉદ્યોગમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉદ્યોગ પ્રભાગના તાબા હેઠળના ઈન્ડેક્ષ–બી દ્વારા કેટલા મહોત્સવો, સમિટ અને શો યોજવામાં આવ્યા, | (૧) | વર્ષ–૨૦૨૨<br>(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૨૨ (મોકૂફ રાખેલ).<br>વર્ષ –૨૦૨૩<br>(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ૨૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તેની ઉજવણીનો કાર્યક્રમ<br>(૨) જી–૨૦ દેશોની ભારતની અધ્યક્ષતા દરમિયાન ભારત સરકાર દ્વારા ગુજરાતમાં અલગ અલગ સ્થળોએ ૧૭ જેટલી મિટીંગો |
| (૨) | ઉકત મહોત્સવ, સમિટ અને શો વાર કેટલી અને કયા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૨૨ના રાજ્યમાં રોકાણ લાવવાના હેતુ માટે કુલ રૂ..૭૪,૩૭,૪૦,૧૩૩.૧૪.<br>(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ૨૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તેની ઉજવણીના કાર્યક્રમના હેતુ માટે થયેલ ખર્ચ આખર થવાની પ્રક્રિયા હેઠળ છે.<br>(૩) જી–૨૦ મિટીંગોના આયોજનમાં થયેલ ખર્ચ આખર થવાની પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) | ઉકત કરવામાં આવેલ ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો? | (૩) | ઉદ્યોગ અને ખાણ વિભાગના બજેટ સદર આઈએનડી–૫, વ્યાપાર મેળા, ચર્ચા પત્ર પ્રોત્સાહક પ્રયત્નો |

---

**અમદાવાદ શહેરમાં ટેક્ષટાઈલ એકમોમાં વેટ/એસ.જી.એસ.ટી સહાયની ચૂકવણી**

**15/4/406 શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી): માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અમદાવાદ શહેરમાં ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી–૨૦૧૨ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રના એકમોની કુલ કેટલી દાવા અરજીઓને વેટ/એસ.જી.એસ.ટી સહાયની ચૂકવણી કરવામાં આવી, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અમદાવાદ શહેરમાં ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી–૨૦૧૨ હેઠળ ટેક્ષટાઈલ ક્ષેત્રના એકમોની કુલ–૭૩૨ (સાતસો બત્રીસ) દાવા અરજીઓને વેટ/એસ.જી.એસ.ટી સહાયની ચૂકવણી કરવામાં આવી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે? | (૨) | ઉક્ત દાવા અરજીઓને રૂ.૭૬૯.૮૮ કરોડની સહાયનું ચૂકવણું કરવામાં આવેલ છે. |

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંતર જ્ઞાતિય લગ્ન સહાય**

15/4/519 **: શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા આંતર જ્ઞાતિય લગ્ન નોંધાયા, | (૧) | આ વિભાગ દ્વારા આંતરજ્ઞાતિય લગ્ન નોંધવામાં આવતા નથી. અરજીના આધારે સહાય ચૂકવવામાં આવે છે. |

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ આંતર જ્ઞાતિય લગ્ન માટે કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૨) રૂ.૨.૫૦ લાખ |
| (૩) તે અન્વયે ઉક્ત આંતર જ્ઞાતિય કેટલા લગ્નોમાં કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલા લગ્નોમાં કેટલી રકમની સહાય કયા કારણોસર ચૂકવવાની બાકી છે? | (૩) – જામનગર જિલ્લામાં કુલ ૬૨ આંતરજ્ઞાતિય લગ્નમાં કુલ રૂ.૭૧.૦૦ લાખ સહાય ચૂકવવામાં આવી<br>– દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૧૦ આંતરજ્ઞાતિય લગ્નમાં કુલ રૂ.૧૧.૫૦ લાખ સહાય ચૂકવવામાં આવી<br>– ઉક્ત સ્થિતિએ બન્ને જિલ્લાઓમાં કોઈપણ આંતરજ્ઞાતિય લગ્નમાં સહાય ચૂકવવાની બાકી નથી. |

**ખેડા અને નર્મદા જિલ્લામાં કુપોષિત બાળકો**

**15/4/535 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

)૧( તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ ખેડા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

)૧ ( તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ ખેડા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| ખેડા | ૨૮૮૦૦ |
| નર્મદા | ૧૩૯૯૭ |

)૨( તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

)૨ ( તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| ખેડા | ૨૧૯૫૫ | ૬૮૪૫ | ૨૮૮૦૦ |
| નર્મદા | ૧૦૮૧૮ | ૩૧૭૯ | ૧૩૯૯૭ |

)૩( ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો,અને

)૩ ( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે .

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| ખેડા | ૯૬૩૪ | –––– |
| નર્મદા | –––– | ૧૬૯૮ |

)૪( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં?

)૪ ( ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશકિતના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ ,અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશકિતના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશકિતના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પૂરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત નર્મદા જિલ્લાના તમામ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી .પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇટ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.

**સુરત જિલ્લાની જી.આઇ.ડી.સી.માં કેમિકલ/ગેસ ગળતરની દુર્ઘટના**

## તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**15/4/514 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા) **: માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લ ચાર માસમાં સુરત જિલ્લામાં આવેલ જી.આઇ.ડી.સી.માં કેમિકલ/ગેસ ગળતરના કારણે કેટલા શ્રમિકોના મૃત્યુ થયા, | (૧) | શૂન્ય |
| (૨) | ઉક્ત ઘટનામાં કઇ કંપનીમાંથી કયા પ્રકારનો ઝેરી ગેસ કે કેમિકલ્સને લગતી કામગીરી દરમ્યાન કયા કારણોસર ઘટના બની હોવાનું સામે આવ્યું, | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉક્ત ઘટનામાં સંબંધિત કઇ કંપની સામે શા પગલાં લીધાં? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

----------------

### જામનગર અને મોરબી જિલ્લામાં કુપોષિત બાળકો

**15/4/505 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર** (ચણાસ્મા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

**પ્રશ્ન** **જવાબ**

)૧( તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ જામનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જામનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| જામનગર | ૯૦૩૫ |
| મોરબી | ૪૯૨૭ |

)૨( તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે,

)૨( તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| જામનગર | ૭૩૫૪ | ૧૬૮૧ | ૯૦૩૫ |
| મોરબી | ૪૦૫૨ | ૮૭૫ | ૪૯૨૭ |

)૩( ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને

)૩( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે .

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| જામનગર | ---- | ૨૩૯૩ |
| મોરબી | ----- | ૪૩૧૩ |

)૪( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં?

)૪( ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે .

- આંગણવાડી કેન્દ્રો ખાતે 3થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે .અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને 3થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઇડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે.

### પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુપોષિત બાળકો

**15/4/522 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પોરબંદર અને દેવભુમિ

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પોરબંદર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| પોરબંદર | ૧૭૩૪ |
| દેવભૂમિ દ્વારકા | ૫૦૦૫ |

)૨( તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે,

)૨ ( તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| પોરબંદર | ૧૩૯૩ | ૩૪૧ | ૧૭૩૪ |
| દેવભૂમિ દ્વારકા | ૩૮૮૬ | ૧૧૧૯ | ૫૦૦૫ |

)૩( ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને

)૩ ( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે.

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| પોરબંદર | ---- | ૫૧૮ |
| દેવભૂમિ દ્વારકા | ---- | ૧૫૮ |

)૪( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં?

)૪ ( ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે .

- આંગણવાડી કેન્દ્રો ખાતે 3થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે .અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પૂરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી .પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

### વડોદરા અને તાપી જિલ્લામાં કૂપોષિત બાળકો

**15/4/502 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

)૧( તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| વડોદરા | ૨૦૫૪૫ |
| તાપી | ૮૩૩૯ |

)૨( તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

)૨( તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| વડોદરા | ૧૬૩૬૨ | ૪૧૮૩ | ૨૦૫૪૫ |
| તાપી | ૬૭૪૬ | ૧૫૯૩ | ૮૩૩૯ |

## તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

)૩( ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો,અને

)૩ ( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે .

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| વડોદરા | ----- | ૬૪૨૮ |
| તાપી | ----- | ૨૪૦૬ |

)૪( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં?

)૪( ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે .

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે

- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ ,અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.

- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પૂરું પાડવામાં આવે છે.

- તાપી જિલ્લાના તમામ તાલુકાઓમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી .પેશ્ચુરાઈઝડ ફ્લેવર્ડ ફોર્ટીફાઇટ દૂધ આપવામાં આવે છે.

-------------------------------------------------

**બનાસકાંઠા અને ભરૂચ જિલ્લામાં કૂપોષિત બાળકો**

**15/4/496 ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

)૧( તા .૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા અને ભરુચ જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૪૮૮૬૬ |
| ભરૂચ | ૧૯૩૯૧ |

)૨( તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

)૨( તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૩૬૬૧૦ | ૧૨૨૫૬ | ૪૮૮૬૬ |
| ભરૂચ | ૧૪૩૭૯ | ૫૦૧૨ | ૧૯૩૯૧ |

)૩ ( ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને

)૩ ( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે .

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો /ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| બનાસકાંઠા | ----- | ૭૯૮૬ |

)૪ ( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં?

)૪ ( ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે .

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે .અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે

- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઇડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના અમિરગઢ, ભાભર, દાંતા, વાવ, કાંકરેજ, દિયોદર, થરાદ અને સુઇગામ તાલુકાઓમાં અને ભરુચ જિલ્લાના ઝઘડિયા , નેત્રંગ અને વાલિયા તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી .પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇડ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.

**આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કૂપોષિત બાળકો**

**15/4/526 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

)૧( તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૯૫૮૬ |
| સુરેન્દ્રનગર | ૧૭૧૨૫ |

)૨( તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે,

)૨( તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૧૫૬૪૭ | ૩૯૩૯ | ૧૯૫૮૬ |
| સુરેન્દ્રનગર | ૧૨૯૮૧ | ૪૧૪૪ | ૧૭૧૨૫ |

)૩( ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો,અને

)૩( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે.

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| આણંદ | ---- | ૬૫૮૨ |
| સુરેન્દ્રનગર | ---- | ૪૦૮૪ |

)૪( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં?

)૪( ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે .

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ ,અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઇડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઇડ તેલ પૂરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, સાયલા અને થાનગઢ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી .પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇટ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.

-------------------------------------------

**પાટણ અને કચ્છ જિલ્લામાં કૂપોષિત બાળકો**

**15/4/508 શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

## તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

)૧( તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ પાટણ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પાટણ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| પાટણ | ૧૧૧૮૮ |
| કચ્છ | ૧૨૮૪૬ |

)૨( તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે,

)૨( તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| પાટણ | ૯૧૩૧ | ૨૦૫૭ | ૧૧૧૮૮ |
| કચ્છ | ૯૬૯૮ | ૩૧૪૮ | ૧૨૮૪૬ |

)૩( ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો,અને

)૩( ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે .

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| પાટણ | ------ | ૬૫૬૫ |
| કચ્છ | ------ | ૨૭૫૯ |

)૪( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધાં ?

)૪( ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે .

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ ,અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.

- રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પૂરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત પાટણ જિલ્લાના સમી, સાંતલપુર અને શંખેશ્વર તાલુકાઓમાં તેમજ કચ્છ જિલ્લાના રાપર અને લખપત તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી .પેશ્ચુરાઈઝડ ફલેવર્ડ ફોર્ટીફાઈટ દૂધ આપવામાં આવે છે.

### ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

15/4/459 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ** (સાબરમતી)**: માનનીય, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં આચાર્ય, વર્ગ-૨ની મંજૂર જગ્યાઓ કેટલી છે?, | (૧) | ૩૧૬ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ કેટલી છે અને ખાલી કેટલી છે, અને | (૨) | ભરાયેલ જગ્યાઓ= ૨૧૮<br>ખાલી જગ્યાઓ= ૯૮ |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ ખાલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૩) | છેલ્લા બે વર્ષમાં કુલ-૫૬ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવેલ છે. ખાલી રહેતી જગ્યાઓ પર અન્ય અધિકારીઓને વધારાનો હવાલો સોંપીને વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે તેમજ આ ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીથી હાલમાં કુલ-૫૮ |

જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

-----------------------------------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આશ્રમ શાળાઓ**

15/4/520 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): માન.સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળની આશ્રમશાળાઓના વિદ્યાર્થી દિઠ કેટલી અને શી સહાય આપવામાં આવે છે, | (૧) રૂ. ૨૧૬૦/- |
| (૨) ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને | (૨) જૂન-૨૦૨૨ થી |
| (૩) જે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય આપવામાં આવી? | (૩) |

- ઉક્ત માહિતી શૈક્ષણિક સત્ર મુજબ છે.

| જિલ્લો | તા.૧/૧/૨૦૨૨ થી તા.૩૦/૪/૨૦૨૨ | | તા.૧/૬/૨૦૨૨ થી તા.૩૦/૪/૨૦૨૩ | | તા.૧/૬/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | |
|---|---|---|---|---|---|---|
| | વિદ્યાર્થીઓની સંખ્યા | સહાય રકમ રૂ. (લાખમાં) | વિદ્યાર્થીઓની સંખ્યા | સહાય રકમ રૂ. (લાખમાં) | વિદ્યાર્થીઓની સંખ્યા | સહાય રકમ રૂ. (લાખમાં) |
| જામનગર | ૭૩૪ | ૨૪.૨૭ | ૮૧૩ | ૧૭૫.૬૧ | ૮૭૨ | ૧૩૧.૮૫ |
| દેવભૂમિ દ્વારકા | ૫૯૦ | ૧૭.૭૦ | ૭૯૧ | ૧૭૦.૮૬ | ૮૩૧ | ૧૨૫.૬૪ |
| કુલ | ૧૩૨૪ | ૪૧.૯૭ | ૧૬૦૪ | ૩૪૬.૪૭ | ૧૭૦૩ | ૨૫૭.૪૯ |

- તા.૦૧/૦૫/૨૦૨૨ થી તા.૩૧/૦૫/૨૦૨૨ અને તા.૦૧/૦૫/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૩ના સમયગાળામાં ઉનાળુ વેકેશન હોવાથી માહિતી દર્શાવેલ નથી.

-----------------------

**બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલ્ફેર સેસ**

15/4/523 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલ્ફેર સેસ પેટે કેટલી રકમ જમા છે, | (૧) રૂ.૫૩૯૮.૯૫ કરોડ |
| (૨) ઉક્ત જમા થયેલ રકમ કયા હેતુ માટે વાપરવાની હોય છે ,અને | (૨) બાંધકામ શ્રમિકો માટેની કલ્યાણકારી યોજનાઓ તથા વહીવટી હેતુ માટે |
| (૩) ઉક્ત જમા થયેલ રકમ પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ કયા હેતુ માટે વાપરવામાં આવી ? | (૩) પત્રક-અ મુજબ |

**પત્રક-અ**

યોજનાકીય તથા વહીવટી ખર્ચ:

| ક્રમ | હેતુ | તા.૦૧/૦૧/૨૦૨૨થી તા.૩૧/૧૨/૨૦૨૨ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ |
|---|---|---|---|
| ૧ | વહીવટી/મહેમક ખર્ચ | ૪૪૭.૧૧ | ૫૬૯.૮૭ |
| ૨ | યોજનાકીય ખર્ચ | ૪૫૫૭.૮૬ | ૧૭૭૬૦.૨૯ |
| | **કુલ** | ૫૦૦૪.૯૭ | ૧૮૩૩૦.૧૬ |
| | **કુલ રકમ રૂ. (લાખમાં)** | **૨૩૩૩૫.૧૩** | |

………………..

**પોઈન્ટ ઓફ કલેરીફિકેશન**

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું જયારે પ્રશ્ન પૂછવા માટે ઊભો થયો હતો ત્યારે આપશ્રીએ મને ટકોર કરી કે આપને આપના મત વિસ્તારની ચિંતા હોય તો આપે પ્રશ્ન પૂછવો જોઈએ તો આજની પ્રશ્નોત્તરીમાં ૪૬ નંબરના ક્રમાંક ઉપર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેટલાં કુપોષિત બાળકો છે તે પ્રશ્ન આજે મારો ઓલરેડી છે. થેંક યુ.

અધ્યક્ષશ્રી : તેનો જવાબ પણ મંત્રીશ્રીએ રેકોર્ડ ઉપર આપેલો હશે.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**
**પ્રચંડ બોમ્બ બ્લાસ્ટથી કામદોરોના થયેલ મૃત્યુ અંગે**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે,

" તાજેતરમાં વડોદરામાં પાદરાના એકલબારા ગામની સીમમાં આવેલી "ઓનીરો લાઇફ કેર" કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં ત્રણ કામદારોના મોત નિપજયા છે અને પાંચ જેટલા કામદારો ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર હેઠળ છે. ત્યારે અસરગ્રસ્તો અને કામદારોમાં ઔદ્યોગિક તાલીમ અને સલામતી સામે રોષ અને ભયની લાગણી પ્રસરી છે તે નિવારવા અને મૃતકોના પરીવારજનો અને અસરગ્રસ્તોને શ્રમિક કાયદા અન્વયે સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.""

શ્રી બળવંતસિંહ રાજપૂત(શ્રમ અને રોજગાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માન. ધારાસભ્યશ્રીની ઉક્ત સૂચના અન્વયે, પ્રસ્તુત બનાવ સંદર્ભે નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, ગુજરાત રાજ્યનો અહેવાલ મેળવવામાં આવેલ છે. તદ્દાનુસાર તા. ૩૧/૦૧/૨૦૨૪ના રોજ બપોરે ૧૩:૪૫ કલાકે 'ઓનેરીઓ લાઇફકેર પ્રાઇવેટ લિમિટેડ', ગામ એકલબારા, તાલુકો પાદરા, જિલ્લો વડોદરા ખાતે અકસ્માત બનાવ બનેલ જેમાં કુલ ૦૫ (પાંચ) શ્રમયોગીઓ દાઝેલ હતા જે પૈકી ૦૩ (ત્રણ) શ્રમયોગીઓના દુઃખદ અવસાન થયેલ છે અને ૦૨ (બે) શ્રમયોગીઓ સારવાર હેઠળ છે. સદરહુ બનાવના અનુસંધાને ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગની વડોદરા કચેરી દ્વારા તપાસ કરવામાં આવેલ છે. સદરહુ કારખાનું 'ઓનેરીઓ લાઇફકેર પ્રાઇવેટ લિમિટેડ' નામે તારીખ ૧૮/૦૫/૨૦૦૫થી કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાનું છે.

સદરહુ કારખાનામાં વિવિધ દવાઓના કાચા માલ તરીકે વપરાતા "એક્ટીવ ફાર્માસ્યુટીકલ ઇન્ગ્રેડીએન્ટસ"ની ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવે છે. સદરહુ કારખાનામાં વિવિધ ઉત્પાદન પ્રક્રિયા દરમ્યાન ઉત્પન્ન થતા દુષિત કેમિકલયુક્ત પાણી કે જેમાં ઓર્ગેનિક અને ઇન-ઓર્ગેનિક કમ્પાઉન્ડ અને સોલ્વન્ટનો થોડો ભાગ રહી ગયેલ હોય છે તેવા પાણીને બે ભાગમાં વિભાજિત કરી ઓછા ટોટલ ડિસોલ્વડ સોલીડસ ધરાવતા દુષિત કેમિકલયુક્ત પાણીને ઇન્ફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં શુદ્ધીકરણ માટે લઇ જવામાં આવે છે અને વધુ ટોટલ ડિસોલ્વડ સોલીડસ ધરાવતા દુષિત કેમિકલયુક્ત પાણીને કારખાનાના ઇન્ફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટના મલ્ટી ઈફેક્ટ ઈવેપોરેટોર અને એજીટેટેડ થીન ફિલ્મ ડ્રાયરમાં શુદ્ધીકરણ માટે લઇ જવામાં આવે છે જેમાં આ દુષિત કેમિકલયુક્ત પાણીનું શુદ્ધીકરણ કરી તેને નિકાલ યોગ્ય કરીને પાણીનો નિકાલ કરવામાં આવે છે.

તારીખ-૩૧/૦૧/૨૦૨૪ના રોજ બપોરે ૧૩:૪૫ કલાકે એજીટેટેડ થીન ફિલ્મ ડ્રાયર સેકશન કે જેમાં દુષિત પાણી અને સોલ્ટ છૂટા પાડવામાં આવે છે તેના ખુલ્લા બોટમમાંથી ગરમ મટિરિયલ કોઇક કારણોસર અચાનક અવાજ સાથે તીવ્ર દબાણ સાથે બહાર આવવાનો અકસ્માતે બનાવ બનેલ તેમાં કારખાનામાં કામ કરતા ૦૫ (પાંચ) શ્રમયોગીઓ દાઝી ગયેલ જે પૈકી ૦૩ (ત્રણ) શ્રમયોગીઓ નામે (૧) ઠાકોર રાવજીભાઇ પરમાર (૨) નરેન્દ્ર કનુભાઇ સોલંકી (૩) રમેશભાઇ ગણપતભાઈ પઢિયારના દુ:ખદ અવસાન થયેલ છે અને કુલ ૦૨ (બે) શ્રમયોગીઓ નામે (૧) મયુરભાઇ લાલજીભાઇ પરમાર (૨) ભરત રમણભાઇ તિરગર ને ગંભીર રીતે દાઝી જતાં વડોદરા ખાતે કારખાનેદાર દ્વારા ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થે દાખલ કરેલ જેઓની સારવાર હાલ ચાલુ હતી જે પૈકી તા.૦૫/૦૨/૨૦૨૪ના રોજ શ્રમયોગીશ્રી ભરત રમણભાઇ તિરગરની તબિયત સારી થતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે.

સમગ્ર વડોદરા જિલ્લામાં ધી એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યોરન્સ એકટ ૧૯૪૮ લાગુ પડતો હોઇ કારખાનામાં અકસ્માતમાં મૃત્યુ પામેલ શ્રમયોગીઓના કાયદેસરના વારસદારોને કેન્દ્ર સરકારશ્રીના ઈ.એસ.આઈ.સી. વિભાગ દ્વારા મળવાપાત્ર વળતર ચૂકવવાની કાર્યવાહી કરવાની થાય છે જેના દાવા કારખાનેદાર દ્વારા ઈ.એસ.આઈ.સી. વિભાગમાં રજૂ કરેલ છે. સારવાર હેઠળના શ્રમયોગીઓને પણ ઈ.એસ.આઈ.સી./કામદાર વળતર અધિનિયમ-૧૯૨૩ હેઠળ મળવાપાત્ર વળતર અંગેના દાવા કારખાનેદાર દ્વારા રજૂ કરી દીધેલ છે.

આ ઉપરાંત મૃત્યુ પામેલ ૦૩ (ત્રણ) શ્રમયોગીઓના પરિવારજનોને રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તંત્રના સક્રિય પ્રયત્નોથી માનવતાના ધોરણે રૂ.૩૦-૩૦ લાખ (ત્રીસ-ત્રીસ લાખ) આમ કુલ રૂ. ૯૦,૦૦,૦૦૦ (નેવું લાખ) કારખાનેદાર પાસેથી ચૂકવણું કરાવડાવવામાં આવેલ છે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

કારખાનામાં હાલમાં ઉત્પાદન પ્રક્રિયા બંધ કરવા માટે નાયબ નિયામક (ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વડોદરા) દ્વારા કારખાના ધારા ૧૯૪૮ હેઠળ મનાઈ હુકમ આપવામાં આવેલ છે. કારખાનામાં અકસ્માતે બનેલ બનાવ અન્વયે આનુષાંગિક વિગતવાર તપાસ ચાલુ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઔદ્યોગિક રીતે વિકસિત રાજય છે અને એમાંય ખાસ કરીને ગુજરાત ફાર્માસ્યુટીકલ્સ અને કેમિકલ ઉત્પાદનનું હબ પણ બન્યું છે અને તેના કારણે છેક વાપીથી શરૂ કરી અને અમદાવાદ સુધીના બેલ્ટની અંદર આવાં કારખાનાઓ ખૂબ જ મોટા પ્રમાણમાં છે અને તે સિવાય પણ બીજાં કારખાનાઓ પણ રાજકોટ, જામનગર એવી ઘણી જગ્યાએ આ કારખાનાઓ આવેલાં છે. આ accident prone જે કારખાનાઓ હોય છે અને તેના કારણે આપણે દર અઠવાડિયે કોઇના કોઇ જગ્યાએ કેમિકલ બ્લાસ્ટ થવાથી કે બીજાં કોઇ કારણોસર તેની અંદર અકસ્માત થતો હોય છે અને તેના કારણે કિંમતી માનવ જિંદગીઓ આપણે ગુમાવતાં હોઇએ છીએ. સુરત, અંકલેશ્વર, વડોદરા, અમદાવાદ કે પછી રાજકોટમાં હોય કે મારા પોરબંદરમાં હોય એમાં મોટા પાયે આ પ્રકારના અકસ્માતોને કારણે જાન ગુમાવાય છે. સરકાર તપાસ કરે, થોડો વખત ક્લોઝર આપે ફરી પાછું એ જ ઉત્પાદન એ જ સિસ્ટમથી થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે આ બાબતમાં જે પ્રશ્નો છે તેમાં જે શ્રમયોગીઓ છે તેમાં ૩ કામદારોના મૃત્યુ થયા છે અને ૨ કામદારો જે છે તે સારવાર હેઠળ છે. તો આમાંથી જે ૩ કામદારોના દુઃખદ અવસાન થયેલ છે તેમને તો એ ફેક્ટરીએ પણ એક કામદાર દીઠ ૩૦ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે અને તે ઉપરાંત બીજા જે તેના ઇન્સ્યોરન્સ કવર થતા હશે તે પ્રમાણે તેને મળવાપાત્ર રકમ તાકીદે મળી જાય એવી વ્યવસ્થા ન થતી હોય તો કરે એવી વિનંતી છે, પણ બાકીના જે ૨ શ્રમયોગીઓ સારવાર હેઠળ છે તેમને ફેક્ટરી તરફથી આ જે રીતે કોમ્પેન્સેશન અપાયું હતું તે રીતે થોડો રાજય તરફથી પ્રયાસ કરીને તેમને પણ તેની સારવાર અને બીજી સહાય થોડી અપંગતા કે બીજી કોઇ હોય તો તેના પ્રમાણમાં મળે તો એ આપવા માગો છો કે કેમ? અને બીજું એમના વારસદારો જે છે તેમને પણ ત્યાં કામ મળે તે પ્રકારે વ્યવસ્થા ગોઠવવા માગો છો કે કેમ? બીજું આ પ્રકારે ગુજરાતમાં વારંવાર બનાવો ન બને એના માટે દરેક ફેક્ટરીમાં સેફ્ટી ઓડિટ કરવા માગો છો કે કેમ? અને જો એ કરવા માગતા હોવ તો આ અકસ્માતો અટકાવવા શું શું પગલાં લેવાયાં છે? એની અમને જાણકારી આપે અને બીજું એ કે આ ફેક્ટરી સામે શું શું પગલાં લેવાયાં છે? એનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે.

શ્રી બળવંતસિંહ રાજપૂત(શ્રમ અને રોજગાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવ બન્યો છે એ ખૂબ જ દુઃખદ બનાવ છે. આ અકસ્માત ૧:૪૫ કલાકે થયો અને ૨:૧૫ કલાકે વડોદરાનો સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો. આ સ્ટાફે ત્યાં બે પ્રકારનું કામ કર્યું. સૌ પ્રથમ બાકીના લોકોને સારવાર મળે એ કામ કર્યું અને પછી ક્યા કારણે આ બનાવ બન્યો છે એની તપાસ શરૂ કરી. નાયબ નિયામક (ઔદ્યોગિક સલામતી), વડોદરા દ્વારા કારખાના એક્ટ, ૧૯૪૮ની જોગવાઇ મુજબ મનાઈ હુકમ આપી દીધો અને તેના પગલે હાલ આપણે કારખાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું છે અને એની સામે ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છીએ. આપણે સમજાવટથી અનેક પ્રકારનાં કામ કરતાં હોઇએ છીએ અને આટલો મોટો બનાવ બન્યો છે ત્યારે ત્યાંના અધિકારીઓ, સામાજિક આગેવાનો અને બીજા આગેવાનોએ ભેગા થઇને એ લોકોને વધુમાં વધુ પૈસા પ્રાપ્ત થાય એ માટે એમને સમજાવવા જોઇએ. આમ તો ત્યાં રૂ.૧૦ લાખ આપતા હોઇએ છીએ પણ ફેક્ટરીવાળાને વિનંતી કરીને રૂ.૩૦ લાખ ત્રણેય લોકોને પ્રાપ્ત થઇ ગયા છે. એ સિવાય બાકીના નિયમ મુજબના પૈસા એમને ચોક્કસપણે પ્રાપ્ત થવાના છે. આ સિવાયના બે સભ્યશ્રીઓમાંથી એક સભ્યશ્રીને ગઇ કાલે રજા પ્રાપ્ત થઇ છે. એ લોકોને પણ કાંઇ અન્યાય ન થાય, એમનો પગાર ના કપાય અને વીમાના પૈસા એમને પણ પ્રાપ્ત થાય એ પ્રકારની વ્યવસ્થા પણ આપણે કરવાના છીએ. આવા બનાવો અવાર-નવાર ન બને એના માટે નિયામક (ઔદ્યોગિક સલામતી) દ્વારા કારખાનાંની તપાસ કરવામાં આવે છે. જરૂર જણાય તો માલિકને કારણદર્શક નોટિસ પણ આપવામાં આવે છે અને માલિક એનું પાલન ન કરે તો આપણે નામ. કોર્ટમાં કેસ પણ કરતાં હોઇએ છીએ. કારખાના ધારા, ૨૦૨૩ હેઠળ અત્યાર સુધી ૩૯૦૧ લોકો પર આપણે ફોજદારી કેસ પણ દાખલ કર્યા છે. કારખાનામાં થતાં અકસ્માતો ઘટાડવા માટે વર્ષ ૨૦૨૩માં ૭૨૨ સલામતી કાર્યક્રમો કર્યા છે કે જેના કારણે સલામતીના લીધે કોઇને નુકસાન ન થાય. અતિ જોખમી કારખાનાં ધરાવતા જિલ્લાઓમાં જો કોઇ ઇમરજન્સી ઉપસ્થિત થાય તો તેને પહોંચી વળવા દર વર્ષે કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલી કમિટી આ પ્રકારનું રિ-ક્રિએશન બધાને બતાવવાની વ્યવસ્થા આપણે કરતા હોઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે આપની સમક્ષ મૂકવું છે કે વર્ષ ૨૦૨૧માં ૪૫,૯૨૦ કારખાનાઓ નોંધાયેલા હતા. એમાં અકસ્માતના કારણે ૨૪૪ શ્રમયોગીઓનું મૃત્યુ થયું હતું. વર્ષ ૨૦૨૨માં કારખાનાઓની સંખ્યા વધીને ૪૭,૭૬૨ થઇ હતી. તેમાં અકસ્માતના કારણે ૨૩૮ શ્રમયોગીઓના મૃત્યુ થયા હતા. હાલ કારખાનાની સંખ્યા વધીને ૪૯૨૪૬ થઇ છે અને તેમાં અકસ્માતના કારણે ૨૩૪ શ્રમયોગીઓના મૃત્યુ થયા હતા. આ સંખ્યાને કેવી રીતે ઝીરો સુધી લાવી શકાય તે બાબતની સરકાર ચિંતા કરે છે. ઘણાં વર્ષો પહેલાં જે રેશિયો હતો તે હાલ વર્ષ ૨૦૨૩માં ઘટીને ૦.૯ થયેલો છે. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી છે કે, પેલા બે લોકોને પણ વળતર મળે તો ચોક્કસ તે પ્રકારની વ્યવસ્થા કરીશું.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કારખાનામાં અકસ્માતનો બનાવ બને તેવા સંજોગોમાં સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે?

તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધાયેલા કારખાનામાં અકસ્માતનો બનાવ બને ત્યારે કારખાના ધારા હેઠળ નીમાયેલા અધિકારી દ્વારા વિગતવાર તપાસ કરી કારખાના ધારા હેઠળ ઘડાયેલા નિયમ હેઠળ જે કોઇ જોગવાઇનો ભંગ થતો હોય તે અંગે કારખાનાદાર સામે ધારા કલમ–૧૦૫ હેઠળ મળેલી સત્તાની રૂએ નામદાર કોર્ટ સમક્ષ ફોજદારી કેસ દાખલ કરવામાં આવે છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કારખાનામાં થતાં અકસ્માતોની ગંભીર ઘટનાઓને અટકાવવા માટે સરકારશ્રી દ્વારા શાં પગલાં લેવામાં આવે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, કારખાનાઓમાં આવા બનાવ ન બને તે માટે કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને કમિટી બનાવવામાં આવી છે. કારખાનાઓના સેફ્ટી પોઇન્ટ ૨૧મી સદીની ટેકનોલોજી મુજબ બદલાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે છતાં પણ કમનસીબે કોઇવાર આવી ઘટના બનતી હોય છે. જ્યારે આવી ઘટના બને ત્યારે કમિટી દ્વારા ચિંતન કરીને આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય  તેવી વ્યવસ્થા આપણે કરતા હોઇએ છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે ઉપલબ્ધ રેકર્ડ પ્રમાણે આખા દેશમાં સૌથી વધારે ૫૭૦ જેટલી મેજર એક્સિડંટ હેઝાર્ડ્સ ફેક્ટરીઓ ગુજરાતમાં છે અને તેમાં પણ ભરૂચમાં ૯૮ અને વડોદરામાં ૮૯ ફેક્ટરીઓ તથા ૮ હજાર જેટલા બોઇલરો છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે મોસ્ટ એક્સિડંટ હેઝાર્ડ્સ ફેક્ટરીઓનું સેફ્ટી ઓડિટ કરીને તેમાં ભવિષ્યમાં આ પ્રકારના વધારે અકસ્માતો ન થાય તે પ્રકારનાં પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન બહું સારું છે. અગાઉ મશીનરી જુદા પ્રકારની હતી. હાલ મશીનરી જુદા પ્રકારની છે એટલે તે પ્રકારે ઓડિટ કરીએ છીએ અને તે જ પ્રકારે અકસ્માતને કેવી રીતે રોકી શકાય તે પ્રકારની બધી વ્યવસ્થાઓ કરવામાં આવે છે. ઘણીવાર કયા કારણસર અકસ્માત થાય છે તેના પર પણ સતત ચિંતન કરવામાં આવે છે અને બીજી વખત તેનું પુનરાવર્તન ન થાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત ખાતે થોડા સમય પહેલાં સચિન જી.આઇ.ડી.સી.માં એથર કંપની ખાતે સાત કરતાં વધારે લોકોના મૃત્યુ થયા હતા. સાથોસાથ ગુજરાતમાં બીજા જિલ્લાઓમાં આવી અનેક ઘટનાઓ વારંવાર બની રહી છે તો તેના માટે કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને જે કમિટી બનાવવામાં આવે છે તેમાં સ્થાનિક ધારાસભ્યશ્રીનો સમાવેશ કરવા માગો છો કે કેમ? અથવા સ્થાનિક સંસદ સભ્યશ્રીનાં સૂચનો લેવાં માગો છો કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પહેલા પ્રશ્નની વાત કરી તે માત્ર સૂચન છે. બીજા પ્રશ્ના જવાબમાં જરૂર જણાયે ધારાસભ્યશ્રીનું ચોક્કસપણે માર્ગદર્શન લેવામાં આવે છે.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૨–૨૩નો ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી કનુભાઇ મો. દેસાઇ(પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા ટિપ્પણ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૨૨–૨૩નો નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી જગદીશ વિશ્વકર્મા(માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા  સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૨૨–૨૩નો ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ  સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૧૭–૧૮ તથા ૨૦૧૮–૧૯ના ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું  ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૭–૧૮ તથા ૨૦૧૮–૧૯ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૨૦-૨૧ના ગુજરાત હાઉસિંગ બોર્ડના વાર્ષિક હિસાબો

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(શહેરી ગૃહનિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૨૦-૨૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

શ્રી હીરાભાઇ ઓ.સોલંકી(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો પહેલો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી હીરાભાઇ ઓ.સોલંકી(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સરકારી સંકલ્પની દાખલપાત્રતા અંગે**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે નિયમ-૧૨૦ હેઠળ સરકારી સંકલ્પ લાવીએ છીએ. માનનીય મંત્રીશ્રી સંકલ્પ લાવે અને સંકલ્પમાં એવી લાગણી વ્યક્ત કરે કે સરકારે આ નિર્ણય લીધો છે. એનો અસરકારક અમલ થાય એ માટે રાજ્ય સરકારને અનુરોધ કરવામાં આવે છે. રાજ્ય સરકારના મંત્રીશ્રી, શિક્ષણ વિભાગે નિર્ણય લીધો અને એ જ હવે સરકારને અનુરોધ કરતો સંકલ્પ લાવે તો હું માનું છું કે આને કઇ રીતે દાખલ કરવામાં આવે? આપે મંજૂરી આપી હશે પણ માનનીય મંત્રીશ્રી એની સ્પષ્ટતા કરે તો સારું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરવાની ના હોય. કામકાજ સલાહકાર સમિતિમાં પણ આ સંકલ્પની ચર્ચા થઇ હતી. આનો મૂળ વિષય એ હતો કે, શ્રીમદ્ ભગવદ્ ગીતાનો વિષય પાઠ્યપુસ્તકમાં અભ્યાસક્રમમાં આવે અને એની જાણકારી લોકો સુધી પહોંચે. કામકાજ સલાહકાર સમિતિમાં આપ અને માનનીય મુખ્યમંત્રીશ્રી પણ ઉપસ્થિત હતા. બધાની હાજરીમાં ચર્ચા થઇ અને આ સંકલ્પ માટે સમય ફાળવવામાં આવ્યો. એટલે આ સંકલ્પ માનનીય મંત્રીશ્રીનો રહેતો નથી. કામકાજ સલાહકાર સમિતિમાં આપણે નિર્ણય કર્યો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કામકામ સલાહકાર સમિતિમાં કેવો સંકલ્પ આવશે એવી વિગતવાર વાત નથી થઇ. વાત એટલી જ હતી કે આ અભ્યાસક્રમમાં દાખલ કરીએ. સંકલ્પમાં જે શબ્દો વાપર્યા છે કે, ''રાજ્ય સરકાર દ્વારા શાળાકીય શિક્ષણ ધોરણ-૬થી ૧૨ના અભ્યાસક્રમમાં ગીતા સારનો સમાવેશ કરવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ છે.'' એનો મતલબ કે, સરકારશ્રીએ નિર્ણય કરી લીધો છે. પછી ''એની અમલવારી સંપૂર્ણ અને અસરકારક રીતે થાય એ માટે જરૂરી હોય તે તમામ પગલાં ભરવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.'' જ્યારે માનનીય મંત્રીશ્રી જ સંકલ્પ લાવતા હોય, સરકારી સંકલ્પ હોય, નિર્ણય થયો હોય અને અમલવારી એમને જ કરવાની છે તો, આ સભાગૃહ મારફત રાજ્ય સરકારને અમલવારી માટે અનુરોધ કરવાનું હું માનું છું કે યોગ્ય નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ લાવવા પાછળનો એક જ ઉદ્ેશ હતો કે, ગીતા જેવો મહાન ગ્રંથ, જીવવાની રીત અને દુનિયાને દિશા બતાવતો ગ્રંથ છે. જ્યારે રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે એટલે આ સભાગૃહ થકી એક મેસેજ જાય કે, આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓ આની ચિંતા કરે છે. આ સભાગૃહમાં કોઇ પક્ષ-વિપક્ષ નથી અને સરકારશ્રીએ લીધેલા નિર્ણયને વધાવે છે. આ સભાગૃહ ફર્ધર એવું કહેવા માગે છે કે, તમે જે નિર્ણય લીધો છે એ નિર્ણયનો ખૂબ સારી અને અસરકારક રીતે અમલ થાય એમાં બધા સંમત છે. આની પાછળ મૂળ આશય અને હાર્દ આ હતો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા બાળકોને વેદ, સંસ્કૃતિ અને પુરાણોનું જ્ઞાન મળી શકે એમાં વાંધો હોઇ શકે નહીં. અમારી વાત એટલી જ છે કે સરકારશ્રીએ નિર્ણય લઇ લીધો છે. હવે એની અમલવારી કરવાની જવાબદારી તો નિર્ણય લીધો છે તો સરકારશ્રીની જ છે, વિભાગની છે. તો મંત્રીશ્રી સંકલ્પ લાવે અને એમ કહે કે, સારી અમલવારી થાય એટલા માટે આ સભાગૃહ અનુરોધ કરે. સારી અમલવારી કરવા તો નિર્ણય લીધો છે અને જવાબદારી પણ વિભાગની છે તો આ સભાગૃહે અનુરોધ ક્યાં કરવાનો આવે છે? આમાં કદાચ એમ માગ્યું હોત કે, અમે આ કરવા જઇએ છીએ. કંઇ સારુ વધારે થઇ શકે, કંઇ સુધારો થઇ શકે, કંઇ સૂચન હોય તો ચોક્કસ સભાગૃહ ચર્ચા કરીને એમાં વધારે સારુ થઇ શકે એના સૂચન કરત. અમલવારી કરવા માટે સભાગૃહ સરકારશ્રીને કેવી રીતે અનુરોધ કરે?

## તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૧૨૦ એવું કહે છે કે, મંત્રીશ્રી તરફથી રજૂ થતાં સરકારી સંકલ્પ માટે ૭ દિવસની સૂચના આપવી જરૂરી રહેશે. આપણી કામકાજ સલાહકાર સમિતિમાં જયારે મીટિંગ થઇ ત્યારે સભ્યશ્રી તરીકે કોઇ ડ્રાફ્ટ અમારી સમક્ષ રજૂ કરવામાં આવ્યો ન હતો. હા, મૌખિક વાત જરૂર થઇ હતી કે ગીતા માટેનો એક સરકારી સંકલ્પ સરકારશ્રી લાવી રહી છે. માનનીય અમિતભાઇએ જે રીતે કહ્યું એ રીતે સવાલ ત્યાં ઊભો થાય છે કે, જયારે ગીતા માટેનું જ્ઞાન લોકોને ભણાવવામાં આવશે અને લોકોના ધ્યાનમાં મૂકવામાં આવશે તે માટે ઓલરેડી સરકારશ્રીએ નિર્ણય કર્યો છે. એ સરકારી ફરજનો પાર્ટ થઇ જાય છે. તો સરકારશ્રીએ એના માટે સંકલ્પ લાવવો પડે એ મારી દ્દષ્ટિએ યોગ્ય નથી. કારણ કે, તમારી ફરજનો પાર્ટ છે. સરકારશ્રીએ આદેશ કર્યો કે, પાઠ્યપુસ્તકમાં આ ભણાવવાનું છે પછી એનો સંકલ્પ ન હોઇ શકે. ૭ દિવસની નોટિસ મુજબ અમને કંઇ લેખિતમાં મળેલ નથી. અમે આજે વાંચી રહ્યા છીએ ત્યારે જ ખ્યાલ આવ્યો છે. માટે અમે એવું માનીએ છીએ કે નિયમ મુજબ ૭ દિવસ પહેલા અમને જે મળવું જોઇએ એ મળ્યું નથી અને સરકારશ્રીએ જે નિર્ણય લઇ લીધો છે એને ભણાવવાનું છે. પછી એને સંકલ્પના સ્વરૂપમાં પબ્લિસિટી માટેનું આ એક આખું ચિત્ર મને દેખાઇ રહ્યું છે. માટે આમાં યોગ્ય નિર્ણય લેવા વિનંતી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એટલો જ છે કે કોને અનુરોધ કરે છે? રાજય સરકારશ્રીના મંત્રીશ્રી રાજય સરકારને જ અનુરોધ કરે છે. હું લઇ આવ્યો હોત આ ઠરાવ તો હું રાજય સરકારને જરૂર અનુરોધ કરી શક્યો હોત કે આ કરવું જોઇએ. એને બદલે જાગૃતિ લાવવા માટે આપણે બધા પ્રયાસ કરીએ કે વધારેમાં વધારે લોકો ગીતા વાંચે એ સંકલ્પ રજૂ થયો હોત તો ઔચિત્યપૂર્ણ ગણાત. રાજય સરકાર રાજય સરકારને જ અનુરોધ કરે છે. તો મને લાગે છે કે આની અંદર અનુરોધ કરવાની અંદર કોઇક જગ્યાએ ભૂલ છે. એ અનુરોધ રાજય સરકાર રાજય સરકારને ન કરે, પણ એની જગ્યાએ વિદ્યાર્થીઓને કરે, વાલીઓને કરે અને જાગૃતિ લઇ આવે. હું માનું છું ત્યાં સુધી એ પ્રકારે સુધારો હોવો જોઇએ.

અધ્યક્ષશ્રી : ટેકનિકલ ચર્ચા કોઇએ કરવી છે કે હું જજમેન્ટ આપું? હું આમાં કહું છું કે હમણાં માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે વાત કરી એના ઉપર બધાએ ધ્યાન રાખવા જેવું છે. ઠરાવમાં જે લખ્યું છે એના શબ્દો તમે પકડ્યા છે છતાં બે બાબતો છે, જેની સંપૂર્ણ અમલવારી થાય એટલું જ નહીં, સંપૂર્ણ અસરકારક રીતે થાય. આ શબ્દ માનનીય મંત્રીશ્રીએ વાપર્યો છે. એટલે જેની સંપૂર્ણ એટલે સંપૂર્ણમાં માત્ર સરકાર જ ન આવે. સરકાર તો કરે, પરંતુ પ્રજા તરીકે, નીચે વાલી તરીકે અને સીધા વિદ્યાર્થી તરીકે. આ ભાવ પણ એની અંદર સંપૂર્ણ શબ્દની સાથે જોડાયેલો છે. એટલે માનનીય મંત્રીશ્રી જે અહીંયા રાજય સરકારને અનુરોધ કરે છે એ શબ્દ પણ મને લાગે છે કે ઠીક છે. એમાં બદલાવ કરવો હોય તો માનનીય મંત્રીશ્રી વાત કરી શકે છે. પરંતુ નિયમ મુજબ છે અને નિયમ મુજબને હું અત્યારે માન્ય રાખું છું. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કામને આગળ ચલાવે.

### સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

### ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં ''ગીતાસાર''નો સમાવેશ કરવા અંગે

શ્રી પ્રફુલભાઇ પાનશેરિયા(રાજય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી):રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં શિક્ષણ વ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શિત કરતા મૂળભૂત સિદ્ધાંતો સમાવવામાં આવ્યા છે. જે પૈકીનો એક સિદ્ધાંત વિદ્યાર્થીઓમાં ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ તથા જ્ઞાનની પ્રણાલીઓ તેમજ પરંપરાઓ પ્રત્યે ગર્વ અને જોડાણની લાગણી ઉદભવે તેવો પ્રયાસ કરવા પર ભાર મૂકે છે. તેના અનુસંધાને રાજયની શાળાઓના વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસાથી પરિચિત થાય અને ભારતીય હોવા પર ગર્વ અનુભવે તે માટે વિદ્યાર્થીઓના રોજિંદા જીવન અને શાળાકીય અનુભવોમાં ભારતીય સંસ્કૃતિનું જોડાણ થાય તે જરૂરી છે. આ જોડાણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મદદરૂપ બને તે રીતે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપ્રણાલીનો શાળાકીય અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઇએ. જે બાબત ધ્યાનમાં રાખીને શાળા શિક્ષણમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપ્રણાલીનો સમાવેશ કરવા માટે રાજયની શાળાઓમાં ધોરણ-૬થી ૧૨માં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોનો બાળકોને સમજ અને રસ પડે તે પ્રમાણે પરિચય કરાવવાનો નિર્ણય રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. જે મુજબ ધોરણ-૬થી ૮માં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પરિચય સર્વાંગી શિક્ષણ વિષયના પાઠ્યપુસ્તકમાં વાર્તા અને પઠન-પાઠન વગેરે સ્વરૂપે આપવામાં આવશે. ધોરણ-૯થી ૧૨માં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પરિચય પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકમાં વાર્તા અને પઠન-પાઠન વગેરે સ્વરૂપે આપવામાં આવશે.

ભારતીય વિચાર પરંપરામાં શ્રીમદ્ ભગવદ્ ગીતાની લોકપ્રિયતા અપૂર્વ છે. આ અપૂર્વ અને અદ્વિતીય સ્થિતિ પ્રાપ્ત થવાના અનેક કારણ છે. આ ગ્રંથનો આનંદ અબાલવૃદ્ધોએ અનેક પેઢીઓથી મેળવ્યો છે. આમાં શ્રીકૃષ્ણ અને અર્જુન એ બે પાત્રો અતિ મોહક છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉપદેશ એવા સુકોમલ અવસર પર કરવામાં આવ્યો છે, જ્યારે દેશ નહીં, પણ ધર્મનું અસ્તિત્વ પણ સંકટમાં હતું. આ ગ્રંથ સંવાદાત્મક શૈલીમાં છે. આ ગ્રંથની મહાન આકર્ષકતા માટે માત્ર તેના બાહ્યગુણ પૂરતા નથી, એમાં એક સર્વકાલીન અને સાર્વજનિક વિશિષ્ટ સંદેશો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના આદેશ અનુસાર સ્વધર્મનિષ્ઠાથી પરમેશ્વરની આરાધનાથી પ્રત્યેક વ્યકિત પોતાના ઇષ્ટદેવની કૃપા પ્રાપ્ત કરી શકે છે તેમજ પોતે પ્રગતિ કરીને કૃતાર્થ(ધન્ય) બની શકે છે. આ ગ્રંથ આરંભથી અંત સુધી સહિષ્ણુતાની ભાવનાથી ઓતપ્રોત છે. જે ભારતીય જ્ઞાનધારા-વિચારધારાનું મુખ્ય લક્ષણ છે. આથી જ ગીતાનો યુગ ધર્મપ્રવર્તક, અપરિવર્તનીય અને સનાતનશાસ્ત્ર તરીકે સ્વીકાર થયો છે.

માઘ ૧૮, ૧૯૪૫ શાકે

સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

શ્રીમદ્ ભગવદ્ ગીતાએ ભારતના સંતો અને ક્રાંતિકારીઓને તો દિશા આપી જ છે સાથે સાથે શ્રીમદ્ ભગવદ્ ગીતાની અસર આધુનિક અને પશ્ચિમી વિચારકો ઉપર પણ ઘણી છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા એ એવો ગ્રંથ છે જેને કોઈ સીમાડા નથી.

રાજ્ય સરકાર દ્વારા શાળાકીય શિક્ષણના ધોરણ–૬થી ૧૨ના અભ્યાસક્રમમાં "ગીતા સાર" નો સમાવેશ કરવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ છે. જેની અમલવારી સંપૂર્ણ અને અસરકારક રીતે થાય તે માટે જરૂરી હોય તે તમામ પગલાં ભરવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનશેરિયા : માનનીય અધ્યક્ષ મહોદય, આ ગૃહની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ બન્ને પૂર્વ શિક્ષણમંત્રી, ભાઇશ્રી જીતુભાઇ વાઘાણી સાહેબ અને માનનીયશ્રી રમણભાઇ વોરા અને અનેક વિદ્વાન લોકોએ આ ગીતાના અભ્યાસક્રમ માટે ખૂબ સરસ રીતે પ્લાનિંગ સાથે મહેનત કરી અને રાજય સરકારની અંદર લાવવા માટેનો પ્રયાસ કર્યો છે. આ ગીતા એક સર્વકાલીન, દરેક વ્યકિત માટે, દરેક સંપ્રદાયના એ સિદ્ધાંતો, પૂજા અર્ચના વિવિધ હોઇ શકે પરંતુ એની જીવનપદ્ધતિ એક છે અને જયારે આપણે આ સંકલ્પ રજૂ કરી રહ્યા છીએ ત્યારે ગીતા એ વૈશ્વિક જીવન પદ્ધતિ છે. બ્રહ્માંડના રહસ્યો અને અનેક વિષયમાં ઉંડાણપૂર્વક જ્ઞાન છે. આ એક સત્ય છે. ૫૦૦૦ વર્ષ પહેલાં કુરુક્ષેત્રના મેદાન ઉપર આ ભગવાને બોલેલી વાણી છે અને એ વાણીથી અનેક લોકોના જીવનની અંદર પરિવર્તન આવ્યા છે, દેશના યુવાનો કે જે લોકોએ સ્વીકાર્યા છે એ લોકોએ પોતાનું જીવન શ્રેષ્ઠ બનાવ્યું છે ત્યારે એક જ્ઞાન છે, એ પ્રકાશ છે અને આ પ્રકાશ એ સર્વત્ર છે માટે આપણી વૈદિક પ્રાર્થના છે,

''ઓમ અસતો મા સદગમય, તમસો મા જયોતીર્ગમય, મૃત્યોમા અમૃતં ગમય.''

આ સર્વ જગ્યા ઉપર લાગુ કરી શકાય. આના કોઇ સીમાડા હોતા નથી. જયારે નવા સત્રથી ધો. ૬, ૭ અને ૮માં ગીતાનું પ્રાથમિક બેઝ જ્ઞાન જયારે આપવામાં આવશે અને એ કોર્સ કરવામાં આવશે ત્યારે એ જ્ઞાન થકી વિદ્યાર્થીઓમાં નાનપણમાં, જેમ આપણે મેળવણ કહીએ છીએ એ આ મેળવણ છે. આ સત્યનું મેળવણ છે, આ સદભાવનાનું મેળવણ છે, આ સંસ્કૃતિનું મેળવણ છે. સહિષ્ણુતાનું મેળવણ છે અને નાનપણથી વિદ્યાર્થીની અંદર એક સદભાવના, તેજસ્વિતા, તાત્પર્યતા જયારે આવશેને ત્યારે ચોક્કસ પ્રકારે રાષ્ટ્રનો નાગરિક બનશે અને રાષ્ટ્રના નાગરિક તરીકે કાશ્મીરથી કન્યાકુમારી સુધી નહીં પણ દુનિયા સુધી. એક સમય એવો હતો કે વેદ, ઉપનિષદ વગેરે વર્ષો સુધી પ્રણાલિકાથી ચાલી આવ્યા હતા. વિચારધારા અને યોગ એ ગીતાનું મહત્ત્વનું સૂત્ર છેઅને એક સમયે યોગનો પરિચય માત્ર અને માત્ર ભારતીય સંસ્કૃતિમાં હતો. આ યોગ કોઇ ધર્મ કે સંપ્રદાય સાથે સંકળયોલી વાત નથી. આજે ગર્વ છે કે યોગ વિશ્વ દિવસ તરીકે આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ દુનિયાને આપ્યો છે અને મને આશા છે કે આ વિચારધારા ગૃહની અંદર આ સંકલ્પ નહીં, આ સંકલ્પ એક સમયે યુનોમાં પણ લેવાશે. આ સંકલ્પ પૂરા વિશ્વની અંદર લેવાશે. આ જ્ઞાન છે. આ જ્ઞાનની પરબ છે. આ તત્ત્વ જ્ઞાન છે. દેશ સ્વીકારશે. ગીતાના ૩ ભાગ મુખ્ય છેઃ આ જ્ઞાન કર્મ યોગ, ભકિત યોગ અને જ્ઞાન યોગ. ૧૮ અધ્યાયોના ૩–૩ અધ્યાયોના ભાગ પાડવામાં આવ્યાં છે અને આ જ્ઞાન જયારે વિદ્યાર્થીને અપાશે ત્યારે ચોક્કસ પ્રકારે એના જીવનની અંદર એ ધન્યતા અનુભવશે માટેજ આ પાઠ્ય પુસ્તક ક્રમાંકની અંદર ગીતામાં શું છે? પહેલા જ અધ્યયનનો પહેલો જ શ્લોક –

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः |

मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ||

મારાપણાનું નહીં, મારું હતું, મારા પાંડવો શું કરે છે? આ પહેલા પ્રશ્નથી યુદ્ધ નિર્માણ થયું હતું ત્યારે બાળક જાગશે, એ સ્વીકારશે, મારું નહીં સમગ્ર સૃષ્ટિ આપણી છે. માનનીય અધ્યક્ષ મહોદય, મંડપ ઉપનિષદમાં પરા અને પરા વિદ્યા શિખવવામાં આવતી હતી અને શીખી રખાયા હતાં. એક પેટિયું રળવા માટે પોતાનો યોગક્ષેમ ચાલે. યોગક્ષેમ સાથે આવેલા પ્રશ્નો સુખ–દુ:ખ સમ કઇ રીતે જિંદગી જીવવી છે? આ આવી પડેલા દુ:ખોને કેમ પાળવા? પરા વિદ્યા શિખવવામાં આવતી હતી, જેથી કરીને પોતે નિર્ભય રીતે જિંદગી જીવી શકે એટલા માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ સાહેબે નવી શિક્ષણ નીતિમાં આ મુદ્દો લીધો છે. ભારતના અનેક અનેક વિદ્વવાન લોકો પાસેથી માહિતી મેળવીને નવી શિક્ષણ પદ્ધતિ બનાવવામાં આવી છે ત્યારે એની અંદર મૂળભૂત વોકેશનલ એજ્યુકેશન બાબતની જેમ પોતાની મૂળભૂત સંસ્કૃતિનો આ આદર્શ છે માટે આજે ગીતાના એ વૈદિક મંત્રો દુનિયામાં ગૂંઝતા થયા છે. દુનિયાની અંદર અફરા–તડફી અને યુદ્ધો છે ત્યારે વસુધૈવ કુટુંબકમની ભાવનાઓ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ સાહેબે જી–૨૦માં મૂકીને લોકોને ભારતીય સંસ્કૃતિનો સંદેશો આપ્યો છે. અમારી સંસ્કૃતિ છે કે અમે કોઇની ઉપર વાર ના કરીએ. અમારા જૈન મૂનિઓ રોડ પર ચાલતા હોય ત્યારે પગે ચંપલ પણ પહેરતા નથી. શું કામ? એક નાનકડા જીવની હિંસા ના થાય. અમારા ઘરે માતાઓ એક છાલિયામાં લોટ લઇને કીડી માટે કિડિયારું પૂરતા હોય છે. એક કીડી જેવું સક્ષ્મ જીવ મૃત્યુ ના પામે એને જીવનનો અધિકાર છે. આ અમારી વૈદિક સંસ્કૃતિ છે. ''સમાનાયા આકૃતિ સમાનાયા આદિદેવહ'' આ અમારી પ્રાર્થનાઓ છે. ''સર્વ ભવન્તુ સુખિન: સર્વે સન્તુ નિરામયા'' આ પણ અમારી પ્રાર્થનાઓ છે. આ જ્ઞાન દુનિયાને આપવા માટે ''સત્ય, પ્રેમ અને કરુણા''એ અમારો મંત્ર છે. સત્યમાંથી નિર્ભયતા. ગાંધીજી ગમે એટલા અંગ્રેજો હતા એમની સામે સત્યતાથી લડ્યા છે. પ્રેમમાં ત્યાગની ભાવનાઓ અને કરુણામાંથી અહિંસા અને સેવાનો ઉદભવ થઇ રહ્યો

છે. આ અહિંસા અને સેવા આપણા મૂળ તત્ત્વની અંદર છે. આ અહિંસા, આ સેવા, આ ત્યાગ, આ પ્રેમ, આ કરુણા એ ભારતીયતાના ૧૨૫ કરોડ વ્યક્તિની અંદર ગૂંજી રહ્યાં છે અને આ ગૂંજતો મંત્ર અને માટે જ કોરાનાની અંદર ભારતે રસી વાપરી નથી. ૧૦૦ જેટલા દેશોને દવા પહોંચાડી છે. ૧૦૦ દેશોના લોકોને ભારતે મદદ કરી છે. ગીતા એક ચિંતન છે અને સામાન્ય માણસ વિષયોનું ચિંતન કરે છે. એ રાગનું કે દેશનું ચિંતન કરતો હોય તો એ તરફ જશે પણ સામાન્ય માણસ જયારે આવું ચિંતન કરતો હોય ત્યારે એને એક તરફ દોરી જાય ત્યારે મારા એ વિદ્યાર્થીઓ ધોરણ–૬થી ૧૨ની અંદર શીખશે કે મારે સદભાવનાઓનું ચિંતન કરવું છે. મારે પ્રેમ, દયા અને લાગણીનું ચિંતન કરવું છે. આ ચિંતન આ બાળકને મહાનતા તરફ લઇ જશે. એના મસ્તિષ્કની અંદર પોઝિટિવ વિદ્યારધારાઓ હશે. એના મસ્તિષ્કની અંદર કંઇક કરવાની ભાવનાઓ હશે. એની આંખોમાં તેજસ્વિતા ટપકતી હશે. એ આપણું ગીતાજ્ઞાન છે અને એ સતત ચિંતન જેમ કેટલાય લોકો કહે છે આખો દિવસ બાળક શું વિચારે? જે આખો દિવસ વધુમાં વધુ વિચાર આવે તે એ દિશા તરફ લઇ જાય. આ વધુ વિચારો લાવવા માટેનું એક સતત અને સાંસ્કૃતિક પ્રયાસ છે. ગીતા એક વિચારધારા, એક તત્વજ્ઞાન છે જેનામાં વસી ગયું એ ધન્યતા અનુભવે છે અને જેણે જેણે ગીતાના વિચારો ગાંધીજીએ અહિંસાનો વિચાર કહ્યો એ ગીતા શીખવાડે છે. ટોલ્સ્ટોય હોય કે કોઇપણ દુનિયાના ફિલોસોફર હોય આ ગીતા સમજે છે અને અનેક લોકોએ એની ભાષાની અંદર ટ્રાન્સલેશન કર્યું છે. ભગવાને કહ્યું છે કે તું ચિંતન સારું કર. સદભાવનાનું. અમારા ફિઝિક્સની અંદર એક પ્રયોગ આવતો એલ્યુમિનિયમની પ્લેટ ઉપર કેથોડનો સતત મારો કરીએ. બસ કેથોડ લઇ લો પછી એલ્યુમિનિયમની પ્લેટ પોતે જ ઉત્સર્જિત થશે. આ રીતે ગીતાના એ તત્વજ્ઞાનનો મારો એક વાર ચલાવો. એક યુવાન, એક વિદ્યાર્થી પોતે જ તત્વદર્શી બનશે. પોતે જ્ઞાની બનશે અને આ જ્ઞાનનો એ પોતે સર્વ જગ્યાએ ઉપયોગ કરશે. આજે દુનિયા ટેન્શનમાં જીવે છે. એના માટે અનેક અનેક લોકો દવા કરે છે. ડિપ્રેશન એ આવનારા સમય માટે સૌથી મોટો વિશ્વનો ડેન્જરસ પ્રશ્ન છે. ગીતા શીખવાડે છે કે તું કર્મ કર. ફળની આશા નહીં રાખતો. '**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**' એક વિદ્યાર્થી ૧૨ સાયન્સની અંદર વિચારશે મારે ૯૦ ટકા લાવવા છે અને જો એનામાં વિચાર હશે કે મારે ડોકટર બનવું છે એવું વિચારશે પણ ટકા ન આવ્યા. એના મસ્તિષ્કની અંદર આ ગીતાની વિચારધારા હશે "કર્મણ્યે વાધિકા રસ્તે મા ફલેષુ કદાચન ત્યારે ચોક્કસ પ્રકારે એને સાંત્વના મળશે ડિપ્રેશનથી બહાર નીકળશે. એક ખીલતો દીકરો, કર્મ એ શ્રેષ્ઠ છે ગીતા કહે છે. કર્મ નષ્ટ થતું નથી. જેવું કર્મ કર્યું હશે એવું ફળ પ્રાપ્ત થશે. આ ફળ કેવું જેની સાયન્સ સાથે આપણે વાતો કરીએ, ટેકનોલોજી સાથે એનું મિશ્રણ કરીએ તો આ એક આધ્યાત્મિક સાયન્સ છે. કર્મ કર એવું ફળ મળશે. ન્યૂટને પણ એવો નિયમ આપ્યો છે ગતિનો ત્રીજો ઘાત અને પ્રત્યાઘાત સમ અને પરસ્પર વિરોધી. કર્મ એ નથી કહેતું. આઇન્સ્ટાઇને એ ઊર્જાના નિયમો ઇકવલ ટુ એમસીનો સ્કવેર ઊર્જાનો નષ્ટ નથી થતો. કર્મનો પણ કયારેય નષ્ટ નથી થતો. ગીતા, આધ્યાત્મિકતા સાથે સાયન્સ પણ શીખશે તો એ વિદ્યાર્થી સરસ રીતે આગળ વધશે. જયારે જયારે એ કર્મ કરે, યજ્ઞ કરે ગીતામાં આપણે ભાગ લેશું. તું કર્મ કર અને યજ્ઞ કર. કેવા યજ્ઞ? અગ્નિ કરીને ઘી હોમે તે યજ્ઞ નહીં. યજ્ઞના અનેક પ્રકાર છે. એક બાળકને નાનપણથી એવો યજ્ઞ કરવાનું શીખવાડીએ કે, કચરો લઇને કચરાપેટીમાં નાખવો, આ એક યજ્ઞ છે. મારા તરફથી એકપણ સમુદાય, એકપણ જ્ઞાતિનું કયારેય પણ નાનકડું એવું અપમાન ન થાય આવો સંકલ્પ શીખવાડીએ આ પણ એક યજ્ઞ છે. હું દરેક વ્યક્તિનું સન્માન કરું એ પણ એક પ્રકારનો યજ્ઞ છે. એક સ્ટુડન્ટ નાનકડી બાલટી ભરીને એક વૃક્ષને પાણી પાય આ શીખવાડવામાં આવશે એ પણ એક યજ્ઞ છે. ગીતામાં કહ્યું છે

**यज्ञिशष्टाशनिः सततो मुच्यतते सवगककिबबषै।**

**भुञ्जते ते त्वघं पापा ये पचतत्यात्मकारणात्॥**

આ યજ્ઞ કર અને આવા યજ્ઞો થતા રહે ત્યારે એક સદભાવનાનું વાતારણ બની રહે. કોઇ વેરી દુશ્મન ન હોય. કોઇનું અપમાન ન થાય, પ્રત્યેક લોકોને જીવવાની વાત છે તે સાહેબ ગીતા શીખવાડશે. ગમે તેવી પ્રવૃત્તિ કરો, યજ્ઞ તો કરો. સેવા કરો પણ તેને ડિસ્ટર્બ કરવાવાળા લોકો હશે. ત્યારે તેને નિરાશ ન થવાનું ગીતા કહે છે. કારણ કે ગીતાએ કહ્યું છે કે, તું ગમે એટલું કામ કર, ગમે એટલું સારું કર ડિસ્ટર્બન્સ કરવાવાળા આવશે.

**दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च।**

**अज्ञानं चाभिजातस्य पार्थ सम्पदमासुरीम्॥**

માનનીય અધ્યક્ષશ્રી, દંભ, અભિમાન આ બધા અસુરી લોકોના લક્ષણો છે. તને ડિસ્ટર્બન્સ કરશે. હિંમત ન હાર. તેજસ્વી યૌવનને નીરખી મૃત્યુ પણ અંજાય એ જ યુવાની સાચી જેની જગમાં પૂજન થાય. નચિકેત યૌવનને નીરખી મૃત્યુ પણ અંજાય. આપણી કેવી તેજસ્વી વાતો છે. નચિકેતા પ્રલોભનથી કયારેય ડગે નહીં તે ગીતા શીખવાડે છે. ત્યારે વર્ષ ૧૮૯૩ની અંદર સ્વામિ વિવેકાનંદે શિકાગોની અંદર વર્લ્ડ રિલીઝન્સ કોન્ફરન્સમાં કહ્યું કે, If you give me hundred Nachiketa, i can change the World. મને સો નચિકેતા મળી જાય તો દુનિયા ચેઇન્જ કરી નાખીશ. આ નચિકેતા વૃત્તિનો મારો ભારતનો યુવાન આવા વિચારો લઇને ફરતો થાય. તે નચિકેતા પ્રલોભનથી કયારેય ડરશે નહીં. તે ભણીને લોયર બનશે, એક ડૉકટર બનશે, એક સારો એન્જિનિયર બનશે, સારો પોલિટિશિયન બનશે પણ મારા સમાજના અહિત માટે કયારેય કોઇ

નિર્ણય નહીં લઉં. આ પરાક્રમી વૃત્તી એટલે આ નચિકેતા વૃત્તિ આમાંથી નિર્માણ થશે. તું કર્મ કરીને નિમિત બન આ ભગવાન કહે છે. તું કર્મ કરવા જ બંધાયેલો છે તે પછી તું એવું ના કહીશ કે મેં કર્યું છે, હું કરું છું. હું મહાન છું. મારાથી જ આ થાય. આ અહમ્ ઓગાળવા માટે ભગવાને એક સરસ વાત કરી છે.

यत्करोष यदश्न सयज्जुहोषिददासि यत्।
यत्तपस्यस कौन्तेय तत्कुरुष्व मदपर्णम्॥

તું તારું તપ, ત્યાગ, તેજ, કર્મ બધું મારા ચરણે ધર તે હું સ્વીકારીશ અને તું નિર્ભય બન. આ ગીતા શીખવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અનેકવાર યુવાનો માટે વાત કરી છે. સ્વાવલંબનની વાત કરી છે. યુવાને વિદ્યા શીખી છે તે પેટીયું રળવા માટે નહીં પણ આજે આપણે બધાએ સ્વીકારવું પડશે અને આપણા દીકરા, દીકરીઓ છે તે ડિપ્રેશનમાં રહે તે એક બાપને નહીં ગમે. તે દીકરો કે દીકરી ડિપ્રેશનમાં રહેશે તે માને નહીં ગમે. માટે ઘણીવાર આપણે જોઇએ છીએ કે, ડૉકટર કે એન્જિનિયર આત્મહત્યા કરે છે. તેને રસ ન હોય. તે હતાશા અનુભવતો હોય ત્યારે તે યુવાન યોગક્ષેમની ચિંતા કરે છે. આ યોગક્ષેમ કેવો? ભગવાનને યુવાનને આપ્યું.

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥

તું જા સમાજ અને સંસ્કૃતિનું કામ કર. તારા યોગક્ષેમની જવાબદારી મારી છે તેવું ભગવાને ગીતામાં કહ્યું છે. આ વિચારો યુવાનમાં પડ્યા હશે ત્યારે તેની મસ્તિષ્કની અંદર ભાવનાઓ તેજસ્વી થશે. તેજસ્વીતાને લોકો પૂજે છે, ઊર્જાને પૂજે છે અને માટે એ વાત છે. ગીતા ઇચ્છા અને તૃપ્તિ વચ્ચેનો ભેદ બતાવે છે. એક સ્ટુડન્ટ જે એન્જિનિયર બને છે એમને ઇચ્છા થાય છે કે, મારે મર્સિડીઝ કાર લેવી છે, તૃપ્તિ કરવા માટે શું કરવું? આજે વચ્ચેનો ગેપ છે એ ગીતા શીખવાડે છે કે હું મહેનત કરીશ અને હું લઇશ અને એક અઘટિત મહેનત કરીને લેવાનો પ્રયાસ કરે છે. જીત અને મનની હાર આ કઇ વસ્તુ નથી? ગીતામાં કહ્યું છે કે, જીત-હાર એ બધું તો બાહ્ય આવરણ છે. જીત સાચી છે મન ઉપર કાબૂ મેળવવાની જીત, જીત ઇચ્છાઓ ઉપર કન્ટ્રોલ કરવાની છે, જીત એ છે કે હંમેશના માટે પ્રસન્ન રહે, પરાક્રમી વૃત્તિ, હમણાં તો એક ડાયલોગ આવ્યો છે "ઝૂકેગા નહીં" અમારો યુવાન આ ગીતા ભણશે ઝૂકશે નહીં, પરાક્રમ વૃત્તિવાળો બનશે, પ્રલોભનથી નહીં ઝૂકે. એ ઝૂકવાની વાત જ્યારે કરી છે ત્યારે શ્રેષ્ઠ નિર્ભયતા આમાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં આ સંકલ્પ લાવતા મને ખૂશી છે. નિષ્ઠાવાન યુવાન એ રાષ્ટ્રની ૨૦૪૭માં જ્યારે પૂર્ણ વિકસિત ભારતનો સંકલ્પ છે એમાંનું આ શ્રેષ્ઠ છે કે, અમારા રાષ્ટ્રનો પ્રત્યેક નાગરિક ૧૨૫ ભારતીયો એક દિશામાં એક પગલું માંડે તો દેશ ૧૨૫ કરોડ પગલાં આગળ વધશે. આ સમાન ભાવનાઓ, સ્થિતપ્રજ્ઞતા એ યુવાનને ગીતા શીખવાડે છે. સ્થિત પ્રજ્ઞતા કહેશે હું ડગીશ નહીં. હું મારા વિચારો, મારા ધ્યેયથી ડગીશ નહીં, હું મારી સંસ્કૃતિ સાથે રહીશ. ગીતા એ સંસારીઓ માટે છે, ગીતા સંન્યાસીઓ કે યોગી માટે નથી. ગીતા એ સંસારીઓ માટે છે કેમ કે, એને જરૂર પડે, એમને છાશવારે કોઇ મુશ્કેલી આવે, ધર્મ પત્ની સાથે ક્યારેક ઝગડો થાય ત્યારે કેમ સોલ્યુશન કરવું એ ગીતામાં લખ્યું છે. સંસારીઓને ગીતાની જરૂર છે, સન્યાસીઓને નહીં એમ પાંડુરંગ દાદાએ કહ્યું છે માટે તો સન્યાસીને યોગી કોને ગણવા? સન્યાસીને યોગી કોને ગણવા। अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः। स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः॥ કોને કહેવા? દાળ નથી ખાતો, ભાત નથી ખાતો, ઉપવાસ કરે છે એ બધું શ્રેષ્ઠ છે એથી યોગી કે સન્યાસી નથી થવાતું. અમે ભણાવીશું, યોગીને સન્યાસી શ્રેષ્ઠ કોણ છે? કર્મ ફળનો ત્યાગ કરનારા શ્રેષ્ઠ યોગી છે. એનું ઉદાહરણ છે, સરદાર સાહેબે કર્મ ફળ ત્યાગ્યું હતું. આજે મને કહેતા આનંદ થાય છે એના જીવંત દાખલાઓ છે કે, સરદાર સાહેબ જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે એમનો પાર્થિવ દેહ ૬ ફૂટનો હતો આજે ૧૮૨ મીટરનો છે. આ કર્મ બોલે છે, આ શ્રેષ્ઠ કર્મ છે, આ ગીતા દ્વારા અમે શીખવાડવા માગીએ છીએ. કર્મ શ્રેષ્ઠ છે, અનાશ્રિત કર્મ ફલમ. આ મસ્તિષ્કમાં એની વાત હોય ત્યારે એ યુવાન ક્યાંય પાછો ન પડે. પૂરું બ્રહ્માંડ ચલિત છે. એક પ્રકાશનું કિરણ એક પ્રકાશ વર્ષ ચાલે આવા ૨૯ વર્ષે એક પ્રકાશનું કિરણ એક સ્ટારમાંથી પૃથ્વી પર આવે છે. સૂર્યના કિરણને ત્યાંથી પૃથ્વી પર પહોંચતા ૮ મિનિટને ૨૫ સેકન્ડ થાય છે. આવું અનંત બ્રહ્માંડ છે એ બ્રહ્માંડના રહસ્યો ગીતામાં છે, એનું જ્ઞાન ગીતામાં છે. તેજસ્વીતાનું પૂજન થઇ રહ્યું છે, સુખ પ્રાપ્તિ માટે આપણે ઘણી બાબતોની વાત કરીએ છીએ. વારે ઘડીએ ખોટું લાગી જાય, વારે ઘડીએ અણગમો થઇ જાય, વારે ઘડીએ ક્યાંક મુશ્કેલી આવે ત્યારે ગીતામાં એનું સોલ્યુશન છે. "मानातोमान योत्सतर्यातूल्यो मित्रारेपक्षयो। सर्वरंभा परित्यागी गुणातित सउच्चते॥" તું માન અપમાન સમ રાખ, વેરિ અને દુશ્મન સાથેનો તારો વ્યવહાર સમ રાખ અને આ રીતે જયારે મગજની અંદર હશે ત્યારે માણસની માનસિક શાંતિ થઇ જાય. પરા અને અપરા વિદ્યા આ જ છે કે આ રીતે પ્રદૂષણ નિવારવા માટે તો આપણે બહુ વાત કરી પણ પ્રદૂષણ જયારે બહુ થતું રહ્યું છે ત્યારે મનના પ્રદૂષણ, વિચારોના પ્રદૂષણો અટકાવવા માટે ખરેખર તમે બાહ્ય પહેલું કરો તે નહીં પણ આંતરિક સંસ્કારો કેવા છે તો कर्मेन्द्रियाणि संयम्य यआस्ते मनसा स्मरन्। इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्चयते।। ભગવાને કહ્યું છે કે તું બાહ્ય બધુ કર મિથ્યાચાર્ય જો તારા મગજની અંદર કે

તારા વિચારોની અંદર ગંભીરતાની બાબતમાં હોય છે અને ત્યારે આ ઉજનની વાત છે, આ દેવત્વની વાત અમે વિદ્યાર્થીઓને શીખશે કેવા ગુરુદેવો પાસેથી **तद्विद्वि प्रणिपातेन परिप्रश्नेन सेवयाः। उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः।।**

અમારા એવા ગુરુજનો પાસે જે આત્મસાક્ષત કરેલા હોય અને અમારા ગુજરાતમાં, ભારતની અંદર હજારો હજારો પ્રાથમિક શાળાઓની અંદર પણ આવા ગુરુજનો, હાઇસ્કૂલની અંદર બધી જગ્યાએ છે અને જે **तद्विद्वि प्रणिपातेन परिप्रश्नेन सेवयाः।उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः।।**આ ગીતા શીખવે છે આ ગીતા વૈશ્વિક તરીકે, ધરોહર તરીકે આગળ વધી રહ્યા છીએ, ત્યારે અનાશકત વૃત્તિ, આશકત ગીતા આશકિતમાંથી મોહ છોડાવી અનાશકત વૃત્તિ તરફ લઇ જાય છે તે અમે વિદ્યાર્થીઓને શીખવાડવા માગીએ છીએ. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના એ માર્ગદર્શન નીચે જયારે આવી ગીતાની વાતો થતી હોય ત્યારે આ રાષ્ટ્રની અંદર કંઇ ખૂટતું નથી. કેટલી તેજસ્વીતિ વાતો છે અને તે સત્ય, બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે ગીતા કહે. કેટલો મોટો મહેલ બનાવો હજાર–બે હજાર વર્ષે પડી જાય. આજે જનરેશન ગેપની વાત કરનારા લોકોને મારે કહેવું છે, જનરેશન ગેપ નથી સત્ય એ સત્ય છે. પાંચ હજાર વર્ષ પહેલાંની આ ગીતા આજે પણ નવી લાગે છે અને પાંચ હજાર વર્ષ પછી પણ એ નવી લાગશે. કોઇ જનરેશન ગેપ નહીં માત્ર વૃત્તિઓ અને સમજણ શકિતના અભાવથી માણસ દુઃખી થતો હોય છે આ અમે ગીતામાં શીખવાડીશું. સાઉથની અંદર તિરૂવલ્લુઅર નાંબી અને ડો. રાધાકૃષ્ણ સર્વપલ્લી, કુમારી ભટ્ટ અને રામાનુજ આચાર્ય થયા અને મહારાષ્ટ્રમાં વીર સાવરકર એ નામ જ્યોતિ બા ફુલે, છત્રપતિ શિવાજી અને અગત્સ્ય ઋષિ થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપની સાથે અને આપે આપેલા સમયમાં થોડોક સમય મને વધુ મળે તો મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : સમય મારે આપવાનો નથી. તમે માનનીય મંત્રીશ્રીની ૯૦ મિનિટ નક્કી કરી છે તો બીજાનું ઓછું કરજો.

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગીતા એ ૧૮ અધ્યાયોની અંદરથી અમે આ ગીતાના પ્રાથમિક બેઇઝના શ્લોકો લઇ ધોરણ–૬, ૭ અને ૮ની અંદર પ્રાથમિક બેચનું ભાગ–૧ ગીતાની બુકસ બની ચૂકી છે જે અમને વિદ્વાનોએ બનાવી અને આપ્યું છે. ધોરણ–૯ અને ૧૦માં ભાગ–બીજો જે પહેલાં કર્મથી એ નાનાં બાળકોને શરૂ થાય એમ આગળ જતાં ભાગ–૯ અને ૧૦માં એક સ્ટેપથી બીજા સ્ટેપ પર એ શીખશે. ભાગ–ત્રીજો એ ધોરણ–૧૧ અને ૧૨ની અંદર. સાહેબ ત્યાં તો મારા ખ્યાલ પ્રમાણે મેળવણ બરાબર જામી ગયું હશે અને એ યુવાન કોલેજની અંદર આવશે ત્યારે મને વિશ્વાસ છે કે ગુજરાતની અંદર થયેલી આ એક વૈચારિક ક્રાંતિ પૂરા ભારત નહીં વિશ્વના સીમાડાઓ ઓળંગશે. મનના નિયંત્રણ માટે તૈયાર કરવાની પદ્ધતિ આ પણ મેનેજમેન્ટ છે. ગીતાનું ધ્યાનની પ્રક્રિયા, યોગની સંપૂર્ણ પ્રક્રિયા, સફળ–અસફળતા કોને કહી શકાય એ વિદ્યાર્થીઓને ગીતા સમજાશે.

માનનીય અધ્યક્ષશ્રી, અક્ષરબ્રહ્મ યોગ જ્ઞાનની અંદર અને વિજ્ઞાન સહિતના કેટલીય અદભૂત વાતો જે ગીતામાં કહી તે આજે મને એટલા બધા મહાપુરુષોએ જયારે તેનું આંકલન કર્યું છે ત્યારે મને આનંદ થાય છે. ગાંધીજી કહેતા હતા કે, ''જ્યારે હું થાકી જાઉં, જ્યારે ચારેય દિશાઓમાંથી મને શુભ વિચારો પ્રાપ્ત ન થતા હોય અને નેગેટિવ વિચારો આવતા હોય ત્યારે હું ગીતાનું પાનું વાંચું અને ધ્યાન કરું તો દરરોજ તેમાંથી નવો આનંદ પ્રાપ્ત થાય છે.'' રામકૃષ્ણ પરમહંસ કહેતા હતા કે, ''આ એક દિવ્ય અને ભગવાનની વાણી છે.'' આલ્બર્ટ આઇન્સ્ટાઇન કહેતા હતા કે, ''જ્યારે બ્રહ્માંડની રચનાઓ જાણવાનું મન થાય ત્યારે ગીતા મારી પ્રેરણા અને માર્ગદર્શકરૂપ સ્ત્રોત છે.'' ડેવિડ હેનરી થોરોનું ચિંતન છે, શ્રેષ્ઠ ચિંતન છે અને એણે ગીતાના વિચારો ઉપર ઘણું બધું ભાસ્ય લખ્યું છે અને આપણા ગાંધીજી ટૉલ્સટૉય અને થોરોના વિચારોને અનુસરતા હતા. એ થોરો કહે છે કે, સવારે હું મારી બુદ્ધિને ભગવત ગીતાથી સ્નાન કરાવું છું. આ નાની એવી વાત નથી. સાહિત્યમાં નોબલ પારિતોષિક મેળવનાર અરમન હેન્સ ભગવત ગીતાની અજાયબી અને જીવનના શાણપણનો સુંદર સાક્ષાત્કાર કર્યો છે. આ ગૃહમાં જ્યારે ગીતાની વાતો થાય છે ત્યારે કોણ આ સંસ્કૃતિનો વારસો સંભાળશે? આજે મને ગર્વ છે કે હું નિમિત્ત બન્યો છું. તમામ મિત્રો આ ચર્ચામાં ભાગ લઇ રહ્યા છે ત્યારે મને આશા છે કે જેમ યુનોમાં આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના એક તેજસ્વી પ્રયાસથી યોગ દાખલ થયા એવી જ રીતે એક સમયે સીમાડા ઓળંગીને દુનિયામાં ગીતાના વિચારો પહોંચશે. તમારી ધર્મ કે પૂજા પદ્ધતિ ગમે તે હોય પણ ગીતા શ્રેષ્ઠ છે. ગીતાનું અદભૂત જ્ઞાન છે. ગીતાને જીવંત રાખવાના આ ઐતિહાસિક પ્રસંગના તમામ લોકો સાક્ષી છે ત્યારે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને હું હ્રદયપૂર્વક વંદન કરું છું. આ એમણે આપ્યું છે અને એમના નિમિત્તથી હું આ સંકલ્પ દાખલ કરી રહ્યો છું. મને એ ખબર છે કે આનાં પરિણામો સત્ય હશે. સ્વામી વિવેકાંનંદે કહ્યું છે કે સત્ય આજે નહિ તો કાલે, કાલે નહિ તો યુગો પછી પણ સ્વીકારવું પડશે. જ્યારે દુનિયા હજી અફરા–તફરીના માહોલમાં આવશે ત્યારે ગીતાના જ વિચારો લોકોને ઉપયોગી થશે. મેં જે વાત કરી એ ગૃહના તમામ સભ્યોનાં બાળકો માટે છે, આવનારા ભવિષ્ય માટે છે. હું એમનો આભાર વ્યક્ત કરું છું. અસ્તુ, ભારત માતા કી જય, કૃષ્ણમ્ વંદે જગતગુરુ.

માઘ ૧૮, ૧૯૪૫ શાકે

સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

શ્રી ડી.કે.સ્વામી(જંબુસર) : માનનીય અધ્યક્ષશ્રી,

**श्री वासुदेव विमलामृत धाम वासं नारायणं नरक तारण नामध्येयम्।**

**श्यामं सितं द्विभुजमेव श्री रामदूद हनुमान हर संकट मैं॥**

આ દિવ્ય અને ભવ્ય ગીતા સારનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો સંકલ્પ માનનીય શિક્ષણમંત્રી આદરણીય ડીંડોર સાહેબ તેમજ આદરણીય શ્રી પ્રફુલભાઇ પાનશેરિયાના વિભાગ દ્વારા આ વિધાનગૃહમાં મૂકવામાં આવ્યો છે ત્યારે હું આજના દિવસે માનનીય મંત્રીશ્રીને અને શિક્ષણ વિભાગને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવું છું. શ્રીમદ્ ભગવદ્ ગીતા એટલે દુનિયાનું શ્રેષ્ઠ શાસ્ત્ર. ભગવાન કૃષ્ણના મુખ દ્વારા અને એમની પરાવાણી દ્વારા ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકથી સભર એવું દુનિયાનું શ્રેષ્ઠ અને પવિત્ર શાસ્ત્ર એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા. કુરુક્ષેત્રના મેદાનમાં મહારથી વીર્યવાન, શક્તિવાન, તેજસ્વીવાન એવા અર્જુનને જ્યારે વિષાદ થયો ત્યારે ભગવાન કૃષ્ણ જેવા ગુરુ અને કૃષ્ણ જેવા સારથી મળ્યા તેના લીધે આજે પૂરી દુનિયાને શ્રીમદ્ ભગવદ્ ગીતા નામનો ગ્રંથ મળ્યો. પાંચ હજાર વર્ષો જૂના ગ્રંથનું આજે પણ જેટલું રીસર્ચ કરીએ તેટલું ઓછું છે. આજે પણ શ્રીમદ્ ભગવદ્ ગીતાના જ્ઞાનમાં સહેજ પણ ફેરફાર થયો નથી. અવિરતપણે એ ગંગા ચાલી રહી છે. હું માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરિયા સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, આપે આવો પવિત્ર ગ્રંથ જેનાથી આવનારી પેઢીમાં ઊર્જા, શક્તિ અને શ્રી મોદી સાહેબનું જે વિકસિત ભારતનું સપનું છે તે વિકસિત ભારતને આ ગ્રંથ દ્વારા એક પ્રબળ પીઠબળ મળવાનું છે. આપણે ગીતાજીનું પઠન કરીએ ત્યારે ૧૮ અધ્યાયમાં જુદા જુદા પ્રકારના ધર્મ કોને કહેવો, અધર્મ કોને કહેવો, ધર્મ સાથે અને અધર્મ સાથે સમન્વય સાધીને અધર્મનો કેવી રીતે નાશ કરવો તે તમામ પ્રકારનું જ્ઞાન શ્રીમદ્ ભગવદ્ ગીતાજીમાં બતાવવામાં આવ્યું છે. આપણે નાના હતા ત્યારે મહાભારત જોતાં અને સાંભળતા હતા કે,

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥**
**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।**
**धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे॥**

ભગવાન શ્રી કૃષ્ણએ પોતે કહ્યું કે હે અર્જુન આ તું જે યુદ્ધ કરવાનો છે તેનું તું તો ફક્ત તીર છો. કણમાં હું છું, રજમાં હું છું, ક્ષણ ક્ષણમાં હું છું, આ દુનિયામાં જે પણ વસ્તુ છે તે તમામ હું છું માટે તું યુદ્ધ કર. તારે તો ફક્ત કર્મ કરવાનું છે, ફળ મારે આપવાનું છે. એવા ભગવાન પુરૂષોત્તમ નારાયણ અને ભગવાન કૃષ્ણનો ઉપદેશ આપણી નવી શિક્ષણ નીતિમાં માનનીય મંત્રીશ્રી લાવ્યા છે ત્યારે મને લાગે છે કે આજથી આપણી શિક્ષણ પદ્ધતિ અતિ પવિત્ર બની ગઇ અને આવનારી પેઢીને આ ભારતનું રક્ષણ કરવા માટે, રાષ્ટ્રની નીતિ સાથે જોડવા માટેના તમામ પ્રકારના જે આયોજન થયા છે તે સરાહનીય છે. માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરિયા દ્વારા સરસ મજાનું આ જે પુસ્તક શિક્ષણ પધ્ધતિમાં મૂકવામાં આવ્યું છે તેને નાનાં નાનાં બાળકો ભણવાના છે ત્યારે મને લાગે છે કે આપણી વર્ષો જૂની ગુરૂકુળની પરંપરા, ઋષિ પરંપરા........

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષ્ણં વંદે જગતગુરુમ્. રાજાધિરાજ દ્વારકાધીશના ચરણોમાં વંદન અને પ્રાર્થના સાથે....

**यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।**
**अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥**
**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।**
**धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे॥**

આ શ્લોકને ખરા અર્થમાં સાર્થક કરતાં આપણા આદરણીય યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આ ગૃહના વડા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરિયા સાહેબ ગીતાસારનો શિક્ષણમાં સમાવેશ કરવાનો જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ભારતીયતાનું મૂળ એટલે આપણી ભારતીય જ્ઞાન પરંપરા. આપણી જ્ઞાન પરંપરા આપણા ઇતિહાસના ગ્રંથોમાં સુવર્ણ અક્ષરે અંકિત છે. જેમાં રામાયણ અને મહાભારત એ બે આદિગ્રંથો પૈકીનું મહાભારત અને એમાં પણ અર્જુન અને શ્રીકૃષ્ણના સંવાદના ભીષ્મપર્વના અઢાર અધ્યાયોને આપણે ગીતા તરીકે ઓળખીએ છીએ. શ્રીમદ્ ભગવદ્ ગીતા સમગ્ર વિશ્વમાં એકમાત્ર ગ્રંથ છે કે જેની જન્મજયંતિ છેલ્લાં ૫૧૧૬ વર્ષથી સમગ્ર ભારતવર્ષમાં ઊજવવામાં આવે છે. માનવીના જીવનનું એકપણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ગીતાજ્ઞાનનો કોઇ ઉપયોગ ના થતો હોય. કહેવાતા સેક્યુલરીસ્ટો દ્વારા આ સંકલ્પ લાવવામાં આવતો હતો

ત્યારે એનો વિરોધ થતો હતો ત્યારે મને કહેતાં આનંદ અને ગર્વની લાગણી થાય છે કે સમગ્ર ભગવદ્ ગીતામાં હિંદુ શબ્દ એકપણ વખત આવતો નથી. આ હિંદુ ધર્મગ્રંથ હોવા છતાં પણ એ સાબિત કરે છે કે શ્રીમદ્ ભગવદ્ ગીતા એ એક વૈશ્વિક ધર્મગ્રંથ છે. આ ગ્રંથનો અનુવાદ અને ભાષાંતર વિશ્વની તમામ ભાષામાં થયેલો છે. ગીતાજીમાં સંપૂર્ણ વેદોનો સાર છે અને એટલે જ એને પાંચમા વેદ તરીકે પણ ઓળખવામાં આવે છે. વિશ્વના ઘણા બધા દેશોમાં, તેમના મહાકાવ્યોને અભ્યાસક્રમમાં સંમેલિત કરવામાં આવ્યા છે. આના પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, ભાવિ પેઢી દેશની સંસ્કૃતિ અને નૈતિકતાના મૂલ્યોથી પરિચિત થઇ શકે અને દેશના વિકાસમાં સહભાગી બની શકે એ રીતે તેમનું ઘડતર થાય. માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ, આપણા આચાર્યો અને સંતોએ ગીતાનો મહિમા જણાવ્યો છે. સંત જ્ઞાનેશ્વર, વિવેકાનંદજી, મહર્ષિ અરવિંદ, મહાત્મા ગાંધીજી, લોકમાન્ય તિલક, વિનોબા ભાવે જેવા મહાનુભાવો તથા આધુનિક યુગમાં પાંડુરંગ શાસ્ત્રીજીએ પણ ગીતાનું અધ્યયન એમના જીવનમાં વર્ણવ્યું છે. વિશ્વ ક્ષેત્રની વાત કરીએ તો, ડેવિડ થોરો, મૈકમિલન, વૉરેન હેસ્ટિંગસ જેવા પાશ્ચાર્ત્ય વિચારકોએ પણ ગીતાને સર્વશ્રેષ્ઠ ગ્રંથ તરીકે માન્યતા આપી છે. મેનેજમેન્ટના નિષ્ણાંત શ્રી બી. એન. દસ્તુર સાહેબે પોતાના પુસ્તક શ્રીમદ્ ભગવદ્ ગીતા અને આધુનિક મેનેજમેન્ટમાં ગીતાના તમામ અધ્યાયોને સાંકળીને પોતાની વાત મૂકી છે અને ચર્ચા કરી છે. આપના માધ્યમથી હું કહેવા ઇચ્છીશ કે, વર્ષ ૧૯૯૬માં યુનો દ્વારા એકવીસમી સદીનું શિક્ષણ કેવું હોવું જોઇએ? એ અંતર્ગત એક પરિકલ્પનાને સાકાર કરવા માટે ડેલર્સ કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશન દ્વારા વિશ્વને માર્ગદર્શિત કરવામાં આવ્યું કે, કોઇપણ દેશની શિક્ષણ વ્યવસ્થા તે દેશની સંસ્કૃતિ, તે દેશના પુસ્તકો, તે દેશની પ્રકૃતિ, તે દેશની ભાષા, પહેરવેશ અને પુરાણો આધારિત હોવી જોઇએ. જેથી કરીને, આવનારા સમયમાં દેશની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને આવનારી પેઢીને તૈયાર કરી શકાય. બાળકો અને વિદ્યાર્થીઓના જીવન ઉપર આ ગીતાસારની અસર શું હોઇ શકે? જેનો ખૂબ સુંદર શ્લોક, **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन। मा कर्मफलहेतुर्भुर्मा ते संगोऽस्त्वकर्मणि॥** અત્યારની યુવા પેઢી અને બાળકો ઘણી વખત નાની એવી નિષ્ફળતાથી જીવનને ટૂંકાવી દેવા આગળ વધી જતા હોય છે ત્યારે ગીતાના સારના અધ્યયનથી અર્જુનના વિષાદયોગની અનુભૂતિ તેઓ સારી રીતે કરી શકશે અને સમજી શકશે. આ ફક્ત વિદ્યાર્થીઓ માટે જ નહીં પણ ભાવિ પેઢી જ્યારે તૈયાર થશે, એમના વ્યક્તિગત જીવન અને ધંધા સંબંધિત વાત આવશે ત્યારે તમામ ક્ષેત્રોમાં આ ગીતાસારનો ઉપયોગ સફળ જીવનનિર્વાહ માટે એમને પ્રેરિત કરશે. આ ઉપરાંત આજના આ ટૅકનોલોજીના યુગમાં, હરિફાઇના યુગમાં ઘણી વખત બાળકો મોબાઇલના વ્યસનથી પીડિત થતા હોય છે. ડિપ્રેશનનો ભોગ બનતા હોય છે ત્યારે આપ સૌને કહેતાં મને આનંદ અને ગર્વની લાગણી થાય છે કેઆપણે એવી ઘણી બધી પરિસ્થિતિઓ વખતે આપણી સ્વૈચ્છિક વિવેકબુદ્ધિથી નિર્ણય લેવાનો વારો આવે જેમાં, આપણે આપણી તર્કશક્તિ, આપણી વિવેકબુદ્ધિ તેમજ આપણા સદવિચારોના આધારે જીવનની એક પરિકલ્પના છે એને સાકાર કરવાની હોય છે. જેમાં ગીતાસાર ખૂબ જ ઉપયોગ મહત્ત્વનું સાબિત થશે. આ ઉપરાંત, શિક્ષણ વ્યવસ્થાનો ખરો અર્થ શું છે? તે ગીતાસારથી જાણી શકાશે. સદગુણી જ્ઞાનનો વિકાસ કેવી રીતે કરી શકાય? તે ગીતાસારથી જાણી શકાશે. વ્યકિતત્વના ઉત્કર્ષનો વિકાસ, વ્યકિત વિશેષનું સમાજ પ્રત્યેનું કર્તવ્ય અને પ્રભાવ ગીતાસારથી સમજી શકાશે. વ્યકિતગત અને સામાજિક ઉત્થાન માટે કેવા પ્રયત્નો કરી શકાય? તે ગીતાસારથી સમજી શકાશે. આંતરિક ચેતનાનો પ્રભાવ કેવી રીતે સમાજ ઉપર કરી શકાય? તે ગીતાસારથી જાણી શકાશે. ટૂંકમાં કહીએ તો, જીવન અને આધ્યાત્મની કોઇ એવી સમસ્યા નથી કે જેનો ઉપાય ગીતાજીમાં ન હોય. ટૂંકમાં, ગીતા એ ફક્ત જ્ઞાન અને વિજ્ઞાન નહીં, સૃષ્ટિ વિજ્ઞાન અને મનોવિજ્ઞાન છે. આહાર –વિહારના સ્વાસ્થ્ય સાથે સંસ્કાર વિષયક લક્ષણો છે. કર્તવ્ય અને નીતિશાસ્ત્રનું જ્ઞાન છે. શિક્ષણશાસ્ત્ર અને વ્યવસ્થાપનનું શાસ્ત્ર છે. ખાસ વાત તો એ છે કે, જેમાં જીવન અને વિશ્વ પ્રત્યે જોવાની ભારતીય દૃષ્ટિ છે. ગીતાજી એ જ્ઞાનનો ગ્રંથ છે. નાનપણથી જો આ તમામ ગીતાસારનો અભ્યાસ પુસ્તકોમાં સંમેલિત કરવામાં આવે અને આજની પેઢીને માર્ગદર્શિત કરવામાં આવે તો આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની વર્ષ ૨૦૪૭ની વિકસિત ભારતની પરિકલ્પના છે એમાં અત્યારની પેઢી અને આવનારી પેઢી પણ પોતાનું અમૂલ્ય યોગદાન આપી શકશે. માટે માનનીય મંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે, એને હું મારું અનુમોદન આપીને વિરમું છું.

અધ્યક્ષશ્રી : આજે બધા સભ્યશ્રીઓ સરસ વાત કરે છે એટલે બધાને સમય ઓછો પડે છે. ૯૦ મિનિટની જગ્યાએ ૧૮૦ મિનિટ રાખી હોત તો ફાયદો થાત. મારે વચ્ચે–વચ્ચે બધા સભ્યશ્રીઓનું વકતવ્ય ઓછું કરવું પડે છે, એ ગમતું નથી. છતાં સમયની મર્યાદા છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય મંત્રીશ્રી આદરણીય શ્રી પ્રફુલભાઇ પાનશેરિયા જે સંકલ્પ લઇને આવ્યા છે, એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ અને પૂરું વિશ્વ જાણે છે કે, ગીતા એ મહાન ગ્રંથ છે. વિશ્વના કેટલાયે ચિંતકોએ લખ્યું છે કે, Everything is alored in Gita Nothing out of it. એટલે કે, દુનિયાની તમામ ચીજો ગીતામાં સમાયેલી છે. ગીતામાં એ પણ લખ્યું છે કે, You are everything but You are nothing. એટલે કે, તમે બધું જ છો પરંતુ તમે કંઇ નથી. અહીંયા ઘણા બધા શ્લોકોની વાત કરી મને લાગે છે કે, ભારતીય જનતા પાર્ટીએ ગીતામાંથી કંઇક શિખ્યું છે. **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।** એમ બહેને કહ્યું. મને લાગે છે કે, **यदा यदा ही निर्वाचनम्**

**संभवानी, तदा तदा हीं विरोधपक्षाये दृष्टिगोचरम् संभवामि॥** એટલે તમે ગીતાને બહું સારી રીતે પચાવી હોય એવું મને લાગી રહ્યું છે. સત્ય, પ્રેમ, કરુણા, ગાંધીજી અને સરદાર પટેલની બધી વાતો તમે બહું સારી રીતે કરી છે, પણ મને લાગે છે કે અત્યારે જે રીતે ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ હોય, ઉચ્ચ શિક્ષણ હોય કે માધ્યમિક શિક્ષણ હોય એનું સ્તર દિવસે-દિવસે કથળતું જઇ રહ્યું છે. ડ્રોપ આઉટ રેશિયો દિવસે-દિવસે વધી રહ્યો છે. આ બધું છુપાવવા માટે માત્ર ગીતાનો આશરો લઇને તમે *(xxx) આ સંકલ્પ લઇને આવ્યા હોય તો એના અમે વિરોધી છીએ. અમે પણ ગીતાને માનીએ છીએ. અમે પણ આશા રાખીએ કે ગીતાએ જે શિખવ્યું છે એ અમે તો શીખેલા જ છીએ. **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।** અમે કર્મ કર્યા એના ફળ પણ તમે ભોગવો છો.

અધ્યક્ષશ્રી : ડો.કિરીટભાઇ, એવું શું કામ કર્યું કે એ કર્મના ફળ એ ભોગવે છે? ઓર્ડર, ઓર્ડર.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : આવો સુંદર સંકલ્પ લઇને આવ્યા છે. તમામ સમાજના લોકોને કોઇપણ ધાર્મિક ગ્રંથ હોય એનું માન હોવું જોઇએ. પરંતુ મેં કહ્યું તેમ કે જે રીતે હમણાં જ રિપોર્ટ આવ્યો અને એ રિપોર્ટમાં ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં લખ્યું છે કે,

"Among 18 major states in India, in terms of population Gujarat ranks 15 in students and teachers ratio in primary education. "

એટલે કે જે મુખ્ય ૧૮ રાજય છે એ ૧૮ રાજયોમાં સ્ટુડન્ટ અને ટીચર્સનો જે રેશિયો હોવો જોઇએ એમાં ગુજરાત ૧૫માં નંબરે છે. એને પહેલા નંબર પર લાવીને પછી આવો સુંદર પ્રસ્તાવ લઇને આવ્યા હોત તો અમે ચોક્કસ એને સમર્થન કર્યું હોત. મહારાષ્ટ્ર હોય કે તમિલનાડુ એવા ઘણા બધા પછાત અને અવિકસિત રાજ્યો ગણીએ છીએ એમાં પણ આ રેશિયો ઘણો બધો વધારે છે. પ્રાઇમરી શિક્ષણમાં સંસ્કૃત ભણાવવું હોય તો ગીતાની અંદર તંદૂરસ્ત મન તંદૂરસ્ત શરીરની વાત કરી છે. રમે ગુજરાત, વાંચે ગુજરાત, ખેલે ગુજરાત, દોડે ગુજરાત આ બધી વાતો આપણે કરીએ છીએ. જયારે પ્રાથમિક શિક્ષણમાં ગઇકાલનો જ પ્રશ્ન હતો કે રાજયમાં ૧૮ સ્કૂલોમાં માત્ર ૩ સ્કૂલોમાં લાઇબ્રેરિયન ભરેલા છે. છેલ્લાં ૨૫ વર્ષથી માનનીય મંત્રીશ્રી અહીં બધા બેઠા છે. જો સાબિત કરી બતાવે કે છેલ્લાં ૨૫ વર્ષથી પ્રાઇમરી સ્કૂલોમાં, હાઇસ્કૂલોમાં કે કોલેજોમાં ડ્રોઇંગ ટીચર, સ્પોર્ટસ ટીચર. જે આપણે બધા ભણતા હતા અને આપણને રમાડતા હતા. આપણે બધા રમતા હતા. તમે જેમ આજે રમાડો છો એમ. પી.ટી. ટીચર, મ્યુઝિક ટીચર એ બધી સુવિધાઓ પૂરી પાડી ગુજરાતનાં બાળકોને ગીતાનું જ્ઞાન આપવાની વાત કરી હોત તો ચોક્કસ અમે એનું સમર્થન કર્યું હોત. આ બધું શીખવું છે. અમારે પણ ગીતા શીખવી છે જો તમે શીખવાડો તો. પણ, શીખવાડશે કોણ? વંચાવશે કોણ? રમાડશે કોણ? રાજયની અંદર જયારે પ્રાઇમરી સ્કૂલોમાં ૩૦ હજારથી વધુ શિક્ષકોની ઘટ હોય ત્યારે તમે ગમે તેવા સારા વિચારો લઇને આવ્યા હોય, પણ ભણાવવાવાળું જ કોઇ ના હોય, સ્કૂલોમાં ભણવા બેસવા માટે કલાસરૂમ ન હોય ત્યારે મેં કહ્યું તેમ આ બધી ગેરરીતિ છે. આ બધા ડ્રો બેક છે. તેને છૂપાવવા માટે આ સંકલ્પ લઇને આવ્યા છે, તેથી અમે તેનો વિરોધ કરીએ છીએ. ગીતા પ્રત્યે અમને પણ માન છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે સરકારની *(xxx) માટે આ સંકલ્પ લઇને આવ્યા છે. મારા ખ્યાલથી આ શબ્દો અયોગ્ય લાગે છે.

અધ્યક્ષશ્રી : અયોગ્ય શબ્દો હોય એટલા જરા દૂર કરીએ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, કાનુડો, ઠાકોર, કૃષ્ણ અનેક નામોથી જેને નવાજાય છે. એમની ગીતા, એમનો સાર અને એમની વાત. સૌ પ્રથમ તો હું માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર માનું છું કે મેં આપને વિનંતી કરી અને આપે મને બોલવાની તક આપી. માનનીય પ્રફુલભાઇ પાનશેરીયા રાજયમંત્રીશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું ખૂબ ખૂબ વધાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ પ્રકારે પઠનની ખૂબ બધી વાતો અહીંથી થઇ છે. સભ્યશ્રીએ પણ વાતો કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ૧૪મી ગુજરાત વિધાનસભામાં આ તક શિક્ષણમંત્રી તરીકે મને અમારા સાથી શ્રી કીર્તિસિંહ અને કેબિનેટ શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર હતા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આ નિર્ણય લેવાયો. સમયનો અભાવ છે. શ્રીમદ્ ભગવત ગીતા એ જીવન જીવવાનો સિદ્ધાંત છે. અહીંયા જયારે ખૂબ બધી વાતો થઇ છે ત્યારે હું સન્માનનીય સભાગૃહની સમક્ષ વાત મૂકું છું કે વિશ્વમાં અનેક જગ્યાએ આજે પણ ગીતા અનુસરાય છે, અભ્યાસક્રમમાં પણ છે, આજે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ આપણી સંસ્કૃતિ, સંસ્કારોનો વારસો લઇને ભારતને વિશ્વગુરુ બનાવવા નીકળી પડયા છે અને વિશ્વએ સ્વીકાર્યું છે એવા વખતે આ સંકલ્પ આવ્યો છે. આ સન્માનીય સભાગૃહ ચૌદમી વિધાનસભાનું આ ગૃહ અને પંદરમી વિધાનસભાનું ગૃહમાં જયારે સંકલ્પ મૂકાયો ત્યારે જે પ્રકારે એને વધાવ્યો, રુંવાડા બેઠા થઇ જાય એ પ્રકારનો ભાવ ગૃહમાં આપણને જોવા મળ્યો, માનનીય અધ્યક્ષશ્રી, આપનામાં પણ મેં એ ભાવ જોયો. આ સન્માનનીય સભાગૃહ કેટલું બધું ભાગ્યશાળી છે. હમણાં જ ભગવાન રામની પ્રતિષ્ઠા મર્યાદા પુરૂષોત્તમ રામનો સરકારી સંકલ્પ માનનીય મુખ્યમંત્રી લઇને આવ્યા. શ્રી નરેન્દ્રભાઇને અભિનંદન આપ્યા અને આજે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કૃષ્ણનો આ સંકલ્પ 'કૃષ્ણં

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વંદે જગદ્ ગુરૂ' એ લઇને આવ્યા છે ત્યારે આ સન્માનનીય સભાગૃહ એ શીરમોર સંકલ્પોનું સભાગૃહ, આપના અધ્યક્ષશ્રી તરીકેના નેજા નીચે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં બની ચૂકયું છે. આપણે કેવા આત્માઓ હોઇશું કે એવા વખતે આપણે બધા અહીંયા છીએ. આની પાછળ મુખ્યમંત્રીના નેતૃત્વમાં ખૂબ મહેનત થઇ છે. હું અત્યારે શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સ્વામી પરમાત્માનંદજી રાજકોટ, ચિન્મયા મીશન સ્વામી દેવશાનંદજી, રામકૃષ્ણ મઠના સ્વામી નિખિલાનંદજી, સ્વામીનારાયણના સંતો, દાદા ભગવાન સંસ્થાના સૌ, પૂજય રમેશભાઇ ઓઝા અનેક લોકોની સાથે બેસીને જે અત્યારે પણ સચિવ છે એ બધા જ લોકો અમે બેસીને અભ્યાસક્રમમાં કેવું કેવી રીતે કયાં લેવું છે એ નક્કી કર્યું. આ રાજયની સરકારે એમનેમ આ નિર્ણય કર્યો નથી. ગીતા માટે જીવન સમર્પિત કરીને આજે પણ ગામડાઓમાં, ગામમાં શેરીઓમાં એ ગીતા ભણાવવા માટે આજે પણ નીકળે છે. આજે સંતો ખુશ હશે, કથાકારો ખુશ હશે, આજે આ ગીતા માટે જીવન સમર્પિત કરીને નીકળેલા લોકો, વિદેશી લોકો પણ આજે આ પ્રકારે ગીતાનું જ્ઞાન એ પોતે લઇને સમગ્ર વિશ્વને આપવા નીકળ્યા છે. મારી વિનંતી છે સૌ સભાગૃહના લોકોને, આજે આ શ્રીમદ્ ભગવત ગીતા, એને ભણાવવાનો સંકલ્પ એ કોઇ રાજકીય બાબત નથી. આ સિદ્ધાંત છે. તો મારી વિનંતી છે કે આપણે સૌ પ્રજાના પ્રતિનિધિઓ ચૂંટાયા છીએ. આ તમામ ધર્મ સંપ્રદાયને લાગુ પડે છે એની કોઇ કમ્પેરીઝન ના થાય. આ ગ્રંથ, પેલો ગ્રંથ. મારી વિનંતી છે ગીતા એ ગીતા છે. ગીતા એ બધા માટે છે. તમામ વ્યકિત માટે છે. આપણા બધા જ પ્રશ્નનું સોલ્યુશન એ માત્ર અને માત્ર ગીતા છે ત્યારે એને સંપૂર્ણ સ્વીકારાય એના માટે સૌ સંકલ્પ કરીએ, આપણે સૌ સાથે મળી સંકલ્પ કરીએ, જનજાગૃતિનું કામ કરીએ અને જયાં પણ કોઇને અસુવિધા, દુવિધા હોય તો સૌ ગુજરાતના પ્રતિનિધિ તરીકે આપણે સૌ ત્યાં જઇએ. કૃષ્ણં વંદે જગદ્ ગુરૂ. જય ગીતા.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી): માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ નિયમ–૨૧ મુજબ પાઠયપુસ્તકોમાં ગીતાસાર જે દાખલ થઇ ચૂકયો છે એવું હું માનું છું, એવા સંકલ્પને જયારે લાવ્યા છે ત્યારે એમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણા બધા લોકોનો આ પવિત્ર ભૂમી ભારતમાં જન્મ થયો છે. આપણા જે બધા ગ્રંથો છે અને એમાં ભાગવત ગીતા, મને એવું નહીં લાગે કે આ ગૃહના સભ્યો કદાચ પૂરું સમજી નહીં શકયા હોય, કદાચ જાણી નહીં શકયા હોય છતાં ભાગવત ગીતા શું છે, બરાબર એની આમન્યા સાથે એ જાણે છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે બાળકોને પાઠ્ય પુસ્તકની અંદર ગીતાનો સાર અને એની વિચારધારા સાથે આવનારા દિવસોમાં ભણવાનું મળશે ત્યારે આ સમયે જે રીતે માનનીય જીતુભાઇએ કહ્યું એ પ્રમાણે આખા દેશમાં ભગાવાન રામચંદ્રજીનું રામમય વાતાવરણ બન્યું છે. ગલી ગલીમાં પણ છોકરાં ''જયશ્રી રામ''ના નારા સાથે એમનો અવાજ આપણને સાંભળવા મળે છે એવા સમયે જ્યારે ભાગવત ગીતા માટે પાઠ્ય પુસ્તકમાં દાખલ કરવા માટે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અને માનનીય જીતુભાઇએ કહ્યું એ પ્રમાણે અનેક તજજ્ઞો અને અનેક સંતો સાથે મળીને જ્યારે આવો વિચાર કરીને ખૂબ યોગ્ય સમયે આ ગીતાસાર ભણાવવાનો વિચાર કર્યો છે એ બદલ હું આપણી સરકારને ખૂબ અભિનંદન આપું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : રિસેસનો સમય થયો છે. રિસેસ બાદ આપનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ : બપોરના ૨–૩૧થી ૩–૦૦ )**

**સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આજે ભાગવત ગીતા માટે મારા પહેલાના વક્તાઓએ પણ ખૂબ સારી વાત કરી છે. એવા સમયે ભાગવત ગીતાનો સાર પાઠયપુસ્તકમાં દાખલ થઇ રહ્યો છે કે ગુજરાત કે દેશ ગમે તેટલી પ્રગતિ કરે એવા સમયે જે બાળક ભણે છે અને બાળક માટે તો એવું કહેવાયું છે કે કોઇપણ બાળક એના એરિયા પૂરતું નથી. એ જિલ્લા કે ગુજરાત પૂરતું નથી એ બ્રહ્માંડનું બાળક છે. બાળક એ ગ્લોબલ સિટીઝન છે અને એવા સમયે જો બાળકને યોગ્ય જ્ઞાન મળે તો એ બાળક કોઇએ કલ્પના પણ ન કરી હોય એ પ્રકારની જીવનમાં એક સારા સંસ્કાર સાથે પ્રગતિ કરી શકે. અમારા માનનીય મંત્રીશ્રી પ્રફુલ્લભાઇએ અનેક દષ્ટાંતો આપીને ગીતા શું છે અને ભાગવત ગીતા થકી આવનારા ભવિષ્યને કેટલો ફાયદો થશે એ એમણે વિગતવાર વાત કરી છે. આજે આપણે જાણીએ છીએ આપણા વડીલો પહેલા અભણ હતા પણ ભાગવત ગીતા, રામાયણ, મહાભારત કોઇ ભણેલી ગણેલી વ્યક્તિ સારી રીતે સમજાવી શકે, વાંચી શકે એમની પાસે અપેક્ષા રાખતા ૨, ૩, ૪ કલાક સુધી આપણા ગ્રંથો વંચાતા અને અભણ માણસ પણ આખો એનો સાર ઉતારતા અને સાર ઉતારીને ભલે ભણેલી વ્યક્તિ ન હોય પણ એના પરિવારને શીખવવાનો એ પ્રયત્ન કરતા હતા. અભિમન્યુ સુભદ્રા માતાની કુખે જન્મેલો એક બાળક હતો. અર્જુનનો દીકરો હતો પણ એવું કહેવાય છે કે સાત કોઠાનું જ્ઞાન એને માના ગર્ભમાં મળ્યું છે. શીખીને, જ્ઞાન પ્રાપ્ત કરીને એ પૃથ્વી ઉપર જન્મ લે છે. એવા સમયે જયારે મા આટલી સંસ્કારી હોય અને મા એને સંસ્કાર આપે અને જયારે બાળક આટલું તાકાતવાળું બનતું હોય તો એ ઉત્તમ છે. પ્રાથમિક શાળામાં દાખલ થશે અને હું તો આશા રાખું હજુપણ કે ૬ઠ્ઠા ધોરણથી નહીં પણ પહેલેથી ભાગવત ગીતા કેવી રીતે શીખવી શકાય કારણકે આ સમય છે. છઠ્ઠું ધોરણ તો હજુ દૂર છે, પણ હું તો એવું માનું છું કે પહેલા ધોરણથી જ એને ભાગવત ગીતાના શબ્દો સાથે કેવી રીતે વણી શકાય, કેવી રીતે સમજાવી શકાય એ પ્રકારના પ્રયત્નો આપણે કરવા જોઇએ. જીજાબાઇની વાત કરીએ. જીજાબાઇએ છત્રપતિ શિવાજીને શું શીખવાડયું હતું? માની શું તાકાત છે. એ જ રીતે આજના સમયે જો શિક્ષક આવનારા દિવસોમાં એ બાળક માટે પ્રયત્ન કરશે તો બાળક પાસે પૂરતી શકિત પડેલી છે. આજનું બાળક ઘણીવાર

ખૂબ ટેન્શન લે છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ એ ડિપ્રેશનમાં આવી જાય છે. ૧૦મા ધોરણની બોર્ડની પરીક્ષા આપે, ૧૨મા ધોરણની બોર્ડની પરીક્ષા આપે. ઘણીવાર બાળકે ઓછી મહેનત કરી હોય વધારે પડતા ડિપ્રેશનમાં રહ્યું હોય. આપણા માનનીય વડાપ્રધાનશ્રી તો એમ કહે છે કે તમે ચિંતા ન કરો એનું ચિંતન કરો અને ચિંતન કરીને આવનારા દિવસોમાં તમે પરીક્ષા આપો પણ તેમ છતાં જો આજે ભાગવત ગીતા જેવા એના આચાર, વિચાર એનામાં ઉતરશે ત્યારે આવું ડિપ્રેશનમાં બાળક ભણતું હશે તો એ પણ એમાંથી જ જ્ઞાન મેળવીને આવનારા દિવસોમાં હિંમતવાળું બાળક બની જશે કારણ કે કુરુક્ષેત્રની અંદર કૃષ્ણ ભગવાને અર્જુનજીના સારથી તરીકે નહીં પણ મનોવિજ્ઞાની તરીકે ફરજ નિભાવી હતી. શ્રી પ્રફુલભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ચાલતી રાજય સરકાર દ્વારા શાળાકીય શિક્ષણમાં ધોરણ-૬થી ૧૨માં અભ્યાસક્રમમાં ગીતાસારનો સમાવેશ કરવા માટે માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા જે સંકલ્પ લઇને આવ્યા છે તેને સમર્થન કરતાં હું મારા વિચારો પ્રગટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શબ્દ એક શોધો અને સંહિતા નીકળે, કૂવો એક ખોદો તો સરિતા નીકળે, જુદી તાસીર છે મારા ભારતની ભૂમિની મહાભારત વાવો અને કૃષ્ણ મુખેથી ગીતા નીકળે. આઝાદીનાં આટલાં વર્ષો પછી આ ગૃહ એક ચર્ચા કરે છે કે, ગીતા શિક્ષણનો ભાગ હોવી જોઇએ કે નહીં? કેવી કમનસીબી છે? આજે આપણને શું ભણાવવામાં આવ્યું તો મુગલો ભણાવવામાં આવ્યા, કયા રસ્તે આવ્યા, કેટલા વર્ષ રહ્યા, તેની વંશાવલી, કેટલા વર્ષ શાસન કર્યું, આપણને અંગ્રેજો ભણાવ્યા, ભારણ કોણે શોધ્યો, કઇ કંપનીની સ્થાપના કયારે થઇ, તેમની પણ વંશાવલી, કેટલા વર્ષ રાજ કર્યું, છેલ્લા વાઇસરોય કોણ હતા ત્યાં સુધી કડકડાટ આપણને ગોખવવામાં આવ્યું. તે વખતની સરકારોએ ભારતનો વૈવિધ્યસભર વારસો, ભારતની સંસ્કૃતિ, ભારતનું પરાક્રમ અને ભારતનું જ્ઞાન-વિજ્ઞાન ભણાવવામાં નિષ્ફળ રહી. આજે પણ તેમાં ઉણા ઉતર્યા છે. આ વાતનો ખરેખર ખેદ વ્યક્ત કરવો જોઇએ. હું આભાર માનું છું માનનીય નરેન્દ્રભાઇ મોદીનો કે તેમણે એન.ઇ.પી(નેશનલ એજ્યુકેશન પોલિસી)૨૦૨૦ દાખલ કરી. તેના મૂળભૂત સિદ્ધાંત પૈકી એક સિદ્ધાંત એવો છે કે, વિદ્યાર્થીઓની અંદર ભારતના સમૃદ્ધ, વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ, જ્ઞાન-વિજ્ઞાનની પરંપરા, તેની પ્રણાલીઓ પ્રત્યે ગર્વ અને જોડાણની લાગણી થાય તેવો પ્રયત્ન કરવો. માત્ર ગીતાને સમાવવાથી તે પ્રયત્ન નથી થવાનો. તેનાથી જોડાણની લાગણી માત્ર નહીં અનુભવાય. પરંતુ જીવન જીવવાનો સાચો માર્ગ પણ ગીતા દેખાડશે, જીવન જીવવાના સાચા મૂલ્યો પણ ગીતા દેખાડવાની છે. ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક ધરાવતી ભગવદ્ ગીતામાં તત્વજ્ઞાન, નૈતિક મૂલ્યો, માનવતા, પ્રમાણિકતા, કર્તવ્ય પરાયણતા, ઉત્તરદાયિત્વ, આત્મા અને મૃત્યુના સત્ય સુધીની વાત આ ગીતાની અંદર કરી છે. ૭૫ ભાષામાં તેનો અનુવાદ થયો છે. કદાચ સૌથી વધુ ભાષામાં કોઇ ગ્રંથનો અનુવાદ થયો હોય તો તે ગીતા છે. સૌથી વધારે ટિપ્પણીઓ કોઇ ગ્રંથ પર થઇ હોય તો તે ગીતા પર થઇ છે.

માનનીય મંત્રીશ્રી અને બીજા સભ્યશ્રીઓએ પણ ગીતા પર જે મહાનુભાવો તેમાં ગાંધીજી હોય, સ્વામી વિવેકાનંદ હોય, શંકરાચાર્ય હોય, માધવાચાર્ય હોય, વલ્લભાચાર્ય હોય, આઇનસ્ટાઇન હોય, ધર્માચાર્યોથી લઇને વૈજ્ઞાનિકોની વાત અને તેમણે ગીતાને શ્રેષ્ઠ પુસ્તક ગણાવ્યું તે બધાની વાત મૂકી છે. એક વિદેશી ફિલોસોફર William Hambelt એ કહ્યું છે કે, "the most beautiful perhaps the only true philosophical song existing in the known language perhaps the deepest and the loveliest thing the world has to show". જીવન જીવવાની ફિલોસોફીની સૌથી ઉંડાણપૂર્વક જો કોઇ ગ્રંથ રજૂઆત કરતું હોય તો તે ગીતા છે. કેટલાક અજ્ઞાની લોકો આ વિષયને પણ વિવાદમાં લઇ જવા માગે છે. લાંબે તો લાંબે જે લોકોએ રામનો અસ્વીકાર કર્યો હતો અને હવે જયશ્રી રામ બોલે છે અને જે દિવસે તેમના મનમાં રામ વસશે ત્યારે ગીતાનો સ્વીકાર તો કરશે તેવો મને વિશ્વાસ છે. ગીતા ખરા અર્થમાં કોઇ ધાર્મિક ગ્રંથ નથી. તે મેનેજમેન્ટની બુક છે, લીડરશીપની બુક છે, સાઇકોલોજીની બુક છે. વિશેષરૂપે સભ્યએ કહ્યું તે પ્રમાણે કર્મનો તેનો આધાર માનવામાં આવ્યો છે. એક ડિસિપ્લીન અને રેગ્યુલેટર લાઇફ જીવવાનું શિક્ષણ ગીતાની અંદર આપવામાં આવ્યું છે. ઇચ્છા, મોહ, સંદેહ, સ્વાર્થ, નિષ્ફળતા અને વિપરીત પરિસ્થિતિમાં કેવી રીતે જીવન જીવવું જોઇએ તે ગીતા શીખવે છે. સમાજમાં આજે હતાશા છે. આપઘાતના અને ક્રાઇમના કિસ્સા વધ્યા છે. નિરાશાનું પ્રમાણ વધ્યું છે. સહનશીલતા અને ધીરજ ઘટી છે. આવા સમયે ગીતા કોઇપણ વ્યક્તિના જન્મથી લઇને મૃત્યુ સુધી અને કોઇપણ અવસ્થા હોય પછી તે બાલ્યકાળ હોય, પ્રૌઢ હોય, પુખ્ત હોય આ તમામ અવસ્થાની મનઃસ્થિતિનો ઉકેલ અને સમાધાન આ ગીતાની અંદર રહ્યો છે. વિશ્વનો એવો કોઇપણ પ્રશ્ન નથી કે, જેનું વૈચારિક સમાધાન ગીતામાં નથી. આવી મોક્ષ અપાવતી ગીતાના સારને ગુજરાત સરકાર દ્વારા શિક્ષણમાં ઉતારવાનો જે નવતર પ્રયોગ કરાયો છે તેના માટે માનનીય મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને અભિનંદન આપું છું અને મારું ગીતાના સારને શિક્ષણમાં સમાવવા માટે ખુલ્લું સમર્થન કરું છું.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ -પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો સન્માનનીય ગૃહને જયશ્રી કૃષ્ણ. આજે ગીતા સાર ઉપર એને જે શાળાના અભ્યાસક્રમમાં સમાવવા માટે ગૃહના નેતા આદરણી મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા, શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર દ્વારા અને રાજય કક્ષાના મંત્રીશ્રી પ્રફૂલભાઇ પનશેરીયા દ્વારા આ સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પ અંતર્ગત હું મારા વિચારો રજૂ કરું છું.

તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇએ કહ્યું એ રીતે **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**। જ્યારે શ્રીકૃષ્ણએ કહ્યું કે કર્મ કરતા રહો ચિંતા ન કરો ત્યારે આજના સમયની આ જ સમસ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું એ પ્રમાણે દરેક નાનાં નાનાં બાળકો પરીક્ષાથી ચિંતિત રહે છે, દરેક નાનાં નાનાં બાળકો નાની નાની બાબતમાં હતાશ થઇ જાય છે, કર્મ કરવાનું મૂકી દે છે ત્યારે આવાં બાળકોમાં હતાશા ન આવે, આવાં બાળકોમાં નિરાશા ન આવે, આવાં બાળકો આત્મહત્યાનો હિસ્સો ન બને એ માટે થઇને આજે રાજય સરકાર દ્વારા આ ગીતા સારને અભ્યાસક્રમમાં સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી આ બાળકોમાં એમની આત્મશ્રદ્ધા, એમનો આત્મવિશ્વાસ વધશે. જ્યારે મહાભારત અને ભગવત ગીતાની વાત આવે ત્યારે ભારતનો ભવ્ય ઇતિહાસ આપણી નજર સમક્ષ આવી જાય છે. ગીતા એ સૌથી પ્રાચીન અને પ્રચલિત અને પવિત્ર ગ્રંથ છે. સેંકડો વર્ષ પછી પણ આજે એના જેવો એક પણ ગ્રંથ બન્યો નથી. તમામ ગ્રંથો અને ઉપનિષદોનો આ નિચોડ છે. જે રીતે મંત્રીશ્રીએ જણાવ્યું એ રીતે ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકોનો આ ગ્રંથ બનેલો છે અને એટલા માટે થઇને કહેવાય છે કે, **यज्ञताती प्राकट्ये स्थानं तद्यो गरेपी, गम्यते, गम्यते**॥ એટલે જે વ્યક્તિ સાંખ્ય યોગ અને કર્મ યોગને એક જુએ છે એજ વાસ્તવિકતા છે. ગીતા એ કોઇ પઠન કરવાનો કે પૂજાપાઠ કરવાનો ગ્રંથ નથી, ગીતા એ જીવનનો અભિગમ છે, જીવન જીવવાનો અભિગમ છે, જીવન જીવવાની આચારસંહિતા છે, જીવનની માર્ગદર્શિકા છે. તમારે શું કરવું? કેવી રીતે કરવું? કેમ કરવું? એનું તમામ માર્ગદર્શન આપણને જો કોઇ આપતું હોય તો એ માત્રને માત્ર ગીતા આપે છે. ગીતા એ ગાગરમાં સાગર છે અને જે વ્યક્તિ એમાં ડૂબકી લગાવે છે એ મોતી લઇને જ બહાર આવે છે. સમુદ્ર અને ગીતા બંને ઉંડા છે પરંતુ બંનેની ઉંડાઇમાં ફરક છે, ગીતાની ઉંડાઇથી માણસ તરી જાય છે અને સમુદ્રની ઉંડાઇથી માણસ ડૂબી જાય છે. રાજય સરકાર દ્વારા આ સંકલ્પ એટલા માટે જ લાવવામાં આવ્યો છે કે, નાનામાં નાનાં બાળકો જીવનના મૂલ્યો સમજે, નાનામાં નાનાં બાળકો જીવનની પદ્ધતિને સમજી શકે, જીવનના સિદ્ધાંતોને સમજી શકે અને એટલા માટે થઇને ગીતા સારને અભ્યાસક્રમમાં લાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. માનવીય જીવનનું એક પણ ક્ષેત્ર એવું નહીં હોય કે જેની કોઇ પણ સમસ્યાનું સમાધાન ગીતામાં ન હોય અને એટલા માટે થઇને જ કહેવાયું છે કે, **यद् यदाचरति श्रेष्ठस्तत् देवेतरो जनः**। શ્રેષ્ઠ માણસની ક્રિયાઓ સમગ્ર સમાજ અનુસરે છે અને આવા શ્રેષ્ઠ માણસ બનાવવા માટે થઇને આજનો બાળક એ આવતી કાલના ભારતનું ભવિષ્ય છે. આજનું બાળક વર્ષ ૨૦૪૭ના ભારતનું ભવિષ્ય છે ત્યારે આ બાળકને શ્રેષ્ઠ બનાવવા માટે ગીતા એ સર્વોપરી ગ્રંથ છે. ગીતાના માધ્યમથી આ બાળકો જ્ઞાન, બુદ્ધિ, જીવનના ઉદેશો, જીવનના સંકલ્પો જાણી શકશે, પોતાનામાં આત્મવિશ્વાસ કેળવી શકશે અને વધુને વધુ સમર્થ અને સક્ષમ બની શકશે અને આવનારા ભારતને શ્રેષ્ઠ ભારત બનાવવા માટે થઇને એ કટિબદ્ધ થશે. ગાંધીજી હંમેશા કહેતા કે, મારી માતા તો નથી રહી પરંતુ ગીતા માતા પાસે હું જ્યારે જાઉં છું ત્યારે મને તમામ સમસ્યાનું સમાધાન મળે છે. ત્યારે હું ફકત એટલું જ કહીશ કે **स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः**। પરમ તત્વનું સ્મરણ કરતા કરતા જે વ્યક્તિ પોતાનું કર્મ કરે છે તે સિદ્ધિને હંમેશા પ્રાપ્ત કરે છે અને આવી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે થઇને આપણા તમામ નવી પેઢીનાં બાળકો સક્ષમ બને તે માટે આ જે સંકલ્પ લાવવામાં આવ્યો છે તેને હું મારું સમર્થન આપુ છું.

ડો. પ્રદ્યુમન ગ. વાજા**(**કોડિનાર) : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૬થી ૧૨ સુધીના અભ્યાસક્રમમાં આપણા સનાતન શાસ્ત્ર ગીતા સારનો સમાવેશ કરવાનો નિર્ણય સરકારે લીધો છે અને એ નિર્ણયનો સંકલ્પ જે લાવ્યા છે એ સંકલ્પ પર ચર્ચા કરવા માટેની જે મને તક આપવામાં આવી છે એ બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી અને ગૃહનો હું આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઐતિહાસિક નિર્ણય છે એ એટલા માટે ઐતિહાસિક નિર્ણય છે કે હમણાં અયોધ્યામાં આપણે રામ ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા થઇ ત્યારે રામ રાજયની સ્થાપનાનો આ શંખનાદ છે તે આ નિર્ણય છે. માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં નતમસ્તકે ગીતાને વંદન કરી અને ગૃહના સર્વે સન્માનીય સભ્યોને મારા જયશ્રીકૃષ્ણ. હું મારી શરૂઆત એક ભકિત કાવ્યથી કરું છું, **" રામાયણ અને ગીતા એ મારી અંતર આંખો પ્રભુએ દીધી છે મને ઉડવાને પાંખો."** શ્રીમદ્ ભગવત ગીતા એ પૃથ્વી પરના સૌ જીવો માટે એક અનુપમ અને અમૃત સમો ગ્રંથ છે. કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણએ આપેલો એ બોધ છે. માત્ર એક ધર્મ પૂરતો નહીં પરંતુ સમગ્ર માનવ સમાજ માટેનો આ ગ્રંથ છે. જેમાં કુલ-૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે.

માનનીય અધ્યક્ષશ્રી, યુદ્ધના પ્રથમ દિવસે જ જયારે કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુન જાય છે ત્યારે સામે ગુરુદ્રોણ, ભીષ્મ પિતામહ અને પરિવારના લોકોને જોઇ અને અર્જુન હથિયાર હેઠા મૂકી દે છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને જે કહે છે તે જ્ઞાન એટલે અમૃત ગીતા. તે ગીતા આજે કર્મનો સિદ્ધાંત છે, તે કર્તવ્યની કલ્પના છે, એ આત્માનું અવલોકન છે, તે જીવન જીવવાની જડીબુટ્ટી છે. આ જે સંવાદ થાય છે તેમાં જે અર્જુન છે તે માનવજાતિનું પ્રતિનિધિત્વ કરે છે અને માનવ તરફથી ભગવાન કૃષ્ણને જીવનને લગતા અલગ અલગ પ્રશ્નો કરે છે. ગીતા મુજબ માનવ જીવન એક યુદ્ધ છે તેમાં દરેકે લડવું પડશે અને યુદ્ધમાં

પીછેહઠ કર્યા વગર આગળ વધવું તે જ ગીતાનો સંદેશ છે એટલે જ કહેવાનું છે કે **" પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ."**

માનનીય અધ્યક્ષશ્રી, " **क्लैब्यं मा स्म गमः पार्थ**." અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણ કહે છે હે પાર્થ તું કાયરતા ના પામીશ સર્વપ્રથમ પાર્થ સારથીએ હિંમતનું ઓસળ પાયું હતું પરંતુ સમજણ વિનાની હિંમત એ કયારેય જંગ જીતી શકાય નહીં અને સમજણથી પરિપકવ થયેલી બુદ્ધિથી જ હિંમતમાં પોતાનો પ્રભાવ પાથરવાનું સાચું કૌવત પ્રગટે છે. પ્રવર્તમાન સમયમાં જયારે પાઠય પુસ્તકમાં આપણે ગીતા સાર સમાવેશ કરવા જઇ રહ્યાં છે ત્યારે વિદ્યાર્થીઓ નાસીપાસ ન થઇ જાય અને મોટી ઉંમરના લોકો પણ કયારેક નાસીપાસ થાય છે ત્યારે શ્રીમદ્ ભગવત ગીતા તેમના પથદર્શક બને છે. શ્રીકૃષ્ણ આગળ કહે છે કે, **तस्मा अपरिहार्यते नत्वम् शोचितूं महर्षि**। અપરિહાર્યે એટલે જે પરિસ્થિતિ આપણા કાબૂમાં નથી સુનામી, વાવાઝોડું આવે, જવાળામુખી ફાટે ત્યારે આ અપરિહાર્યેની જે બાબતો છે તેને સ્વીકારીને આપણે ચાલવુ જોઇએ તેનાથી આપણે દુઃખી ના થવાય તેને સહજ જો સ્વીકારી શકીએ તેટલો જ લાભ આપણને થાય છે અને પછી જે લોકો દુઃખી થાય તેનો કોઇ ઉપાય નથી. અને શ્રીમદ્ ભગવત ગીતા આ વિશે સારી સમજૂતી આપે છે અને પરિસ્થિતિ સામે કેવી રીતે ટકવું તે સમજાવે છે. આપણા સાથી મિત્ર ગીતાનું જ્ઞાન લેવા માટેની વાત કરતા હતા પરંતુ માટે દુઃખ થાય છે કે, જયારે ગીતાનું જ્ઞાન અહીં પીરસાય છે ત્યારે સાથી મિત્રો કે જેને જ્ઞાન લેવુ છે તે આજે હાજર નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગીતાનો પાઠ ધો.૬થી ૧૨ સુધીના અભ્યાસક્રમમાં દાખલ કરવાની વાત કરવામાં આવી છે એના માટે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને સાથો-સાથ સૂચન પણ આપું છું. ગીતાને અભ્યાસક્રમમાં દાખલ કરવાના કારણે ગીતાના પાઠ ભણાવી શકે તેવા તજજ્ઞ શિક્ષકો જોઇશે. એના માટે સંસ્કૃત સારી રીતે ભણાવી શકે તેવા શિક્ષકોની ભરતી કરવામાં આવે. બીજું કે ગુજરાતની ઘણી બધી શાળાઓમાં ઓરડાઓ નથી, મેદાનો નથી, પૂરતું ઇન્ફ્રાસ્ટ્રક્ચર નથી તો સૌથી પહેલાં આ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું કરવામાં આવે. જે શિક્ષકો આ ગીતા ભણાવશે એને આપણે કરાર આધારિત નોકરી આપીએ છીએ એટલે કે આપણે એને જ્ઞાન સહાયક તરીકે નિમણૂક આપી છે. એ જ્ઞાન સહાયક જ્યારે ગીતા ભણાવતા હશે ત્યારે એને એના પરિવારની ચિંતા હશે, એના ભરણ-પોષણની ચિંતા હશે. તો એ કેવી રીતે આપણાં બાળકોને ગીતાનું શિક્ષણ આપી શકશે. સૌથી પહેલાં તો આપણે આ જ્ઞાન સહાયકોને કાયમી ધોરણે નિમણૂક આપી દેવી જોઇએ. તો જ એ સારી રીતે આપણાં બાળકોને ગીતાનો પાઠ ભણાવી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી કહેવા માગું છું કે ગીતા આપણા અભ્યાસક્રમમાં લીધી એ ખૂબ સારી વાત છે પણ ધો.૧૧ અને ૧૨ના અભ્યાસક્રમમાં રામાયણના અંશો લેવામાં આવે એવું મારું સૂચન છે. હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આપણા ગુરુઓને ગીતાના પાઠ ભણાવતી વખતે એના પરિવારની ચિંતા ન થવી જોઇએ. એને નોકરીમાંથી છૂટા થવાની ચિંતા ન થવી જોઇએ. દરેક સ્કૂલમાં ગીતા ભણાવવા માટે અલગથી ક્લાસરૂમ બનાવવામાં આવે અને એ જ ક્લાસરૂમમાં ગીતાના પાઠ ભણાવવામાં આવે. એ જે ક્લાસરૂમ બનાવવામાં આવે એમાં શ્રી રામ ભગવાન અને કૃષ્ણ ભગવાનના ચલચિત્રો બનાવવામાં આવે એવું મારું સૂચન છે.

સભાપતિશ્રી : મને પણ આ પવિત્ર સંકલ્પમાં અધ્યક્ષસ્થાન શોભાવવાની તક મળી છે એના માટે હું પોતાની જાતને સૌભાગ્યશાળી માનું છું.

શ્રી પ્રફુલભાઇ પાનશેરિયા(શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષ મહોદય, આ ગૃહમાં ગીતા સંકલ્પની ચર્ચામાં જે માનનીય ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે એવા શ્રી ડી.કે.સ્વામી, બહેનશ્રી રીવાબા જાડેજા, પૂર્વ કેબિનેટ મંત્રી અને જેમણે ગીતા અભ્યાસક્રમમાં અગાઉ પણ સારી મહેનત કરી છે એવા શ્રી જીતુભાઇ વાઘાણી, આદરણીય નરેશભાઇ પટેલ, આદરણીય કેયુરભાઇ, બહેનશ્રી દર્શિતાબેન શાહ, ડૉ. પ્રદ્યુમન વાજાજી, શ્રી મકવાણાભાઇ અને શ્રી કિરીટભાઇ આપ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ જીવન જીવવાની પદ્ધતિ છે. દરેક વાલીનું સ્વપ્ન છે કે મારો દીકરો ૫ ટકા ઓછા લાવશે તો ચાલશે પણ સંસ્કારી બને અને સારી રીતે ઘરમાં રહે એનું આ ચિંતન અને મનન છે. ગીતા તંદૂરસ્તી સાથે જ્ઞાન આપશે. જો પહેલીવાર ડિપ્રેશનમાં કોઇ આવ્યું હોય તો એ યુદ્ધના મેદાનમાં અર્જુન આવ્યા હશે. કદાચ ડિપ્રેશન શબ્દ જ ત્યાંથી મળ્યો હશે માટે અર્જુન વિષાદયોગ લખ્યો છે. એને ચિંતા નથી, વ્યથા છે. ગીતા એ જ્ઞાન છે. નદીમાં ડૂબી રહેલા માણસને આપણે એમ ન કહી શકીએ કે ''તું કૂદકો મારીને ઉપર આવી જા.'' એ ન આવી શકે પણ જો એને તરતા આવડતું હશે તો એ તરી જશે. આ અભ્યાસક્રમ ગુજરાતી ભણનારા કોઇ પણ વિદ્યાર્થી કે શિક્ષક વાંચી શકશે અને શીખી શકશે. એના માટે સંસ્કૃત શીખવાની જરૂરિયાત નથી. આજે જે વાત થઇ છે તે બધી જ આવનારા ભવિષ્ય માટે, ભારતના નવા નિર્માણ માટેની શરૂઆત ગુજરાત વિધાનસભામાંથી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ થઇ છે તેનો મને ગર્વ છે. સત્વ, તમસ અને રજ આ વિચારધારાની સમજ પહેલા ભાગમાં આપી છે. શું ખાવું તે પ્રકારનું જ્ઞાન નાનપણથી પ્રાપ્ત થશે, જીવન જીવવાની પદ્ધતિ ગીતા શીખવી રહી છે. મને હજુ મંત્રી તરીકે એક જ વર્ષ થયું છે ત્યારે વિદ્યમાન ધારાસભ્યશ્રીઓ અને બધા જ મંત્રીશ્રીઓ મારાથી જ્ઞાની છે ત્યારે તમામ શ્રેય આ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર અને કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઇને આપું છું પણ ક્યાંય ક્ષતિ હશે તો એ મારી પોતાની હશે તે બદલ ક્ષમા માગું છું અને આવનારા સમયમાં ગીતા એ સર્વવ્યાપી હશે અને આપણે એ આશા રાખીએ કે યુનોમાં જેમ યોગ દિવસની ઉજવણી થાય છે તે રીતે ગીતા દિવસની પણ ઉજવણી થશે તેવો

મને ચોક્કસ વિશ્વાસ છે. આ વિચારોની તાકાત છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૪૭ના ભારતનો જે રોડ મેપ બનાવ્યો છે તેમાં સંસ્કારિતા અને સમરસતા સાથે હું એક વાત કહીશ.

''**ॐ सह नाववतु। सह नौ भुनक्तु। सह वीर्यं करवावहै।**

**तेजस्वि नावधीतमस्तु। मा विद्विषावहै।**

**ॐ शान्तिः शान्तिः शान्तिः ॥**''

હું આજે માનનીય અધ્યક્ષશ્રી માટે ગીતાજીનું પુસ્તક હંમેશા માટે ત્યાં આપવા માગું છું અને આદરણીય મુખ્યમંત્રીશ્રીની ઓફિસમાં પણ મૂકવા માગું છું. આ પવિત્ર વિચારધારા હું માથા પર ચઢાવીને અધ્યક્ષશ્રીને પહોંચાડું છું.

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ઓફિસમાં આવીને આપજો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ધોરણ ૬થી ૧૨માં ગીતાસારના પુસ્તકને દાખલ કરવાનો સંકલ્પ લઇને આવ્યા છે અને તે બાબતનો સરકારને અનુરોધ કરતો ઠરાવ છે. શિક્ષણમાં પુસ્તક દાખલ કરવામાં આવ્યું છે, નિર્ણય પણ થઇ ગયો છે, પ્રિન્ટ પણ થઇ ગઇ છે અને તેની જાહેરાત પણ કરી છે, અહીં વિસ્તૃત ચર્ચા પણ કરી છે અને તેમાં આ પુસ્તક દાખલ કરવા બાબતે કોઇ વાંધો-વિરોધ હોઇ જ ન શકે અને અમારો પણ નથી. અમારો વિરોધ નિયમ-૧૨૦નો ઉપયોગ કરી માનનીય મંત્રીશ્રી સરકારને અનુરોધ કરવાના બહાને જે રાજકીય પ્રસિદ્ધિ માટેનો પ્રયાસ કરે છે તેનો છે. એટલા માટે અમે આમાં સંમત થઇ શકતા નથી.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જેના વિશે નિર્ણય આપી દેવામાં આવ્યો હોય છતાં તે વિષય ઉપર ફરીથી ચર્ચા થાય તે વ્યાજબી નથી. માનનીય અધ્યક્ષશ્રીએ સ્પષ્ટપણે નિયમ-૧૨૦ બાબતની ચોખવટ કરેલ છે તે આપના ધ્યાન ઉપર લાવું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક કામો અમર થઇ જવા માટે હોય છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગત વિધાનસભામાં મને જવાબદારી મળી હતી ત્યારે આ ઠરાવ થયો હતો. હું આ સભાગૃહને વિનંતી કરું છું કે આપણી પાસે સમય છે તો આપણે અમર થઇ જઇએ, ગીતા તો હંમેશા અમર જ છે. કેટલાક કામો જીવનમાં એવા હોય છે કે ક્યારેક જ મળતા હોય છે. આજે આપણે ભાગ્યશાળી છીએ કે આપણને આ કામ કરવાનો મોકો મળ્યો છે. સૌ સાથે મળીને અમર થઇએ, આ ક્ષણનો આનંદ લઇએ કે જેથી આવનારી આપણી પેઢી પણ યાદ કરે.

અધ્યક્ષશ્રી : હું સમજ્યો છું ત્યાં સુધી તમે એવું કહો છો કે આમાં અમારે વિરોધ કરવો છે. તો વિરોધ કરવો હોય તો તમે મતદાનમાં કરજો. એના માટે પોઇન્ટ ઓફ ઓર્ડર ના ઉઠાવાય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો નથી. અમારું સ્ટેન્ડ એટલા માટે કે પુસ્તક.....

અધ્યક્ષશ્રી : તમારે જે સ્ટેન્ડ રાખવું હોય એ રાખજો. તમને વાંધો શું છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ પુસ્તક અભ્યાસક્રમમાં દાખલ કરવાનો નિર્ણય થઇ ગયો છે, પુસ્તક પ્રિન્ટ પણ થઇ ગયું છે અને એને જાહેર પણ કરી દેવામાં આવ્યું છે. સરકારે પણ કીધું છે કે, અમે નિર્ણય લઇ લીધો છે. આ નિયમનો ઉપયોગ કરીને અહીંયા ચર્ચા થઇ. હું માનું છું કે સરકારનો એક વિભાગ સરકારને જ અનુરોધ કરે એ યોગ્ય નથી. રાજકીય રીતે પ્રસિદ્ધિ કરવા માટે આ ફ્લોરનો ઉપયોગ થાય એની સામે અમારો વિરોધ છે.

અધ્યક્ષશ્રી : તમે વિરોધ ન કરો એવું માનનીય મંત્રીશ્રી કહે છે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે સર્વાનુમતે કરો એટલે અમે વિરોધ કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : અચ્છા, એટલા માટે તમે કહ્યું કે અમારે સર્વાનુમતે નથી કરવું. આ વિષયની ચર્ચા કરવાની જ ક્યાં આવે છે? સૌપ્રથમ હું રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપીશ કે એમણે નવી પેઢીને પ્રેરણા આપવાનું કાર્ય કર્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને અને શિક્ષણ વિભાગને અભિનંદન આપીશ કે આ ખૂબ જ ઊર્જાવાન સંકલ્પ છે. માનનીય મંત્રીશ્રીએ પણ ખૂબ સારી પદ્ધતિથી સંકલ્પ મૂક્યો અને તમામ સભ્યશ્રીઓએ ભાગ લીધો એ માટે તમામને મારા ખૂબ ખૂબ અભિનંદન.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સંકલ્પનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવે છે.**

## પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

### પૂરક માગણી ક્રમાંકઃ ૭૯

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષ માટેની ખર્ચના પૂરક પત્રક માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

માઘ ૧૮, ૧૯૪૫ શાકે

પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)

**મહેસૂલ વિભાગ**

**શ્રીકનુભાઇ મો. દેસાઇ**(નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૨,૪૭,૬૨,૬૨,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૭૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક– ૭૯ રજૂ કરવામાં આવી .**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૨**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૯,૫૩,૬૯,૬૫,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૩૮,૩૪,૫૧,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૧૦૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક– ૧૦૨ રજૂ કરવામાં આવી .**

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંકઃ ૫**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૩૪,૪૭,૮૧,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ.૪,૦૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક– ૫ રજૂ કરવામાં આવી .**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંકઃ ૩૯**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૧૬,૦૫,૦૦,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ. ૪,૧૪,૪૨,૩૨,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક– ૩૯ રજૂ કરવામાં આવી .**

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

**પૂરક માગણી ક્રમાંકઃ ૪૯**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગો સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૯,૧૬,૫૬,૧૦,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)

**પૂરક માગણી ક્રમાંક– ૪૯ રજૂ કરવામાં આવી .**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **મહેસુલ વિભાગ**<br>**માંગણી નં. ૭૯** | | |
| ૧ | ૨૨૪૫- કુદરતી...રાહત<br>૦૨–પૂર...વગેરે<br>૮૦૦– અન્ય ખર્ચ<br>રૂ. ૬,૭૬,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૧૩૬ અને ૧૩૭ | ૧૦૦ | કુદરતી આફતોના અસરગ્રસ્તોને સત્વરે સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૨ | ---"--- | ૧૦૦ | કુદરતી આફતોમાં રહેણાક મકાનોને થયેલ નુકસાન સામે પૂરતી રકમ સહાય પેટે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૩ | ---"--- | ૧૦૦ | કુદરતી આફતોથી જાહેર મિલકતોને થયેલ નુકસાનને સત્વરે મરામત અને પુન:સ્થાપન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૨** | | |
| ૪ | ૨૨૧૫– પાણી...સ્વચ્છતા<br>૦૨– ગટર...સ્વચ્છતા<br>૧૦૫– સફાઇ સેવા<br>૦૮–સ્વચ્છ ભારત..અનુદાન<br>રૂ. ૫,૦૭,૫૦,૦૦૦<br>પાના નં. ૨૧૧ અને ૨૧૨ | ૧૦૦ | મહાનગરપાલીકાઓએ પાણી વેરા પેટે વસૂલેલ વેરાની રકમ સરકારમાં સમયસર જમા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૫ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩– નાના...વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૯,૨૬,૭૯,૦૦૦<br>પાના નં. ૨૧૪ | ૧૦૦ | મહાનગરપાલીકાઓ દ્વારા ખરાબ રસ્તા, વરસાદી પાણીના નિકાલ, રસ્તાઓ ઉપર પડતા ભુવાઓ તથા રખડતાં ઢોરના ત્રાસ અંગેની ફરિયાદો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૬ | ૨૨૧૭– શહેરી વિકાસ<br>૦૩– નાના...વિકાસ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૯,૨૬,૭૯,૦૦૦<br>પાના નં. ૨૧૪ | ૧૦૦ | મહાનગરપાલીકાઓ દ્વારા ટાઉનપ્લાનિંગની યોજનાઓને સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૭ | ---"--- | ૧૦૦ | મહાનગરપાલીકાઓને વિકાસ કામો પાછળ ફાળવવામાં આવેલ સહાય ખરેખર તે જ કામો પાછળ ખર્ચાય છે કે કેમ તેની ઉચ્ચ કક્ષાએથી નિયમિત તપાસ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૮ | ૩૪૩૫–પરિસ્થિતિ...પર્યાવરણ<br>૦૪–પ્રદુષણનું...નિવારણ<br>૧૦૧–રાષ્ટ્રીય...નિવારણ<br>૦૩–નેશનલ...પ્લાન<br>રૂ. ૬૨,૦૮,૬૨,૦૦૦<br>પાના નં. ૨૧૬ | ૧૦૦ | સાબરમતી નદીમાં છોડાતા દૂષિત પાણીને રોકવા માતબર રકમનો ખર્ચ કરવા છતાં પ્રદૂષણ થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માંગણી નં. ૫** | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ૨૪૨૫–સહકાર<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૧૦–રજિસ્ટ્રાર...કોમ્પ્યુટરાઇઝેશન<br>રૂ. ૧૨,૦૦,૦૦૦<br>પાના નં. ૬ | ૧૦૦ | રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ હેઠળની કચેરીઓમાં કોમ્પુટરાઇઝેશન પધ્ધતિ છતાં બિનઅધિકૃત અને અવસાન પામેલ સભાસદોના નામ રદ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૦ | ૨૪૨૫–સહકાર<br>૧૦૭–ધિરાણ...સહાય<br>૧૮–COP–34 વ્યાજ...સહાય<br>રૂ. ૧,૧૩,૯૧,૯૮,૦૦૦<br>પાના નં. ૬ | ૧૦૦ | ખેડૂતોને વ્યાજ સહાયની રકમ સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૧૧ | ૨૪૩૫–અન્ય...કાર્યક્રમો<br>૦૧–ખરીદ...નિયંત્રણ<br>૧૦૧–ખરીદ...સવલતો<br>૦૯–બજાર...પાડવા<br>રૂ. ૨૦,૨૫,૮૩,૦૦૦<br>પાના નં. ૬ | ૧૦૦ | પાકના રક્ષણ માટે બજાર સમિતિઓમાં અપૂરતી સુવિધાઓને કારણે પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | | |
| ૧૨ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૧–આરોગ્ય...એલોપેથી<br>૦૦૧–નિર્દેષ અને વહીવટ<br>૦૨–તબીબી...કચેરી<br>રૂ. ૧,૦૮,૨૪,૭૩,૦૦૦<br>પાના નં. ૬૭ | ૧૦૦ | સરકારી મેડીકલ કોલેજોની બેઠકો વધારવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ તુષાર ચૌધરી |
| ૧૩ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૩–ગ્રામીણ...એલોપેથી<br>૧૦૩–પ્રાથમિક...કેન્દ્રો<br>૦૧–HLT34 પ્રાથમિક...કેન્દ્રો<br>રૂ. ૭૨,૫૯,૯૭,૦૦૦<br>પાના નં. ૬૭ અને ૬૮ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડીકલ અને પેરામેડીકલના મંજૂર મહેકમ સામે વ્યાપક પ્રમાણમાં રહેલી ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૪૯** | | |
| *૧૪ | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦–સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૨૪–IND–5 ઔદ્યોગિક...પ્રયત્નો<br>રૂ.૬૬,૫૬,૧૦ ,૦૦૦<br>પાના નં. ૮૬ અને ૮૭ | ૧૦૦ | વાયબ્રન્ટ સમીટ અંતર્ગત થતા વિવિધ ખર્ચાઓની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૧૫ | ૨૮૫૨–ઉદ્યોગો<br>૮૦–સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૩૬–મોટા...સહાય<br>રૂ.૭,૫૦,૦૦,૦૦,૦૦૦<br>પાના નં. ૮૭ | ૧૦૦ | રાજ્યમાં મોટા ઉદ્યોગોની સરખામણીમાં નાના ઉદ્યોગોને જરૂરી સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણી પર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચિ ઇ–બુકમાં ઇ–કોપી સ્વરૂપે માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પૂરતો મર્યાદિત રાખવો જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે

આ મુદ્દાઓ ઉપર ખાસ ધ્યાનમાં રાખશે તેવી હું આશા રાખું છું. હવે પૂરક માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ વિધાનસભા ગૃહમાં જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે રાજયના નાણામંત્રીશ્રી દર વખતે પૂરક માગણીઓ લઇને વિધાનસભા ગૃહ સમક્ષ આવે છે. રાજયના નાણાંમંત્રીશ્રી દ્વારા જયારે બજેટ રજૂ કરવાનું હોય છે, ત્યારે બજેટ રજૂ કરતા પહેલા રાજયના તમામ વિભાગો સાથે વિચાર વિમર્શ કર્યા પછી રાજય સરકારના વિભાગોને કઇ કઇ યોજનાઓ માટે, કઇ કઇ નવી યોજનાઓ માટે અને કઇ કઇ જૂની યોજનાઓ માટે પગાર, ફંડ, પેશગી માટેના તમામ પાસા વિચારીને જે તે વિભાગોને બજેટ ફાળવવામાં આવે છે. વિભાગોને બજેટ ફાળવ્યા પછી સરકારશ્રી દ્વારા આ સભાગૃહમાં આ વિભાગોને ગયા વર્ષ કરતા આટલું વધારે બજેટ ફાળવવામાં આવેલ છે તેમ જણાવવામાં આવે છે. સ્વાભાવિક છે કે પૂરક માગણીઓ લઇને સરકાર આવે ત્યારે કોઇ એવો બનાવ બન્યો હોય કે તકલીફ પડી હોય કે જેના અનુસંધાનમાં રાજય સરકારને પ્રજાના પ્રાણ પ્રશ્નો માટે બજેટમાં જોગવાઇ કરી હોય, પણ એ ઓછી પડતી હોય અને વધુ પડતા નાણાની જરૂર પડતી હોય તો સ્વાભાવિક છે કે એ પૂરક માગણીઓના સંદર્ભમાં લઇને આવે તો વધારે યોગ્ય છે. કારણ કે બજેટની સંખ્યા અને રકમનો વધારો દર વર્ષે થાય છે. સાથોસાથ દેવામાં પણ વધારો થતો જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બે માગણીઓ પર મારી વાત રજૂ કરીશ. ખાસ કરીને ઉદ્યોગ વિભાગની માગણી ક્રમાંક–૪૯માં મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે પેટા સદર મુજબ ૧૪૧.૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ આઇ.એન.ડી.પી. એટલે કે આઇ.એન.ડી. ફાઇવ ઔદ્યોગિક વિકાસ માટે વાપરવા માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી હતી. પૂરક માગણીના સ્વરૂપમાં રાજય સરકારે વાઇબ્રન્ટ ગુજરાત તેમજ અન્ય ખર્ચમાં વધારો કરેલો હોવાને કારણે ૬૬.૫૬ કરોડ રૂપિયાની આ પૂરક માગણીના સ્વરૂપમાં લઇને આવ્યા છે. માનનીય મંત્રીશ્રી જણાવે કે આપને ખ્યાલ હતો કે ગુજરાત સરકાર વાઇબ્રન્ટ ગુજરાત કરવા જઇ રહી છે ત્યારે તમામ ખર્ચની વિભાગ સાથે ચર્ચા કરી હશે. એવો કયો ખર્ચ થયો કે જેના કારણે વાઇબ્રન્ટ ગુજરાતના ખર્ચમાં ૬૬.૫૬ કરોડ રૂપિયાનો વધારો લઇને આપ આવ્યા છો?

ખાસ કરીને મહેસૂલ વિભાગની જે પૂરક માગણી છે. એમાં ૧૨૪૭ કરોડ રૂપિયા કરતા વધારેની પૂરક માગણી મહેસૂલ વિભાગની લઇને આવ્યા છે. માગણી નંબર ૭૯. આપણે જાણીએ છીએ કે આ વખતે જે કુદરતી આફતો આવી. વાવાઝોડાની સ્થિતિ આવી. સિઝન વગરનો વરસાદ થયો. એ કુદરતી આફતોના અનુસંધાનમાં રાજય સરકારે રાહત આપી હોય અને એના માટે બજેટમાં જોગવાઇ ઓછી હોય અને નુકસાન વધારે થયું હોય તો એ માગણીને આપણે સ્વીકારીને ચાલીએ. પરંતુ સત્ય હકીકત એ છે કે આ રાજયના ખેડૂતો ઉપર ૯૦ હજાર કરોડ કરતા વધારે દેવું છે એવું અનુમાન લગાવાય છે. કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય કૃષિ યોજના હેઠળ રાજય સરકારને જે પૈસા કેન્દ્ર સરકારે આપવા જોઇએ એ ૭૪૨૬.૫૦ કરોડ રૂપિયા જે ઓછા મળ્યા એના કારણોસર પણ સરકારને આ પૂરક માગણી લાવવી પડી હોય એમ મને લાગે છે. યુ.પી.એ.ની સરકાર વખતે મને બરાબર યાદ છે કે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના ચાલતી હતી, એમાં ૮૫૧૬ કરોડ રૂપિયા રાજય સરકારને આપવામાં આવ્યા હતા. એસ.ડી.આર.એફ.ના નિયમો બહુ ક્લિયર છે કે કુદરતી આફતોમાં જે નુકસાન થયું હોય એ નુકસાનને આધીન રાજય સરકાર દ્વારા જે બજેટ ફાળવવામાં આવે એ બજેટની અંદર ઓછું બજેટ હોય જેના કારણોસર લોકોને રાહત માટેનું પેકેજ લાવી અને એ લોકોને ચૂકવણી કરવામાં આવતી હોય છે. જે કુદરતી આફતો આવી એ આફતોની અંદર ૫૨૦૦ લોકોના મૃત્યુ થયા હતા. ૨૯ લોકોના મૃત્યુ થયા હતા. અસંખ્ય લોકોને જાનહાનનું અને માલહાનનું નુકસાન પણ થયેલું છે. ખાસ કરીને વાવાઝોડાનો કેર સન ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૨માં આવ્યો, એમાં રાજય સરકાર દ્વારા રૂ.૧૨૪૦ કરોડની સહાય ચૂકવવામાં આવી. અતિવૃષ્ટિના કારણોસર જે સન ૨૦૨૨–૨૩માં એ વખતે રાજય સરકાર દ્વારા ખેડૂતોને જે આર્થિક સહાય ચૂકવી એ રૂ. ૧૪૭ કરોડ રૂપિયા ચૂકવાઇ છે અને જે કમોસમી વરસાદ પડયો એમાં લગભગ ૩૭ હજાર કરતા પણ વધારે ખેડૂતોને નુકસાન થયેલું હતું. મારે ખાલી એટલું જ કહેવું છે કે કુદરતી આફતોને આધીન થયેલી જે માગણીઓ છે જેમાં સરકારે ફંડ ઓછું ફાળવ્યું હતું પણ અતિવૃષ્ટિ અને કુદરતી આફતોના કારણોસર સરકારને પૈસાની જરૂર પડી તો કોંગ્રેસ પાર્ટી તરીકે પ્રજાને માટે પૈસો વપરાયો છે તો જે કુદરતી આફતોની જે માગણી લઇને આવ્યા છે એમાં લોકોને સહાય ચૂકવી છે એ પૂરક માગણીમાં અમારા સભ્યો તરફથી કાપ દરખાસ્ત મૂકી હોય તો એ કાપ દરખાસ્તો પાછી લઇશું અને રાહત માટેના જે પૈસા સરકારે ચૂકવ્યા છે એમાં અમે સંપૂર્ણ રીતે ટેકો જાહેર કરીશું. શહેરી વિકાસ વિભાગની અંદર જે રીતે નગરપાલિકાઓના બિલો ચૂકવવા માટે, મહાનગરપાલિકાઓની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી કે માનનીય મંત્રીશ્રી એ શહેરોની મુલાકાતે જયારે જાય અને મુલાકાત વખતે જાહેરાત કરે કે અમે આટલા કરોડ રૂપિયા ફાળવીશું, સરકાર સો ટકા ફાળવે, મંત્રીશ્રી ફાળવે, મુખ્યમંત્રીશ્રી ફાળવે, અમારી માગણી એટલી જ છે કે રાજય સરકાર કોઇપણ મહાનગરપાલિકા કે નગરપાલિકાને કોઇ ફાળો આપવા માગતી હોય તો એનું પ્રોવિઝન બજેટમાં થવું જોઇએ, નહીં કે રાજકીય મંચ ઉપર જઇને જાહેરાત કરી અને પછી પૂરક માગણીના સ્વરૂપમાં રાજય સરકાર આ વિધાનસભાગૃહમાં લાવે એ યોગ્ય વાત નથી આ વાત કહીને હું મારી વાત પૂરી કરું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારની વાત કરવા માગું છું. ગુજરાતની પ્રજાને મારે લાભ લાખ અભિનંદન આપવા છે કે ભા.જ.પ.ની સરકાર આવી. સહકારની વાત કરીએ તો આજે મને કહેતા આનંદ થાય કે

સહકારી મંડળીની અંદર કોઇ કપાત આવતી નથી, એને કોઇ વ્યાજ ભરવાનું આવતું નથી. દેશમાં આપણને જે સહકાર મળે છે અને વ્યાજ ધિરાણમાં જે મુક્તિ મળે છે એ બદલ મારે કહેવું જોઇએ કે ૩ લાખ સુધી જે ધિરાણ કરે છે અને રેગ્યુલર ભરે છે એના માટે કયારેય વ્યાજ લેવામાં આવતું નથી. મારે એ કહેવું જોઇએ કે આપણે વગર વ્યાજે આપીએ છીએ, ઝીરો ટકા વ્યાજે આપીએ છીએ, સામાવાળા ૧૮ ટકા વ્યાજ લેતા હતા.

અધ્યક્ષશ્રી : આ સામેવાળા કોણ?

શ્રી બાબુભાઇ જ. પટેલ : કોંગ્રેસવાળા.

અધ્યક્ષશ્રી : એમણે કયાં હમણાંથી આપ્યું જ છે? કોઇ વિષય જ નથી.

શ્રી બાબુભાઇ જ. પટેલ : મને કહેતાં આનંદ થાય છે કે આ સરકારે ઝીરો વ્યાજે પબ્લિકને મદદ કરી છે. સરકારની વાત છેવાડાના માનવી સુધી કે જયાં જાય ત્યાં એને મદદ કરવાની છે. આ સરકારે ઘણા લોકોને મદદ કરી છે. મારે એ પણ કહેવું જોઇએ કે 'અ' અને 'બ' ને ૨૫ ટકા સબસિડી મળશે. 'અ' અને 'બ' ને ૨૫ ટકા સબસિડી આપે છે અને રૂ.૫૦ લાખ સુધીની એને મદદ મળે છે. આ સરકારે 'ક' અને 'ડ' નાના, નબળા વર્ગના માણસોને ગોડાઉન બનાવવું હોય ત્યારે બજાર સમિતિ બનાવવી હોય અને એ.પી.એમ.સી. બનાવવી હોય તો ૫૦થી ૭૫ ટકા સબસિડી આપે છે માત્ર ૨૫ ટકા નાના વર્ગના લોકોને.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ.પી.એમ.સી.ના ચેરમેન થયા એટલે 'અ' અને 'ડ' વર્ગ આવે એટલે સમજી લેવું કે આ એ.પી.એમ.સી. ની વાત છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : 'ક' અને 'ક' માં બધી એ.પી.એમ.સી. આવી જાય છે. ૨૫ ટકા નાના વર્ગને કાઢવાના છે બાકીના બધા સરકાર આપે છે ત્યારે ૫૦થી ૭૫ ટકા સબસિડી આપે છે એટલે આ સરકારને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. આ વખતે કાયદામાં સુધારો કરીને આર્થિક રીતે નબળા લોકોને મદદ કરી છે માટે આપણે અહીં સુધી પહોંચ્યા છીએ. મારે એ પણ કહેવું જોઇએ કે મધ્યમ વર્ગનો સામાન્ય ગરીબ વર્ગનો માણસ એ સહકારી મંડળીમાં ૨૦૦ રૂપિયા ના આપી શકતો હોય તો સહકારી મંડળી તેને ૨૦૦ રૂપિયા આપે છે. ખેડૂતો મંડળીઓ માટે બજારમાંથી ઊંચા વ્યાજે પૈસા લાવતા હતા. આજે ખેડૂતોને ઝીરો વ્યાજે પૈસા આપવામાં આવે છે. સરકાર ૨૫ ટકા સબસિડી આપે છે એમાંથી આપણે ઝીરો વ્યાજે આપીએ છીએ. આ યોજના હેઠળ કોઇ દૂધ મંડળી હોય, પોતાની ઓફિસ બનાવવી હોય, પોતાનું ગોડાઉન બનાવવું હોય પણ સોસાઇટીને બનાવવું હોય તો સરકાર ૫ લાખ રૂપિયા આપે છે. નાના–મોટા ગોડાઉન બનાવવા માટે આ સરકાર ખેડૂતોને ૫ લાખની મદદ કરે છે. ૫૦ મે.ટનથી ૧૦૦૦ મે.ટનનું ગોડાઉન બનાવે તો એને પણ મર્યાદામાં સબસિડી આપીને મદદ કરવામાં આવે છે. મિત્રો, આ રાજ્યમાં મને કહેતા આનંદ થાય છે કે, ૫૦ ટકા વસ્તી ન હતી ત્યારે કોંગ્રેસના રાજમાં દૂધ અને અનાજ બહારથી લાવતા હતા. આજે જે રીતે સરકાર અને એકબીજાના સહકાર સિવાય કંઇ બની શકતું નથી. સરકાર સિવાય ઉદ્ધાર નથી. ''વીન સહકાર નહીં ઉદ્ધાર'' આપણી કહેવત છે પણ સહકાર એ માણસ માટે અતિ મહત્ત્વની બાબત છે. ચાહે બેંક હોય, એ.પી.એમ.સી. હોય, સેવા સહકારી મંડળી હોય કે ડેરી હોય એ કોઇ પણ જગ્યાએ મદદ જ કરતા હોય છે, એની મદદ પાછળથી ભાવના સહકારની હોય છે એટલે જુદી જુદી રીતે જુદા જુદા હેતુઓ અને અ અને બ ની પણ વાત થઇ છે ત્યારે ૭૫ ટકા લોકો આ રીતે સહકારની અંદર કામ કરી રહ્યાં છે ત્યારે આ ગુજરાતી અંદર સહકાર સિવાય કોઇ ઉદ્ધાર નથી. સહકાર, સહકાર અને સહકાર.

અધ્યક્ષશ્રી : વિના સહકાર નહી ઉદ્ધાર એવું ને**?**

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ **(**લીંબાયત): જ્યારે ભારત વિકસિત ભારત માટે સંકલ્પબદ્ધ થઇ રહ્યું છે ત્યારે માનનીય મોદી સાહેબે ભારતને પાંચમી મોટી અર્થ વ્યવસ્થામાંથી ત્રીજી મોટી અર્થ વ્યવસ્થા બનાવવા માટે આવનાર ભવિષ્યમાં પ્રતિબદ્ધ છે ત્યારે આવા અમૃત્તકાળમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ યોજનાઓ ઉપર માગણી નં.૧૦૨ને અનુમોદન આપીને મારા વિચારો રજૂ કરવા આ સભાગૃહ સમક્ષ ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી**,** મને અમૃત યોજના વિષે બોલવાની જ્યારે તક મળી છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે અમૃત યોજના કેન્દ્ર સરકારની યોજના છે જેનો ગુજરાત રાજ્યે સૌથી વધુ લાભ લીધો છે. સ્માર્ટ સિટીના વિકાસ માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે અને એની સાથે સાથે પર્યાવરણને લગતી સમસ્યાઓના સ્માર્ટ સોલ્યુશનના ઉમદા હેતુથી શહેરી વિકાસ મંત્રાલય ભારત સરકાર દ્વારા અમૃત યોજના જૂન ૨૦૧૫માં લોંચ કરવામાં આવી હતી અને તે વારસાને આગળ વધારતા ઓકટોબર–૨૦૨૧માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના હસ્તે અમૃત–૨ યોજના લોંચ કરવામાં આવી હતી. મને કહેતા આનંદ થાય છે કે સૌથી વધારે આ યોજનાનો લાભ જો કોઇ શહેરે લીધો હશે તો હું જે શહેરમાંથી આવું છું એ સુરત શહેરની સુરત મહાનગરપાલિકાએ આ અમૃત યોજના–૧નો ખૂબ લાભ લીધો છે. સુરત શહેરના વેસુ, જહાંગીરપુરા, જહાંગીરાબાદ, ગોપીપુરા, સગરામપુરા જેવા વિવિધ સ્થળોએ કુલ ૨૦૯ લિટર ક્ષમતા સાથે ૧૦ ઇ.એસ.આર.એસ. છે. આ તમામ ઇ.એસ.આર.એસ. વિસ્તારના લોકોને પૂરતા પ્રમાણમાં જથ્થા સાથે પાણી પૂરવઠાની જરૂરિયાત પૂરી પાડે છે. આ વિસ્તારના લોકોને ૨૪ કલાક પાણી પૂરવઠો આ યોજના હેઠળ મળવાપાત્ર થાય છે. અંદાજે ૫.૪૭ લાખ લોકો આ યોજનાનો લાભ અત્યારે લઇ રહ્યા છે. સુરતમાં અમરોલી, અંગના, સીંગણપોર, અસરમા જેવા સ્થળોએ અમૃત યોજના હેઠળ કુલ ૧૧૬૧.૫૦ એમ.એલ.ડી. ક્ષમતા

સાથે એસ.ટી.પી. અપગ્રેડ વધારવામાં આવ્યો છે. આ પ્રોજેકટનું અમલીકરણ થવાને કારણે સામાજિક, આર્થિક અને પર્યાવરણના દષ્ટિકોણથી આ પ્રોજેકટ ખાડીમાં ગંદા પાણીનો નિકાલ અને દૂર કરવા સહિત જમીન અને જળપ્રદૂષણને પણ અટકાવે છે. કલેકશન, કન્વેયન્સ અને ટ્રીટમેન્ટ સિસ્ટમ માટેની અદ્યતન ટેકનોલોજી પર્યાવરણીય પ્રદૂષણ તેમજ ટ્રીટ કરીને ટ્રીટેડ વેસ્ટ વોટરને રીસાઇકલ કરીને સુરત શહેરની સચીન જી.આઇ.ડી.સી. અને પાન્ડેસરા જી.આઇ.ડી.સી. ના ઉદ્યોગો માટે આપવામાં આવે છે તેમજ બાંધકામ, ગટર સાફ કરવાના હેતુ માટે પુનઃઉપયોગ કરવામાં વપરાશમાં લેવામાં આવે છે. અમૃત યોજના હેઠળ અંદાજે રૂ. ૧૨૦ કરોડ વાર્ષિક સુરત મહાનગરપાલિકાને આવક મળે છે. સાત એસ.ટી.પી. દ્વારા ૫૭.૬૯ લાખ લોકોને એનો લાભ મળી રહ્યો છે. અમૃત–૨ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા દેશમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર શહેરમાંથી પ્રથમ શહેર છે એ મને જણાવતા આનંદ થાય છે. શહેરી વિકાસ અને ગૃહનિર્માણ માટે આ બજેટમાં રૂ. ૨૧૬૯૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આજે જયારે આપણા ગુજરાત રાજયનાં શહેરોના વિકાસની વાત કરીએ તો આજે રાજયનાં શહેરોનો ખૂબ જ ઝડપથી વિકાસ થઇ રહ્યો છે. આજે શહેરો આર્થિક રીતે ગતિશીલ, જીવંત, રહેવાલાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ તેમજ સક્ષમ બનાવવા માટે ઇઝ એટ લિવિંગનું ધ્યાન આપવું આવશ્યક બન્યું છે. શહેરોમાં માર્ગો, પુલો, પાણી પૂરવઠા, ગટર વ્યવસ્થા, આરોગ્ય અને પરિવહન જેવી માળખાકીય સગવડોને સુદ્રઢ કરવામાં આવી રહી છે.

**માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

આજે ગુજરાતના શહેરો પ્રાથમિક સુવિધાઓથી પરિપૂર્ણ થઇ ગયા છે. આજે ગુજરાતનું એક પણ એવું શહેર નહીં હોય જેનો વિકાસ થયો નહીં હોય. આજે ગુજરાતનાં શહેરોમાં નવા નવા પ્રોજેકટ આવી રહ્યા છે. આજે નદીઓ ઉપર કેબલ બ્રિજ બની રહ્યા છે. શહેરી વિસ્તારોમાં પ્રાકૃતિક આપદાઓ તેમજ પાયાની સુવિધાઓ પૂરી પાડવા તંત્રની સક્ષમતાને વધારવામાં આવે છે. શહેરી ગરીબોને આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત બાકી રહેતા લાભાર્થીઓ માટે સમયબદ્ધ રીતે કામ કરવામાં આવી રહ્યું છે અને ગરીબોને એમનું ઘરનું ઘર મળી રહ્યું છે અને એ પણ હાઇરાઇઝ બિલ્ડિંગોમાં મળી રહ્યું છે. હું જે શહેરથી આવું છું એ સુરત શહેરની જો વાત કરું મારા સુરત શહેરના ઇતિહાસનો અનુભવ છે. વર્તમાનમાં રસ્તા છે. સુરત શહેરની વાત કરીએ તો વિશ્વમાં સૌથી ઊંચી ઇમારત ડાયમંડ બુર્સનો શુભારંભ દેશના વડાપ્રધાનશ્રી મોદીસાહેબના હસ્તે કરાયો છે. ૩ વર્ષમાં સુરતનો હીરા વ્યાપાર ૧ લાખ કરોડ વધશે. જેના લીધે કેન્દ્ર સરકારને રૂ.૧૮૦૦ કરોડની આવક થશે. ડાયમન્ડ બુર્સ સુરતના લોકોના જીવનમાં અનેક રંગો ઉમેરવા જઇ રહ્યો છે. ડાયમન્ડ બુર્સ આવવાથી ૫૦,૦૦૦ લોકોને રોજગારી મળશે ત્યારે સુરત શહેરના વિકાસમાં ઉત્તરોત્તર પ્રગતિ થશે અને આજે દેશ વિદેશમાં પ્રસિદ્ધ થઇ ગયેલું આ સુરત શહેર નામાંકિત થઇ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોમાં મેટ્રો રેલ શરૂ થઇ રહી છે. આ બજેટમાં અમદાવાદ અને સુરત શહેર માટે ગુજરાત મેટ્રો રેલ પ્રોજેકટ માટે રૂ.૧૮૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દેશના વડાપ્રધાનશ્રીએ જે લોકોને આહ્વાન કર્યું હતું ત્યારથી સુરત શહેરનો જ નહીં પણ દેશનો એક–એક નાગરિક સ્વચ્છતાનો આગ્રહ રાખતો થયો છે. આજે શહેર સ્વચ્છ છે, ગામડાં સ્વચ્છ છે. લોકોની વિચારસરણી બદલાઇ છે. આજે મને જણાવતા આનંદ થાય છે કે, સુરત શહેર સમગ્ર દેશમાં સ્વચ્છતામાં નંબર વન પર આવ્યું છે અને તેનો પૂરસ્કાર મહામહિમ રાષ્ટ્રપતિજીના વરદ હસ્તે સુરત શહેરને આપવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર ખાતે ગિફ્ટ સિટી તરીકે ઓળખાતું સિટી ગ્લોબલ ફાઇનાન્સ તરીકે ઉભરી રહ્યું છે. ગિફ્ટ સિટીને ગ્રીન સિટી તરીકે ઓળખવામાં આવશે. ગિફ્ટ સિટીમાં વિકાસકાર્યોને પરિપૂર્ણ કરીને વોક ટુ વર્ક, લીવ વર્ક, પ્લે કોમ્યુનિટીની કલ્પના સાકાર થશે. આ વિકાસકાર્યો માટે ૪.૫ કિલોમિટર લાંબો રિવરફ્રન્ટ રિક્રીએશન ઝોન, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યલક્ષી સેવાઓ, મેટ્રો કનેક્ટિવિટી તેમજ સેન્ટ્રલ પાર્કની સુવિધાઓનો સમાવેશ થશે. સાથે સાથે શહેરી વિસ્તારના જે ગરીબો છે તેના માટે પણ પ્રધાનમંત્રી આવાસ બની રહ્યા છે. ઝૂંપડપટ્ટી મુક્ત શહેર બનાવવા માટે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની ઇચ્છા અને સપનાં છે તેને સાકાર કરવા માટે અમારી સરકાર કામ કરી રહી છે. તેના માટે આ માગણીને મંજૂર કરવામાં આવે તેવો આગ્રહ કરું છું.

શ્રી અમિત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં ખાસ કરીને માગણી નંબર–૭૯ અને ૧૦૨ મહેસૂલ અને શહેરી વિકાસની માગણી ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ ૧૫૬ સીટોની બહુમતીવાળી સરકાર આવી અને બીજી તરફ ગુજરાતના ખાસ કરીને ખેડૂતો અને નદીકાંઠાના લોકો માટે પનોતી બેઠી. કુદરતી વાવાઝોડાં આવ્યાં. તૌકતે વાવાઝોડું આવ્યું, બિપોરજોય વાવાઝોડું આવ્યું. કમોસમી વરસાદ આવ્યો અને સાથે સાથે સરકાર સર્જિત પૂર આવ્યા. તેના કારણે જે તબાહી થઇ.

સભાપતિશ્રી : શ્રી અમિતભાઇ, એક મિનિટ.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય સભ્યશ્રીએ નદીકાંઠાના લોકોની પનોતીની વાત કરી છે.

સભાપતિશ્રી : ઓકે, ઠીક છે.

શ્રી અમિત ચાવડા : મેં એમ જ કહ્યું કે, ખેડૂતો અને નદીકાંઠાના લોકો જે છે તેમના માટે પનોતી બેઠી છે. એટલા માટે કે એક તરફ કુદરત રૂઠી અને કુદરતી વાવાઝોડું આવ્યું. બિપોરજોય વાવાઝોડું આવ્યું અને કમોસમી વરસાદ પડયો. ૨૫૬

તાલુકાઓમાં અને બીજી જગ્યાએ તેની અસરો થઇ. ખાસ કરીને સરકાર સર્જિત પૂર આવ્યું. નર્મદા ડેમમાં ઉપરવાસમાં ખૂબ વરસાદ થયો, પાણીની આવક હતી ત્યારે તંત્રએ ચેતવણી આપી કે આવક ખૂબ છે તો દરવાજા ખોલવા જોઇએ. સમયસર દરવાજા એટલા માટે ના ખોલ્યા કારણ કે ૧૭ તારીખે સાહેબનો જન્મદિવસ હોઇ અને કોઇએ વધામણા કરવા જવાનું હોય, તેની જાહેરાતો થઇ હોય એટલે વધામણા કરવા માટેના સમયની રાહ જોઇ દરવાજા ખોલવામાં ન આવ્યા અને ૧૭ તારીખે એકસામટા નર્મદા ડેમના દરવાજા ખોલ્યા. ૧૮ લાખ ક્યુસેક પાણી એકસામટું છોડ્યું. આખા નર્મદા કિનારા ઉપર તબાહી સર્જાઇ હતી. હું, શૈલેષભાઇ અને તુષારભાઇ ત્યાં સ્થળ પર ગયા હતા. જે લોકોને નુકસાન થયું છે. ઘરબાર, ખેતી બરબાદ થઇ ગઇ. જમીનો બરબાદ થઇ ગઇ. પશુઓ ખૂબ મોટા પ્રમાણમાં તણાઇ ગયા. ખૂબ આર્થિક નુકસાન થયું છે. તે નુકસાન હું માનું છું કે, અહીં પૂરક માગણી લાવવી પડી તેમાં અમારું સમર્થન પણ હોય પણ કેમ નુકસાન, તબાહી થઇ? તેનો જવાબ પણ સરકારે આપવો જોઇશે. બિપોરજોય વાવાઝોડું આવ્યું ત્યારે અમે કચ્છ અને બીજા બધા વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી. રસ્તાઓને નુકસાન થયું, વીજપોલને નુકસાન થયું, ખેતીને નુકસાન થયું, જમીનોને નુકસાન થયું. સાગરખેડું એવા અનેક માછીમારોની બોટોને નુકસાન થયું. આ જે કુદરતી આફતો આવે તેમાં જે સહાયના ધોરણો છે તે સુધારવાની માનનીય નાણામંત્રીશ્રી ખાસ આપને વિનંતી છે. ઘરવખરી માટે ૨૫૦૦ રૂપિયાની સહાય અપાય. ૨૫૦૦ રૂપિયામાં તો તેલનો એક ડબ્બો પણ આવતો નથી, તો આપણે આખી ઘરવખરી વસાવીશું તેવી કલ્પના કરીએ તો તેમાં ખાસ કરીને સુધારો કરવો જોઇએ. આમાં બે બાજુની આફત આવે છે. એક તો કુદરતી આફત આવે અને બીજી બાજુ સરકાર સહાયના રૂપે મજાકરૂપી આફત આપે છે તે પ્રજાને ખૂબ ખૂંચે છે. ઘરવખરીની સહાયમાં મજાક જેટલી રકમો આપે. સાથે સાથે બિપોરજોય વાવાઝોડું હોય કે કમોસમી વરસાદ થયો. ૨૩૬ તાલુકાઓમાં કમોસમી વરસાદ થયો અને કરા પડયા. કરા પડ્યા એમાંથી ૩૪ તાલુકામાં ૨ ઇંચથી વધારે વરસાદ થયો અને ૬ તાલુકામાં લગભગ ૪ ઇંચથી વધારે વરસાદ થયો, પણ હજુ સુધી મોટા ભાગના જે તાલુકાઓમાં સરવે કરવામાં આવ્યા અને પેકેજની જાહેરાતો કરવામાં આવી, પણ સાચા અર્થમાં ખેડૂતોને હજુ પણ સહાય મળી નથી, હજુ પણ ખેડૂતો એ નુકસાનીના વળતરની રાહ જોઇને બેઠા છે. અનેક લોકોના વીજળી પડવાથી મોત થયા છે. બીજી રીતે જાનહાની થઇ અને અનેક પશુઓના પણ મૃત્યુ થયાં છે. પશુનું મૃત્યુ થાય છે ત્યારે એમાં જે આપણા સહાયના ધોરણો છે એ ખૂબ ઓછા છે, માર્કેટમાં એની કિંમત ખૂબ ઊંચી હોય અને સહાય થોડા પ્રમાણમાં મળે છે ત્યારે પશુ પાછું ખરીદી શકાતું નથી. માલ મિલકતને જે નુકસાન થાય છે અને આખું મકાન પડી જાય એને બનાવવા માટે આપણે ફકત ૧.૨૦ લાખ રૂપિયાની સહાય આપીએ છીએ એ પણ પૂરતી નથી એટલે માનનીય મંત્રીશ્રી પૂરક માગણીઓ લાવ્યા છે ત્યારે એની સાથે સાથે આ સહાયના ધોરણો સુધારવા માટેની પણ કાર્યવાહી કરે એવી આ તબક્કે મારી વિનંતી છે. એક સમય એવો હતો કે ટીવીમાં થપ્પડની જાહેરાતો આવતી, બીપોરજોય વાવાઝોડું આવ્યું ત્યારે લગભગ અંદાજ કરવામાં આવ્યો કે રૂ.૨૮૦૦ કરોડનું નુકસાન થયું. કેન્દ્રમાં આપની જ સરકાર છે, આપના જ વડાપ્રધાન છે, ડબલ એન્જિનની સરકાર છે ત્યારે આશા હતી કે ૨૮૦૦ કરોડનું નુકસાન છે તો કેન્દ્ર સરકાર પૂરી મદદ કરશે પણ ૩૦૦ કરોડ રૂપિયાની મદદ મળી. જો કદાચ ઉપર સરકાર બીજા પક્ષની હોત તો એ વખતે ટીવીમાં થપ્પડની એડ આવી હોત પણ આ તો આપની જ સરકાર છે, ડબલ એન્જિનની સરકાર છે એટલે થપ્પડની એડ ન આવી તો મારી માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી છે કે, વધારે સહાય મળે એ માટે પ્રયત્ન કરવો જોઇએ અને આપણા જ એક મુખ્યમંત્રી દિલ્હીની સભામાં ભાષણ કરતા હતા કે ખળખળ વહેતી સાબરમતી નદી આખા વિશ્વની જે સ્વચ્છ નદીઓ છે એ પૈકીની એક છે. હમણા જ રાજયસભામાં જે પ્રશ્નોતરીના જવાબ આપ્યા છે એમાં દેશની જે સૌથી પ્રદૂષિત નદીઓ છે એમાં ગુજરાતની નદીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણે અમલાખાડી હોય, ભાદર હોય, ભોગાવો હોય, ખારી હોય, સાબરમતી નદી હોય કે વિશ્વામિત્રી નદી હોય એ બધામાં એટલું બધું પ્રદૂષણ વધી રહ્યું છે અને આ પ્રદૂષણ કોઇ કુદરતી રીતે નથી વધી રહ્યું પણ માનવ સર્જિત પ્રદૂષણ છે અને માનવ સર્જિત કરતા પણ સરકારનું જે પોલ્યુશન બોર્ડ અને બાકીની વ્યવસ્થાઓ છે, એમાં થતા ભ્રષ્ટાચારને કારણે આ પ્રદૂષણ વધી રહ્યું છે. નદીઓના પાણી ખરાબ થઇ રહ્યા છે એને કારણે જે જળચર પ્રાણીઓ છે એને નુકસાન થઇ રહ્યું છે અને આજુ બાજૂની જમીનો બગડી રહી છે અને અત્યારે ત્યાં બોર કરો તો લાલ પાણી નીકળે છે. આપણે સાબરમતી નદી અમદાવાદમાં જોઇએ તો એક તરફ રીવરફ્રન્ટની બ્યુટીફિકેશન બતાવીએ છીએ અને એની આગળના વિસ્તારમાં જઇને જોઇએ તો આપણને એમ થાય કે આ કુદરતી જે આપણી સંપદા છે, જે નદી છે, જે આપણી જીવાદોરી કહેવાય છે અને પવિત્ર જળ કહેવાય છે એને કેટલું પ્રદૂષિત કરવામાં આવી રહ્યું છે. હાઇકોર્ટે પણ એના માટે વારંવાર ઓબ્ઝર્વેશન કર્યા છે અને કોર્પોરેશન અમદાવાદ હોય કે સરકાર હોય એને ઠપકા પણ ખૂબ આપ્યા અને એના માટે કરોડો રૂપિયા ખર્ચવા છતાં પણ આ નદીઓની જાળવણી માટેની કોઇ યોગ્ય દરકાર કે કોઇ મોનિટરિંગ સરકાર તરફથી થતું નથી ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આપણે અહીંયા પૂરક માગણીઓ લાવવા માટે જેટલી સરળતાથી પ્રોસિઝર કરીએ છીએ એટલી જ પ્રોસિઝર જો આપણે આ પૈસા જ્યાં ખર્ચાય છે એ ખર્ચનું જો મોનિટરિંગ બરોબર કરીએ તો આપણા બધાના પરસેવાના પૈસા ખરા અર્થમાં વપરાયા કહેવાશે. હાઇકોર્ટે તો એટલે સુધી કોર્પોરેશનને ઠપકો આપવો પડે કે, આ સંતાકુકડી રમવાનું બંધ કરો ને સાબરમતી નદીનું પ્રદૂષણ કોઇ પણ રીતે રોકવાની કાર્યવાહી કરો. માનનીય મંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે એમાં ખાસ કરીને પ્રજાના પરસેવાના પૈસા છે એનો યોગ્ય ઉપયોગ થાય અને અત્યારે ખાલી જાહેરાતો સરકારી ચોપડે અને કાગળ પર થઇ રહી છે ત્યારે આ માગણીઓ સાથે હું સંમત થઇ શકતો નથી.

## તા.૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)

શ્રી અમિત ઠાકર(વેજલપૂર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભૌગોલિક રચના જ એવી છે કે, જ્યાં પૂર, દુષ્કાળ, વાવાઝોડું, ભૂકંપ આ સતત આવતી ઘટનાઓ છે. આ ઘટનાની અંદર આપણે એ આવતા રોકી ન શકીએ,પરંતુ તેની પહેલાંની તૈયારી જો ખબર પડે કે કોઇ કુદરતી ઘટના છે જે પ્રિડિક્ટ થાય એવી છે તો તેના માટેની પહેલાં તૈયારી અને એ પછીનું રીહેબિલીટેશન આ માટેની સરકારી તૈયારી. વર્ષ ૨૦૦૧ પહેલાં તો ઘટના થાય તે પહેલાં પણ આપણે ભગવાન ભરોસે રહેતા હતાં અને ઘટના થયા પછી જે ભગવાનની સામે જોડેલા બે હાથ એ બે હાથ માથા ઉપર મૂકી અને ખાલી આપણે જોવાનું કામ કરતા હતા. વર્ષ ૨૦૦૧ પછી જે ભૂકંપની ઘટના બની આ ભૂકંપની ઘટના પછી માનનીય નરેન્દ્રભાઇના શાસનમાં આવવાના કારણે જે તેમની સંવેદનશીલતાનો તેમનો સ્વભાવ તેના કારણે માર્ચ–૨૦૦૩માં સૌથી પહેલાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની તેમણે શરૂઆત કરી. આખા વિશ્વની અંદરથી ઓસ્ટ્રેલિયા હોય, અમેરિકા હોય, આફ્રિકા હોય યુરોપની અંદરથી જે જે ડિઝાસ્ટર મેનેજમેન્ટની અલગ અલગ ઓથોરિટી હતી તે બધાનો અભ્યાસ કરવા માટે તજજ્ઞોને રોકીને ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની તેમણે રચના કરી. આ રચનાથી પ્રેરાઇને માનનીય નરેન્દ્રભાઇ મોદીએ લખેલા પત્રના કારણે કે ખાલી ગુજરાતમાં નહીં આ પ્રકારની ઓથોરિટીની જરૂર આખા દેશની અંદર છે એનાથી પ્રેરાઇને કેન્દ્ર સરકારે પણ નરેન્દ્રભાઇ મોદીજીની સરકારના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રસ્તાવને એ આખા દેશની અંદર લઇ અને વર્ષ ૨૦૦૫માં તે આખા દેશની અંદર આની રચના કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત એની રચના જે છે તે આ તરફથી પહાડો અને દરિયાકાંઠે આપણે બહુ નીચાણમાં એટલે પૂર આવે આપણે ત્રીજા, ચોથા અને પાંચમા લેવલનું સિસ્મિક ઝોન હોવાના કારણે ૮ સુધીનો ભૂકંપ તે આપણે ત્યાં ગમે ત્યારે આવી શકે. આપણે અરબી સમુદ્રના કાંઠે હોવાના કારણે સુનામીનો ખતરો તો બારેમાસ આપણા માથે રહે તો આવા સમયે સરકારે એ જે તૈયારી છે. ૧૬૦૦ કિલોમીટરનો દરિયાનો કિનારો હોય કે લો–લેવલની લેન્ડ લાઇન હોય તો તેના કારણે આપણી જે તૈયારી છે તે તૈયારી આ બધા જે ઇફેક્ટેડ જિલ્લાઓ છે, આપણે ત્યાં લગભગ ૯ તાલુકા તો સુપર હાઇ રીસ્ક, ૨૨ તાલુકા હાઇ રીસ્ક અને ૩૩ તાલુકા તે મોડરેટ રીસ્કમાં આવે છે. આ બધી જ જગ્યા ઉપર તેના સેલ્ટર પોઇન્ટ હોય, તેના લોકોને પછીથી મદદરૂપ થવાનું હોય આ બધાના પ્લાન અત્યારે થયા. મારી પાસે અત્યારે બજેટ છે આ બજેટની અંદર આ જો પૂર આવે તો પૂરનું કઇ પ્રકારે આયોજન કરી તેને પણ આફતને અવસરમાં કેવી રીતે પલટવું તેના માટે હું વાંચુ તો કચ્છમાં નર્મદાના પૂરના ૧ મિલિયન એકર ફીટ વિતરણ કરવા માટે રૂ.૪૧૧૮ કરોડનાં કામો પ્રગતિ હેઠળ છે અને આ બધુ મારા ધારાસભ્ય મિત્રોના હાથમાં પડયું છે. બીજા તબક્કામાં રૂ.૨૨૫૫ કરોડ, ત્રીજા તબક્કામાં રૂ. ૨૭૦૦ કરોડ આ કામોની જોગવાઇ કરવામાં આવી છે. નર્મદાના પૂરના ૧ મિલિયન એકર ફીટ પાણીથી સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો ભરવા માટે બાકી રહેતી કામગીરી માટે માનનીય કનુભાઇ સામે બેઠેલાં છે તેમણે રૂ.૪૩૨ કરોડની વ્યવસ્થા કરી છે. એટલે જો પૂર આવે તો પૂરના પણ પાણી ડેમમાંથી પાઇપ લાઇનમાં અને પાઇપ લાઇનમાંથી તળાવમાં જાય અને એ પાણીથી ખેતી થાય આટલું એડવાન્સ થિંકિંગ તે ગુજરાત સરકાર જ કરી શકે અને ગુજરાત સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ જ આ કામ કરી શકે. આપણે ત્યાં ભૂકંપ આવ્યો અને ભૂકંપના કારણે જે પ્રકારે એક નાનકડું મકાન બનાવવું હોય તો પણ બીક લાગે એવું વાતાવરણ વર્ષ ૨૦૦૧માં બન્યું, પરંતુ આજે ૧૫૦–૧૫૦ મીટરના ઊંચા મકાનો તે અમદાવાદમાં થઇ શકે છે,કારણ કે એના માટે જે કાયદા બનાવવા જરૂરી હતા એ કાયદા ગુજરાત સરકારે બનાવ્યા અને એની ડિઝાઇન એવા ઇન્સ્ટિટ્યૂટ પાસેથી માગી કે જેના કારણે મકાનનો એક કાંકરો પણ હલે નહિ. ગુજરાત સરકારની આ પ્રકારની દૂરંદેશીના કારણે આજે વિકાસ અટક્યો નહિ. આપણે ભલે સિસ્મિક ઝોન–૫માં હોઇએ પણ આપણે એમાં રોકાયા નહિ. મારે કહેવું છે કે આપણે ત્યાં દર ત્રીજા વર્ષે દુષ્કાળ પડતો હતો. માનનીય નરેન્દ્રભાઇ મોદીના આવ્યા પછી જે પ્રકારનું આયોજન થયું એ મુજબ નર્મદાની નહેરના કારણે આજે કચ્છ સુધી પાણી પહોંચ્યું છે. દુષ્કાળ એ ભૂતકાળ થઇ ગયો છે. જો સરકારનું ચિંતન હોય, સરકારનું ચરિત્ર હોય, સરકારની પ્રજા વાત્સલ્યતા હોય તો સાત કરોડ ગુજરાતીઓને એ ભરોસો હોય કે કુદરત રૂઠશે, કુદરતી આફત આવશે તો સરકાર એવી સંવેદનશીલ છે કે જે વાળ પણ વાંકો નહિ થવા દે. શ્રી નરેન્દ્રભાઇથી લઇ શ્રી ભૂપેન્દ્રભાઇ સુધી આખી સરકારનું ચરિત્ર આ પ્રકારનું છે. માનનીય કૉંગ્રેસના સભ્યશ્રીએ પનોતીની વાત કરી. હું એમને કહીશ કે અમેરિકા જેવા વિકસિત રાષ્ટ્રમાં વર્ષ ૨૦૨૩માં ફ્લડ આવ્યું ત્યારે ૨૫ લોકો ગુજરી ગયા. વર્ષ ૨૦૨૨માં હરિકેન ઇયાન આવ્યું ત્યારે ૧૫૭ લોકો ગુજરી ગયા. વર્ષ ૨૦૨૨માં હરિકેન ફિયોન આવ્યું ત્યારે ૨૫ લોકોના અવસાન થયા. વર્ષ ૨૦૨૦માં હરિકેન એટા આવ્યું એમાં ૧૨૦ લોકો અવસાન પામ્યા. મારે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારને અભિનંદન આપવા ઘટે કે બિપોરજોય વાવાઝોડામાં એક પણ વ્યક્તિનું અવસાન ન થયું. હું આ પ્રસ્તાવને સમર્થન આપું છું.

શ્રીમહેશ કસવાલા(સાવરકુંડલા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને એ સંદર્ભમાં માર વિચારો રજૂ કરવા માગું છું.

માનનીયઅ અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી એક પછી એક બધી જ માગણીઓ રજૂ કરતા હતા અને હું જોતો હતો કે પ્રતિપક્ષના લોકો એક પછી એક કાપ દરખાસ્ત મૂકતા હતા. મને વિચાર આવતો હતો કે આરોગ્ય અને પરિવાર કલ્યાણની સેવાઓ છે એમાં પ્રતિપક્ષના લોકો કદાચ કાપ દરખાસ્ત નહિ મૂકે કારણ કે એ અતિ આવશ્યક સેવાઓ છે. રાજ્ય સરકાર માનવીય અભિગમ સાથે ઉત્તમ પ્રકારનું કામ કરી રહી છે. હું એટલું ચોક્કસ કહીશ કે રાજનીતિનો જીવ છું એટલે વર્ષ ૧૯૮૫

પછીની લગભગ બધી ઘટનાઓ મને યાદ છે એટલા માટે આ વિભાગની પૂરક માગણીઓ પર કાપ દરખાસ્ત આવતી હતી ત્યારે હું અતીતમાં જઇને જોતો હતો કે પહેલાંની સર્વિસીસ કેવી હતી અને આજની સર્વિસીસ કેવી છે. યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી રાજ્યના મુખ્યમંત્રી હતા એ વખતથી આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં એક નવો રસ્તો કંડારાયો. માનવીની સેવા કરવાના અભિગમ સાથે પરોપકારની ભાવના સાથે આપણા આરોગ્ય તંત્રએ જે પ્રકારે નવા કીર્તિમાન સ્થાપ્યા છે એનો મને ગર્વ છે. મને ગર્વ છે મારા ગુજરાત ઉપર કે મારું ગુજરાત આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં દુનિયામાં આરોગ્ય માટેનું ડેસ્ટિનેશન બન્યું છે. તમામ રાજ્યોમાંથી દર્દીઓ આરોગ્યની સેવા કરાવવા માટે ગુજરાતમાં આવે છે એટલા માટે અમને ગુજરાત ઉપર ગર્વ છે. વર્ષ ૨૦૧૮માં હું સંગઠનનું કામ કરતો હતો તે વખતે કેન્દ્રના માનનીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાનીનો મને ફોન આવ્યો કે અમેઠીમાંથી એક પરિવારના ચાર લોકો ગંભીર રીતે ઘવાયા છે. ઉત્તર પ્રદેશ, અમેઠીની આરોગ્યની સેવાઓ બરાબર ન હોવાથી તાત્કાલિક ગુજરાતની સિવિલ હૉસ્પિટલમાં મોકલવા પડ્યા છે. અમેઠીના એક પરિવારના ગંભીર રીતે ઘવાયેલા ચાર લોકોને ત્રણ મહિને સ્વસ્થ કરીને આ ગુજરાતે પોતાના વતનમાં મોકલ્યા તેનો મને આનંદ છે. ગુજરાત સરકાર તેનો પ્રત્યેક નાગરિક તંદૂરસ્ત રહે અને લાંબુ આયુષ્ય ભોગવે તે માટે સતત પ્રયત્નશીલ છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ નીતિ આયોગ ઇન્ડેક્ષ એસ.ડી.જી.-૩ આરોગ્ય અને સુખાકારીમાં ગુજરાત વર્ષ ૨૦૧૮-૧૯માં ૫૨ સ્કોર સાથે ૧૭મા ક્રમે હતું. વર્ષ ૨૦૨૧-૨૨માં ૮૬ સ્કોર સાથે રાષ્ટ્રમાં પ્રથમ ક્રમે ગુજરાત હતું. આ નવા કીર્તિમાનો સ્થાપ્યા છે એટલા માટે આ પૂરક માગણીઓને આ સદનમાં સંપૂર્ણપણે સમર્થન મળે તેવી હું અપેક્ષા રાખું છું. આરોગ્યની અનેક પ્રકારની સેવાઓ છે પણ રાજ્યની સરકારે આ રાજ્યને આરોગ્ય ક્ષેત્રે સમૃદ્ધ બનાવવા માટે ભારતનું આવનારું ભવિષ્ય બાળકનો મૃત્યુદર કેવી રીતે ઘટાડાય? તેની ચિંતા કરી છે. બાળક કોઇ એક પરિવારનું હોઇ શકે તે વાત સાચી છે પરંતુ આજનું બાળક એ ભારતની આવતીકાલની અમાનત છે. સશક્ત બાળક હશે તો સશક્ત સમાજ બનશે, સશક્ત સમાજ બનશે તો સશક્ત રાજ્ય બનશે અને સશક્ત રાજ્ય બને તો જ મારો દેશ સમૃધ્ધ બની શકે. આ મંત્રને આધારે રાજ્ય સરકારે માતા-બાળકના મૃત્યુદરમાં આમૂલ પરિવર્તન લાવીને નવા માપદંડો લાદીને મૃત્યુદરને ઓછામાં ઓછો કરવાનું કામ કર્યું છે. હું વર્ષ ૧૯૮૯માં આઠમું કે નવમું ભણતો હતો. એક સમાજમાં કહેવાતું હતું કે બાળક વળી ગયું છે. જન્મતાની સાથે જ જ્યારે બાળક મૃત્યુ પામતું હતું ત્યારે તેના માટેનો તળપદી શબ્દ હતો કે બાળક વળી ગયું છે. અમારા સમાજમાં લાડવા લઇને જવાનો રિવાજ છે. પ્રસૂતા પીડામાંથી બહાર આવી હોય એટલે તેને સારો ખોરાક આપવા માટે પિયર તરફથી લાડવા લઇને જવાય છે પણ આવી બાળક વળી જવાની અઘટિત ઘટના ઘટી હોય ત્યારે કોઇ જુવાન દીકરો લાડવા લઇને ગયો હોય તેનો હું સાક્ષી છું. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે વર્ષ ૧૯૮૯ની આ ઘટનાનો હું સાક્ષી છું. મારે રાજ્ય સરકારને અભિનંદન આપવા પડે કે બાળમૃત્યુ દર એક ટકા કરતાં પણ નીચો લાવી એક હજારે ૧૩ બાળકનો મૃત્યુદર લાવી રાજ્ય સરકારે આ પ્રશંસનીય કાર્ય કર્યું છે એટલા માટે આવી બધી આવશ્યક સેવા માટે જેટલું અપાય તેટલું આપવું જોઇએ તેવો મારો વ્યક્તિગત મત છે. જ્યાં પ્રસૂતિ થતી હતી ત્યાં માતા મૃત્યુ પામતી હતી કાં તો બાળક મૃત્યુ પામતું હતું. રાજ્યની સરકારના અમારા આ વિભાગે માનનીય નરેન્દ્રભાઇ થી માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારોએ આ પ્રકારની સેવા કરી અને આજે મને કહેતાં આનંદ થાય છે કે ગમે ત્યાં પ્રસૂતિ થતી હતી તેના બદલે ૯૫ ટકા ઇન્સ્ટિટ્યુશનલ પ્રસૂતિ આપણા એકમાત્ર ગુજરાતમાં થાય છે. આવી સુંદર વ્યવસ્થાઓ આપણે ત્યાં હોય તો હું એમ માનું છું કે માનનીય નાણામંત્રીશ્રી આ બાબતો માટે પૂરક માગણી લઇને આવ્યા હોય તેને આ સદને એક મતે સમર્થન આપવું જોઇએ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે પૂરક માગણી ક્રમાંક: ૭૯ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશ અને રાજ્યમાં કુદરતી આફતમાં દિવસે ને દિવસે સતત વધારો થતો જાય છે. વાવાઝોડું, અતિવૃષ્ટિ વગેરે આફતો આવવાનું મુખ્ય કારણ આપણા પર્યાવરણને થતું નુકસાન છે.એના મુખ્ય કારણોમાં આપણા ગુજરાતમાં પર્યાવરણને નુકસાન કરતી કેમિકલ ફેક્ટરીઓ અને રિફાઇનરીઓ આવેલ છે. આ રિફાઇનરીઓ વાતાવરણમાં ખૂબ જ પ્રદૂષણ ફેલાવે છે. જેના કારણે ગુજરાતમાં વાવાઝોડું આવવાની શક્યતામાં ૧૦૨ ટકા જેટલો વધારો થવા જઇ રહ્યો છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રીને કહેવા માગું છું કે આવા પ્રદૂષણ ફેલાવતા એકમો પર અંકુશ મૂકવામાં આવે. બીપરજોય વાવાઝોડું આવ્યું ત્યારે મારા બોટાદ જિલ્લામાં અનેક ખેડૂતોને નુકસાન થયું હતું. મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને લેખિતમાં રજૂઆત પણ કરી હતી. આજની તારીખે બોટાદ અને ભાવનગર જિલ્લાના ખેડૂતોને એકપણ રૂપિયો ચૂકવવામાં આવેલ નથી. વિશ્વની સૌથી મોટામાં મોટી રિફાઇનરીઓ ગુજરાતમાં આવેલી છે એ ખૂબ જ પ્રદૂષણ ફેલાવે છે. એના પર પણ અંકુશ મૂકવામાં આવે જેથી ગુજરાતમાં આવતી કુદરતી આફતોમાં ઘટાડો થઇ શકે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે પૂરક માંગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારી વાત ગૃહમાં કરવા આપની અનુમતિ માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને ઉદ્યોગના વિષય પર બોલવાની તક મળી છે. ઉદ્યોગ એ કોઇપણ રાષ્ટ્ર માટે ધોરીનસ સમાન છે. કોઇપણ ઉદ્યોગના વિકાસનું આવશ્યક પરિબળ એ સ્થિર સરકાર, સ્થિર નીતિઓ અને એનાથી વિશેષ વિશ્વાસનું વાતાવરણ છે. આખા વિશ્વમાંથી મોટા ઉદ્યોગગૃહો ભારતમાં અને ગુજરાતમાં એકમો સ્થાપીને સ્થાયી થયા છે. મને કહેતાં આનંદ થાય છે કે છેલ્લાં દસ વર્ષથી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ભારતમાં મજબૂત સરકાર ચાલે છે. આપણી

આ સરકાર ઇન્ડસ્ટ્રીઝ ફ્રેન્ડલી સરકાર છે. જેના પરિણામે આજે વિશ્વના તમામ ઉદ્યોગ ગૃહોએ ભારત તરફ દોટ મૂકી છે. આ દેશના વિકાસનું ભવ્ય વિઝન એમણે જોયું છે. વિશ્વને ત્રીજી આર્થિક મહાસત્તા બનાવવા માટે સંકલ્પ કર્યો છે એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો ગુજરાતની પ્રજા વતી હું આભાર માનું છું. માનનીય મોદી સાહેબના વડપણ હેઠળ વર્ષો સુધી જે સુશાસન ચાલ્યું એ વિકાસ આજે અવિરત ચાલી રહ્યો છે. એમણે વાઇબ્રન્ટ ગુજરાતની પરંપરા શરૂ કરી છે. છેલ્લા બે દાયકાથી લાખો કરોડો રૂપિયા ગુજરાતમાં આવી રહ્યા છે. ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બની ગયું છે. ગુજરાત મીન્સ ગ્રોથ. છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતના સ્થિર શાસન, સ્થિરતા, મક્કમતા અને સ્પષ્ટ ઉદ્યોગનીતિના કારણે ગુજરાત રાજ્ય કોઇ દેશ પ્રગતિ કરી રહ્યો હોય એવી પ્રગતિ કરી રહ્યું છે. આપણા મૃદુ, મક્કમ અને કર્મઠ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વિઝનથી ગુજરાત જે ગતિ કરી રહ્યું છે એના માટે એમને વિશેષ અભિનંદન આપીએ છીએ. આજે ગિફ્ટ સિટીમાં જઇએ તો એક બીજા વાતાવરણમાં ગયા હોય એવું આપણને લાગે. મેં 'બેંક ઓફ અમેરિકા' નું એક બેનર જોયું. આજે 'બેંક ઓફ અમેરિકા' પણ એનો વ્યવસાય કરવા ગિફ્ટ સિટીમાં આવી છે. મલ્ટિનેશનલ કંપનીઓની પણ આ ગિફ્ટ સિટીમાં પોતાની ઓફિસો ખોલવાની શરૂઆત થઇ ગઇ છે. ધોલેરામાં પણ ઔદ્યોગિક હબ તરીકે વિકાસ થઇ રહ્યો છે. આખા વિશ્વમાં જે સેમિકન્ડક્ટરનો વિષય હતો એમાં ભારત દેશ એની પસંદગી બની અને ભારતમાં પણ આપણા ગુજરાત રાજ્યના સાણંદમાં એની શરૂઆત થઇ છે. આ શરૂઆતના લીધે લાખોની સંખ્યામાં રોજગારીનું નિર્માણ થશે. આત્મનિર્ભર ભારત, મેક ઇન ઇન્ડિયાના કન્સેપ્ટથી આજે નવા લાખો સ્ટાર્ટ-અપ આપણા ગુજરાત રાજ્યમાં થઇ રહ્યા છે. હું સભાગૃહની જાણકારી માટે કહું તો, વર્ષ ૨૦૧૪ પહેલાં માત્ર ૨૫૦૦ પેટન્ટ હતી અને આજે માનનીય મોદી સાહેબના ભારત દેશમાં ૭૦,૦૦૦થી વધુ પેટન્ટ રજિસ્ટર્ડ થઇ ચૂકી છે અને આ પેટન્ટના આધારે લાખોની સંખ્યામાં સ્ટાર્ટ-અપ થશે. ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૬૦૦ કરોડ, મોટા કદના ઉદ્યોગો માટે રૂ.૧૧૪૫ કરોડ, સ્ટાર્ટ-અપ પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૨૦ કરોડ, ઔદ્યોગિક વસાહતો માટે રૂ.૪૪૦ કરોડ અને ગામડું બેઠું થાય એના માટે કુટિર અને ગ્રામ ઉદ્યોગ માટે રૂ.૩૭૫ કરોડ જેટલી રકમ આ બજેટમાં ફાળવી છે. માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને એ પૂરક માગણીઓને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને બધાને ખબર છે કે જયારે કુદરતી આફતો આવે છે ત્યારે કુદરતી આફતો આવવાનાં ઘણાં કારણો છે. આપણા બધાને ખબર છે કે, સકલ બ્રહ્માંડ પાંચ તત્ત્વોનું બનેલું છેઃ પૃથ્વી, અગ્નિ, આકાશ, વાયુ અને પાણી. આ પાંચ તત્ત્વો છે અને એ જ પાંચ તત્ત્વો આપણા શરીરમાં પણ છે. આપણું શરીર પણ આ પાંચ તત્ત્વોનું બનેલું છે અને આપણે એમને મહાભૂત કહીએ છીએ. આ પાંચ તત્ત્વો સમયાંતરે પોતાની ક્ષમતા અને પોતાની શક્તિ મુજબ કામગીરી કરતા હોય છે. આ તત્ત્વો કયારેય પણ કોઇની શેહ અને શરમ રાખતા નથી. એ તત્ત્વોમાં જયારે પણ માણસે પર્યાવરણને ડિસ્ટર્બન્સ ઊભું કર્યું છે ત્યારે પ્રકૃત્તિનું નિયમન કરતાં આ તત્ત્વો પોતાની મર્યાદાઓ ઓળંગે છે અને એ મર્યાદા ઓળંગે છે એટલે હોનારત કે કુદરતી આફતો આવે છે. આ કુદરતી આફતો જયારે આવે છે ત્યારે એમાં આપણે ગૌરવ સાથે કહી શકીએ કે આ દેશના વડાપ્રધાનશ્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે ડિઝાસ્ટાર મેનેજમેન્ટની સિસ્ટમ ઊભી કરી છે અને એ ડિઝાસ્ટાર મેનેજમેન્ટ થકી પહેલાના વર્ષોમાં જે રીતે કુદરતી આફતો આવતી હતી અને જે માનવ મૃત્યુ તથા જીવોના મૃત્યુ થતાં હતા એના પ્રમાણમાં ખૂબ મોટા પ્રમાણમાં ઘટાડો જોવા મળ્યો છે. એમાં આપણે ખૂબ કન્ટ્રોલ કરી શક્યા છીએ. આપણે આજે માનનીય વડાપ્રધાનશ્રીને ખૂબ-ખૂબ ધન્યવાદ આપીએ છીએ કે તેમની ડિઝાસ્ટાર મેનેજમેન્ટની આ પદ્ધતિથી આપણે રોકી શક્યા છીએ. આજે આ રાજ્યના મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર છે. આ મુખ્યમંત્રીશ્રી એટલા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી છે એમનું આપણે ઉદાહરણ આપી શકીએ કે, બિપોરજોય વાવાઝોડામાં ડિઝાસ્ટાર મેનેજમેન્ટના આખા પ્લાનિંગ થકી આખી સરકાર કામ કરતી હતી. પહેલી વખત માનનીય મુખ્યમંત્રીશ્રી, સમગ્ર મંત્રી મંડળ અને રાજ્યના તમામ અધિકારીશ્રીઓને હું ધન્યવાદ આપીશ કારણ કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક-એક મંત્રીશ્રીઓને એક-એક જિલ્લામાં બેસાડ્યા હતા અને ૨૪-૨૪ કલાક એ મંત્રીશ્રીઓ ત્યાં કામ કરતા હતા, એ આ ગુજરાત રાજ્યની સરકાર છે.માનનીય મંત્રીશ્રી ૨૪ કલાક કામ કરે. સાથી પક્ષના સભ્યો કેટલાક બોલતા હતા કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ સનાતનની વાત કરે છે. મારે એમને કહેવું છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ માનવતાની સરકાર છે. માનવતાવાદી કામ કરી રહી છે. આ સરકારમાં કોઇ ધર્મ કે જાતિ હોતા નથી. જયારે બિપરજોય વાવાઝોડું આવ્યું ત્યારે એ વિસ્તારના તમામ લોકોને સહાય કરી હતી. કોઇને પૂછ્યું નહોતું કે તમે કઇ જાતિ કે કયા ધર્મના છો. ગુજરાત સરકારે તમામને માટે એકસરખી વ્યવસ્થા કરી હતી. આપણે આનંદ સાથે કહી શકીએ કે જેમ કહેવત છે ને કે 'રામ રાખે તેને કોણ ચાખે?' એમ આ વાવાઝોડામાં એકપણ માનવ મૃત્યુ થયા નહોતા. એ બાબત સરકારની સંવેદનશીલતા અને લાગણી અને સરકારી કામ કરવાની પદ્ધતિ જે હતી. આપણે ગૌરવ સાથે કહી શકીએ કે તમામ સભ્યશ્રીઓ. આદરણીય ગૃહમંત્રીશ્રી પણ ખુલ્લા પગે જઇને કામ કરતા હતા. મંત્રીશ્રી ૨૪ કલાક અને મુખ્યમંત્રીશ્રી ૨૪ કલાક બેસીને સતત તાગ મેળવતા હતા અને સજેશનો કરી રહ્યાં હતાં. જૂનાગઢમાં પૂર આવ્યું. દોઢ કલાકમાં ૨૦ થી ૨૫ ઇંચ વરસાદ પડ્યો અને પૂર આવ્યું. મુખ્યમંત્રીશ્રી રાજકોટમાં હતાં. જયારે હું મિટિંગમાંથી નીકળ્યો ત્યારે જોયું કે મુખ્યમંત્રીશ્રી સતત સંપર્કમાં હતા અને રાજકોટમાં બપોર પછીના બધા કાર્યક્રમો રદ કરી કલેકટર ઓફિસે બેસીને સતત

સંપર્કમાં હતા. કયાં કઇ જાતની વ્યવસ્થાની જરૂર છે કે શું કામ કરવાની જરૂર છે એ મુખ્યમંત્રીશ્રી ખુદ ધ્યાન રાખી રહ્યા હતા. એમણે કહ્યું કે હું આવું છું, મેં કહ્યું કે આપ આવો નહીં. વ્યવસ્થા બધી છે. એમણે વ્યવસ્થા કરી અને બીજા જ દિવસે સહાય માટે આજુબાજૂની નગરપાલિકાઓ અને મહા નગરપાલિકાઓમાંથી સફાઇ કર્મચારીઓ લાવીને મશીનો મૂકવાનું કામ આ રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને એમની સરકારે કર્યું છે. સ્વાભાવિક રીતે આ કામ કરવાની શકિત છે. આફત આવતી હોય પણ એ આફતને અવસરમાં પલટવાનું કામ આ ભારતીય જનતા પક્ષની આ ગુજરાતની સરકારે કર્યું છે. આ મંત્રીમંડળના મંત્રીઓએ કર્યું છે. ધારાસભ્યોએ કર્યું છે. તમામ નાના મોટા અધિકારીઓ પણ કામ કરતાં હતાં. પી.જી.વી.સી.એલ. અને જેટકોની ટીમે પણ ખૂબ સતર્કતાથી કામ કર્યું છે. લાઇટ જાય નહીં અને જો જાય તો તાત્કાલિક આવી જાય એના માટે આ ટીમ કામ કરતી હતી. વરસાદ નીકળી જાય, પૂર ચાલુ હોય છતાં પણ થાંભલા પર ચડીને ગુજરાતના લોકોને લાઇટ મળે એના માટેના પ્રયત્નો સાથે એ પી.જી.વી.સી.એલ. અને જેટકોના કર્મચારીઓ કામ કરી રહ્યાં હતાં. તેમને ધન્યવાદ આપું છું અને માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું. આભાર, વંદે માતરમ્, ભારત માતાકી જય, જય જય ગરવી ગુજરાત, જય સીયારામ.

વિપુલકુમાર વિ. પટેલ(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નાણાએ સહકાર માટે ૧૩૪.૫૧ કરોડની પૂરક માગણી મૂકેલ છે તેને મારું સમર્થન આપું છું અને આ સંદર્ભે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શરાફી સહકારી મંડળીઓ. સમાજના સભ્યોમાં બચત અને પરસ્પર સહકારની ભાવના કેળવવા અને તેને ઉત્તેજન આપવા માટે, ધિરાણ અથવા રોકાણના હેતુ માટે માત્ર સભ્યો પાસેથી બચતો, થાપણો અને ડિપોઝિટો એકત્ર કરીને સભાસદોના ઉત્કર્ષ માટે જુદા જુદા પ્રકારની યોજનાઓ માટે શરાફી મંડળીની રચના કરવામાં આવી હતી. સ્કૂલ તથા કોલેજના વિદ્યાર્થીઓએ બચત કરી સ્વાવલંબી બને અને એકબીજાને નાણાભીડમાં મદદરૂપ બને, બચતની વિવિધ યોજનાઓનો અમલ કરવા માટે જીવનની વિવિધ બચતો કરવાની ટેવો અને સહકારની ભાવના વિકસાવવા માટે ધિરાણ માટે ગ્રાહક સહકારી મંડળીઓની રચના કરવામાં આવી હતી. સમગ્ર ભારતમાં સર્વપ્રથમ શરાફી સહકારી મંડળીની શુભ સ્થાપના આપણા વડોદરામાં સને ૧૮૮૯માં થઇ હતી. રાજયમાં ૬૪૩૩ જેટલી જેટલી શરાફી મંડળીઓ કાર્યરત છે. આ શરાફી મંડળીઓ આર્થિક રીતે કચડાયેલાં ટાંચાં સાધનો ધરાવતા મધ્યમ વર્ગના લોકોને પ્રસંગોપાત નાના પાયાના ધંધો રોજગાર વ્યવસાય કરવા નાણાકીય સવલતો પૂરી પાડવા ઉપરાંત સભ્યોની બચત, તેઓને પરસ્પર સહકારની ભાવનાને પ્રોત્સાહન મળે તે હેતુસર રચના કરવામાં આવી હતી. રાજયમાં તારીખ ૩૧-૩-૨૩ના અંતિત આશરે કુલ ૬૪૩૩ જેટલી શરાફી સહકારી મંડળીઓ, જેમાં ૩૫.૩૬ લાખ જેટલા સભાસદો અને રૂપિયા ૯૦૨ કરોડ જેટલી શેર મૂડી અને ૨૯૦૭ કરોડ જેટલી થાપણો એકત્રિત કરેલ છે અને જરૂરીયાતમંદ સભાસદોને રૂ. ૩૨૮૮.૪ કરોડ જેટલું ધિરાણ પણ પૂરું પાડેલ છે. રાજયમાં બિન ખેતીવીષયક ધિરાણ કરતી સંસ્થાઓનો ઉત્તરોત્તર વિકાસ થતાં તેમના પ્રશ્નો અને સમસ્યાઓમાં માર્ગદર્શન મળી રહે તે માટે શરાફી સહકારી મંડળીઓની ફેડરલ સંસ્થા તરીકે ૧૯૯૭માં ગુજરાત સ્ટેટ કો.ઓ.ક્રેડીટ સોસાયટી ફેડરેશનની રચના કરવામાં આવેલ છે. આ ઉપરાંત જિલ્લા/પ્રાદેશીક કક્ષાએ જુદા જુદા સાત ફેડરેશનો/ એસોસીએશન પણ કાર્યરત છે. આ શરાફી સહકારી મંડળીઓ મારફતે બચતો એકત્રિત કરવા અને જુદા જુદા હેતુ માટે ધિરાણ કરવા ઉપરાંત સભ્યોની કિંમતી વસ્તુઓની સાચવણી, સલામત બને તે હેતુથી સેફ ડિપોઝિટ વોલ્ટની સુવિધા પૂરી પાડવાની, સભ્યો અને તેમનાં બાળકોના આરોગ્ય, કેળવણી, મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ખીલવણી માટે અને તેની રચના કરવામાં આવી હતી. ચાલુ વર્ષના અંદાજપત્રમાં સહકારને સહાયક અનુદાન અંગે રૂ. ૧૭૧૯ કરોડની જોગવાઇ સામે રજિસ્ટ્રાર સહકારની કચેરીના કોમ્પ્યુટરાઇઝેશન માટેની યોજના અંત્રગત હાર્ડવેર પ્રોક્યોરમેન્ટ, વ્યાજ સહાય માટે ખેડૂતોને નાણાકીય સહાય, રાજયની નબળી બજાર સમિતિઓના રીસ્ટ્રકચરિંગ માટે તથા સહકારી મંડળીઓના નોંધણી અધિકારી માટે નવાં વાહનોની ખરીદી થવાના કારણે રૂ.૧૩૪ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે તેને હું સમર્થન આપું છું અને આ ગૃહના સભ્યો પણ સમર્થન કરે તેવી મારી વિનંતી છે. સહકારને કારણે આજે ગામે ગામ દૂધ મંડળી, સહકાર મંડળી તથા તાલુકા કક્ષાએ એ.પી.એમ.સી., ખરીદ વેચાણ સંઘ અને જિલ્લા કક્ષાએ જિલ્લા મધ્યસ્થ બેંક તથા જિલ્લા ડેરી જેવી અમૂલ, બનાસ, સાગર એનું સફળતાનું પરિણામરૂપ છે. રાજયની સામાન્ય વિસ્તારની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓના વિકાસ માટે નાણાકીય સહાય મંજૂર કરવા તથા બજાર સમિતિઓને અધુનિક સગવડો ઊભી કરવા માટે બજાર સમિતિઓના વર્ગ આધારીત સહાય આપવા માટે રાજય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઉપરાંત ખેત પેદાશોની સીધી વેચાણ વ્યવસ્થા ઊભી કરવા બજાર સમિતિઓમાં કૃષિ પ્રદર્શન યોજવા માટે તથા બજાર સમિતિઓને સફાઇને લગતા સાધનો/મશીનરી પૂરી પાડવા માટે પણ વિવિધ યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓના કારણે બજાર સમિતિઓમાં ઓકશન શેડ, આંતરીક પાકા રસ્તાઓ, ફેન્સિંગ દીવાલ ગેટ સાથે, ખેડૂત કેન્ટિન, ઓફીસ બિલ્ડિંગ, શોપ કમ ગોડાઉન, લાઇટ વ્યવસ્થા, શૌચાલય અને બાથરૂમ, ખેડૂત ગોડાઉન જેવી વિવિધ માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજયની ૧૮૮ બજાર સમિતિઓને અત્યાર સુધીમાં રૂ.૩૩૩ કરોડ જેટલી માતબર સહાય ચૂકવવવામાં આવેલ છે જેના પરિણામે બજાર સમિતિઓમાં ખેડૂતોના હિતાર્થે અને વિકાસ અર્થે માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થઇ છે. રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી આધુનિક બજાર સમિતિ સ્થાપવાની યોજના અંતર્ગત બજાર સમિતિઓમાં વેચાણ કમ પ્રદર્શન કેન્દ્ર, ખેડૂતો માટે શેડ, પ્લેટફોર્મ, ડ્રીપ ઈરીગેશન માટેના

ડેમોસ્ટ્રેશન ફાર્મ તેમજ શાકભાજી બજારમાં ઇન્ફર્મેશન કિઓસ્ક જેવા જુદા જુદા હેતુઓ માટે તમામ વર્ગની બજાર સમિતિઓને રૂ. ૫૦ લાખની મર્યાદામાં પ્રોજેક્ટ કોસ્ટના સો ટકા સહાય તરીકે આપવામાં આવે છે અને આ હેતુ માટે અત્યાર સુધી રાજયની બજાર સમિતિઓને રૂ.૭૭.૭૬ કરોડ જેટલી સહાય ચૂકવવવામાં આવેલ છે. બજાર સમિતિઓ માટે અમલમાં મૂકવામાં આવેલી અનેકવિધ યોજાઓના કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર વધારો થયો છે. તેઓનું જીવનધોરણ ઊંચું આવ્યું છે. બજાર સમિતિઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલ માળખાકીય સુવિધાઓનો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. ખેડૂતો પોતાની ખેત પેદાશને સમગ્ર રાજયમાં ગમે ત્યાં વેચી શકવાના કારણે તેમને સારા ભાવો મળી રહ્યા છે. આમ, બજાર સમિતિઓ માટે રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ યોજનાઓના કારણે ગ્રામ સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. આવી બીજી યોજનાઓનો ઉલ્લેખ કરું તો ખેડૂતો, ખેડૂતોની સહકારી મંડળીઓ અને ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને ગોડાઉન બાંધવા માટે અને અનાજ સંગ્રહ શકિતમાં વધારો કરવા માટેની ૨૫ ટકા ગોડાઉન બાંધકામ કેપીટલ યોજનામાં અત્યાર સુધીમાં રાજય સરકારે ૨૪૮૩ લાભાર્થીઓને અંદાજીત રૂ.૩૩ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. કોરોના મહામારીના કારણે સમગ્ર દેશમાં ઊભી થયેલ લોકડાઉનની સ્થિતિને ધ્યાનમાં લઇ રાજય સરકારે બીનતારણ ધિરાણ માટે આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૧ અને ૨ અમલમાં મૂકેલ છે જેમાં આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૧ હેઠળ ૧,૬૭,૮૦૨ લાભાર્થીઓને રૂ.૧૫૬૫.૪૮ કરોડનું ધિરાણ તથા આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ હેઠળ ૩૮,૪૮૮ લાભાર્થીઓને રૂ.૯૪૧.૫૧ કરોડનું ધિરાણ મંજૂર કરેલ છે. સહકારી કૃષિ ધિરાણ માળખાને ખેડૂતોને આપવામાં આવતા પાક ધિરાણ ઉપર વ્યાજ રાહત આપવા તથા સમયસર ધિરાણ પરત ભરપાઇ કરવા ખેડૂતોને ૪ ટકા વ્યાજ રાહત આપવાની યોજના હેઠળ અત્યાર સુધીમાં રૂ.૭૧૮૩ કરોડનો ખર્ચ થયેલ છે. હું પૂરક માગણીને સમર્થન આપું છું.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણી નં. ૭૯ લઇને આવ્યા છે એમને હું મારું અનુમોદન આપવા ઊભો થયો છું અને મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા અસરગ્રસ્તોને તાત્કાલિક સહાય મળે તે માટે બિપોરજોય વાવાઝોડા દરમિયાન તા.૧૬-૬-૨૦૨૩ના ઠરાવથી જે કેશડોલ રોકડમાં ચૂકવી આપવા માટે ઠરાવવામાં આવેલ જે સંદર્ભે બિપરજોય વાવાઝોડાં દરમિયાન તેમજ ચોમાસુ વર્ષ ૨૦૨૩ દરમિયાન રૂ.૪,૬૬,૭૭,૦૦૦ જેટલી કેશડોલ વિવિધ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચૂકવી આપવામાં આવેલ. બિપોરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ જિલ્લાના માલધારીઓને નુકસાન થયેલ જેના કારણે માલઢોર માટે ઘાસચારો, ખોળ, બગડી જતા માલધારીઓના માલઢોરને ઘાસની જરૂરિયાતની પરિસ્થિતિના અનુસંધાને પ્રતિ દિન ૪ કિલો પ્રતિ પશુ ઘાસ કુટુંબદીઠ ૫ પશુની મર્યાદામાં વિનામૂલ્યે એક સાથે ૭ દિવસનું વિતરણ કરવામાં આવેલ હતું. બિપોરજોય વાવાઝોડાથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં કપડાં, ઘરવખરી અને મકાન સહાય સત્વરે ચૂકવી આપવા સારું તા.૨૦/૬/૨૦૨૩ના ઠરાવથી ભારત સરકારના ધોરણો ઉપરાંત રાજ્ય સરકારના બજેટમાંથી પણ સહાયની રકમ ચૂકવવાનું ઠરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં આવેલ વિવિધ કુદરતી આપત્તિ દરમ્યાન રૂ.૬ કરોડ ૩૨ લાખ ૧૪ હજાર ૭૦૦ માનવ મૃત્યુ માટે અને રૂ.૬ કરોડ ૧૪ લાખ ૬૦ હજાર બચાવ પરિવહન ખર્ચ પેટે, રૂ.૮ કરોડ ૨૪ લાખ મકાન-ઝૂંપડા સહાય પેટે અને રૂ.૧૬ કરોડ માછીમારી માટે નુકસાન પામેલ હોડીના સમારકામ માટે અને રૂ.૩૩૧ કરોડ ૮૫ લાખ ૩૧ હજાર ૪૦૦ ખેડૂતોને થયેલ પાક નુકસાનની સહાય પેટે સત્વરે રકમ ચૂકવણી કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૩ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગને રૂ.૨૨૦ કરોડ અને પંચાયત વિભાગને રૂ.૨૮ કરોડ ૫૪ લાખ, શહેરી વિકાસ વિભાગને રૂ.૧૦.૦૯ કરોડ, શિક્ષણ વિભાગને રૂ. ૯ કરોડ ૧૦ લાખ અને આરોગ્ય વિભાગને રૂ. ૦.૮૬ કરોડ, પશુપાલન વિભાગને રૂ.૩.૮ કરોડ અને માર્ગ અને મકાન વિભાગને રૂ.૪૨૬.૮૮ કરોડ જાહેર મિલકતોને થયેલ નુકસાનનું સત્વરે પુન:સ્થાપન કરવા સહાય પેટે ચૂકવવામાં આવેલ. જ્યારે જ્યારે વાવાઝોડાં આવે ત્યારે આગળ વાત થઇ એ પ્રકારે પહેલા કોઇ પણ પ્રકારના ઇન્ફ્રાસ્ટ્રકચરની કોઇ વ્યવસ્થા હતી નહીં. એ સમય મને યાદ છે કે સુરતની અંદર પણ વર્ષ ૧૯૯૪ અને વર્ષ ૨૦૦૬માં પૂર આવ્યું હતું. એવા સમયે વર્ષ ૨૦૦૬માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના પ્રધાનમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઇ સુરતમાં રોકાણા હતા અને રાતના ૧૨-૦૦ વાગ્યે મારા મત વિસ્તાર કતાર ગામમાં ટ્રકમાં બેસીને નિરીક્ષણ કરવા માટે આવ્યાં હતા અને એ આ ભારતીય જનતા પાર્ટીની સેવાનો સંકલ્પ અને પોતાની અંદરની સંવેદના બતાવે છે. કચ્છની અંદર ભૂજમાં ભૂકંપ આવ્યો અને તે સમયે પણ એવું પહેલીવાર બન્યું કે ભૂજને જ્યારે પહેલા હતું એના કરતા પણ વધારે સારું ડેવલપ કરી દીધું. સુરતમાં જ્યારે વર્ષ ૨૦૦૬માં પૂર આવ્યું ત્યારે ફક્ત સરકારી તંત્ર નહીં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ સહિત એમાં બધા જ આવી ગયા. લોકો એમાં સેવામાં જોડાયા હતા. તે સમયે અમુક લોકો ટીકાઓમાં બેઠા હતા. સેવા કરવા આવ્યા ન હોતા. તે વખતે એકેએક વિસ્તારમાં ૧૩ ફૂટ જેટલું પાણી ભરાયું હતું છતાં ૪૮ કલાકની અંદર પાણી ઉતરી જતા ૭ દિવસની અંદર સફાઇ થઇ ગઇ એની સામે જ્યારે અમેરિકા જેવી મહાસત્તાને ત્યાં બિલ્ડિંગ ધરાશય થયું ત્યારે દોઢ વર્ષ સુધી એનો કાટમાળ નીકળી શક્યો ન હતો ત્યારે સુરતને ૮ દિવસમાં બેઠું કરવાનું આ રાજ્ય સરકારની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું હતું. હમણાં એક વાત થઇ કે બોટાદમાં કાંઇ મળ્યું નથી. બોટાદમાં નુકસાનનો જે સરવે કરવામાં આવ્યો ત્યાં બોટાદમાં પણ ચૂકવણી થઇ છે. અહીંયા ગૃહને ગેરમાર્ગે દોરવામાં આવે છે કે, ટકો પણ કંઇ મળ્યું નથી. ખરેખર એ વિષયની એમણે તપાસ કરીને અહીંયા આવવું જોઇએ. આવનારા દિવસો માટે આ સરકાર અત્યારે

નાણામંત્રીશ્રી અહીંયા બેઠા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ જે સમયે જ્યારે જ્યારે આવી ઘટનાઓની આગાહી થઇ ત્યારે વોરરૂમમાં બેસીને નિરીક્ષણ કર્યું છે અને નાણામંત્રીશ્રીએ જ્યારે જે જે જરૂર પડી તે નિયમોનુસાર તમામ નાણાં ડાયરેક્ટ કેશડોલ્સ સીધા અસરગ્રસ્તોના ખાતામાં જમા કરાવ્યાં છે. સાહેબ, પહેલા ખાતામાં જમા થતા ન હોતા પણ ખિસ્સામાં જમા થતા હતા એની જગ્યાએ હવે ખાતામાં જમા થાય છે એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના કારણે છે. જ્યારે નાણાં મંત્રીશ્રીની માગણી નં.૭૯ લઇને આવ્યા છે ત્યારે હું મારું એને અનુમોદન આપું છું, ભારત માતા કી જય.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી(કરંજ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી માગણી નં. ૧૦૨ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના સૂત્રને ગુજરાતના મૃદુ અને મકકમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારના અભ્યાસુ અને શાંત પ્રકૃતિના યશસ્વી નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ પ્રજાલક્ષી સર્વાંગી વિકાસને વેગ આપ્યો છે. છેવાડાના માનવીની આશા અને અપેક્ષાને સાચા અર્થમાં સાર્થક કર્યું છે અને અભિનંદનને પાત્ર છે. ગુજરાત સર્વાંગી વિકાસ ક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે ત્યારે ગામડાંઓના વિકાસની સાથે સાથે શહેરી વિકાસમાં પણ પ્રાથમિક સુવિધાઓ સાથે આંતરમાળખાકીય વિકાસના કામોમાં આવરી લેવામાં આવ્યું છે જેને મારું અનુમોદન આપું છું અને હું આ તકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વિવિધ વિકાસલક્ષી કાર્યો કરવામાં આવે છે તે પણ આવકારદાયક છે. ખાસ કરીને શહેરોની વાત કરું તો એમાં શહેરી આયોજન, વહીવટમાં ગુણવત્તામાં સુધારા થાય એ આજના વધતા જતા શહેરીજનોની માંગ છે. શહેરોમાં આર્થિક રીતે ગતિશીલ, જીવંત, રહેવાલાયક અને પર્યાવરણની દ્રષ્ટિએ ટકાઉ તેમજ સક્ષમ બનાવવા ઇઝ ઓફ લીવીંગ ઉપર પણ આ સરકાર ધ્યાન આપી રહી છે. ખાસ કરીને જો હું મારા સુરતની વાત કરું તો આ સરકાર પ્રજાજનોની સુખાકારી માટે શહેરીજનોની સુખાકારી માટે જયારે શહેરોનો વિકાસ વધી રહ્યો છે એ માળખાકીય સુવિધાઓની સગવડતા આપવા માટે સુદ્રઢ કરવાના ભાગરૂપે શહેરોના માર્ગો, પુલો, પાણી પૂરવઠા, ગટર વ્યવસ્થા, આરોગ્ય, શિક્ષણ અને પરિવહનને ઉત્તેજન આપવામાં આવે છે એ પણ આવકારદાયક છે. ખાસ કરીને હું વાત કરું તો સુરતથી જયારે હું પ્રતિનિધિત્વ કરતો હોઉં ત્યારે સુરતની જીવાદોરી સમાન તાપી નદીના શુદ્ધિકરણ માટેની જયારે હું વાત કરતો હોઉં ત્યારે નેશનલ રીવર કન્ઝર્વેશન પ્લાન્ટ અંતર્ગત તાપી શુદ્ધિકરણ માટે પ્લાન્ટ સન ૨૦૧૭માં ઘોષિત કરવામાં આવેલો ત્યારે હું વર્ષ ૨૦૧૫થી ૨૦૨૦માં મહાનગરપાલિકામાં કોર્પોરેટરમાં હતો ત્યારથી શરૂ કરેલું તાપી શુદ્ધિકરણનું કામ અત્યારે જે રીતે આગળ વધી રહ્યું છે ત્યારે અનુસંધાને કાકરાપારથી શરૂ કરી તાપી નદીના અરબી સમુદ્રના મિલન સ્થળ સુધી તાપી નદીના બંને કાંઠે આવેલ કુલ ૪૪ આઉટલેટોની ગટર ટ્રીટમેન્ટ કર્યા વગરનું અંદાજે ૩૭૦ એમ.એલ.ડી. મલીન જળ તાપી નદીમાં ભળતું હોવાનું ધ્યાને આવેલ તેના લીધે તાપી નદીની ગુણવત્તા અને પર્યાવરણ ઉપર વિપરીત અસર થતી હતી. એના નિવારણ માટે કેન્દ્ર સરકાર દ્વારા સદર પ્રોજેકટનો ડી.પી.આર. મંજૂર કરવામાં આવ્યો. હાલમાં તાપી નદીની કુલ લંબાઇ તટ માટે જે હદ વિસ્તારમાં પસાર થતી તાપી નદી માટે સુરત મહાનગરપાલિકા હદ વિસ્તાર માટે સુરત મહાનગરપાલિકા, સુરત શહેરી વિકાસ મંડળ અને સુડા તથા રાજય સરકાર હદ વિસ્તરણ માટે જી.ડબલ્યુ.એસ.એસ.બી. દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૧૯-૨૦ના તાપી શુદ્ધિકરણ પ્રોજેકટ અંતર્ગત સુડા વિસ્તારમાંથી આવતી શહેર નજીક તાપી નદીની વરતી, વાલખ, વરાછા, ગઢપૂર ખાડીના દૂષિત પાણીને તાપી નદીમાં ભળતું અટકાવવા માટે પૂર્ણ કરી અંદાજે ૧૩૫ એમ.એલ.ડી. જેટલું ગંદુ પાણી તાપી નદીમાં પ્રવેશતું અટકાવવામાં આવેલ છે એ અભિનંદનને પાત્ર છે. આ તકે સુરત મહાનગર પાલિકાના શાસકો, વહીવટીતંત્રને પણ હું અભિનંદન આપું છું. તાપી નદી ડાબા કાંઠે અને જમણા કાંઠે વિસ્તારમાં બેન આઉટલેટ થતી તાપી નદીમાં ભળતા મલીન જળને અટકાવવા સ્ટ્રોમ આઉટલેટ ઇન્ટરસ્ટેપ અને ડાયર્ઝન કરી જેને નજીકના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રાન્સફર કરવા પાંચ સુએજ ટ્રીટમેન્ટ સુએઝ પમ્પિંગ સ્ટેશનો આનુષંગિક ડ્રેનેજ નેટવર્ક ટ્રાન્સમીશન લાઇન કામગીરી કરવામાં આવે છે. તેના પરિણામે ૮૦થી ૧૦૦ એમ.એલ.ડી. જેટલો ડ્રેનેજ વોટર જથ્થો આ ટ્રીટમેન્ટ સિસ્ટમમાં ડાયવર્ટ કરવામાં આવ્યો છે. ખાસ કરીને આ ગૃહમાં જ્યારે હું બીજીવાર ધારાસભ્ય તરીકે આવ્યો છું અને આ તાપી શુદ્ધિકરણની વાત હું કોર્પોરેટર હતો ત્યારથી ચાલુ થઇ છે અને આ સરકાર થકી તથા કેન્દ્ર સરકારની ગ્રાન્ટ થકી તાપી શુદ્ધિકરણનું જે કામ કરવામાં આવી રહ્યું છે તે આવકારદાયક છે. માનનીય નાણામંત્રી શહેરી વિકાસ માટેની જે પૂરક માગણી લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું. અસ્તુ, ભારત માતા કી જય.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાણા જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી ક્રમાંક-૩૯ એટલે કે તબીબી અને પરિવાર આરોગ્ય સેવાઓ ઉપર મારા વિચારો વ્યક્ત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાણાં જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મહેસૂલી ખર્ચ માટે ૩૧૬ કરોડ ૦૫ લાખ રૂપિયા અને મૂડી ખર્ચ માટે ૪૧૪ કરોડ ૪૨ લાખ રૂપિયા જેટલી રકમ પૂરક માગણીમાં લઇને આવ્યા છે ત્યારે હું વાત કરીશ તો આરોગ્ય વિષયક સેવાઓ છે તેમાં ગામડાની અંદર જોઇએ તો પી.એચ.સી. પેટા આરોગ્ય કેન્દ્રો વસતિના ધોરણે એટલે કે પાંચ હજારની વસતિએ આપવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો વસતિના ધોરણે એટલે કે ૩૦ હજારની વસતિ હોય ત્યારે આપવામાં આવે છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર તે ૮૦ હજારની વસતિના ધોરણે આપવામાં આવે છે. અહીં જોઇએ તો ભારતીય જનતા પાર્ટીની સરકાર એટલે કે, મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું એક અલગ વિઝન છે. આપણે થોડા સમય પહેલાં એટલે

કે બે–ત્રણ વર્ષ પહેલાં કોરોનાના સમયમાં જોયું તો તેઓ એક જ દિવસમાં ત્રણ જગ્યાએ વૈજ્ઞાનિકોને મળીને વેક્સિનનું સંશોધન કરાવ્યું. વેક્સિન શોધીને દુનિયાના ધનાઢ્ય દેશો રશિયા, અમેરિકા જેવા બધા દેશો કંઇ ના કરી શકયા, કોરોનાના સમયમાં માણસ ટપોટપ મરી રહ્યો હતો તે વખતે મોદી સાહેબ દેશ અને દુનિયા માટે કામ કરી રહ્યાં હતાં. માણસને બચાવી લેવા માટે તેઓ સતત કામ કરી રહ્યાં હતાં. તે સમય કેવો હતો કે આપણે એકબીજાને મળી શકતા ન હતા. ઘરમાં ખાવાની ડીશ આપવાની હોય તો તેને અડી પણ શકતા ન હતા. તે સમયમાં બજારો, શહેરો, ગામડાં બંધ કરવામાં આવ્યાં હતાં. તે સમયે માણસોને તકલીફ ન પડે તેના ભાગરૂપે રાશન પણ ઘરે પહોંચાડવામાં આવતું હતું. મોદી સાહેબની તે વખતે લોકો મશ્કરી કરી રહ્યા હતા. તે વખતે ગુજરાતની ૬ કરોડની જનતા અને દેશની ૧૪૦ કરોડની જનતાને બચાવી લીધી હોય તો ભગવાન સમા મોદી સાહેબે બચાવી લીધા છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા દુનિયાના દેશો ભારત દેશ અને મોદી સાહેબને ગણતા ન હતા. આજે દેશના વડાપ્રધાન મોદી સાહેબે વેક્સિનના ત્રણ–ત્રણ ડોઝ મફતમાં ગુજરાતમાં અને પૂરા દેશમાં આપ્યા ત્યારે દુનિયાના દેશોએ મોદી સાહેબ પાસે વેક્સિનની માગણી કરવી પડી. મોદી સાહેબે દુનિયાના દેશોને વેક્સિન આપી. તે રીતે દુનિયાને પણ બચાવી લીધી. તેના ભાગરૂપે આજે મોદી સાહેબ વિશ્વગુરુ બનવા તરફ જઇ રહયા છે. આ વેક્સિન જોઇશું અને આવી અનેક બાબતો છે. આરોગ્ય ઉપર મોદી સાહેબે ખૂબ ભાર મૂક્યો છે. તેના ભાગરૂપે ગામડાની અંદર દવાખાના જુઓ, જિલ્લાના દવાખાના હોય, સબ હોસ્પિટલો હોય, ગામડાની અંદર પી.એચ.સી., સી.એચ.સી., પેટા કેન્દ્રો હોય ત્યાં બધે જ છેવાડાના અંતરિયાળ વિસ્તાર સુધી આરોગ્યની સેવા ભાજપની સરકાર એટલે કે આપણા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર પહોંચાડી રહી છે. ત્યારે આજે વિશેષ ન કહેતા દુનિયામાં આજે બધી જ બાબતોમાં આપણા મોદી સાહેબનું વિઝન ખૂબ ઊંચું છે અને એટલા માટે થઇને આપણા નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ ખરેખર યથાયોગ્ય છે અને એને આપણે સમર્થન આપવું જોઇએ કારણ કે, અહીંયા જેટલી જેટલી સુવિધાઓ છે, ગામડાની હોસ્પિટલો જુઓ કે શહેરોની સિવિલ હોસ્પિટલો જુઓ અથવા જિલ્લાના દવાખાના જુઓ અથવા શહેરોમાં ટ્રસ્ટો દ્વારા ચાલતા દવાખાના જુઓ અથવા તો ગ્રન્ટ ઇન એઇડ હોસ્પિટલો જુઓ એ બધી જ ખૂબ સરસ અદ્યતન બનાવવામાં આવી છે.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા) : have raised before this 4th Session of the 15th Assembly. I am thankful to the Hon’ble Speaker to allow me to speak out on the Supplementary Demand No. 49 regarding Vibrant Gujarat - A paramount importance for the industries of Gujarat.

Hon’ble Speaker sir, Vibrant Gujarat – these are not just two words but an idea, a vision for progress and prosperity which not only binds but shows mirrors image of Gujarat and integrity of Gujarat’s economy and Industrialization. Hon’ble Speaker, Gujarat, a State pulsating with dynamism and resilience continues to set new benchmarks in economic growth and development. As we embark on the journey of 2024, the spirit of Vibrant Gujarat resonates louder than ever, symbolizing a commitment to progress, innovation and inclusive development. Hon’ble Speaker, sir, Vibrant Gujarat is a testament to the State’s unwavering dedication to economic excellence. The confluence of visionary leadership, robust policies and proactive business environment has transformed Gujarat into an economic powerhouse. The Summit serves as a platform for global leaders, entrepreneurs and policy makers to engage in meaningful dialogues for fostering collaboration that transcends borders and industries. Hon’ble speaker, the key pillars of Vibrant Gujarat evolves around innovation, sustainability and inclusivity. Gujarat aims not only to sustain its economic momentum, but also to lead in emerging sectors such as renewable energy, technology and healthcare. There is a focus on research and development, the State has endeavour to become a hub for cutting edge technologies. Fostering a culture of innovation that propels progress Gujarat to the forefront at the global stage. Hon’ble speaker, sustainability is the corner stone of Gujarat’s development strategy. A State recognizing importance of balancing economic growth with environment conversation with initiatives promoting clean energy and waste management. Sustainable agriculture underscores Gujarat’s commitment to create a greener and more resilient future.

Hon’ble Speaker, furthermore, Vibrant Gujarat is a celebration of inclusivity and social development. The State understands that true progress is measured not only by economic

indicators but also by the wellbeing of the citizens, inclusive policies and programs aim to uplift marginalised communities ensuring that the benefits of growth reach every strata of the society. Hon'ble Speaker, the Summit provides a unique opportunity for businesses to explore investment prospects in Gujarat, leveraging its strategic location, skilled workforce and investor-friendly policies. The State's commitment to ease of doing business is reflected in its proactive approach to addressing challenges and facilitating a conducive environment for the industries to thrive. Hon'ble Speaker, as we navigate the challenges of 21st century, Gujarat positions itself as a beckon of resilience and adoptability. That the State's response to global change reflect a forward thinking mindset, embarrassing technology and innovations to stay ahead in an ever evolving world. Hon'ble Spearker, the Vibrant Gujarat Global Summit 2024 is an important milestone for promoting investment and economic growth across the region. As a part of its wider outreach strategy, road shows were organized between 6th October to 22nd December, 2023 in various cities such as New Delhi, Mumbai, Kolkatta, Chennai, Lucknow, Gauhati, Jaipur, Indore etc. These road shows were organized as a part of the Vibrant Gujarat Global Summit 2024 which played an important role in showcasing investment potential in Gujarat and fostering strategic alliances to connect with the key record holders and highlight investment opportunities in Gujarat. Hon'ble Speaker, as a beginning is made to realize the promise of developed India before 2047 is accomplished, a broad and active fraternity of industry leaders has further highlighted the State of Gujarat as a leading destination for investment. It definitely shows the gateway to developed India is very much passing through Gujarat. In conclusion, Vibrant Gujarat inculcates the spirit of a State poised for greatness. It is not merely a summit but a declaration of Gujarat's unwavering commitment to shaping a future where progress is not measured in economic terms, but also in the wellbeing of its people. It shows that this shall collectively help a country to switch gears from one of the …..

શ્રી સુખાજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નાણા વિભાગે સહકાર માટે જે ૧૩૪,૫૧.૮૧ માગણી મૂકેલ છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા તાલુકા ખરીદ વેચાણ સંઘો વિશે માહિતી લઇએ તો રાજયમાં હાલ રાજય કક્ષાના કુલ–૧૧ માર્કેટિંગ ફેડરેશન છે, ૨૫ જિલ્લા ખરીદ–વેચાણ સંઘો, ૧૯૫ તાલુકા ખરીદ–વેચાણ સંઘો તથા ગ્રામ્ય કક્ષાએ ૨૪૩૨ માર્કેટિંગ મંડળીઓ, ૧૪૦૩ પ્રોસેસિંગ મંડળીઓ આવેલી છે. જિલ્લા તાલુકા ખરીદ–વેચાણ સંઘો દ્વારા કરવામાં આવતી કામગીરી વિશે જોઇએ તો એ ખેત પેદાશોનું વેચાણ કરે છે. બીજું, ખેતી સાથે સંબંધિત જરૂરી ચીજ–વસ્તુઓ જેવી કે ખાતર, બિયારણ તથા જંતુનાશક દવાઓનું પણ વિતરણ કરે છે. ખેત–પેદાશોનું પ્રોસેસિંગ કરવુ, લોકો માટે ગ્રાહકલક્ષી પ્રવૃત્તિ કરવી ફેડરેશન જયારે ખેત–પેદાશોના ભાવ નીચા હોય અને ખેડૂતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી શકે તેમ ના હોય ત્યારે ઘઉં, ડાંગર, કઠોળ, મગફળી તેમજ કપાસ જેવી ચીજ–વસ્તુઓની ખરીદી કરે છે જેથી ખેડૂતોને પોતાની ઉત્પન્ન કરેલા ચીજોના પોષણક્ષમ ભાવો મળી રહે અને બજારમાં સારા ભાવ મળે ત્યારે વેચાણ કરતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા જિલ્લા ખરીદ વેચાણ સંઘોને પ્રોસેસિંગ, ગ્રેડિંગ, કિલનિંગ, વસિંગ, શોર્ટરિંગ, પેકેજિંગ, બ્રાન્ડિંગ, સ્ટોરેજ ગોડાઉન બનાવવા માટે મૂડીના ખર્ચના ૫૦ ટકા પ્રમાણે મહત્તમ ૨૦ લાખની સહાય આપવામાં આવે છે અને આ યોજના હેઠળ ગત વર્ષે રૂપિયા ૪૦ લાખની સહાય બે સંસ્થાઓને ચૂકવવામાં આવેલી છે. જયારે ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળ રૂ.૨૦૦ લાખની જોગવાઇ પણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયકક્ષાએ ગુજકોમાસોલ ફેડરેશન દ્વારા ખેત ઉત્પાદનની ચીજ–વસ્તુઓની જેવી કે ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ વગેરે પૂરી પાડે છે. ઇફકો, ક્રિપકો, જીએનએફસી જેવી ખાતર ઉત્પાદક કંપનીઓ પાસેથી ખાતર ખરીદી ડીએપી, એનપીકે અને પોટાશ પોર્ચ જેવા ખાતરોનું જિલ્લા અને તાલુકા સંઘો દ્વારા પ્રાથમિક મંડળીઓ દ્વારા ખેડૂતોને ખાતર પૂરું પાડે છે. ફેડરેશન દવાઓનું ઉત્પાદન નારોલ યુનિટ ખાતે તેમજ કાંકરીયા ખાતે બાયો ફર્ટિલાઇઝરની કામગીરી કરે છે અને ફેડરેશન પ્રોસેસિંગ યુનિટને પણ ચલાવે છે. અમરેલી ખાતે ફેડરેશનની ઓઇલ મીલ અંગેની કામગીરી તેમજ મહેસાણા ખાતે દિવેલા તેમજ કપાસિયાનું પ્રોસિંગ યુનિટ જયારે ઉંઝા ખાતે રાયડા પ્રોસિંગ યુનિટ છે. અને ભરૂચ ખાતે કેળના થરના રેસા પ્રોસેસિંગ પ્લાન્ટની કામગીરી પણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ગુજકોમાસોલ જિલ્લા ખરીદ વેચાણ સહકારી સંઘ તથા તાલુકા ખરીદ વેચાણ સહકારી સંઘ દ્વારા નીચેની પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. સંયોજિત પ્રાથમિક મંડળીઓ તથા વ્યકિત સભ્યોને ખેતી–વિષયક ઔદ્યોગિક અને ઘર–વપરાશનો માલ પૂરો પાડવા આવા માલની જથ્થાબંધ ખરીદી કરવામાં આવે છે. અને સંયોજિત પ્રાથમિક મંડળીઓને તેમજ વ્યકિત સભ્યોને તે રોકડેથી મંજૂર કરેલી શાખ પાવર પૂરી પાડવામાં આવે છે. સંયોજિત પ્રાથમિક મંડળીઓ તથા સંઘના સભ્યોને જોઇતો માલ તેમના થકી ખરીદી કમિશનથી પૂરો પાડવામાં આવે છે. સંયોજિત પ્રાથમિક મંડળીઓના સભાસદો તથા સંઘના વ્યક્તિ સભ્યોને ઉત્પન્ન કરેલો માલ કમિશનથી આપવાનો અને તેના સારા ભાવો ઉપજાવી જરૂરી કાર્યવાહી હાથ ધરે છે. કચેરી કોમ્પ્યુટરાઇઝેશન માટેની યોજના અંતર્ગત હાર્ડવેર માટેની વ્યાજ સહાય માટે ખેડૂતોને નાણાકીય સહાય રાજ્યની નબળી બજાર સમિતિને તથા સહકારી મંડળીઓના નોંધણી અધિકારી માટે નવા વાહનોની ખરીદી થવાના કારણે રૂ.૧૩૪.૫૧૮૧ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવી છે અને તેને હું સમર્થન આપું છું. ભારત માતા કી જય.

ડો. પાયલ મ. કુકરાની(નરોડા) : माननीय अध्यक्षश्री, माननीय वित्तमंत्रीश्री, सन्माननीय कनुभाई देसाईजी, जो पूरक मांग नंबर–2 शहेरी विकास और शहेरी गृह विकास विभाग की पूरक मांग लेकर आए हैं, मैं उसका समर्थन करती हूं। साथ ही साथ, इस विभाग की स्वर्णिम जयंती शहेरी विकास योजना में किए गए कार्यों पर प्रकाश डालना चाहूंगी।

यह योजना शहेरी विस्तार में पानी, गटर, Internal infrastructure development- जैसे कि Road, Overbridges, Bridges, Recreational places like Gargen, Swimming Pool, Town Hall, River Front इत्यादि जेसे Developmetal काम करती है। साल 2023–24 में इसमें रूपए 8110.36 करोड का आवंटन बजट में हुआ था। इस योजना के अंतर्गत महानगरपालिकाओं में 1868.88 करोड रुपए की ग्रान्ट भी दी गई थी। जबकी उसके सामने 2270.20 करोड के काम मंजूर किए गए। नगरपालिका के कामों के लिए 565.50 करोड की ग्रान्ट दि गई थी।

पानी पुरवठा योजना के तहत 1520 करोड के कामों की मंजुरी दी गई थी। और इस में से, पानी पुरवठा के 159 कामों में से 156 काम पूरे हो चूके हैं। यानी के सिर्फ तीन काम बचे हुए हैं, वो भी पूरे होने में है। भूगर्भ गटर योजना के तहत 5636 करोड के कामों को मंजूरी दी गई थी। जिस में से 178 कामों में से कुल 172 काम पूरे हो चूके हैं। यानी सिर्फ छ काम बाकी हैं, और वह भी अभी प्रगति में हैं।

यह सब बताता है कि योजना के तहत किए गए सभी कार्य अच्छे से पूरे किए जा रहे हैं। एक समय था जब माना जाता था कि भारत गांव में बसता है। और ये पिक्चर अब तेजी से बदल रहा है। बदलते वक्त में पूरी दुनिया में Rapid urbanization हो रहा है। गुजरात में भी पिछले 20 साल की अगर हम बात करें, Rapid urbanization देखा गया है।

In fact मेरी विधानसभा की मैं बात करुं तो नरोडा गाम आज भी है लेकिन धीरे–धीरे अहमदाबाद कोर्पोरेशन में आते–आते ये Rapid urbanization शुरु होने का एक उत्तम उदाहरण है। और ये Rapid urbanization आनेवाले सालों में और बढ़नेवाला है। इसको ध्यान में रखते हुए हमें शहेरों की मूल व्यवस्था का विकास अभी से ही अच्छे से अच्छा हो वह सुनिश्चित करना जरूरी है। इसी बात को ध्यान में रखते हुए मैं इस पूरक मांग का समर्थन करती हूं। आभार...

: माननीय अध्यक्षश्री, माननीय वित्तमंत्रीश्री, सन्माननीय कनुभाई देसाईजी, जो पूरक मांग नंबर–2 शहेरी विकास और शहेरी गृह विकास विभाग की पूरक मांग लेकर आए हैं, मैं उसका समर्थन करती हूं। साथ ही साथ, इस विभाग की स्वर्णिम जयंती शहेरी विकास योजना में किए गए कार्यों पर प्रकाश डालना चाहूंगी। यह योजना शहेरी विस्तार में पानी, गटर, Internal infrastructure development- जैसे कि Road, Overbridges, Bridges, Recreational places like Gargen, Swimming Pool, Town Hall,

River Front इत्यादि जेसे Developmetal काम करती है। साल 2023-24 में इसमें रूपए 8110.36 करोड का आवंटन बजट में हुआ था। इस योजना के अंतर्गत महानगरपालिकाओं में 1868.88 करोड रुपए की ग्रान्ट भी दी गई थी। जबकी उसके सामने 2270.20 करोड के काम मंजूर किए गए। नगरपालिका के कामों के लिए 565.50 करोड की ग्रान्ट दि गई थी। पानी पुरवठा योजना के तहत 1520 करोड के कामों की मंजुरी दी गई थी। और इस में से, पानी पुरवठा के 159 कामों में से 156 काम पूरे हो चूके हैं। यानी के सिर्फ तीन काम बचे हुए हैं, वो भी पूरे होने में है। भूगर्भ गटर योजना के तहत 5636 करोड के कामों को मंजूरी दी गई थी। जिस में से 178 कामों में से कुल 172 काम पूरे हो चूके हैं। यानी सिर्फ छ काम बाकी हैं, और वह भी अभी प्रगति में हैं। यह सब बताता है कि योजना के तहत किए गए सभी कार्य अच्छे से पूरे किए जा रहे हैं। एक समय था जब माना जाता था कि भारत गांव में बसता है। और ये पिक्चर अब तेजी से बदल रहा है। बदलते वक्त में पूरी दुनिया में Rapid urbanization हो रहा है। गुजरात में भी पिछले 20 साल की अगर हम बात करें, Rapid urbanization देखा गया है। In fact मेरी विधानसभा की मैं बात करुं तो नरोडा गाम आज भी है लेकिन धीरे-धीरे अहमदाबाद कोर्पोरेशन में आते-आते ये Rapid urbanization शुरु होने का एक उत्तम उदाहरण है। और ये Rapid urbanization आनेवाले सालों में और बढ़नेवाला है। इसको ध्यान में रखते हुए हमें शहेरों की मूल व्यवस्था का विकास अभी से ही अच्छे से अच्छा हो वह सुनिश्चित करना जरूरी है। इसी बात को ध्यान में रखते हुए मैं इस पूरक मांग का समर्थन करती हूं। आभार...

**(વિરામ ૫:૧૪થી ૫:૪૫)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, તબીબી અને જાહેર આરોગ્ય વિભાગ માટે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ માગણી ક્રમાંક: ૩૯ મહેસૂલી ખર્ચ માટે રૂ.૩૧૬.૦૫ કરોડ અને અને મૂડી ખર્ચ માટે રૂ.૪૧૪.૪૨ કરોડની પૂરક માગણી આ સન્માનનીય સભાગૃહમાં લાવ્યા છે તેને હું અનુમોદન આપું છું. રાજ્યમાં નવા ૨૨ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત થતાં ૧૦૬૮ પ્રાઇમરી હેલ્થ સેન્ટરનાં પગાર ભથ્થાં, કન્ટિજન્સી, દવા, આશા ફેસિલેટર તથા હેલ્થ વર્કર, સુપરવાઈઝર વગેરેના ઇન્સેન્ટિવમાં વધારો થતાં સર્વેલન્સ પ્રોત્સાહનમાં વધારાના લીધે રેવન્યુ ખર્ચ વધવા પામેલ છે. રાજકોટ ખાતે લેબોરેટરીનાં સાધનો, મકાન, મેન પાવર મંજૂર થતાં તથા ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીની સંસ્થાઓના પગાર ભથ્થાં અને કન્ટિજન્સીની ખર્ચને પહોંચી વળવા લોન પેટે મૂડી ખર્ચ વધવા પામેલ છે. આ પૂરક માગણી રાજ્યના હિતમાં હોય, મંજૂર થવાપાત્ર છે. સમગ્ર દેશમાં આજે ગુજરાત રાજ્યમાં ૯૨૩૧ પેટા કેન્દ્રો અને ૧૪૯૯ જેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અસ્તિત્ત્વમાં છે તથા આપણા ગુજરાત રાજ્યના ૩૬૫ જેટલાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો દેશમાં અગ્રીમ હરોળમાં આવે છે. સારું આરોગ્ય સ્તર એ ફક્ત વ્યક્તિના નહીં પરંતુ કુટુંબ અને સમગ્ર રાજ્યના વિકાસમાં અહમ ભૂમિકા ધરાવે છે. નાગરિકોને સુલભ અને ગુણવત્તાસભર આરોગ્ય સંભાળ સેવાઓ મળી રહે તે માટેની અમારી પ્રતિબદ્ધતા અડગ છે અને આ સેવાઓને સુધારવા અને વધારવા માટે અમે સતત પ્રયત્નશીલ છીએ. જરૂરી આરોગ્ય સેવાઓ સુચારુરૂપે મળી રહે તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પુણ્ય સલિલ સૂર્યપુત્રી માઁ તાપી નદીની પવિત્ર ભૂમિ સૂરતથી આવું છું. શાસ્ત્રોમાં તાપી માટે એવું કહેવાયું છે કે ગંગા સ્નાને એટલે કે ગંગામાં સ્નાન કરવાથી, યમુના પાને એટલે કે યમુનામાં પાન કરવાથી, નર્મદા દર્શને એટલે કે નર્મદાના દર્શન કરવાથી જ્યારે તાપી સ્મરણે એટલે કે તાપી માતાનું માત્ર સ્મરણ કરવાથી પુણ્ય મળે. સ્વચ્છ સર્વેક્ષણ વર્ષ ૨૦૨૧માં ગુજરાતનું ગૌરવ એવા અમારા સુરતે દેશભરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે તે બદલ સૂરતની જનતાને અભિનંદન આપી આભાર માનું છું. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સ્વચ્છ સૂરતનું બિરુદ પ્રાપ્ત થયું છે. મારે આ સન્માનનીય સભાગૃહમાં જણાવવું છે કે વર્ષ ૧૯૯૪માં સૂરત શહેરમાં પ્લેગ આવ્યો હતો. વર્ષ ૧૯૯૪ પહેલાં સુરતમાં કોંગ્રેસનું શાસન હતું. આખા દેશમાં સૌથી ગંદુ શહેર સુરત કહેવાતું હતું. સુરતની ગંદકી દૂર કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વએ કર્યું હતું. વર્ષ ૧૯૯૫માં સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં સુરતની જનતાએ ૯૯માંથી ૯૮ સીટો ભારતીય જનતા પાર્ટીને આપી હતી અને કોંગ્રેસને એકપણ સીટ આપી ન હતી. કોંગ્રેસનો સફાયો થઇ ગયો હતો. ભારતીય જનતા પાર્ટીએ સુરતમાં ગંદકીનું નામોનિશાન મિટાવી દેવાનું બિરુદ ઝડપ્યું હતું. જેના પરિણામે વર્ષ ૧૯૯૬માં ચંદીગઢ પછી સુરત સ્વચ્છતાની બાબતમાં બીજા ક્રમે આવ્યું હતું. છેલ્લા ચાર વર્ષથી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સુરતે સ્વચ્છતામાં બીજો નંબર પ્રાપ્ત કર્યો છે. જ્યારે

આજે પ્રથમ ક્રમે આવેલ છે. આપણા આરોગ્ય સંભાળતા કર્મચારીઓની પ્રશંસા કરું છું. તેઓ લોકોની સુખાકારીની ખાતરી કરવા માટે દિવસ–રાત અથાગ મહેનત કરી છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ ગૃહ સમક્ષ જે પૂરક માંગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને ઉદ્યોગ વિભાગની પૂરક માંગણી નં. ૪૯ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે દેશના વિકાસમાં ગુજરાતનું યોગદાન ઉત્તરોઉત્તર વધી રહ્યું છે અને દેશના ગ્રોથ એન્જિન તરીકે જાણીતું થયું છે. આપણા રાજ્યના વિકાસ માટે ઉદ્યોગ મહત્ત્વનું પરિબળ છે. ઉદ્યોગ થકી જીવનજરૂરી ઉત્પાદનો તો મળે જ છે. સાથે–સાથે યુવાધન માટે રોજગારીનું નિર્માણ પણ થાય છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૩માં વાઇબ્રન્ટ ગુજરાત સમિટની શરૂઆત કરી હતી અને એને આગળ વધારતાં રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે જાન્યુઆરી–૨૦૨૪માં દસમી ઐતિહાસિક વાઇબ્રન્ટ ગુજરાત સમિટનું સફળ આયોજન કર્યું એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને અને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતને અભિનંદન આપું છું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના દૂરંદેશી વિઝન અને માર્ગદર્શનથી રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીના નેતૃત્વમાં ઔદ્યોગિક વિકાસની કેડીને અકલ્પનીય વેગ મળ્યો છે. છેલ્લાં ૨૨ વર્ષમાં ગુજરાતમાં એમ.એસ.એમ.ઇ. લાર્જ મેગા અને અલ્ટ્રા મેગા ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના થાય, રાજ્યમાં ઉદ્યોગોનો સર્વાંગી વિકાસ થાય અને સ્પર્ધાત્ક યુગમાં ટકી શકે તે માટે સરકાર દ્વારા વિવિધ સહાય યોજનાઓ થકી કેપીટલ સબસિડી, જમીનને લગતા પ્રોત્સાહનો, વ્યાજ સહાય, પાવર ટેરીફ, ઇલેક્ટ્રીસિટી ડ્યુટીમાં પ્રોત્સાહન અને નેટ એસ.જી.એસ.ટી. રીએમ્બર્સમેન્ટ જેવા વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવ્યા છે. ગુજરાતની બિઝનેસ ફંડની નીતિઓ વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અનઇન્ટ્રેપ્ટેડ પાવર સપ્લાય, સ્કીલ મેનપાવર, પ્રો ઇન્ડસ્ટ્રીઝ સરકારી નીતિઓ વગેરે જેવી માળખાકીય સુવિધાઓના પરિણામે આજે આપણું રાજ્ય ભારતની અને વિશ્વની મોટી કંપનીઓ માટે ઇન્વેસ્ટમેન્ટનું પહેલું અને આદર્શ વિકલ્પ બન્યું છે અને એટલે જ આપણા દેશના સન્માનનીય ઉદ્યોગપતિ શ્રી રતન ટાટાજીએ વર્ષ ૨૦૧૩માં યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં કહ્યું હતું કે, ''જ્યારે ઉદ્યોગો સ્થાપવાની વાત આવે ત્યારે ગુજરાત દેશના અન્ય રાજ્યો કરતાં અલગ અને શ્રેષ્ઠ રાજ્ય છે''. માત્ર પરંપરાગત ઉત્પાદનો માટે જ નહીં, પણ નેક્સ્ટ જેન ઇન્ડસ્ટ્રીઝ કહી શકાય એવા સૌર ઊર્જાને લગતા ઉદ્યોગ, સેમી કન્ડક્ટ ઉદ્યોગો અને ટૉય મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો માટે આપણું રાજ્ય આગવું તરી આવ્યું છે. ગિફ્ટ સિટી થકી ગુજરાત વિશ્વનું ફાઇનટેક હબ બની રહ્યું છે. મને ખાતરી છે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત આત્મનિર્ભર બની વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના મોદીજીના સંકલ્પને પૂરો કરવામાં  મહત્ત્વની ભૂમિકા ભજવશે. તેથી પૂરક માગણી ક્રમાંક–૪૯ જે હેતુ માટે લાવવામાં આવી છે તે સાર્વજનિક છે અને રાજયના વિકાસ માટે સુસંગત છે ત્યારે હું તેને આવકારું છું અને મારું સમર્થન આપું છું. એક કવિતા કહી મારી વાણીને વિરામ આપું છું.

બિઝનેશ ફ્રેન્ડલી નીતિઓ અને વર્લ્ડ ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રકચરથી સજ્જ
વિશ્વભરના ઉદ્યોગપતિઓ માટે બન્યું ગુજરાત આકર્ષક રાજ્ય
ટાટાથી માઇક્રોન સુધી આવ્યા ઘણાં મોટાં નામ
ગુજરાતની ધરતી પર સ્થાપ્યા ઉદ્યોગોના ધામ
ઉદ્યોગોના વિકાસ સાથે ગુજરાતનો થયો જય જય કાર
નરેન્દ્ર અને ભૂપેન્દ્રના નેતૃત્વમાં ગુજરાતનું ગૌરવ અપરંપાર

ધન્યવાદ, જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક–૫ લઇને આવ્યા છે એની ચર્ચામાં ભાગ લેવા મને તક મળી છે, તે બદલ હું સભાગૃહના નેતાશ્રીનો આભાર માનું છું. માનનીય નાણામંત્રીશ્રીએ સહકાર માટે રૂ. ૧,૩૪,૫૧,૮૧,૦૦૦/– કરોડની જે પૂરક માગણી મૂકેલ છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના દૂધ ઉત્પાદક સહકારી સંઘોની વાત કરવા જઇએ તો ભારતનું દૂધ ઉત્પાદન વાર્ષિક ૬ ટકાના દરે વધી રહ્યું છે જે વિશ્વમાં સૌથી ઊંચુ છે. ભારતમાં ડેરી ઉદ્યોગનો પાયો નાના અને સીમાંત ખેડૂતો તથા જમીનવિહોણા પશુપાલકો દ્વારા નાખવામાં આવેલ છે.  ડેરી ઉદ્યોગના વિકાસ માટે સહકારી સંસ્થાઓનું મૉડલ જગવિખ્યાત છે. જે મૉડલની શરૂઆત અમૂલના નામથી ગુજરાતમાંથી થઇ છે. અમૂલના આ વિશાળ વટવૃક્ષની શરૂઆત એક નાના બીજમાંથી થઇ હતી. ખેડા જિલ્લાના દૂધ ઉત્પાદકોએ શ્રી સરદાર સાહેબની પ્રેરણાથી પૉલશન ડેરી દ્વારા થતાં તેઓના આર્થિક શોષણ વિરુધ્ધ શ્રી ત્રિભોવનદાસ પટેલના નેતૃત્વમાં એક સંગઠિત આંદોલન શરૂ કર્યું હતું. તેઓની સંકલ્પ શક્તિ અને પુરુષાર્થના સહારે વર્ષ ૧૯૪૬માં પ્રથમ દિવસે બે દૂધ મંડળીઓના ૨૫૦ લિટર દૂધ સંપાદનથી સહકારી દૂધ પ્રવૃત્તિના શ્રી ગણેશાય થયા અને ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે અમૂલ ડેરીની સ્થાપના કરવામાં આવી. અમૂલ ડેરીએ નવીનત્તમ ટેકનોલોજી દ્વારા પ્રથમવાર ભેંસના દૂધમાંથી, દૂધનો પાવડર બનાવી ભારતમાં ડેરી ઉદ્યોગની ક્રાંતિની શરૂઆત કરી. દૂધના

વેપારથી મળતા લાભો દરેક સંઘોને સરખી રીતે મળી રહે અને એકબીજા દૂધ સંઘો વચ્ચે સ્પર્ધાનું તત્વ નાબૂદ થાય અને ઉચ્ચ ગુણવત્તાવાળા દૂધના પદાર્થનું ઉત્પાદન શક્ય બને અને પોતાની દરેકે-દરેક પ્રવૃત્તિઓનું સુનિયોજિત સંકલન થઇ શકે તે માટે વર્ષ ૧૯૭૩ના નવેમ્બર મહિનામાં 'ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' ની સ્થાપના કરવામાં આવી જેમાં, તમામ જિલ્લા દૂધ સંઘો સભાસદ તરીકે જોડાયા. દૂધ ઉત્પાદકોને દૂધના સતત સારા ભાવ મળવાના કારણે ગુજરાત રાજ્યનું કુલ દૂધ ઉત્પાદન જે બે દાયકા પહેલાં ૧.૬ કરોડ લિટર પ્રતિદિન હતું જે હાલમાં વધીને ૪.૩ કરોડ લિટર પ્રતિદિન થઇ ગયેલ છે. જે દૂધ ઉત્પાદનમાં ૨૬૮ ટકાનો વધારો સૂચવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' નું ટર્ન ઓવર વર્ષ ૨૦૨૪માં રૂ. ૬૩ કરોડનું થયેલ છે. પાછલા ૨૦ વર્ષમાં ગુજરાત રાજ્યમાં દૂધ સંઘોની સંખ્યા ૧૨થી વધીને ૨૩ થયેલ છે. એ જ રીતે ૭૬૦૦ દૂધ મંડળીઓ હતી તે વધીને ૧૬૩૮૪ થયેલ છે. બે દાયકા પહેલા દૂધ ઉત્પાદકોની સંખ્યા ૨૧ લાખ હતી તે વધીને ૩૬ લાખથી વધુ થયેલ છે. હાલમાં કુલ ૩૬ લાખ દૂધ ઉત્પાદકો પૈકી કુલ ૧૧ લાખ મહિલા દૂધ ઉત્પાદકો છે. દૂધના ઉત્પાદકોને પ્રતિદિન રૂ. ૧૫૦ કરોડનું ચૂકવણું કરવામાં આવે છે. હાલમાં ગુજરાત રાજ્યમાં અંદાજિત ૩૩૦૦ જેટલા મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક મંડળીઓ છે જેનું સંપૂર્ણ સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. ગુજરાતના દૂધ સંઘો દ્વારા વર્ષ ૨૦૦૧ દરમિયાન પ્રતિદિન ૪૪ લાખ લિટર દૂધ સંપાદન કરવામાં આવતું હતું જે હાલમાં વધીને ૩૦૦ લાખ લિટર પ્રતિદિન થયેલ છે. હાલમાં ગુજરાતના દૂધ સંઘો દ્વારા અન્ય રાજ્યોમાં પણ દૂધ સંપાદન કરવામાં આવે છે.ગુજરાતના દૂધ સંઘો દ્વારા હાલમાં રાજસ્થાન, હરિયાણા, પંજાબ, જમ્મુ કાશ્મીર, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, આસામ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, બિહાર (સમયસૂચક ઘંટડી) ઓરિસ્સામાંથી પણ દૂધ સંપાદન કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન અમૂલ ફેડરેશન દ્વારા અંદાજિત રૂપિયા ૧૨૦૦ કરોડની મિલ્ક પ્રોડકટની નિકાસ કરવામાં આવે છે. જે ગત વર્ષ દરમ્યાન રૂપિયા ૫૬૦ કરોડ હતી. અમૂલ દ્વારા દૂધની વિવિધ બનાવટો બાંગ્લાદેશ, નેપાળ, યુ.એ.ઇ., અફઘાનિસ્તાન, લેબનોન, જોર્ડન, બહેરીન, કતાર, અમેરિકા, સિંગાપુર, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કુવૈત, ઓમાન, આફ્રિકા, ભુટાન, હોંગકોંગ વગેરે દેશોમાં નિકાસ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપે ટોકરી તો મારી દીધી, પણ મારી પાસે તો ઝાઝું છે સાહેબ. (અંતરાય) હશે. કાંઇ વાંધો નહીં. આમ ગુજરાતનું સહકારી ડેરી ક્ષેત્ર ગરીબ મહિલાઓ અને બાળકોના પોષણ માટે..

ઉપાધ્યક્ષશ્રી : શ્રી કાળુભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય સભ્યશ્રી દિનેશસિંહ કુશવાહ. શ્રી કાળુભાઇ, બે મિનિટ તો તમે એમ જ ગોતવામાં ખોઇ કાઢી.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ**(**બાપુનગર) : શ્રીમાન અધ્યક્ષ મહોદયશ્રી, હું અમારા કનુભાઇ દેસાઇ સાહેબની ૧૦૨ શહેરી વિકાસની પૂરક માગણીના અનુમોદન માટે ચર્ચા માટે આપે મને જે મોકો આપ્યો એ બદલ આપનો આભાર વ્યકત કરું છું. આ સદનને જય શ્રી રામ કરીને મારી વાત મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક શહેરમાંથી આવતો ધારાસભ્ય છું. તો શહેરી વિકાસ બાબતે હું કોંગ્રેસના શાસન વખતની વાત કરું, ત્યાંથી જ મારી વાત સ્ટાર્ટ કરું તો અમદાવાદ શહેરમાં કેરોસીનની રીક્ષાઓ ચાલતી હતી. એટલું બધું પ્રદૂષણ હતું કે તમે સાંજે તમારા ઘરેથી બહાર નીકળીને શ્વાસ ના લઇ શકો એવી પરિસ્થિતિનું નિર્માણ હતું. આજે તમે જો અમદાવાદ શહેરમાં આંટો મારો તો સી.એન.જી. થી ચાલતી ગાડીઓ. એ વખતે ટ્રાન્સપોર્ટેશન પણ ડીઝલની ગાડીઓથી ચાલતું હતું. અત્યારે સી.એન.જી. થી ચાલતી ગાડીઓ અને ખૂબ સારું વાતાવરણ આ શહેરી વિકાસના કારણે થયેલ છે. જે તે વખતે..

ઉપાધ્યક્ષશ્રી : શ્રી દિનેશભાઇ, એક મિનિટ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી અમિત ચાવડા : પહેલા જ આ ચર્ચા શરુ થતા આ પૂરક માગણીઓ આવી ત્યારે જે તે સમયે માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી હતી કે આ પૂરક માગણીઓ છે. પૂરક માગણીઓમાં આખો વિભાગ નહીં, પણ જે હેતુ માટે માગણી લાવવામાં આવી છે એના પર જ બોલી શકાય છે. એટલે માનનીય સભ્યશ્રી..

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, બેસી જાઓ. શ્રી દિનેશભાઇ, માગણીઓ પર જ બોલો.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માગણીઓ પર જ હું વાત કરતો હતો કે પહેલા શું પરિસ્થિતિ હતી અને આજે શું પરિસ્થિતિ છે.

ઉપાધ્યક્ષશ્રી : એ સરખામણી કર્યા વગર માગણીઓ પર જ બોલો.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : અત્યારે આપને કહું તો ગુજરાત ભારતનું સૌથી વિકાસ પામેલ રાજ્યો પૈકીનું એક રાજ્ય છે. શહેરોનો આર્થિક વિકાસ એ એન્જિન છે. ઝડપી શહેરીકરણને નજર સમક્ષ રાખીને શહેરીજનોને સુવિધા પૂરી પાડવા માટે તથા સ્વચ્છ સુંદર વિકાસ માટે વિકાસલક્ષી, ધબકતુ શહેર અને સર્વાંગી અને સર્વ સમાવેશી વિકાસને ધ્યાનમાં લઇને શહેરના આયોજનબદ્ધ વિકાસ માટે પહેલ કરી છે. આ બજેટમાં આપણા નાણામંત્રીશ્રીએ શહેરી વિકાસમાં ખૂબ વિશેષ ધ્યાન આપીને જે મહાનગરો હતા. ૪ મહાનગર હતા, એમાં ૭ મહાનગર નવા ઉમેર્યા છે. આ ગુજરાતને એક અગ્રેસર ગુજરાત. આપ જૂઓ તો શહેરમાં શિક્ષણની બાબત હોય કે આરોગ્યની બાબત હોય. અત્યારે, ગઇકાલે જ અમદાવાદ શહેર કે જે શહેરમાંથી હું આવું છું, ત્યાં શહેરના વિકાસ માટે રૂ.૧૨૦૦ કરોડથી ઉપરનું બજેટ પેશ કર્યું છે અને આપણી જે વ્યવસ્થામાં જૂઓ તો આપણી એટલી

બધી યોજનાઓ છે. આપને યોજનાઓ ગણાવું તો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના. અમૃતમ, અમૃતમ–ટુ યોજના. સ્માર્ટ સિટી, ઇ–નગર, રેલવે ઓવરબ્રિજ, અન્ડરબ્રિજ, સોલર પાવર પ્રોજેક્ટ, ગુજરાત મેટ્રો કોર્પોરેશન લિમિટેડ, સ્વચ્છ ભારત મિશન, શહેર અર્બન યોજના, રાષ્ટ્રીય શહેર આજીવિકા યોજના, ભાવલક્ષી શહેર આયોજન યોજના, વિકસિત ભારત સંકલ્પ યાત્રા કે જે શહેર શહેર ફરી રહી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા. એની પણ એક સરસ યોજના કેન્દ્ર તરફથી શહેરને આપવામાં આવી છે. દરેક લોકોની સુખાકારી માટે વિકસીત ભારત સંકલ્પ યાત્રા અલગ અલગ શહેરમાં ફરી રહી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની જો હું વાત કરું તો મારા વિધાનસભા ક્ષેત્રમાં ૨૭૦૦ મકાન ગરીબ લોકોને બનાવી આપવામાં આવ્યા છે. મારા પોતાના વિધાનસભા ક્ષેત્રમાં. એ ખૂબ મોટી વાત છે. ૨૭૦૦ મકાન મારા પોતાના વિધાનસભા ક્ષેત્રમાં ગરીબ લોકોને બનાવી આપવામાં આવ્યા છે એ ખૂબ મોટી વાત છે. વિધાનસભા ક્ષેત્રમાં પાકું સુવિધાવાળું મકાન, બગીચા અને દરેક સુવિધા ગરીબોને મળી રહે એવું સરસ આયોજન થયું છે. ગિફ્ટ સિટી, મેટ્રોરેલ પ્રોજેક્ટ, સાબરમતિ રીવરફ્રંટ, બી.આર.ટી.એસ., નિર્મળ ગુજરાત, ગરીબ સમૃદ્ધિ યોજના, વિકસિત અમદાવાદ–૨૦૪૭, અમે એક આયોજન કરીને સન ૨૦૪૭માં ભારત કેવું હોય અને આપણું અમદાવાદ શહેર કેવું હોય એની વ્યવસ્થા કરી છે. નેટ ઝીરો અને કાર્બન મુકત અમદાવાદ શહેર બનાવવાનું આયોજન કર્યું છે. સ્માર્ટ શાળાઓ માટેનું આયોજન કર્યું છે. ઘણી બધી યોજનાઓ આ શહેરને આપવા માટે, શહેરી કરણના વિકાસ માટે કરી છે. પહેલાં શહેરીકરણમાં ૩૦ ટકા લોકો વસતા હતા અત્યારે ૬૫ થી ૭૦ ટકા લોકો શહેરોમાં રહેતા થયા છે અને શહેરોની વિકાસમાં આમ જોઇએ તો આરોગ્યની બાબત હોય કે દરેકે દરેક બાબતમાં આપણે ખૂબ આગળ જઇએ એવું આયોજન કનુભાઇએ કર્યું છે અને અમદાવાદ શહેરમાં તમે જુઓ તો આખા વિશ્વમાં સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ એ અમદાવાદ શહરેની ઓળખ છે અને રીવર ફ્રંટ એ આખા વિશ્વમાં સૌથી મોટું છે એવી સરસ વ્યવસ્થા અમદાવાદ શહેરને મળી છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા(છોટાઉદેપૂર) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી નાણાં કુદરતી આફતો અંગે રાહતની પૂરક માગણી નં.૭૯ લઇને આવ્યા છે તેમના સમર્થનમાં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને કુદરતી આફતો એ બેનો બહુ જૂનો નાતો હોય એમ કહી શકાય તો પણ ખોટું ન કહેવાય કારણ કે ગુજરાત ૧૬૦૦ કિલોમીટર ઉપરાંતના દરિયાકાંઠાના વિસ્તાર સાથે અરબી સમુદ્ર સાથે જોડાયેલું રાજય છે અને કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોન જેના ૮થી ૧૦ જેટલા જિલ્લાઓ એ હંમેશા ભૂકંપ, વાવાઝોડું, અતિ ભારે વરસાદ, ઓછો વરસાદ એવી અનેક સંભાવનાઓની સાથે ઝઝૂમતું રહ્યું છે. સન ૨૦૦૧ના ભૂકંપ વખતે ગુજરાતમાં અને ખાસ કરીને કચ્છ વિસ્તારમાં બહુમોટી તારાજી થયેલી અને ત્યારબાદ રાજયનું શાસન એ વખતના આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથમાં આવ્યું અને શાસન સંભાળતાની સાથે કચ્છનું પુનર્વસન કરવાની આ કપરી કામગીરી તેમણે હાથ ઉપર લીધી અને ત્યારથી લઇ અને જે ગુજરાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે કામ કર્યું, તાલુકા લેવલ સુધી, જિલ્લા લેવલ સુધી, ત્યાં સુધી કે પ્રાથમિક શાળાઓ, હાઇસ્કૂલો, કોલેજ, અનેક સ્વૈચ્છિક સંસ્થાઓને તૈયાર કરવાનું અને આવનારી આફતો સામે કઇ રીતે લડી શકાય એનું સુસજ્જિત માળખું તૈયાર કરવાની તેમણે તે વખતે શરૂઆત કરેલી અને એના જ કારણે, તેમના પ્રયાસોને કારણે જ જૂન ૨૦૨૩ની અંદર બિપોરજોય નામના વાવાઝોડામાં ગુજરાતે ઉત્કૃષ્ઠ કામગીરી કરેલી એ એમની જે દીર્ઘદ્રષ્ટિ અને એમણે આપેલા કાર્યક્રમોને કારણે ગુજરાતે બિપોરજોય સામે સુપેરે લડત આપી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આખી એમની કેબીનેટ આ બિપોરજોય વાવાઝોડાં સામે ગુજરાતને રક્ષણ આપવા માટે અનેક પ્રકારની કાર્યવાહીઓ કરી એની ચર્ચા આ ગૃહ સમક્ષ પણ થઇ પણ મારે આ ગૃહનું ધ્યાન એ તરફ દોરવું છે કે આ બિપોરજોય વાવાઝોડાં સામે ગુજરાતે અને ગુજરાતની અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ, એન.જી.ઓ., મંદિરો, ધાર્મિક સ્થળો, સાથેસાથે આ ગૃહના ઘણા બધા ધારાસભ્યશ્રીઓ અને અમારી ભારતીય જનતા પાર્ટીના જિલ્લા કક્ષાના અમારા જિલ્લા ભા.જ.પ.ના કાર્યાલયો સામે આ વાવાઝોડામાં લોકોને ફૂડ પેકેટ આપવા માટે , લોકોને કપડાં, એવી અનેક જરૂરિયાતની વસ્તુઓનો સંગ્રહ કરી જ્યાં જ્યાં પહોંચાડવાની હોય ત્યાં પહોંચાડવાની કામગીરી પણ અવિરત કરી છે તે બદલ આજે તેમને પણ અભિનંદન. જ્યારે માનનીય મંત્રીશ્રી માગણીને લઇને આવ્યાં છે ત્યારે જ્યારે જ્યારે પણ વાવાઝોડાં કે કુદરતી આપત્તિઓ આવતી હોય ત્યારે ખાસ કરીને કૃષિ અને બાગાયતી પાકોને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થતું હોય છે તેના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૨ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. કૃષિ રાહત પેકેજ ૨૦૨૨ હેઠળ પોરબંદર જિલ્લાના ૧૨૩ ગામોના ખેડૂતોને સહાય માટે રૂ.૩૦૦ લાખ અને ભરૂચ જિલ્લામાં જૂન ૨૦૨૩માં વરસાદ અને વાવાઝોડાંથી બાગાયતી પાકોને થયેલ નુકસાન સંદર્ભે રૂ.૧૩૭.૮૦ લાખ એમ મળીને કુલ રૂ.૩,૧૩૭ .૮૦ લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે. ખાસ કૃષિ રાહત પેકેજ ૨૦૨૩ અંતર્ગત ખેડૂતોને રૂ.૫,૧૩૬ લાખ ચૂકવવામાં આવેલ છે. કમોસમી વરસાદમાં બાગાયતી પાકોને થયેલ નુકસાન પેટે ખેડૂતોને રૂ.૨૬૭.૬૨ લાખ ચૂકવવામાં આવેલ છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ચૈતનયસિંહ ઝાલા.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા(પાદરા) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક બજેટની માગણીઓ પર મારા વિચારો રજૂ કરું છું.

## પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી અને ભારતીય જનતા પાર્ટીની સરકાર સમગ્ર ગુજરાતની જનતાને પોતાનો પરિવાર સમજે છે અને પોતાના પરિવારોની જરૂરિયાતો એ રાજ્ય સરકાર સમજે છે. આ પરિવાર અને પરિવારના સભ્યની લાગણી અને માગણીને સમજી શકે છે. એટલે આ ગુજરાતના મધ્યમ પરિવારમાંથી આવેલ તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ તા.૪/૯/૨૦૧૨થી ગુજરાતના ગરીબ પરિવારો માટે મુખ્યમંત્રી અમૃત્તમ યોજના– મા– યોજના અમલમાં મૂકી હતી. આ યોજનાને આગળ વધારીને મધ્યમ પરિવારનો પણ તેમાં સમાવેશ કરીને મા–વાત્સલ્ય યોજના તા.૧૫/૮/૨૦૧૪થી અમલમાં મૂકવામાં આવેલ. જ્યારે તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલમાં વડાપ્રધાન બન્યાં છે ત્યારે તેમણે આયુષ્યમાન કાર્ડ અમલમાં લાવવામાં આવેલ છે અને આયુષ્યમાન કાર્ડમાં ૫ લાખ રૂપિયા જેટલી રકમ કેશલેશ મેળવી શકાય છે અને તેમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલજીએ બીજા ૫ લાખ ઉમેરીને ૧૦ લાખ સુધીની સહાય એ ગુજરાતના મધ્યમ અને ગરીબ પરિવાર માટે આપવાની યોજના અમલમાં લાવ્યાં છે. આ યોજના સમગ્ર ગુજરાત માટે છે. પરંતુ કેટલીકવાર જોવામાં આવે છે કે કોંગ્રેસ આ યોજનાનો અને સરકારનો વિરોધ કરે છે. હું તો પહેલી વખતનો ધારાસભ્ય છું મને એવું હતું કે કોંગ્રેસ એ જાહેર સભાઓમાં જ આ મામલે આ યોજનાનો વિરોધ કરે છે. પરંતુ અહીંયા ગૃહમાં જોવા મળ્યું કોંગ્રેસ સરકારની વિરુદ્ધ હોય છે પણ કોંગ્રેસની બેવડી નીતિ ત્યારે જોવા મળે છે કે જ્યારે કોંગ્રેસના માનનીય સભ્યશ્રીઓ હોય કે કોંગ્રેસના નેતાગણ હોય તેઓ પોતાના કાર્યકરો માટે ફોન કરીને મા–કાર્ડ, આયુષ્યમાન કાર્ડનો લાભ એમના કાર્યકરોને અપાવે છે ત્યારે ખબર પડે છે કે કોંગ્રેસની તો બેવડી નીતિ છે. સમગ્ર ગુજરાત અમારું પરિવાર છે. અમે આનંદિત છીએ કે કોંગ્રેસના કાર્યકરોને પણ અમે લાભ આપી શકીએ છીએ. કારણ કે સમગ્ર ગુજરાત એ અમારો પરિવાર છે. અમે નાત–જાતનો કે પક્ષા–પક્ષીનો ભેદભાવ રાખતા નથી. અમે ધર્મમાં ભેદભાવ રાખતા નથી. અમે સમગ્ર ગુજરાતને અમારો પરિવાર ગણીને ચાલીએ છીએ ત્યારે અમારી સરકાર ૧૦ લાખ રૂપિયા (અંતરાય )...

ઉપાધ્યક્ષશ્રી : આપ, માગણીઓ ઉપર બોલોને. બીજું રહેવા દો. માગણીઓ પર જ બોલો.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ઉપર જ મારા વિચારો રજૂ કરું છું કે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ જે આયુષ્યમાન કાર્ડની સેવાઓ આપે છે એ સેવાઓ કયાં સુધી પહોંચે છે એ બાબતના મારા વિચારો છે એમાં *(xxx)સાહેબ.

ઉપાધ્યક્ષશ્રી : આપનો સમય આમાં પૂરો થઇ જશે તમે બોલવાનું ચાલુ રાખો.

શ્રી અમિત ચાવડા : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર થવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારાથી કોઇ અસંસદીય શબ્દ બોલાયો હોય તો રેકર્ડ ઉપરથી દૂર કરવા મારી વિનંતી છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, વાત થઇ ગઇ. સભ્યશ્રીએ જ કહી દીધું.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આયુષ્યમાન કાર્ડ યોજનાની શરૂઆતથી તા. ૧–૨–૨૦૨૪ સુધી રૂ. ૨.૩૫ કરોડના આયુષ્યમાન કાર્ડ લાભાર્થીઓને આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ રૂ. ૨૮૩૪ કરોડના ૧૦.૩ લાખ લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ભરતભાઇ પટેલ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને ઉદ્યોગમાં ખૂબ અભ્યાસુ એવા આદરણીય કનુભાઇ દેસાઇ સાહેબ માગણી ક્રમાંક – ૪૯ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જુઓ તો ઘણાં વર્ષોથી જોઇએ છીએ કે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે તેમાં ઉદ્યોગોનો મહત્તમ ફાળો છે અને તે માટે જે તે વખતના મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીસાહેબ અને ત્યારપછીના મુખ્યમંત્રીશ્રીઓ અને હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો મહત્તમ ફાળો રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર લગભગ દર વર્ષે ૨૦૦૩થી વાઇબ્રન્ટ સમિટનું આયોજન કરે છે જે અદભૂત છે અને કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. થયા છે જે આપણા માટે આવકારદાયક છે. મને જણાવતા આનંદ થાય છે કે ઉદ્યોગ માટે સરકારે પ્રોત્સાહિત કર્યા છે. ગુજરાતમાં વધારે ઉદ્યોગો સ્થપાય એના માટે બહારના રોકાણકારો આવવા જરૂરી છે અને આવા રોકાણકારો કયારે આવે જયારે ગુજરાતમાં શાંતિ, સલામતી અને ઇન્ડસ્ટ્રીયલ સરળતા હોવી જરૂરી છે. જે ગુજરાતમાં સ્થાપિત થઇ છે જેને કારણે બહારના ઇન્વેસ્ટરો ગુજરાત આવી રહ્યા છે એ આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે. વધુ આનંદની વાત તો એ છે કે અલગ અલગ કલસ્ટરવાઇઝ બિઝનેસ જે ખૂબ મોટા છે એ પણ અહીંયા આવી રહ્યા છે. વાઇબ્રન્ટ સમિટ યોજાય ત્યારે પહેલા એવું હતું કે બેંગ્લોર અને માત્ર દિલ્હીમાં જ એના એક્ઝામીનેશન થતા હતા પણ હાલ ગુજરાતે જે પહેલ કરી એના માટે ઓટોમેશન અને એક્ઝામીનેશન પણ થવા માંડયા છે જે આપણા માટે સારી વાત છે. મેડિકલ અને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાર્માસ્યુટીકલ એકઝીબીશન ફાર્માશ્યુટીકલની જે દવાઓની ઇન્ડસ્ટ્રીઝ છે એને વેગ આપવા માટે ફાર્માસ્યુટીકલની મશીનરી પણ ગુજરાતમાં ડેવલપમેન્ટ થઇ રહી છે. રાજયમાં વિવિધ ક્ષેત્રમાં નાનાથી માંડી મોટા ઉદ્યોગો વિસ્તરી રહ્યા છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકા ફાળા સાથે ગુજરાતે મોખરાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. રાજયમાં એમ.એસ.એમ.ઇ. એકમોની સંખ્યા ૧૬ લાખ કરતા વધારે છે. રાજયમાં અર્થતંત્રમાં મેન્યુફેકચરિંગ ક્ષેત્રનો ફાળો ૩૫.૩૦ ટકા છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવા નાના એકમોને પ્રોત્સાહન આપીને સરકારે જાહેર કરેલા ૧૦ ટકા સબસિડી વ્યાજમાં રાહત અને પાવર સપ્લાય ઉપર પાંચ વર્ષ સુધીની રાહત આપી રહી છે. સરકાર બધી રીતે ઉદ્યોગોને પ્રોત્સાહન આપી રહી છે પણ મારું આદરણીય નાણામંત્રીશ્રીને એક સૂચન છે કે વલસાડમાં ખાસ કરીને ગુંદલાવ વિસ્તારમાં નાની જી.આઇ.ડી.સી. છે. ૫૦૦, ૧૦૦ અને ૨૦૦ ચોરસમીટરના વિસ્તારમાં ૩૦૦થી ૪૦૦ નાના ઉદ્યોગો છે એમને જે ખૂટતી સુવિધા છે એમની જે માગણી છે એ આપની સમક્ષ રજૂ કરું એ પણ પૂરી કરશો એવી ચોકકસ આશા રાખું છું. બીજું મારું એક સૂચન છે કે નવસારી જિલ્લામાં વાસી અને બોરસી ગામે ખારપાટની જગ્યા ટેક્ષ્ટાઇલ પ્રોસેસિંગનો પ્રોજેકટ જે અમલમાં આવી રહ્યો છે તેવો જ પ્રોજેકટ વલસાડ અને વલસાડ કાંઠા વિસ્તારમાં ૫૦૦ હેકટર ખારાપાટની પડતર જમીન છે એમાં પણ યોગ્ય સરવે કરીને ઉદ્યોગ લાવી શકાય અને લોકોને રોજગારી આપી શકાય. છેલ્લે માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જાહેર સભામાં ૯૦ કરોડનો ફીશ ફૂડ પ્રોજેકટ વલસાડના અકવાડી ગામે જાહેર કરેલ હતો અને જેનું કામ વહીવટી તંત્રએ શરૂ કરી દીધેલ છે. આ કામમાં ગતિ આવે તે બાબતમાં યોગ્ય ધ્યાન આપવા વિનંતી કરું છું. આ સાથે આદરણીય નાણામંત્રીશ્રી જે કંઇ પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સંપૂર્ણ સમર્થન જાહેર કરું છું. આભાર, ભારત માતા કી જય.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ**(**મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી**,** માનનીય નાણામંત્રીશ્રી ૨૦૨૩–૨૪ની જે પૂરક માગણીઓ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેમાં માગણી ક્રમાંકઃ૫ સહકાર વિભાગની માગણી કે જે રૂ.૧૩૪ કરોડ ૫૧ લાખ ૮૧ હજારની છે તેને હું મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી**,** રાજયમાં કુલ ૧૭ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો આવેલી છે. એક કોડિનાર તાલુકા યુનિયન કો.ઓપરેટીવ બેંક અને ૧૦૩૦૦ જેટલી પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ આવેલી છે. તેના મારફતે ખેડૂતોને કૃષિ વિષયક ધિરાણ આપવાની કામગીરી કરવામાં આવે છે. આ રાજયમાં સહકાર વિભાગ અને કૃષિ વિભાગ એકબીજાનો પર્યાય સાબિત થયેલા છે. નાના ખેડૂતો ગામડાંઓની અંદર ઓછું શિક્ષણના કારણે અંગૂઠા ઉપર શાહુકારી ધિરાણ લેવા જતા. જેની અંદર ઘણાબધા ખેડૂતોએ પોતાના ખાતા પણ ગુમાવ્યા છે. ૫–૧૦ વિઘાવાળા શાહુકારી વ્યાજના ભરડામાં પોતાની ખેતી ગુમાવવી પડી છે. તેઓ ખાતેદાર મટી ગયા છે. સહકારી ક્ષેત્રની અંદર ગુજરાતની અંદર સારામાં સારી કામગીરી થઇ રહી છે. જેના કારણે આપણે નાના ખેડૂતોને ખાતેદાર તરીકે બચાવી શક્યા છીએ. એવી જ રીતે નાબાર્ડની ક્રેડિટ પોલિસી મુજબ રાજયના સહકારી ધિરાણ માળખા સાથે જોડાયેલ ખેડૂતોને પણ ૭ ટકાના દરે ટૂંકી મુદતનું ધિરાણ મળી રહે તે માટે નાબાર્ડ તરફથી મળતી રિફાઇનાન્સ સિવાય સહકારી ધિરાણ માળખા દ્વારા તેઓના ઓ.ડબલ્યુ.એમ. ફંડમાંથી કરેલ ધિરાણ ઉપર ભારત સરકારશ્રી તરફથી મળતી ઇન્ટરેસ્ટ સબવેન્શન ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ સહકારી ધિરાણ માળખાને બે ટકા રાહત પૂરી પાડવા રાજ્ય સરકારશ્રી દ્વારા તા.૨૭–૨–૨૦૦૯ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે. જેના પરિણામે રાજ્યના ખેડતોને વર્ષ ૨૦૦૯–૧૦થી ૭ ટકાના દરે પાક ધિરાણ ઉપલબ્ધ થાય છે. ઉપરાંત નાબાર્ડની પ્રવર્તમાન પોલિસી દ્વારા ખેડૂતો દ્વારા લેવામાં આવતા અને સમયસર પરત ભરપાઇ થતાં રૂપિયા ત્રણ લાખ સુધીના પાક ધિરાણ ઉપર ત્રણ ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને આપવામાં આવતી ત્રણ ટકા વ્યાજ રાહત ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પણ ખરીફ વર્ષ ૨૦૧૫થી ખેડૂતોને ત્રણ ટકા વ્યાજ રાહત આપવા અંગેની યોજના બનાવી નવી બાબત તરીકે તા. ૨૦–૫–૨૦૧૬ના ઠરાવથી મંજૂર કરવામાં આવેલ હતી. જેના પરિણામે ખેડૂતોને ૧ ટકાના દરે પાક ધિરાણ ઉપલબ્ધ થતું હતું. રાજયના ખેડૂતોને પાક ધિરાણ ઉપર ૧ ટકો વ્યાજ ચૂકવવું ન પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા તા.૧૮–૧૦–૨૦૧૭ના ઠરાવથી ત્રણ લાખ સુધીના પાક ધિરાણ ઉપર ચાર ટકા વ્યાજ સહાય આપવાનો ઐતિહાસિક નિર્ણય કરેલ છે. આમ ગુજરાત રાજ્યમાં ત્રણ લાખ સુધીનું પાક ધિરાણ સમયસર ભરપાઇ કરતા ખેડૂતોને શૂન્ય ટકા વ્યાજના દરે ધિરાણ ઉપલબ્ધ થાય છે. જેના પરિણામે ખેડૂતો સમયસર પાક ધિરાણ ભરપાઇ કરવા પ્રોત્સાહિત થયેલા છે. આના પરિણામે સહકારી સંસ્થાઓની વસૂલાતમાં પણ સુધારો થયેલો છે. આ માટે નાણાકીય વર્ષમાં રૂપિયા ૧૦૦૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલી છે. ગતવર્ષે આ યોજના અંતર્ગત રૂ.૧૬૧૧.૬૨ કરોડ ચૂકવવામાં આવેલ હતા. આમ વૈશ્વિક મહામારીની કપરી પરિસ્થિતિ કે કુદરતી આપત્તિ હોય તેવા વિપરીત સંજોગોમાં પણ રાજ્ય સરકાર સતત ખેડૂતોની ચિંતા કરી જગતના તાતની પડખે ઉભા રહી તેઓની આર્થિક સ્થિતિમાં ઉત્તરોત્તર ઉન્નતિ થાય તે દિશામાં સતત પ્રયત્નશીલ છે. સકારાત્મક ભૂમિકા અદા કરવા સરકાર અગ્રેસર છે. આ યોજનાના કારણે ખેડૂતોને શાહુકારોના શોષણમાંથી છૂટકારો મળેલ છે. ખેડૂતોના માલ ઉત્પાદનમાં વધારો થવાથી આર્થિક સ્થિતિ મજબૂત બનેલ છે. તેમજ સહકારી સંસ્થાઓ જેવી કે પેક્સ અને બેન્કો આર્થિક રીતે મજબૂત બનેલ છે. જેનાથી સહકારી પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર વધારો થયેલો છે. આમ ખેડૂતોને પાક ધિરાણ ભરપાઇ કરવામાં રાજ્ય સરકારશ્રી દ્વારા રાહત પ્રદાન કરી સરકારશ્રીની ખેડૂતોની પડખે ઉભા રહેવાની નેમ ઉજાગર કરી સને ૨૦૨૩–૨૪ના નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળ રૂ.૧૦૦૦ કરોડની બજેટ જોગવાઇ ઉપરાંત સુધારેલ અંદાજો વ્યાજ રાહત માટે સરાહનીય છે.

## પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ –પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ની પૂરક માગણી ક્રમાંક–૧૦૨ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ અર્નિંગ વેલ, લિવિંગ વેલ અને ઇઝ ઓફ લિવિંગનેસ સાથે વિકસિત ભારત અને વિકસિત ગુજરાતનો ૨૦૪૭ લોન્ચ કર્યું અને આ આયોજન કરનારું ગુજરાત દેશનું સર્વ પ્રથમ રાજય છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અનુદાનની પૂરક માગણી ૧૦૨ છે એમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત હું મારા વિચાર રજૂ કરું છું. એક સમયે નગરની વ્યાખ્યા એવી હતી કે નળ, ગટર અને રસ્તા. પરંતુ આપણા લોકલાડીલા વડા પ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા અર્બનાઇઝેશનની વ્યાખ્યામાં ૩૬૦ ડિગ્રીએ પરિવર્તન કરીને શહેરી માળખાકીય સુવિધાઓ અને શહેરી સવલતોનો વધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ શહેરનો વિકાસ કરવો હોય, ગગનચૂંબી ઇમારતો, અંડરબ્રિજ, ઓવરબ્રિજ, ગાર્ડન, કોમ્યુનિટી હોલ વગેરે બધું જ હોય પરંતુ સમગ્ર વિસ્તારની આસપાસ જો કૂડા અને કરકટના ઢેર હોય, તમામ જગ્યાએ ગંદકી હોય તો આ શહેરી વિકાસ ક્યારેય દેખાતો નથી. એટલા માટે કોઇ પણ શહેરી વિકાસ માટેની પ્રાથમિક જરૂરિયાત જો કોઇ હોય તો એ સ્વચ્છતા છે અને એટલા માટે વિકસિત ભારત અને વિકસિત ગુજરાત માટે હું એટલું જ કહીશ કે, હિન્દી....."ખુશ હાલ દેશ કા દર્પણ સજાએ ગરીબી મુક્ત ભારત બનાએ, બહેતર સ્વસ્થ્ય સુવિધા સજાએ શિક્ષા સંદેશ કા ફહેરાએ. સ્વચ્છતા, આત્મનિર્ભરતા કા પરચમ, પર્યાવરણ સંરક્ષણ કા સ્વચ્છ દર્પણ દેશ કી અનુપમ છબિ બનાએ, ઉદ્યોગો કો બઢવા દે કર રોજગાર કે અવસર બઢાયે યહી હમારા વિકસિત ગુજરાત, યહી હમારા વિકસિત ભારત."

માનનીય અધ્યક્ષશ્રી, ભારતને સ્વચ્છ ભારત, સમર્થ ભારત, શ્રેષ્ઠ ભારત બનાવવું હશે તો એના માટે સર્વ પ્રથમ પ્રાથમિક જરૂરિયાત જો કોઇ હોય તો એ સ્વચ્છ ભારત છે અને એટલા માટે જ "સ્વચ્છ ભારત કા ઇરાદા કર લિયા હમને દેશ કો અપને યે વાદા કર લિયા હમને" વૈશ્વિક મહામંદીના માહોલમાં સફળતાપૂર્વક જી–૨૦ની સમિટ થાય, ગ્લોબલ વાઇબ્રન્ટ સમિટ થાય, અવકાશ ક્ષેત્રે ચંદ્રયાનમાં ભારત સમગ્ર વિશ્વમાં એનું નામ રોશન કરી શકે તો સ્વચ્છતાની બાબતમાં આપણે શા માટે પાછળ રહીએ? માનનીય અધ્યક્ષશ્રી, વિનાશમાંથી વિકાસ અને આપદાને અવસરમાં બદલનાર આપણા લોકલાડીલા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ૨જી ઓકટોબર, ૨૦૨૪ના રોજ સ્વચ્છ ભારત મિશનની શરૂઆત દિલ્હીના રાજઘાટ ખાતેથી કરવામાં આવી. આ એક માત્ર વડા પ્રધાન એવા હતા કે જેમણે પોતે હાથમાં ઝાડું લઇને સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત મિશનનું જન આંદોલન ઉભું કર્યું અને માત્ર ૫ વરસના ટૂંકાગાળમાં ૨જી ઓકટોબર, ૨૦૧૯ના મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે સમગ્ર ભારતને ખુલ્લામાં શૌચ મુકત જાહેર કરવામાં આવ્યું અને આમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં સૌ પ્રથમ સો ટકા ઓ.ડી.એફ. જાહેર થયું. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૭ દાયકામાં માત્ર ૧૯ ટકા શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું પરંતુ આપણા લોક લાડીલા વડા પ્રધાન આદરણીય શ્રી મોદી સાહેબ દ્વારા છેલ્લાં ૯ વર્ષમાં ૧૦૦ ટકા શૌચાલયો બનાવીને તમામ બહેનો અને દીકરીઓને ઇજ્જતનું ઘર આપવમાં આવ્યું. ૧લી ઓકટોબર, ૨૦૨૧ના રોજ નવી દિલ્હી ખાતે સ્વચ્છ ભારત ૨.૦ લોન્ચ કરવામાં આવ્યું અને જેનો મુખ્ય ઉદેશ હતો ના ગંદકી કરેંગે ના ગંદકી કરને દેંગે. આના માટે સો ટકા સફાઇ, ઘરે ઘરે કચરાનું એકત્રિકરણ, વર્ગીકરણ અને વૈજ્ઞાનિક ઢબે નિકાલ, સસ્ટેનેબલ સેનિટેશન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને આઇ.બી.પી. કેપેસિટી બિલ્ડિંગનો સમાવેશ કરવામાં આવ્યો. આ સંપૂર્ણ જરૂરિયાતો માટે સ્વચ્છ ભારત મિશન ૨.૦ને ચરિતાર્થ કરવા માટે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે સન્માનનીય ગૃહને મંજૂર કરવા હું વિનંતી કરું છું અને સન્માનનીય ગૃહને હું સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સંકલ્પ કરવા વિનંતી કરું છું કે, સ્વચ્છ હોગા ભારત સારા સ્વચ્છ હોગા દેશ હમારા, મીલઝૂલ કર કામ કરેંગે દેશ કા ઊંચા નામ કરેંગે, ઘર ઘર ખુશહાલી હોગી રાત નહીં કોઇ કાલી હોગી. બેટા બેટી એક સમાન ફીર ચમકેગા હિન્દુસ્તાન હમારા.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર(માતર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ ૬૭ અને ૬૮ આરોગ્ય વિભાગનું બિલ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી ગુજરાતના લોકોના આરોગ્ય અને સુખાકારીમાં વૃદ્ધિ કરવા સરકારે વર્ષના ૧૫.૧૮૧ કરોડના બજેટમાં ૩૨.૪૦ ટકાનો વધારો કરી નોંધપાત્ર વધારો કરી આગામી વર્ષ માટે ૨૦.૧૦૦ કરોડની જોગવાઇ લઇને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર. આપને ખ્યાલ હશે ૧૦૮ જે માનનીય તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રી મોદી સાહેબે જે યોજના મૂકી તે ૧૦૮ થકી આજે ગુજરાતની અંદર હજારો જાન બચતી હોય અને ગામડાંઓની અંદર આજે પણ ૧૦૮ની એટલી જરૂરિયાત છે. જયારે સામાન્ય માણસ પાસે રીક્ષાનું ભાડું ના હોય તે સમયની અંદર રીક્ષાની જગ્યાએ ૧૦૮ ફકત દસ કે વીસ મિનિટમાં ગામમાં આવતી હોય અને પ્રસુતિ બહેન કે કોઇને એક્સિડંટ થયો હોય તો વીસ મિનિટમાં તેને દવાખાને પહોંચાડી એનો જીવ પણ બચાવવા માટે ગુજરાત સરકારે અને માનનીય મોદી સાહેબે જે એક સારી યોજના મૂકી તે બદલ અને આજે યોજના ચાલુ છે તે બદલ આરોગ્ય વિભાગ અને માનનીય મુખ્યમંત્રી સાહેબનો ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી સાહેબ બીજી એક દરખાસ્ત લઇને આવ્યા કે એમ્બ્યુલન્સની સુવિધાને વધુ સુદૃઢ બનાવવા ૧૦૮ ઇમરજન્સી સેવા હેઠળ ૩૧૯ નવી એમ્બ્યુલન્સ માટે રૂ.૭૬ કરોડની બજેટમાં જોગવાઇ કરી તે બદલ

માનનીય કનુભાઇ દેસાઇનો હું પણ આભાર માનું છું અને આજની આ આરોગ્યલક્ષી સુવિધાની અંદર આપને જણાવું તો આજથી વીસ વર્ષ પહેલાં મારો એક મિત્ર તેને કિડનીની બીમારી થઇ તો તેને હોસ્પિટલ લઇને જવા માટે મારે સો કિલોમીટર દૂર ડાયાલીસીસ કરાવવા માટે જવુ પડતું હતું ત્યારે આજે આ સરકાર અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય આપણા મુરબ્બી વડાપ્રધાનના આભારી કે આજે દરેક ગામે વીસ વીસ કિલોમીટરની અંદર ડાયાલીસીસની સુવિધા ઉપલબ્ધ કરાવી તે બદલ હું સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આયુષ્યમાન કાર્ડની અંદર એક સામાન્ય માણસને ૫−૫૦ હજારની દવાની જરૂર પડે કેન્સર, હાર્ટ એટેક અને કોઇ મોટી બીમારી આવે તો એ માણસ પાસે ૫−૫૦ હજાર રૂપિયા ના હોય તો એ માણસ પોતાની પત્ની કે પોતાના પરિવારના દાગીના ગીરવે મૂકીને દવા કરાવતો હતો. આજે એ જગ્યાએ ૧૦૮ની સુવિધાથી ૧૦ લાખ સુધીની સરકારની યોજનાની ફ્રીમાં દવા કરાવે અને ઘરે પણ એ ૩૦૦ રૂપિયા ભાડું સરકાર ભોગવતી હોય અને તે ઘરે જઇ અને સરકારને આશીર્વાદ આપતો હોય તેના કારણે આજે ૧૫૬ ધારાસભ્યો ચૂંટાઇને આવ્યા હોય. બીજુ, આદરણીય સભાગૃહને જણાવવા માગું છું કે, મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવા રોગોને અટકાવવા તેમજ નિયંત્રણની પ્રવૃત્તિઓનો અમલ કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા કાર્યક્રમ સહાય, સાધન−સામગ્રી અને મેડિસીન રૂપમાં પૂરી પાડવામાં આવે છે. આ કાર્યક્રમના અમલ માટે રાજ્ય સરકાર પગાર−ભથ્થાં તેમજ આ રોગના નિયંત્રણ માટે પ્રચાર માટે વર્ષ ૨૦૨૩−૨૪માં ૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ઉપરાંત ભારત સરકાર દ્વારા ૩૯ કરોડની સહાયની જોગવાઇ વર્ષ ૨૦૨૩−૨૪માં કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩−૨૪માં ૧ કરોડ ૬ લાખ ૮૨ હજાર ૧૪૯ લોહીના નમૂનાના લક્ષ્યાંકની સામે ૧ કરોડ ૭૪ લાખ ૪૨ હજાર ૮૫૭ લોહીના નમૂના મેલેરિયાના નિદાન માટે એકત્રિત કરેલ છે જે નિર્ધારિત લક્ષ્યાંક કરતા ૧૮ ટકાની સામે ૧૩૫.૦૫ની સિદ્ધિ હાંસલ કરેલ છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની દરખાસ્ત કરું છું.

શ્રી અમિત ચાવડા : અમે સંમત છીએ.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે? ( થોડી વાર બાદ ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(**નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ પૂરક માગણીની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો અને સૂચનો રજૂ કરેલ છે જેની મેં નોંધ લીધી છે. ખાસ કરીને અમારા પક્ષના ધારાસભ્યશ્રીઓએ સમર્થનમાં જે વાત મૂકી છે એ વાત એટલી સુંદર અને અભ્યાસપૂર્ણ છે કે હું એમને અભિનંદન સાથે આભારની લાગણી વ્યક્ત કરું છું. સાથે−સાથે મારા કોંગ્રેસી મિત્ર શ્રી શૈલેષભાઇ અને શ્રી અમિતભાઇએ એમના અનુભવના હિસાબે સુંદર વાત કરી છે એની પણ નોંધ લીધી છે અને એમનો પણ આભાર વ્યક્ત કરું છું. શ્રી ઉમેશભાઇ મકવાણાએ પણ પોતાની વાત રજૂ કરી છે. જે ધ્યાને લઇ આ સન્માનનીય ગૃહમાં વર્ષ ૨૦૨૩−૨૪ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી આજે ચર્ચા માટે હાથ ધરાયેલ માગણી નં −૫, ૩૯, ૪૯, ૭૯ અને ૧૦૨ એમ પાંચ માગણીઓ સર્વાનુમતે મંજૂર કરવા માટે અનુરોધ કરું છું. ગુજરાતના પનોતા પુત્ર, વિશ્વનેતા અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલા વિકાસ પથ પર મૃદુ અને મક્કમ એવા ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતની ડબલ એન્જિન સરકાર તીવ્ર ગતિએ આગળ વધી રહી છે. ગયા વર્ષના બજેટમાં અમે ગુજરાતના સર્વ સમાવેશક વિકાસ માટે મુખ્ય પાંચ સ્તંભોને સમાવતું રૂ.ત્રણ લાખ એક હાજર બાવીસ કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. પ્રજાની સુખાકારી તેમજ રાજ્યના વિકાસ માટે અમારી સરકારે જ્યાં જરૂર જણાય ત્યાં ખર્ચ કરવામાં પાછી પાની કરી નથી. આથી જનહિત માટે જ્યાં જોગવાઇ કરતાં વધુ ખર્ચની જરૂર પડી ત્યાં અમે ખર્ચ કરી પૂરક માગણીઓ રજૂ કરેલ છે. રૂ.૩ લાખ ૧ હજાર ૨૨ કરોડના બજેટમાં ૧૦ ટકા જેટલી પૂરક માગણીઓ આવે તો એ સારામાં સારું બજેટ કહી શકાય. કારણ કે, બજેટ આખા વર્ષની પૂર્વ ધારણાઓ પર કરવામાં આવે છે. આપણે આપણા બજેટમાં જે તૈયારી કરી છે તે યોગ્ય જ હતી. પૂરક માગણીઓ પ્રમાણે જોઇએ તો સહકારી ધિરાણ માળખાની સંસ્થાઓ દ્વારા ખેડૂતોને અપાતાં નાણાકીય ધિરાણમાં વ્યાજ સહાય, રાજ્યની નબળી બજાર સમિતિઓના રિ−સ્ટ્રક્ચરિંગ માટે વન ટાઇમ સહાય પેકેજ, સહકારી મંડળીઓની કચેરીઓનું કોમ્પ્યુટરાઇઝેશન, આરોગ્યને લગતી માળખાકીય સુવિધાઓ, વિવિધ ઔદ્યોગિક યોજનાઓને સહાય આપવા, રાજ્ય આપત્તિ સંચાલન ક્ષમતા તંત્ર, સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેર વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓને તેમજ નગરપાલિકાઓને સહાયક અનુદાન વગેરેના કારણે વધારાનો ખર્ચ થયેલો છે. અમારી સરકાર અન્નદાતાઓની સરકાર છે. તેથી જે ખેડૂતો રૂ.૩ લાખ સુધીનો પાક ધિરાણ સમયસર ભરતા હોય તેમને કેન્દ્ર સરકાર ૩ ટકા અને રાજ્ય સરકાર ૪ ટકા વ્યાજ સહાય આપે છે. આ રીતે અમારી ખેડૂતલક્ષી સરકારમાં ખેડૂતોને વિના વ્યાજે એટલે કે શૂન્ય ટકા વ્યાજથી પાક ધિરાણ પ્રાપ્ત થાય છે. આ અન્વયે વિવિધ બેંકો તરફથી વ્યાજ સહાય માટે મળતી દરખાસ્તોને ધ્યાનમાં લેતાં વર્ષ ૨૦૨૩−૨૪માં રૂ.૧૩૮૯ કરોડ જેટલો ખર્ચ થવાની સંભાવના છે. આમ, અમારી સરકાર દ્વારા ખેડૂતોને જરૂરી ધિરાણ ઉપલબ્ધ કરાવવા વ્યાજ સહાય આપવા માટે ખર્ચ અનિવાર્ય હોઇ વધારાનો ખર્ચ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે રાજ્યમાં ૨૨૪ બજાર સમિતિઓ કાર્યરત છે. બજાર સમિતિઓમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ થકી સહાય પણ પૂરી પાડે છે. આપણા ગૃહમંત્રી અને

સહકાર મંત્રી માનનીય અમિતભાઈ શાહની આગેવાની હેઠળ જે રીતે સહકારનો વિકાસ થઇ રહ્યો છે એનો લાભ ગુજરાતને પણ મળી રહ્યો છે. આથી ખેડૂતોના વિશાળ હિતોને ધ્યાનમાં લઇ બજાર સમિતિઓના રિ-સ્ટ્રક્ચરિંગ અને વન ટાઇમ પેકેજ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૨૦ કરોડની યોજના જાહેર કરવામાં આવેલ હતી. જેના માટે આ ખર્ચ કરવામાં આવેલ છે.જેના માટે આ ખર્ચ કરવામાં આવેલ છે. ભારત સરકારના સહકારિતા મંત્રાલય દ્વારા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરીઓના કમ્પ્યુટરાઇઝેશનની કેન્દ્રીય પૂરસ્કૃત યોજના જાહેર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત રજિસ્ટ્રાર સહકારી મંડળી કચેરીઓ માટે આઇ.ટી. હાર્ડવેર, ક્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સોફ્ટવેર ડેવલપમેન્ટ અને અઢી વર્ષ સુધી સોફ્ટવેર મેન્ટેનન્સ માટે ખર્ચની જોગવાઇ કરવાની થાય છે. સહકારી મંડળીઓનો વ્યાપ વધારવાની સાથે આધુનિક ટેકનોલોજી કરવા માટે આવા ખર્ચને આપણે મંજૂર કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના તમામ વિસ્તારના નાગરિકોને ગુણવત્તાસભર સેવા પૂરી પાડવા અમારી સરકાર માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઈની આગેવાની હેઠળ તત્પર છે. પ્રાથમિક આરોગ્ય સેવાઓની સાથે સાથે રેફરલ અને સુપર સ્પેશ્યાલિટી સુધીની આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. રાજ્ય સરકારે માતૃ અને બાળ કલ્યાણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી આરોગ્ય સેવાઓને વધુ સઘન અને સુલભ બનાવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળની અમારી સરકારે નાગરિકોને આરોગ્ય સુરક્ષા કવચ પૂરું પાડવા માટે પી.એમ.જે.વાય.-મા યોજના અમલી બનાવેલ છે. જે અંતર્ગત કુટુંબદીઠ રૂ.૧૦ લાખ સુધીની સહાય અને લગભગ આપણા આરોગ્યમંત્રીશ્રીએ પણ આમાં ઘણો વધારો કરીને ૨૪૭૧ જેટલી પ્રોસીજર માટે નાગરિકોને તેમાં સમાવવામાં આવે છે. આથી અમારી સરકાર ઉમદા યોજના માટે રૂ.૩૧૦૦ કરોડ કરતાં પણ વધારે ખર્ચ કરી રહી છે. સમાજના ગ્રામ્ય વિસ્તારોમાં મુખ્ય પેટા કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર આમ ત્રિસ્તરીય આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ગુજરાત ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૪૯૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રો સાથે અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રીમ છે. શહેરી વિસ્તારોમાં પણ સમગ્ર રાજ્યમાં કુલ ૪૧૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૨૪ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો દ્વારા પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ રીતે સમગ્ર ગુજરાતમાં ફેલાયેલા આ વિશાળ માળખાને લીધે આપણે કોરોના મહામારીને પણ હટાવી શક્યા છીએ અને વિશ્વમાં આપણું ભારત સૌ પ્રથમ કોરોનાને હટાવવામાં સફળ થયું છે તેમ કહી શકાય. રાજ્યમાં ગરીબલક્ષી, અગરિયા, આદિજાતિ સરહદી વિસ્તાર, સાગરખેડુના સર્વાંગી વિકાસ હેઠળ કુલ ૧૨૮ જેટલા મોબાઇલ કોમ્પ્રિહેન્સિવ હેલ્થ કેર સેન્ટરો મંજૂર કરવામાં આવ્યાં છે. આ સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે રાજ્યમાં સને ૨૦૦૩માં ૧૧ મેડિકલ કૉલેજો હતી, આજે ૪૦ મૅડિકલ કૉલેજો છે. આજે મૅડિકલ કૉલેજોમાં સ્નાતક ૭૦૫૦ બેઠકો અને અનુસ્નાતક ૨૭૬૧ બેઠકો છે. જે ભવિષ્યમાં ઊભી થનાર આરોગ્યની જરૂરિયાતને પહોંચી વળવા માટે આપણું આગોતરું આયોજન છે. રાજ્યમાં ૫૮૦ આયુર્વેદિક દવાખાના, ૨૭૩ હોમિયોપથી દવાખાના, ૩૮ આયુર્વેદિક હૉસ્પિટલ, ૧ હોમિયોપથી હૉસ્પિટલ તેમજ પાંચ આયુર્વેદિક કૉલેજો અને ૧ હોમિયોપથી કૉલેજ તથા બે સરકારી આયુર્વેદિક ફાર્મસી આવેલી છે. આ ક્ષેત્રમાં ઉત્તરોત્તર વિકાસ કરી આયુષની સેવાઓ રાજ્યની જાહેર જનતા સુધી પહોંચાડવાના ઉદ્દેશથી વિવિધ પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા થકી અંદાજે દરરોજ સરેરાશ ૩૩૦૦થી ૩૫૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે હૉસ્પિટલ સુધી પહોંચાડવાની નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે. આ ઉપરાંત મને જણાવતાં આનંદ થાય છે કે, ૧૦૮ નંબર પર આવેલા ૯૯ ટકા જેટલા ફોન કૉલને પ્રથમ બે રિંગમાં જ લેવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ધોરણે જે કોઇ પણ રિસ્પોન્સની સેવાઓ મળતી હોય તેમાં આપણા ભારત/ગુજરાતનું સ્થાન નંબર એક છે. આમ, આવી વિશાળ વ્યાપ ધરાવતી અને ખૂબ મોટા માસને આવરી લેતી આરોગ્યલક્ષી સેવાઓ મારફતે ''સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવેત''ના સૂત્રને સાર્થક કરવા હું નિયત જોગવાઇ કરતાં વધુ ખર્ચ થાય તો પણ સૌને સ્વીકાર્ય હોય તેમ દ્રઢપણે માનું છું અને આપ સૌ તેને સમર્થન આપશો. અમારી સરકારનું ધ્યેય ખેડૂતોની સાથે સાથે મોટા પ્રમાણમાં રોજગારી પેદા કરતાં ઉદ્યોગોનો પણ સમયાંતરે વિકાસ કરવાનું છે. આથી અમે રાજયના ઔદ્યોગિક ઉત્પાદનમાં સતત વધારો થતો રહે તેમજ રોજગારીની બહુવિધ તકોના સર્જન માટે વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકેલ છે. ટેક્સ્ટાઇલ અને એપ્રલ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ટેકસ્ટાઇલ પૉલિસી-૨૦૧૨, ગુજરાત ગારમેન્ટ અને એપ્રલ પૉલિસી-૨૦૧૭ અને ટેકસ્ટાઇલ વેલ્યુ ચેઇનમાં સમાવિષ્ટ ખાસ ક્ષેત્રોને સુદ્રઢ કરવા માટેની સહાય યોજના અમલમાં છે. કોઇપણ લાભાર્થી સહાયથી વંચિત ન રહે એ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં સહાયની ચૂકવણી અંગે વધુ જોગવાઇની જરૂરિયાત ઉદભવેલ છે. મોટા કદના ઉદ્યોગોને સહાય માટે ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના, મેગા ઇનોવેટિવ પ્રોજેક્ટને સહાય યોજના, કેપિટલ સબસિડી ટુ લાર્જ ઇન્ડસ્ટ્રીઝ, ફર્સ્ટ સેક્ટર, આત્મનિર્ભર ગુજરાત યોજના વગેરે યોજનાઓનો સમાવેશ થાય છે. કૉવિડ જેવી વૈશ્વિક મહામારીના સમયમાં અને ત્યારબાદ પણ આપણા ઉદ્યોગો મક્કમતાથી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની યાત્રામાં અગ્રેસર છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના આત્મનિર્ભર ભારત-૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માટે રાજ્યમાં મૂડીરોકાણને વેગ આપવા અને તેના થકી રોજગારીને પ્રોત્સાહન મળી રહે તે જરૂરી જણાય છે ત્યારે આ બજેટમાં વધારાની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજ્યમાં જૂન-૨૦૨૩ દરમિયાન આવેલા બીપરજોય વાવાઝોડાના કારણે રાજ્યના દરિયાકિનારાના જિલ્લાઓ પ્રભાવિત થયા હતા. આપ સૌ સાક્ષી છો કે આ ભયાનક વાવાઝોડાના સમયે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના

નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળના અભૂતપૂર્વ આયોજનના કારણે કોઇપણ જાનહાનિ થયેલ ન હતી. ફક્ત ૭૦ કલાકમાં ઊર્જા વિભાગે વીજ વિતરણ શરૂ કરી અભૂતપૂર્વ કામગીરી કરેલ છે. રહેણાંકના મકાનોના પુનઃ સ્થાપન માટે રાજ્ય સરકાર દ્વારા સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ ઉપરાંત રાજ્ય સરકારના ભંડોળમાંથી ખાસ કિસ્સા તરીકે વધારાની સહાય આપવા અંગે નિર્ણય થયેલ. ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોના નુકસાન માટે રૂ. ૫૨ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. સપ્ટેમ્બર-૨૦૨૩માં થયેલ વરસાદના કારણે ખેતી અને બાગાયતી પાકોને થયેલ નુકસાન માટે રૂ. ૮૫ કરોડની સહાય આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩ દરમિયાન જાહેર મિલકતોને થયેલા નુકસાનના સત્વરે પુનઃ સ્થાપન માટે રાજ્ય સરકાર દ્વારા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને રૂ. ૨૨૦ કરોડ, પંચાયત વિભાગને રૂ. ૨૮ કરોડ, શહેરી વિકાસ વિભાગને રૂ. ૧૦ કરોડ, શિક્ષણ વિભાગને રૂ. ૯ કરોડ તથા માર્ગ અને મકાન વિભાગને રૂ. ૪૨૬ કરોડ ચૂકવવામાં આવેલ છે. ઇઝ ઓફ લિવીંગ વધારવા અને ભૌતિક-સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓને અપગ્રેડ કરવી અતિ આવશ્યક છે. આજે ગુજરાતની આશરે પચાસ ટકા વસ્તી શહેરોમાં વસે છે. આથી શહેરી વિસ્તારોની પ્રજાની સુવિધાઓના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી સરકાર હંમેશા કટિબદ્ધ છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી યોજનાને વર્ષ ૨૦૨૬-૨૭ સુધી ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે અને આ યોજના માટે રૂ. ૮૧૧૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા ૧લી ઓક્ટોબર-૨૦૨૧ના રોજ નવી દિલ્હી ખાતે સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે. શહેરી જીવનની ગુણવત્તા સુધારવા અમૃત અને અમૃત ૨.૦ મિશન યોજનામાં માળખાકીય પાયાની સુવિધાઓ માટે વિવિધ કામો જેવા કે, પાણી પૂરવઠો, ભૂગર્ભ ગટર, ગાર્ડન અને તળાવોના નવીનીકરણની કામગીરી માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧૪૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. નેશનલ રીવર ફંડ કન્વર્ઝેશન પ્લાન્ટ હેઠળ સુરતમાં તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ માટે રૂ. ૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે અંતર્ગત તાપી નદીમાં પ્રવેશતા ગંદા પાણીને ઇન્ટરસિફ્ટ કરી ડાયવર્ઝન કરવાના કામે બાલગૌરવ પથ ખાતે ૩૫ એમ.એલ.ડી. ક્ષમતાના નવા સુએઝ પંપીગ સ્ટેશનનું સિવિલ, ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ વર્ક કરવામાં આવેલ છે. આમ, લોકકલ્યાણને સમર્પિત એવી અમારી સરકારે જનહિત માટે ખૂબ અગત્યના અને જરૂરી એવા ખર્ચ માટે વિશેષ જોગવાઇઓ પૂરક માંગણીઓના સ્વરૂપે આ ગૃહ સમક્ષ રજૂ કરેલ છે તેને સર્વાનુમતિએ પાસ કરવા આ માનનીય સભ્યશ્રીઓએ રજૂ કરેલ કાપ દરખાસ્ત પરત ખેંચવા અનુરોધ કરું છું. જય જય ગરવી ગુજરાત.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯,૧૦, ૧૨, ૧૩ અને ૧૫ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક-૭૯, ૧૦૨, ૫, ૩૯ અને ૪૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૫૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા.૮મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

માઘ ૧૯, ૧૯૪૫ શાકે

પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બિજો અને છેલ્લો દિવસ )

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માઘ ૧૯, ૧૯૪૫ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

**માર્ગ અને મકાન વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૮૬**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૪૪,૨૩,૧૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૦૦,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૮૬ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : જે માનનીય સભ્યશ્રીઓ પૂરક માગણીઓ ઉપર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂઆત કરી શકે છે.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

**શિક્ષણ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૯**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૫૨,૦૧,૮૬,૫૫,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨,૦૦,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક-૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

**અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૨૨**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૫૨,૨૩,૮૧,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી .**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૭૪**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન-વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન-વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૩૦,૦૬,૧૪,૦૦૦/- ની પૂરક માગણી ક્રમાંક-૭૪ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૭૪ રજૂ કરવામાં આવી .**

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( બિજો અને છેલ્લો દિવસ )

**આદિજાતિ વિકાસ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંકઃ ૯૬**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૫,૨૧,૨૫,૯૭,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૧,૦૦,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૯૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક- ૯૬ રજૂ કરવામાં આવી .**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટેની પૂરક માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માંગણી નં. ૮૬** | | |
| *૧ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૦૪- જિલ્લા...માર્ગો<br>૩૩૭- માર્ગ કામો<br>૧૫-મુખ્યમંત્રી... યોજના<br>રૂ. ૨,૫૫,૦૦,૦૦,૦૦૦/-<br>પાના નં. ૧૫૫ અને ૧૫૬ | ૧૦૦ | મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગુણવત્તાયુક્ત માર્ગો બાંધવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૨ | -- " -- | ૧૦૦ | મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં માર્ગોના નવીનીકરણ માટે સત્વરે નાણાકીય સહાય મંજૂર કરી કામો પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| *૩ | -- " -- | ૧૦૦ | માર્ગોના કામમાં કોન્ટ્રાક્ટરો દ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| | | **શિક્ષણ વિભાગ**<br>**માંગણી નં. ૯** | | |
| *૪ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬-શિક્ષકો...સેવાઓ<br>૦૬-પ્રાથમિક...અનુદાન<br>રૂ. ૫,૪૨,૨૪,૪૫,૦૦૦/-<br>પાના નં. ૧૨ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના જર્જરીત ઓરડાનું સત્વરે સમારકામ કરાવાવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| ૫ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં રમતગમતના મેદાનોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૬ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬-શિક્ષકો...સેવાઓ<br>૦૬-પ્રાથમિક...અનુદાન<br>રૂ. ૫,૪૨,૨૪,૪૫,૦૦૦/-<br>પાના નં. ૧૨ | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની વ્યાપક ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૭ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણને સંગીન બનાવવા તેમાં રહેલી ત્રુટીઓમાં સુધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૮ | -- " -- | ૧૦૦ | રાજ્યમાં વિદ્યાર્થીઓના શાળા છોડવાના વધતા દરને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | -- " -- | ૧૦૦ | રાજ્યમાં RTE-2009 એક્ટ હેઠળ રાજ્યના ગરીબ બાળકોના બદલે સંપન્ન પરિવારના બાળકોને પ્રવેશ અપાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| *૧૦ | -- " -- | ૧૦૦ | શિક્ષકોની ભરતી અંગેના વારંવાર બદલાતાં નિયમોના સ્થાને તે અંગેની ચોક્કસ નીતિ અમલમાં મૂકવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |
| **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માંગણી નં. ૨૨** | | | | |
| ૧૧ | ૩૪૫૬- નાગરિક પુરવઠો<br>૧૯૦-જાહેર...સહાય<br>૨૧-અન્ન સલામતી<br>રૂ. ૩૦,૮૫,૧૨,૦૦૦/-<br>પાના નં. ૩૯ અને ૪૦ | ૧૦૦ | અન્ન સલામતી યોજના અંતર્ગત જરૂરીયાતમંદોને સમયસર ગુણવત્તાયુક્ત રાશન પૂરુ પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માંગણી નં. ૭૪** | | | | |
| ૧૨ | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૧૯૦-જાહેર...સહાય<br>૦૨-ગુજરાત...સહાય<br>રૂ. ૧,૩૦,૦૬,૧૪,૦૦૦/-<br>પાના નં. ૧૩૨ અને ૧૩૩ | ૧૦૦ | એસ.ટી.ની બસો સમયસર ન મૂકાતાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માંગણી નં. ૯૬** | | | | |
| ૧૩ | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામીણ આવાસન<br>૭૯૬-આદિજાતિ...યોજના<br>૨૨-પ્રધાનમંત્રી...ગ્રામીણ<br>રૂ. ૩,૨૮,૧૮,૪૩,૦૦૦/-<br>પાના નં. ૧૮૯ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને આવાસ ફાળવવામાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૪ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૨- અનુસૂચિત...કલ્યાણ<br>૭૯૬-આદિજાતિ...યોજના<br>૮૨-વીકેવાય૧૭૮ ગુજરાત... અમલીકરણ<br>રૂ. ૧,૦૦,૦૦૦/-<br>પાના નં. ૧૮૯ અને ૧૯૦ | ૧૦૦ | જંગલોની ગૌણ વન પેદાશોના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૧૫ | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૨- અનુસૂચિત...કલ્યાણ<br>૭૯૬-આદિજાતિ...યોજના<br>૮૩-વીકેવાય વન...લાભ<br>રૂ. ૩૦,૫૦,૦૦,૦૦૦/-<br>પાના નં. ૧૮૯ અને ૧૯૦ | ૧૦૦ | વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયેના આદિજાતિ વિસ્તાર હેઠળના જમીન અંગેના દાવાઓનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. તુષાર ચૌધરી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

અધ્યક્ષશ્રીઃ પૂરક માગણી પરની ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારના ૧૦-૦૦થી ૨-૩૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૪(૪) મુજબ પૂરક માગણીની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં પૂરક માગણી પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય અને મતદાન પર મૂકવાની થાય છે. તદનુસાર બપોરના ૧:૩૦ કલાકે જે પૂરક માગણી પરની ચર્ચા ચાલતી હશે તે તેમજ બાકીની બધી પૂરક માગણીઓ મત માટે રજૂ કરવામાં આવશે. બપોરના ૧:૩૦ કલાકે જે ચર્ચા ચાલતી હશે તે તેમજ ત્યારપછીની બધી માગણીઓ મતદાન ઉપર મૂકવાની થશે. માનનીય સભ્યશ્રીઓને એ પ્રમાણે સમય ફાળવવા બંને પક્ષને મારી વિનંતી છે. હવે રજૂ થયેલ પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ગેનીબેન ન. ઠાકોર(વાવ):માનનીય અધ્યક્ષશ્રી, આજની શિક્ષણ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, વાહન વ્યવહાર વિભાગ અને અન્ન અને નાગરીક પુરવઠા વિભાગની જે પૂરક માગણીઓ છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ એન મકાન વિભાગમાં રૂ.૪,૪૪,૩૦,૧૯,૦૦૦/-ની પૂરક માગણીઓ છે. વર્તમાન સમયમાં દરેક ધારાસભ્ય ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે. એમની માર્ગ અને મકાન વિભાગ પાસે સૌથી વધારે માગણી ગામથી

ગામને જોડતા રસ્તાઓની છે. મુખ્યમંત્રી સડક યોજના હેઠળ વર્તમાન સમયમાં રૂ.૫૦૦૦ કરોડની બજેટમાં જોગવાઇ પણ છે. શહેરી વિસ્તારમાં મોટા–મોટા બ્રિજ બને અને એ બ્રિજ ખાતમુહૂર્ત પહેલાં જ તૂટી જાય અને નિર્દોષ લોકોના જીવ જાય. શહેરી વિસ્તારમાં બ્રિજ જરૂરી છે એની સામે વાંધો ના હોય. ગ્રામ્ય વિસ્તાર એ ૧૦૦ ટકા પિયતનો વિસ્તાર છે અને આ પિયત વિસ્તારમાં તમામ લોકો ખેતરોમાં રહે છે. ખેતરોમાં રહેતાં લોકોને સવાર–સાંજ ડેરીએ આવવાનું થાય. વિદ્યાર્થીઓને શાળાએ અભ્યાસ માટે શાળાએ જવાનું થાય. એના માટે સૌથી મોટી જરૂરિયાત ગામથી ગામને જોડતાં રસ્તાઓની છે. ભૂતકાળમાં દર વર્ષે રૂ.૨૦ કરોડના જોબ નંબર આપવામાં આવતા હતા. એમાં પણ ગુજરાતની જનતાને આશા હતી કે ૧૫૬ સીટો આવી છે તો રૂ.૨૦ કરોડના રૂ.૪૦ કરોડ કરશે. એના બદલે છેલ્લા એક–બે વર્ષથી કોઇપણ ધારાસભ્યોને જોબ નંબર આપવામાં આવ્યા નથી. (અંતરાય) તો અમે એવું માનીએ કે કદાચ શાસક પક્ષને પૂરતા આપ્યા હશે અને માત્ર ૧૫ સભ્યો માટે પણ તમારી ઉદારતા નહિ હોય. એમાં પણ વ્હાલા–દવલાની નીતિ હશે. જો આપ્યા હોય તો હું અપેક્ષા રાખું કે મારા રૂ.૨૦ કરોડના જોબ નંબર આ સત્ર દરમિયાન આપે. ભૂતકાળમાં જે રસ્તા બનાવ્યા છે વસતી વધવાના કારણે ટ્રાફિક વધતા જ્યાં એને વાયડનિંગ કરવાની જરૂર છે. એ વાયડનિંગ કરવા માટે સરકાર વહેલામાં વહેલી તકે બજેટમાં જોગવાઇ કરે. આપણે સમરસ વિકાસ થાય એ માટેની વાતો કરીએ છીએ. એ કામોમાં જાહેર હિતનું કામ હોય એને પ્રાયોરિટી આપવા માટેના પ્રયત્નો કરતા હોઇએ છીએ. આજે વાવ તાલુકા પંચાયતનું મકાન નથી એના માટે અમે અનેક વખત નાણાંમંત્રીશ્રીને વાત કરી છે અને અવાર–નવાર બજેટમાં પણ વાત થાય છે. ભાભર અને વાવના રેસ્ટ હાઉસને પાંચ વર્ષથી જર્જરિત હોવાના કારણે તાળાં મારેલા છે અને ઇન્ટરનલ એરિયા હોવાના કારણે કોઇ અધિકારી વિઝિટમાં આવે તો પણ એને વ્યવસ્થા મળતી નથી. આ બાબતનો પણ સમાવેશ થાય તેવી અપેક્ષા રાખું છું. આ રસ્તાઓ માટે મનરેગા યોજના અને માર્ગ અને મકાન વિભાગ સંયુક્ત રીતે કામ કરે તો ઘણું કામ થઇ શકે તેમ છે. રાજસ્થાનમાં ૬૦–૪૦ પ્રમાણે કાચું કામ મનરેગામાં અને ડામર કામ માર્ગ અને મકાન વિભાગ મારફત કરવામાં આવ્યું તો ત્યાં ઘણા બધા રસ્તાઓ થયા છે. આ મુજબનું ગુજરાતમાં પણ થાય તેવી હું અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની પૂરક માગણીઓ સબંધમાં હું જણાવીશ કે ભૂતકાળમાં બનાસકાંઠાને ખાસ પેકેજ આપીને ઘણા બધા ઓરડા મંજૂર કરવામાં આવ્યા હતા, પણ વારંવાર રી–ટેન્ડરિંગના કારણે સ્થળ ઉપર જે કામ થવું જોઇએ તે થતું નથી તે મોટી સમસ્યા છે. સરકારી શાળામાં ખાસ કરીને પ્રાથમિક શિક્ષણમાં ભૌતિક સુવિધાઓ ન મળવાના કારણે માતા–પિતાને મોંઘી ફી ન પરવડતી હોવા છતાં નછૂટકે પોતાના બાળકને સરકારી શાળામાં ભણવા મૂકવા પડે છે. શિક્ષણમાં કરોડો રૂપિયાના ખર્ચ પાછળ સરકારને એક પણ રૂપિયાની આવક નથી. કાયમી શિક્ષકોની ભરતી ન થવી અને ભૌતિક સુવિધાના અભાવે પ્રાથમિક શિક્ષણ મોટા ભાગે હું માનું છું ત્યાં સુધી પડી ભાંગ્યું છે. આ ૧૮૨ ધારાસભ્યશ્રી અને સચિવશ્રીઓ જ સિસ્ટમમાં સુધારો લાવી શકે. આપણામાંથી કેટલાનાં બાળકો સરકારી શાળામાં ભણે છે? સિસ્ટમમાં બેઠેલાંઓને જ ભરોસો ન હોય તો આ સરકારી શિક્ષણને સુધારવા માટેના પ્રયત્નો કોણ કરશે? મૉડર્ન સ્કૂલ કે કસ્તુરબા વિદ્યાલય જેવા અનેક દીકરીઓને રહેવા અને ભણવા માટેના સંકુલો સરકારના માધ્યમથી ચાલે છે. મારી બે–ત્રણ શાળાઓની મુલાકાત અને રાત્રિ રોકાણના અનુભવના આધારે કહું છું કે, દીકરીઓને રહેવા અને ભણવા માટેની વ્યવસ્થા ગુણવત્તાવાળી નથી. તેનું કરિયાણું અને જીવન–જરૂરિયાત વસ્તુઓ માટે વાર્ષિક ગ્રાન્ટના બદલે દરેક તાલુકા કક્ષાના ગોડાઉન કે સસ્તા અનાજની દુકાનમાંથી સીધી સંસ્થા સુધી પહોંચાડવામાં આવે તો સંસ્થામાં ગયેલો માલ સંસ્થામાંથી બહાર કાઢવા માટે કોઇ હિંમત નહીં કરે. આ પ્રકારની વ્યવસ્થા અન્ન નાગરિક પુરવઠા અને શિક્ષણ વિભાગ સાથે મળીને કરે તો દીકરીઓની વારંવારની જમવા માટેની ફરિયાદનો પણ ક્યાંક ને ક્યાંક ઉકેલ લાવી શકીએ. શિક્ષણ વિભાગમાં તાલુકા કક્ષાએ જે વિદ્યાર્થીઓ અપ–ડાઉન કરે છે તે વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટેશનની સૌથી મોટી સમસ્યા છે. શિષ્યવૃત્તિ કે વ્યક્તિગત યુનિફોર્મમાં કાપ મૂકીને પણ દરેક વિદ્યાર્થી અને ખાસ કરીને વિદ્યાર્થીનીઓ માટે ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા વિભાગ મારફત થાય તેવી પણ હું માગણી કરું છું. અસામાજિક તત્ત્વો જેવી ઘણી બધી સમસ્યાઓના કારણે દીકરીઓની સલામતી જળવાતી નથી અને વાતાવરણની અસર થાય છે. આ સમસ્યાનો એકમાત્ર ઇલાજ હોય તો જે દીકરીઓ કે વિદ્યાર્થીઓ તાલુકા કક્ષાએ ભણવા આવતા હોય તેમને ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા મળે તો આનો ઉકેલ લાવી શકાય. આ પ્રકારની વ્યવસ્થાનો અમલ જ્યાં જરૂર હોય ત્યાં થાય તેવી હું માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન નાગરિક અને પુરવઠા વિભાગની માગણીઓમાં માનનીય મંત્રીશ્રી બાવળીયા સાહેબ ઉદાર છે. અન્ન નાગરિક અને પુરવઠા વિભાગ મારફત સસ્તા અનાજની દુકાન થકી તહેવારોમાં થતા વિતરણમાં જે તે વિસ્તારમાં રોજિંદા જીવનમાં જે લોકોનો જે ખોરાક હોય તે પ્રમાણે અન્ન વિતરણ કરવામાં આવે તેવી મારી માગણી છે. ધારો કે, બનાસકાંઠામાં સૌથી વધારે ચલણ બાજરીનું હોય, ક્યાંક રાગી કે ઘઉંનું ચલણ હોય તો ત્યાં બનાસકાંઠામાં દરેકને છ કિલો ચોખા આપેઅને એક કે બે કિલો ઘઉં આપે એના બદલે એ લોકોની માંગણી મુજબ અનાજ આપવામાં આવે એ માટે સરકારે ખરીદી પણ કરી છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ મારફત ગૃહિણીઓને રાહત આપવા માટેની વાતો થાય છે. રાજસ્થાનમાં રૂ. ૪૫૦/–ના ભાવે ગેસની બોટલ મળતી હોય તો ગુજરાતની ગૃહિણીઓને પણ રૂ. ૪૫૦/–ના ભાવે બોટલ આપવામાં આવે એવી અપેક્ષા છે. આજે મારી પૂરક માંગણીમાં જે બે–ત્રણ બાબતો હતી એ બાબતોની સરકાર ગંભીરતાપૂર્વક વિચારણા કરે અને ગુજરાતના લોકોના હિતમાં નિર્ણય લે એવી હું અપેક્ષા રાખું છું.

## પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બિજો અને છેલ્લો દિવસ )

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ):માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની માંગણી ક્રમાંક ૯૬ અંતર્ગત જે પૂરક માંગણીઓ ગૃહમાં રજૂ થઇ છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં અંબાજીથી માંડીને ઉમરગામ સુધી આદિવાસી વિસ્તાર આવેલો છે. આ આદિવાસી સમાજ એક ગૌરવપૂર્ણ ઈતિહાસ અને ભવ્ય સંસ્કૃતિનો વારસો ધરાવે છે. આઝાદી બાદ રાજ્યની પ્રગતિમાં પરસેવો પાડનાર આદિવાસી સમાજની જે ભૂખ હતી એની ભૂતકાળની સરકારે હંમેશા ઉપેક્ષા કરી છે. જેના કારણે રાજયની ૧૫ ટકા એટલે કે, એક કરોડ જેટલી આદિવાસી વસ્તી વિકાસથી વંચિત રહેલ છે. દેશ અને રાજયમાં પ્રથમ વખત આદિવાસી સમાજના વિકાસ, ઉત્થાન અને પ્રગતિ માટે વનબંધુ કલ્યાણ યોજનાની પહેલ માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી. આ યોજનાની જાહેરાત ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭થી કરવામાં આવી. વર્ષ ૨૦૦૭થી ૨૦૧૨ સુધી પ્રથમ વખત જ રૂ.૧૫ કરોડના પેકેજની આદિવાસી સમાજના વિકાસ માટે ફાળવણી કરવામાં આવી. કદમથી કદમ જે સમાજ મિલાવતો હોય, બ્રિટીશરો સામે લડત આપી હોય, પોતાનું બલિદાન આપ્યું હોય એના માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ પાકું આવાસ, સિંચાઈની સુવિધા, ઉચ્ચતમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે એ માટે પૂર્વ સરકારોએ ક્યારેય ચિંતા કરી નથી. શહેરોમાં મળતી રોજગારી, વીજળી અને અન્ય સુવિધાઓ જેવી જ સુવિધાઓ ગામડામાં પણ મળે એ માટે વનબંધુ કલ્યાણ યોજના થકી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અથાગ પ્રયત્નો કર્યા છે. છેવાડાના અંતરિયાળ વિસ્તારમાં જે આદિવાસી સમાજ રહે છે એના સુધી વિકાસના ફળ પહોંચે, દરેક વ્યક્તિને શિક્ષણ, આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી, પાકા રસ્તા અને વીજળીની તમામ પ્રકારની સુવિધાઓ મળે એ માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર કટિબદ્ધ છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર લોકોના જીવનમાં કેવી રીતે ગુણાત્મક બદલાવ આવે અને લોકોના જીવનનો સામાજિક, આર્થિક વિકાસ થાય એ માટે સતત પ્રયત્નશીલ છે. આઝાદીના પાંચ દાયકા પછી પણ જે સમાજ વિકાસથી વંચિત છે એવા સમાજને વિકાસની મુખ્ય ધારામાં લાવી શકાય એવા સંનિષ્ઠ પ્રયાસો સરકાર દ્વારા થઇ રહ્યા છે. અહીંયા રસ્તાઓની વાત થઇ રહી હતી. હું પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાંથી આવું છું. શરૂઆતમાં હું વર્ષ ૨૦૧૩માં ચૂંટણી લડીને ગઇ ત્યારે મને એવું કીધું કે, 'આ અગરવાડા ગામમાં તમે ક્યારેય આવ્યા છો?', મેં કહ્યું, 'ના'. મેં મુલાકાત લીધી ત્યારે મને પહેલો પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, 'આ ગામમાં અત્યાર સુધી કોઇ આવ્યું નથી?' પૂર્વની સરકારોએ ક્યારેય પાકી સડકો આપી નથી. એમણે દુઃખ સાથે વાત કરી કે, 'અહીંયા દીકરીઓના લગ્ન થતા નથી'. મેં પૂછ્યું કે, 'દીકરીઓના લગ્ન કેમ થતા નથી?', એમણે કહ્યું કે, 'વરરાજા આવે તો દીકરીના લગ્ન થાય ને, ગામમાં રસ્તો જ નથી'. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આ ગામોને બારેમાસ એવા રસ્તા આપ્યા છે કે એક લખોટી ગબડાવોને તો, સડસડાટ જાય એવા રસ્તા અમારી સરકારના માધ્યમથી આપ્યા છે. આજે આદિવાસી સમાજની સાથે સાથે છૂટાછવાયા જંગલોમાં જે લોકો રહે છે એમાં હું આદિમ જૂથના લોકોની વાત કરવા માગું છું. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આદિવાસી ગૌરવ દિવસે ઝારખંડની ધરતી ઉપર ખૂટી જિલ્લામાં બિરશા મુંડા ભગવાનની જન્મજયંતિ હતી તે પ્રસંગે પી.એમ.જનમન યોજનાની શરૂઆત કરાવી. આદિમ જૂથોને તમામ પ્રકારની યોજનાઓનો લાભ મળે અને તમામ સુવિધાઓ જેવી કે આરોગ્ય, પોષણ અને જીવન જીવવાની તમામ પ્રકારની તકો મળે એ માટે મૂળભૂત સુવિધાઓ એમના ઘરઆંગણે પહોંચે તે માટેની વ્યવસ્થા પી.એમ. જનમન યોજના હેઠળ કરવામાં આવી છે. હું છેલ્લી વાત કરીશ કે, એક દીકરીનું પાઇલોટ બનવાનું સ્વપ્ન હતું. દીકરીનું સ્વપ્ન હોય અને ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય ત્યારે તે સ્વપ્ન પૂરું જ થાય. એમ કહેવાય કે અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી. વલસાડ તાલુકાના રાબડા ગામની દીકરી મિતાલીએ આજે પાઇલોટની તાલીમ લીધી છે અને તાલીમ લઇ વલસાડના નાનકડા ગામમાંથી અમેરિકાના કેલીફોર્નિયામાં પહોંચીને કોમર્શિયલ પાઇલોટની તાલીમ લઇ પાઇલોટ બની પ્લેન ઉડાડી રહી છે. માનનીય નાણાંમંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

શ્રી અભેસિંહ મો. તડવી**(**સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ માગણી નંબર–૮૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલના દેશના વડાપ્રધાનશ્રી અને તે વખતના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે છેવાડાના માનવીને રસ્તા, પાણી અને સ્કૂલની સુવિધા મળી રહે એ સ્લોગન સાથે કામ કર્યું હતું. અત્યારના આપણી ભારતીય જનતા પાર્ટીના મૃદુ અને ખૂબ જ લાગણીશીલ મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન આપવા છે. આદિવાસી વિસ્તારના રસ્તાઓની વાત હોય, જિલ્લા બંદરોને જોડતા રસ્તાની વાત હોય, ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તાની હોય કે દસ મીટર પહોળા રસ્તાનું જોડાણ હોય તે તમામ માટે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી અમારા આદિવાસી વિસ્તારમાં લોકપ્રિય યોજના 'મુખ્યમંત્રી સડક યોજના' લાવ્યા છે. હમણા ગેનીબેન વાત કરતા હતા અને અમારા શ્રીમતી નિમિષાબેને પણ વાત કરી કે, ગામના અંતરિયાળ વિસ્તારમાં સ્કૂલોમાં જવા માટેના રસ્તા ન હતા. ભૂતકાળની સરકારોએ આ બાબતે કામ કર્યું ન હતું. આજે એ વિસ્તારોની કાયાપલટ થઇ રહી છે. અમારા વિસ્તારની વાત કરવામાં આવે તો, છોટા ઉદેપુર કે નર્મદા જિલ્લો હોય, અંકલેશ્વરથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવું હોય કે વડોદરાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી તરફ જવું હોય એ માટે અમારા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ વિસ્તારની કાયાપલટ કરી છે. અમારા આદિવાસી ધારાસભ્યશ્રી આવે અને કહે કે સાહેબ, આપણા વિસ્તારમાં આ રસ્તા થયા નથી અને બાકી છે. તો જવાબ મળતો કે તમે ચિંતા ના કરો, તમે ઘરે જશો ત્યારે તમારો ઓર્ડર

આવશે. મારે આ સભાગૃહને જણાવું છું કે, અમારા વિસ્તારમાં રસ્તાના રી–કાર્પેટિંગની ડિમાન્ડ હતી. અમને ચૂંટણીઓમાં લોકો પૂછતા હતા કે તમે કયા રસ્તે આવ્યા? અમે કહ્યું કે આ જ રસ્તે આવ્યા છીએ ત્યારે અમે ડંકાની ચોટ ઉપર બોલતા કે અમે રસ્તો લઇને તમારા ગામમાં આવીશું. આજે રૂ. ૪૦ કરોડના રસ્તા અમારા ડુંગર વિસ્તારમાં આપ્યા છે. આઝાદી પછી પહેલીવાર ઘનિયાબારી અને સાંકળાબારીમાં રૂ.૧૪ કરોડના રસ્તા આપ્યા છે. પહેલા છ પહાડો ઓળંગીને જવું પડતું હતું. નર્મદામાતાની બંધ આગળનો વિસ્તાર અને મહારાષ્ટ્રની બોર્ડર આવે છે એવા વિસ્તારોમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂ.૧૪ કરોડના રસ્તા આપ્યા છે.આ રસ્તા કર્યા. મારો બીજો રસ્તો. સાહેબ ચૂંટણી હતી. ત્યારે માનનીય નિમિષાબેન અમારા પ્રભારી મંત્રી હતા. મારે યાદ કરાવવું છે કે અમે મુખ્યમંત્રીશ્રીને મળ્યા અને કહ્યું કે સાહેબ, અમારા ૮૦ ગામોને રસ્તો જોઇએ છે. અમારા ૮૦ ગામોને ૧૫ કિલોમીટરનો ઘેરાવો કરીને અમારે આવવું પડે છે. આવી પરિસ્થિતિ હતી. મારે આનંદ સાથે કહેવું પડે. અમારા શ્રી જગદીશભાઇ પંચાલ તે વખતના મંત્રીશ્રી. સાહેબ, રાત્રે અમે મળ્યા. અમે બહેન સાથે મળ્યા. અને અમારો ૩૬ કરોડનો પુલ મંજૂર થઇ ગયો. જોબ નંબર થઇ ગયો. આને કહેવાય સંવેદનશીલ સરકાર. ભૂતકાળમાં અમારા ગામડાઓમાં બહેનો ડિલિવરી માટે આવતા હોય તો રસ્તામાં એમનું મૃત્યુ થઇ જતું હતું. આ વખતની સરકારે, આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે જે કર્યું. ૨૭ વર્ષથી આ ભાજપની સરકાર ચાલે છે. આ કોંગ્રેસવાળા બોલી બોલીને થાકી ગયા. એ તો ખાલી ખાલી વાતો કરે છે. અમદાવાદના રસ્તા બનાવે. રાજકોટના રસ્તા બનાવે. એમ કરીને અમારા આદિવાસી લોકોને ભરમાવે અને અમને પકડી લે બરાબર. કે તમે આવું કેવું કામ કરો છો. ડંકાની ચોટ પર આ વિસ્તારની અંદર આદિવાસી વિસ્તારમાં જો કોઇએ ભલું કર્યું હોય તો મુખ્યમંત્રીશ્રી અમારા ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ છે. આ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું કે એમણે અમારી લાગણીની વાત સાંભળી અને અમારા વિસ્તારના રસ્તા મંજૂર કર્યા. આ સરકારને લાખ લાખ અભિનંદન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારની વાત, આદિવાસી લોકોની વાત. લોકો સમજે છે કે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ધારે તે કામ કરી શકે છે અને વિસ્તારના લોકોને રસ્તો, પાણી, વીજળી. સાહેબ મને બે દિવસ પહેલા જ એક વાત કરી છે. સાહેબ, એક કામ થતું નથી. અમે માનનીય મુખ્યમંત્રીશ્રીને મળ્યા. શ્રી જગદીશભાઇને મળ્યા. એમણે અમને કહ્યું છે કે તમારું કામ હાથ પર લઇએ છીએ. આવું પહેલી વખત છે. હું તો ૩, ૩ ટર્મથી ધારાસભ્ય છું. મને જે અનુભવ થયો છે. અમારા આદિવાસી વિસ્તારમાં ઉંમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાં રસ્તો, પાણી, વીજળી જો કોઇએ બનાવી હોય તો આ ભાજપની સરકારે બનાવ્યું છે. નરેન્દ્ર મોદી સાહેબને અભિનંદન આપવા પડે.

અધ્યક્ષશ્રી : શ્રીમતી રીટાબેન પટેલ. શ્રી અભેસિંહભાઇ, તમે તો આજે જોરદાર બોલ્યા હો. ચાલો. માનનીય રીટાબેન.

શ્રીમતી રીટાબેન કે. પટેલ(ગાંધીનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે. તેમાં મારું અનુમોદન આપીને વાહન વ્યવહાર વિશે મારી વાત મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સમાજમાં સૌથી મોટો વર્ગ છે કે જે નોકરી ધંધા કે અભ્યાસ અર્થે સૌથી વધારે ટ્રાન્સપોર્ટેશનમાં બસનો ઉપયોગ કરે છે. ગુજરાત સરકાર વાહન વ્યવહાર વિભાગ દ્વારા સમયાંતરે જરૂરિયાત પ્રમાણે દરેક જિલ્લે જિલ્લે બસની સગવડ પૂરી પાડવામાં સફળ રહી છે. નિગમનું દૈનિક ૭૦૦૦ થી વધારે શિડ્યુલો, ૩૫૦૦૦થી વધુ ટ્રીપો અને ૩૦ લાખ કિલોમીટર જેટલું સંચાલન કરીને અંદાજિત ૨૫ લાખ જેટલા મુસાફરોનું અવિરત પરિવહન સેવા પૂરી પાડે છે. નવીન બસોમાં રાજય સરકાર દ્વારા પ્રજાની સેવા અર્થે વિવિધ કક્ષાના ૭૭૮૮ બસોની સેવા જેમાં ૩૪૦ સ્લીપર કોચ, ૩૦૦ લકઝરી, ૮૭૪ સેમી લકઝરી, ૪૮૯૧ સુપર ડિલક્સ અને ૧૩૮૩ મીની બસનો કાફલો ધરાવે છે. અત્યારે મુસાફરીમાં જયારે લાંબી મુસાફરી હોય તો લોકોની પહેલી પસંદગી સ્લીપર કોચ થવા લાગી છે. નિગમ દ્વારા હાલ અમદાવાદ–ગાંધીનગર, અમદાવાદ–વડોદરા, રાજકોટ–જૂનાગઢ, રાજકોટ–મોરબી, રાજકોટ–જામનગર, રાજકોટથી રાજકોટ એરપોર્ટ તેમજ વડોદરા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના રૂટ પર ૫૦ એ.સી. ઇલેક્ટ્રિક વાહનો સંચાલનમાં મૂકવામાં આવ્યા છે. સમગ્ર વિશ્વમાં કલાઇમેટ ચેઇન્જ એ સૌથી મોટો પ્રશ્ન આપણી સમક્ષ આવી રહ્યો છે ત્યારે રાજય સરકાર દ્વારા આ કલાઇમેટ ચેઇન્જનું એક મુખ્ય કારણ વાહનના ધૂમાડાથી જે કાર્બન ડાયોકસાઇડ હવામાં ભળી રહ્યો છે ત્યારે ઓઝોન લેયરને જે નુકસાન થઇ રહ્યું છે તેને ટાળવા માટે અત્યારે ઇલેક્ટ્રિક બસોનું સંચાલન કરવામાં આવ્યું છે, ત્યારે હાલ આ સંચાલિત બસો દ્વારા થયેલ કુલ સંચાલન દ્વારા ૪૧.૬૮ લાખ ડીગ્રા કાર્બન ડાયોકસાઇડ ઘટાડો થવા પામેલ છે. વધુમાં વધુ મુસાફરોને એક જ બસમાં આરામદાયક મુસાફરીનો લાભ મળી રહે તે હેતુથી નવીન ૫ ડબલડેકર ઇલેક્ટ્રિક બસો સંચાલનમાં મૂકવામાં આવેલ છે. આ ડબલ ડેકર બસનું ઓપનિંગ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ લીલી ઝંડી બતાવી ગાંધીનગર ગિફ્ટ સિટીથી સચિવાલય સુધી એમણે મુસાફરી કરી હતી. આ ડબલ ડેકર બસ એ લંડન મોડલ મુજબ તૈયાર કરવામાં આવેલ દેખાવમાં ખૂબ સુંદર અને રાજય સરકારની વાહન વ્યવહારની ખૂબ આગવી ઓળખ સાબિત થશે. આ ડબલ ડેકર એ.સી. ઇલેક્ટ્રિક બસો કુલ્લી એરકન્ડિશનર અને સી.સી. ટી.વી. કેમેરાથી સુસજ્જ છે, જેમાં પબ્લિક એડ્રેસ સિસ્ટમ અને ઇમરજન્સી પેનિક બટન પણ ઉપલબ્ધ છે. ડબલ ડેકર ઇલેક્ટ્રિક બસમાં આરામદાયક મુસાફરી સાકાર કરતી સિટિંગ વ્યવસ્થા છે તેમજ ૬૩ મુસાફરી સીટો ઉપલબ્ધ છે. અત્યારે સૌથી વધારે વિદ્યાર્થીઓ બસની અંદર મુસાફરી કરી રહ્યા છે. નિમગ દ્વારા વિવિધ શહેરો કે ગામડાઓમાં શાળા–કોલેજમાં અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને એમની શાળા કોલેજ ખાતે પહોંચાડવાની પ્રાથમિકતા આપવામાં આવે

છે. નિગમ દૈનિક ૪.૫૮ લાખ વિદ્યાર્થીઓને ભાડામાં ૮૨.૫૦ ટકા રાહત દરે પાસ આપી પરિવહન સેવા આપે છે. હમણાં મારા સાથી ધારાસભ્યશ્રી કહેતા હતા કે વિદ્યાર્થિનીઓને બસ સેવા માટે કંઇક કરવામાં આવે ત્યારે વાહન વ્યવહાર વિભાગ દ્વારા ૯.૯૨ લાખ જેટલી ગ્રામીણ વિદ્યાર્થિનીઓને ભાડામાં સો ટકા રાહત દરે પાસ આપી પરિવહન સેવા આપવામાં આવે છે તેમજ તેમના અભ્યાસમાં ક્યાંય પણ ખામી ન રહે, ત્રૃટી ન રહે તે માટે સમયસર એમના ઘરેથી કોલેજ સુધી અને ઘરેથી ઘરઆંગણા સુધી સમયની પણ જાળવણી રાખવામાં આવે છે. ફક્ત વિદ્યાર્થી માટે નિગમ દૈનીક નિયમિત અને સમયબદ્ધ અંદાજિત ૧૦,૬૧૭ ટ્રીપોનું સંચાલન કરે છે. દૈનિક નોકરિયાત વર્ગના બે લાખ જેટલા મુસાફરોને ૫૦ ટકા રાહત દરે પાસ આપી દૈનિક ૬૭૩૫ જેટલી ટ્રીપોનું નિયમિત સંચાલિત કરવામાં આવે છે. આ બસ સ્ટેશનમાં સૌથી વધારે જે મુસાફરો મુસાફરી કરતા હોય એ લોકોને સ્વચ્છ બસ સ્ટેશન મળે એ માટે એક ઝુંબેશ ચલાવવામાં આવી છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે સ્વચ્છતાની ઝુંબેશ ચલાવી છે તેના વડપણ હેઠળ આપણા ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ કે જે વાહનવ્યવહાર વિભાગનું ખાતુ ધરાવે છે એમના દ્વારા ગાંધીનગરના બસ સ્ટેશનથી સમગ્ર ગુજરાતના બસ સ્ટેશનની સાફસફાઇની ઝુંબેશ ચાલુ થઇ છે. અત્યારની જે નવી બસો આધુનિક આપવામાં આવી છે એની અંદર ડિજિટલ પેમેન્ટથી પેમેન્ટની સિસ્ટમ આપવામાં આવી છે. નવી બસોની અંદર ડસ્ટબીનની પણ સગવડ કરવામાં આવી છે જેથી એ નવીન બસો છે એ સ્વચ્છ રાખી શકાય. મુસાફરી કરીને જે બસો આવે છે એ બસોની રેગ્યુલર સફાઇ કરવાની પણ સિસ્ટમ કરવામાં આવી છે, ત્યારે જે નાણાંમંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે એમાં હું મારુ સૂર પૂરાવું છું.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે, જેમાં માંગણી ક્રમાંકઃ ૯, શિક્ષણ અંતર્ગત હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ ફક્ત અક્ષરજ્ઞાન નથી. લખવા, વાંચવાની સાથેસાથે બાળકોનો સર્ગાંગી વિકાસ થાય અને તેઓ ચારિત્ર ઘડતરની સાથેસાથે આ ભાવી પેઢી આપણ દેશમાં સુશિક્ષિત બની અને દેશના વિકાસમાં મહત્તમ ફાળો આપે એ જોવાની તકેદારી પણ રાખવી ખૂબ જરૂરી છે. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો સંકલ્પ છે કે સન ૨૦૪૭ સુધીમાં આપણો દેશ સંપૂર્ણપણે વિકસિત બની વિશ્વમાં પ્રસ્થાપિત થશે ત્યારે આજની આ પેઢી અને એમણે મેળવેલું શિક્ષણ એ ભવિષ્યનો પાયો બની અને મજબૂતીથી આપણા દેશને આગળ વધારવામાં પ્રયત્નશીલ રહેશે જેથી કરીને બાળકોમાં વ્યક્તિત્વ ઘડતરની સાથે સાથે ડ્રોપ આઉટ રેશિયોમાં ઘટાડો થાય, કન્યા કેળવણી અને કન્યા શિક્ષણને સંપૂર્ણપણે પ્રોત્સાહન આપવામાં આવે, સર્વાંગી વિકાસ કરવામાં આવે તેમજ શીખતા રહેવાની એક જે ભાવના છે એને વધુ વેગ મળે એ માટે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે અને શિક્ષણની સાથેસાથે બાળકોનું આરોગય, બાળકોને અપાતો ખોરાક, ટ્રાન્સપોર્ટેશન, માળખાકીય સુવિધાઓ, ઇન્ફ્રાસ્ટ્રકચર, આ તમામે તમામ બાબતોનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે જેથી કરીને ગુજરાત સરકાર મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત નવી યોજનાઓ પણ જાહેર કરતી રહે છે. આ તમામ બાબતો અંતર્ગત જે પૂરક માગણી છે તેમાં પી.એમ.શ્રી યોજના એટલે કે પ્રધાનમંત્રી સ્કૂલ્સ ઓફ રાઇઝિંગ ઇન્ડિયા અંતર્ગત શિક્ષણ નીતિના તમામ ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે જેથી અન્ય શાળાઓ માટે પી.એમ.શ્રી શાળાઓ ઉદાહરણરૂપ બની શકે. દેશભરમાં લગભગ ૧૫ હજારથી પણ વધુ શાળાઓને આ માટે ગુણાત્મક રીતે સજ્જ કરવામાં આવશે.પી.એમ.શ્રી શાળાઓ દ્વારા ૨૧મી સદીમાં મુખ્ય કૌશલ્યથી સજ્જ વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવશે. જે માટે વિદ્યાર્થીઓને શીખવાના અનુભવની સાથે સાથે આ તમામ વિદ્યાર્થીઓ ભૌતિક માળખાથી સુસજ્જ શાળાઓમાં અભ્યાસ કરશે અને ભારતના જ્ઞાન અને વારસા સાથે જોડાઇ શકશે. પી.એમ.શ્રી શાળાઓને સમગ્ર શિક્ષણ, પી.એમ.પોષણ યોજના, એકીકૃત્ત બાળ વિકાસ યોજના, Assistance to Disabled Persons જેવી વિવિધ વર્તમાન યોજનાઓ સાથે પણ સાંકળવામાં આવશે. પી.એમ.શ્રી શાળાઓમાં મુખ્ય ૬ આધાર સ્થંભોમાં વિભાજિત કરીને એનો વિકાસ કરવામાં આવશે. જેમાં ૧. અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકન ૨. ભૌતિક સુવિધાઓ ૩. માનવ સંશાધન અને શાળાનું નેતૃત્ત્વ ૪. સમાવેશી શિક્ષણ અને જાતિય સમાનતા ૫. વ્યવસ્થાપન, મૂલ્યાંકન અને નિયમન ૬. લાભાર્થીઓના સંતોષનો સમાવેશ કરવામાં આવશે અને આ સંપૂર્ણ યોજનાનું માળખું છે તેની દેખરેખ School Quality Assessment Framework એટલે કે SQAF દ્વારા કરવામાં આવશે અને જેને જિલ્લા કલેક્ટર હેઠળ જિલ્લા શિક્ષણ કમિટી દ્વારા એની દેખરેખ અને અમલીકરણ કરવામાં આવશે. યોજનાના પ્રથમ તબક્કામાં ગુજરાત રાજ્યની ૨૭૪ જેટલી શાળાઓને આની સાથે જોડવામાં આવશે અને એનું સંકલન કરવામાં આવશે. શાળાઓને ઉચ્ચત્તમ ભૌતિક સુવિધાઓ મળી રહે એ હેતુથી હાલમાં જરૂરિયાત હોય એવી તમામ શાળાઓની કામગીરી પાયામાં છે. આ ઉપરાંત દિવ્યાંગો માટે વિશિષ્ટ ટોઇલેટ, બાળકોનું સ્વાસ્થ્ય તંદૂરસ્ત રહે અને સ્થાનિક રમતોનું મહત્ત્વ સતત વધતું રહે એટલે મેદાન જેવી તમામ રમત–ગમતની સુવિધાઓનો વિકાસ પણ કરવામાં આવશે અને ખાસ સાથી ધારાસભ્યશ્રીએ કહ્યું કે કન્યા કેળવણી અને કન્યા શિક્ષણ ઉપર ગુજરાત સરકાર ખૂબ કટિબદ્ધ છે અને સતત વિચારશીલ રહેતી હોય છે. કન્યાઓને માસિક ધર્મ દરમયાન કોઇ પણ પ્રકારની મુશ્કેલી ના પડે તે માટે શાળાઓમાં જ સેનેટરી નેપકીન લગભગ વાર્ષિક રૂ.૩૦૦/–ના દરે આપવામાં આવશે. પી.એમ.શ્રી શાળાઓમાં ધોરણ ૭થી ૧૨ની વિદ્યાર્થિનીઓને સનેટરી પેડ આપવામાં આવે છે. આ ઉપરાત પી.એમ.શ્રી શાળાઓમાં ૨૧૭ જેટલી સ્માર્ટ સ્કૂલ્સ અને ૫૪ આઇ.ટી.સી.લેબ ડેવલપ કરવામાં આવી રહી છે. આમાં મારા જામનગર જિલ્લાની વાત કરું તો લગભગ જામનગર જિલ્લાની ૫ શાળાઓને પી.એમ.શ્રી શાળા અંતર્ગત સંકલિત કરવામાં આવી

છે અને ૪૧ લાખ જેવી માતબર રકમ પણ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત environmental અને upcoming issues છે એ ધ્યાનમાં રાખીને બાળકોમાં જાગૃતિ આવે એટલે શાળાઓને ગ્રીન સ્કૂલ તરીકે પણ વિકસાવવામાં આવી રહી છે. જે અંતર્ગત શાળાના વિસ્તારમાં ઘાસ અને વિવિધ જાતની વનસ્પતિઓથી હરિયાળી બનાવીને ઔષધી પાર્ક, કિચન ગાર્ડન, કચરાનું વર્ગીકરણ, કમ્પોઝિટ ટપક સિંચાઇ પદ્ધતિ દ્વારા, એલ.ઇ.ડી. લાઇટિંગ ગ્રીન સ્કૂલ્સને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પી.એમ.શ્રી શાળા યોજનામાં સમાવિષ્ટ કુલ ૩૬ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન પણ શરૂ કરવામાં આવેલું છે. જેમાં જુદા જુદા ૬ પ્રકારના ટ્રેડ રાખવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓને શાળામાં વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત એક વિષય તરીકે એને ડેવલપ કરવામાં તક મળે એ માટે વોકેશનલ લેબ, વોકેશનલ ટીચર અને અન્ય જરૂરી સાધાન સામગ્રીની પણ જોગવાઇ કરવામાં આવેલી છે. યોજનામાં સમાવિષ્ટ ૩૪ માધ્યમિક શાળાઓમાં અટલ ટીકરિંગ લેબ તૈયાર કરવામાં આવનાર છે. આ યોજનામાં સામેલ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક તમામ શાળાઓમાં મનોવૈજ્ઞાનિક અને કારકિર્દીલક્ષી કાઉન્સિલિંગ પણ શરૂ કરવામાં આવેલું છે. અંતમાં કહીશ કે, જીવનની શરૂઆત થાય ત્યારે બાલ્યાવસ્થાથી જ આવડત વૃદ્ધિ વેગ પકડે છે તેમાં અભિવૃદ્ધિ કરવાના નવતર પ્રયોગ વધારાય તથા વિવિધ મોડલ વિકસાવાય જેથી ઓળખ શકિત, ગ્રહણ શકિત, વિચાર શકિત અને વિશ્લેષણ શકિતને વધુ વેગ મળે અને વિઝ્યુલાઇઝેશન વધારી શકાય જેથી નાનપણથી જ બાળકોનો વિકાસ થાય. (અંતરાય) માનનીય મંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી જયંતિભાઇ રાઠવા, અહીંયા સામે સ્ક્રીન આવે છે તેના પર બધાને પાંચ પાંચ મિનિટ આપેલી છે એટલે સામે જોતા રહેજો. એટલે મારે ઘંટડી વગાડવી ન પડે અને તમે જાતે સમજી લેજો. સાડા ચાર મિનિટ થાય એટલે પૂરું કરજો. એક એક મિનિટ વધારીશું તો છેલ્લા બે જણ શ્રી માવજીભાઇ અને શ્રીમતી સેજલબેનનું વક્તવ્ય બાકી રહી જશે. એટલે મારી વિનંતી છે કે બધાનું આવી જાય એટલા માટે તમે બધા સમય મર્યાદામાં જ આગળ વધારો.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તાર વિભાગની ૯૬ની માગણી માનનીય મંત્રીશ્રી ગૃહમાં લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સમાજ માટે માગણીઓ લઇને આવ્યા છે આદિ અનાદિ કાળથી તેની સંસ્કૃતિ, પ્રકૃતિ અને પર્યાવરણની જો કોઇએ જાળવણી કરી હોય તો એ આદિવાસી સમાજે કરી છે. જેમ શ્રી રામ ભગવાને આદિવાસી વિસ્તારમાં શબરી માતાની ભાવના સાથે જોડાઇને શબરીબાઇની ભાવનાઓને પૂર્ણ કરી હતી એવી જ રીતે દેશના આદરણીય, સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે ૧૪ જિલ્લાઓ અને ૫૩ તાલુકાઓના સર્વાંગી વિકાસ માટે ચિંતા કરીને ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું પેકેજ આપીને આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થાય એના માટેની ચિંતા કરી આદિવાસી વિસ્તાર માટે સામાજિક સશકિતકરણની વાત હોય આદિવાસીઓ માટે પાકા મકાનની વાત હોય, આદિવાસીઓની આર્થિક સદ્ધરતાની વાત હોય, વનબંધુઓ માટે શિક્ષણની વિસ્તરેલી ક્ષિતિજોની વાત હોય, એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલની વાત હોય, એકલવ્ય મોડલ શાળાની વાત હોય, બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની વાત હોય, આદિજાતિ બાળકો માટે દૂધ સંજીવની યોજનાની વાત હોય, આદિવાસી વિસ્તાર માટે પાણી માટે પાણીદાર વિસ્તારની વાત હોય, આદિવાસી વિસ્તારમાં ખેતરે ખેતરે હરિયાળીની ખુશીની વાત હોય, પેસા એકટની વાત હોય, આદિવાસી બાંધવોને જંગલની જમીન સનદની વાત હોય, અંધારી ગામની અજવાળી વાતની વાત હોય, આદિવાસી યુવાનો માટે સ્વરોજગારીની વાત હોય, આદિવાસીઓ માટેની આરોગ્યની ચિંતા હોય, આદિવાસી મહિલાઓના આર્થિક સશકિતકરણની વાત હોય આ બધું જ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શકય બન્યું છે. ભૂતકાળની કોંગ્રેસની સરકારોએ આદિવાસીઓને બિચારા અને બાપડા બનાવ્યા હતા પરંતુ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના આશીર્વાદ મળ્યા. હાલના રાજયના મુખ્યમંત્રી આદરણીય સન્માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના આશીર્વાદ મળવાના કારણે આદિવાસી વિસ્તારમાં અહીંયા ગેનીબેન ઠાકોર માર્ગ અને મકાન વિભાગની વાતો કરતા હતા મારે ગર્વથી કહેવું છે કે આદિવાસી વિસ્તારમાં મુખ્ય રસ્તાથી ગામને જોડવાનું હોય, મુખ્ય રસ્તાથી ફળીયાને જોડવાનું હોય તો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના આશીર્વાદો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મળવાના કારણે આદિવાસી વિસ્તારમાં રોડ રસ્તાની કનેક્ટિવિટી મળી. આદિવાસી વિસ્તારમાં શિક્ષણની વાત કરું ત્યારે આદિવાસી વિસ્તારમાં ભૂતકાળની સરકારોમાં કોંગ્રેસના આગેવાનો, કોંગ્રેસની સરકારોએ આદિવાસીઓને ઘેટા બકરા ચરાવવાનું નકકી કર્યું હતું પણ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના આશીર્વાદ મળવાને કારણે છોટાઉદેપુર જિલ્લામાંથી આદિવાસી દીકરીના હસ્તે ગરવી ગુજરાત લખાવીને કન્યા કેળવણીની શુભ શરૂઆત કરીને દીકરીઓ પણ ભણીગણીને આગળ વધી શકે, એ પણ અન્ય સમાજની હરોળમાં રહી શકે એની ચિંતા દેશના આદરણીય, સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી હતી. આદિવાસી વિસ્તારમાં વીજળીની વાત કરું ત્યારે કોંગ્રેસના પ્રશાસનમાં આદિવાસી વિસ્તારમાં ૨૪ કલાકની લાઇટો પણ નહોતી. હું જયારે દશમુ ધોરણ ભણ્યો ત્યારે ખડિયામાં કેરોસીન પૂરીને એસ.એસ.સી. પાસ કર્યું હતું એવી અવ્યવસ્થા કોંગ્રેસની સરકારમાં હતી પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ગામડે ગામડે ૨૪ કલાકની લાઇટો, ખેતરોમાં ખેડૂતોને પણ વીજળી મળી રહે એના માટેના પ્રયત્નો અને એના માટેના આશીર્વાદો દેશના પ્રધાનમંત્રી અને રાજયના આદરણીય સન્માનનીય

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના આશીર્વાદ મળ્યા ત્યારે આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે જયારે ભારતીય જનતા પાર્ટીની સરકારે ચિંતા કરી ત્યારે સમર્થન આપીને મારી વાતને પૂરી કરું છું.

ડો. હસમુખ પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગની અંદાજપત્ર પરની પૂરક માગણીની ચર્ચા અન્વયે મારા વિચારો રજૂ કરવાની જે તક મળી છે તે બદલ આપનો, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, આદરણીય મંત્રીગણ તેમજ સમસ્ત સન્માનનીય સભાગૃહનો ખૂબ ખૂબ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : શ્રી કાન્તીભાઇ અને ગેનીબેન વાતો કરવી હોય તો બહાર જાઓ. અંદર અંદર વાતો નહીં કરી શકીએ.

ડો. હસમુખ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગનો મુખ્ય ઉદ્દેશ ગરીબ લોકો માટે અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ગુજરાત રાજયમાં પાત્રતા ધરાવતા પરિવારોને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સરકારની સબસિડી દ્વારા ઘટાડેલા દરે અનાજ અને અન્ય વસ્તુઓ લઘુત્તમ ટેકાના ભાવે મળે તેમજ અનાજનો સંગ્રહ અને વિતરણ પણ આ વિભાગ સુનિશ્ચિત કરતો હોય છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના એટલે કે પી.એમ.જી.કે.એવાય. ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ની મહામારી ચાલતી હતી ત્યારે લાવવામાં આવી હતી. તે વખતે કોઇપણ વ્યક્તિને ભૂખ્યા ના રહેવું પડે અને જરૂરિયાતમંદને પૂરતું ભોજન મળી રહે તે માટે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા એટલે કે એન.એફ.એસ.એ. ૨૦૨૩ હેઠળ દેશની ૮૦ કરોડની વધુ જનસંખ્યાને વિનામૂલ્યે અનાજ પૂરું પાડવા માટે એપ્રિલ-૨૦૨૦માં આ યોજના જાહેર કરવામાં આવેલ હતી. આ પી.એમ.જી.કે.એવાય. તે સમગ્ર વિશ્વની સૌથી મોટી ખાદ્ય સુરક્ષા યોજના છે જે ભારતમાં ડેવલપ કરવામાં આવી છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો એટલે કે એન.એફ.એસ.એ. અંતર્ગત રાજયના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજય સરકાર દ્વારા એપ્રિલ-૨૦૧૬થી એન.એફ.એસ.એ. હેઠળ ગુજરાતના ૭૨ લાખ કુટુંબોમાં ૩.૫૫ કરોડ જનસંખ્યાને આવરી લેવામાં આવેલ છે. આ એન.એફ.એસ.એ. હેઠળ બે પ્રકારના કુટુંબો આવરી લેવાયા છે. એક તો અંત્યોદય રેશનકાર્ડ ધરાવતા ધારકો અને બીજું અગ્રતા ધરાવતા કુટુંબો કે જે પ્રાયોરિટી હાઉસહોલ્ડ છે. જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિનામૂલ્યે અનાજ વિતરણ કરવા ઠરાવેલ તે મુજબ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ મુદતમાં પાંચ વર્ષનો વધારો કર્યો એટલે કે વર્ષ ૨૦૨૩ના બદલે વર્ષ ૨૦૨૮ સુધી વિનામૂલ્યે અનાજ વિતરણનું આયોજન કરવામાં આવેલ છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ તેમણે કેટલો સંવેદનશીલ પ્રયોગ કર્યો છે તે જોવા જેવું છે. દરેક દુકાનદારોને દર મહિને ૨૦ હજારની રકમ મળે તેવું આયોજન કરેલ છે. તેમાં કોઇ દુકાનદારની દુકાન પર ગ્રાહકોની સંખ્યા ૩૦૦ કરતાં ઓછી છે તેમના માટે આ ઐતિહાસિક નિર્ણય લીધો અને કહ્યું કે, આવા દુકાનદારોને જે ઘટતી રકમ છે તે રાજય સરકાર ચૂકવશે. આવો સંવેદનશીલ નિર્ણય લેવામાં આવેલ છે. માનનીય ગેનીબેને વિસ્તાર આધારિત અનાજ વિતરણની વ્યથા રજૂ કરી હતી. કદાજ તેનો જવાબ આની અંદર તેમને મળી જશે કે ભારત સરકાર તરફથી મળતી ઘઉં અને ચોખાની ફાળવણી હતી તેમાં ચોખાનું વિતરણ હાલમાં વધારવામાં આવેલું છે. આ વધારવાની જરૂરિયાત ઊભી થઇ હતી એટલે તે વધારવામાં આવ્યું છે અને ઘઉંના સાપેક્ષમાં ચોખાની સબસિડી વધારે છે એટલે ખર્ચ વધારે થાય છે. વિસ્તાર આધારિત આ ફેરફાર કરવામાં આવેલ છે. આ સિવાય ગૃહમાં બે દિવસ પહેલાં એક અવાજ ઉઠ્યો હતો કે, *(xxx) તેના અનુસંધાનમાં કદાચ તેમને જવાબ મળશે કે ખાલી અનાજ વહેંચવાનું જ નહીં તેની સાથે સાથે વહેંચવા માટે....

અધ્યક્ષશ્રી : *(xxx) તે શબ્દનો આપણે ઉલ્લેખ કરી શકતા નથી એટલે રદ કરવામાં આવે છે. આગળ ચલાવો.

ડો. હસમુખ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી સરકાર અનાજ વેચવા માટે કેટલું ધ્યાન રાખે છે તે વિચારવા જેવું છે. ઇન્ટર સ્ટેટ મૂવમેન્ટ માટે ધ્યાન રાખીએ છીએ. હેન્ડલિંગ કોસ્ટ કેટલી થાય છે, કેટલો સ્ટોક કયાં મૂકવાનો છે તેનું કોમ્પ્યુટરાઇઝ એનાલીસીસ થાય છે. ફેર પ્રાઇસ શોપ ડીલર માર્જિનનું કેલ્ક્યુલેશન થાય છે. આ બધી પ્રક્રિયાને લીધે પર ક્વિન્ટલદીઠ લગભગ ૧૮૧ રૂપિયાનો ખર્ચ થાય છે. તેના અનુસંધાનમાં આ પૂરક માગણી આવેલ છે. આ ઇ.એફ.પી.એસ. એટલે વ્યાજબી ભાવની જે દુકાનો છે ત્યાં આગળ જુદા જુદા ઉપકરણો જેવા કે, કોમ્પ્યુટર, લેપટોપ, ફિંગર પ્રિન્ટ ડિટેક્શન આ બધું વસાવવામાં આવે છે અને જ્યારે ગ્રાહક લેવા આવે ત્યારે ફિંગરથી ઓ.ટી.પી. જનરેટ થાય અને તે ઓ.ટી.પી.ના હિસાબે તેને અનાજ મળે છે. એટલે કયાંય ગેરરીતિ થાય નહીં. બીજા લોકો આનો ખોટો ઉપયોગ ના કરી જાય તેનું સરકાર ધ્યાન રાખી રહી છે. તેનું કારણ છે કે, છેવાડાના માનવી સુધી જેને જરૂરિયાત છે તેને પૂરતું ભોજન મળી રહે તે માટેનું આ પ્લાનિંગ છે. બીજી બાબત પોર્ટેબિલિટીની છે. વન નેશન વન કાર્ડની વાત છે. મજૂરો એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં અને એક રાજયમાંથી બીજા રાજયમાં જતા હોય છે.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી માગણી ક્રમાંક-૮૬, માર્ગો અને પુલો માટેની જે લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને એમને મારું સમર્થન આપુ છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના મુખ્ય રસ્તાઓ, ગ્રામ્ય રસ્તાઓ તેમજ રાજય હસ્તકના રાજયના મુખ્ય રસ્તાઓની સુધારણા નવિનીકરણ કરવા અને શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સ્વરુપે જાળવણી અને અન્ય કામગીરીની વિવિધ યોજનાઓ જેવી કે પ્રવાસીપથ, મુખ્યમંત્રી સડક યોજના, પ્રગતિપથ, પ્રધાનમંત્રી સડક યોજના જેવી યોજનાઓ દ્વારા આજે ગામડાની કનેક્ટિવિટી વધી છે. સુવિધાઓને વધુ અસરકારક, સલામત અને સમયની વધુ બચત થાય એવી કામગીરીથી અતિ અગત્યના જુદા પ્રકારના પુલો, ફ્લાઇઓવર, આર.ઓ.બી. જેવી સુવિધા ઊભી કરી એનાથી સમયમાં ઘણી બચત થઇ છે. અત્યારે મારા વિસ્તારમાં આવા જે કામો ચાલી રહ્યાં છે એવા અગત્યનાં કામો વધુને વધુ સંખ્યામાં કરવાના આયોજનના ભાગરૂપે માનનીય મુખ્યમંત્રીશ્રીના સહયોગથી ચાલુ વર્ષે ૪ કામો રૂ.૩૩૪ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે, જ્યારે ૭ કામો રૂ.૫૮૪.૭૭ કરોડના પ્રગતિમાં છે, ૨ કામો રૂ.૧૬૦.૫૫ કરોડના શરૂ થનાર છે. વિભાગ દ્વારા ચાલુ વર્ષે ઘણું મહત્ત્વનું અને મોટા પુલનું નર્મદા નદી ઉપર સિનોર–માલસર અને અસાને જોડતો અંદાજિત રૂ.૨૨૫ કરોડનો પુલ માધવ સેતુના નામકરણ સાથે પૂર્ણ કરેલ છે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા આ પુલને ખુલ્લો મૂકવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા જિલ્લાઓમાં વિવિધ માર્ગો પર પસાર થતી નદીઓના પુલોના બાંધકામ વર્ષ ૨૦૨૩–૨૪માં રૂપિયા ૬૯૫.૧૯ કરોડનાં કામો અત્યારે પૂર્ણ થયેલ છે અને આવનારા દિવસોમાં કરોડો રૂપિયાનાં કામો જે પ્રગતિ હેઠળ છે અને રૂપિયા ૧૮૯૭.૪૦ કરોડની અંદાજિત રકમના પુલોની કામગીરી હાથ ધરનાર છે. એવી જ રીતે ગુજરાત વિધાનસભાના બજેટમાં મોટી ખોરલ–ભાલોદ અને રાજપારડી એટલે કે ભરૂચ લોકસભા અને વડોદરા–ભરૂચ–નેત્રંગ–સોનગઢ–વ્યારા અને સાપુતારા રોડને જોડતો અતિ મહત્ત્વનો નર્મદા નદી પરનો બ્રિજ રૂપિયા ૧૮૫ કરોડના ખર્ચે લેવામાં આવેલ છે અને આમ, આવનારા દિવસોમાં જે લોકોને ૧૦૦ કિલોમીટરનો ફેરાવો થતો હતો એ બ્રિજ પણ લેવામાં આવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇની સરકારનું આ સૌથી મોટું મારા વિસ્તારની અંદર એક અગત્યની જે ઘણાં વર્ષોથી લોકોની માગણી હતી એ કામ બજેટમાં લેવામાં આવેલ છે અને લોકોની માગણી છે કે આવનારી લોકસભા પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા એનું ખાતમુહૂર્ત થાય અને વહેલીતકે આ બ્રિજનું કામ શરૂ થાય એવી લોકોની માગણી છે. કરજણ–સિનોર–પોર વિધાનસભાની અંદર વર્ષ ૨૦૨૧–૨૨થી આજ દિન સુધી ૩૬ રોડ મંજૂર કરવામાં આવ્યા છે આમ, ગામથી ગામના રોડ જોડાવાથી ઘણા ખેડૂતોને આજે ફાયદો થઇ રહ્યો છે. જે વિસ્તારમાં ખેતી થતી નથી એવા બંજર વિસ્તારમાં પણ ખેડૂતો જતા થયા છે અને બાગાયતી ખેતી તેમજ વાડી અને શાકભાજીની ખેતી કરતા થયા છે. એવી જ રીતે ગ્રામ્ય વિસ્તારના ૧૧ કોઝ–વે માટે રૂપિયા ૭૭૦ લાખ મંજૂર કરવામાં આવ્યા છે અને ઘણાં બધા કામો આજે મારા વિસ્તારમાં ચાલી રહ્યાં છે. કરજણ મત વિસ્તારમાં વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન અન્ય કામોની સાથે કરજણ–કાયાવરણ રોડ જે ચાલુ વર્ષે ૯.૯૬ કિલોમીટરની લંબાઇ સાથે રૂપિયા ૧૨.૮૫ કરોડનો અને કરજણ–આમોદ રોડ જે ૧૨.૮૦ કિલોમીટરની લંબાઇનો રૂપિયાનો ૧૩.૯૧ કરોડના કામની મંજૂરી અમને ચાલુ વર્ષે આપવામાં આવી છે. આમ આ વિભાગ દ્વારા ઉત્તરોતર પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહેલ છે. આ માર્ગોના વિકાસની કામગીરી માટે જરૂરી નાણાંકીય જોગવાઇ માટેની વર્ષ ૨૦૨૩–૨૪ની વિભાગની પૂરક માગણીઓને હું મારું સમર્થન આપુ છું.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, સર્વપ્રથમ તો મીની ભારત કહેવાતા ગાંધીધામ વિસ્તારને નગરપાલિકામાંથી મહાનગરપાલિકાનો દરજ્જાને મંજૂરી આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો હું ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન–વ્યવહાર વિભાગ માટે પૂરક માગણી ક્રમાંક–૭૪ જયારે માનનીય નાણાંમંત્રીશ્રી લઇને આવ્યા ત્યારે હું તેમાં મારા વિચારો વ્યકત કરું છું. કચ્છ જિલ્લો ગુજરાતનો એક ૧/૩ પાર્ટ કહેવાય છે. ભૌગોલિક દ્રષ્ટિએ ખૂબ મોટો કચ્છ જિલ્લો છે ત્યારે તેમાં આર.ટી.ઓ.ને લગતાં કામ માટે જયારે કચ્છના લોકોને ભૂજ ખાતે જવું પડતું હતું ત્યારે રાપર, ભચાઉ કે ગાંધીધામ કે અંજારના લોકોને આખો દિવસ તેના માટે પસાર કરવો પડતો ત્યારે હું ગૌરવ સાથે મારી લાગણીને વ્યકત કરું છું કે ગત વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં અંજાર ખાતે કચ્છને તા.૧–૭–૨૩ના રોજ નવી રજિસ્ટ્રી ઓથોરિટીની મંજૂરી આપવામાં આવી તે બદલ પણ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય વાહન–વ્યવહાર મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે જયારે ભૂજ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી અને માનનીય વાહન–વ્યવહાર વિભાગના મંત્રીશ્રી આ ત્રણેયની ઉપસ્થિતિમાં ભૂજમાંથી પીપીપી ધોરણે બનાવવામાં આવેલ રૂ.૧૦.૩૪ કરોડના ખર્ચે નવા બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું. પહેલાંના વખતમાં લોકોની એરપોર્ટ માટેની પરિકલ્પનાઓ હતી કે આવા પ્રકારનું એરપોર્ટ હોવું જોઇએ તો એનાથી પણ સુંદર બસ સ્ટેન્ડનું નિર્માણ ભૂજ ખાતે કરવામાં આવ્યું છે અને આવનારા સમયમાં બધી પ્રક્રિયા પૂર્ણ થઇ છે ત્યારે ગાંધીધામ ખાતે પણ નવા બસ સ્ટેન્ડનું નિર્માણ થવા જઇ રહ્યું છે. વર્ષ દરમિયાન દર વર્ષે દરેક વિભાગ માટે અલગ અલગ નાણાંકીય જોગવાઇઓ કરવામાં આવે છે પરંતુ વર્ષ દરમિયાન અચાનક આવી પડતી કોઇ પણ જરૂરિયાત લોકોની સુખાકારી માટે, લોકોના હિત માટે કરવામાં આવતા કાર્ય માટે સરકાર હંમેશા પ્રતિબદ્ધ છે. અને ભારતીય જનતા પાર્ટીની આ સંવેદનશીલ સરકાર હંમેશા તે લોકોની સુખાકારી માટે કાર્ય કરતી હોય છે. એ જ રીતે જયારે

આપણે અહીં બેઠેલા સૌ લોકો જયારે બસ માટેની વાત કરતા હોઇએ તો આપણા માટે બસ એક ટોપિક હોય છે પરંતુ એ આર્થિક રીતે નબળા પરિવારો માટે નાના નાના લોકો માટે જે લોકો પોતાના રોજિંદા જીવનમાં, પોતાની જીવન–જરૂરિયાતમાં તે બસનો ઉપયોગ કરે છે તે કોઇ માવતર પોતાની દીકરીના ઘરે પ્રસંગમાં જવા માટે કે કોઇ દીકરી વાર તહેવારે પોતાના પિયર જવા માટે એ બસનો ઉપયોગ કરતી હોય ત્યારે એ લાગણીસભર દૃશ્યો આપણને જોવા મળે છે આ એક નાના પરિવાર માટે આશીર્વાદ સમાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આ સંવેદનશીલ સરકાર જયારે આપણુ ગુજરાત એ ધર્મમય ગુજરાત છે અને ધાર્મિક સ્થળોએ જયારે શ્રદ્ધાળુઓ જતાં હોય છે ત્યારે પણ વાહન–વ્યવહાર વિભાગ હંમેશા લોકોના હિત માટે તેની જરૂરિયાત પ્રમાણે વ્યવસ્થા કરતી હોય છે. જે ગત વર્ષે પણ અંબાજી ખાતે ભાદરજી પૂર્ણિમાના પ્રસંગે આપણે સૌ જોઇએ છીએ કે લાખોની સંખ્યામાં ત્યાં શ્રદ્ધાળુઓ જતા હોય છે, અલગ અલગ વિસ્તારમાંથી તેઓ પગપાળા જતા હોય છે અને તેઓ ફરી પોતાના વિસ્તારમાં પરત જઇ શકે તેના માટે વાહન–વ્યવહાર વિભાગમાંથી તે વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૨માં ૧૯,૪૩૬ ટ્રીપો કરી અને ૧૧ લાખ જેટલા શ્રદ્ધાળુઓને આ વ્યવસ્થા કરી દેવામાં આવી છે, જેમાંથી રૂ.૫.૫૫ કરોડની આવક પણ થયેલી છે. એવી જ રીતે વર્ષ ૨૦૨૩માં પણ ૨૪,૬૧૮ જેટલી ટ્રીપ કરી અને ૧૩ લાખ જેટલા શ્રદ્ધાળુઓને આ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે જેમાંથી રૂ.૭.૫૯ કરોડ જેટલી આવક ઊભી થઇ. એવી જ રીતે તરણેતરનો મેળો હોય, કચ્છની અંદર મા આશાપુરાની નવરાત્રિના સમયે પણ હજારો, લાખો શ્રદ્ધાળુઓ જયારે આવતા જતાં હોય ત્યારે આ વિભાગ દ્વારા વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે અને એ જ રીતે ગત વર્ષે સૌરાષ્ટ્ર તમીલ સંગમ ખાતે પણ સોમનાથ ખાતે ૨૬૦ જેટલી વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવી. જી–૨૦ના કાર્યક્રમ અંતર્ગત પણ ગત વર્ષે આ વિભાગ દ્વારા વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવી. અત્યારે થોડા સમય પહેલાં જ જયારે વાઇબ્રન્ટ ગુજરાત જેવા ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું ત્યારે પણ અનેક બસોની વ્યવસ્થા કરવામાં આવી ત્યારે આ પ્રકારની વ્યવસ્થાઓ જયારે કરવી પડે છે ત્યારે પૂરક માગણીઓની વ્યવસ્થા ઊભી થાય છે અને અત્યારે જયારે નાણાંમંત્રીશ્રી આ પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ જે માગણીઓ લઇને આવ્યા છે તે માગણી ક્રમાંક– ૯, ૭૪, અને ૯૬ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારમાંથી આવું છું એટલે હું આદિજાતિ વિભાગની માગણીઓ પર વાત કરીશ. અંબાજીથી ઉમરગામ સુધી આખો વિસ્તાર આદિવાસી સમાજનો છે. આદિવાસી સમાજ સૌથી વધારે જંગલની જમીન પર નભે છે. જે સમયે કૉંગ્રેસની સરકાર જંગલની જમીનનો કાયદો લાવી હતી. ત્યાર પછી જે અમલીકરણ કરવાનું હતું એ નથી થયું. આજ સુધી અમારા આદિવાસી સમાજને જે પૂર્ણ જમીન મળવી જોઇએ એ જમીન મળી નથી. આદિવાસી સમાજ ડુંગરિયાળ, અંતરિયાળ જંગલ વિસ્તારમાં રહે છે. આકાશી ખેતી પર નભે છે. તેવા સમયે અમારા બાપ–દાદાઓએ બે–ત્રણ એકર જમીન રાખી હોય તે જમીનમાં આકાશી ખેતી કરે છે. ડુંગર પર ખેતી કરે છે. નાગલીની ખેતી કરે છે. તુવેરની ખેતી કરે છે. કઠોળની ખેતી કરે છે. એ માત્રને માત્ર ચોમાસા દરમિયાન ખેતી કરે છે. એવા સમય માટે જ્યારે ૧૦ એકર, ૧૫ એકર, ૨૦ એકર જમીનની માગણી કરી ત્યારે સેટેલાઇટ દ્વારા માપણીનું બહાનું કાઢીને એમને પૂરે–પૂરી જમીન આપવામાં આવી નથી. આજે પણ આદિવાસી સમાજ ખેતી સાથે સંકળાયેલો છે અને પશુપાલન સાથે સંકળાયેલો છે. અત્યારે પણ અમે ઘણી વખત ટ્રાયબલ સબપ્લાનમાં જઇને અમારી રજૂઆતો કરી. અમે સનદ આપવાની વાત કરી હતી પણ હજી અમારા વિસ્તારમાં સનદ આપી નથી. અંબાજીથી ઉમરગામ સુધીના તમામ આદિવાસી વિસ્તારની આ માગણી છે. જો એને સનદ આપવામાં આવે તો બે–ત્રણ ગુંઠાની સનદ આપવામાં આવે છે. એ સનદ આપવામાં આવે ત્યારે એ જમીનને સમતળ કરવાની હોય, ઢોળાવવાળી જમીનને સરખી કરવાની હોય છે ત્યારે જંગલ ખાતાવાળા નાનું ટ્રેક્ટર કે નાનું સાધન લઇ જાય તો એ લઇ લે છે અને એમને પૂરી રીતે જમીનમાં ખેતી કરવા દેતા નથી. ટ્રાયબલ સબપ્લાનની વાત કરીએ તો એમાં જ્યારે કૂવાઓ આપવામાં આવે છે ત્યારે મારા વાંસદા તાલુકામાં માત્ર ૩, ચિખલી તાલુકામાં માત્ર ૨ અને ખેરગામ તાલુકામાં ૧ કૂવો આપવામાં આવ્યો છે. દર વર્ષે આવી ક્રમિક પદ્ધતિના કારણે કેટલીક વખત આવા કૂવા ખોદવા જવાનું હોય ત્યારે જંગલ ખાતાવાળા અટકાવે છે અને કૂવાનું કામ પણ કરવા દેતા નથી. આવી કપરી પરિસ્થિતિમાં અમારા આદિવાસી વિસ્તારમાં જે લોકો જંગલની જમીન પર નભે છે, પશુઓ પર નભે છે, જંગલની જમીનમાંથી ઘાસચારો લાવીને એમને ખવડાવે છે ત્યારે એમને પૂરતા પ્રમાણમાં જમીનો મળવી જ જોઇએ. એ સનદ કરીને, જાતે માપણી કરીને અથવા તો અધિકારીઓને ત્યાં મોકલીને એમને પૂરે–પૂરી જમીન આપવામાં આવે. અત્યારે તો એવી જમીન આપી છે કે એ લોકો ત્યાં ઢોર પણ બાંધી શકતા નથી અથવા તો બપોરના સમયે શાંતિથી આરામ પણ કરી શકતા નથી. ચોમાસા દરમિયાન રોપણી કરવા જવાનું હોય તો એ રોપણી પણ એમનાથી નથી થતી. અત્યારે મારા અભેસિંહ દાદા અને રાઠવા સાહેબે શિક્ષણની વાત કરી ત્યારે એમને એક સવાલ પૂછવાનું મન થાય છે કે તમે જ્યારે શિક્ષણ લીધું હતું ત્યારે ફળિયામાં જે વર્ગ શાળાઓ ચાલુ કરી હતી એ વર્ગ શાળાઓ કૉંગ્રેસની સરકારે જ ચાલુ કરી છે. અત્યારે ગુજરાત સરકારમાં શિક્ષકો નથી અથવા તો વિદ્યાર્થીઓ ઓછા છે એટલા માટે શાળા બંધ કરવાની વાત કરે ત્યારે મને પૂછવાનું મન થાય કે ૩૦ વર્ષ પહેલાં જે વર્ગ શાળાઓ ચાલુ કરી હતી એમાં અત્યારે વિદ્યાર્થીઓ વધવા જોઇએ. એવી વર્ગ શાળાઓ હજી ફળિયે ફળિયે ખૂલવી જોઇએ કારણ કે, અમારા ત્યાંના વાલીઓ પોતાનાં બાળકોને શાળાએ મૂકીને ખેતી/મજૂરી કરવા માટે જાય છે તેવા

સમયે જો શાળા સારી હશે તો એ સારું ભણી શકશે. મધ્યાહ્ન ભોજનનો કાયદો પણ કૉંગ્રેસના સમયમાં આવ્યો હતો. અત્યારે નવસારી જિલ્લામાં એજન્સી દ્વારા મધ્યાહ્ન ભોજન મળે છે. માર્ગ મકાન અને પુલોની વાત કરીએ તો હમણાં વાત કરી કે રસ્તાઓના કારણે લગ્ન નહોતા થતા. મને એમ થાય છે કે *(xxx) અમારા વિસ્તારમાં કાચી સપાટીથી ડામરની સપાટીના લગભગ ૧૦૦ જેટલા રસ્તાઓ અત્યારે બાકી છે. ગેનીબેને જે વાત કરી એને હું સમર્થન આપું છું કે અમને હજી સુધી જોબ નંબર મળ્યા નથી. અમારો વિસ્તાર મોટો વિસ્તાર છે. એમાં ૧૩૦થી ૧૩૫ જેટલા ગામો છે ત્યારે ધારાસભ્યને જે ૧.૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવે છે એમાં વધારો કરવો જોઇએ. એના માટે હું નાણાંમંત્રીને આ તબક્કે રજૂઆત પણ કરું છું. જો એ કામ થાય તો અમે શિક્ષણ પણ સારી રીતે મેળવી શકીએ. ખેતી વાડી પણ કરી શકીએ.

અધ્યક્ષશ્રી : એમણે *(xxx) શબ્દ વાપર્યો એ કોઇ ધારાસભ્ય માટે ન વાપરી શકાય. એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : અમારે પણ જો પશુપાલન કરવું હોય તો અમારી પાસે થોડી ઘણી જમીન જંગલમાં હોવી જોઇએ. જેના કારણે એ ઘાસચારો પણ મેળવી શકે. સાથે સાથે કોઇ મિલેટ પેદાશો ઊભા કરીને તે પોતાનું જીવન નિર્વાહ કરી શકે છે. અમારા વિસ્તારના વર્ગ શાળાના ૩૫થી ૩૮ ઓરડાઓમાં ચોમાસા દરમિયાન બેસી શકાતું નથી. અમારા વિસ્તારના વાંસદા તાલુકાનું વાટી ગામ નવસારી જિલ્લાનું છેલ્લું ગામ છે. વર્ષોથી અંબિકા નદીના કિનારે આવેલું છે. ત્યાં જો પુલનું નિર્માણ થશે તો વાંસદા આવવા માટે ૧૦ કિ.મી.માં આવી શકાશે. આ મારી માગણી છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી દ્વારા આજે જે પૂરક માગણી મૂકવામાં આવી તેમાં શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક–૯ ઉપર મારા વિચારો રજૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, हम सपने नहीं हकीकत बुनते है. આ વાતને સાકાર કરતું શિક્ષણ વિભાગનું કામ જેમાં સૌ પ્રથમ ત્રણ બાબત ઉપર અભિનંદન આપીશ. પ્રાથમિક શિક્ષણમાં ગીતાસાર, અને નવો લક્ષ્મી યોજના તેમજ વિજ્ઞાનના પ્રવાહમાં જોડાનાર વિદ્યાર્થીઓ માટે જે યોજના જાહેર કરી છે તે માટે ખરેખર શિક્ષણ વિભાગ અભિનંદનને પાત્ર છે. સમગ્ર દેશમાં પ્રથમ વખત ગુજરાત રાજ્ય દ્વારા સ્ટુડન્ડ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન પૉલિસી વર્ષ ૨૦૧૭–૧૮થી પાંચ વર્ષ માટે જાહેર કરવામાં આવી. જેને મળેલ અભૂતપૂર્વ સફળતા બાદ રાજ્ય સરકાર દ્વારા SSIP અંગેના અભિપ્રાયો/અનુભવના આધારે પૉલિસીના સબળા પાસાંઓને સમાવિષ્ટ કરી SSIP 2.0 સુદઢ, સર્વગ્રાહી અને સર્વ અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુરૂપ બને તેમજ તેનો મૂળ હેતુ સર થાય તે માટે નવી નીતિનું ઘડતર કરવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ અને વર્ષ ૨૦૨૨માં SSIP 2.0 શરૂ કરવામાં આવી. જે અંતર્ગત નવા ક્ષેત્રો સાથે પરંપરાગત અને નવા યુગની ટેકનિકમાં સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. SSIP 2.0 અંતર્ગત કુલ પાંચ વર્ષ માટે રૂ.૩૦૦ કરોડ ફાળવવામાં આવનાર છે. SSIP 2.0 પૉલિસી હેઠળ દર વર્ષે રૂ.૬૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન કુલ ૧૨૭ યુનિવર્સિટીઓ સાથે કે સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ ૬૪ સંસ્થાઓ, યુનિવર્સિટીઓ SSIP ગ્રાન્ટની સંસ્થા તરીકે સમાવેશ કરી રૂ.૩.૧૧ કરોડની ગ્રાન્ટ તેમને ફાળવવામાં આવે છે. જ્યારે અગાઉની ૧૯૭ ગ્રાન્ટની સંસ્થાઓ કે યુનિવર્સિટીની આશરે રૂ. ૨.૪૪ કરોડની ગ્રાન્ટ તેમને ફાળવવામાં આવી છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪માં આશરે ૩૬ જેટલા સ્ટાર્ટ અપ ૪૯૦ પ્રૂફ ઓન કોન્સેપ્ટ POC અને ૪૫૯ જેટલી પેટન્ટ દાખલ કરવામાં આવી છે. વધુમાં ૩૭૭૦૦થી વધુ વિદ્યાર્થીઓને સમગ્ર રાજ્યમાં ઇનોવેશન પ્રક્રિયા અને સ્ટાર્ટ અપ વિશેના આઉટ રીચ કરવામાં આવેલ છે. આ સાથે ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકોથોન–૨૦૨૩ જી–૨૦ સમિટ અંતર્ગત SSIP 2.0 હેઠળ ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકોથોન–૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાજ્યના વિવિધ સરકારી વિભાગો, કચેરીઓ, કૉર્પોરેશન, પી.એસ.યુ. તરફથી મળેલ ૨૩૧ પ્રોબ્લેમ્સ સ્ટેટમેન્ટના ઉકેલ માટે વિદ્યાર્થીઓ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા. હેકોથોન–૨૦૨૩ના રિજિયોનલ રાઉન્ડનું આયોજન તા.૦૪/૧૧/૨૦૨૩ના રોજ કુલ ૧૬ સંસ્થાઓ સાથે કરવામાં આવ્યું, જેમાં ૯૦૩ ટીમોના ૪૨૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ ટીમમાંથી ૧૮૧ ટીમોની ૨૫મી નવેમ્બર ૨૦૨૩ પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે આયોજિત ગ્રાઉન્ડમાં ગ્રાન્ડ ફીનાલે માટે પસંદગી કરવામાં આવી. હેકોથોનમાં ૧૦ સેક્ટરમાં કુલ ૩૬ ટીમોને રૂ. ૪૨ લાખના ઇનામો આપવામાં આવ્યા. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯ની ગુજરાત નૉલેજ સોસાયટી દ્વારા અમલીકૃત યોજના એટલે કે, ઇન્ટિગ્રેટેડ મોડ્યુલ ઓફ પ્લેસમેન્ટ એપ્રેન્ટિસશીપ કમ ટ્રેનિંગ યોજના અંતર્ગત વર્ષે રૂપિયા....

ડો. જયરામભાઇ એ. ગામીત(નિઝર): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ આદિજાતિ વિસ્તાર પેટા યોજનાની પૂરક માંગણી ક્રમાંક–૯૬ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ આઝાદ થયો એ સમયે આદિવાસી સમાજ અસ્તિત્ત્વમાં હતો. આ સમાજ જળ, જંગલ અને જમીન સાથે જોડાયેલો છે. જે–તે સમયની સરકારોએ આદિવાસી સમાજની કોઇ ચિંતા કરી નહોતી. આ દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીજીની સરકાર આવી ત્યારે જે તે સરકારોમાં આદિજાતિ વિભાગનું ખાતું પણ નહોતું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એમની સરકારમાં એમણે આદિજાતિ વિભાગ બનાવ્યો. દેશ આઝાદ થયો ત્યારે ઘણી બધી પાર્ટીઓએ પોતાની સરકારો ચલાવી. આ ગુજરાતમાં શ્રી કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા, ત્યારબાદ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી, શ્રીમતી આનંદીબેન પટેલ અને ત્યારબાદ હાલના આપણા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ મુખ્યમંત્રી બન્યા. કૉંગ્રેસની સરકાર હતી ત્યારે આદિવાસી વિસ્તારનાં કામો માટે કોઇએ ધ્યાન આપ્યું ન હતું. ખરેખર આદિવાસી સમાજની કોઇએ ચિંતા કરી હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી છે. આપણે શ્રી નરેન્દ્રભાઇ મોદીને આર્કિટેક્ટ ગણાવી શકીએ. એમણે વનબંધુ કલ્યાણ યોજના લાવીને અત્યારસુધી સમગ્ર ગુજરાતમાં આદિવાસી સમાજ માટે અબજો રૂપિયાની ગ્રાન્ટ  ફાળવી છે અને કામો પણ થયાં છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇ યોજના કે નીતિ બનાવતી હોય ત્યારે આદિવાસી સમાજને કેન્દ્રમાં રાખીને જ યોજના બનાવે છે. હું માનું છું ત્યાં સુધી આખા ગુજરાતમાં આદિવાસી ધારાસભ્યોની સીટો ૨૭ છે. આ ૨૭માંથી ૨૪ આવ્યા છે એ જ બતાવે છે કે જનતા ભારતીય જનતા પાર્ટીની સાથે છે. અત્યાર સુધીમાં આદિવાસી સમાજના રાષ્ટ્રપતિ કોઇએ બનાવ્યા હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે શ્રીમતી દ્રૌપદી મૂર્મુજીને બનાવ્યા છે. થોડા સમય પહેલાં આખા ભારતમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરવામાં આવી. આ યાત્રાનો મુખ્ય હેતુ એ હતો કે, ગામડાના લાભાર્થીઓ, ગરીબ આદિવાસીઓ કે જેઓ લાભથી વંચિત રહી ગયા હોય એમને ગામે–ગામ જઇને ફોર્મ ભરીને યોજનાનો લાભ અપાવવો. એ જ રીતે આખા દેશમાં ૭૨ જેટલી જ્ઞાતિઓ છે અને ગુજરાતમાં કાથુર, કોટવાડિયા, કોલચા, સિદ્ધી, પડાર જેવી જ્ઞાતિઓ પ્રત્યે અત્યાર સુધી કોઇએ ધ્યાન આપ્યું ન હતું. પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ યાત્રા દરમિયાન ગામે–ગામ જઇને આવાસ, વીજળીનાં કનેક્શનો, ગેસનાં કનેક્શનો માટે ફોર્મ ભરાવીને આ સમાજ માટે કામ કર્યું છે. આવાસ યોજના માટે પ્રથમ હપ્તાના રૂ. ૫૦ હજાર ચૂકવી દેવામાં આવ્યા છે. મારા જિલ્લાની વાત કરું તો, ૪૮૦ જેટલા લાભાર્થીઓને રૂ. ૫૦ હજારનો પ્રથમ હપ્તો ચૂકવી દેવામાં આવ્યો  છે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

એ જ રીતે, સિંચાઇની વાત કરીએ તો આદિવાસી વિસ્તારમાં મારા જિલ્લામાં ઉકાઇ ડેમ બન્યો. વર્ષો પહેલા ઉકાઇ ડેમ કોંગ્રેસની સરકારે બનાવેલો હતો. ડેમ બનાવ્યો એનો વાંધો નથી પણ અમે એ ડેમનું પાણી ફક્ત જોતા જ હતા. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે અત્યારે ઉદવહન સિંચાઇ માટે રૂ. ૧૦૦૦ કરોડ ઉપરની રકમ ફાળવી છે, એનું કામકાજ પણ ચાલે છે  અને ટૂંક સમયમાં પૂર્ણ થશે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણાંમંત્રી આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની પૂરક માગણી ક્રમાંક–૨૨ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છે.

**ધાન્યમ્ સીધેનોહીદેવાન, પ્રાણાયત્વા, દાનાયત્વા, વ્યાનાયત્વા, દીર્ઘામિનુપ્રસિધીમાંયુખે ધાન્ય દેવો ભવઃ**

માનનીય અધ્યક્ષશ્રી, આપણી સંસ્કૃતિએ ધાન્યને દેવ તરીકે માન્યા છે અને એનો સંગ્રહ કરવા માટે સંગ્રહાલયોની આવશ્યકતા છે. કારણ કે, ગરીબ લોકોને અનાજ વિતરિત થતું હોય ત્યારે સરકારશ્રી પોતાના પાસે એના ગોડાઉનની ક્ષમતા રાખે છે. ગુજરાત સરકારશ્રી પાસે પોતાની માલિકીના ૬૫૪ ગોડાઉનો અને ભાડાની માલિકીના ૧૨ ગોડાઉનો મળી કુલ ૫.૪૮ લાખ મેટ્રિક ટન અનાજ સંગ્રહ કરી શકાય એવી ક્ષમતા ગુજરાત સરકારે પોતે પોતાની વસાવેલી છે. આ ગોડાઉનો હાલમાં નવા બનાવ્યા છે. આ ઉપરાંત, વધારામાં આવનાર દિવસોમાં પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા ખાતે ૨૦૦૦ મેટ્રિક ટન, ભાવનગર જિલ્લાના વલ્લભીપુર ખાતે ૨૦૦૦ મેટ્રિક ટન અને જામનગર જિલ્લાના જોડિયા ખાતે ૨૦૦૦ મેટ્રિક ટન આમ કુલ ૩ નવા ગોડાઉનોની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ ગોડાઉન ખાલી બનાવી દેવા એવું જ નથી. આ ગોડાઉનોની રખરખાવ પણ વ્યવસ્થિત અને સારી રીતે થાય છે. એનું મોર્ડનાઇઝેશન થાય, એમાં અપગ્રેડેશન થાય અને એને આધુનિકતા પ્રમાણે સાચવવામાં આવે છે જેથી કરીને અનાજ બગડે નહીં. અનાજમાં કોઇ જીવાત ન પડે અને ગરીબ લોકો સુધી જયારે અનાજ પહોંચે ત્યારે સારી વ્યવસ્થામાં પહોંચે છે. ભૂતકાળમાં અનેક સમાચાર માધ્યમોમાં આપણે જોયું છે કે, વર્ષ ૨૦૧૪ પહેલા કેન્દ્રમાં શું હાલત હતી? ગોડાઉનોમાં કિસાનોના ખરીદેલા અનાજ રહેતા હતા એ બહાર વરસાદમાં સડતાં અને પડ્યા રહેતા હતા. એની જગ્યાએ સુવ્યવસ્થિત આયોજન કરી, મોર્ડનાઇઝેશનનો ઉપયોગ કરી આ ગોડાઉનના કામ આગળ વધ્યા છે. મારે પણ મારા વિસ્તારમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી માનનીય કુવરજીભાઇ બાવળીયા સાથે એક ગોડાઉનની મુલાકાત લેવાનું થયું હતું.  એ ગોડાઉન મોર્ડનાઇઝેશનની દૃષ્ટિએ અપગ્રેડ કરેલું હતું. જેની સિમેન્ટ સીટો બદલાવેલી હોય, એમાં પાવડર પોર્ટેડ એમ.એસ. પ્રોફાઇલથી સીટ બદલાવી રોલિંગ સટર અને ટર્બો વેન્ટિલેટર્સ મૂકી આધુનિકતા સાથે આ ગોડાઉનમાં અનાજનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. આ ગોડાઉનમાં અનાજ સંગ્રહની સાથે સાથે સી.સી.ટી.વી. કેમેરા પણ મૂકવામાં આવેલ હતા જેથી કરીને સતત મૉનિટરિંગ થતું રહે અને એના ઉપર ધ્યાન રહે. માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ. ૨ કરોડનો વધારો કરી, કુલ જોગવાઇ રૂ.૩.૫ કરોડની કરી છે, જેથી ગરીબ લોકોના અનાજનો સંગ્રહાલયોમાં જે સંગ્રહ થઇ રહ્યો છે એના ઉપર ધ્યાન રાખી શકાય. બાકીના ગોડાઉનોની પણ મોર્ડનાઇઝેશનની રીતે કામગીરી ચાલી રહી છે. નાબાર્ડ હેઠળ આ યોજના આગળ વધારવામાં આવી રહી છે. અહીં ચિંતા કરવામાં આવી કે આ વિસ્તારમાં રાગીજન્યની આવશ્કયતા હોવી જોઇએ. આ વિસ્તારમાં બાજરાની આવશ્યકતા હોવી જોઇએ.  મારે આ તબક્કે કહેવું છે કે, ગુજરાત રાજ્યમાં આદરણીય

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના અધ્યક્ષ સ્થાને એમણે ગરીબો પાસેથી મિનિમમ સપોર્ટ પ્રાઇઝથી ખરીદી કરવાનો પ્રારંભ કર્યો છે એમાં શ્રી અન્ન અને વપરાશને પ્રોત્સાહન આપતા જુવાર, રાગી અને બાજરી રૂ.૩૦૦ પ્રતિ કિવન્ટલે ખરીદી રૂ. ૩૭ કરોડની જોગવાઇ કરી છે. એટલે એ વિસ્તારના લોકોને પણ એમની જરૂરિયાત મુજબનું આવનારા સમયમાં અનાજ પ્રાપ્ત થશે એવું મને લાગી રહ્યું છે. હું આ પૂરક માગણીનું સમર્થન કરું છું.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક ૮૬. માર્ગ અને પુલ માટે રજૂ થયેલી પૂરક માગણીઓને હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું રાજ્ય માર્ગોની અતિ સમૃદ્ધ સુવિધા સાથેની આંતર માળખાકીય સુવિધા ધરાવે છે. જેના કારણે વર્ષોવર્ષ સરકાર દ્વારા આ સુવિધાની જાળવણી તેમજ વિકાસ માટે મહત્ત્વની નાણાંકીય ફાળવણી કરવામાં આવે છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને નાણાં વિભાગના મંત્રીશ્રી અને કેન્દ્રની સરકાર. આમ અમારી ડબલ એન્જિનની સરકારે માર્ગો અને પુલો માટે જે બજેટની ફાળવણી કરવાની થતી હોય છે, તો મને કહેતા આનંદ થાય છે કે આ દેશના વડાપ્રધાનનું બજેટ, બાંધકામ અને નાણાં વિભાગનું બજેટ સંપૂર્ણપણે માળખાકીય સુવિધા માટે સજ્જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલાં તમારે બોમ્બે જવું હોય કે ભરૂચ જવું હોય તો દસ દસ કલાક સુધીનો સમય જતો હતો. સોમનાથથી દિવ જવું હોય તો કલાકોના કલાકો થતા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જે માર્ગો અને પુલોની વ્યવસ્થા કરવામાં આવી છે, તે આનંદ અને લાગણીની વાત છે. ગુજરાત રાજ્યના માર્ગો દેશના માર્ગોની સુવિધામાં મોખરાનું સ્થાન ધરાવે છે. ચાલુ વર્ષના દેશના ૧૫૦૮ કિલોમીટરની લંબાઇના રસ્તાને રૂ.૪૪૧૩ કરોડની અંદાજિત રકમના ખર્ચે ચાર માર્ગીય ૧૦ મીટર, ૭ મીટર પહોળા કરવાની કામગીરી પ્રગતિમાં આવી છે. ૬૧૧ કિલોમીટરની લંબાઇ અને ૨૮૨૪ કરોડના કામો ટૂંક સમયમાં શરૂ થનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું રાજ્ય દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયાઇ માર્ગ ધરાવે છે. આ કોસ્ટલ માર્ગ સુવિધામાં વધારો કરવા આપણી સરકાર આયોજનપૂર્વક કામ કરી રહી છે. મારે બંદરો અને તેના થકી થતાં રાજયના આર્થિક વિકાસ માટે ઘણી મહતવની એવી આ યોજના ૧૫ જિલ્લામાંથી પસાર થતાં વલસાડ, કલાઇ, કચ્છ, નારાયણ સરોવરને જોડતો કોસ્ટલ હાઇવે હોય એ રૂ.૨૪૪૦ કરોડના ખર્ચે ૧૦ મીટર પહોળો કરવાનું ૩ તબક્કામાં આ સરકારે આયોજન કરેલ છે. પ્રથમ તબક્કાની વાત કરીએ તો ૨૧૩ કિલોમીટર લંબાઇના ૨૫ રસ્તાઓનાં કામો રૂ.૬૯૩ કરોડના ખર્ચે હાથ ધરાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા તબકકાની વાત કરીએ તો ૧૨૩ કિલોમીટર લંબાઇના ૨૧ રસ્તાઓના માટે પૂર્ણ બાંધકામની પ્રક્રિયા જેવી કે જમીન સંપાદન, યુટિલિટી સર્ટિફિકેટ તથા વન વિભાગની મંજૂરી માટે ૨૫૫ કરોડ રૂપિયાની મંજૂરી મળેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે હું આ વાત કરતો હોંઉ ત્યારે ગર્વ સાથે હું કહીશ કે મારા મત વિસ્તારમાં આ જે કામ ચાલી રહ્યું છે એ વાગરા મત વિસ્તારમાં વર્ષ ૨૦૨૩- ૨૪ના અન્ય કામો ઉપરાંત અગત્યના એવા આમોદ-રોજા ટંકારીયા, મૂલેર-દેજ ૬ કિલોમીટર લંબાઇ અને રૂ.૧૨ કરોડના ખર્ચે ચાલી રહ્યું છે. ચાંચવેલ ઓછણ ભોચાર રોડ ૧૨ કિલોમીટર લંબાઇ, રૂ.૯ કરોડના ખર્ચે કામ ચાલી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગર્વ થાય કે વાગરા-સારણ-સાયકા-ભેસવ-વીલા રોડને ૧૩ કિલોમીટરની લંબાઇના રૂ.૨૧ કરોડનાં કામોને મંજૂરી આપવામાં આવી છે. આ વર્ષની માળખાકીય સુવિધા વધારવાના ભાગરૂપે નાણાંકીય સુવિધા જે વિકાસ અર્થે જરૂરી છે તેને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૩ના વર્ષની પૂરક માગણીઓને હું આજે સમર્થન કરું છું. સાથે સાથે હું આજે એટલું પણ કહી શકીશ કે દિલ્હીથી બોમ્બે સુધીનો....

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અરૂણસિંહ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી મેઘજીભાઇ ચાવડા.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણાંમંત્રી મહોદયશ્રી કનુભાઇ દેસાઇ જે ૭૪ નંબરની પૂરક માગણી લઇને આવ્યા છે એમાં મારા અનુમોદન સાથે હું વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર નિગમની વાત કરીએ તો માણસ માટે પરિવહન મહત્ત્વનું હોય છે. માણસ જન્મે છે ત્યાંથી કરીને મૃત્યુ સુધી પરિવહનનું બહુ મહત્ત્વ હોય છે. વાહન વ્યવહાર વિભાગની માગણી ઉપર મને બોલવાની જયારે તક મળી છે ત્યારે કહું કે એક સમય હતો જયારે આપણે પગપાળા પરિવહન કરતા હતા ત્યારે પગપાળા પરિવહનથી શરૂ થયેલું પરિવહન આજે રોકેટ સુધી પહોંચ્યું છે. ગુજરાત સરકાર તેના વાહન વ્યવહાર વિભાગના પરિવહન ક્ષેત્રે જે કામગીરી કરી રહેલ છે તેની કેટલીક વિગતો મારે આપની સમક્ષ મૂકવી છે. એક સમય એવો હતો કે આપણે બળદ ગાડા, ઉંટ, ઘોડા એના ઉપર મુસાફરી કરતા હતા. આજે આ પરિવહનથી મુસાફરી કરતા કરતા આજે સન ૧૯૬૦માં બનેલ જી.એસ.આર.ટી.સી. નિગમના માધ્યમથી અનેક કામો થયાં છે. પહેલા જે પ્રકારની બસો હતી એના બદલે આજે ઇલેક્ટ્રિક બસો, વોલ્વો બસો, ડબલ ડેકર બસો આજે ઉપલબ્ધ કરીને લોકોને પરિવહનથી પોતાની મંજીલ સુધી પહોંચે એના માટેના સુનહરા પરિવર્તન થયેલા છે. સમય જતા નવા સંશોધનો અસ્તિત્ત્વમાં આવ્યા છે પરિણામ સ્વરૂપે પરિવહનની બાબતમાં આમૂલ ફેરફાર આવ્યા છે. પહેલા તો સાયકલ હતી પછી ટુ વ્હીલ વાહન આવ્યા, ફોર વ્હીલ વાહન આવ્યા, મોટર ગાડી આવી, બસ આવી, ટ્રેન આવી, બુલેટ આવી, વિમાન આવ્યા, રોકેટ આવ્યા, એમાંથી અવકાશ ક્ષેત્રે પરિવહનમાં અનેક વાહનો આવ્યાં. ત્રેતા યુગની અંદર નજર

દોડાવીએ તો ખ્યાલ આવશે કે ભગવાનશ્રી રામ પાસે પુષ્કર વિમાન હતું. દેવતાઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી જઇ શકતા હતા. હનુમાનજી પાસે પણ ઉડવા માટે ટેકનોલોજી માધ્યમથી પરિવહન હતું. માણસ જેમ જેમ પ્રગતિ કરે છે તેમ તેમ પરિવહન ક્ષેત્રમાં પણ અમૂલ્ય પરિવર્તન જોવા મળ્યા છે. ગુજરાત સરકારની પ્રજાની સુખાકારી માટે વાહન વ્યવહારની વ્યવસ્થા સંભાળી રહી છે ત્યારે મારે કહેવું છે કે સરકાર પણ સમયે સમયે એમાં નિશ્ચિત બદલાવ કરી રહી છે. પેટ્રોલ ડીઝલથી ચાલતા વાહનો હતા તેમાં પ્રદૂષણ થઇ રહ્યું હતું તો એ પ્રદૂષણથી મુકત થાય એના માટે પોલિસી બદલીને ગુજરાત સરકારે એમાં ફેરફાર કરેલ છે. પેટ્રોલ, ડીઝલને બદલે ઇલેક્ટ્રિકથી ચાલતા વાહનોને પ્રોત્સાહન આપવા માંડયું છે. થોડાં વર્ષો પહેલાં આપણા વડાપ્રધાનશ્રી આદરણીય મોદીસાહેબે ઇલેક્ટ્રિક વાહન ઉપર વિશેષ ભાર અને આગ્રહ કરેલ છે. આજે દુનિયા પણ ઇલેક્ટ્રિક ટેકનોલોજીથી ચાલતા વાહનોનું નિર્માણ કરવા માટે અગ્રેસર બની રહી છે. આપણે ત્યાં એરપોર્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી જેવાં સ્થળોએ જવા માટે ઇલેક્ટ્રિક વાહનોની સુવિધાઓ પણ ગુજરાત સરકાર ઉપલબ્ધ કરાવી રહી છે. ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમ, જી.એસ.આર.ટી. સી. દ્વારા પ્રજાને પરિવહન સુલભ થાય તે માટે દૈનિક ધોરણે હજારો બસ નિયમિત ધોરણે દોડાવવામાં આવે છે. જૂના અને જરીપૂરાણા બસસ્ટેશનોનું આધુનિકરણ પણ નિગમ દ્વારા હાથ ધરાયેલ છે. એરપોર્ટ જેવા ટર્મીનલ સ્ટેશનો બનાવવા માટે અત્યારે જે થઇ રહ્યું છે તે અંતર્ગત ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા અંદાજે ૩૩ કરોડના ખર્ચે, સુરેન્દ્રનગર, મોરબી, ધાનપુર, ડેસર, લીમખેડા, મહુવા, રાજકોટ, ચસલણી ખાતે નવા બસસ્ટેન્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જામનગરમાં નવા બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત થવા જઇ રહ્યું છે એ બદલ અભિનંદન આપું છું. આજે જયારે તલાટી કમ મંત્રીની જયારે પરીક્ષાઓ હતી ત્યારે રેગ્યુલર શિડ્યુલો ઉપરાંત પરીક્ષાર્થીઓ માટે ૩,૧૫૬ વધારાની બસો દોડાવવામાં આવી હતી જેનો ૧,૬૩,૨૭૬ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભાના ચોથા સત્રમાં આ સભાગૃહમાં સરળ અને સૌમ્ય સ્વભાવના માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં શિક્ષણ વિભાગની મધ્યમ અને ગરીબ વર્ગનાં બાળકો માટે આશીર્વાદરૂપ એવી પી.એમ.પોષણ યોજના જે ભૂતકાળમાં મધ્યાહ્યન તરીકે ઓળખાતી હતી તેના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ગુજરાતના સંકલ્પો સાકાર કરવા જન કલ્યાણના કાર્યો કરી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દરેક ક્ષેત્રમાં આગવું સ્થાન પ્રાપ્ત કરી રહી છે તેના માટે તેમને અભિનંદન આપું છું. કોઇ પણ સમાજ રાજ્ય કે રાષ્ટ્રના વિકાસના માપદંડનો જો કોઇ આધાર હોય તો તે છે શિક્ષણ. પ્રત્યેક માનવીની તેજસ્વીતા, ઓજસ્વિતા, નિર્ભયતા, ગંભીરતા, માનસિક શાંતિ, પ્રગતિ, ઉન્નતિ અને એના કલ્યાણના મહત્ત્વનો જો કોઇ ક્ષેત્ર હોય તો તે ત્યાંનું શિક્ષણ. આ દેશની આવનારી પેઢીને શિક્ષણની સાથે સાથે એના પોષણ પ્રત્યે પણ જાગૃત્તતા દાખવવા માટે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે એટલા માટે એને અભિનંદન આપું છું. જેમ શિક્ષણ માટે બાળકોને પાઠ્યુ પુસ્તક પ્રદાન કરીએ છીએ તેમ વર્ગ ખંડમાં બાળકનું ધ્યાન કેન્દ્રિત કરવા, શીખવા તેમજ યાદ શક્તિ માટે બાળકને વધુ સારી રીતે સજ્જ કરવા માટે સ્વસ્થ શરીર જરૂરી છે અને બાળકના શરીર માટે ગરમ પૌષ્ટિક ભોજન પ્રદાન કરવું જરૂરી છે ત્યારે અમારી સરકાર મારફત પી.એમ. પોષણ યોજના શરૂ કરવામાં આવી છે. બાળકની પોષણની સ્થિતિ સુધારવી, વંચિત બાળકોના શિક્ષણ માટે તેમને પ્રોત્સાહિત કરવા, એમની નિયમિત હાજરી રહે, શૈક્ષણિક ઉન્નતિ થાય, સામાજિક સમાનતા અને શાળાના વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે અને બાળકના કુપોષણ ઘટાડવામાં પી.એમ.પોષણ યોજના મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં પી.એમ.પોષણ યોજના માટેનું બજેટ રૂ.૧,૧૯૫.૬૦ કરોડ છે જે અંતર્ગત ૩૨,૩૩૨ સરકારી પ્રાથમિક શાળાઓમાં સરેરાશ ૪૨ લાખ વિદ્યાર્થીઓએ બપોરના ગરમ અને પૌષ્ટિક લીધેલા ભોજન અને નાસ્તાનો લાભ મેળવેલ છે. બાળકોને પ્રોટીન અને કેલેરીયુક્ત આહાર આપવા માટે સેન્ટ્રલ ફૂડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ અને પોષણયુકત આહારના નિષ્ણાતો દ્વારા તૈયાર કરાયેલ સુખડી બનાવીને દર અઠવાડિયે બાળકોને આપવામાં આવે છે અને વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ ૪૨ લાખ બાળકોએ આ યોજનાનો લાભ મેળવેલ છે. એજ રીતે રાજ્યના ૧૨ જિલ્લા, ૨૮ વિકાસશીલ તાલુકાઓની સાથે પ્રાથમિક શાળાઓમાં બાળકોને દૈનિક ૨૦૦મી.ગ્રા. ફ્લેવર્ડ દૂધ આપવાની દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં સરેરાશ ૩.૨૫ લાખ બાળકોને લાભ આપવામાં આવ્યો છે. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓના બાળકોમાં કુપોષણ ઘટાડવાના હેતુથી વર્ષ ૨૦૨૩-૨૪થી બાળકોના ભોજનમાં આયોડીન ઉપરાંત લોહતત્ત્વ ધરાવતા પોષક ડબલ ફોર્ટીફાઇડ મીઠાનો ઉપયોગ કર્યો છે અને આ યોજનામાં અંદાજિત ૪૨ લાખ બાળકોએ લાભ મેળવેલ છે. પી.એમ. પોષણ યોજના અંતગર્ત જરૂરી સામગ્રી જેવી કે-મરી-મસાલા, શાકભાજી, બળતણ, દળામણ વગેરેનો ભાવ વધારો થવાના કારણે બાળકોને જરૂરી પોષણયુક્ત ભોજન માટે કુકિંગ કોસ્ટમાં વધારો થવા પામેલ છે તેમજ પી.એમ. પોષણ યોજના અંતગર્ત કુલ ૯૬,૩૮૩ માનદ વેતન ધારકોના માનદ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે જેના કારણે પણ અંદાજિત બજેટમાં વધારો થવા પામેલ છે એ માટે નાણાંમંત્રીશ્રી આ પૂરક માગણી લઇને આવ્યાં છે તે ઉચિત છે અને આ પૂરક માગણીને હું મારું સમર્થન આપું છું અને છેલ્લે એક પંક્તિ રજૂ કરી મારી વાત પૂરી કરું છું.

''કુપોષણને નાથીશું, આડે આવતા અવરોધોને પડકારીશું. શિક્ષણ ક્ષતિ દૂર કરીશું
રહ્યાં છે અંધકારને પી.એમ.પોષણ યોજનાથી કુપોષણને ઝડમૂળથી ભગાડીશું''
જય શ્રી રામ.

## તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( બિજો અને છેલ્લો દિવસ )

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી(વ્યારા) : માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે પૂરક માગણી આદિજાતિ વિસ્તાર પેટા યોજના ક્રમાંક–૯૬ લઇને આવ્યા છે ત્યારે હું એને અનુમોદન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના ઇતિહાસમાં આઝાદી પછી જે પણ સરકારો આવી છે એ સરકારોએ આદિવાસી સમાજની બિલકુલ દરકાર લીધી નહોતી અને એના પછી માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને ગુજરાત સરકાર જે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એ સરકારે જાણે એમણે આદિવાસી સમાજ માટેની કેડી કંડારવા માટે બીડું ઝડપ્યું હોય એ પ્રમાણે આદિવાસી સમાજની જે પણ જરૂરિયાત હોય એ તમામ પ્રકારની જરૂરિયાતો એમણે પૂરી કરી છે. આજે એટલા માટે હું વાત કરીશ કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન વર્ષ ૨૦૦૧–૦૨માં જયારે મુખ્યમંત્રી હતા અને તે વખતે હું પોતે સરપંચ પણ હતો અને એ વખતે મુખ્યમંત્રીશ્રીના દત્તક ગામો અને જે છેવાડાના ગામો, અંતરિયાળ ગામો અને આદિવાસી વિસ્તાર જે ખૂબ આર્થિક, સામાજિક રીતે નબળા વિસ્તારના જે પંચાયત ગામો હતા અને એ વખતે દરેક જે તે દત્તક ગામોના સરપંચશ્રીઓને બોલાવતા અને દર માસે અમે અહીં આવીએ અને બેઠક કરતા અને એ વખતે બેઠક કરીને ઘરે પહોંચીએ એ પહેલા અધિકારીઓ દત્તક જે જે ગામો હોય ત્યાં પહોંચી જતા અને ત્યાં વિકાસનાં કામો તરત ચાલુ થઇ જતા હતા. હું એટલા માટે ભારતીય જનતા પાર્ટી અને સરકારનો આભાર માનું છું અમારો આદિવાસી સમાજ ભારતીય જનતા પાર્ટીની સરકારનો એટલા માટે ઋણી રહ્યો છે આજે ૨૪ વિધાનસભાની સીટો આમને આમ જ આદિવાસી સમાજે નથી આપી. આજે જે વિકાસનાં કામો આ રાજય સરકારે કર્યાં છે અને એના લીધે આજે આદિવાસી સમાજ ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે મળીને ચાલે એના માટે આદિવાસી સમાજના જે સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર અને રાજય સરકારે પ્રયત્નો કર્યા છે એનો અમે આભાર માનીએ છીએ. હમણા જ મારા મિત્ર શ્રી જયરામભાઇએ એમના ગામની અને જંગલ જમીનની જે વાત કરી એટલા માટે વાત કરતા આનંદ થાય કે જયારે ભારત સરકારનો વર્ષ ૨૦૦૬ અધિનિયમ કાયદો જયારે અમલમાં આવ્યો એ કદાચ કોઇ રાજયે અમલવારી કરી હશે એના પહેલા ગુજરાત સરકારે અમલવારી કરી છે અને એની સાથેસાથે જે જે દાવેદારોએ પોતાની માગણી જે વિસ્તાર એમણે ફોર્મમાં ભર્યો હશે એ પ્રમાણે ચકાસણી કરીને આજે વન અધિકાર ધારા ૨૦૦૬ અન્વયે રાજય સરકારને ખૂબ સારાં પરિણામો મળ્યાં હાલ પ્રવર્તમાન સમયમાં લાભ આપવાનાં ચાલુ છે. જે જે દાવા હાલ કદાચ પેન્ડિંગ હશે મને પોતાને ખબર છે મારા પોતાના મત વિસ્તારમાં અને ખાસ કરીને અનંતભાઇના પોતાના મત વિસ્તારમાં પણ આ જંગલ જમીન આપવાનું કામ ચાલુ છે. સામાજિક રીતે નબળો અમારો જે આદિવાસી સમાજ છે એમાં જે ટ્રાયબલની વાત કરી અને ટ્રાયબલ માટે ખૂબ મોટી માતબર રકમ આ સરકારે અમારા આદિવાસી સમાજના ઉત્થાન માટે આપી છે ત્યારે આ સરકારનો આભાર એટલા માટે માનીશ કે આ સરકારે આદિવાસી સમાજની દરકાર કરી છે એની સાથે સાથે સરકારે આ જંગલ જમીન આપી એના આર્થિક ઉત્થાન માટે, ઉત્કર્ષ માટે ગત વર્ષમાં આ રાજય સરકારે ૫૫૦૦ લાખ જેવી માતબર રકમ જે જંગલ જમીન જેને આપી છે એ આર્થિક રીતે ઉપર આવે એના માટે સિંચાઇ હોય, પશુપાલન હોય કે કોઇપણ નાની મોટી યોજનાથી આર્થિક રીતે પગભર બને એના માટેના પ્રયત્નો કરે છે. એની સાથેસાથે આદિમ જૂથના જે લોકો છે એ કોટવાડિયા, ધાતુરિયા, કોલચા, કોલઘા એ તમામ સમાજ ઉપર આવે એના માટે સરકારે પ્રયત્ન કર્યા છે એટલા માટે આદિવાસી સમાજના એક પ્રતિનિધિ તરીકે આ સરકારનો હું ઋણી છું એની સાથેસાથે મારો સમાજ પણ ઋણી છે. આજે એ ઉતકર્ષ યોજના આદિવાસી સમાજ માટે ચાલુ વર્ષે લગભગ ૬૦૦૦ લાખ રૂપિયા હમણા પણ જે મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજનામાં માનનીય કનુભાઇ દેસાઇએ નાણાં વિભાગમાં જોગવાઇ કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રીમતી ગીતાબા જાડેજા.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા(ગોંડલ) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિશે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના પનોતા પુત્ર અને લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કેડેલી વિકાસની કેડી પર રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત પ્રગતિના નવા આયામો હાંસલ કરી રહ્યું છે. સર્વ સમાવેશક વિકાસની પરિકલ્પનાને સાકાર કરનારું બજેટ રજૂ કરવા બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇને અભિનંદન પાઠવું છું. આ બજેટ ખરા અર્થમાં સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ પરિકલ્પના સાકાર કરનારું બની રહેશે એવો મને વિશ્વાસ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સંવેદનશીલ નેતૃત્વ હેઠળની અમારી સરકારે રાજ્યના ગરીબ અને છેવાડાના માનવીના ઘરમાં બે ટંક ભોજન મળી રહે તેની સતત ચિંતા કરી છે. અંત્યોદયના વિકાસની નેમ સાથે અમારી સરકાર ગરીબી નિર્મૂલનના કાર્યક્રમમાં વિશેષ ધ્યાન આપી રહી છે. આ બજેટમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે સરકારે રૂપિયા ૨૭૧૧ કરોડની જોગવાઇ કરી છે. જેના થકી આ ક્ષેત્રે કરવામાં આવતા કામોને નવી દિશા મળશે તેવો મને પૂર્ણ વિશ્વાસ છે. રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળની સમાવિષ્ટ અંત્યોદય કુટુંબો, અંત્યોદય અન્ન યોજના(એ.એ.વાય), અગ્રતાક્રમ ધરાવતા કુટુંબો, પ્રાયોરિટી હાઉસ હોલ્ડ(પી.એચ.એ) મળીને લગભગ ૭૨ લાખ જેટલા રેશનકાર્ડ ધારકોની ૩ કરોડ ૭૦ લાખ જેટલી જનસંખ્યા અને રાજ્યની ૧૭ હજાર કરતાં વધુ વ્યાજબી ભાવની દુકાનોમાં દરમહિને અનાજ અને અન્ય આવશ્યક

ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. તાજેતરમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા ૧લી જાન્યુઆરી-૨૦૨૪થી આગામી પાંચ વર્ષના સમયગાળા માટે લંબાવવામાં આવેલ છે. જે અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને દરમાસે વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવાનું નિયત કરવામાં આવેલ છે. જે માટે હું માનનીય વડાપ્રધાનશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાત રાજ્યની ૩.૫ કરોડથી વધુ જનસંખ્યા અને સમગ્ર દેશની ૮૧ કરોડથી વધુ જનસંખ્યાને ઘઉં અને ચોખા જેવા પાયાના અનાજની કોઇ ચિંતા ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કરવા દીધી નથી. ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ તમામ અંત્યોદય કુટુંબને પ્રતિ કુટુંબ ૧૫ કિલોગ્રામ ઘઉં તથા ૨૦ કિલોગ્રામ ચોખા મળી કુલ ૩૫ કિલોગ્રામ અનાજ આપવામાં આવે છે તથા અગ્રતા ધરાવતા કુટુંબોને પ્રતિવ્યક્તિ ૨ કિલોગ્રામ ઘઉં તથા ૩ કિલોગ્રામ ચોખા મળી કુલ ૫(પાંચ) કિલોગ્રામ અનાજનું પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત વિનામૂલ્યે વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ વસતિની જરૂરિયાત મુજબ રાજ્યમાં વાર્ષિક ૨૧ લાખ મેટ્રિક ટન અનાજનું વિતરણ કરવામાં આવે છે. આમ, માસિક સરેરાશ વિતરણ ૯૫ ટકા જેટલું થાય છે. જે ઘણી મોટી સિદ્ધિ કહેવાય. રાજ્યની ૫૦ ટકાથી વધુ વસતિને હાલ નિયિમત રીતે વિનામૂલ્યે અનાજ વિતરણથી ખાદ્યાખોરાકીની ચિંતા દૂર થઇ ગયેલી છે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ ઘઉં અને ચોખાના વિતરણ માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં કુલ રૂ.૬૧૮ કરોડની માતબર જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં માગણી ક્રમાંક-૨૨ હેઠળ રૂ.૩૮૭.૮૨ કરોડની જોગવાઇ મંજૂર થયેલ હતી. જેમાં ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાની અવધિ ડિસેમ્બર-૨૦૨૩ અને ત્યારબાદ જાન્યુઆરી-૨૦૨૪ સુધી લંબાવેલ હતી. તે આગામી પાંચ વર્ષના સમયગાળા માટે લંબાવવામાં આવતા ભારત સરકાર તરફથી મળવાપાત્ર સહાય ઉપરાંત સરકારનો ખર્ચ વધેલ છે.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક-૮૬ લઇને આવ્યા છે એ પૂરક માગણીને મારું સમર્થન આપુ છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજયના માર્ગોના બાંધકામ અને જાળવણી માટે અને તેના અપગ્રેડેશન માટે પણ ખૂબ જ સરસ મજાના રોડ અને રસ્તાનાં કામો સમગ્ર ગુજરાતમાં થઇ રહ્યાં છે. માત્ર અત્યારની જ પરિસ્થિતિ નહીં પણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન વિભાગ દ્વારા ખૂબ જ અસરકારક કામગીરી અત્યારે ચાલી રહી છે. પી.પી.પી. મૉડેલના માધ્યમથી કુશળતાપૂર્વક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કંડલા અને મુંદ્રા જેવા મોટા બંદરોને જોડવા માટે અમદાવાદથી સાણંદ થઇને માળિયાવાળો જે રોડ છે એ લગભગ ૧૮૦ કિલોમીટરના રોડને પણ પી.પી.પી. મૉડેલ હેઠળ મંજૂરી મળેલ છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિસ્તાર સર છે, સેઝ છે આવા જેટલા પણ ઔદ્યોગિક વિસ્તારો છે એને ડેવલપ કરવા માટે ખૂબ જ જરૂરી વસ્તુ હોય તો એ રોડ-રસ્તા છે. આવા ઐદ્યોગિક વિસ્તારોને સફળતા મળે એના માટે કનેક્ટિવિટી માટે પણ આ રસ્તાઓ ખૂબ જ જરૂરી છે અને એવા રસ્તાઓની કામગીરી અત્યારે ચાલુ છે. સર અને સેઝને જોડતા રોડને સુદ્રઢ કરવાના અભિગમ સાથે ૧૭૩૧ કરોડ રૂપિયાના ૮૯૫ કિલોમીટરના રોડ પૂર્ણ કરવામાં આવેલ છે. ૯૧૯ કરોડ રૂપિયાના ૨૯૨ કિલોમીટરના રોડ પ્રગતિ હેઠળ છે અને ૧૦૫૫ કરોડ રૂપિયાની કિંમતના ૨૩૦ કિલોમીટરના રોડ શરૂ થવાના છે. ઘણા બધા વિસ્તારોમાં ખૂબ જ સારા રસ્તા થયેલા છે તેમાં મારા વિસ્તારની વાત કરું તો આ વર્ષે કેરાળાથી શાહપુરનો જે ૨૫ કિલોમીટરનો લગભગ રૂપિયા ૩૧ કરોડનો રોડ છે એ પણ મંજૂર થયેલ છે. સાણંદથી નળ સરોવરનું સ્ટ્રક્ચર બનાવવાનું કામ હતું એના માટે પણ રૂપિયા ૧.૨૫ કરોડ મંજૂર કરેલ છે. સાણંદથી ફાંગડી-જુવાલ-બાવળાનો સ્ટ્રક્ચર કરેલ રોડ જે છે એના માટે પણ ૧.૩૩ કરોડ રૂપિયા મંજૂર કરેલ છે. અહીંયા ઘણા બધા સભ્યોએ વાત કરી કે, સૌનો સાથ સૌનો વિકાસ નથી થયો ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે, સૌના સાથ અને સૌના વિકાસના નારા સાથે સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં દરેકે દરેક સમાજનો વિકાસ થયો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હોય તો એમાં માત્ર એક જ વર્ગને નહીં તમામે તમામ વર્ગને આ યોજના હેઠળ લાભ મળે છે અને દરેકે દરેક વિભાગ હેઠળ સૌનો સાથ અને સૌનો વિકાસ થયો છે. સૌના વિશ્વાસની વાત કરીએ તો સૌનો વિશ્વાસ હોય ત્યારે જ આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના ૧૫૬ ધારાસભ્યો અહીંયા આગળ ચૂંટાઇને આવ્યા છે. સાથે સાથે સૌના પ્રયાસની વાત કરીએ તો સૌના પ્રયાસ થકી વર્ષ ૨૦૪૭ સુધીમાં આપણો ભારત દેશ છે એ વિકસિત ભારત બનશે અને સૌના પ્રયાસથકી આ શક્ય બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, રોડ અને રસ્તાની વાત કરું તો આ વર્ષે પણ મારા વિસ્તારના ૯૦ કરોડનાં કામો મંજૂર થઇ ગયા છે અને વર્ક ઓર્ડર પણ અપાઇ ગયા છે અને તાંત્રિક મંજૂરી પણ આપી દેવામાં આવી છે. એના જોબ નંબર મળી ગયા છે અને એનાં કામો પણ ટૂંક સમયમાં શરૂ થઇ જશે અને ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ ટૂંક સમયમાં થવા જઇ રહ્યા છે. આ ગૃહમાં બેઠેલાં મારા સાથી સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, તેઓ સુપરફાસ્ટ જે રોડ બનાવ્યો છે એ રોડમાં તેઓ પણ જોડાઇ જાય અને વિકાસની ગતિમાં સાથ અને સહકાર આપે. માનનીય મંત્રીશ્રી વિભાગની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી ડી.કે.સ્વામી(જંબુસર):" ભવસંભવભીતિભેદનં સુખસંપત્ કરુણાનિકેતનમ્

પ્રતદાન તપઃ ક્રિયાફલં સહજાનંદગુરું ભજે સદા " માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌના આદરણીય અને નાણાંમંત્રીશ્રી એવા કનુભાઇ દેસાઇ જયારે પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે અને એમાંય વાહન-વ્યવહાર ક્રમાંક-૭૪ નંબરની પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે હું આ માગણીને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષમાં આપણું ગુજરાત એ ઉત્સવપ્રિય અને ધાર્મિકપ્રિય એવી આપણી જનતા છે. ખાસ તો હું માનનીય હર્ષભાઇ સંઘવીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે, મેં ગયા સત્રની અંદર મારા વિસ્તાર માટે નવી બસોની માગણી કરી હતી અને એ માગણીના ભાગરૂપે મને અત્યાર સુધીમાં ૧૪ થી ૧૫ જેટલી નવી બસો મારા વિસ્તારને જયારે આપી છે ત્યારે માનનીય હર્ષભાઇ સંઘવી તેમજ વાહન-વ્યવહારના તમામ અધિકારીશ્રીઓનો હું હ્રદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર સમયે સમયે જેમ કે, દિવાળી છે, ઉત્તરાયણ છે, હોળી છે કે મકરસંક્રાંતિ છે આવા અનેક ઉત્સવો સમયે સમયે જયારે ઊજવાતા હોય છે ત્યારે હું વાહન-વ્યવહાર વિભાગને હ્રદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે, વધારાની ટ્રીપો મંજૂર કરીને ગુજરાતની આ જે ધાર્મિક પ્રજા છે તેને સમયે સમયે દર્શનનો લાભ મળે, સમયે સમયે જે ગુજરાતના છેવાડે જયાં ઉત્સવો ઉજવાતા હોય છે ત્યાં સમયે સમયે પહોંચીને તે ઉત્સવનો, તે દર્શનનો, એ આરતીનો લાભ લઇ શકે ત્યારે તેના માટે જયારે જયારે જરૂર પડી છે ત્યારે ગુજરાત સરકાર અને વાહન-વ્યવહાર વિભાગના તમામ અધિકારીઓએ ખૂબ સારી રીતે સહકાર આપી અને આ જે ધાર્મિકપ્રિય અને ધર્મપ્રિય પ્રજા છે તેના માટે વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દિવાળી સમયે એમાંય ખાસ કરીને સુરતમાં અને સુરતથી જે રત્ન કલાકારો છે તે દિવાળી દરમિયાન પોતાના વતનમાં જઇ અને દિવાળીનો ઉત્સવ ઊજવતા હોય છે તો એ દરમિયાન લગભગ ૧૪થી ૧૫ લાખ લોકો સુરતથી સૌરાષ્ટ્રની અંદર જતા હોય છે. અને એ દરમિયાન જે ખાનગી ઓપરેટરો છે, ખાનગી બસોના માલિકો છે ભાડાની અંદર અભૂતપૂર્વ વધારો કરતા હોય છે અને સુરતથી જનારા જે પેસેન્જરો છે તેના માટે ખૂબ જ આ અઘરો વિષય હોય છે તેમાંય વાહન-વ્યવહાર વિભાગ ખૂબ સારી રીતે અને તેમાંય માનનીય મંત્રીશ્રી પોતે અંગત રસ લઇને આ સુરતના જે રત્ન કલાકારો છે તે સૌરાષ્ટ્રની અંદર જઇ દિવાળી મનાવતા હોય છે. આજની જે આ માગણી લઇને આવ્યા છે માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ તે માગણીને હું ખૂબ હ્રદયપૂર્વક સમર્થન કરું છું આમ તો સાહેબ તમે બહુ ઓછું લાવ્યા હજુ વધુ લાવ્યા હોત તો પણ આ સભાગૃહ આ માગણીને વધારે સમર્થન આપી અને તેને મંજૂરી આપત.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન-વ્યવહાર વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨ની અંદર કુલ-૬૪૯૭ જેટલી વધારાની ટ્રીપો ચલાવીને જે મુસાફરોને તકલીફ પડતી હતી તે દૂર કરી.

ઉપાઘ્યક્ષશ્રી : માનનીય સ્વામીજી આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં નાણાંમંત્રીશ્રી માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન પણ આપું છું અને સાથે મારા વિચારો પણ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ દેશ કે રાજયની કરોડરજ્જુ જો કોઇ હોય તો શિક્ષણ પર નિર્ભર છે અને શિક્ષણથી જ દેશ અને રાજયનો વિકાસ થાય છે. ગુજરાતની ગતિશીલ સરકારે વખતો વખત કરેલા શિક્ષણ માટેના નિર્ણયો આજે રાજયમાં દીવાદાંડી સાબિત થયા છે અને સરકાર માટે મારે કહેવુ છે કે-

''એમ નથી કે ગામ ગાજતું કરવું છે, એમ નથી કે ગામ ગાજતું કરવું છે.
આ સરકારે તો નેમ લીધી છે કે રાજયના ખૂણે-ખૂણે મારે દરેકને વાંચતા કરવા છે.''

ભાગવત ગીતા માટે પણ વર્ષોથી કહેવાતું કે,

''ભાગવત ગીતા કોર્ટમાં નહિ, ભાગવત ગીતા કોર્ટમાં નહિ પણ કોર્સમાં હોવી જોઇએ.''

ત્યારે આપણા યશસ્વી વડાપ્રધાનના સ્વપ્ન પ્રમાણે એને અભ્યાસક્રમમાં દાખલ કરવા બદલ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું. માનનીય શિક્ષણમંત્રીને પણ હું અભિનંદન આપું છું. મારે ભાગવત ગીતા માટે કહેવું છે કે,

''શબ્દ એક શોધો ત્યાં સંહિતા નીકળે, કૂવો એક ખોદો તો આખી સરિતા નીકળે.
જનક જેવા આવી હજીયે હળ હાંકે, તો આ ધરતીમાંથી હજી પણ સીતાજી નીકળે.
હજી ધબકે છે ક્યાંક લક્ષ્મણ રેખા, કે રાવણ જેવા ત્યાંથી બીતા નીકળે.''

એટલે માનનીય વડાપ્રધાન ક્યાંક ઊભા હોય તો રાવણ જેવા એમની નજીક જાય નહિ.

''છે કાલિદાસ અને ભોજના ખંડેરો જો જરીક ખોતરો તો કવિતા નીકળે.
છે કૃષ્ણની વાંસળીના એ કટકા કે હોઠે જો માંડો તો સૂર-સરિતા નીકળે.
સાવ અલગ છે તાસીર આ ભૂમિની કે મહાભારત વાવો તો ગીતા નીકળે.''

સરકારની આવી અનેક યોજનાઓ પણ છે કે જેના કારણે સરકારે સંવેદનાપૂર્ણ યોજના એટલે ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ સોસાયટીમાં એક લાખથી વધુ વિદ્યાર્થીઓને ધો.૯થી ૧૨ના પુસ્તકો વિનામૂલ્યે મળવાના છે. જે ધો.૧થી ૮માં સરકારી પ્રાથમિક શાળામાં ભણેલા હોય તેવા તમામ વિદ્યાર્થીઓને પુસ્તકો મફત આપવા માટેની પૂરક માગણીઓ છે. જયારે કોઇ ગરીબ પરિવારનો વ્યક્તિ મજૂરી કરતો હોય અને એનું સ્વપ્ન હોય કે મારી પડોશમાં રહેતા સારા વર્ગના લોકો પોતાનાં બાળકને સારી

શાળામાં ભણાવે છે અને હું ભણાવી નથી શકતો ત્યારે આર.ટી.ઇ.ની યોજના ભારતીય જનતા પાર્ટીની સરકાર વખતે દાખલ થઇ. એના કારણે આજે ગરીબ લોકો પણ આર.ટી.ઇ.ની યોજનાનો લાભ લઇને પોતાનાં બાળકોને સારી સંસ્થામાં શિક્ષણ અપાવી શકે છે. એવા વિદ્યાર્થીઓની સંખ્યા ૫,૬૪,૭૦૦ જેટલી છે. એની પાછળ રૂ.૩૨૮૫ કરોડ જેટલો ખર્ચ આ સરકાર ભોગવી રહી છે. સરકારશ્રીની સ્કૂલ એડમિનિસ્ટ્રેશન સિસ્ટમ યોજના થકી માહિતી અને ડેટા કલેક્શન ખૂબ જ સરળ બન્યું છે. જેના થકી એક જ પોર્ટલ પર ડેટા આવવાથી વહીવટી સરળતા ખૂબ જ વધી છે. પહેલાં પરિસ્થિતિ એવી હતી કે કોઇ કામ હોય તો એ શિક્ષક પાસે તૈયાર કરાવીએ. ત્યારપછી શાળાનો આચાર્ય ક્લાર્કને મોકલે અને એ કાગળ પહોંચતા પાંચથી સાત દિવસ થઇ જાય અને એ કામગીરી થતાં તો બે-ત્રણ વર્ષ થાય. હું માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ અને શિક્ષણમંત્રીનો પણ આભાર માનું છું કે આ યોજના એ રામસેતુ બનાવવામાં ખિસકોલી જેવું કામ કરશે. માહિતી અને ડેટા માટે સરકારશ્રીની આવી અનેકવિધ સુવિધાઓ છે જેના માટે હું અભિનંદન આપું છું. આ યોજનાથી શિક્ષક જાતે જ પોતાની માહિતી એક જ પોર્ટલ પરથી મેળવી શકે છે. એનાથી સમય અને શ્રમ બંનેની બચત થાય છે. માહિતી અપડેટ હોવાથી શિક્ષક પોતાનો લાભ સમય-મર્યાદામાં મેળવી શકે છે. ઘણી વખત એવું થતું હતું કે માહિત પહોંચે નહિ અને શિક્ષક લાભ મેળવી શકતો નહોતો. પેપરલેસ કામ થવાથી પર્યાવરણ પણ બચાવી શકાય છે. અંતમાં કહું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં શિક્ષણક્ષેત્રે લેવાયેલા મહત્વાકાંક્ષી નિર્ણયોનાં પરિણામો ખૂબ જ સકારાત્મક આવી રહ્યાં છે અને સરકાર પણ શિક્ષણ માટે ખૂબ જ ગંભીર અને ચિંતિત છે ત્યારે મને પાકી શ્રદ્ધા છે કે ''વાવેલા વિચારો ચોક્કસ વટવૃક્ષ થશે અને થશે જ. અંતમાં કહીશ કે,

''સામટું આવે ને ભલે જગનું અંધારું, હૈયાની હિંમત ના હારું.
આખર સંતાન છું સૂર્ય તણું, કોડિયું નાનું ભલે ને પ્યારું.''

આભાર.

**(વિરામ બપોરના ૧૨:૦૦થી ૧૨:૩૦)**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી મુકેશકુમાર ડી. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રી શ્રી કનુભાઇ દેસાઇ અને અમારા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કારણ કે મહેસાણા નગરપાલિકા અને મહેસાણા ગામ મહેસાણા નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવા બદલ હું એમને સવિશેષ અભિનંદન આપું છું. માનનીય નાણાંમંત્રી શ્રી કનુભાઇ દેસાઇ જે પૂરક માગણી લઇને આવ્યા છે તેમને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. મને કહેતાં આનંદ થાય છે કે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગો મુખ્ય ઉદ્દેશ આ સમાજમાં રહેતાં ગરીબ અને વંચિત લોકોને પૂરતા પ્રમાણમાં અનાજ મળી રતે તે હેતું છે અને તેની અંદર લઘુત્તમ ટેકાના ભાવ પર કા પ્રાપ્તિ, અનાજનો સંગ્રહ અને વિતરણ પણ આ વિભાગ સુનિશ્ચિત કરે છે. વધુમાં આ વિભાગની બાબતનું ધ્યાન ખેંચું છું કે સામાન્ય લોકો એલ.પી.જી., પેટ્રોલ અને ડીઝલ જેવી આવશ્યક વસ્તુ સરળતાથી મળી શકે આમ જીવન જરૂરિયાતની વસ્તુઓ સારી ગુણવત્તા અને સસ્તી કિંમતે મળી રહે તે માટે આ વિભાગ કાર્યરત છે. આ વિભાગ દ્વારા ફક્ત અને ફક્ત આજન, તેલ મીઠું, ખાંડ સહિત પ્રોટીન સભર કઠોળનું પણ વિતરણ કરવામાં આવે છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંતર્ગત રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ-૨૦૧૬થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની અમલવારી કરવામાં આવેલ હતી અને હાલની સ્થિતિએ ગુજરાતના ૭૨ લાખ કુટુંબોની ૩.૫૫ કરોડ જનસંખ્યાને એન.એફ.એસ.એ. હેઠળ આવરી લેવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં જ્યારે આખો દેશ કોરોનાકાળમાં સપડાયેલ હતો, લોકો ભયભીત થઇ ગયેલ હતા તે વખતે જ્યારે આપણો દેશ સંસ્કૃતિ અને તહેવારોથી બનેલ છે ત્યારે પ્રત્યેક અઠવાડિયે તહેવાર ઊજવતા આવીએ છીએ. તહેવારોમાં પ્રત્યેક વ્યક્તિ ઉત્સાહથી તહેવારની ઊજવણી કરતા આવ્યા છે ત્યારે અનાજની સાથે એ.એ.વાય. અને બી.પી.એલ., રેશનકાર્ડ ધારકોને સસ્તા દરે તેલનું વિતરણ થાય તેની ચિંતા કરી હતી. તે રૂ.૫૦/-ના રાહત દરે એક લીટર રિફાઇન્ડ કપાસિયા તેલનું વિતરણ કરવામાં આવેલ હતું. સદર યોજનાનું વિસ્તરણ વર્ષ ૨૦૨૧-૨૨માં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા સમાવિષ્ટ તમામ એન.એફ.એસ.એ. આ યોજનામાં આવરી લેવામાં આવ્યા હતા. ફક્ત અને ફક્ત કપાસિયાં તેલ નહીં, પરંતુ દરેક વર્ષે કંઇક કરવું અને સમાજની સેવા કરવી એ ભાવના સાથે આ સરકાર કામ કરી રહી હોય ત્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં અંત્યોદય યોજના, બી.પી.એલ. અને એન.એસ.એફ.એ. હેઠળના અગ્રતા ધરાવતા કુટુંબોને લાભ મળે છે.

શ્રી કમલેશભાઇ ર. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ માર્ગ અને મકાન વિભાગની માંગણી ક્રમાંક-૮૬ માર્ગો અને પુલો માટે જે પૂરક માંગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં ગુજરાત રાજ્ય હોય કે ભારતનું કોઇપણ પ્રાંત હોય, ચૂંટણીઓ લડાતી અને આ ચૂંટણીઓના એજન્ડામાં રસ્તા, પાણી અને વીજળીના જ મુદ્દાઓ રહેતા હતા. યશસ્વી પ્રધાનમંત્રીશ્રી વર્ષ ૨૦૦૨માં જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારબાદ એક વિકાસની રાજનીતિ આ દેશે જોઇ અને વિકાસની રાજનીતિના ભાગરૂપે આજે આ રસ્તા, પાણી અને વીજળીના મુદ્દાઓ ગાયબ છે. આજે રાષ્ટ્રવાદનો મુદ્દો છે. દુનિયાના પાંચ દેશોને એની અર્થવ્યવસ્થામાંથી પછાડીને ત્રીજી અર્થવ્યવસ્થા બનાવવાનો મુદ્દો છે. આ રસ્તા, પાણી અને વીજળીના મુદ્દાઓ ગાયબ થવાનો શ્રેય ગુજરાત સરકારના અભિગમ અને એમના પ્રયાસોને જાય છે. ગુજરાતના માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓ, પુલોને મજબૂતી આપવા

અને બાકી રહેલ કામોને પૂર્ણ કરવા માટે ગુજરાત સરકારના માનનીય નાણાં મંત્રીશ્રીએ માર્ગ અને મકાન વિભાગ માટે રૂ. ૨૨,૧૬૩ કરોડની જોગવાઈ કરી છે ત્યારે હું સરકારના માનનીય નાણાં મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય નાણાં મંત્રીશ્રીએ ગુજરાતની ચિંતા કરી છે. અહીંયા ગૃહમાં બેઠેલા બધા જ સભ્યોએ ભૂતકાળની પરિસ્થિતિ જોઇ છે. મારા વિસ્તારમાંથી પસાર થતો વાંસદા-બગોદરા સ્ટેટ હાઇવે પાંચ વિધાનસભાને સ્પર્શતો રસ્તો છે. એન.આઇ.આર. મિત્રો અહીંયા આવે ત્યારે આ રસ્તાઓ જોઇને સરકારના અને આદરણીય મોદી સાહેબના ભરપેટ વખાણ કરે છે. આવા પુલો અને રસ્તાઓના બાંધકામ માટે  માર્ગ અને મકાન વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારા મત વિસ્તારમાં બોરસદ તાલુકાના અને પેટલાદ તાલુકાનાં ગામડાઓનો સમાવેશ થાય છે. અમારા વિસ્તારમાં અને ગુજરાતના અન્ય ગ્રામીણ વિસ્તારમાં ગામતળ અને તેનાથી દૂર ખેતરે-ખેતરે વસાહતો આવેલી છે. લોકોને ચોમાસામાં શાળાએ જવા અને આરોગ્યની સેવા લેવા માટે ગામમાં આવવાનું મુશ્કેલ હોય ત્યારે પ્રધાનમંત્રી સડક યોજના અને મુખ્યમંત્રી સડક યોજનાના કારણે આજે ઘર સુધી રસ્તા પહોંચ્યા છે. ગામડાનાં બાળકો આજે અભ્યાસ માટે જઇ શકે છે. પરાને પરા સાથે જોડતા રસ્તાઓ અને ગામને પરા સાથે જોડતા રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. રસ્તાઓની વાત આવે તો ગુજરાત નંબર એક છે. ભારતને પણ દિશા આપનારો માર્ગ અને મકાન વિભાગ આજે ગુજરાતના રસ્તા અને પુલોની ચિંતા કરી રહ્યો છે ત્યારે હું માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણાંમંત્રીશ્રીને અભિનંદન આપું છું. તેઓ આવાં કામો થકી દેશને મદદરૂપ થઇ રહ્યાં છે. આ પૂરક માંગણીને હું મારું સમર્થન આપું છું.

શ્રી અમૃતજી મો. ઠાકોર**(**કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર પશુપાલન તેમજ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલો છે. જયાં મોટાપ્રમાણમાં લોકો ખેતરોમાં વસવાટ કરે છે. ખેતરોમાં વસવાટ કરતા હોવાથી ત્યાં પરા વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ આવેલ છે. આ પ્રાથમિક શાળાઓ પાકા  ડામર રોડ-રસ્તાથી વંચિત હોવાથી ચોમાસા દરમિયાન બાળકો તેમજ શિક્ષકો સમયસર સ્કૂલે જઇ શકતા નથી. મારા મત વિસ્તારમાં મોટા ભાગના એવા ગામો છે કે જેનો ભૌગોલિક વિસ્તાર અને સીમાડો પથી ૬ કિ.મી. સુધી પથરાયેલો છે. પથી ૬ કિ.મીના સીમાડામાં નાના-મોટા અનેક ગામો આવે છે. એ ગામો ગ્રામ સડક યોજનાથી વંચિત છે. ચોમાસા દરમિયાન ઘણા એવા ગામો છે કે જયાં નેળિયામાં અઢી થી ત્રણ ફૂટ જેટલું પાણી ભરાઇ રહેતું હોવાથી અમુક સમય સ્મશાનયાત્રા ટ્રેકટરમાં લઇ જવી પડે છે. આ સમસ્યાના લીધે સગર્ભા મહિલાઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. મારા મત વિસ્તારમાં થરા-હારિજ રોડ જે રાજ્યમાર્ગ છે. આ રાજ્યમાર્ગ ઉપર વર્ષોથી ત્રણ ટ્રીપો આવેલી છે જેમાં ખારીયા, અસાલી અને ટોટાણા છે. ચોમાસા દરમિયાન બનાસ નદીના પાણી આવવાના કારણે આ રાજ્યમાર્ગ અવર-જવર માટે બંધ કરવો પડે છે.  આ જે ત્રણ ટ્રીપો  આવેલી છે એ સ્ટ્રકચરની જગ્યાએ હાઇ લેવલ બ્રિજ બનાવવામાં આવે તો બંને રાજ્યમાર્ગ હોવાથી હારિજ, કાંકરેજ, ભાભર અને દિયોદરના વેપારીઓ, શિક્ષકો અને કર્મચારીઓને સરળતા રહે તેમ છે, એ માટે મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન સંપાદન બાબતમાં સૂચિત ભારતમાલા પ્રોજેક્ટ મારા મત વિસ્તારમાંથી પસાર થઇ રહ્યો છે. આ પ્રોજેક્ટમાં જે ખેડૂતોની જમીનો આવે છે એમાં કોઇ એક ખેડૂતની ૧૦ વિઘા જમીન હોય એ ૧૦ વિઘા જમીનમાંથી કોઇ ખેડૂતની ૨ વિઘા જમીન એના સંપાદનમાં જતી હોય તો એ જમીનની વચ્ચેથી ભારતમાલા કે કોઇ એવો સંપાદન થયેલો રોડ નીકળતો હોય તે રોડની બંને સાઇડે ખેડૂતની જમીનના બંને ટુકડા બની જાય છે. આ બંને ટુકડા પડવાના હોવાથી માલિકને એના ખેતરમાં જવા માત્ર એક જ રસ્તો આપવામાં આવે છે. હું આ સભાગૃહના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આવા જે કોઇ પ્રોજેક્ટો બનતા હોય એમાં બંને જગ્યાએ સર્વિસ રોડ આપવામાં આવે તો ખેડૂતોને બંને બાજુ એનો વધારે લાભ મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, જે જમીનો સંપાદન થાય છે એ જમીન સંપાદનમાં ખેડૂતોને જંત્રી આધારિત વળતર આપવામાં આવે છે એમાં મારો કોઇ વિરોધ ન હોય, પરંતુ અમુક જમીનો ફળદ્રુપ હોય છે અને અમુક જમીનો ફળદ્રુપ હોતી નથી. જે જમીન ફળદ્રુપ છે અને જે જમીન ફળદ્રુપ નથી એ બંનેને જંત્રી આધારિત  સમાન વળતર આપવામાં આવે છે એ ખરેખર ખેડૂતોને બહુ મોટો અન્યાય થાય છે. મારા મત વિસ્તારમાં સામખિયાળીથી પાલનપુર સુધીનો નેશનલ હાઇવે રોડ ઘણાં વર્ષો પહેલા બની ગયો છે. મારા મત વિસ્તારમાં દુદાસણ અને ચેખલા બંને ગામોની વચ્ચે થઇ જે રોડ નીકળ્યો છે તેની બંને સાઇડ ઉપર થઇને બાળકો અભ્યાસ કરવા જાય છે અને લોકો ડેરીમાં દૂધ ભરાવવા માટે જાય છે. મેં ઘણી વખતે જિલ્લા સંકલનમાં નાળું બનાવવા માટેની માગણી મૂકી છે જેથી એક્સિડંટ ન થાય. આ દુદાસણ અને ચેખલા ગામોમાં એવા વળાંક વાળા રોડ છે કે જયાં અવાર-નવાર એક્સિડંટ થાય છે અને નિર્દોષ માણસોનો ત્યાં ભોગ લેવાય છે.  બ્રિજ બનાવનારા જે કોઇ કોન્ટ્રાક્ટરો છે એમને બ્લેકલિસ્ટ જાહેર કરાયેલા હોવા છતાં પણ એમને કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે, આ દુઃખદ બાબત છે. હમણાં જ પાલનપુર શહેરમાં એક બ્રિજનું સ્ટ્રકચર ધરાશય થયું એના સોલીડ ટેસ્ટ અને લોડબેરિંગની બરાબર તપાસ થવી જોઇએ. કારણ કે જે બ્રિજ બની રહ્યો છે, એ બ્રિજમાં સાઇકલથી માંડીને ઓવરલોડ ડમ્પરો પણ નીકળવાના છે. ત્યારે લોડ બેરિંગની ક્ષમતા શું છે, એની

બરાબર ચકાસણી થવી જોઇએ. જેથી નિર્દોષ માણસોના ભોગ ન લેવાય. જમીન સંપાદનમાં જે નાળા મૂકવામાં આવે છે એ નાળાની લંબાઇ વધારવામાં આવે તેવી મારી વિનંતી છે. આભાર.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી જે માગણીઓ લઇને આવ્યા છે, તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસમાં વાહન વ્યવહાર એ જીવાદોરી સમાન છે. જાહેર પરિવહન સેવાનો આધાર સ્તંભ જો કોઇ હોય તો બસો અને બસ સ્ટેશન છે. આપણે સૌએ જોયું છે કે ઘણાં વર્ષો પહેલાં બસોની હાલત કેવી હતી? ખખડધજ બસો હોય, ખરાબ સીટો હોય, બસમાં બેસીએ તો ખૂબ ગંદકી હોય. આવી પરિસ્થિતિ આપણે જોઇ હતી. ઘણી વખત એવું થાય કે બસો બંધ પડે અને રસ્તા વચ્ચે મુસાફરોને ઉતારી દેવા પડતા હતા. આવી પરિસ્થિતિમાં એસ.ટી. નિગમ ચાલતું હતું. આજે મને કહેતા આનંદ થાય છે કે રાજયના તત્કાલિક મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એવો વિચાર કર્યો કે ગુજરાતના લોકોને આધુનિક બસો અને આધુનિક બસ સ્ટેશન મળે. આવો નિર્ધાર કર્યો. આ વિચારને સાર્થક કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ શું શું કામગીરી કરી છે એના વિશે હું વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મંત્રીશ્રીએ ચાલુ વર્ષમાં નવા બસ સ્ટેશનો અને બસ ડેપો બનાવવા માટે, સારા શૌચાલય બનાવવા માટે આ વર્ષના બજેટમાં રૂ. ૨૦૬.૫૫ કરોડની જોગવાઇ કરી છે. છેલ્લા એક વર્ષમાં આ નિગમ દ્વારા નવા બસ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. એમાં સુરેન્દ્રનગર, મોરબી, દાનપુર, દેસર, લીમખેડા, રાજકોટ, મહુવા, વસો, સેટેલાઇટ, ચકલાસી, કવાંટ અને સોનગઢ. આટલા વિસ્તારોમાં આપણે નવાં બસ સ્ટેશનો બનાવ્યાં છે. આ બસ સ્ટેશનો ૩૭.૧૯ કરોડના ખર્ચે બનાવીને તેનું લોકાર્પણ કરવામાં આવેલ છે. નિગમ દ્વારા જોટાણા અને શંખેશ્વરમાં રૂ. ૮.૬૧ કરોડના ખર્ચે નવાં બસ સ્ટેશનના ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યાં છે. આટલું લાંબુ લિસ્ટ હું એટલા માટે બોલી કે આટલી જગ્યાએ નવાં બસ સ્ટેશનો આપણે બનાવી દીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે જ રીતે ડેપો, વર્કશોપને પણ આધુનિક બનાવવા જોઇએ. બસો ઝડપથી રિપેર થાય, ઝડપથી એની સફાઇ થાય એ માટે લુણાવાડા ખાતે ૩ રૂ..૫૯ કરોડના ખર્ચે નવીન ડેપો એટલે કે વર્કશોપનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. તે જ રીતે રૂ. ૮.૬૦ કરોડના ખર્ચે સંતરામપુર અને ઉધના ડેપો વર્કશોપનું પણ આપણે ખાતમુહૂર્ત કર્યું છે. છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને ભૂજ ખાતે પી.પી.પી. ધોરણે નવા નિર્માણ પામેલા બસ સ્ટેશન કુલ રૂ. ૧૫૨.૮૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ છે. હું આ જે પી.પી.ધોરણે તૈયાર થયા છે તેની ખાસ વાત કરીશ કે આ ગુજરાતનો જે પ્રમાણિક વહીવટ છે, એના કારણે આપણે પી.પી.પી. ધોરણે આ કામ પૂર્ણ કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદથી આવું છું. એટલે હું રાણીપ બસ સ્ટેશનની વાત કરીશ કે જયારે રાણીપનું બસ સ્ટેશન બન્યું હતું તો બહારથી તમને એમ ન લાગે કે આ બસ સ્ટોપ છે. એ મોલ હોય એ ટાઇપનું આ બસ સ્ટોપ બન્યું હતું. એમાં ઓફિસો હતી. એમાં સરસ દુકાનો છે, મોલ છે. મને ખબર છે કે જયારે આ બસ સ્ટોપ બન્યું ત્યારે અમદાવાદના લોકો આ બસ સ્ટોપ જોવા જતા હતા. આટલું સરસ કામ આપણા વાહન વ્યવહાર વિભાગ તરફથી થયું છે. બસોમાં પણ લોકોને શુદ્ધ પાણી વિનામૂલ્યે મળી રહે, એની ચિંતા પણ આપણી રાજય સરકારે કરી છે. ૩૫ સ્થળોએ આર.ઓ. પ્લાન્ટ નાંખવામાં આવ્યા છે. બીજા ૧૫ સ્થળોએ હમણા નજીકમાં જ આપણે એ આર.ઓ. પ્લાન્ટ નાંખીશું. હું આ પૂરક માગણીઓને સમર્થન આપું છું.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા(ભાવનગર–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વાહન વ્યવહાર વિભાગ માટે જે પૂરક માગણી નં. ૭૪ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત એ સમગ્ર ભારત દેશનું ગ્રોથ એન્જીન છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા પરિવહન મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સરકારના લોકો માટે સંપૂર્ણ સંકલિત સક્રિય પરિવહન વ્યવસ્થા અને ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રદાન કરવું એ આ સરકારની પ્રાથમિકતા રહી છે. ગુજરાતમાં વસતા સમાજના વિવિધ વર્ગો માટે ગતિશીલતાને ધ્યાને લઇ પેસેન્જર તથા માલસામાન પરિવહનની સ્પષ્ટ તેમજ સુપ્ત જરૂરિયાતોને શ્રેષ્ઠ રીતે પૂરી કરવામાં આવી રહી છે. જે સુરક્ષિત, વિશ્વસનીય, કાર્યક્ષમ અને વ્યાજબી ભાવે છે. અસરકારક નવીન પર્યાવરણને અનુકૂળ આધુનિક અને યોગ્ય ટેકનોલોજીનો ઉપયોગ કરી સરકારનો પરિવહન વિભાગ આજે પરિવહનમાં ભારતના શ્રેષ્ઠ પરિવહન વિભાગ તરીકે ખ્યાતિ મેળવી છે. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજયના મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવા એસ.ટી. નિગમ દ્વારા નવીન પહેલ કરવામાં આવી છે જેમાં ટેકનોલોજી અને મોબાઇલના યુગમાં વિદ્યાર્થીઓ ઓનલાઇન પાસ મેળવી શકે તે માટે તા.૮–૬–૨૦૨૩ના રોજ માનનીય વાહન વ્યવહાર મંત્રીના વરદ હસ્તે ઇ–પાસ સિસ્ટમનું લોન્ચિંગ કરવામાં આવેલ હતું. જી.એસ.આર.ટી.સી. દ્વારા મુસાફરોને રાજયની તમામ એક્સપ્રેસ સર્વિસોનું ઓનલાઇન બુકિંગ કરાવી શકે તે માટે વેબસાઇટ ઉપર તથા એપ ઉપર સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે અને જી.પી.એસ. સિસ્ટમ દ્વારા બસનું કરંટ લોકેશન મેળવી શકાય તેવી સુવિધા પણ જનતા માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત મુસાફરો ઇ–વોલેટ, યુ.પી.આઇ. તથા નેટ બેન્કિંગ, કયુ.આર. કોડથી પેમેન્ટ કરી બુકિંગ કરાવી શકે તેમ કેશલેસ સુવિધા ઉપલબ્ધ કરાવી ડિજિટલ ટ્રાન્ઝેકશનની નીતિને પ્રોત્સાહિત કરેલ છે. એક બસથી વધુ મુસાફરોની સવારી થઇ શકે અને પ્રદૂષણમાં ઘટાડો કરી ગ્રીન એનર્જીના ખ્યાલને પ્રોત્સાહિત કરી શકાય તે માટે દસ કરોડના

ખર્ચે પાંચ ડબલડેકર બસ સંચાલનમાં મુકવામાં આવેલ છે. રાજયમાં તલાટી કમ મંત્રી તથા જુનિયર કલાર્કની પરીક્ષા વખતે કુલ ૮૧૨૯ વધારાની બસો એકસ્ટ્રા સર્વિસ તરીકે મૂકી જેનો ૩,૮૪,૬૯૦ પરીક્ષાર્થીઓએ લાભ લીધેલ હતો. સુદાન દેશમાં ફસાયેલ ભારતીય નાગરિકોને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનાં નેતૃત્વમાં ભારત સરકાર દ્વારા મિશન કાવેરી અંતર્ગત ભારતમાં લવાયેલ, આ નાગરિકોને અમદાવાદ ખાતેથી તેમનાં વતનમાં પહોંચાડવા માટે એસ.ટી.ની કુલ છ વોલ્વો બસની સેવા ઉપલબ્ધ કરાવેલ. એજ રીતે બિપોરજોય વાવાઝોડાં અંતર્ગત નિગમ દ્વારા અસરગ્રસ્ત જિલ્લામાં નાગરિકોના સ્થળાંતર માટે સ્થાનિક વહીવટી માગણી મુજબ કુલ ૨૭ બસો મદદ માટે આપવામાં આવેલ. હાલમાં એસ.ટી. દ્વારા દૈનિક સરેરાશ ૪૨હજાર કરતા વધારે ટ્રીપોનું સંચાલન થઇ રહ્યું છે. આગામી નાણાંકીય વર્ષમાં અંદાજે નવી એક હજાર બસો તેમજ ઇલેક્ટ્રિક આઠ હજાર બસો ઉમેરી કુલ ૫૦હજાર જેટલી બસોની ટ્રીપો સંચાલિત કરવાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાનો નિર્ધાર આ વિભાગે કરેલ છે. એસ.ટી.ની હાઇ પ્રકારની વોલ્વો બસ સેવામાં ૬૦૦ જેટલી ટ્રીપો વધારવામાં આવશે જેનો અંદાજિત ૨૭ હજાર જેટલા મુસાફરોને લાભ મળતો થશે. રાજયના પ્રવાસન સ્થળો તથા પર્યટન સ્થળોને જોડતી પેકેજ ટુર સર્વિસનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં એસ.ટી. નીગમની બસ સર્વિસોમાં ગ્રામીણ વિદ્યાર્થીનીઓ માટે સો ટકા મફત મુસાફરીની સુવિધા પૂરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. એપ્રેન્ટિસશીપ કરતા ઉમેદવારોને તેમના રહેણાંક નજીકથી નોકરીના સ્થળ સુધી જવા-આવવા માટે તદ્દન મફત મુસાફરીની સવલત પૂરી પાડવાનું આયોજન વિચારણામાં છે. પત્રકારો તથા દિવ્યાંગો ઘેર બેઠા ટિકિટ મેળવી શકે તે માટે ઇ-ટિકિટની સુવિધા ઉપલબ્ધ થયેલ છે જેનાથી તેઓ પોતાના એન્ડ્રોઇડ મોબાઇલ એપ્લિકેશનથી ટિકિટ બુક કરાવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ, મારે મંત્રીશ્રીઓને સૂચના આપવાની કે જે વિભાગની માગણી છે એ માગણીના સચિવશ્રીઓ હાજર ના હોય તો એમને હાજર રહેવા માટે સૂચના આપવામાં આવે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માર્ગ અને મકાન વિભાગની રૂ.૪૪૪ કરોડની ૮૬ નંબરની પૂરક માગણી માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ લઇને આવ્યાં છે એમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજ્ય કે કોઇ પણ દેશને વિકાસ અને પ્રગતિ કરવી હોય તો એમાં સૌથી પાયાની જરૂરિયાત એ માર્ગ અને મકાન વિભાગ છે અને એજ પ્રકારનું કામ આજે ગુજરાતની અંદર રોડ મોડલ બનાવવાનું કામ થયું છે એ કામ માર્ગ અને મકાન, માર્ગ અને પુલ વિભાગમાંથી થયું છે અને એના કારણે આજે સમગ્ર દેશ અને સમગ્ર વિશ્વની અંદર ગુજરાત જે પ્રકારે પ્રગતિ કરી રહ્યું છે એ ઔદ્યોગિક પ્રગતિ હોય કે સર્વાંગી વિકાસ માટે પ્રગતિ કરી હોય તો એ સન્માનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીની અંદર અને જ્યારે માનનીય અટલજી વડાપ્રધાન બન્યા ત્યારથી માંડીને એમણે કામગીરી કરી હતી એ સમયે પણ એમણે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, નેશનલ હાઇ-વે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અને સ્વર્ણિમ ચર્તુભૂજ યોજના લાવીને સમગ્ર રાજ્ય અને સમગ્ર દેશની અંદર બધા જ રસ્તાઓને જોડવાનું કામ માનનીય અટજીએ કર્યું હતું અને એજ પ્રકારે અત્યારે પણ આપણે પ્રધાનમંત્રી સડક યોજના, મુખ્યમંત્રી સડક યોજના આવા અનેક પ્રકારના રસ્તાઓ અને બ્રિજોનું કામ કરી યાત્રાધામોને જોડવાનું કામ, બંદરોને જોડવાનું કામ, પ્રવાસન સ્થળોને જોડવાનું કામ કે મોટી આદ્યોગિક વસાહતોને જોડવાનું કામ કરી સમગ્ર ગુજરાતનો વિકાસ કરીને ગ્રોથ મીન્સ ગુજરાત એ પ્રકારનું કામ આ વિભાગ મારફત થયું છે. એજ પ્રકારે હું મારા વિસ્તારની વાત કરું તો આપણે સૌ અત્યારે દિલ્હીથી માંડીને કચ્છમાં જવા માટે અમારું પાલનપુર બનાસકાંઠામાં એરોમા સર્કલ હતુ એમાં ટ્રાફિકની ખૂબ મોટી સમસ્યા હતી. હું બનાસકાંઠા જિલ્લા વતી આભાર માનું છું અને અભિનંદન પણ આપું છું કે એમણે હમણાં તાજેતરમાં જ રૂ. ૩૮૦ કરોડના ખર્ચે ૨૫ કિલો મિટરનો બાયપાસ મંજૂર કર્યો છે. આ જ પ્રકારે મારા મતવિસ્તાર ધાનેરામાં પણ હમણાં તાજેતરમાં લગભગ નાના મોટા થઇને રૂ. ૨૦૦ કરોડનાં કામો દિયોદર વિધાનસભાથી ધાનેરા વિધાનસભા જોડવાનું કામ હોય કે ત્યાં આગળ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની અંદર અનેક પ્રકારનાં કામો આ વિસ્તારમાં થયાં છે. મારો વિસ્તાર બનાસકાંઠા આમ પછાતપણાવાળો વિસ્તાર છે. શિક્ષણની અંદર પણ પહેલા તો સમસ્યા હતી પણ હમણાં માનનીય સભ્યશ્રી જે વાત કરતા હતા એ પ્રમાણે માર્ગ અને મકાન વિભાગ મારફત કામ થયું હોય અને એનું ઉત્તમ ઉદાહરણ હોય તો બનાસકાંઠા જિલ્લો છે. આજથી ૬-૭ વર્ષ પહેલાં બનાસ ડેરીમાં પર ડે ૩૦ લાખ લિટર દૂધ આવતું હતું એ આજે ૧ કરોડ લિટર દૂધ બનાસ ડેરીમાં આવે છે એના કોઇ મૂળમાં હોય તો સમગ્ર વિસ્તારમાં રસ્તાઓ થયા એના કારણે લોકો ફાર્મ હાઉસ પર રહેવા માટે ગયા ત્યારથી બધા ગામની ડેરીઓમાં વધુમાં વધુ દૂધ ક્લેકશન કરવાનું કામ સમગ્ર દેશ નહીં પણ સમગ્ર દુનિયાની અંદર સૌથી હાઇએસ્ટ જો કામ થયું હોય તો બનાસકાંઠામાં થયું છે. સાથે સાથે હું વિનંતી પણ કરું છું કે, સમગ્ર ગુજરાતની અંદર બનાસકાંઠા જિલ્લો એ ભૌગોલિક રીતે અલગ પ્રકારનો જિલ્લો છે. ત્યાં વધુમાં વધુ લોકો પશુપાલન અને ખેતી સિવાય ઇન્ટરેસ્ટેડ નથી એ માટે થઇને ત્યાં રસ્તાઓની અમારી માગણીઓ છે એ હજુ પણ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી વધારે અમને સવલતો આપે એવી અમારા જિલ્લા વતી માગણી છે અને ત્યાં બાકીનું બધું ડેવલપમેન્ટ વધારે થયું છે પણ સૌથી અગત્યની પાયાની જરૂરિયાત હોય તો એ રસ્તાઓ માટેની બધા લોકોની છે ત્યારે મારી વિનંતી છે અને જયારે આ પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થ આપું છું.

## પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બિજો અને છેલ્લો દિવસ )

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ પૂરક માગણીની ચર્ચામાં માનનીય ધારાસભ્યશ્રીઓએ અમારી પાર્ટીના લગભગ ૨૪ જેટલા ધારાસભ્યશ્રીઓએ જે રીતે પોતાની પૂરક માગણીના સમર્થનમાં વાત કરી એમણે જે અભ્યાસપૂર્ણ રજૂઆત કરી એ બદલ સર્વ સભ્યોશ્રીઓને અભિનંદન આપું છું અને આભાર વ્યકત કરું છું. સાથેસાથે સાથી પક્ષના ગેનીબેન, શ્રી અનંતભાઇ તથા શ્રી અમૃતજી ઠાકોરે પણ પોતાની રજૂઆત કરી છે અને લોકશાહીના આ મંદિરમાં વિચારો, અભિપ્રાયો અને સૂચનો રજૂ કરવા એ આવકારદાયક છે. લોકશાહીમાં આ પ્રકારની ચર્ચા વિચારણા જરૂરી પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકી આજે ચર્ચા માટે હાથ ધરાયેલ માગણી નં. ૯, ૨૨, ૭૪, ૮૬ અને ૯૬ એમ પાંચ માગણીઓ સર્વાનુમતે પસાર થાય એવો હું અનુરોધ કરું છું, વિનંતી કરું છું. આ સન્માનનીય ગૃહમાં રજૂ કરેલ માગણીઓમાં માર્ગ અને મકાન વિભાગ, શિક્ષણ વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ તથા આદિજાતિ વિભાગ સાથે સબંધિત છે તેમજ પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન પીએમ.સ્કૂલ, રાઈઝિંગ ઈન્ડિયા, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ સબસિડી, અન્ન સલામતી યોજના, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને સહાય, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, આદિજાતિ વિસ્તારોમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટેની યોજના સાથે સબંધિત પૂરક માગણીઓનો સમાવેશ થાય છે. ચાલુ વર્ષે અમે ૩,૦૧,૦૨૨ કરોડનું અંદાજપત્ર રજૂ કરેલું છે. જેની સામે એની સામે રજૂ થયેલ પૂરક માગણીઓની રકમ રૂ. ૧૮૩૫૭ કરોડ છે જે અંદાજે ૬ ટકા જેટલી નહીંવત કહી શકાય એવી છે. આપણા ઘરનું મહીનાનું બજેટ બનાવીએ તેમાં પણ આટલો ફરક આવતો જ હોય છે એટલે ગઇકાલે મારા એક મિત્રે કહ્યું હતું કે બજેટ બનાવતી વખતે ધ્યાન આપવું જોઇએ. આ બરાબર અમે ધ્યાન રાખીને જ કરેલું છે. માનનીય મોદીજીએ સૌનો સાથ, સૌનો વિકાસ કર્યો છે. સાથેસાથે સૌનો વિશ્વાસ જીતી સૌના પ્રયાસથી દેશનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આજે સમગ્ર વિશ્વમાં એમની એક વિશ્વ નેતા તરીકે ઓળખ ઊભી થઇ છે. માનનીય મોદીજીના નેતૃત્વનો લાભ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની અમારી ગુજરાત ટીમને મળી રહ્યો છે. જેથી આ ડબલ એન્જિનની સરકારમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. શિક્ષણના દરેક તબક્કે માળખાગત સગવડો સુદઢ કરવા, નવતર ટેકનોલોજીનો ઉપયોગ કરવા તેમજ શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. આથી ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૪૩૬૫૧ કરોડની માતબર ફાળવણી કરવામાં આવી છે. મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન રૂ. ૩૫૦૦ કરોડથી વધુના ખર્ચે ઉચ્ચકક્ષાની માળખાકીય સગવડો કરવામાં આવી છે. જે અંતર્ગત આશરે ૧૫૦૦૦ નવા વર્ગખંડોનું કાર્ય પણ પૂર્ણતાના આરે છે. ૧૫૦૦૦થી વધુ નવા વર્ગખંડોનું કાર્ય પ્રગતિ હેઠળ છે. સાથે ૨૫૦૦૦ વર્ગખંડોનું અપગ્રેડેશન પૂર્ણતાના આરે છે અને ૪૫૦૦૦ થી વધુ વર્ગખંડો અપગ્રેડેશન હેઠળ છે. ૬૫૦૦૦થી વધુ સ્માર્ટ કલાસ પણ બની ગયેલ છે અને બીજા ૪૫૦૦૦ સ્માર્ટ કલાસ પ્રગતિ હેઠળ છે. આ વિગતો એ વિગતની પુષ્ટી કરે છે કે અમારી સરકાર શિક્ષણ અને માળખાકીય સુવિધાઓ સાથેસાથે આધુનિક આયામોમાં પણ નવી ઊંચાઇ હાંસલ કરી રહી છે. માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પૂર્વ પ્રાથમિકથી ધોરણ-૧૨ સુધીનું ગુણવત્તાયુકત અને સાંસ્કૃતિકના મૂલ્યોને આ ચરિતાર્થ કરતું શાળાકીય શિક્ષણ તમામ બાળકોને પ્રાપ્ત થાય એના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગઇકાલે જ ગીતા સારનો સંકલ્પ પૂર્ણ કર્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વ હેઠળની આ અમારી સરકાર શિક્ષણના વિકાસ માટે અનેક નવી યોજનાઓ ચલાવી રહી છે તેથી પૂરક ખર્ચની માગણી આવી છે. અમારી સરકારે આગોતરા આયોજનથી વર્ગ વધારાની મંજૂરી આપવાની હાલની પદ્ધતિના સ્થાને વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં આપોઆપ વર્ગ વધારો મળી જાય તે પ્રકારની સરળ અને પારદર્શક વ્યવસ્થા અમલમાં મૂકેલ છે. પી.એમ.શ્રી. શાળાઓ દ્વારા એકવીસમી સદીને અનુરૂપ એવા કૌશલ્યથી સજ્જ વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં આવશે. પી.એમ.શ્રી. શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓ માટે ભૌતિક, માળખાકીય સુવિધા અને શિક્ષણ માટે અનુરૂપ સંશાધનો થકી વિદ્યાર્થીઓને ભારતના જ્ઞાન અને વારસા સાથે જોડવામાં આવશે. પ્રથમ તબક્કામાં આપણા ગુજરાત રાજ્યની ર૭૪ શાળાઓને પી.એમ.શ્રી. યોજના અંતર્ગત પસંદ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ગરીબ અને છેવાડાના માનવીને બે ટંકનું ભોજન મળી રહે તેની સતત ચિંતા અમારી સરકારે કરી છે. ૭૨ લાખ જેટલા રેશનકાર્ડ ધારકોની ૩ કરોડ ૭૦ લાખ જેટલી જન સંખ્યાને દર મહિને અનાજ તથા અન્ય આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. તાજેતરમાં જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા પહેલી જાન્યુઆરી ૨૦૨૪ થી આગામી પાંચ વર્ષ માટેના સમયગાળા માટે લંબાવવામાં આવેલ છે. જે અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને દરમાસે વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવાનું નિયત કરવામાં આવેલ છે. આ માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીનો આપણે આભાર વ્યક્ત કરીએ છીએ. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ ઘઉં અને ચોખાના વિતરણ માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં કુલ રૂ. ૬૧૮ કરોડની માતબર જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં માગણી ક્રમાંક-૨૨ હેઠળ રૂપિયા ૩૮૭.૮૨ કરોડની જોગવાઇ મંજૂર થયેલ હતી. તેમાં ભારત સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાની

અવધિ આગામી પાંચ વર્ષના સમયગાળા માટે લંબાવવામાં આવતાં ભારત સરકાર તરફથી મળવાપાત્ર સહાય ઉપરાંત રાજ્ય સરકારને ખર્ચ થયેલ છે. અમારી સરકાર જરૂરિયાતમંદ કુટુંબોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ સસ્તા દરે મળી રહે તેની ચિંતા કરે છે. આથી દરમાસે ઘઉં અને ચોખાની સાથોસાથ તુવરદાળ, ચણા, ખાંડ, મીઠુ તથા વર્ષમાં બે વાર તહેવારો દરમ્યાન ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે. તે માટે નોંધપાત્ર ખર્ચ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારે માનનીય સભ્યશ્રી ગેનીબેન રજૂઆત કરી તેમાં કહું તો ગુજરાત સરકારશ્રી દ્વારા અન્નના વપરાશને પ્રોત્સાહન આપવા માટે બાજરી, જુવાર, રાગી જેવા મિલેટની ટેકાના ભાવે ખરીદી કરી છે અને તેમાં ટેકાના ભાવ કરતાં ૩૦૦ રૂપિયા વધારે આપીને પ્રતિ ક્વિન્ટલ બોનસ જાહેર કરેલ છે. ચાલુ વર્ષે ૨૦૨૩–૨૪ દરમ્યાન પ્રથમ ઉનાળું બાજરીની મે–જૂન મહિનામાં ૫૬૬૪૫ મે.ટનની ખરીદી કરીને ઓગસ્ટ તથા સપ્ટેમ્બર માસમાં રાજ્યના તમામ ૭૨ લાખ કુટુંબોની ૩.૫૪ કરોડ જન સંખ્યાને વિતરણ કરવામાં આવેલ છે, જેની સમગ્ર દેશમાં નોંધ લેવામાં આવેલ છે. રાજ્યમાં ખરીફ વર્ષ ૨૦૨૩–૨૪ની સિઝનમાં પણ નવેમ્બર–ડિસેમ્બર માસ દરમ્યાન ૩૩ હજાર મે.ટન જેટલી બાજરીની ખરીદી કરીને આ ફેબ્રુઆરી મહિનામાં વિતરણ કરવામાં આવશે. ગેનીબેને એક બીજી વાત ગેસના બાટલાની કરી છે. ગુજરાત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ જુદા જુદા તબક્કા હેઠળ સમાવિષ્ટ ૩૮ લાખ જેટલા કુટુંબોને વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસની બોટલ આપી છે. આ યોજના વર્ષ ૨૦૨૨ના દિવાળીના તહેવારમાં જાહેર કરીએ અમલી કરેલ છે. ગતવર્ષ ૨૦૨૨–૨૩માં ઓકટોબર–૨૦૨૨ થી માર્ચ–૨૦૨૩ દરમ્યાન બે વખત વિનામૂલ્યે ગેસ સિલિન્ડર આપેલ છે. આ માટે રૂ.૪૯૭.૮૬ કરોડથી વધારે સબસિડી આપેલ છે. ચાલુ વર્ષે ૨૦૨૩–૨૪માં પણ એપ્રિલથી જૂન મહિનાના પ્રથમ કવાર્ટર અને ઓકટોબરથી ડિસેમ્બર મહિનાના બીજા કવાર્ટર દરમ્યાન ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને વિનામૂલ્યે ગેસ સિલિન્ડર રિફિલિંગ કરવામાં આવશે. આ માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા વર્ષ ૧૯૬૦ થી સામાજિક જવાબદારીના ભાગરૂપે મુસાફરોને નહીં નફો નહીં નુકસાનના ધોરણે અવિરત પરિવહનની સેવાઓ પૂરી પાડેલ છે. ચાલુ વર્ષે રાજ્ય સરકાર બીજી ૨૦૦૦ નવી બસો નાગરિકોની સેવાઓમાં મૂકશે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિદ્યાર્થીઓ, દિવ્યાંગો, સ્વાતંત્ર સેનાનીઓ, પત્રકારો, રાજ્ય પારિતોષિક વિજેતાઓ, નોકરિયાતો, કેન્સર, થેલેસેમિયા જેવા દર્દીઓ, રમત–ગમતમાં ભાગ લેનાર રમતવીરોને રાહતદરે અથવા વિનામૂલ્યે પરિવહનની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પૂર, વાવાઝોડું વગેરે જેવી આકસ્મિક પરિસ્થિતિમાં પણ રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ રાજયના નાગરિકોને સતત સેવા પૂરી પાડે છે. હાલમાં નિગમ ૧૬ વિભાગ, ૧૨૫ ડેપો, ૮૦૦૦ કરતા વધુ બસો થકી રાજ્ય તેમજ આંતર રાજ્ય સહિત વિવિધ વિસ્તારોમાં દૈનિક ૩૦ લાખથી વધુ કિલોમીટરના સંચાલિન થકી રાજયમાં ૨૫ લાખ જેટલા મુસાફરોને ૯૯.૩૪ ટકા ગામોમાં એસ.ટી. બસની સેવાઓ આપી રહેલ છે આથી રાજ્ય માર્ગ વાહન વ્યવહાર માટેની મહત્ત્વની સેવા માટેનો અનિવાર્ય વધારાનો ખર્ચ આ સન્માનનીય ગૃહની મંજૂરી અર્થે રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨–૨૩માં માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજે ૧૬ હજાર કિલોમીટરથી વધુ લંબાઇના રસ્તાઓની સુધારણાની કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે. રાજ્ય સરકારે ૨૦૧૬–૧૭માં ગ્રામ્ય માર્ગોની સુધારણા તેમજ જોડાણના વિસ્તરણ માટે મુખ્યમંત્રી સડક યોજનાના નામે નવતર યોજનાની શરૂઆત કરી હતી જેને માટે વર્ષ ૨૦૨૩–૨૪માં લગભગ રૂપિયા ૩૮૦૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૬–૧૭ પહેલા જે ગામડામાં રસ્તા ન હતા ત્યાં અત્યાર સુધીમાં અનેક ગામડાઓમાં સંપૂર્ણ રીતે રસ્તાઓની વ્યવસ્થા થઇ છે. વર્ષ ૨૦૧૬–૧૭માં નોન પ્લાન રસ્તાઓની લંબાઇ ૩૫૦૨૭ કિલોમીટર હતી, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હાથ ધરવાથી તેમાં ૧૪૫૫૩ કિલોમીટરનો વધારો થયેલ છે આમ, રાજ્ય સરકારે ગ્રામીણ અને અંતરિયાળ ક્ષેત્રોમાં ઉપરોક્ત રસ્તાઓના નિર્માણ થકી વિકાસની નવી ઊંચાઇ હાંસલ કરી છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા તબક્કાની કામગીરી અંતર્ગત રાજયના ૩ હજાર કિલોમીટરના ગ્રામ્ય માર્ગોને ૫.૫૦ મીટર પહોળા કરવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૩–૨૪ અંતિત રાજયમાં રસ્તાઓની કુલ લંબાઇ ૧૩૦૬૯૬ કિલોમીટર છે જે પૈકી ૮૧૧૧૬ કિલોમીરટ પ્લાન રસ્તાઓ અને ૪૯૫૮૦ કિલોમીટર નોન પ્લાન રસ્તાઓ છે. રાજયના દરિયા કાંઠા પર આવેલા પ્રવાસન સ્થળો તેમજ બંદરોને જોડતા ૧૦ મીટર પહોંળાઇના ૧૬૫૦ કિલોમીટરના કોસ્ટલ હાઇવેને કારણે આશરે ૭૦થી ૮૦ કિલોમીટર જેટલું અંતર ઓછું થશે તેમજ પ્રવાસનની સાથો સાથ વાહન વ્યવહારની નવી સુવિધાઓ પણ ઉપલબ્ધ થશે. પરીક્રમા પથના બાંધકામમાં ભારે ટ્રાફિક ધરાવતા રસ્તાને ૬ માર્ગીય કરવા ટુરિસ્ટ સરકીટને જોડતા ૧૨ રસ્તાઓના બાંધકામના કાર્યો તેમજ રાજ્ય ધોરીમાર્ગને દ્વિમાર્ગીય કરવાની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે પરીણામે રાજયમાં કનેક્ટિવિટી તથા માર્ગ સલામતી અને સુલભતામાં વધારો થશે. આમ રાજયના આંતર માળખાકીય સર્વાંગી વિકાસને વેગ આપવા આ વધારાનું ખર્ચ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર વિવિધલક્ષી કાર્યક્રમો હાથ ધરી વનબંધુઓના સામાજિક સશક્તિકરણ અને આર્થિક ઉત્કર્ષ માટે સતત કાર્યરત છે. વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિવાસી પરિવારોને પાયાની માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તેઓના સર્વાંગી વિકાસ માટે સરકાર મક્કમપણે આગળ વધી રહી છે. આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમ શાળાઓ, એકલવ્ય મોડેલ સ્કૂલ, આદિજાતિ ક્ષેત્રના પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય તથા સમરસ છાત્રાલયો જેવી

યોજનાઓના અસરકારક અમલીકરણથી આદિજાતિ સમૂહનો શૈક્ષણિક ઉત્કર્ષ કરવા માટે સરકાર કટિબદ્ધ છે. શૈક્ષણિકની સાથે સાથે તેમના ઘર આંગણે આર્થિક ઉપાર્જન અને જમીન સુધારણા, કૃષિ ઇનપુટ સહાય, કૃષિ ઓજારો, પશુ પાલન વગેરે માટે સહાય આપવામાં આવે છે. માનવ ગરીમાં યોજના હેઠળ લોકોને સ્વરોજગારી મળે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારના કુટુંબોને પોતાના સ્વપ્નનું ઘર મળે અને જીવન ધોરણ ઊંચું આવે તે પ્રધાનમંત્રી આવાસ યોજનાનો મુખ્ય હેતુ છે. રાજયના તમામ ઘર-વિહોણા કાચા આવાસ ધરાવતાં કુટુંબોને ૨૦૨૪ સુધીમાં આ યોજના હેઠળ આવરી લેવાનો નિર્ધાર છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં આદિજાતિ પેટા વિસ્તાર યોજના હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલીકરણ માટે રૂ. ૧૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી, પરંતુ વધુમાં વધુ લોકોને પાકા મકાન મળે તે હેતુથી સુધારેલ અંદાજોમાં મૂળ બજેટ જોગવાઇમાં રૂપિયા ૮૨૧ કરોડનો ધરખમ વધારો કરી કુલ- રૂ. ૯૮૪ કરોડની બજેટ જોગવાઇ નિયત કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની જે સ્કોલરશિપ મળે છે તેમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ગાઇડ લાઇન મુજબ હોસ્ટેલરને રૂ.૬૨૫૦ તથા ડેસ્કોલરને રૂપિયા ૩૦૦૦ની વાર્ષિક સહાય ચૂકવવામાં આવે છે. પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન જે હમણાં શરૂ થયું છે હોસ્ટેલ સ્થાપના સંચાલન માટે રાજયો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને નાણાંકીય સહાયો આપે છે. આમ, નાગરિકોના સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષની સાથે સાથે વધુ વિકાસો થકી પાયાની સુવિધાઓ મળી રહે તે માટે ખૂબ જ અગત્યના અને જરૂરી એવા ખર્ચ માટે જે વિશેષ જોગવાઇઓ પૂરક માગણીના સ્વરૂપમાં આ ગૃહ સમક્ષ રજૂ કરેલ છે તે સર્વાનુમતે પસાર કરવા માનનીય સભ્યશ્રીઓએ પોતે રજૂ કરેલી કાપ દરખાસ્તો પાછી ખેંચે, આભાર. જય જય ગરવી ગુજરાત.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨, ૫, ૬, ૮, ૯, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪**
**મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક- ૮૬, ૯, ૨૨, ૭૪ અને ૯૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**ગીલોટીન કરેલી માગણીઓ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૩-૨૪ના ખર્ચના પૂરક પત્રકમાં કુલ- ૬૬ માગણીઓનો સમાવેશ છે. આમાંથી કુલ-૧૦ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ છે. બાકીની ૫૬ માગણીઓ પૈકી ૬ માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની ૫૦ માગણીઓ પૂરક માગણી ક્રમાંક-૧, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૨૧, ૨૩, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૩, ૪૪, ૪૬, ૫૦, ૫૩, ૫૪, ૫૬, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૦, ૭૧, ૭૩, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૧૦૩ અને ૧૦૬ હું મતદાન માટે રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંકઃ ૧, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૨૧, ૨૩, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૩, ૪૪, ૪૬, ૫૦, ૫૩, ૫૪, ૫૬, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૬, ૬૭, ૬૯, ૭૦, ૭૧, ૭૩, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૧૦૩ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૧૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૩:૩૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### અમદાવાદ શહેરમાં સેવાસેતુ કાર્યક્રમ

*15/4/390 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**

જણાવવા કૃપા કરશે કે, -

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમ યોજવામાં આવ્યા, | (૧) | ૭ |
| (૨) | આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી. અને | (૨) | ૫૬ |
| (૩) | ઉક્ત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી અને તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૩) | (અ) આવેલ અરજીઓ: ૭૧૦૮<br>(બ) નિકાલ કરેલ અરજીઓ : ૭૧૦૮ |

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ તો મળી ગયો છે પણ હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ સેવા સેતુ કાર્યક્રમ શરૂ કરવાનો ઉદ્દેશ શું હતો? આ કાર્યક્રમનો અમલ ક્યારથી થયો અને અત્યાર સુધી અમદાવાદ શહેરમાં કેટલા વિશેષ સેવા સેતુ કાર્યક્રમ થયા. આ ઉપરાંત મારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીનો આભાર માનવાનો અને અભિનંદન આપવાના કે મારા સાબરમતી તાલુકામાં સાબરમતી સેવા સદનનું રૂ.૫ કરોડના ખર્ચે નિર્માણ કર્યું છે અને તા.૨૮મી ફેબ્રુઆરી પહેલાં તેનું લોકાર્પણ પણ થશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સેવા સેતુ કાર્યક્રમ એટલે સેવાને ખરા અર્થમાં ચરિતાર્થ કરતો કાર્યક્રમ. લોકોને નાના-મોટા વિષયો જેવાં કે, આવકનો દાખલો, વિધવા પેન્શન, રેશન કાર્ડમાં સુધારા-વધારા વગેરે માટે આ કાર્યક્રમ કરવામાં આવે છે. ૧૩ જેટલા વિભાગો લોકોના ઘરે જાય અને ત્યાં જ સ્થળ ઉપર એને ૫૬ જેટલી સેવાઓ મળી રહે એ પ્રકારનો આ સેવા સેતુ કાર્યક્રમ છે. અનેકવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ અને વહીવટ માટે પ્રત્યેક અધિકારી ત્યાં જાય, પોતાના વિભાગની બધી જ કાર્યવાહી ત્યાંથી કરે અને જે લોકો ભેગા થયા હોય એમના પ્રશ્નોનું નિરાકરણ આપે. એમને જોઇતા કાગળો સ્થળ ઉપરથી જ મળી જાય એ પ્રકારનો આ કાર્યક્રમ છે. આનાથી અધિકારીઓની એકાઉન્ટેબિલિટી વધતી હોય છે. પ્રજાને છેક જનસંપર્ક કાર્યાલય સુધી આવવું પડે અને ત્યાં આવ્યા પછી લાઇનમાં ઊભું રહેવું પડે, તાલુકા સુધી આવવાનું, શહેરમાં ઓફિસ સુધી જવાનું, નગરપાલિકા કે કોર્પોરેશન સુધી જવાનું થાય. એના બદલે આખું તંત્ર જે ક્લસ્ટર બનાવ્યું હોય એ ક્લસ્ટરમાં જઇને કામ કરે અને ત્યાંને ત્યાં એનો નિકાલ થાય. આ આખો કાર્યક્રમ તા.૫/૧૧/૨૦૧૬ના રોજ ગ્રામ્ય વિસ્તારમાં અમલી બનાવ્યો અને તા.૩૦/૧૧/૨૦૧૬થી નગરપાલિકા અને મહાનગરપાલિકા ક્ષેત્રે ઝોન દીઠ નગરપાલિકામાં અને બે-ચાર વોર્ડ ભેગા કરીને આ સેવાઓ આપીએ છીએ. અમદાવાદમાં અત્યાર સુધી સેવા સેતુ કાર્યક્રમના ૯ તબક્કા થયા. તબક્કા-૧માં ૨૮ સેવાઓ હતી. એમાં ૧૮,૫૧૦ કુલ અરજીઓ મળી અને બધી જ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. એ જ રીતે તબક્કા-૨માં ૫૦ જેટલી સેવાઓ આવરી લીધી હતી. જેમાં ૧૭,૩૯૨ જેટલી અરજીઓ મળી અને ૧૭૩૮૮ એટલે કે ૯૯.૯૭ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા - ૩માં ૬૧ સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો. એમાં ૧૨,૬૮૨ અરજીઓ મળી અને ૧૦૦ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૪માં ૫૫ સેવાઓ આવરી લેવામાં આવી. એમાં ૩૫,૫૭૧ અરજીઓ આવી. બધી જ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૫માં ૫૭ જેટલી સેવાઓ આવરી લેવામાં આવી. જેમાં ૨૫૯૪૪ અરજીઓ મળી અને બધી જ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૬માં ૫૭ સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો. જેમાં ૯,૫૧૨ જેટલી અરજીઓ મળી અને તમામનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૭માં ૧૧૫૩૬ અરજીઓ મળી તમામનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૮માં પણ ૧૦૦ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. તબક્કા-૯માં ૧૯,૫૮૯ અરજીઓ મળી. તમામ ૯ તબક્કાઓમાં ૯૯.૯૫ સક્સેસ રેશિયા સાથે આ કાર્યક્રમ કરવામાં આવ્યો. અમદાવાદમાં તો થયું પણ આ પ્રતિભાવ સમગ્ર ગુજરાતમાં બધાં જ તાલુકાઓમાં, બધી જ નગરપાલિકાઓમાં મળે છે અને લોકો ઉમળકાભેર એને આવકારે છે. જ્યારે પણ આ તબક્કાની જાહેરાત થાય તેની સાથે જ લોકો મન બનાવી લે સામે

ચાલીને ઘરે આવ્યું છે તો પ્રસાદ લેવા ઘરે કેમ ના જવું? આવો સુંદર સેવા સેતુનો કાર્યક્રમ આપણા ગુજરાત રાજ્યમાં ચાલી રહ્યો છે. 'સરકાર તમારે દ્વારે' એ આનો મુખ્ય કન્સેપ્ટ છે.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ શહેરમાં ઝોનવાર કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં પૂર્વ ઝોનમાં ૧૨૩૬, મધ્ય ઝોનમાં ૪૬૩, ઉત્તર ઝોનમાં ૬૭૫, ઉત્તર–પશ્ચિમ ઝોનમાં ૧૫૨૨ પશ્ચિમ ઝોનમાં ૧૨૭૦, દક્ષિણ ઝોનમાં ૭૯૫ અને દક્ષિણ–પશ્ચિમ ઝોનમાં ૧૧૪૭ મળી કુલ ૭૧૦૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

**દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત**

***15/4/586 શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગેની ૧ (એક), પેટા આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગેની ૮ (આઠ) અને અર્બન હેલ્થ સેન્ટર માટે ૧ (એક) મળીને કુલ – ૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી? | (૨) ઉક્ત કુલ – ૧૦ મંજૂર કરેલ અરજીઓ અન્વયે ૧૦,૮૦૦ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી. |

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વિભાગો દ્વારા અરજીઓનો ઝડપથી નિકાલ કરી શકાય તે માટે તા.૨૩/૦૨/૨૦૨૨ના પરિપત્ર દ્વારા iORA પોર્ટલ ઓનલાઇન કરવામાં આવ્યું છે. જેમાં કલેક્ટરશ્રીને સત્તા આપવામાં આવી છે તે મુજબ કામગીરી થાય છે. તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ સામૂહિક ૧૩ અરજીઓ મળેલ હતી જે પૈકી ૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી મહેશભાઈ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં અરજીઓ નામંજૂર કરવાનાં કારણો શું છે અને દાહોદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ફાળવણી કરેલ જમીન પૈકી ક્યા પ્રકારની અને કેટલા ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવેલ છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા આરોગ્ય અધિકારી દેવગઢ બારીયાના જણાવ્યા મુજબ જમીન અનુકૂળ ન હોવાના કારણે આ માગણી નામંજૂર કરવામાં આવેલ છે. બીજી જમીન પણ મેડિકલ ઓફિસરના જણાવ્યા મુજબ અન્ય સ્થળે સબ સેન્ટર બનાવવાની વિચારણા ચાલતી હોઇ, સદર અરજી હાલ પૂરતી દફતરે કરવામાં આવી છે. લીંબડીમાં મેડિકલ ઓફિસરના જણાવ્યા મુજબ જમીન અનુકૂળ ન હોવાના કારણે અન્ય જગ્યાએ માગણી કરવામાં આવેલ હોવાથી આ ત્રણેય અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. બીજા પ્રશ્નના જવાબમાં ગૌચરની જમીન ૧૫૦૦ ચો.મી. છે, ગામતળ શૂન્ય છે, સરકારી જમીન ૯૩૦૦ ચો.મી. થાય છે. કુલ ૧૦૮૦૦ ચો.મી. જમીન થાય છે.

શ્રી શૈલેષભાઈ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આરોગ્ય કેન્દ્ર માટે જમીનની ફાળવણી કઇ નીતિ અંતર્ગત કરવામાં આવે છે તથા કઇ જોગવાઇ અંતર્ગત જમીન ફાળવવામાં આવે છે અને જમીન ફાળવણીની સત્તા કોને છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જમીન મહેસૂલ નિયમ,૧૯૭૨ના વહીવટ હુકમ–૩ તળે જમીન વર્ગ ફેર કરવામાં આવે છે. સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવની જોગવાઇ મુજબ સરકારી જમીન ફાળવવામાં આવે છે તથા ગૌચરની જમીન અંગે સરકારશ્રીના મહેસૂલ વિભાગે તા.૦૧/૦૪/૨૦૧૫ તથા તા.૦૯/૦૬/૨૦૧૬ની ગૌચર નીતિ મુજબ મહેસૂલ વિભાગની પૂર્વ મંજૂરી મેળવી જમીન ફાળવવામાં આવે છે. જમીન મહેસૂલ અધિનિયમ–૧૯૭૨ની વહીવટી કલમ–૩ નીચે જમીન ફેર કરવાનો અધિકાર કલેક્ટરશ્રીને છે. દસ હજાર ચો.મી. સરકારી જમીન વહીવટી હુકમ–૩ નીચે તબદીલ કરવા કલેકટરશ્રીને પહોંચે છે. તેથી, વધુ જમીનની માંગણી હોય તો આ અંગેનો અધિકાર સરકારશ્રીને પહોંચે છે. સરકારશ્રીની ગૌચરની નીતિ મુજબ ગૌચરની જમીન ફાળવવાની સત્તા સરકારશ્રીના મહેસૂલ વિભાગ હસ્તક રહે છે.

**૧૫માં નાણાંપંચ અંતર્ગત તાપી જિલ્લાના તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત ફાળવેલ ગ્રાન્ટ**

*** 15/4/216** શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

## તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાપી જિલ્લાના વ્યારા અને ડોલવણ તાલુકામાં તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ, | (૧) વ્યારા તાલુકા પંચાયતને રૂ/- ૨૩૪.૦૬ લાખ<br>વ્યારા તાલુકાની ગ્રામ પંચાયતોને રૂ/- ૮૧૯.૨ લાખ<br>ડોલવણ તાલુકા પંચાયતને રૂ/- ૧૩૪.૩૪ લાખ<br>ડોલવણ તાલુકાની ગ્રામ પંચાયતોને રૂ/- ૪૭૦.૨૧ લાખ |
| (૨) તે પૈકી ઉક્ત ગ્રાન્ટમાંથી વ્યારા અને ડોલવણ તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું. | (૨) વ્યારા તાલુકા પંચાયત કુલ ૧૪૧ કામો<br>વ્યારા તાલુકાની ગ્રામ પંચાયતો કુલ ૯૩૩ કામો<br>ડોલવણ તાલુકા પંચાયત કુલ ૭૧ કામો<br>ડોલવણ તાલુકાની ગ્રામ પંચાયતો કુલ ૨૯૩ કામો |
| (૩) ઉક્ત સ્થિતિ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા છે, અને કેટલા બાકી છે, અને | (૩) પૂર્ણ કામો ૧૪૪<br>બાકી કામો ૧૨૯૪ |
| (૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | કુલ ખર્ચ રૂ/- ૧૮૬.૨૦ લાખ |

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ચાર પ્રશ્નો પૈકી પ્રશ્ન નં. ૧, ૨ અને ૪થી મને સંતોષ છે પણ પ્રશ્ન નં. ૩માં ૧૪૪ કામો પૂર્ણ થયેલ છે અને બાકી રહેલ કામો ૧૨૯૪ છે. પોર્ટલના એકપણ કામને આજદિન સુધી વહીવટી મંજૂરી આપેલ નથી. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ પોર્ટલનાં કામોને મંજૂરી આપેલ છે કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ તાપી જિલ્લાના ડોલવણ અને વ્યારા તાલુકાના પંદરમાં નાણાપંચની તાલુકા કક્ષાની અને ગ્રામ પંચાયત હસ્તકનાં કામોના ગ્રાન્ટની વાત કરી છે. એમાં જણાવવાનું કે, પંદરમા નાણાપંચ અંતર્ગત વ્યારા તાલુકાની પંચાયત કક્ષાના કામો માટે રૂ. ૨૩૪.૬/- લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેમાં વ્યારા તાલુકાના ૧૪૧ કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. તે પૈકી હાલમાં ૩૪ કામો પૂર્ણ થયેલ છે, ૧૦૭ કામો પ્રગતિ હેઠળ છે અને પૂર્ણ થયેલ કામો માટે રૂ. ૫૬.૬૪/- લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વ્યારા તાલુકાની ૭૧ ગ્રામ પંચાયતો માટે કુલ રૂ. ૮૧૯.૨/- લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. તે પૈકી પંચાયતોના કુલ ૯૩૩ કામોનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી હાલની સ્થિતિએ ૧૪૨ કામો પૂર્ણ થયેલ છે, ૭૯૧ કામો પ્રગતિ હેઠળ છે અને પૂર્ણ થયેલ કામો પાછળ રૂ. ૧૭૦.૬૧ લાખનો ખર્ચ થયેલ છે. ડોલવણ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં પંદરમાં નાણાપંચ અંતર્ગત ડોલવણ તાલુકા પંચાયતને કુલ રૂ. ૧૩૪.૩૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી. જેમાં તાલુકા પંચાયતના તાલુકા કક્ષાના ૭૧ કામોનું આયોજન કરવામાં આવેલ હતું. જે પૈકી હાલની સ્થિતિએ ૪૦ કામો પૂર્ણ, ૩૧ કામો પ્રગતિ હેઠળ અને પૂર્ણ થયેલ કામો માટે રૂ. ૮૩.૫/- લાખનો ખર્ચ થયેલ છે. ડોલવણ તાલુકાની ૪૪ ગ્રામ પંચાયતોને કુલ ૪૭૦.૨૧/- લાખની ફાળવણી કરવામાં આવેલ છે. તે પૈકી ગ્રામ પંચાયતમાં કુલ ૨૯૩ કામોનું આયોજન કરવામાં આવેલ છે. હાલની સ્થિતિએ ૧૮૦ કામો પૂર્ણ થયેલ છે, ૧૧૩ કામો પ્રગતિ હેઠળ છે અને રૂ. ૨૨૮.૮૨/- લાખનો ખર્ચ થયેલ છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ ગામો અંતરિયાળ વિસ્તારમાં આવેલા છે. ચોમાસાના સમયગાળાના કારણે અને કનેક્ટિવિટી ન મળવાના કારણે મોડું થયેલ છે. પણ હાલ આ કામો તાત્કાલિક થાય એ માટેની સૂચના વિભાગને આપી છે.

અધ્યક્ષશ્રી : જે ૧૨૯૪ કામો બાકી રહી ગયા એટલા પૂરતો જ એમનો પ્રશ્ન છે. એટલે જેટલું બને એટલું ઝડપથી પૂર્ણ કરો.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, બને એટલું ઝડપથી કરાવીને પૂર્ણ કરીશું.

ડો. જયરામભાઇ ચે. ગામીત : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પંદરમા નાણાપંચમાં અનટાઇડ અને ટાઇડ ગ્રાન્ટમાંથી કયા કયા પ્રકારનાં કામો હાથ ધરી શકાય?

અધ્યક્ષશ્રી : આખી યાદી મંગાવી છે કે કેમ? આમાં તો ઘણા બધા થઇ જશે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ :માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની યોજના બે વિભાગમાં છે. અનટાઇડ ગ્રાન્ટમાં આપણે ૪૦ ટકા વાપરીએ છીએ અને ટાઇડ ગ્રાન્ટમાંથી આપણે ૬૦ ટકા વાપરીએ છીએ. કયા કામો કરવાના એ ગાઇડલાઇનમાં જ નક્કી કરેલ હોય છે. અનટાઇડ ગ્રાન્ટમાં આપણે સ્ટોર્મ વૉટર ડ્રેનેજનાં કામો, આંતરિક પાકા રસ્તા અને ગામના મુખ્ય માર્ગો પર ફૂટપાથ પણ કરી શકીએ છીએ. હાટ બજારનાં કામ કરી શકીએ છીએ. આંગણવાડી કેન્દ્રોની ખૂટતી સુવિધાઓનાં કામો કરી શકીએ છીએ. ગુજરાત પંચાયત સેવા અધિનિયમની અનુસૂચિ ૧, ૨ અને ૩માં ઠરાવેલા ગામો, તાલુકા અને જિલ્લા પંચાયતોના કાર્યો તથા ફરજો અદા કરવા માટેની ઊભી કરવામાં થતી સામૂહિક સુવિધાઓ કરી શકીએ છીએ. મનરેગા યોજના કન્વર્ઝનનાં કામો કરી શકીએ છીએ. મિલકતોના ટકાઉપણાનાં વધારાનાં કામ માટે ઉપયોગમાં લઇ શકીએ છીએ. ઇ-ગ્રામની સુવિધાના વધારા માટે કામ કરીએ છીએ. વીજળીકરણનાં કામોમાં એલ.ઇ.ડી. સ્ટ્રીટલાઇટ કરીએ છીએ. કોમ્યુનિટી એસેટનાં કામો તથા કોમ્યુનિટી એસેટની જાળવણીનાં કામો કરીએ છીએ. કબ્રસ્તાન અને સ્મશાનનાં કામો પણ એમાં કરી શકીએ છીએ.

## તારાંકિત પ્રશ્નો

માનનીય અધ્યક્ષશ્રી, ટાઇડ ગ્રાન્ટમાં સેનેટરીન, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા અને ખુલ્લામાં શૌચ મુક્તિની જાળવણીનાં ૩૦ ટકાનાં કામો જેવાં કે, સોલિડ તથા લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ, કચરાના નિકાલ માટેનાં સાધનો વસાવવાં, ડમ્પિંગ સાઇટ બનાવવાનાં કામો, ઘન અને પ્રવાહી કચરાના વર્ગીકરણ માટે જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવી, ગટરનાં કામો, સ્ટ્રોમ વોટર માટે ડ્રેનેજનાં કામો, પીવાનું પાણી પૂરું પાડવું, વરસાદી પાણીના સંગ્રહ તેમજ પાણીના શુદ્ધીકરણ જેવી પાયાની સુવિધાઓનાં કામો આપણે કરી શકીએ છીએ. બે કરતાં વધુ ગામોના જૂથ માટે પીવાના પાણીના પુરવઠાના પ્રબંધ માટે કરવાના થતાં કામોની જાળવણી માટે, ફળિયાને જૂથ પાણી પુરવઠા સાથે જોડવા માટેની ખૂટતી કડીનાં કામો કરીએ છીએ. અનેક ગામોમાં ગ્રામ પંચાયતો માટે હાલના જળ સંશાધનને પૂરક બનાવવા માટેના ચેકડેમ હોય, જળ શુદ્ધીકરણનો પ્લાન્ટ હોય, પંપિંગ સ્ટેશનની ક્ષમતા વધારવાનાં કામો હોય, વોટર એટીએમ હોય, સોલાર આર.ઓ. હોય, (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી :માનનીય મંત્રીશ્રી, જિલ્લા આયોજન અધિકારી પાસે એક આખી બુક બનેલી છે. એમાં શું કરી શકાય અને શું ના કરી શકાય એના માટેની ઘણી મોટી યાદી છે. આખી બુક વાંચશો તો મને લાગે છે કે સમય જશે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આખી બુક નથી. હવે છેલ્લું એક જ કામ બાકી છે. હું પૂરુ કરું છું. ફક્ત માનનીય સભ્યશ્રીની જાણકારી માટે કહું છું. વોટર ક્વૉલિટી લેબ તથા એનએબી અને ઇક્વિટેશન આ બે પ્રકારની આપણે કામગીરી કરીએ છીએ.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન જિલ્લા પૂરતો નથી, પરંતુ ટાઇડ અને અનટાઇડ ગ્રાન્ટ બાબતે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કોઇપણ તાલુકામાં રૂ.૧ કરોડની ગ્રાન્ટ હોય તો તેમાં ૧૫ ટકા બ્લોકનાં કામ અને ૩૦ ટકા આર.સી.સી. રોડનાં કામો હોય છે. બાકીના ડ્રેનેજ અને પીવાના પાણીની પાઇપલાઇનનાં કામો હોય છે. ગ્રામ્ય વિસ્તારોમાં પેવર બ્લોક અને આર.સી.સી.ની ખૂબ માગ હોય છે. તો ટાઇડ અને અનટાઇડ ગ્રાન્ટ બાબતે કોઇ પૉલિસી ચેન્જ કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ આખી ગ્રાન્ટ ભારત સરકારશ્રીની છે અને એની પૉલિસી પણ ભારત સરકારશ્રીની છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને મારું સૂચન પણ છે. હમણાં શ્રી હાર્દિકભાઇએ ટાઇડ અને અનટાઇડ ગ્રાન્ટની વાત કરી છે તો દરેક ગ્રામ પંચાયતમાં આજે પણ એ પ્રશ્ન છે. કારણ કે, પાણી માટેની સુવિધાઓ વાસ્મોની યોજના નીચે અને પાણી પુરવઠાની યોજનાઓ નીચે મોટાભાગના એક-એક ગામમાં નળ કનેકશનથી પાણી મળે છે. મારી જાણ પ્રમાણે ૧૫મા નાણાપંચની ગ્રાન્ટમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની મેચિંગ ગ્રાન્ટ હોય છે. કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાં પાણીની યોજનાઓ જે ગામમાં પૂરી થઇ ગઇ છે અને જે ગ્રાન્ટ વાપરવા માટે એમની પાસે પડી છે એ ગ્રાન્ટનો ઉપયોગ ખરેખર ગ્રામ પંચાયત બીજાં કામો સૂચવે એમાં વાપરવા માટે આપણા અધિકારમાં આવતું હોય તો આપણે પરમિશન આપવી જોઇએ, નહીંતર કેન્દ્ર સરકાર પાસેથી આપણે પરમિશન માગીને પણ એ ગામોને જે મળવાપાત્ર ગ્રાન્ટો છે એ મળી જાય અને એને બીજાં કામોમાં વાપરી શકે એના માટેની કોઇ જોગવાઇ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે. એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે પરામર્શ કરી કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરી કેવી રીતે આ બાબતે આગળની કાર્યવાહી કરી શકાય એને ધ્યાનમાં લેવામાં આવશે. એમના સૂચનને આવકારીએ છીએ.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, ૧૫મા નાણાપંચનું આ છેલ્લું વર્ષ છે. વર્ષ ૨૦૨૪-૨૫નું આયોજન લગભગ ગામડામાં પણ થઇ ગયું છે. આના પછી ૧૬મું નાણાપંચ આવે એમાં ટાઇડ અને અનટાઇડ ગ્રાન્ટમાં પાણી બાબતની ગ્રાન્ટ અન્ય જગ્યાએ વાપરવાની છૂટ મળે એવું આયોજન કરવું જરૂરી છે. તો મારી વિનંતી છે કે આ બાબતે આપણે કેન્દ્ર સરકારશ્રીમાં રજૂઆત કરીએ.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

### દાહોદ જિલ્લામાં હકક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત

***15/4/584 શ્રી રમેશભાઇ ભુરાભાઇ કટારા (ફતેપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ કેટલી હકક પત્રક નોંધો નિકાલ બાકી છે, | (૧) ૨૯૯૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૨૨૯૭૧ |
| મંજૂર કરેલ નોંધો | ૧૯૦૫૮ |
| નામંજૂર કરેલ નોંધો | ૯૧૯ |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

(૩)

| | |
|---|---|
| (૧) | મહેસુલી રેકર્ડ અને પુરાવાઓમાં ખાતેદારના નામ, અટક કે જાતી બાબતે વિસંગતતા હોવાના કારણે નામંજૂર કરેલ છે. |
| (૨) | વેચાણના કિસ્સામાં ખેડૂત ખાતેદાર તરીકેના પુરતા પુરાવા ન હોવાના કારણે, તમેજ ટુકડાધારાનો ભંગ થતો હોવાના કારણે નામંજૂર થયેલ છે. |
| (૩) | અપીલ અધિકારી કે નામદાર કોર્ટના મનાઇ હુકમ અમલમાં હોવાના કારણે |
| (૪) | ઘણીવાર વારસાઇ નોંધોના પેઢીનામામાં તમામ વારસદારોના નામો ન હોવાના કારણે |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા હક્કપત્રકોની નોંધ પાડવામાં આવી અને કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી? તેની તાલુકાવાર માહિતી આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હક્ક પત્રક એ ગામ માટે પાયાનો નમૂનો છે. હક્ક પત્રક એટલા માટે કે ૭–૧૨ના ઉતારામાં ફેરફાર થાય એ ૬–અ એટલે કે હક્ક પત્રકમાં દાખલ કરવામાં આવતા હોય છે. એટલે આપણા માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ પત્રક સંબધિત સન ૧૯૫૩થી ૨૦૦૩ સુધીના તમામ ઠરાવો, પરિપત્રો વગેરે સંકલન કરીને કુલ ૯૦ અદ્યતન સૂચના દ્વારા તા.૧–૧૨–૨૦૦૩ના રોજ બહાર પાડવામાં આવેલા. જેના લીધે આજે પણ આપણે હક્ક પત્રક સારી રીતે જાળવી શકીએ છીએ. આ એક ગુજરાતનું અદ્યતન કામ છે

અધ્યક્ષશ્રી : ખાલી આંકડો પૂછ્યો છે. ૧૯૫૮ છે ને. એમાં તાલુકા વાઇઝ કેટલી?

શ્રી બળવંતસિંહ રાજપૂત : હા, માનનીય અધ્યક્ષશ્રી, ફતેપુરામાં ૨૦૯૯ નોંધ દાખલ કરવામાં આવેલી, એમાંથી મંજૂર કરેલી ૧૮૧૮. ઝાલોદમાં ૪૨૬૪. લીમખેડામાં ૧૨૮૮, દાહોદમાં ૪૯૫૩, ગરબાડામાં ૧૨૩૨, દેવગઢબારિયામાં ૨૪૬૧, ધનપુરામાં ૧૩૦૬, સીજલીમાં ૭૫૨, સજવાડામાં ૯૮૪. કુલ ૨૨૯૭૧માંથી ૧૯૦૫૮ મંજૂર કરવામાં આવી હતી. એમણે જે પૂછ્યું છે કે દાહોદ જિલ્લામાં કયા તાલુકામાં હક્ક પત્રક પાડવામાં આવ્યું, તો જે અરજીઓ આવી હતી તે ફતેપુરામાં ૨૦૯૯, ઝાલોદમાં ૫ હજાર, લીમખેડામાં ૧૬૦૪, દાહોદમાં ૫૮૦૦, પછી ૧૬૦૬, દેવગઢબારિયામાં ૨૮૫૯, ધનપુરામાં ૧૮૧૯, સીજલીમાં ૧ હજાર, અને સજવાડામાં ૧૧૮૧ એમ ૨૨૯૭૧ હતી.

અધ્યક્ષશ્રી : પહેલા કહેલ એ મંજૂર થયેલી કહી. આંકડો આપ્યો તે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : પછી નામંજૂર કહી.

અધ્યક્ષશ્રી : હા. બરાબર છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે જે વારસાઇ હોય છે. જમીન ધારક કે મિલકત ધારક જે હોય. જેમના નામે વારસાઇ કરવાની થાય. એ ખૂબ અગત્યનો પ્રશ્ન છે. ત્યારે વારસાઇ નોંધ નામંજૂર થવાનો વિષય હોય અને જેમના નામે જમીન અથવા મિલકત થવાની હોય. જેનું મૃત્યુ થાય ત્યારે વારસાઇ કરવાની થાય. આ ખૂબ અગત્યનો પ્રશ્ન છે. ત્યારે વારસાઇની નોંધો નામંજૂર થવાના કિસ્સા હોય તો તેમાં શું જોગવાઇ છે? વારસાઇમાં કોઇ બાકી જ ના રહી જાય. શહેરી વિસ્તાર હોય કે ગ્રામીણ વિસ્તાર હોય. તો સરકારે એના માટે શું વિચારણા કરી છે? શું જોગવાઇ કરી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે એમાં વારસાઇની નોંધ નામંજૂર થવાના કિસ્સામાં નારાજ થતી વ્યક્તિ જો ગુજરાત જમીન મહેસૂલ નિયમો–૧૯૭૨ના નિયમ ૧૦૮, કલમ–૫ની જોગવાઇ મુજબ સંબંધિત પ્રાંત અધિકારી સમક્ષ અપીલ દાખલ કરી શકે છે અને પ્રાંત અધિકારીના નિર્ણયથી નારાજ થતી વ્યક્તિ કલેકટરશ્રી સમક્ષ ૧૯૭૨ના નિયમ ૧૦૮–૬ હેઠળ રિવિઝન અરજી દાખલ કરી શકે છે. કલેકટરશ્રીના નિર્ણયથી નારાજ થતી વ્યક્તિ નિયમ ૧૦૮–૬ કલમ (ક) હેઠળ સચિવશ્રી વિવાદ સમક્ષ ફરી દાખલ કરી તપાસ કરી શકાય છે. વારસાઇમાં ખાસ કરીને વારસદારો બાકી ન રહે તે માટે સરકારશ્રીએ એક પરિપત્ર કર્યો છે. તા.૩–૨–૨૦૦૩ના પરિપત્રથી સૂચના બહાર પાડી છે તે મુજબ ખાતેદાર મૃત્યુ પામે તો કાયદેસર વારસાના રેકોર્ડની તુર્તજ નોંધ કરવા તલાટીશ્રીઓ તથા સંબંધિત અધિકારીઓને સૂચના આપેલી છે.

માઘ ૧૯, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યાઓ**

*** 15/4/574** શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | ૩૦૩ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) | ૩૦૨ |
| (૩) | કેટલી જગ્યા ખાલી છે ? | (૩) | ૦૧ |

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જગ્યાની ફાળવણી કેવી રીતે કરવામાં આવે છે? અને એમાં તાલુકાવાર ભરેલી અને ખાલી જગ્યાની વિગતો આપવા કૃપા કરશો?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ભાવનગર જિલ્લાની મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની જગ્યાની ફાળવણી કેવી રીતે કરવામાં આવેલી છે અને કેટલી ભરેલી છે અને કેટલી ખાલી છે એના અનુસંધાને માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે અધિક નિયામકશ્રી, આરોગ્ય, ગાંધીનગરના તા.૧૮–૨–૨૦૧૨ના પત્રથી સબસેન્ટર મંજૂર થવાના જે ધોરણો હતા, એમાં સામાન્ય વિસ્તાર માટે વસ્તી ગણતરી સન ૨૦૧૧ મુજબ દર ૫ હજારની વસ્તીએ એક સબસેન્ટર અને ટ્રાયબલ વિસ્તારમાં વર્ષ–૨૦૧૧ મુજબ ૩ હજારની વસ્તીએ એક સબસેન્ટર નક્કી કરવામાં આવ્યું હતું ,પણ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરને ગ્રામ્ય લેવલે દર ૫ હજારની વસ્તી પ્રમાણે સબસેન્ટર મુજબ ફાળવણી કરવામાં આવે છે. ઓછી વસ્તીવાળા ગામો હોય તે વિસ્તારની અંદર ૫ હજારની વસ્તીને ધ્યાને રાખીને એનાથી વધારે ગામોમાં વસ્તીને ધ્યાને રાખીને સંયુકત ગામોને સેજા નક્કી કરીને પણ એની કામગીરીની વહેંચણી કરી આપવામાં આવે છે એ મુજબ ભાવનગર જિલ્લામાં ૫ હજારની વસ્તીએ એક સબસેન્ટર મુજબ કુલ ૨૯૯ જેટલાં સબસેન્ટર મંજૂર કરેલાં છે અને જિલ્લા કક્ષાના પણ ૪ જેટલા મંજૂર કરેલ છે એ મુજબ એન.પી.એ. ડબલ્યુની ફાળવણી કરવામાં આવેલી છે અને એમાં ભાવનગર તાલુકામાં ૨૯ મંજૂર થયેલી જગ્યાઓ છે, ૨૯ ભરેલી છે. કોઇ જગ્યા ખાલી નથી. એ જ રીતે ઘોઘા તાલુકામાં મંજૂર થયેલી ૨૦ જગ્યાઓ છે, ૨૦ ભરેલી છે. કોઇ જગ્યા ખાલી નથી. પાલીતાણા તાલુકામાં ૩૧ જગ્યા મંજૂર કરેલી છે.

અધ્યક્ષશ્રી : ખાલી ૩૦૩ માંથી ૩૦૨ ભરેલી છે તો એક ખાલી કઇ જગ્યા છે એટલું બોલી જાવ.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦૨ ભરેલી છે અને એક જગ્યા ખાલી છે એ બાજુના સબસેન્ટરમાંથી ત્યાં કામગીરી કરવા માટેની વ્યવસ્થા કરેલી છે.

અધ્યક્ષશ્રી :૩૦૩માંથી ૩૦૨ જગ્યા ભરેલી છે એ માનનીય મંત્રીશ્રી બહુ સારી બાબત છે.

**દાહોદ જિલ્લામાં કાર્યરત જિલ્લા રમત સંકુલ**

***15/4/595 શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય રમત–ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં જિલ્લા રમત સંકુલ કાર્યરત છે કે કેમ, | (૧) | હા |
| (૨) | જો હા, તો ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ કેટલી રમતનાં મેદાનો આવેલ છે, અને | (૨) | ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ નીચે મુજબની રમતના મેદાનો આવેલ છે.<br>• લોન ટેનીસ કોર્ટ • બાસ્કેટ બોલ કોર્ટ<br>• વોલીબોલ કોર્ટ • એસ્ટ્રોટર્ફ હોકી ગ્રાઉન્ડ<br>• આર્ચરી • સ્વીમીંગ પુલ<br>• ફુટબોલ ગ્રાઉન્ડ • સિન્થેટીક એથ્લેટિક ટ્રેક<br>• જુડો હોલ<br>• મલ્ટીપર્પઝ હોલમાં નીચે મુજબની રમતના મેદાનો આવેલ છે.<br>(૧) જુડો (૨) રેસલિંગ (૩) યોગા (૪) કરાટે<br>(૫) ટેબલ ટેનીસ (૬) વોલીબોલ (૭) બાસ્કેટબોલ અને (૮) ચેસ. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લા રમત સંકુલ પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) | રૂ.૧૧૦.૦૦ લાખ |

## તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ જિલ્લામાં રમતગમતને લગતી જે યોજના કર્યરત છે તેમાં હાલ કેટલા ખેલાડીઓ લાભ લઇ રહ્યા છે, લાભ લઇ રહેલા ખેલાડીઓને રાજય અને રાષ્ટ્ર કક્ષાએ જો મેડલ મળેલા હોય તો કેટલા મેડલ મળેલા છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રી દ્વારા ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. દાહોદ જિલ્લામાં કુલ ૯ શાળાઓ ઈનસ્કૂલ યોજના અંતર્ગત કાર્યરત છે જેમાં ૪૭૩૯ વિદ્યાર્થીઓ ભણતર જોડે જોડે રમવાના મેદાન ઉપર અનેક પ્રકારની ટ્રેનિંગો પ્રાપ્ત કરી રહ્યા છે. આ ૪૭૩૯ વિદ્યાર્થીઓનો સંપૂર્ણ ખર્ચ એ રાજય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. એમનું ભણવાની પણ અને એમના રમવાની પણ ચિંતા રાજય સરકાર દ્વારા કરવામાં આવે છે. આ જ પ્રકારે ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટસ સ્કૂલ યોજના ચાલુ કરવામાં આવી છે અને એ યોજનામાં દાહોદ જિલ્લામાં ૬ સ્કૂલોમાં ૨૬૦ ખેલાડીઓને ભણતર અને રમતગમતની પ્રેક્ટિસની ટ્રેનિંગ આપવામાં આવે છે. આ ૨૬૦ બાળકો પાછળ રાજય સરકાર ૧ લાખ ૬૫ હજારથી વધુ ખર્ચ પ્રતિ બાળક રાજય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.અને દાહોદ જિલ્લાના કુલ મળીને માત્ર એક જ જિલ્લાના ૫૧૦૦થી વધારે વિદ્યાર્થીઓની પાછળ કમસેકમ ૭થી ૮ કરોડ રૂપિયા સ્કૂલની ફી, ભણતર, વિવિધ જ પ્રકારની વ્યવસ્થાઓ માટે રાજય સરકાર દ્વારા એનો સંપૂર્ણ ખર્ચ ઉપાડવામાં આવે છે. હવે દાહોદ જિલ્લો પછાત જિલ્લા તરીકે ઓળખાતો નથી. સ્પોર્ટસની અંદર દાહોદ જિલ્લો એ ગુજરાતના પ્રથમ જિલ્લા તરીકે ઓળખાવનાર જિલ્લો છે. આ જિલ્લામાં મુખ્યત્વે આદિવાસી સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં વસે છે. આદિવાસી ગરીબ પરિવારનાં બાળકોને રાજય સરકાર દ્વારા સંપૂર્ણ ટ્રેનિંગ આપવાની વ્યવસ્થા તો કરવામાં આવી. પરંતુ ત્યાં હાઇપર્ફોર્મન્સ સેન્ટર પણ બનાવવામાં આવ્યું છે. હાઇપર્ફોર્મન્સ સેન્ટરએ ઇન્ટરનેશનલ કક્ષાનું હાઇપર્ફોર્મન્સ સેન્ટર કોઇ બીજા રાજ્યના મહાનગરોમાં ના હોય એ પ્રકારની વ્યવસ્થા આ દાહોદ જિલ્લાખાતે ખાસ કરવામાં આવી છે અને ત્યાં આજુબાજુના જિલ્લાના લોકો એ હાઇપરફોર્મન્સ સેન્ટર પર ટ્રેનિંગ પ્રાપ્ત કરી રહ્યાં છે. એ જ પ્રકારે દાહોદ જિલ્લામાં બે વર્ષમાં રાજય કક્ષાએ ૫૫ ગોલ્ડ મેડલ, ૩૩ સિલ્વર મેડલ, ૩૯ બ્રોન્ઝ મેડલ રાજય કક્ષાએ દાહોદ જિલ્લાએ કુલ ૧૨૭ મેડલ મેળવેલા છે અને દાહોદ જિલ્લા ઇન સ્કૂલ ડી.એલ.એસ. અને સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્રમાં લાભ મેળવતા ખેલાડીઓ છેલ્લાં બે વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ ૧૮ ગોલ્ડ મેડલ, ૧૫ સિલ્વર મેડો, ૨૪ બ્રોન્ઝ મેડલ મેળવીને કુલ ગુજરાત રાજ્યને દાહોદ જિલ્લાના દીકરા–દીકરીઓએ ૫૭ મેડલ અપાવ્યા છે. આજ રીતે રાજ્યની જોડે જોડે દેશનું પણ માન વધારવામાં દેશભરના નાગરિકોને ગર્વ થાય એ પ્રકારે દાહોદ જિલ્લાના દીકરા–દીકરીઓએ ઇન્ટરનેશનલ કક્ષાએ સાઉથ એશિયન ઇન્ટરનેશલ ક્રોસ કન્ટ્રી અંડર–૨૦માં અને એ જ રીતે બીજી અનેક ઇન્ટરનેશલ ટુર્નામેન્ટમાં ગોલ્ડ, સિલ્વર મેડર અને બ્રોન્ઝ મેડલ મેળવેલા છે તે બદલ હું દાહોદ જિલ્લાના સૌ નાગરિકોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને દાહોદ જિલ્લા માટે માનનીય સભ્યશ્રીઓને ૧૦૦ ટકા ખાતરી આપી શકું છું કે આ વ્યવસ્થા ડિસ્ટ્રિક્ટ લેવલની છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણામંત્રીશ્રીએ જે બજેટમાં નવું પ્રાવધાન કર્યું છે એ આવનારા દિવસોમાં દાહોદ, ડાંગ, તાપી, બનાસકાંઠા જે કોઇ આદિવાસી વિસ્તારો છે ત્યાં પણ તાલુકા સેન્ટર સુધી આપણે સ્પોર્ટસ સેન્ટર ડેવલપ કરવાની કામગીરી આગળ વધારી રહ્યા છીએ.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધયક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શિક્ષણ સાથે રમતના સમન્વય ધરાવતી નિવાસ સાથેની કોઇ યોજના છે કે કેમ? અને આ યોજના અંતર્ગત કયા લાભો આપવામાં આવે છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારની વ્યવસ્થા માટે મેં જેમ કહ્યું દાહોદ જિલ્લામાં હમણાં જે સ્કૂલ ડી.એલ.એસ. અને સ્વામી વિવેકાનંદ યોજના આ બધી જ યોજનાઓમાં બાળકોને નિવાસ સાથેની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા જે જિલ્લા કક્ષાના સેન્ટરો બન્યાં છે ત્યાં પણ આ બાળકોને નિવાસ સાથે સાથે ટ્રેનિંગ આપવાની કામગીરી ચાલે છે. આજે ખાસ કરીને સભાગૃહને એક વિનંતી કરવી છે કે, ગુજરાત સ્પોર્ટસ સેકટરમાં જે રીતે ડેવલપ થઇ રહ્યું છે. આપણું ગુજરાત ભૂતકાળમાં થોડા વર્ષ પહેલા એટલે કે ૧૫–૨૦ વર્ષ પહેલાની જ વાત કરશો તો મારા ગુજરાતના ખેલાડીઓ જ્યારે રાષ્ટ્રીય કક્ષાની રમતમાં ભાગ લેવા જાય ત્યારે ફાફડાં, જેલેબી, ખમણ–ઢોકળાના ઉપનામે બોલાવવામાં આવતા હતા. પરંતુ આજે આપણા ગુજરાતના દીકરા–દીકરીઓએ દેશભરમાં ગુજરાતનું નામ અવલ્લ નંબર પર લઇ ચૂક્યા છે. જ્યારે ગુજરાતના ડાંગ જિલ્લાના સાપુતારા ખોતે અગર કોઇને પ્રવાસ કરવાનો અવસર પ્રાપ્ત થાય ત્યારે સભ્યશ્રીઓને વિનંતી છે કે સાપુતારાનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ એ ડિસ્ટ્રિક્ટ લેવલનું સ્પોર્ટસ કોમ્પલેક્ષ છે એ જરૂરથી જોવું જોઇએ. કોઇ વર્ષો વર્ષથી ડેવલપ કંન્ટ્રી હોય ત્યાંના પણ ડિસ્ટ્રિક્ટ લેવલ પર આ પ્રકારના સ્પોર્ટસ સેન્ટર ડેવલપ કરવામાં નહીં આવ્યા હોય એ પ્રકારનું સ્પોર્ટસ સેન્ટર, એ પ્રકારનું લોકેશન તમામ લોકો માટે હોસ્ટેલની વ્યવસ્થા એ પ્રકારની છે અને ત્યાં સાથે સાથે વાતાવરણનો પણ સપોર્ટ વિદ્યાર્થીઓને મળતો હોય છે. હાલ ત્યાં ૬૬થી વધારે વિદ્યાર્થીઓ ટ્રેનિંગ પ્રાપ્ત કરી રહ્યાં છે. વર્ષ ૨૦૧૪થી હોસ્ટેલ અને સ્પોર્ટસ ટ્રેનિંગની બંને યોજના ચાલુ કરવામાં આવી છે અને નર્મદા જિલ્લામાં પણ માનનીય સભ્યશ્રી મારી જોડે જ હતા. અમે હમણા ગયા વર્ષે ડિસ્ટ્રિક લેવલનું આ સ્પોર્ટસ સેન્ટરનું ત્યાં ઉદઘાટન કરેલું હતું. ત્યાં ૧૫૦થી વધારે વિદ્યાર્થીઓ રહી શકે અને ટ્રેનિંગ પ્રાપ્ત કરી શકે રાજય કક્ષાની અને નેશનલ કક્ષાની ટુર્નામેન્ટોમાં ભાગ લઇ શકે એ પ્રકારની ટ્રેનિંગ પ્રાપ્ત કરી શકે એવી વ્યવસ્થા નર્મદા જિલ્લામાં પણ ઊભી કરવામાં આવી છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન દાહોદ જિલ્લાનો છે પણ ગઇકાલે અમારા મૃદુ અને મકકમ મુખ્યમંત્રીશ્રી દ્વારા અને રમતગમત મંત્રીશ્રી હર્ષભાઇ દ્વારા આણંદ જિલ્લાને સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની ભેટ આપવામાં આવી છે અને તેના માટેનું ટેન્ડર પણ બહાર પાડી દીધું છે. ફકત ૯૦ દિવસના ગાળામાં મંજૂરી આપી અને ટેન્ડર બહાર પાડી દીધું એ બદલ હું ખૂબ ખૂબ આભાર માનું છું.

બનાસકાંઠા જિલ્લામાં હયાત સ્ટ્રકચરની જગ્યાએ હાઇ લેવલ બ્રિજ બનાવવા બાબત

*15/4/620 : શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં થરા-હારીજ રસ્તા પર આવેલ ખારીયા ડીપ, ટોટાણા ડીપ અને અસાલડી ડીપ પર હયાત સ્ટ્રકચરની જગ્યાએ હાઇ લેવલબ્રિજ બનાવવા અંગેની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) હાલ કોઇ આયોજન નથી. |
| (૨) ઉક્ત હાઇ લેવલ બ્રિજ કેટલા ખર્ચે તથા કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૩ ગામોની ડીપ છે ખારીયા, ટોટાણા અને હારીજ તાલુકાની અસાલડી ડીપ આ ત્રણ ડીપો પાટણ અને બનાસકાંઠાનો રાજયમાર્ગ છે. આ વિસ્તારથી માનનીય મંત્રીશ્રી અનુભવી છે. ચોમાસા દરમિયાન હમણા ગઇસાલ દાંતીવાડા ડેમમાંથી ૩૦૦૦૦ ઉપર કયુસેક પાણી છોડવામાં આવ્યું ત્યારે કમ્બોઇ આગળ જે નવો બ્રિજ નિર્માણ થઇ રહ્યો છે એ જે રસ્તો હતો એ પણ બંધ કરવામાં આવ્યો હતો. પાણીના પૂરના પ્રવાહમાં એ રસ્તો કાચો હતો તણાઇ ગયો છે. સાથેસાથે આ ત્રણ ડીપોની અંદર પણ પાણીનો પ્રવાહ વધુ ચાલુ રહેવાથી રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. કાંકરેજ તાલુકો ભાભર અને દિયોદરથી જોડાયેલો વિસ્તાર છે અને આ બંનેના ત્રણ તાલુકાની અવરજવર માટે આ રસ્તો અતિ મહત્ત્વનો છે. એ પુલ હોનારત થઇ ત્યારે રાહદારીઓ, વેપારીઓ, વિદ્યાર્થીઓ કે શિક્ષકોને ૧૦૦-૧૫૦ કિલોમીટરનું અંતર કાપીને કાં તો રાધનપુરથી થઇને આવવું પડે અથવા ડીસા થઇને આવવું પડે આવી પરિસ્થિતિનું વારંવાર ચોમાસા દરમિયાન નિર્માણ થાય છે. વર્ષ ૨૦૧૭ની પૂર હોનારતની અંદર ટોટાણા ડીપ ઉપરથી એક પરિવાર ત્યાંથી પસાર થઇ રહ્યો હતો ત્યારે આખી ગાડી એ પૂરમાં તણાઇ ગઇ હતી અને પરિવાર પૂરમાં તણાઇને અવસાન પામ્યો હતો. મારી વિનંતી તો એટલી જ છે કે ભવિષ્યની અંદર આ સ્ટ્રકચરને હાઇ લેવલનો બ્રિજ બનાવવા માગો છો કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી આ દરેક બાબતે પૃચ્છા પણ કરતા હોય છે અને જયારે વિભાગની ચર્ચા કરીએ ત્યારે ખૂબ બારીકાઇથી આખા ગુજરાતના તમામ માર્ગોનું સંકલન કરતા હોય છે. હાલની અંદર આઇ.આર.સી.ની જે ગાઇડલાઇન છે જયારે કોઇપણ રસ્તા ઉપર વર્ષમાં ૬ વખત રસ્તો બંધ કરવાની ફરજ પડતી હોય, પાણી વારંવાર ભરાઇ જતું હોય ત્યારે આ બધી ગાઇડલાઇન મુજબ રસ્તાની કક્ષા નકકી કરવામાં આવે છે. ભૌગોલિક પરિસ્થિતિ નક્કી કરીએ, રસ્તા ઉપરનો ટ્રાફિક નક્કી કરીએ અને આવી રીતે સરવે કર્યા બાદ ડીપનો બ્રિજ કરવો એવું નક્કી કરતા હોઇએ છીએ. એમની જે લાગણી છે એ ધ્યાને લઇ અને ચોક્કસ માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મૂકીશું.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારશ્રી દ્વારા પુલોના સરવે અને ઇન્વેસ્ટીગેશન માટે બજેટમાં કોઇ જોગવાઇ કરવામાં આવી છે કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ઉદાર દિલના મુખ્યમંત્રીશ્રી આખા ગુજરાતનો ખૂબ ડીપલી સરવે કરાવતા હોય છે. રાજય સરકારે કઇ જગ્યાએ ટ્રાફિક વધારે થાય છે, કયાં એક્સિડંટ વધારે થાય છે, પુલોની કન્ડિશન શું છે? ડીપ કયાં છે? આ વર્ષે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય નાણામંત્રીશ્રીએ લગભગ રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે. આના કારણે આખા રાજયનો સરવે થશે. કયાં કઇ જરૂર છે અને એ અંતર્ગત હું કહું છું માનનીય ધારાસભ્યશ્રીને પણ કે આપનો રોડ છે એ પણ અમે સરવેમાં લેવડાવી લઇશું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ પ્રશ્ન બનાસકાંઠાનો છે. તાજેતરની અંદર બનાસકાંઠામાં પાલનપુરનો જે પુલ તુટી ગયો હતો એ પુલ અત્યારે બંધ કરવામાં આવ્યો છે. એ એજન્સીને બ્લેક લિસ્ટ કરવામાં આવી છે કે નહીં? અને સાથોસાથ બનાસકાંઠા જિલ્લો છોડીને બીજા જિલ્લામાં એ જ એજન્સી કામ કરી રહી છે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન કાંકરેજ તાલુકાના પુલનો છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : હું પેટા પ્રશ્ન પૂછું છું.

અધ્યક્ષશ્રી : પેટા પ્રશ્ન, પણ તમે એ તાલુકાનો પેટા પ્રશ્ન પૂછી શકો. આ જિલ્લાનો પ્રશ્ન નથી. તાલુકાનો છે. કાંકરેજ તાલુકાનો પ્રશ્ન છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે રીતે દિયોદરના ધારાસભ્યશ્રીએ વાત કરી. બનાસકાંઠા એટલે બનાસ નદીના કિનારે આવેલું વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭નું ફ્લડ એ

બન્ને વખતે શિહોરી બાજુથી અને આ બાજુ પાટણ બાજુ વાહન વ્યવહાર બંધ થઇ જાય છે. ખાસ કરીને જે ખારીયા કોઝ–વે બનાવેલો છે. એને બદલે ભવિષ્યમાં સરકાર અહીંયા બ્રિજ બનાવવા માગે છે કે કેમ? અને ભૂતકાળમાં જયારે આ ખારીયામાં વર્ષ ૨૦૧૭માં ફલડ આવ્યું એમાં ગાડી ખેંચાઇ અને જે લોકો તણાઇ ગયા હતા તેની ડેડબોડી આજસુધી મળી નથી. આ પૂર પ્રભાવિત એરીયા છે. તો ભવિષ્યને ઘ્યાનમાં રાખીને આ ખારીયા બ્રિજ બનાવવા માગો છો કે નહીં?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અઘ્યક્ષશ્રી, જેમ મેં કહ્યું એમ કે આ વર્ષે રૂ. ૧૦૦ કરોડનું બજેટ ફાળવ્યું છે. દરેક ધારાસભ્યશ્રીને મારી વિનંતી છે કે તમારે ત્યાં આવો કોઇ ગંભીર પ્રશ્ન થયો હોય તો ચોક્કસ ઘ્યાને મૂકજો અને અમે એને સરવે કરી લઇશું. એક બીજી વાત કરવી છે કે સવારે જે ગેનીબેન વાત કરતા હતા. માનનીય અઘ્યક્ષશ્રી, આ ૫ વર્ષમાં ગેનીબેનને ત્યાં લગભગ રૂ. ૧૨૪ કરોડનાં કુલ ૧૦૬ કામ અને ૩૩૨ કિલોમીટરનાં કામો કર્યાં છે. મારે ગેનીબેનને એ પણ કહેવું છે કે ગ્રામ્ય વિસ્તારો જે છે, એમાં જે ૧૪૭ જે ગ્રામ્ય વિધાનસભા આવે છે, એમાં લગભગ ૨૩૧૪ કામ અને ૮ હજાર કિલોમીટર લંબાઇના લગભગ ૩૩૬૦ કરોડના રોડ સરકારે મંજૂર કર્યા છે. એટલે વર્ષ ૨૦૨૩–૨૪માં લગભગ ૪૩૨૫ કામો ૧૫૧૨૫ કિલોમીટરના ૧૩૧૭૦ કરોડ રૂપિયાના કામો મંજૂર કરવામાં આવ્યાં છે. એટલે સવારે ગેનીબેન જે કાપ દરખાસ્તમાં વાત કરતા હતા કે રોડ નથી આપતા. મારી લાગણી એટલા માટે છે કે આ હાઉસમાં ખોટી માહિતી ના જાય. એટલા માટે કે સરકાર કોઇની પણ સાથે ભેદભાવ રાખતી નથી. ઉદાર દિલના મુખ્યમંત્રીએ જયારે મને કહ્યું. મારા ઘરે, મારા બંગલે કોંગ્રેસના તમામ ધારાસભ્યોને જમાડી અને જમાડયા બાદ જોબ ઓર્ડર આપ્યા હતા.

અઘ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમને ફરી જવાબ આપવાનો મોકો મળવાનો છે. માનનીય અમૃતભાઇ. તમારો જવાબ આપ્યો અને હા પાડી, મંત્રીશ્રીએ કહ્યું કે અમે સરવેમાં લઇ લઇશું. પછી તો વિષય કયાં છે? તમારા પ્રશ્નમાં કહ્યું છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ૩ ડીપો છે. એ ૩ ડીપોની બન્ને સાઇડ કોઇ પ્રોટેકશન વોલ નથી અને વાહન વ્યવહાર વઘુ પ્રમાણમાં ચાલે છે અને ત્રણેત્રણ ડીપોની અંદર નીચે ઉંડાઇ વધારે હોવાથી, તો આ ડીપોને સિકયોરિટી વોલ બનાવવા માગો છો કે નહીં?

અઘ્યક્ષશ્રી : એમણે પુલ માટેની વાત કરી. જે તમે પૂછયું એમાં કહ્યું કે અમે સરવે કરાવીશું. સરવે કરાવીને જો એમાં શકય હશે તો અમે આગળ વધીશું. આવી વાત કરી છે. એમણે સરવે કરાવવાની વાત કરી છે.

**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સંવર્ગવાર જગ્યાઓ ભરવા બાબત**

***15/4/636 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર): માનનીય મુખ્યમંત્રીશ્રી(સામાન્ય વહીવટ)જણાવવા કૃપા કરશે કે–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવા માટે ક્યારે જાહેરાત બહાર પાડવામાં આવી, | (૧) | આ સાથે સામેલ પત્રક–અ મુજબ. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી ભરતી પ્રક્રિયાઓ પૂર્ણ કરીને સંવર્ગવાર કેટલી જગ્યાઓ માટેની પસંદગી યાદી સંબંધિત વિભાગને મોકલી આપવામાં આવી, અને | (૨) | આ સાથે સામેલ પત્રક–બ મુજબ. |
| (૩) | ઉક્ત સ્થિતિએ કઇ બાકી ભરતી પ્રક્રિયા ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) | આ સાથે સામેલ પત્રક–ક મુજબ |

**પત્રક–અ**

**તા. ૧/૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ દરમ્યાન બહાર પાડેલ જાહેરાતની વિગતો**

| ક્રમ | વિભાગ | ખાતાના વડા | સંવર્ગ | કુલ જગ્યાઓ | જાહેરાત આપ્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | વન અને પર્યાવરણ વિભાગ | અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીની કચેરી | હિસાબનીશ | ૮૦ | ૦૫–૦૨–૨૦૨૨ |
| ૨ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ અને વિધાનસભા સચિવાલય | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧૫૬ | ૧૬–૦૬–૨૦૨૨ |
| ૩ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨ | ૮૯ | ૧૬–૦૬–૨૦૨૨ |
| ૪ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ | ૨૩ | ૧૬–૦૬–૨૦૨૨ |
| ૫ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૩ | ૩ | ૧૬–૦૬–૨૦૨૨ |
| ૬ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા | મુખ્ય ઇજનેર અને નિયામક ગુજરાત ઇજનેરી | જુનીયર સાયન્ટીફીક આસિસ્ટંટ | ૩૦ | ૧૬–૦૬–૨૦૨૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અને કલ્પસર વિભાગ | સંશોધન સંસ્થા, વડોદરા | | | |
| **૭** | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી ગાંધીનગર | મ્યુનિસિપલ ઇજનેર | ૧૧૬ | ૧૬-૦૬-૨૦૨૨ |
| **૮** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) | ૧૯૨ | ૧૬-૦૬-૨૦૨૨ |
| **૯** | માર્ગ અને મકાન વિભાગ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | રેખનકાર | ૫૦ | ૧૬-૦૬-૨૦૨૨ |
| **૧૦** | માર્ગ અને મકાન વિભાગ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | વર્ક આસિસ્ટંટ | ૭૭૧ | ૧૬-૦૬-૨૦૨૨ |
| **૧૧** | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી | મદદનીશ ગ્રંથપાલ | ૩૭ | ૧૬-૦૬-૨૦૨૨ |
| **૧૨** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | નર્સિંગ ટ્યુટર (સેમી ડાયરેક્ટ ) | ૧૩૩ | ૦૭-૦૭-૨૦૨૨ |
| | | **કુલ** | | **૧૬૮૦** | |

**તા. ૧/૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન બહાર પાડેલ જાહેરાતની વિગતો**

| **ક્રમ** | **વિભાગ** | **ખાતાના વડા** | **સંવર્ગ** | **કુલ જગ્યાઓ** | **જાહેરાત આપ્યા તારીખ** |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસૂલ વિભાગ | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સર્વેયર | ૪૧૨ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૨ | મહેસૂલ વિભાગ | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સિનિયર સર્વેયર | ૯૭ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | પ્લાનિંગ આસિસ્ટંટ | ૬૫ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | સર્વેયર | ૬૦ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | - | વર્ક આસિસ્ટંટ | ૫૭૪ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | ૬ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કામદાર રાજ્ય વીમા યોજના. અમદાવાદ | સ્ટરીલાઇઝર ટેકનીશીયન | ૧ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૮ | નાણા વિભાગ | વીમા નિયામકની કચેરી | કન્યાન તાંત્રિક મદદનીશ | ૧૭ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | ગ્રાફિક ડિઝાઇનર | ૪ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૧૦ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | મશીન ઓવરશીયર | ૨ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૧૧ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | વાયરમેન | ૫ | ૧૦-૧૧-૨૦૨૩ |
| ૧૨ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | જુનીયર પ્રોસેસ આસિસ્ટંટ | ૩ | ૧૦-૧૧-૨૦૨૩ |
| | | **કુલ** | | **૧૨૪૬** | |

તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

**પત્રક–બ**

| **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પસંદગી યાદી સંબંધિત વિભાગને ભલામણ કર્યા અંગેની વિગતો** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **વિભાગ** | **ખાતાના વડા** | **સંવર્ગ** | **કુલ જગ્યાઓ** |
| ૧ | વન અને પર્યાવરણ વિભાગ | અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીની કચેરી | હિસાબનીશ | ૬ |
| ૨ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨ | ૫૮ |
| ૩ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી | મદદનીશ ગ્રંથપાલ | ૧૩ |
| **કુલ** | | | | **૭૭** |

**પત્રક–ક**

| **ક્રમ** | **વિભાગ** | **ખાતાના વડા** | **સંવર્ગ** | **ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા માટેનું આયોજન** |
|---|---|---|---|---|
| ૧ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | મુખ્ય ઇજનેર અને નિયામક ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા | જુનીયર સાયન્ટીફીક આસિસ્ટંટ | તા.૦૮/૦૧/૨૦૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| ૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી ગાંધીનગર | મ્યુનિસિપલ ઇજનેર | તા.૨૨/૦૧/૨૦૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| ૩ | માર્ગ અને મકાન વિભાગ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | રેખનકાર | તા.૩૧/૦૧/૨૦૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| ૪ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ અને વિધાનસભા સચિવાલય | ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨ | તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| ૫ | માર્ગ અને મકાન વિભાગ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | વર્ક આસિસ્ટંટ | ફેબ્રુઆરી - ૨૦૨૪ |
| ૬ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | અધિક મદદનીશ ઇજનેર(સીવીલ) | માર્ચ–૨૦૨૪ |
| ૭ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૩ | બનતી ત્વરાએ. |
| ૮ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૩ | બનતી ત્વરાએ. |
| ૯ | મહેસૂલ વિભાગ | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સર્વેયર | બનતી ત્વરાએ. |
| ૧૦ | મહેસૂલ વિભાગ | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સિનિયર સર્વેયર | બનતી ત્વરાએ. |
| ૧૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | પ્લાનીંગ આસિસ્ટંટ | બનતી ત્વરાએ. |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | સર્વેયર | બનતી ત્વરાએ. |
| ૧૩ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | - | વર્ક આસિસ્ટંટ | બનતી ત્વરાએ. |
| ૧૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | બનતી ત્વરાએ. |

| | | | | |
|---|---|---|---|---|
| **૧૫** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કામદાર રાજ્ય વીમા યોજના. અમદાવાદ | સ્ટરીલાઇઝર ટેકનીશીયન | બનતી ત્વરાએ. |
| **૧૬** | નાણા વિભાગ | વીમા નિયામકની કચેરી | કન્યાન તાંત્રિક મદદનીશ | બનતી ત્વરાએ. |
| **૧૭** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | ગ્રાફિક ડિઝાઇનર | બનતી ત્વરાએ. |
| **૧૮** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | મશીન ઓવરશીયર | બનતી ત્વરાએ. |
| **૧૯** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | વાયરમેન | બનતી ત્વરાએ. |
| **૨૦** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | જુનીયર પ્રોસેસ આસિસ્ટંટ | બનતી ત્વરાએ. |
| **૨૧** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | નર્સિંગ ટ્યુટર (સેમી ડાયરેક્ટ ) | નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ભરતી પ્રક્રિયા સામે સ્ટે આપવામાં આવેલ છે. |

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ પ્રમાણે ૨૮ કેટેગરીની ૨૩૮૫ જગ્યાઓની વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં ભરતી કરવાનું આયોજન હતું. આ બાબતે પહેલા તો એ વાત કરી લઉં કે સરકારે પહેલી વખત ગૌણ સેવા પસંદગી મંડળમાં પ્રમાણિક ચેરમેનની નિમણૂક કરી છે એટલે જે આપણે ત્યાં ભરતી કૌભાંડોની પરંપરા હતી એ હવે અટકી જશે એવી અપેક્ષા રાખું છું. નહીંતર તો આપણે પેપર ફોડવાની બાબતમાં રેકોર્ડ બ્રેક કરેલો હતો. આ બાબતમાં પ્રશ્ન એટલો જ છે કે એમાંથી ૯ કેટેગરીની હજુ સુધી ભરતી કરવાની બાકી છે, તો એ ભરતીનું કાંઇ ચોક્કસ કહો? કારણ કે બનતી ત્વરાએ તો લખ્યું છે અને આ મહત્ત્વની જગ્યાઓ છે. એમાં જે ૯ કેટેગરી છે.

અધ્યક્ષશ્રી : સીધા પ્રશ્ન પર આવી જાઓ. વર્ણન કરી લીધું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તાકીદે એની ભરતી કરવા માગો છો કે કેમ અને, કઇ તારીખ સુધીમાં ભરતી થઇ જશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન તો કાયમ પ્રમાણિક રહ્યા છે એટલે માનનીય અર્જુનભાઇ જે વાત કરી રહ્યા છે એ વાતમાં કોઇ તથ્ય નથી. કોઇ પણ ગેરરીતિવાળી વાત ભૂતકાળમાં આવું બન્યું છે, વર્ષ ૨૦૨૨માં પણ બન્યું છે અને વર્ષ ૨૦૨૩માં પણ બન્યું છે. વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ભૂતકાળમાં આવ્યું બન્યું છે, પરંતુ એ વખતે પણ જે ૧૧ સંદિગ્ધ ઉમેદવારો આપણને મળ્યા એને આપણે નિમણૂક પણ નથી આપી અને એ તપાસ હેઠળ છે અને બાકીની જે વર્ષ ૨૦૨૦-૨૧ની ભરતી હતી, એમાં ૩ વેઇટિંગમાં અને ૮ ભરતીવાળા એટલે કુલ ૧૧ ઉમેદવારો હતા એમાં પણ અત્યારે પોલીસની તપાસ ચાલુ છે એટલે નાનામાં નાનો વિષય આપણા ધ્યાનમાં આવે છે એટલે તરત જ એની આપણે તપાસ કરીએ છીએ.

માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે કે, તા. ૧-૦૧-૨૦૨૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ સુધી આપણે જે વિભાગો એમણે કહ્યા એ વિભાગ પ્રમાણે ૧૨ વિભાગમાં કુલ ૧૬૮૦ ઉમેદવાર અને એમાં ૬ ઉમેદવારો વન અને પર્યાવરણમાં પસંદ થઇ ગયા છે. સામાન્ય વહીવટ વિભાગમાં ૧૩૬, સામાન્ય વહીવટ વિભાગમાં આપણને બીજા ૫૮ જણની ભલામણ મળી છે, આ બધી ભલામણ મળી એ ગૌણ સેવા પસંદગી મંડળમાંથી આપણને ભલામણો મળી છે. આપણે માગ્યા હોય વધારે પરંતુ ત્યાં પાસ થયેલાની જે ભલામણ મળતી હોય એના જ ડોક્યુમેન્ટ આપણે વેરીફિકેશન કરતા હોઇએ છીએ અને એ પછી આપણે એને નિમણૂક આપતા હોઇએ છીએ. સામાન્ય વહીવટ વિભાગમાં બધી પ્રક્રિયા અંતિમ ભાગમાં છે એટલે બનતી ત્વરાએ નિમણૂક થઇ જશે. બનતી ત્વરા એટલે છેલ્લા સ્ટેજ ઉપર છે. વિભાગ દ્વારા ભલામણ મળી જાય એટલે એની સ્ક્રૂટિની થાય અને એ પછી એના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ, મેડિકલ, પોલીસ વેરીફિકેશન વગેરે વગેરે એ બધી આપણે તપાસ કર્યા પછી એને આપણે નિમણૂક આપતા હોઇએ છીએ. અને જ્યાં આગળ પૂર્વ મંજૂરીની શરતે માનો કે પોલીસ તપાસ હોય અથવા તો કોઇ બીજી તપાસ હોય કે જેમાં ટેકન ફોર ગ્રાન્ટેડ લઇ શકતા હોય એવામાં તો આપણે ઓર્ડર આપી જ દઇએ છીએ. નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં પણ ૩૦ ઉમેદવારની ભલામણ થઇ ગઇ છે. શહેરી વિકાસમાં પણ તા.૨૨-૦૧-૨૦૨૪ના રોજ ૧૧૬ ઉમેદવરોની ભલામણ મળી ગઇ છે, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં પણ પરીક્ષા પૂર્ણ થઇ ગયેલ છે અને એક અઠવાડિયામાં મેરિટવાળા ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફિકેશનની યાદી આપણે બહાર પાડી દઇશું. માર્ગ મકાન વિભાગમાં તા.૩૧-૦૧-૨૦૨૪ના રોજ ૫૦ ઉમેદવારોની પસંદગી યાદી મોકલી આપી છે. માર્ગ મકાન વિભાગમાં ૭૭૧ વર્ક આસિસ્ટન્ટ ઉમેદવારોની ડોક્યુમેન્ટ વેરીફિકેશનની પ્રક્રિયા પૂર્ણ થઇ ગયેલ છે. કેટલાક ઉમેદવારોએ ગુજરાત બહારની યુનિવર્સિટીના ડિપ્લોમાના પ્રમાણપત્ર રજૂ કરેલ છે જેના વેરીફિકેશન માટે યુનિવર્સિટી સાથે પત્ર-વ્યવહાર ચાલુ છે. રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગમાં પણ ૧૩ ઉમેદવારોની પસંદગી યાદી મોકલી આપવામાં આવી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં પરીક્ષા પૂર્ણ થઇ ગયેલ છે અને મેરિટ યાદી પણ તૈયાર થઇ ગયેલ છે, પરંતુ નામદાર હાઇકોર્ટનો સ્ટે હોવાથી આપણે આગળની કાર્યવાહી સ્થગિત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી,

## તારાંકિત પ્રશ્નો

તા.૧–૦૧–૨૦૨૩થી તા.૩૧–૧૨–૨૦૨૩ દરમ્યાન એટલે કે લગભગ નવેમ્બર માસની આજુબાજુ આપણે પરીક્ષાઓ લીધી છે પણ આમાં શું છે કે આખી પ્રક્રિયા છે એ થોડી લાંબી છે એટલે એ પ્રક્રિયા પૂરી થતાં આપણે એમને નિમણૂકો આપીશું.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, માનનીય મંત્રીશ્રી કેટલો નોન પોલિટિકલી જવાબ આપે છે, એક પણ જગ્યાએ રાજસ્થાનની ભરતીનો ઉલ્લેખ નથી કરતા કે ભૂતકાળનો પણ નથી કરતા અને તમે પોલિટિકલી લો છો.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અત્યારે ૧૦૦માંથી ૮૦ ટકા વિદ્યાર્થીઓ કોમ્પિટિટીવ એકઝામની તૈયારી કરતા હોય છે અને વર્ષ ૨૦૨૩ સુધીનું આખું ચિત્ર સાહેબ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે ત્યારે આગમી વર્ષ ૨૦૨૪માં ભરતી માટેનું આપણું શું આયોજન છે? અને કેટલી જગ્યાની આપણે ભરતી કરવાની છે તેના માટેની માહિતી આપની પાસેથી માગું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪ની અંદર કુલ આપણે જે ૫૫૫૪ની ભરતી કરવાના છીએ, માટે મંડળ દ્વારા તા.૪–૧–૨૦૨૪ના રોજ આપણે કોઇ પણ વિષયમાં સ્નાતક હોય એવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓજસ વેબસાઇટ ઉપર આપણે ઓન લાઇન એપ્લિકેશન તા.૩૧–૧–૨૦૨૪ સુધીમાં મંગાવવામાં આવેલ હતી. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮–૫–૨૩ના ઠરાવ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જુદા જુદા સંવર્ગની વિભાજિત કરીને બન્ને ગ્રૂપની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ઉમેદવારો પાસેથી આપણે ઓજસ ઉપર સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે થોડા પરીક્ષાના નિયમો, ભરતીના નિયમો આપણે બદલ્યા છે એટલે ગ્રૂપ–એ અને ગ્રૂપ બી એ બેમાં વિભાજિત કર્યુ છે. ગ્રૂપ–એની અંદર સામાન્ય ગ્રેજ્યુએટને એમસીકયુ પરીક્ષા દ્વારા આપણે પસંદ કરીશું. લગભગ ૭ ગણા ઉમેદવારોના આપણે વેરીફિકેશન કરીશું અને પછી તેમાંથી આગળ ભરતીની પ્રક્રિયા કરીશું અને તેના પછી ત્રણ પરીક્ષાના પેપર લઇશું પહેલાં આપણે સીઆરપીસી, એવિડન્સ એક્ટ, આઇપીસી, સાયકોલોજી જેવા વિષયોના પણ પ્રશ્નો એમસીકયુમાં પૂછતાં હતા પરંતુ આ વખતે ટ્રેનિંગમાં આ બધુ શીખવાડવામાં આવે છે એટલે આ વખતે તેના સિવાયના સામાન્ય જ્ઞાનના અને ટેકનિકલ જ્ઞાનના એ લેખિત નિબંધાત્મક એટલે કે ડિસ્ક્રિપ્ટિવ પ્રકારના પેપર કારણ કે આમાં સ્કીલની વધારે જરૂર હોય છે અને જે ગ્રૂપ–બી છે તેમાં આપણે એમસીકયુની પરીક્ષા લેવાની છે.

### ભરૂચ જિલ્લામાં તલાટી કમ–મંત્રીનું મહેકમ

*** 15/4/561** શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી(પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તલાટી કમ મંત્રીની કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે. અને | (૧) ભરાયેલ: ૪૮૫, ખાલી: ૧૧૪ |
| (૨) આ ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં તાલુકાવાઇઝ તલાટી કમ મંત્રીની કેટલી જગ્યા ભરેલી છે? અને કેટલી જગ્યાઓ ખાલી છે? અને ખાલી જગ્યા ભરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ભરૂચ જિલ્લાના તલાટી કમ મંત્રીઓની જગ્યા તાલુકાવાર જગ્યા ભરેલી, ખાલી અને ભરવા માગો છો તે વાત કરી છે તો માનનીય સભ્યશ્રીને મારે જણાવવાનું કે, આ જગ્યાઓ માટે ભરૂચ તાલુકાની અંદર મંજૂર થયેલી જગ્યા ૧૧૩ છે એ પૈકીની ૯૨ ભરેલી છે અને ૨૧ ખાલી છે. અંકલેશ્વર તાલુકામાં ૭૩ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૬૬ ભરેલી છે અને ૭ ખાલી છે. જંબુસર તાલુકામાં ૯૦ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૭૦ ભરેલી છે અને ૨૦ ખાલી છે. વાગરા તાલુકામાં ૬૪ જગ્યાઓ મંજૂર કરેલી છે ૪૮ ભરેલી છે અને ૧૬ ખાલી છે. આમોદ તાલુકામાં ૫૮ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૩૯ ભરેલી છે અને ૧૯ જગ્યાઓ ખાલી છે. હાંસોટ તાલુકાની અંદર ૪૫ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૩૩ જગ્યાઓ ભરેલી છે અને ૧૨ જગ્યાઓ ખાલી છે. એવી જ રીતે નેત્રંગ તાલુકાની અંદર ૩૦ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૪ જગ્યાઓ ખાલી છે અને ૨૬ જગ્યા ભરેલી છે. ઝઘડિયા તાલુકાની અંદર ૮૫ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૭૫ ભરેલી છે અને ૧૦ જગ્યાઓ ખાલી છે. વાલીયા તાલુકામાં ૪૧ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૩૬ ભરેલી છે અને ૫ ખાલી છે. આમ, ૫૯૯ જગ્યાઓ મંજૂર થયેલી છે તે પૈકીની ૪૮૫ જગ્યાઓ અમે ભરેલી છે અને ૧૧૪ જગ્યાઓ ખાલી છે તેમાં મારે કહેવાનું કે જિલ્લાફેર જે થયા તેમાં સૌથી વધારે જગ્યાઓ ભરૂચમાંથી ગઇ છે અને તેના માટે ૧૧૪ જગ્યાઓ છે તેમાં મારા રાજયના વહીવટી તંત્રના માધ્યમથી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા પ્રથમ વેઇટિંગ લિસ્ટની જે જાહેરાત કરેલી છે તેમાંથી ૬૯ જગ્યાઓ હમણાં તેમણે જિલ્લાને ફાળવી આપેલી છે એટલે માત્ર ૪૫ જગ્યાઓ ખાલી રહે છે અને ૯ તાલુકા છે એટલે એવરેજ ૫ જગ્યા ખાલી છે વ્યવસ્થા તેમાંથી કરીશું. અને આગામી અમારું દસ વર્ષનું ભરતી કેલેન્ડર છે તેમાં ભરીને માનનીય સભ્યશ્રીની જે લાગણી છે જિલ્લાની અંદર વહેલી તકે આ જગ્યાઓ અમે ભરી અને પૂરી કરીશું.

## તારાંકિત પ્રશ્નો

### દેવભૂમિ દ્વારકા અને વડોદરા જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો

***15/4/608: શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા** (પાદરા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા અને વડોદરા જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું, | (૧) અને (૨) | પત્રક મુજબ |
| (૨) | તેની કિંમત કેટલી છે, અને | | |
| (૩) | ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી? | (૩) | |

| જિલ્લાના નામ | ધરપકડ કરી |
|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૧૫ |
| વડોદરા શહેર | ૫૮ |
| વડોદરા ગ્રામ્ય | ૨૯ |

------

**પત્રક**

| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | | | |
|---|---|---|---|
| **જિલ્લાના નામ** | **ડ્રગ્સનો પ્રકાર** | **જથ્થો** | **કિંમત(રૂ.)** |
| દેવભૂમિ દ્વારકા | એમ.ડી | ૧૭ ગ્રામ ૬૫૦ મીલી | ૧,૭૬,૫૦૦/- |
| | હેરોઇન | ૧૦ ગ્રામ ૨૦૨ મીલી | ૫,૦૧,૦૦૦/- |
| | ગાંજો | ૫ કિલો ૭૪૨ ગ્રામ | ૫૭,૪૨૦/- |
| | કફસીરપ (બોટલ) | ૧૬૨૨ નંગ | ૨,૪૦,૨૫૪/- |
| | ટ્રામાડોલ કેપ્સ્યુલ | ૧૨૦૦ નંગ | ૮,૮૫૦/- |
| વડોદરા શહેર | ગાંજો | ૫૧ કિલો ૪૬૬ ગ્રામ ૬૪ મિલી | ૫,૧૫,૩૯૫/- |
| | ચરસ | ૩ કિલો ૮૦ ગ્રામ | ૪,૬૨,૦૩૮/- |
| | અફીણ | ૬૭ ગ્રામ ૭૦ મીલી | ૬,૭૭૦/- |
| | હેરોઇન | ૧૬૧ ગ્રામ ૬૫ મીલી | ૮,૦૮,૨૫૦/- |
| | મેફેડ્રોન | ૫૬૩ ગ્રામ ૨૭ મીલી | ૫૬,૩૨,૭૦૦/- |
| વડોદરા ગ્રામ્ય | ગાંજો | ૪૩ કિલો ૪૪૨ ગ્રામ | ૪,૩૪,૪૨૦/- |
| | અફીણ | ૧ કિલો ૯૬૬ ગ્રામ | ૧,૯૬,૬૦૦/- |
| | મેફેડ્રોન | ૨૫૩ ગ્રામ ૭૫ મીલી | ૨૫,૩૭,૫૦૦/- |
| | પોશડોડા | ૨૨૯૩ કિલો ૪૬૦ ગ્રામ | ૬૮,૮૦,૩૮૦/- |

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા અને વડોદરા જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું, તેની કિંમત કેટલી છે અને તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી છે? ગુજરાત રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩માં એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ હેઠળ કેટલા કેસ કરવામાં આવ્યા છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩માં એન.ડી.પી.એસ. એક્ટ-૧૯૮૫ હેઠળ કુલ ૫૧૨ કેસો કરવામાં આવ્યા છે. જેમાં ૭૮૫ આરોપીઓને પકડવામાં આવ્યા છે. જેમાં ૩૨૫૯૦ કિલોગ્રામ અલગ-અલગ પ્રકારના ડ્રગ્સ પકડવામાં આવ્યા છે. જેમ કે ગાંજો, અફીણ, ચરસ, હેરોઇન, બ્રાઉન સુગર અને સિન્થેટિક ડ્રગ્સ. એની કુલ રકમ રૂ.૫૩૩૮ કરોડ થાય છે. ડ્રગ્સ પકડવામાં ગુજરાત પોલીસની સફળતા માત્ર ગુજરાત રાજ્યમાં જ ઓપરેશન કરીને મળી છે એવું નથી પણ પશ્ચિમ બંગાળના પોર્ટથી લઇને પંજાબની જેલમાં ચાલતા અનેક ષડયંત્ર થકી ગુજરાતમાં ડ્રગ્સ મોકલવાનો પ્રયાસ કરવામાં આવતો હતો ત્યાં પણ ગુજરાત એ.ટી.એસ. અને પંજાબ પોલીસે સાથે મળીને આ ઓપરેશન કરાવીને ગુજરાત નહિ પણ દેશ ભરના અનેક રાજ્યોના યુવાનોનું જીવન બચાવવાની કામગીરી ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી છે. ડ્રગ્સ સામે ગુજરાત માત્ર એક અભિયાન નથી ચલાવી રહ્યું પણ આપણે એક જંગ લડી રહ્યા છીએ. આ જંગ લડવામાં ગુજરાત પોલીસના અનેક જવાનો ભારત- પાકિસ્તાનની બોર્ડર પર રાત-દિવસ નાની-

નાની હોડીઓમાં પાકિસ્તાનથી આવતા ડ્રગ્સના રેકર્ડને પકડવામાં લાગેલા હોય છે. ગુજરાત નહિ પણ દેશના ઈતિહાસમાં ખૂબ જ મોટી સફળતા ગત બે વર્ષમાં આપણને મળી છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં માત્ર કાયદાકીય ઓપરેશન અને કડક કાર્યવાહી નહિ પણ સામાજિક સંસ્થાઓને સાથે લઇને આ સામાજિક દૂષણને દૂર કરવા માટેનો પ્રયાસ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. એ જ રીતે દેવભૂમિ દ્વારકા અને વડોદરાનો આંકડો પણ ખૂબ મહત્ત્વનો છે. આ બંને જિલ્લાઓમાં પણ આ જ પ્રકારના મહત્ત્વના ઓપરેશન કરવામાં આવ્યા છે. દેવભૂમિ દ્વારકામાં દરિયાઇ સીમા લાગતી હોવાથી એ વિસ્તારને આપણે વધારે વિજિલન્ટ રાખ્યો છે અને વડોદરામાં ખાસ કરીને એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટમાં આ બાબતની કામગીરી વધારે ગંભીરતાપૂર્વક કરી રહ્યા છીએ.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન દેવભૂમિ દ્વારકા અને વડોદરા જિલ્લાનો છે પણ માનનીય મંત્રીશ્રી અમારા સુરતના છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ આખા રાજ્યનો સ્કોપ ઓપન કર્યો છે એટલા માટે માનનીય ધારાસભ્યશ્રીઓ બોલી શકે. એમણે જિલ્લા પૂરતો જવાબ આપ્યો હોત તો બરાબર છે પણ એમણે પોતે જ સ્કોપ ઓપન કર્યો છે એટલે હવે તમે રાજ્યનો પ્રશ્ન પણ પૂછી શકો.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાત રાજ્યમાં સુરત શહેરમાં એન.ડી.પી.એસ. એક્ટ, ૧૯૮૫ હેઠળ ધરપકડ કરવામાં આવેલ આરોપી (૧) અનિલ વૃંદાવન પાંડી અને (૨) સુનિલ વૃંદાવન પાંડી વિરુદ્ધ કેટલા ગુના દાખલ કરવામાં આવેલ છે? તથા આ આરોપીઓ દ્વારા ગેરકાયદેસર રીતે સંપાદિત કરેલ મિલકત અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અનિલ વૃંદાવન પાંડી અને સુનિલ વૃંદાવન પાંડી બંને ઓરિસ્સાના રહેવાસી છે. ઓરિસ્સાથી ગુજરાતમાં ગાંજો મોકલવાનું ખૂબ મોટું ષડયંત્ર આ બંને ભાઇઓ દ્વારા ચલાવવામાં આવતું હતું. આપણે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ આ બંને ભાઇઓ પર બે ગુના દાખલ કર્યા છે. આ દેશનો પહેલો એવો કેસ છે કે જે એન.ડી.પી.એસ. એક્ટ અંતર્ગત ગુનાઓ દાખલ કર્યા પછી ગુજરાત અને ઓરિસ્સા પોલીસે સાથે મળીને આ બંને ભાઇઓની પ્રોપર્ટી સીઝ કરવામાં સુરત પોલીસને ખૂબ મોટી સફળતા મળી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### વડોદરા શાખા નહેર પરના સોલર આધારિત વીજ મથકની ક્ષમતા

15/4/591: **શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ મહેતા (ડભોઇ): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા કેનાલની વડોદરા શાખા નહેર પરના સોલર આધારિત વીજ મથકની ક્ષમતા કેટલી છે, અને | (૧) | ૩૫ મેગા વોટ |
| (૨) | તેનાથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી વીજળી ઉત્પન્ન થયેલ છે? | (૨) | ૯૪.૨૯૪ મિલિયન યુનિટ. |

### સરકારી ભરતીના પેપરો ફુટવા બાબત

15/4/617 : **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૨/૨૦૨૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૫૬ (અગ્રતા-૫૩) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન**

(૧) સરકાર / સરકારી એજન્સીઓ દ્વારા કરવામાં આવતી ભરતી પરીક્ષામાં પેપરલીક બાબતે નોંધાયેલ ત્રણ ગુનામાં ૨૦ ગુનેગારોને પકડવાના બાકી હતા તે પૈકી કેટલા ગુનેગારોને તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પકડવામાં આવ્યા અને કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે,

**જવાબ**

(૧)

| પકડવામાં આવેલ ગુનેગારો | પકડવાના બાકી ગુનેગારો |
|---|---|
| ૧૨ | ૦૮(તે પૈકી બે ગુનેગારો સામેની એફ.આઇ.આર. નામ. કોર્ટે રદ કરેલ છે.) |

(૨) ઉક્ત બાકી ગુનેગારો કઇ ભરતી પરીક્ષાનું પેપર લીકના ગુનામાં સંડોવાયેલા છે, અને

(૨)
- ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત, હેડ ક્લાર્કની પરીક્ષા.
- DGVCL ની વિદ્યુત સહાયક (ઇલેક્ટ્રિકલ આસિસ્ટંટ) ની પરીક્ષા.

- ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત સબ ઓડીટર / સબ એકાઉન્ટન્ટની પરીક્ષા.
- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત જુનીયર ક્લાર્ક વહીવટ હિસાબ વર્ગ–૩ ની પરીક્ષા.

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત બાકી ગુનેગારોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) | બાકી ઇસમોને પકડવા, મિત્ર વર્તુળ / સગા સંબંધીઓમાં તપાસ કરાવવામાં આવેલ છે, મોબાઇલ તેમજ ટેક્નિકલ સર્વેલન્સ આધારે આરોપીઓ વિશે માહિતી મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ બાતમીદારો થકી આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે. |

**ખેડબ્રહ્મા તાલુકામાં મંજૂર થયેલ રસ્તાઓના કામ**

15/4/109**: ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે,

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં માર્ગ–મકાન વિભાગ હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓના કામ પૂર્ણ થયેલ નથી તે હકીકત સાચી છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, હોય તો તેના કારણો શું છે, અને | (૨) | મુખ્યત્વે ખાનગી/જંગલ જમીન ન મળવાના કારણે. |
| (૩) | આ મંજૂર થયેલ રસ્તાઓની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) | જમીન પ્રશ્નો ઉકેલ આવ્યેથી બનતી ત્વરાએ. |

સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી

15/4/614**:** ગેનીબેન નગાજી ઠાકોર (વાવ): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંક–૩૩૬૭ (અગ્રતા–૧૦૫) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૦.૯૩ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૧૭૧.૬૮ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૧૦૭૦.૮૪ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૪૭૩૨.૧૯ કિ.મી. લંબાઇમાં કામો બાકી હતા તે પૈકી કયા પ્રકારની કેનાલનું કેટલા કિ.મી.નું કામ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યું, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ જે કામો બાકી હતા તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરના ૦.૨૯ કિ.મી., વિશાખા નહેરના ૧૪.૨૯ કિ.મી., પ્રશાખા નહેરના ૬૪.૮૨ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરના ૧૭૧.૮૩ કિ.મી. લંબાઇમાં કામ પૂર્ણ કરવામાં આવ્યું, |
| (૨) | ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેનાલની કેટલા કિ.મી.ની કામગીરી બાકી છે, અને | (૨) | તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઇ ૨૬૮૦.૨૪ પૈકી ૦.૬૪ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૪૬૧૯.૧૬ પૈકી ૧૫૭.૩૯ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૧૫૫૮૨.૯૭ પૈકી ૧૦૦૬.૦૨ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૪૬૧૫૬.૭૨ પૈકી ૪૫૬૦.૩૬ કિ.મી. લંબાઇમાં કામ બાકી છે.<br>અંદાજીત લંબાઇ માં વધઘટ થવાનો સંભવ છે. |
| (૩) | ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) | નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીનસંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપલાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.<br>પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત**

15/4/211 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે દુકાનો લીઝ પેટે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો ક્યારે, કેટલી દુકાનો, કેટલા સમય માટે, કયા દરે લીઝ પેટે આપવામાં આવેલ છે, | (૨) | પત્રક–૧ મુજબ |
| (૩) | ઉક્ત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) | ના |
| (૪) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઇ ? | (૪) | રાજ્ય સરકારને આવક થતી નથી. |

**પત્રક–૧**

| ક્રમ | ક્યારે | કેટલી દુકાનો | કેટલા સમય માટે | કયા દરે |
|---|---|---|---|---|
| ૧ | તા.૧૮/૦૨/૨૦૨૦ | ૨ | ૫ વર્ષ માટે | રૂ.૫,૦૦,૦૦૦/– પ્રતિ વર્ષ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |
| ૨ | તા.૦૬/૦૩/૨૦૨૦ | ૧ | પ્રથમ તબક્કામાં ૨ વર્ષ અને ત્યારબાદ બે તબક્કામાં ૧–૧ વર્ષ માટે | પહેલા બે વર્ષ માટે રૂ.૮,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૩%, બે માંથી જે વધારે હોય તે દરે. ત્રીજા વર્ષ માટે રૂ.૨૦,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે ચોથા વર્ષ માટે રૂ.૨૨,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |

**ખેડા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ભરવા બાબત**

**15/4/571** શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | મંજૂર: ૦૨, ભરાયેલ: ૦૨, ખાલી: ૦ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) | મંજૂર: ૦૨, ભરાયેલ: ૦૨, ખાલી: ૦ |
| (૩) | આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ**

**15/4/576** શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી(પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

પ્રશ્ન જવાબ

| | | | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં પશુધન નિરિક્ષકની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | ૧૭ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) | ૧૪ |
| (૩) | કેટલી જગ્યા ખાલી છે ? | (૩) | ૦૩ |

**પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદર/ભાડાથી સરકારી જમીન**

**15/4/643 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થા સ્વામીનારાયણ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને ૪૦,૦૦૦ ચો.મી. જમીન ટોકનદર/ભાડાથી આપવામાં આવેલ તે જમીન શરતભંગ થતાં જમીનના આકારના ૧૦ પટ દંડ કરવા તથા હુકમની તારીખથી બે વર્ષમાં ઇજનેરી કોલેજ શરૂ કરવા માટે તા.૧૦/૧૧/૨૦૨૦ ના હુકમ કરવામાં આવેલ તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કયારે ઇજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ છે | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઈજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ નથી. |
| (૨) | ઉકત સ્થિતિએ ઇજનેરી કોલેજ શરૂ થયેલ ન હોય તો શરતભંગ બદલ અને જમીન પરત લેવા કયારે શા પગલાં લીધા? | (૨) | સવાલવાળી જમીનની સ્થળ ખરાઇ કરેલ છે. જેમાં શરતભંગ થતો હોવાથી કલે.શ્રીના તા.૨૫/૦૧/૨૦૨૪ના પત્રથી શરતભંગ અંગેની કાર્યવાહી માટે મામલતદારશ્રી – પોરબંદર(શહેર)ને સૂચના આપવામાં આવેલ છે. |

અમદાવાદ મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ

**15/4/589** શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે, | **(૧)** | અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ.૯૯૮.૧૨ કરોડ અને વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૧૦૬૫.૬૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| **(૨)** | તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને | **(૨)** | તે અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩માં ૩૧૮ કામો તથા ૨૦૨૩–૨૪માં ૨૫૩ કામો મંજૂર થયેલ છે. |
| **(૩)** | તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે? | **(૩)** | તે પૈકી વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૭૬ કામો તથા વર્ષ ૨૦૨૩–૨૪માં ૩૪ કામો પૂર્ણ થયેલ છે. |

**સુરત જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ભરવા બાબત**

**15/4/572** શ્રી સંદીપ દેસાઇ (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | **મંજૂર** / **ભરાયેલ** / **ખાલી**: ૦૩ / ૦૩ / ૦ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) | **મંજૂર** / **ભરાયેલ** / **ખાલી**: ૦૩ / ૦૩ / ૦ |
| (૩) | આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

# અતારાંકિત પ્રશ્નો

**લાખેણી ડીસ્ટ્રી(એલ.ડી.-૧૯)ની કરીયાણી માઈનોર-૩ની લંબાઈ**

15/4/592: **મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા (ગઢડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | બોટાદ શાખા નહેરની લાખેણી ડેસ્ટ્રી (એલ.ડી.-૧૯)ની કારીયાણી માઈનોર-૩ ની કુલ લંબાઈ કેટલી છે, | (૧) | બોટાદ શાખા નહેરની લાખેણી ડીસ્ટ્રી (એલ.ડી.-૧૯) ની કારીયાણી માઈનોર-૩ની કુલ લંબાઈ ૨૬૦૪ મીટર છે. |
| (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આ માઈનોરમાં કુલ કેટલી લંબાઈમાં બાંધકામ પૂર્ણ થયેલ છે, અને | (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આ માઈનોરમાં કુલ ૨૬૦૪ મીટર લંબાઈમાં બાંધકામ પૂર્ણ થયેલ છે. |
| (૩) | સદરહું માઈનોરમાં કુલ કેટલી લંબાઈમાં પાણીનું વહન થાય છે? | (૩) | સદરહું માઈનોરમાં કુલ ૨૬૦૪ મીટર લંબાઈમાં પાણીનું વહન થાય છે |

**કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત**

15/4/202 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી** (માણાવદર)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે દુકાનો લીઝ પેટે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો ક્યારે, કેટલી દુકાનો, કેટલા સમય માટે, કયા દરે લીઝ પેટે આપવામાં આવેલ છે, | (૨) | પત્રક-૧ મુજબ |
| (૩) | ઉક્ત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) | ના |
| (૪) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઈ ? | (૪) | રાજ્ય સરકારને આવક થતી નથી. |

-------

**પત્રક-૧**

| ક્રમ | ક્યારે | કેટલી દુકાનો | કેટલા સમય માટે | કયા દરે |
|---|---|---|---|---|
| ૧ | તા.૧૮/૦૨/૨૦૨૦ | ૨ | ૫ વર્ષ માટે | રૂ.૫,૦૦,૦૦૦/- પ્રતિ વર્ષ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |
| ૨ | તા.૦૬/૦૩/૨૦૨૦ | ૧ | પ્રથમ તબક્કામાં ૨ વર્ષ અને ત્યારબાદ બે તબક્કામાં ૧-૧ વર્ષ માટે | પહેલા બે વર્ષ માટે રૂ.૮,૦૦૦/- પ્રતિ માસ અથવા કુલ આવકના ૩%, બે માંથી જે વધારે હોય તે દરે.<br>ત્રીજા વર્ષ માટે રૂ.૨૦,૦૦૦/- પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે<br>ચોથા વર્ષ માટે રૂ.૨૨,૦૦૦/- પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |

**છોટાઉદેપુર જિલ્લામાં પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ**

**15/4/575 શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા (જેતપુર (એસ.ટી.))** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પશુધન નિરિક્ષકની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | ૧૪ |

| | | | |
|---|---|---|---|
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યા ભરાયેલ છે, અને | (૨) | ૧૪ |
| (૩) | કેટલી જગ્યા ખાલી છે ? | (૩) | ૦૦ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાણાકીય ઉચાપાતના કારણે આત્મહત્યા**

**15/4/633: શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** (જામજોધપુર):**માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાડથર ગામના કેટલી વ્યક્તિઓએ પોતાની સાથે થયેલ નાણાકીય ઉચાપાતના કારણે આત્મહત્યા કરી, | (૧) | ૧ (એક) વ્યક્તિ. |
| (૨) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમો સામે શા પગલાં લીધાં, અને | (૨) | તમામ ૮ (આઠ) ઈસમો સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી તેઓ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોને પકડવાના બાકી છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

**અમદાવાદ સેન્ટ્રલ જેલમાંથી કેદીઓને સજા માફી**

15/4/611 **શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી વર્ષવાર કેટલા કેદીઓને સજા માફી આપીને વહેલા છોડવામાં આવ્યા, અને | (૧) | (see table below) |
| (૨) | ઉક્ત સજા માફીના કારણો શાં છે? | (૨) | ચૌદ વર્ષની કોરી સજા ભોગવેલ હોય તેવા, દયાની અરજી પર વિચારણા કરીને અને 'આઝાદી કા અમૃત મહોત્સવ' હેઠળ જાહેર થયેલ ખાસ માફીની યોજનામાં પાત્રતા ધરાવતાં કેદીઓના કેસમાં મળેલ અભિપ્રાયોને ધ્યાને લઇ સજા માફી આપેલ છે. |

| **વર્ષ** | **વહેલા છોડવામાં આવેલ કેદીઓની સંખ્યા** |
|---|---|
| ૨૦૨૨ | ૧૦ |
| ૨૦૨૩ | ૪૩ |

---------------------

**અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મહેકમ**

**15/4/566 શ્રી શિવાભાઈજેરામભાઈગોહિલ** (મહુવા) **: માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

| | **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલુ છે, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩) | ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ? | (૩) જી.પી.એસ.સી./ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, સરકારી વહીવટમાં ભરતીની સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે આ જગ્યાઓ નિયમ મુજબ ભરવામાં આવે છે. |

-----------------------

પત્રક-૧

| ક્રમ | સંવર્ગનુ નામ | મંજૂર થયેલ મહેકમ | | | |
|---|---|---|---|---|---|
| | | અમદાવાદ જિલ્લાની કચેરીઓ | | | |
| | | આરટીઓ અમદાવાદ (સુભાષબ્રીજ) | એઆરટીઓ અમદાવાદ (પૂર્વ) (વસ્ત્રાલ) | એઆરટીઓ અમદાવાદ (ગ્રામ્ય) (બાવળા) | આરટીઓ ભાવનગર |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી,વર્ગ–૨ | ૦૭ | ૦૩ | ૦૨ | ૦૪ |
| ૩ | મોટરવાહન પ્રોસીક્યુટર,વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૪ | હિસાબી અધિકારી, વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૫ | મામલતદાર,વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | વહીવટી અધિકારી, વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૭ | મોટરવાહનનિરીક્ષક,વર્ગ–૨ | ૨૨ | ૧૨ | ૦૯ | ૦૮ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ–૩ | ૩૧ | ૧૨ | ૧૨ | ૧૩ |
| ૯ | જનસંપર્ક અધિકારી,વર્ગ–૩ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૧૦ | હેડકલાર્ક વર્ગ–૩ | ૧૦ | ૦૪ | ૦૨ | ૦૩ |
| ૧૧ | સિનિયર કલાર્ક વર્ગ–૩ | ૨૨ | ૦૬ | ૦૪ | ૦૬ |
| ૧૨ | જુનીયરકલાર્ક વર્ગ–૩ | ૮૭ | ૨૦ | ૦૭ | ૨૦ |
| ૧૩ | હિસાબનીશ વર્ગ–૩ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૧૪ | સબ ઓડીટર વર્ગ–૩ | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૧૫ | સ્ટેનો ગ્રેડ–૨ વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૬ | સર્કલ ઓફીસર વર્ગ–૩ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૭ | સંશોધન મદદનીશ વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૮ | આંકડામદદનીશ વર્ગ–૩ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૧૯ | ડ્રાઇવર વર્ગ–૩ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૦ | નાયક વર્ગ–૪ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૧ | પટાવાળા વર્ગ–૪ | ૨૦ | ૦૫ | ૦૦ | ૦૭ |
| ૨૨ | વોચમેન વર્ગ–૪ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |

પત્રક–૨

| ક્રમ | સંવર્ગનુ નામ | અમદાવાદ જિલ્લાની કચેરીઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આરટીઓ અમદાવાદ (સુભાષબ્રીજ) | | એઆરટીઓ અમદાવાદ (પૂર્વ) (વસ્ત્રાલ) | | એઆરટીઓ અમદાવાદ (ગ્રામ્ય)(બાવળા) | | આરટીઓ ભાવનગર | |
| | | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | ભરેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ–૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વા.વ્ય. અધિકારી,વર્ગ–૨ | ૦૩ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૩ | મોટર વાહન પ્રોસી.,વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૪ | હિસાબી અધિકારી,વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૫ | મામલતદાર,વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | વહીવટીઅધિકારી,વર્ગ–૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૭ | મોટરવાહનનિરીક્ષક,વર્ગ–૨ | ૧૮ | ૦૪ | ૧૧ | ૦૧ | ૦૭ | ૦૨ | ૦૪ | ૦૪ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ–૩ | ૨૩ | ૦૮ | ૧૦ | ૦૨ | ૦૮ | ૦૪ | ૧૩ | ૦૦ |
| ૯ | જનસંપર્કઅધિકારી,વર્ગ–૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૧૦ | હેડકલાર્ક વર્ગ–૩ | ૦૩ | ૦૭ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૧૧ | સિનિયર કલાર્ક વર્ગ–૩ | ૦૯ | ૧૩ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૩ | ૦૩ |
| ૧૨ | જુનીયર કલાર્ક વર્ગ–૩ | ૫૭ | ૩૦ | ૧૨ | ૦૮ | ૦૪ | ૦૩ | ૧૬ | ૦૪ |
| ૧૩ | હિસાબનીશ વર્ગ–૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૪ | સબ ઓડીટર વર્ગ–૩ | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૫ | સ્ટેનોગ્રેડ–૨ વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૬ | સર્કલ ઓફીસર વર્ગ–૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૭ | સંશોધન મદદનીશ વર્ગ–૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૮ | આંકડા મદદનીશ વર્ગ–૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૯ | ડ્રાઇવર વર્ગ–૩ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૨૦ | નાયક વર્ગ–૪ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૧ | પટાવાળા વર્ગ–૪ | ૧૬ | ૦૪ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૫ |
| ૨૨ | વોચમેન વર્ગ–૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |

માઘ ૧૯, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત**

15/4/183 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** (ચાણસ્મા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે.–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે કેટલી દુકાનો લીઝ પેટે ક્યારે, કયા દરથી આપવામાં આવેલ છે, | (૧) | પત્રક–૧ મુજબ |
| (૨) | ઉક્ત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) | ના |
| (૩) | જો ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં ન આવેલ હોય તો તેના કારણો શા છે અને તેના માટે જવાબદારો સામે શા પગલાં લીધાં ? | (૩) | કેવડીયા જંગલ સફારી (સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક) સોસાયટીની તા.૦૯/૦૩/૨૦૨૧ ની ગવર્નીંગ બોડીની બેઠકમાં ઉક્ત દુકાનોને ફાળવણી કરવા માટેના કરારને મંજૂરી આપવામાં આવેલ છે તેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>------- |

**પત્રક–૧**

| **ક્રમ** | **કેટલી દુકાનો** | **ક્યારે** | **કયા દરે** |
|---|---|---|---|
| ૧ | ૨ | તા.૧૮/૦૨/૨૦૨૦ | રૂ.૫,૦૦,૦૦૦/– પ્રતિ વર્ષ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |
| ૨ | ૧ | તા.૦૬/૦૩/૨૦૨૦ | પહેલા બે વર્ષ માટે રૂ.૮,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૩%, બે માંથી જે વધારે હોય તે દરે.<br>ત્રીજા વર્ષ માટે રૂ.૨૦,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે<br>ચોથા વર્ષ માટે રૂ.૨૨,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |

**નવસારી જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ**

15/4/581 **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે, -

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો–૮) હેઠળ શહેરી વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | (૧) | ૧૨ |
| (૨) | આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી. | (૨) | ૫૬ |
| (૩) | આ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાં કેટલી અરજીઓ આવી, અને | (૩) | ૮૦૧૫ |
| (૪) | તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૪) | ૮૦૧૫ |

**સુરત જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત**

15/4/585 **શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| સરકારી જમીન ફાળવણીનો હેતુ | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૧ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | ૭ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૧ |

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

(૨)

| સરકારી જમીન ફાળવણીનો હેતુ | ફાળવણી કરવામાં આવેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૨૫૦૦ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | ૨૩૭૭ |
| સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૨૧૩૩૧ |

----------

**અમદાવાદ શહેરમાં ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત)ના કાયદા હેઠળ નોંધાયેલ ગુનાઓ**

15/4/631: **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) ના કાયદા હેઠળ કેટલા ગુનાઓ નોંધાયા,

(૧) ૦૧ (એક)

(૨) ઉક્ત ગુનામાં સંડોવાયેલા ઈસમો પાસેથી કઈ પરીક્ષાની કેટલી ઉત્તરવહીઓ મળી આવેલ છે,

(૨)

| **પરીક્ષાનું નામ** | **મળી આવેલ ઉત્તરવહીની સંખ્યા** |
|---|---|
| બી.એસ.સી. નર્સીંગ ચોથું વર્ષ | ૩૮ |

(૩) ઉક્ત ગુનાઓમાં સંડોવાયેલા કેટલા ઈસમોને ઉક્ત સ્થિતિએ પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે, અને

(૩)

| **પકડવામાં આવેલ ઈસમો** | **પકડવાના બાકી ઈસમો** |
|---|---|
| ૦૩ | ૨૨ |

(૪) ઉક્ત બાકી ઈસમોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) પકડવાના બાકી આરોપીઓની ટેકનિકલ એનાલીસીસ આધારે અને આરોપીઓના મિત્ર વર્તુળ તેમજ સગાસંબંધીઓની તપાસ કરવામાં આવેલ છે. બાતમીદારો થકી આરોપીઓની તપાસ કરવામાં આવેલ છે.

----------

**જામનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ બાબત**

**15/4/583 શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** | **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ કેટલી હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧) ૪૦૬૪

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| | |
|---|---|
| પાડવામાં આવેલ નોંધો | ૫૭૮૭૬ |
| મંજૂર કરેલ નોંધો | ૫૨૭૨૯ |
| નામંજૂર કરેલ નોંધો | ૧૦૮૩ |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

(૩)

| | |
|---|---|
| (૧) | ટૂકડાધારાનો ભંગ થતો હોવાથી |
| (૨) | કોર્ટકેસ થયેલ હોવાથી |
| (૩) | ઓનલાઇન વારસાઇનાં કિસ્સામાં મરણ પ્રમાણપત્ર તથા પેઢીઆંબો રજૂ થયેલ ન હોવાથી |

| | |
|---|---|
| (૪) | વેચાણ નોંધોમાં ખરીદનાર દ્વારા મુળથી ખાતેદાર હોવા અંગેના આધારો તથા ખાતેદાર ખેડૂત પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોવાથી |
| (૫) | વહેંચણી /ભાયુભાગની નોંધોમાં પુન:વહેંચણીના કિસ્સામાં અરજદાર દ્વારા સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ થયેલ ન હોવાથી |
| (૬) | બોજા મુક્તિનાં કિસ્સામાં અરજદારશ્રી દ્વારા બોજા મુક્તિનું અસલ પ્રમાણપત્ર રજૂ કરવામાં ન આવેલ હોવાનાં કારણે |
| (૭) | હક કમીની નોંધમાં ૧૩૫ ડી નોટિસ બજ્યા વગર પરત આવેલ હોય. |

----------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મહેકમ

15/4/567 **શ્રી મહેન્દ્રભાઈ રમેશભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલુ છે. | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ઉક્ત ખંડ-૨ના જવાબમાં હિંમતનગર આરટીઓ કચેરીની પટાવાળાની ખાલી રહેલ ૦૩ જગ્યાઓ પૈકી ૦૨ જગ્યાઓ ચેકપોસ્ટો નાબુદ થવાના કારણોસર રદ કરવાની પ્રક્રિયા ચાલુ છે. બાકીની જગ્યાઓ માટે જણાવવાનું કે, જી.પી.એસ.સી./ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય, સરકારી વહીવટમાં ભરતીની સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે આ જગ્યાઓ નિયમ મુજબ ભરવામાં આવે છે. |

-------------------------------------

પત્રક-૧

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | |
|---|---|---|---|
| | | એ.આર.ટી.ઓ. અરવલ્લી (મોડાસા) | આર.ટી.ઓ. હિંમતનગર (સાબરકાંઠા) |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૧) | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ-૨) | ૦૧ | ૦૪ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૨) | ૧૨ | ૧૧ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ-૩) | ૧૦ | ૧૬ |
| ૫ | જનસંપર્ક અધિકારી (વર્ગ-૩) | ૦૦ | ૦૧ |
| ૬ | હેડ ક્લાર્ક (વર્ગ-૩) | ૦૦ | ૦૨ |
| ૭ | સિનિયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૨ | ૦૪ |
| ૮ | જુનીયર ક્લાર્ક (વર્ગ-૩) | ૦૬ | ૧૫ |
| ૯ | હિસાબનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૦ | સબ ઓડીટર (વર્ગ-૩) | ૦૦ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર (વર્ગ-૩) | ૦૦ | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૩ | ડ્રાઈવર (વર્ગ-૩) | ૦૧ | ૦૧ |
| ૧૪ | નાયક (વર્ગ-૪) | ૦૦ | ૦૧ |
| ૧૫ | પટાવાળા (વર્ગ-૪) | ૦૧ | ૦૬ |
| ૧૬ | વોચમેન (વર્ગ-૪) | ૦૦ | ૦૧ |

પત્રક- ૨

| અ.નં. | સંવર્ગનું નામ | એ.આર.ટી.ઓ. અરવલ્લી (મોડાસા) | | આર.ટી.ઓ. હિંમતનગર (સાબરકાંઠા) | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ–૧) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (વર્ગ–૨) | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૩ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક (વર્ગ–૨) | ૧૨ | ૦૦ | ૧૦ | ૦૧ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ–૩) | ૦૯ | ૦૧ | ૧૦ | ૦૬ |
| ૫ | જનસંપર્ક અધિકારી (વર્ગ–૩) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૬ | હેડ ક્લાર્ક (વર્ગ–૩) | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૭ | સિનિયર ક્લાર્ક (વર્ગ–૩) | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૧ |
| ૮ | જુનીયર ક્લાર્ક (વર્ગ–૩) | ૦૪ | ૦૨ | ૧૫ | ૦૦ |
| ૯ | હિસાબનીશ (વર્ગ–૩) | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૦ | સબ ઓડીટર (વર્ગ–૩) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર (વર્ગ–૩) | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૨ | આંકડા મદદનીશ (વર્ગ–૩) | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૩ | ડ્રાઇવર વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૧૪ | નાયક વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૫ | પટાવાળા વર્ગ–૪ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૩* |
| ૧૬ | વોચમેન વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |

**કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત**

15/4/208 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:–**

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે દુકાનો લીઝ પેટે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો ક્યારે, કેટલી દુકાનો, કેટલા સમય માટે, કયા દરે લીઝ પેટે આપવામાં આવેલ છે, | (૨) | પત્રક–૧ મુજબ |
| (૩) | ઉક્ત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) | ના |
| (૪) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઇ ? | (૪) | રાજ્ય સરકારને આવક થતી નથી. |

**પત્રક–૧**

| **ક્રમ** | **ક્યારે** | **કેટલી દુકાનો** | **કેટલા સમય માટે** | **કયા દરે** |
|---|---|---|---|---|
| ૧ | તા.૧૮/૦૨/૨૦૨૦ | ૨ | ૫ વર્ષ માટે | રૂ.૫,૦૦,૦૦૦/– પ્રતિ વર્ષ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |
| ૨ | તા.૦૬/૦૩/૨૦૨૦ | ૧ | પ્રથમ તબક્કામાં ૨ વર્ષ અને ત્યારબાદ બે તબક્કામાં ૧–૧ વર્ષ માટે | પહેલા બે વર્ષ માટે રૂ.૮,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૩%, બે માંથી જે વધારે હોય તે દરે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ત્રીજા વર્ષ માટે રૂ.૨૦,૦૦૦/- પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે<br>ચોથા વર્ષ માટે રૂ.૨૨,૦૦૦/- પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |

સંત રોડ થી સંતરામપુર રોડ સ્ટેટ હાઈવે મંજૂર કરવા બાબત

15/4/564 શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ સુથાર (મોરવા હડફ): માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લાને જોડતા સ્ટેટ હાઈવે પરનો સંતરોડથી સંતરામપુરનો રોડ જર્જરિત અવસ્થામાં છે તે હકીકત સાચી છે, અને | (૧) | ના જી, |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બાબતે શી કાર્યવાહી કરેલ છે? | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

………………………….

ભાવનગર મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ

**15/4/590** શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડયા (ભાવનગર (પૂર્વ))**: માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| **(૧)** | ભાવનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે, | **(૧)** | ભાવનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧૨૮.૬૧ કરોડ અને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૩૧.૩૭ કરોડ ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. |
| **(૨)** | તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને | **(૨)** | તે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૬૪ કામ તથા વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૮ કામ મંજૂર થયેલ છે. |
| **(૩)** | તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે? | **(૩)** | તે પૈકી વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦ કામ તથા વર્ષ ૨૦૨૩-૨૪માં ૦૧ કામ પૂર્ણ થયેલ છે. |

ગીર સોમનાથ અને જૂનાગઢમાં આવેલ બ્લેકટ્રેપની ખાણો

15/4/393 શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢમાં આવેલ બ્લેકટ્રેપની ખાણોને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા તો, ઉક્ત સ્થિતિએ કેટલી ખાણો ચાલુ છે અને કેટલી ખાણો બંધ છે, અને | (૨) | (નીચેના કોષ્ટક મુજબ) |

| **ક્રમ** | **જીલ્લો** | **મંજૂર લીઝોની સંખ્યા** | **ચાલુ લીઝોની સંખ્યા** | **બંધ લીઝોની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | ગીરસોમનાથ | ૦૨ | ૦૨ | શૂન્ય |
| ૨ | જૂનાગઢ | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત ખાણો બંધ થવાના કારણો શા છે ? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

– – – – – – – – – –

ઉંઝા–પાટણ રસ્તાના સમારકામ બાબત

15/4/625 : કિરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉંઝા–પાટણ વાયા બાલીસણા રસ્તાના સમારકામ માટે કઈ એજન્સીને કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરવાની શરતે કામ સોંપવામાં આવ્યું, | (૧) | ડિફેક્ટ લાયેબીલીટી પીરીયડ સિવાયની લંબાઈમાં સરસ્વતી કન્સ્ટ્રકશન કું. રાધનપુરને મંજૂર થયેલ ભાવે કામગીરી સોંપવામાં આવેલ. |
| (૨) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) | ડિફેક્ટ લાયેબીલીટી પીરીયડ સિવાયની લંબાઈમાં સરસ્વતી કન્સ્ટ્રકશન કું, રાધનપુરને રૂ.૧૧,૭૮,૭૨૩/– ચૂકવવામાં આવેલ. |
| (૩) | ઉક્ત કામગીરી નબળી અને હલકી ગુણવત્તાની થયેલ હોય તો ઉક્ત સ્થિતિએ કોની સામે શા પગલાં લીધાં? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

...............................................

**મોરબી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત**

**15/4/570 શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી(જીતુ સોમાણી) (વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લાના તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૧)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૫ | ૦૫ | ૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૫ | ૦૫ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**"ગોવિંદ ગુરુ-લીમડી" તાલુકાની નવ રચનાની દરખાસ્ત બાબત**

**15/4/163 શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે: –

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનું વિભાજન કરી નવીન " ગોવિંદ ગુરુ-લીમડી " તાલુકાની નવ રચના માટેની દરખાસ્ત સરકારમાં પડતર છે, તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) | હા, |
| (૨) | જો હા, તો ઉકત નવા તાલુકાની રચના કરવા અંગે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ? | (૨) | મહેસુલ વિભાગમાંથી વિવિધ મુદ્દાની પુર્તતા સારુ તા-૧૪/૧૨/૨૦૨૧ના પત્રથી દરખાસ્ત સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીને મોકલી આપેલ હતી.<br><br>સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરી દ્વારા તા-૧૮/૦૨/૨૦૨૨ના પત્રથી પૂર્તતા અર્થે વિકાસ કમિશ્નરશ્રીને અને કલેક્ટરશ્રી દાહોદને જણાવેલ.<br><br>મદદનીશ વિકાસ કમિશ્નરશ્રીએ તા-૦૪/૦૩/૨૦૨૨ના પત્રથી વધુ સ્પષ્ટતા કરવા સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીને જણાવેલ.<br><br>સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીના તા.૦૬/૦૪/૨૦૨૨ના |

પત્રથી વિકાસ કમિશ્નરશ્રીના પત્ર આધારે વધુ સ્પષ્ટતા અર્થે દરખાસ્ત કલેક્ટરશ્રી, દાહોદને મોકલી આપેલ

કલેક્ટરશ્રી દાહોદ દ્વારા તા-૧૦/૦૮/૨૦૨૩ના પત્રથી પુર્તતા કરી દરખાસ્ત સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીને મોકલી આપેલ.

સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરીના તા-૩૧/૦૮/૨૦૨૩ના પત્રથી વિકાસ કમિશ્નરશ્રીના અભિપ્રાય મેળવવા અર્થે દરખાસ્ત મોકલી આપેલ છે.

--------------

**બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણ**

**15/4/540** શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન આવેલ છે,

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર ગૌચરની જમીન આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગૌચર જમીનનું ક્ષેત્રફળ (હે. આરે. ચો. મી.) |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૬૯૦.૯૩.૭૪ |
| ૨ | વડગામ | ૧૪૮૧.૫૬.૬૪ |
| ૩ | ડીસા | ૪૩૬૬.૮૨.૧૩ |
| ૪ | થરાદ | ૭૧૦૦.૨૭.૨૨ |
| ૫ | કાંકરેજ | ૨૯૬૪.૦૨.૭૦ |
| ૬ | અમીરગઢ | ૨૦૩૯.૬૨.૧૬ |
| ૭ | દાંતા | ૧૬૮૭.૭૪.૧૯ |
| ૮ | ધાનેરા | ૪૦૬૦.૦૦.૯૭ |
| ૯ | વાવ | ૩૧૮૭.૮૩.૩૯ |
| ૧૦ | સુઇગામ | ૧૮૪૦.૪૨.૬૬ |
| ૧૧ | ભાભર | ૧૯૨૨.૪૯.૬૩ |
| ૧૨ | દિયોદર | ૩૬૯૦.૮૯.૮૬ |
| ૧૩ | દાંતીવાડા | ૧૦૦૫.૪૬.૩૩ |
| ૧૪ | લાખણી | ૩૬૭૭.૮૫.૩૬ |
| કુલ | | ૪૦૭૧૫.૯૬.૯૮ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચરની જમીન પર કેટલુ દબાણ થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચરની જમીન પર નીચેની વિગતે દબાણ થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગૌચર જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) |
|---|---|---|
| ૧ | થરાદ | ૨૦.૦૦.૦૦ |
| ૨ | કાંકરેજ | ૧૦૪.૭૪.૨૦ |
| ૩ | દિયોદર | ૪.૪૩.૬૯ |
| ૪ | ડીસા | ૦.૫૫.૦૦ |
| ૫ | પાલનપુર | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૬ | વડગામ | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૭ | દાંતા | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૮ | અમીરગઢ | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૯ | ધાનેરા | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૦ | ભાભર | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૧ | સુઇગામ | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૨ | દાંતીવાડા | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૩ | લાખણી | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| ૧૪ | વાવ | ગૌચર દબાણ બાબતે પ્રશ્ન નથી. |
| કુલ | | ૧૨૯.૭૨.૮૯ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે?

(૩) થરાદ તાલુકાના દબાણ સબંધે નામ. ગુજરાત હાઈકોર્ટમાં એસ. સી. એ. નં. ૧૨૯૮૩/૧૮ અને ૧૩૦૪૮/૧૮ થી કેસ પેન્ડીંગ હોવાથી ઉકત દબાણો દૂર કરવાના બાકી છે.

કાંકરેજ તાલુકાના દબાણ સબંધે લેન્ડ ગ્રેબિંગ એકટ અંતર્ગત સુઓમોટોની દરખાસ્ત કરવામાં આવેલ છે.

દિયોદર તાલુકાના મોજે જાલોઢા ગામે થયેલ દબાણ સબંધે તા.૦૩/૦૨/૨૦૨૩થી વિવાદ અરજી નં.૫૩/૨૦૨૨થી મે. સચિવ અપીલ સમિતિ અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી(પંચાયત) જી.બનાસકાંઠા દ્વારા મનાઈ હુકમ આપેલ છે.

મોજે ધનકવાડા ગામે ડી. આઈ. એલ. આર. શ્રી, પાલનપુરની કચેરી દ્વારા હદનિશાન નક્કી કરવાની કાર્યવાહી ચાલુ છે.

ડીસા તાલુકાના દબાણ સબંધે સીવીલ કોર્ટ ડીસામાં **RCS/103/2021** કોર્ટ કેસ પડતર છે.

**બનાસકાંઠા જિલ્લામાં વિદેશી દારૂ પકડવા બાબત**

**15/4/621: શ્રી અમૃતજી મોતીજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વિદેશી દારૂના કેટલા કેસ દાખલ કરવામાં આવ્યા, | (૧) અને | પત્રક મુજબ |
| (૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલા ઇસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) | |
| (૩) ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલા ઇસમો સામે પાસા હેઠળ કાર્યવાહી ન કરવામાં આવી? | (૩) | દરેક પ્રોહીબીશનના ગુના હેઠળ પાસાની કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ પાસા અધિનિયમ, ૧૯૮૫ તથા તે હેઠળની તા.૦૨/૦૮/૨૦૨૩ની માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઈને ઉચિત કેસોમાં પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવતી હોય છે. |

**પત્રક**

| **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી** | | |
|---|---|---|
| તાલુકાનું નામ | કેસની સંખ્યા | પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવા ઈસમોની સંખ્યા |
| પાલનપુર | ૧૨૭ | ૪૨ |
| દાંતા | ૫૦ | ૨૦ |
| વડગામ | ૧૮ | ૨૦ |
| ડીસા | ૧૧૪ | ૩૫ |
| અમીરગઢ | ૬૪ | ૨૩ |
| લાખણી | ૩૪ | ૧૦ |
| દાંતીવાડા | ૫૯ | ૨૬ |
| થરાદ | ૧૩૭ | ૪૩ |
| ધાનેરા | ૭૩ | ૧૨ |
| વાવ | ૭૫ | ૯ |
| સુઇગામ | ૧૪ | ૪ |
| દિયોદર | ૩૯ | ૭ |
| ભાભર | ૨૮ | ૬ |
| કાંકરેજ | ૬૮ | ૧૮ |

| **તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી** | | |
|---|---|---|
| તાલુકાનું નામ | કેસની સંખ્યા | પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ હોય તેવા ઈસમોની સંખ્યા |
| પાલનપુર | ૧૫૫ | ૪૧ |
| દાંતા | ૪૮ | ૫ |
| વડગામ | ૨૩ | ૨ |
| ડીસા | ૧૬૯ | ૩૭ |
| અમીરગઢ | ૯૦ | ૪૮ |
| લાખણી | ૪૨ | ૧૧ |
| દાંતીવાડા | ૧૩૪ | ૪૭ |
| થરાદ | ૧૬૪ | ૩૫ |
| ધાનેરા | ૧૨૦ | ૩૧ |

| | | |
|---|---|---|
| વાવ | ૯૧ | ૧૬ |
| સુઇગામ | ૧૬ | ૫ |
| દિયોદર | ૬૧ | ૪ |
| ભાભર | ૪૫ | ૮ |
| કાંકરેજ | ૮૦ | ૧૦ |

વિજયનગર અને પોશીના તાલુકામાં આવેલ વિશ્રામગૃહ બાબત

15/4/110 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ વિજયનગર અને પોશીના તાલુકામાં આવેલ વિશ્રામગૃહ કાર્યરત છે કે કેમ, અને | (૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ વિજયનગર અને પોશીના તાલુકામાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકનું કોઈ વિશ્રામગૃહ આવેલ નથી. |
| (૨) જો વિશ્રામગૃહ ન હોય તો નવા વિશ્રામગૃહ બનાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે? | (૨) વિજયનગર ખાતે નવા વિશ્રામગૃહ બનાવવા કલેક્ટરશ્રી દ્વારા જમીન ફાળવેલ છે. સદર વિશ્રામગૃહના બાંધકામની મંજૂરી અર્થેની કાર્યવાહી વિચારણા હેઠળ છે. જ્યારે પોશીના ખાતે વિશ્રામગૃહના બાંધકામ માટે જમીન ફાળવણી થવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |

**IT-ITes પોલિસી હેઠળ ચૂકવવાની બાકી સબસિડી**

15/4/637 **: શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ૨૦૧૯માં જાહેર કરેલ IT-ITes પોલિસી હેઠળ આઈટી સેકટરના ઉદ્યોગોને કેવા પ્રકારની સબસિડી આપવાની જોગવાઈ છે, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ૨૦૧૯માં જાહેર કરેલ IT-ITes પોલિસી હેઠળ આઇટી સેક્ટરના ઉદ્યોગોને કેપિટલ સબસિડી, સ્ટેમ્પ ડ્યૂટી અને રજીસ્ટ્રેશન ફીમાં સહાય, પાવર ટેરીફ સબસિડી અને વીજળી ડ્યુટી પર સહાય, લોનના વ્યાજ પર સબસિડી, લીઝ ભાડા પર સબસિડી, EPF માં યોગદાન દ્વારા રોજગાર નિર્માણ માટે પ્રોત્સાહન, પેટન્ટ માટે સહાય, કૌશલ્યવૃદ્ધિ માટે સહાય વગેરે પ્રકારની સબસિડી આપવાની જોગવાઇ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત કેટલી રકમની સબસિડી કેટલા ઉદ્યોગોને આપવાની બાકી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ અંદાજિત ૧ કરોડ રકમની સબસિડી કુલ ૭ (સાત) ઉદ્યોગોને આપવાની બાકી છે. |
| (૩) ઉકત સબસિડી આપવાના બાકી હોવાના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં આપવામાં આવશે? | (૩) ઉક્ત ૭ (સાત) ઉદ્યોગો પાસેથી જરૂરી આધાર પુરાવા માંગેલ છે જે મળ્યેથી ચકાસણી કર્યા બાદ સક્ષમ કક્ષાએથી મંજૂરી મળ્યા બાદ સત્વરે સહાય ચૂકવવામાં આવશે. |

**જૂનાગઢ જિલ્લામાં નદીઓમાંથી ગેરકાયદેસર રેતીની ચોરી**

15/4/640 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નદીઓમાંથી કેટલી ગેરકાયદેસર રેતી (ખનિજ)ની ચોરી પકડવામાં આવી,

(૧)

| જૂનાગઢ જિલ્લાના તાલુકા | તા.૦૧.૦૧.૨૦૨૨ થી તા.૩૧.૧૨.૨૦૨૨ સુધી ગેરકાયદેસર રેતી (ખનિજ) ની ચોરી પકડવામાં આવેલ જથ્થો(મે.ટન) | તા.૦૧.૦૧.૨૦૨૩ થી તા.૩૧.૧૨.૨૦૨૩ સુધી ગેરકાયદેસર રેતી (ખનિજ) ની ચોરી પકડવામાં આવેલ જથ્થો(મે.ટન) |
|---|---|---|
| માણાવદર | શુન્ય | શુન્ય |
| વંથલી | ૩૦૭.૮૪ | ૧૭૩ |
| ભેસાણ | શુન્ય | શુન્ય |
| વિસાવદર | શુન્ય | શુન્ય |
| મેંદરડા | શુન્ય | શુન્ય |
| કેશોદ | શુન્ય | શુન્ય |
| માંગરોળ | શુન્ય | શુન્ય |
| માળીયા હાટીના | શુન્ય | શુન્ય |
| જૂનાગઢ | શુન્ય | ૮૦૦ |
| કુલ | ૩૦૭.૮૪ | ૯૭૩ |

(૨) ઉકત રેતી પકડવામાં વર્ષવાર કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા,

(૨)

| તા.૦૧.૦૧.૨૦૨૨ થી તા.૩૧.૧૨.૨૦૨૨ સુધી જપ્ત કરાયેલ વાહનોની સંખ્યા | તા.૦૧.૦૧.૨૦૨૩ થી તા.૩૧.૧૨.૨૦૨૩ સુધી જપ્ત કરાયેલ વાહનોની સંખ્યા |
|---|---|
| ૦૫ | ૦૯ |

(૩) ઉકત રેતી ચોરી અન્વયે કેટલા ઇસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો, અને

(૩)

| ઈસમોની સંખ્યા | દંડકીય રકમ |
|---|---|
| ૧૫ | રૂ. ૨૩.૧૨ લાખ |

(૪) ઉકત કરવામાં આવેલ દંડ પૈકી કેટલા ઇસમો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે?

(૪)

| ઈસમોની સંખ્યા | બાકી વસૂલાતની રકમ |
|---|---|
| ૦૮ | રૂ. ૬.૨૩ લાખ |

----------

**જામનગર જિલ્લામાં રોડ અકસ્માત અટકાવવા લીધેલ પગલા**

**15/4/634: શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લાના હનુમાનગઢ–તરસાઈ રોડ અને જામજોધપુર–શેઠવડાળા રોડ પર કેટલા અકસ્માતો નોંધાયા,

(૧)

| **વર્ષ** | **તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨** | **તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩** |
|---|---|---|
| વિગત | અકસ્માત | અકસ્માત |
| હનુમાનગઢ–તરસાઈ રોડ | ૦ | ૦ |
| જામજોધપુર–શેઠવડાળા રોડ | ૦ | ૨ |

## અતારાંકિત પ્રશ્નો

(૨) ઉક્ત અકસ્માતોમાં ઉક્ત રોડવાર કેટલા નાગરીકોના મૃત્યુ થયા અને કેટલા નાગરીકો ઈજાગ્રસ્ત થયા, અને

(૨)

| વર્ષ | તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | |
|---|---|---|---|---|
| વિગત | મૃત્યુ | ઈજાગ્રસ્ત | મૃત્યુ | ઈજાગ્રસ્ત |
| હનુમાનગઢ–તરસાઈ રોડ | ૦ | ૦ | ૦ | ૦ |
| જામજોધપુર–શેઠવડાળા રોડ | ૦ | ૦ | ૨ | ૩ |

(૩) ઉક્ત રસ્તાઓમાં અકસ્માત ઘટે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

(૩)
- અકસ્માત થતા અટકાવવા ગતિ અવરોધક સ્પીડ બ્રેકર તથા અકસ્માત સંભવિત વિસ્તારમાં " અકસ્માત ઝોન વિસ્તાર " ના સાઈન બોર્ડ મૂકવામાં આવેલ છે.
- અકસ્માત નિવારણ સારુ ડ્રંક એન્ડ ડ્રાઈવની તપાસણી અંગેની ડ્રાઈવ, રેડીયમ રીફલેક્ટર અંગેની ડ્રાઈવ, અનધિકૃત હેડ લાઈટ અંગેની ડ્રાઈવ, વાહન ચેકિંગ ડ્રાઈવ, રોડ સેફ્ટી તથા ટ્રાફિક અંગેની ડ્રાઈવ

-------------------

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ**

15/4/623 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન)** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અતિવૃષ્ટિની પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૧૫/૧૨/૨૦૨૨ના પત્રથી રૂ. ૧૫૨.૯૯ કરોડની માંગણી કરવામાં આવેલ તે કેન્દ્ર સરકાર પક્ષે વિચારણાધીન હતી તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી ક્યારે કેટલી રકમ મળી, અને

(૧) અતિવૃષ્ટિની પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૧૫/૧૨/૨૦૨૨ના પત્રથી રૂ. ૧૫૨.૯૯ કરોડની માંગણી કરવામાં આવેલ તે અન્વયે તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ SDRF માં પૂરતું બેલેન્સ ઉપલબ્ધ હોઈ કોઈ રકમ મળેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી રકમ ન મળી હોય તો પુન:માંગણી કે રજૂઆત કરવામાં આવેલ છે કે કેમ?

(૨) ના

----------

**રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી લેવાની થતી રકમ**

**15/4/645 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા) :** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૩૨૬૮ (અગ્રતા–૧૦૬)ના અનુસંધાને **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્ય સરકારે એસ.ટી નિગમ પાસેથી રૂ.૩૭૭૦.૯૭ કરોડની રકમ લેવાની નીકળતી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા પ્રકારની કેટલી રકમ મેળવવામાં આવી,

(૧) રાજ્ય સરકારશ્રી એ એસ.ટી નિગમ પાસેથી તા.૩૧–૧૨–૨૦૨૧ ની સ્થિતિએ રૂ.૩૭૭૦.૯૭ કરોડની રકમ લેવાની નીકળતી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રૂ.૧૩૭.૪૩ કરોડની રકમ મેળવવામાં આવી જે પૈકી ચુકવવાના બાકી પેસેન્જર ટેક્ષની રકમ રૂ.૯૭.૮૭ કરોડ અને ચુકવવાના બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ રૂ.૩૯.૫૬ કરોડ મેળવવામાં આવી

(૨) ઉક્ત સ્થિતિએ એસ.ટી. નિગમ પાસેથી રાજ્ય સરકારે કયા પ્રકારની કેટલી રકમ લેવાની બાકી છે, અને

(૨) **નિગમે રાજ્ય સરકારશ્રીને તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ નીચે મુજબની રકમ ચુકવવા પાત્ર થાય છે**

| ક્રમ | વિગત | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ રાજ્ય સરકારને ચુકવવાની બાકી રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1 | ચુકવવાની બાકી લોનની રકમ | ૩૬૭૧.૬૮ |
| 2 | ચુકવવાની બાકી લોનના વ્યાજની રકમ | ૦.૦૦ |
| 3 | ચુકવવાના બાકી પેસેન્જર ટેક્ષની રકમ | ૪૪૦.૪૪ |
| 4 | ચુકવવાના બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ | ૧૧.૪૫ |
| | **કુલ** | **૪૧૨૩.૫૭** |

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ કયા વર્ષથી લેવાની બાકી નીકળે છે ?

(૩) રાજ્યસરકારશ્રીએ નિગમ પાસેથી, ચુકવવાની બાકી લોનની રકમ વર્ષ ૨૦૦૬-૦૭થી લેવાની નીકળે છે, તેમજ ચુકવવાના બાકી મોટર વ્હીકલ ટેક્ષ લોનની રકમ એપ્રિલ -૨૧થી લેવાની બાકી છે અને ચુકવવાના બાકી પેસેન્જરટેક્ષની રકમ જાન્યુઆરી-૧૭ થી લેવાની બાકી નીકળે છે.

-----------------

**ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં ડીકલેર ટી. પી.**

15/4/394 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં ટી.પી. સ્કીમોની મંજૂરી માટે કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, અને | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમોની મંજૂરી આપવામાં આવી? | (૨) શૂન્ય |

-------

**ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન આપવા બાબત**

**15/4/638 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર): "પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૮૩(અગ્રતા-૨) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ)** જણાવવા કૃપા કરશે કેઃ

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસિડી મેળવવાની ૧૨૮ અરજીઓ પડતર હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલા નિર્માતાઓને કેટલી ફિલ્મોમાં સબસિડી ચૂકવવાની આવી, | (૧) ૬૦ નિર્માતાઓને ૬૦ ફિલ્મોમાં સબસિડી ચૂકવવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસિડી મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) ૫૪ અરજીઓ. |
| (૩) ઉક્ત પડતર અરજીઓમાં કયાં સુધીમાં સબસિડી ચૂકવવામાં આવશે? | (૩) ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓ તરફથી આર્થિક સહાય મેળવવા અંગેની અરજીની પ્રાપ્તિ તથા તે અન્વયે સબસિડીની ચૂકવણી એ નિરંતર ચાલતી પ્રક્રિયા હોઇ, અરજીઓની પાત્રતા અને ગ્રાન્ટની ઉપલબ્ધતાને ધ્યાને લઇને પડતર અરજીઓનો નિકાલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. |

------------------

**જામનગર જિલ્લાના લાલપુરમાં આવેલ જર્જરીત વિશ્રામગૃહ**

**15/4/635 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં વિશ્રામગૃહ જર્જરીત હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉકત વિશ્રામગૃહને નવું બનાવવા માટે ઉકત સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ મળેલ જાહેર બાંધકામ સમિતિની બેઠકમાં જુનું બાંધકામ તોડીને નવું રેસ્ટ હાઉસ બનાવવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવા ઠરાવ કરવામાં આવેલ છે અને જિલ્લાના તા.૧૧/૦૫/૨૦૨૩ ના પત્રથી મુખ્ય સ્થપતિશ્રી, ગાંધીનગરને રેસ્ટ હાઉસના નવીન બાંધકામ માટે ટાઈપ ડિઝાઇન નકશો મોકલી આપવા પત્ર લખવામાં આવેલ છે. |
| (૩) ઉકત વિશ્રામગૃહને કયાં સુધીમાં નવું બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) આ કામના ટાઈપ ડિઝાઇન – નકશા મળ્યેથી વિગતવાર દરખાસ્ત રજૂ થયેથી મંજૂરી અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

**ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જમીનના રી–સરવે અંગેની કામગીરી**

**15/4/397 શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે: –**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જમીનના રી–સરવે અંગેની કામગીરી ક્યા સુધી કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં રી–સરવેની ૨૬૨ અરજીઓ મળેલ જે પૈકી ૨૪૦ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ઉક્ત સ્થિતિએ પડતર ૨૨ અરજીઓના નિકાલની કામગીરી પ્રગતિમાં છે. |

----------

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(સમિતિના પ્રમુખશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્રની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાવેલ કોઇ સિદ્ધાંતોના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાની અગત્યતા અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી, અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેની કર નાંખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય પરંતુ ખાતાની ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્ર પરની ચર્ચામાં સામાન્ય ચર્ચા વખતે નહિ પણ અનુદાનોની માગણી ઉપરની ચર્ચા વખતે કરવાની હોય છે એટલે માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરોક્તિ થશે નહીં અને ચર્ચા ઉપયોગી સાબિત થશે.

શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ નાણામંત્રીશ્રી પાસે એવી અપેક્ષા રખાતી હતી કે આ રાજ્યનું કરજ ઓછું થશે અને કેપિટલ આઉટ લેમાં થોડો વધારો થશે. છેવાડાના માનવીને રાહત પહોંચાડે તેવું આ બજેટ હશે પરંતુ અમારી અપેક્ષા પ્રમાણેનું બજેટ આવ્યું નથી. કરજ કરીને ઘી પીવો તે રીતે ફરી પાછું કરજ વધારવાનું આ બજેટ છે. લગભગ રૂ.સાડા ત્રણ લાખ કરોડ કરતાં વધારે કરજ હતું તે આ વર્ષ ૨૦૨૪–૨૫ના અંતે રૂ.૪ લાખ ૨૬ હજાર ૩૮૦ કરોડનું કરજ થશે તેવો રાજ્ય સરકારે પોતે જ

અંદાજ આપ્યો છે. તેના કારણે બિનઉત્પાદક સેક્ટરમાં વધારે ખર્ચ થાય છે. આ બજેટનો લગભગ ૫૩ ટકા ખર્ચ માત્ર પેન્શન, પગાર અને વ્યાજ ચૂકવવામાં જાય છે. આપણે વિચાર કરી શકીએ કે ગરીબ માણસોને સબસિડી આપવી હોય કે કેપીટલ આઉટ લે આપવું હોય તો કેટલું થઇ શકે તે માહિતી આના પરથી મળે છે. વર્ષ ૨૦૨૩-૨૪નું જે રીવાઇઝ બજેટ રજૂ થયું તેમાં પણ ૧૪ ટકા જેટલો ઘટાડો કેપીટલ ખર્ચમાં કરવો પડ્યો છે એટલે બિનઉત્પાદક ખર્ચ આ સરકાર વધારી રહી છે તે આના પરથી ફલિત થાય છે. આમ પણ ગુજરાત કુલ GSTPના ઓછામાં ઓછા ટકા કેપીટલ આઉટ લે પાછળ વાપરે છે જ્યારે ઉત્તર પ્રદેશમાં ૩.૬ ટકા, કર્ણાટકમાં ૨.૪ ટકા, રાજસ્થાનમાં ૨ ટકા વપરાય છે અને ગુજરાત GSTPના માત્ર ૧.૫ ટકા કેપીટલ આઉટ લેમાં ખર્ચ કરે છે એટલે આપણું ઇન્ફ્રાસ્ટ્રક્ચર જે ઝડપથી વધવું જોઇએ તે ઝડપથી વધી શકતું નથી. આ ઉપરાંત રીવાઇઝ બજેટમાં જે નોંધપાત્ર ઘટાડો કર્યો તેમાં ઊર્જા ક્ષેત્રે રૂ.૨૩૫૪ કરોડ, કૃષિ ક્ષેત્રે રૂ.૭૬૧ કરોડ, વાહનવ્યવહાર ક્ષેત્રે રૂ.૨૦૭૯ કરોડ અને સિંચાઇ ક્ષેત્રે રૂ.૨૪૧૦ કરોડનો ઘટાડો થયો. પ્રજાને ઉપયોગી વિભાગોમાં આટલો મોટો ઘટાડો કરવો પડ્યો છે. આજ જ પુનરાવર્તન વર્ષ ૨૦૨૪-૨૫માં પણ થવાનું છે. બજેટમાં બતાવ્યું છે કે, અમે પી.એચ.સી. ઊભા કર્યા છે એને વેચીને રૂ.૧૭,૫૦૦/- કરોડ ડિસ-ઇન્વેસ્ટમેન્ટમાં લઇ આવીશું. ચાલુ વર્ષમાં પણ આટલી જ જોગવાઇ કરેલ હતી. પણ પી.એચ.સી.ઓનું ડિસ-ઇન્વેસ્ટમેન્ટ ઝીરો થયું છે. સૌથી મોટી વાત એ છે કે, આપણે જે રૂરલ ડેવલપમેન્ટમાં સ્પેન્ડિંગ કરીએ છીએ એ સૌથી ઓછામાં ઓછું કુલ બજેટના માત્ર ૨.૯ ટકા થાય છે. એટલે જ ગુજરાતના ગામડાઓ ભાંગીને શહેરો તરફ ઘસારો વધી રહ્યો છે. આ શહેરો તરફના ઘસારાને રોકવા માટે આપણે ગામડાઓમાં મૂડીરોકાણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારવું જોઇએ. આપણે ગ્રામ્ય વિસ્તારમાં માત્ર ૨.૯ ટકા વાપરીએ છીએ, જ્યારે બીજા રાજ્યોમાં રૂરલ ડેવલપમેન્ટ પાછળ પાંચ ટકા એટલે કે, આપણા કરતાં બમણું બજેટ વાપરવામાં આવે છે. એ જ રીતે, કૃષિમાં ગુજરાત માત્ર ચાર ટકા વાપરવામાં આવે છે, જ્યારે બીજા રાજ્યો કૃષિ સેક્ટરમાં કુલ બજેટના ૫.૯ ટકા વાપરે છે. શિક્ષણમાં પણ આપણું સ્પેન્ડિંગ ઓછું હોવાના કારણે આપણે પાછળ છીએ. વર્ષ ૨૦૨૪-૨૫માં આપણે ૧૫.૧ ટકાની જોગવાઇ કરી છે, જ્યારે બીજા રાજ્યો શિક્ષણ પાછળ એવરેજ ૧૬.૫ ટકા વાપરે છે. એમની આવક ઓછી હોવા છતાં પણ શિક્ષણમાં વધારે ખર્ચ કરે છે. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. માટે માત્ર અઢી ટકાની જોગવાઇ કરી છે, જયારે બીજાં રાજ્યો ૩.૫ ટકા વાપરે છે. આપણે જે પોલીસ પાછળ ખર્ચ કરીએ છીએ એ માત્ર ૨.૯ ટકા છે, જ્યારે બીજાં રાજ્યો ૪.૨ ટકા ખર્ચ કરે છે. એના કારણે આપણો સામાન્ય ગુનાઓમાં ક્રાઇમરેટ એક લાખની વસ્તીએ ૫૪૯ છે, જ્યારે બીજાં રાજ્યોમાં માત્ર ૧૬૪નો છે. કોગ્નિઝેબલ ઓફેન્સ બીજાં રાજ્યોમાં એક લાખની વસ્તીએ ૪૨૨ છે, જ્યારે આપણે એના કરતાં ક્યાંય વધારે ૭૩૮ છે. એટલે આપણે પોલીસની જગ્યાઓ ખાલી ન રાખીને એનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારવા માટે કામ કરવું જોઇએ. આ ઉપરાંત શિક્ષણમાં પણ નુકસાન ગયું છે. ૧૪થી ૧૮ વર્ષનાં બાળકોમાં ૨૫ ટકા બાળકો માતૃભાષામાં લખી-વાંચી શકતા નથી, ૪૨.૭ ટકા લોકોને અંગ્રેજી લખતા-વાંચતા આવડતું નથી. એટલે આપણે શિક્ષણમાં પણ વધારો કરેલ નથી. એના પાછળનું કારણ એ છે કે ત્રીસ હજાર જેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. આપણી પાસે ૧૭૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે. આ દરિયાકિનારાને એક્સપ્લોર કરીને ફિશરીશ, મરીન મિનરલ્સ, ટુરિઝમ, બોટિંગ જેવા ઉદ્યોગો વિકસાવવા જોઇએ. આને એક્સપ્લોર કરવાનું કોઇ કામ આપણે કર્યું નથી. હું માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરીશ કે, કોસ્ટલ એરિયા ડેવલપમેન્ટ ઓથૉરિટી બનાવીને દરિયાને એક્સપ્લોર કરવામાં આવે. એ જ રીતે, આપણા સાબરમતી આશ્રમના બહારના ભાગે સારું ડેવલપમેન્ટ થાય છે એવું જ ડેવલપમેન્ટ મહાત્મા ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરમાં પણ થાય. એમાં પણ વિશ્વકક્ષાનું આઇકોનિક ડેવલપમેન્ટ થાય. કારણ કે, બીજા દેશોમાંથી ક્રુઝ આવતા હોય છે ત્યારે એ નિરાશ થઇને જાય છે. ગુજરાત મેરિટાઇમ બોર્ડના પોતાના બંદરો જે છે એ બંદરોને વિકસાવવાની યોજના લઇ આવે. પ્રાઇવેટ બંદરો ઘણા વિકસે છે એ વિકસાવીએ તો આપણું મેરિટાઇમ બોર્ડ વિશ્વ કક્ષાનું થઇ શકે એટલી ક્ષમતા છે. એ ક્ષમતા લઇ આવીએ એટલી આપના મારફતે વિનંતી કરી આ બજેટની માગણીઓ સાથે હું સંમત થઇ શકતો નથી.

ડો. હસમુખ પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં મને ઊર્જા અને પેટ્રોકેમિકલના વિષયની ચર્ચામાં ભાગ લેવા માટે તક મળી છે તે બદલ આપશ્રીનો, નાણામંત્રીશ્રીનો, મંત્રીગણનો અને સન્માનનીય સભ્યગણનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા એ સામાજિક અને આર્થિક વિકાસ માટેનો પાયાનો એકમ છે. કોઇપણ રાજ્યનો કેટલો વિકાસ થયો છે, એનો અંદાજ તમારે મેળવવો હોય તો એ ઊર્જાનો કેટલો વપરાશ છે અને કેટલું પ્રોડક્શન છે એના આધારે તમે ક્યાસ કાઢી શકો છો. ફક્ત ઊર્જામાં અડચણ એ થાય છે કે, એનું પ્રોડક્શન થાય અને લાસ્ટ ટાઇમ જે ઘરમાં ઊર્જા પહોંચે છે ત્યાં પહોંચતા સુધીમાં ૬૬ ટકા લોશ થાય છે, જ્યારે ૩૪ ટકા જ પહોંચતું હોય છે. એટલે એનું પ્રોડકશન થતું હોય એમાં લોશ થતો હોય છે અને જે ટ્રાન્શમિશન થતું હોય એમાં લોશ થતો હોય છે. આપણી ગુજરાત સરકારે છેલ્લાં વર્ષોમાં એ બંને વિષયોને ગંભીરતાથી લઇ ધ્યાનમાં રાખીને મોર્ડન ટેકનોલોજીનો ઉપયોગ કરી, ઊર્જાનો વપરાશ જેમ બને એમ વધે અને એનું પ્રોડક્શન વધારે થાય, ટ્રાન્શમિશનમાં ઓછો લોશ થાય એનું ખૂબ ધ્યાન રાખીને બહુ સરસ પ્રયોગો કરેલા છે. ગુજરાતના એક વ્યક્તિનો પ્રતિવર્ષ વીજ વપરાશ ૨૪૦૨ યુનિટ છે જે દેશનો સરેરાશ વપરાશ છે એના કરતાં લગભગ બમણો છે. આની ઉપરથી આપણને અંદાજ આવે છે કે વિકાસનો દર ગુજરાત રાજ્યમાં કેટલો વધારે સારો થયો છે. ગુજરાત રાજ્યમાં ગ્રીન ઊર્જાનું ઉત્પાદન અને વપરાશ બંને વધારવા માટે સરકારશ્રીએ અનેક નીતિવિષયક નિર્ણયો કર્યા છે. એનાથી ઊર્જા સુરક્ષા વધારે સારી રીતે જળવાશે.

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( પહેલો દિવસ )

વર્ષ ૨૦૩૦ સુધીમાં રાજ્યમાં કુલ વીજ વપરાશનો ૫૦ ટકા હિસ્સો રિન્યુએબલ એનર્જીના સ્ત્રોતમાંથી મેળવવા માટે આયોજન કરવામાં આવેલ છે. ઉત્પાદન અને વિતરણની વ્યવસ્થાના સુદ્દઢીકરણ માટે સ્માર્ટ ટ્રાન્શમિશન અને મોર્ડન ટેકનોલોજીના ઉપયોગથી જે ખુલ્લા કૅબલો છે એની જગ્યાએ કૉટેડ કૅબેલ જેવી અનેક ટેકનિકનો ઉપયોગ કરી એની વ્યવસ્થા બનાવવામાં આવી છે. આપણે ઉત્પાદન વિશે જોઇએ તો, વર્ષ ૨૦૨૧-૨૨માં જી.એસ.સી.એલ.ના વીજ મથકો દ્વારા ૨૪૩૧૩ મિલિયન યુનિટનું ઉત્પાદન થયેલું હતું જે વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૨૫૫૪૭ મિલિયન યુનિટ થયું છે. અત્યારે એપ્રિલ ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ૧૮૯૫૭ મિલિયન યુનિટ થયું છે. આ પ્રોડક્શન થયું છે એની સાથે સાથે જેમ આગળ કહ્યું એ પ્રમાણે ટ્રાન્શમિશનમાં જે વીજ લોશ થતો હતો એના માટે આપણી સરકારે સારું વિચાર્યું છે. પ્રોડક્શન નાના-નાના પોકેટમાં શરૂ કરવામાં આવે એના માટે જુદા-જુદા જે સબ સ્ટેશનો હતા એની આસપાસ સરકારી ખરાબાની જે જમીન હતી એમાં, અંદાજિત ૨૫૦૦ મેગાવોટની ક્ષમતાના સૌર ઊર્જા આધારિત વીજ મથકો સ્થાપવાનું ચાલુ કર્યું છે. જેના દ્વારા વીજ પ્રવાહ અને વિતરણ દ્વારા જે લોશ થાય છે એ ઘટી જશે. તેથી જ આપણે જે નેમ રાખી છે કે, ગ્રાહકો અને કૃષિ આધારિત વ્યકિતઓ કે જે ખેડૂતો છે, એમને ૨૪ કલાક સુધી સતત વીજળી મળી રહે એના માટેના આ પ્રયત્નો એક જીવાદોરી સમાન છે. આ અંતર્ગત સાત સ્થળોએ કુલ ૧૮૫ મેગાવોટ જેટલી ક્ષમતા ધરાવતા સૌર ઊર્જા કેન્દ્રો ચાલુ કર્યા છે. એ જોઇએ તો, ચંદરવામાં ૩૦ મેગાવોટ છે. હરીપરમાં ૪૦ મેગાવોટ છે. પાલિતાણામાં ૨૫ મેગાવોટ છે. ખાંડિયામાં ૩૫ મેગાવોટ છે. પચ્છમમાં ૨૫ મેગાવોટ છે. રાજેશમાં ૨૧ મેગાવોટ છે અને છત્તરમાં ૧૨.૫ મેગાવોટ છે. આ બધા જુદા-જુદા એરિયા છે જેમાં પ્રોડક્શન થયું છે અને ત્યાંથી ડિસ્ટ્રિબ્યુશન થશે. આગળ કહ્યું એ પ્રમાણે ઓછો લોશ થશે. આ કાર્યાન્વિત થઇ ગયું છે. ૫૮૧ મેગાવોટ ક્ષમતાના સોલાર વીજમથક સ્થાપવાની કામગીરી ચાલુ છે અને ૨૦ સ્થળોએ જમીન સંપાદનની કાર્યવાહી અત્યારે ચાલુ છે, પાઇપ લાઇનમાં છે. ખેડૂતોને દિવસે અને રાત્રે વીજળી પૂરી પાડવા માટે કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રૂ. ૧૫૭૦ કરોડ ફાળવેલા છે. રિડેમ્પ્ટ ડિસ્ટ્રિબ્યુશન સ્કીમ અંતર્ગત તેનું સુદ્દઢીકરણ કરવા માટે અને તેનો વ્યય ઓછો થાય તેના માટે ૧૨૮૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આદિજાતિ અને સાગરકાંઠાના જે વિસ્તારો છે તેમાં કૃષિ વીજ જોડાણો માટે રૂ.૧૦૧૭ કરોડ ફાળવ્યા છે. તેની સાથે સાથે નાના નાના સબ સ્ટેશન બનાવવા માટે રૂ.૩૮૦ કરોડ ફાળવ્યા છે. છેવાડાના માનવી સુધી પહોંચવા માટે ગુજરાત સરકારે પ્રયત્નો કરેલા છે. આની સાથે સાથે આપ જુઓ તો છેવાડાના માનવી સુધી ચોવીસ કલાક વીજળી પહોંચી શકે તેના માટે જુદી જુદી યોજનાઓ બનાવેલી છે. તેમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સિંગલ પોઇન્ટ વાયરિંગ સિસ્ટમથી વીજ જોડાણ આપવામાં આવેલ છે. તેમાં વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં રૂ.૧૪૦૮ કરોડનું બજેટ વાપરીને ૨૪૭૮૯ વીજ જોડાણ આપેલા છે. કુટીર જયોતિ યોજના અંતર્ગત આદિજાતિ એરિયામાં તેમના માટે રૂ.૪૪૩ કરોડનું બજેટ ફાળવીને ૮૮૦૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે. આવી જુદી જુદી ઘણી યોજનાઓ છે. અનુસૂચિત જાતિના ખેડૂતોના કૂવાઓનું વીજ જોડાણ આપેલા છે. અનુસૂચિત જાતિની પેટા યોજનાઓ છે, તેની અંદર વીજ સપ્લાય આપેલ છે. કૃષિ વિષયક વીજ જોડાણ આપેલા છે. આવી ઘણીબધી યોજનાઓમાં ગુજરાત સરકારે આગળ પ્રયોજન કરેલું છે. છેલ્લાં ઘણાં વર્ષોથી એટલે કે સન ૨૦૧૯થી ગુજરાતે સૂર્યમાંથી વીજળી પ્રાપ્ત કરવા માટે સારો પ્રારંભ કરેલો છે. તેમાં સરકાર દ્વારા તા.૫-૮-૨૦૧૯થી રહેણાંક શ્રેણી માટે જે સોલાર રૂફટોપ યોજના ચાલુ કરેલી છે, તેના માટે સરકારે સંવેદનશીલતાથી કામ કરેલ છે. તેમાં સૌ પ્રથમ નાના કુટુંબોને અગ્રતા આપી છે. જે ત્રણ કિલોવોટ સુધી વાપરી શકે તેને ૪૦ ટકા સબસિડી આપવામાં આવે છે. તેના પછી ત્રણથી દસ કિલોવોટ જે કુટુંબો સોલાર વીજ વાપરે છે, તેને ૨૦ ટકા સબસિડી આપવામાં આવે છે. આ ચાલતું હતું તે દરમ્યાન સંવેદનશીલ સરકારે જોયું કે, ઘણા લોકો ફ્લેટમાં અને સામૂહિક રીતે વીજળીનો વપરાશ કરતા હોય છે. તેમના માટે ઘરદીઠ દસ કિલોવોટની મર્યાદામાં ૫૦૦ કિલોવોટ સુધી ૨૦ ટકા સબસિડી મળે તેનું આયોજન કરેલ છે. આમ નાનામાં નાના માણસથી માંડીને મોટા માણસ સુધી તે સૌર ઊર્જાનો ઉપયોગ કરી શકે તેનું આ સરકારે ધ્યાન રાખેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ૧,૨૬,૭૬૪ સોલાર યુનિટ એપ્લાય કર્યા છે. તેના થકી ૫૧૭.૧૯ મેગાવોટ વીજળી પ્રાપ્ત કરેલી છે. રિડેમ્પ્ટ ડિસ્ટ્રિબ્યુશન એકટ અંતર્ગત સમગ્ર દેશના તમામ શહેરોમાં સાતત્યપૂર્ણ એટલે કે કયાંય પણ બ્રેક વગર ચોવીસ કલાક વીજળી મળે તેના માટે સરસ પ્લાનિંગ કરેલ છે. તેના માટે સ્કાડા સિસ્ટમ અપનાવેલી છે. સ્કાડા સિસ્ટમ અનુસાર ખુલ્લા વીજ વાયર વપરાતા હતા, તેની જગ્યાએ કોટેડ વાયર, એરિયા બંચ બોક્સ વાયર સિસ્ટમનો પણ ઉપયોગ કરેલ છે. આ ઉપરાંત પરંપરાગત ઊર્જા અને બિનપરંપરાગત ઊર્જાના સ્ત્રોતો હોય છે. પાછલા વર્ષોમાં ૨૨૪૦૮ મેગાવોટ થર્મલ પાવર સ્ટેશનમાંથી વીજળીનું પ્રોડકશન કરેલું છે. ૭૫૭ મેગાવોટ ન્યુક્લિયર પાવર સ્ટેશનમાંથી વીજળી પેદા કરેલી છે. ટોટલ ૨૩૨૦૫ મેગાવોટ વીજળી મેળવેલી છે. સાથે સાથે જોવા જઇએ તો સૌર ઊર્જાની હાલની ક્ષમતા આટલી છે અને બીજી ખુલ્લી જગ્યાઓ છે તેમાં પણ સરકારે પ્લાનિંગ કરેલ છે. આમ ટોટલ ક્ષમતા ૧૦૫૩૯ મેગાવોટની છે. તેની સાથે સાથે પવન ઊર્જાની અંદર ૧૧૨૨૪ મેગાવોટની ક્ષમતા છે. તે પ્રમાણે બાયોમાસ, સ્મોલ હાઇડ્રો પ્રોજેકટ, લાર્જ હાઇડ્રો પ્રોજેકટ આ બધા તો ખરા. આમ કુલ મળીને ૨૨૭૪૯ મેગાવોટનું પ્રોડકશન ચાલુ થઇ ગયેલ છે. આ પ્રોડકશનની વાત કરી. આની સાથે સાથે પેમેન્ટ માટે ગુજરાત સરકારે સરસ આયોજન કરેલ છે. ચેકથી, કેશથી, નેટ બેન્કિંગથી, એપ્સથી આરામથી ઘેર બેઠાં બેઠાં પેમેન્ટ કરી શકે છે. અને એના અનુસંધાનમાં જે પેમેન્ટ બાકી રહી જતું હતું એમાં પણ ઘણો સારો એવો સુધારો થયો છે. વધારે સમય ના લેતા આજે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ આ જે બજેટ લાવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને એમાં હું મારો સુર પૂરાવું છું. ધન્યવાદ.

તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( પહેલો દિવસ )

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં બીજા સત્રમાં હું બજેટની સામાન્ય ચર્ચા ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ઊર્જા વિભાગ જે એક એક પગલું લે છે એ પગલું અત્યારે સન ૨૦૭૦નું જે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ જે મિશન રાખ્યું છે એટલે સન ૨૦૭૦ સુધીનું આપણું કાર્બન ફુટપ્રિન્ટ ઝીરો કરવા તરફ જે આગળ વધી રહ્યા છે એના માટે જો સૌથી મહત્ત્વનું કોઇ વિભાગ કામ કરતું હોય તો ઊર્જા વિભાગ કરી રહ્યું છે અને સારી રીતે કરી રહ્યું છે એનો મને આનંદ છે. પછી એ ચાહે કાર્બન ન્યુટ્રલ કરવાની વાત હોય, ચાહે કાર્બન નેગેટીવ કરવાની વાત હોય, કાર્બન ક્રેડિટની વાત હોય, તમામ બાબતની અંદર એ અત્યારે કામ કરી રહ્યું છે. આમ ઘણી બધી વાતો કલાયમેટ ચેંજની આવે છે પણ કલાયમેટ ચેંજની અંદર કોઇ સૌથી મહત્ત્વનું પાસું, કોઇ વિભાગ કામ કરતું હોય તો એ ઊર્જા વિભાગ કામ કરી રહ્યું છે. હું એક ખેડૂતનો દીકરો છું એટલે કૃષિ ક્ષેત્રે જોડાયેલું સૌથી વધારે મહત્ત્વનું ખેડૂતને જો કામ પડતું હોય તો ઊર્જા વિભાગ પાસે પડતું હોય છે. આજે જયારે કલ્પના કરી કે ખેડૂતોને ૬૫ પૈસે અને ૬૦ પૈસે વીજળી આપવી છે એ જે દિવસે નિર્ણય કર્યો ત્યારથી લઇ આજ દિન સુધી ૮ રૂપિયા કોમર્શિયલ વીજળી થતી હોય એ દિવસથી લઇને આજ દિવસ સુધી એક પણ રૂપિયાનો ખેડૂતો માટે વધારો ઊર્જા વિભાગે નથી કરેલો એટલે જયારે શ્રી અર્જુનભાઇ વાત કરતા હતા, કેપીટલ એક્સપેન્ડિચર ઉપર આપણા ખર્ચની વાત કરતા હતા તો એ બાબત દર્શાવે છે કે આપણે એટલા સંવેદનશીલ છીએ કે ખેડૂતો પ્રત્યે આટલી સંવેદના વ્યકત કરીએ છીએ એની પાછળ ઊર્જા વિભાગ કામ કરી રહ્યું છે. એની પાછળ સબસિડી છે, એની પાછળ આપણા બજેટની અંદર એના માટે જોગવાઇઓ થઇ રહી છે. મને બે–ચાર બાબતો અંગે બહુ આનંદ થયો, હું જયારે આનો કેસ સ્ટડી કરતો હતો કે રેસિડેન્શિયલ ઉપર સોલાર રૂફટોપની ક્ષમતા જે આખા દેશમાં છે, આખા દેશમાં જેટલા સોલર રૂફટોપ લાગ્યા એની ૮૨ ટકા ક્ષમતા એ આપણા ગુજરાતમાં છે એ આપણ માટે આનંદની વાત છે. આપણને એમ થાય કે ઊર્જા વિભાગ વધારે પૈસા ખર્ચતું હશે એટલે થયું તો હા, એટલા માટે થયું છે. પાંચ લાખથી વધુ કસ્ટમર આ સોલાર રૂફટોપ પેનલનો ઉપયોગ ગુજરાતની અંદર કરી રહ્યા છે અને એની પાછળ ઊર્જા વિભાગે ૩૦૮૩ કરોડ રૂપિયા ખર્ચ કર્યો છે એ પણ આનંદની વાત છે કે આટલા રૂપિયાનો વધારો કર્યો છે એટલા માટે આટલા ગ્રાહક આપણે જોડી શકયા છીએ. બીજું એક મને જણાવતા આનંદ થાય કે આખા દેશની અંદર માથાદીઠ તરીકે કોઇ યુનિટ વાપરે તો આખા દેશમાં વાર્ષિક ૧૨૦૦ યુનિટનો વપરાશ છે. એકલા ગુજરાતની અંદર ૨૪૦૦ યુનિટ માથાદીઠ વપરાય છે તો આપણા માટે આનંદની વાત છે કે ડબલ યુનિટ આપણે વાપરી રહ્યા છીએ. કેટલીય એવી બાબતો છે કે જેના માટે ગુજરાત ગૌરવ લઇ શકે છે. જેમ કે મોઢેરાનું જે આપણું સૂર્યમંદિર છે એ આખેઆખા મોઢેરા ગામને સોલાર સિટી બનાવ્યું છે એ આપણે ગૌરવ લઇ શકીએ. આ ઊર્જા વિભાગને લીધે આ થઇ શકયું છે. સોલાર પાર્કની વાત કરીએ તો દિવસેને દિવસે રોજ સમાચાર આવે કે આજે ગુજરાત સરકાર ઊર્જા વિભાગે આ જગ્યા ઉપર આટલા મેગાવોટનો પ્લાન્ટ નાખવાનો નક્કી કર્યો એવા રોજ રોજ સમાચારો આવે છે પણ કયારેક કયારેક એવા નેગેટીવ સમાચાર આવે છે કે આ તો કાર્યરત નથી. ખાલી જાહેરાતો થાય છે. આ જગ્યાએ અહીંયા કયાંય યોજનાના ઠેકાણા નથી. તો મને કહેતા આનંદ થાય છે કે ધોલેરા સોલર પાર્કની અંદર ૩૦૦ મેગાવોટ અત્યારે કાર્યરત છે એવી રીતે રાધા નેસડાની અંદર, બનાસકાંઠા જિલ્લાની અંદર પણ ૬૦૦ મેગાવોટની ક્ષમતાથી અત્યારે આ પ્રોજેકટ કાર્યરત છે.એવી જ રીતે આપણું ગુજરાત રેકોર્ડ કરવા માટે ટેવાયેલું છે. માનનીય મુખ્યમંત્રી સાહેબ અને આપણા દીર્ઘદૃષ્ટા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હંમેશા રેકોર્ડ કરવા માટે ટેવાયેલા છે ત્યારે સૌથો મોટો સોલર વીન્ડ હાઇબ્રીડ પાર્ક એટલે વીન્ડથી પણ ચાલે અને સોલરથી પણ ચાલે એવો ૩૦,૦૦૦ મેગાવોટનો પ્લાન્ટ ગુજરાતની અંદર છે એ આપણો વિશ્વનો પહેલો પ્લાન્ટ છે. આની પાછળ શ્રી અર્જુનભાઇ કહેતા હતા કે કેપીટલ એક્સપેન્ડિચરની અંદર વધારો ન થતો હોય એમ આ કેપીટલ એક્સપેન્ડિચર ઊર્જા વિભાગની અંદર વધારો થયો ત્યારે આપણે આ રેકોર્ડ કરી શક્યા છીએ. એવી જ રીતે છેલ્લાં બે વર્ષમાં ૧૩૬થી વધુ સબસ્ટેશનો ઊર્જા વિભાગે મંજૂર કરીને પોતાના બજેટની અંદર વધુ જોગવાઇઓ કરી ત્યારે રાજ્યના લોકોને સારી રીતે લાઇન એટલે કે વીજળી સારી રીતે આપી શકીએ એના માટે આ જોગવાઇઓ કરવામાં આવી છે એના માટે હું ઊર્જા મંત્રીશ્રી અને વિભાગનો આભાર વ્યક્ત કરું છું. એવી જ રીતે આની પાછળ ૧૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને ૧,૩૧૭ નવા ફિડરોને બાયફરગેટ કરવાનો નિર્ણય કર્યો એના માટે વધુ ૧૮૦ કરોડ રૂપિયા ફાળવ્યાં છે એના માટે પણ હું રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરું છું. એવી જ રીતે છેલ્લાં બે વર્ષમાં ૨,૨૨૩ કરોડ રૂપિયાના ખર્ચે કુલ ૧,૩૦,૯૬૩ નવા ખેતીવાડી વીજ જોડાણો આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે જે આવનારા સમયની અંદર એ ખેતી કરશે, ખેતી કરીને ખેડૂત પોતાની આવક ઊભી કરી શકશે એના માટે પણ હું રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરું છું. ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં ૬૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. એવી રીતે અનુસૂચિત જાતિ વિસ્તારોમાં ૨,૦૩૪ નવા વીજ જોડાણો આપીને રૂ.૩૭ કરોડના ખર્ચે નવા વીજ જોડાણો થવાના છે એ પણ આપણા માટે આનંદની વાત છે. એવી રીતે વીજ જોડાણના ફિક્સ ચાર્જની અંદર રાજ્ય સરકારે આમૂલ ઘટાડો કર્યો છે. એટલે ફિક્સ ચાર્જ વધુ હતા એમાં ૨૦ માંથી ઘટાડીને સાડા સાત હોર્સ પાવર સુધી ૧૦ રૂપિયા અને તેથી વધુ જો હોર્સ પાવર હોય તો ૫ રૂપિયા કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે એના માટે હું રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરું છું અને ખેડૂતો માટે ૨૩૪ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઇ કરી છે ત્યારે આપણે રાહત આપી શક્યા છીએ. અમારા નાણામંત્રીશ્રીએ ખેડૂતો માટે એક સારો નિર્ણય કર્યો છે. જયારે આપણે આ સદનમાં પાણીની સૌ ચિંતા કરતા હોઇએ છીએ તો પાણી કાઢવાની અંદર સૌથી વધારે કાર્બન ઉત્સર્જન થતું હોય, પાણી નીચે જતા હોય ત્યારે નાણામંત્રીશ્રીને સૌ ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી હતી કે આપણે

જેટલા સરફેશ વોટરનો ઉપયોગ કરી શકીએ એ પાણીથી જો ખેતી કરીએ તો સારો ફાયદો થાય તેવું છે ત્યારે તુરત જ મને ખ્યાલ છે કે ૨૦ દિવસમાં આનો નિર્ણય લીધો કે સરફેશ વોટર કોઇ ખેડૂત વાપરવા માગતો હોય એ નદી, નહેર, કેનાલ, ખેત તલાવડી, ડેમ હોય કે ચેકડેમ હોય આ તમામ જગ્યાએથી જો એ પાણી વાપરવા માગતો હશે તો ખેડૂતને વધારાનું એક અતિરિક્ત કનેક્શન આપવાનો નિર્ણય ઊર્જા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. એ તમામ ખેડૂતો માટે એક બહુ મોટો નિર્ણય છે તો જેટલો પણ આની પાછળ ખર્ચ થવાનો છે, બજેટમાં જોગવાઇઓ કરી છે એના માટે હું આનંદની લાગણી વ્યક્ત કરું છું અને નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે તેને મારું પૂરું સમર્થન આપું છું.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા ( રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાત એ ભારતનું એક વિકાસનું રોલ મોડલ અને એન્જિન બન્યું છે. વર્ષ ૨૦૦૧થી આજ સુધી અને વર્ષ ૧૯૯૫થી વર્ષ ૨૦૦૦ સુધી અગાઉના ખૂબ મોટા ખાડાઓ ભરવા માટે પાંચ વર્ષ ગયા અને વર્ષ ૨૦૦૧થી ગુજરાત જે દિશા તરફ આગળ વધી રહ્યું છે. એની પૂરી દુનિયાએ અને ભારતે નોંધ લીધી છે અને અનેક વખતે ખૂબ સારા વિકાસનાં કામો કરી અને દુનિયા સમક્ષ ગુજરાતનું સરસ રીતે પ્રેઝન્ટેશન કર્યું છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ જ ગૃહની અંદર શરૂઆતથી લઇને એ પ્રણાલિકા જેમાં વિકાસલક્ષી કામો, વિકાસલક્ષી આયોજનો, જે આયોજન કર્યું છે એ જ પ્રણાલિકા પ્રમાણે આજે ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. મને કહેતા આનંદ થશે કે વર્ષ ૨૦૦૨–૦૩ની અંદર ગુજરાતની અંદર જયારે ૨૯૭૨૪ કરોડનું બજેટ હતું જયારે આજે વિકાસનો ગ્રાફ કયાં સુધી પહોંચાડયો છે? આજે સન ૨૦૨૪–૨૫માં આ બજેટમાં રૂ.૩,૩૨,૪૬૫ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. છેવાડાના માનવી સર્વાંગી વિકાસ અને પહેલા બજેટ આવતા ત્યારે આપણે સૌએ જોયું છે કે કોઇને કોઇ અસંતોષ હોય પરંતુ ભારતીય જનતા પાર્ટીના એ શાસનની અંદર આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન નીચે અને એમની ટીમ દ્વારા આજે ગુજરાતના સર્વાંગી વિકાસમાં તમામ લોકો, તમામ સમુદાય અને તમામ બિઝનેસથી લઇ, ખેતીથી લઇને સામાન્ય રીતે તમામ લોકોને ન્યાય આપવાનો પ્રયાસ થયો છે. ગુજરાતના આરોગ્યક્ષેત્રે, ગુજરાતના શિક્ષણક્ષેત્રે આદિવાસી પરિવારોના વિકાસ અર્થે તમામ ક્ષેત્રે આ બજેટની સમકક્ષ રીતે ફાળવણી કરવામાં આવી છે. આરોગ્ય ક્ષેત્રે ૨૦,૧૦૦ કરોડનું બજેટ જેનો ૩૨.૪૦ ટકા જેટલો નોંધપાત્ર વધારો થયો છે. એમાં આજે હું આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આભાર વ્યકત કરું છું કે હું જે વિધાનસભામાંથી આવું છું એ કામરેજ વિધાનસભાક્ષેત્ર જયાં ૩૦૦ બેડની હોસ્પિટલ અને આણંદના બાવળા પાસેની ૩૦૦ બેડની હોસ્પિટલ મંજૂર કરવામાં આવી છે. એક સમય એવો હતો કે પાર્ટ પાડીએ એટલે નરી આંખે દેખાય એવું માઇક્રોસ્કોપની જરૂર નહોતી. એક કેલક્યુલેશન દ્વારા વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં ૬ મેડિકલ કોલેજ હતી અને ૧૧૦૦ જેટલી સીટ હતી. આઝાદીના વર્ષ ૧૯૪૭ થી વર્ષ ૨૦૦૨ એટલે અંદાજે ૫૫–૬૦ વર્ષના ગાળામાં ૬ મેડિકલ કોલેજો અને ૧૧૦૦ સીટ હતી. જયારે આજે ૨૨ વર્ષના ગાળાની અંદર ૨૦૦૨ થી લઇને આજ સુધી આજે ૩૦ મેડિકલ કોલેજ અને ૭૫૦ મેડિકલ સીટ હતી. આ ડિફરન્સ છે. આના ઉપરથી ખ્યાલ આવે કે બધી બાબતમાં કેટલો વિકાસ થયો છે. ગુજરાતની અંદર એના લીધે કેટલાય લોકો ડોકટર બનતા રહી ગયા, કેટલાય લોકો એન્જિનિયર બનતા રહી ગયા ત્યારે આ સરસ રીતનું આયોજન કર્યું. મારે એક માનવીયતાની વાત કરવાની છે કે સરકારની વિવિધ યોજનાઓ છે. બજેટમાં આપણે ફાળવીએ છીએ અને આ બાબત લોકો સુધી અનેકવાર પેપરમાં પણ આવે છે, ન્યૂઝ ચેનલમાં પણ ખૂબ સારી સંવેદના સાથેની વાત થઇ હતી કે જે પરિવારની અંદર એક બાળક બોલી ન શકે, સાંભળી ન શકે એના માતાપિતા ઉપર આભ ફાટયું હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આવા ગરીબ લોકો આવા કોસ્ટલી, ખૂબ ખર્ચાળ ઓપરેશનો કરી શકે એવી સ્થિતિમાં ન હોય અને માતા પિતાને એક ચિંતા હોય કે મારું બાળક બોલી શકતું નથી, સાંભળી શકતું નથી પણ ગુજરાતની સંવેદનશીલ સરકારના મૃદુ અને મકકમ મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલસાહેબના માર્ગદર્શન નીચે અને આદરણીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ દ્વારા ૩૫૦ કોક્લિયર ઇમ્પ્લાન્ટ કરવામાં આવ્યા છે. જેનો ખર્ચ બહારથી ૧૫ લાખ રૂપિયા અને આપણાથી ૭ થી ૮ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્રણ જીવંત ઉદાહરણ આપવા છે. મારા વિસ્તારની અંદર ત્રણ દીકરીઓ કુમારી વૈશાલી રાણાવાડીયા, પંથી પોશીયા અને સાક્ષી કલ્પેશભાઇ પ્રજાપતિ. આ ત્રણેય દીકરીઓ બોલી કે સાંભળી શકતી ન હતી. એમાં પંથી અને સાક્ષી આ બે દીકરીઓને હું ગાંધીનગર મારી જોડે લેતો આવ્યો હતો. સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી. હું ખુદ દાખલ કરવા ગયો હતો. જયારે તેનું ઓપરેશન પૂરું થયું અને મારે સુરત મોકલવાની હતી ત્યારે પણ હું સિવિલ હોસ્પિટલમાં ગયો હતો અને નવરાત્રિની અંદર કુમારી પંથીની સોસાયટીની અંદર મા જગદંબાની આરતી ઉતારવા ગયો હતો ત્યારે પંથીને ત્યાં લાવવામાં આવી હતી અને ત્યારે તે મારી સામે બોલી હતી જય માતાજી. આ વાત હૃદયને સ્પર્શે છે. તેની માતાની આંખમાં દડદડ આંસુ પડતા હતા. મેં ત્યારે બે માતાજીના દર્શન કર્યા. એક જે માતાજીની આરતી કરતો હતો તે અને એક લાડલી દીકરી પંથી. તેનામાં મેં માતાજીના દર્શન કર્યા હતા. આ સરકારની એક સંવેદનશીલતા છે. અંત્યોદય સુધીના માણસને મદદરૂપ થવું. અંત્યોદય સુધીનો એકપણ માણસ આવી બાબતોથી વંચિત ન રહે તે સરકારનો મુખ્ય ધ્યેય હોય છે. આ જ સારામાં સારી કામગીરી છે. ડાયાલીસીસ સેન્ટરની વાત કરું તો આજે ૧૭૨ ડાયાલીસીસ સેન્ટર છે. દર મહિને ૫૫ હજાર જેટલા દર્દીઓને આ સેન્ટરની અંદર ડાયાલીસીસની સારવાર પૂરી પાડવામાં આવે છે. ઓર્ગન ડોનેશનની અંદર ગુજરાતે ક્રાંતિકારી જાગૃતતા લાવી છે. ૪૨૦ જેટલા ઓર્ગન ડોનેશન થયા છે. ૧૨૮૭ ટ્રાન્સપ્લાન્ટ થયા છે. જેમાં લિવર અને કિડનીના ટ્રાન્સપ્લાન્ટ થયા છે. હવે

તો હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદ અને બીજી હોસ્પિટલોમાં કરવામાં આવે છે. કુલ ૮ હૃદય ટ્રાન્સપ્લાન્ટ કરીને ગુજરાત સરકાર દ્વારા માનવીય અભિગમ ઉપર કામગીરી થઇ રહી છે. આ એ જ ગુજરાત છે જયાં આજે ૧૪૯૯ જેટલા પી.એસ.સી. છે. ૩૬૫ સામૂહિક આરોગ્ય કેન્દ્ર છે. શ્રમ અને કૌશલ્ય વિભાગ દ્વારા ૨૬૫૯ શ્રમિક અન્નપૂર્ણા સેન્ટર ચલાવવામાં આવે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનામાં પાંચ રૂપિયામાં તે શ્રમિકના પરિવારને જમવાનું આપીએ છીએ. આ શ્રમિકો ઝૂંપડીની અંદર રહે છે. બહારથી શ્રમ કરીને આવ્યા હોય છે, તેમને ત્યાં રસોઇ બનાવવાનું કાચું સીધુ કે ગેસ વગેરેની સુવિધા ન હોય. ત્યારે આપણે જોઇએ કે પાંચ રૂપિયાના ટોકન ભાવે ભોજન આપવામાં આવે છે. હવે અમારા સુરતની અંદર માનવીગ અભિગમ દ્વારા કોઇની બર્થડે હોય કે એનીવર્સરી હોય ત્યારે તેઓ આવા સેન્ટર પર જાય છે, તે લોકો દાન આપવા જતા નથી. પારિવારિક ભાવના સાથે જાય છે અને લોકોને ગિફ્ટ આપે છે, મીઠાઇ ખવડાવે છે. આ સીલસીલો પૂરા ગુજરાતની અંદર શરૂ થઇ રહ્યો છે. શ્રમિક માટેના આવા ૧૦૦ નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવા માટે સરકારે ૧૩૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગમાં આજે સૌથી મોટું બજેટ ૫૫૧૧૪ કરોડ રૂપિયાનું આપ્યું છે. મારે બે જ વાત કરવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે આ સરકાર ચાલી રહી છે. એક સમય એવો હતો અને લોકો બહુ વાતો કરી રહ્યા હતા કે શિક્ષણક્ષેત્રે આવું છે તેવું છે. સને ૧૯૯૫થી અમે ખાડા પૂર્યા છે. વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ ૧થી ૮માં ડ્રોપ આઉટ રેશિયા ૩૮.૯૨ ટકા હતો. જે વર્ષ ૨૦૨૨-૨૩માં ૨.૬૮ ટકા રહ્યો છે. આ કેટલો મોટો ડિફરન્સ છે. વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ ૧થી ૫ નો ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫ ટકા હતો. આજે ૧.૧૭ ટકા છે. આ જ વિકાસની વાતો જે થતી હોય ત્યારે એક સમયે નામાંકન ૧૦૦ એ ૨૦ બાળકો શાળાએ જતા ન હતા. આ વાત તે સમયના પનોતા પુત્ર આદરણીય માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની સમક્ષ આવી હતી અને એમણે પ્રવેશોત્સવ કરીને રાજયના મુખ્ય મંત્રી ઝૂંપડામાંથી એક દીકરીની આંગળી પકડે અને શાળાએ દાખલ કરતા હોય આથી વિશેષ બીજું કંઇ ન હોઇ શકે. આજે પરિણામ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ અને ૨૦.૫ ટકાથી ૧.૧૭ ટકા સુધી લાવી શકયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આજ રીતે અનેક પ્રવૃત્તિઓ જયારે આગળ વધી રહી છે ત્યારે વર્ષ ૨૦૦૧ થી આજ સુધી ઓરડાઓની વાતો થતી હતી અને નામાંકન ઓછું થતું હતું એટલે નામાંકન વધાર્યું અને એની સામે શાળાઓની જરૂર પડી, એટલે વર્ષ ૨૦૦૧-૨૦૦૨ થી ૨૦૨૨ સુધીમાં ૧,૬૦,૩૯૫ શાળાના નવા ઓરડા સરકારે બનાવ્યા છે. સ્માર્ટ ક્લાસ અને નવા પ્લાનિંગ માટે અત્યાર સુધીમાં ૬૫,૪૩૭ સ્માર્ટ ક્લાસ બનાવીને લોકાર્પણ કર્યા છે અને આવનારા સમયમાં ૪૩,૭૫૦ સ્માર્ટ ક્લાસ બનાવવાની કામગીરી ચાલુ છે અને આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે વડોદરા આવ્યા હતા ત્યારે ૫૦,૩૦૦ સ્માર્ટ ક્લાસનું એકી સાથે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સરકારી પ્રાથમિક શાળામાં અત્યારે ૧૫ હજાર ઓરડાઓનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે અને ૧૫ હજારથી વધુ ઓરડાઓનું કાર્ય પ્રગતિમાં છે અને સરકાર આ રીતે શિક્ષણમાં આગળ વધી રહી છે ત્યારે જે ઘટ છે અને નવા કલાસની જરૂર છે એ લગભગ આવતા વર્ષમાં આપણે પૂર્ણ કરી દઇશું. ૬ હજાર શાળાઓમાં ૧ લાખથી વધુ કોમ્પ્યૂટરની ફાળવણી કરવામાં આવી છે અને ૧૫ હજાર શાળાઓમાં ૨ લાખથી વધુ કોમ્પ્યુટરની ફાળવણીનું કામ પ્રગતિમાં છે. ૧૬૨ નવી માધ્યમિક શાળાઓ તથા ૧૦ આર.એમ.એસ.એ. માધ્યમિક શાળા શરૂ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૩ના બજેટમાં જ્યારે આટલું મોટું બજેટ ફાળવવામાં આવ્યું છે જે શિક્ષણ પ્રત્યેની સરકારની પ્રબળ લાગણી અને ગુજરાતને નવી દિશા આપવા માટેનું પ્રથમ પગથિયું છે. આવનારા સમયમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સરકારી અને ગ્રાન્ટેડ બંને શાળાઓના રિપેરિંગથી લઇ અને અન્ય કામો બજેટમાં મૂકવામાં આવ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે વાત મુદાની એ છે કે, વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રાઇવેટ શાળામાંથી સરકારી શાળામાં ૫૮,૨૬૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે, પ્રાઇવેટ શાળામાંથી ગ્રાન્ટેડ શાળામાં ૧,૬૧,૦૬૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે અને ટ્રાયબલમાં ૨,૭૮૫ વિદ્યાર્થીઓએ પ્રાઈવેટ શાળામાંથી સરકારી શાળમાં પ્રવેશ લીધો છે. નમો લક્ષ્મી યોજના, ૯થી ૧૨ ધોરણનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી કન્યાઓ માટે નમો લક્ષ્મી યોજનાનું આયોજન કરવામાં આવ્યું, આ યોજનાથી કન્યાઓના અભ્યાસની સરકારે ખૂબ મોટી ચિંતા કરી છે. ધોરણ ૧૧થી ૧૨માં વાર્ષિક રૂપિયા ૧૫૦૦૦ની સહાય આપવાની યોજના છે અને ધોરણ-૧૨નો અભ્યાસ પૂર્ણ કરે પછી રૂપિયા ૫૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે એટલે વચ્ચેનો ડ્રોપ રેશિયો ઘટાડવાની સરકારની નેમ છે. નમો સરસ્વતી યોજના, એમાં ધોરણ-૧૧માં રૂપિયા ૧૦,૦૦૦ અને ધોરણ-૧૨માં રૂપિયા ૧૫,૦૦૦ મળીને કુલ રૂપિયા ૨૫,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આમ આ રીતે અંદાજે સાયન્સમાં આજે ૨ લાખ સ્ટુડન્ટો ધોરણ-૧૧ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરી રહ્યા છે અને એને વધારીને ૫ લાખ સ્ટુડન્ટો કરવા માટે આ યોજના પ્રોત્સાહનરૂપ બનશે. ગુજરાતની અંદર ભારતમાં જે ગુજરાતની અંદર યુનિવર્સિટી છે Indian Institute of Teachers Education, Children Research University, યોગ યુનિવર્સિટી અને વિદેશોમાંથી એમ.ઓ.યુ. કરીને જયારે ગુજરાતની અંદર યુનિવર્સિટી સ્થપાવાની છે ત્યારે University of San Diego, California, Thunderbird School of Global Management, Arizon State University, Deakin University આ આવે છે ઓસ્ટ્રેલિયાથી ગિફ્ટ સિટીમાં. University of Gold Coast ઓસ્ટ્રેલિયામાંથી ગિફ્ટ સિટીની અંદર આવે છે તે ત્યારે એ વિશ્વકક્ષાના વિચારો આદાન-પ્રદાન થશે. આપણે ત્યાં તક્ષશીલા અને નાલંદા વિદ્યાલયોમાં પહેલાં વર્લ્ડના અનેક દેશોની અંદર સમુદ્ર માર્ગથી ભણવા માટે આવતા હતા ભારત તેમની પાસેથી શીખતું હતું અને ભારત તેમને શીખવાડતું હતું. આ રીતે આજે સારા વિચારો, સારી ટેકનોલોજીની યુનિવર્સિટીને પણ ગુજરાતની અંદર સ્થાન પ્રાપ્ત થયુ છે.

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( પહેલો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જામાં આજે ૮૪૨૩ કરોડની જોગવાઇ કરી છે અને આજે મને કહેતા આનંદ થશે કે જે ખેતરની અંદર કૃષિ જોડાણ આપ્યા છે તે વાયર જર્જરિત થયા હોય, કયાંક ઢીલા પડી ગયા હોય, અવાર-નવાર ભેગાં થઇને કરંટ થતો હોય તો તેમને બદલાવી નવા નાંખવાનું ૧૩૦ કરોડ રૂપિયાનું આયોજન રાજય સરકારમાં કરવામાં આવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બીજી વાત કરવી છે જે ખેતી બાબતની વાત કરે છે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ખેડૂતો માટેની કેટલી સંવેદના છે અને અગાઉથી ખેડૂતો માટે સારાં સારાં કામો કર્યાં છે આજે સામાન્ય સરકારી સરેરાશ અંદાજિત એક કૃષિ કનેક્શન આપવાનો ખર્ચ રાજય સરકારને ૧ લાખ ૭૩ હજાર રૂપિયા થઇ રહ્યો છે. અને નવું વીજ કનેકશન આપણે ખેડૂત પાસેથી ટોકન પેટે શું ભાવ લઇએ છીએ? ૭૮૫૫ રૂપિયા એક કનેકશન દીઠ એક ખેડૂતને અને એ જ રીતે અનુસૂચિત જાતિ, જનજાતિના ખેડૂત ભાઇઓ માટે, પરિવારજનો માટે ૧૩૫૫ રૂપિયા લઇએ છીએ. એટલે એ બાબતથી આજે વર્ષ ૨૦૦૧માં કેટલા કનેકશનો હતા અને આજે ૧૯,૭૫,૯૩૫ ખેત વીજનાં કનેકશનો, જોડાણો અપાઇ ચૂકયા છે અને ૧ લાખ ૭૦ હજાર ઉપરનો ખર્ચ થવાથી પણ આજે તેને સબસિડી કે ટોકન પેટે આટલી મોટી રાહત એક કનેકશન દીઠ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉધોગની બાબતમાં પણ આજે સ્વાવલંબન ભારત સ્વાવલંબન ગુજરાત માટે વાઇબ્રન્ટ ગુજરાતના ફળ સ્વરૂપે એક સમય એ હતો આ રાષ્ટ્રની અંદર યુદ્ધ પ્લેન બનવાની વાત પણ ના હતી. ફાઇટર પ્લેનના ટાયર પણ નહોતા બનતા જયારે આજે આકાશમાં ફાઇટર પ્લેનો ઉડી રહ્યાં તે ભારતની ધરતી પર નિર્માણ થયું છે. મને કહેતા આનંદ થાય છે કે, અમે અમરેલીની અંદર ખાતમુહૂર્તમાં ગયા હતા. ખાતમુહૂર્ત શેનું હતું ? કોઇ ટુ વ્હીલર ગાડી, સાઇકલની ફેકટરી, ફોર વ્હીલ ગાડીની ફેકટરી નહીં પણ આ અમરેલીમાં Aero Freyr કંપની દ્વારા ૪ શીટર પ્લેન બનાવવાનાં કારખાનાનું ખાતમુહૂર્ત કરવા અમે ગયા હતા અને કામગીરી પણ શરૂ થઇ ગઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આત્મનિર્ભર ભારતમાં આજે જયારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયારે બધી વાતો મૂકી ત્યારે ઘણાં લોકો વાત કરતા હતા અને એ બાબતની ટીકાઓ પણ કરતા હતા પણ આજે આપણને ગર્વ છે કે પાકિસ્તાનની બોર્ડર પર જે ટેન્ક, યુદ્ધ ટેન્ક અતિ આધુનિક મૂકવામાં આવી છે તે અમારા હજીરા સુરતની અંદર બની રહી છે. ૫ ટ્રિલિયન ઇકોનોમીમાં ગુજરાતનો ૧૦ ટકા હિસ્સો છે અને આ વર્ષો વર્ષની વિકાસની કામગીરીથી થયું છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા ૭૨ લાખ ગરીબ પરિવારોને છેલ્લાં ચાર વર્ષથી ૪૮ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે આપવામાં આવ્યું છે. ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે નગરપાલિકાનું મહાનગરપાલિકામાં રૂપાંતર થાય અને એક રાજયમાં સાત-સાત શહેરોને મહાનગરપાલિકામાં દાખલ કરવામાં આવે એનો અર્થ એવો છે કે આ શહેરો બિઝનેસની રીતે, રહેણાંકની રીતે અને સમૃદ્ધતામાં આગળ વધ્યા છે. નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર, વઢવાણને મહાનગરપાલિકાનો દરજ્જો રાજય સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. મેટ્રો ટ્રેન અને બુલેટ ટ્રેન ૩૦-૩૫ વર્ષ પહેલાં વિદેશની ધરતી ઉપર ચાલતી હતી. આજે આપણને ગર્વ છે કે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિથી સુરત, અમદાવાદમાં મેટ્રો ટ્રેન ચાલી રહી છે અને ૬૦૦ કિ.મી.નો બ્રિજ બનાવી દિલ્હીથી બોમ્બે સુધી બુલેટ ટ્રેનની કનેક્ટિવિટી આપી રહ્યા છીએ ત્યારે નવી દિશા તરફ ભારત જઇ રહ્યું છે, નવી દિશા તરફ ગુજરાત જઇ રહ્યું છે. આવનારા સમયમાં માર્ગ-મકાન અને બ્રિજની કામગીરીઓ ખૂબ સરસ રીતે થઇ રહી છે. ગુજરાત સરકારે નાડ પારખી છે કે આવનારા સમયમાં જેમ આપણા ફેમિલી ડૉક્ટર હોય એમ ફેમિલી ફાર્મર હશે. આ ફેમિલી ફાર્મર એટલે પ્રાકૃતિક ખેતી કરનારો એક ખેડૂત ભાઇ. મહામહિમ રાજયપાલશ્રી પણ પોતાના વધારાના સમયમાં આ સૌથી મોટી સેવા આપી રહ્યા છે. એમને પણ હું વંદન કરું છું. પ્રાકૃતિક ખેતી તરફ આજે નહિ તો કાલે વળવું પડશે. એની જાગરૂરતા માટે, ખેડૂતોને એ તરફ વાળવા માટે આપણે આગળ વધી રહ્યા છીએ. એવા કેટલાય પ્રશ્નો હતા જે ઘણાં વર્ષોથી ચાલ્યા આવતાં હતાં. જેમ કે, નર્મદા યોજના. સૌની યોજના એ આખી દુનિયામાં અન્ડરગ્રાઉન્ડ પાઇપલાઇન નાંખીને પાણી આપવા માટેની સૌથી મોટી યોજના છે. આ જ ગૃહમાં વાત થતી હતી કે સૌની યોજનાની પાઇપ નાંખશો એમાં હવા ચાલશે, હવા ચાલશે. આજે હજારો તળાવ ભરાયા છે. આજે લેવાયેલા અનેક સારા નિર્ણયોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ આવે છે. એના માટે બજેટ ફાળવી દીધું એટલે વાત પૂરી એમ નહિ. મારે એક વિસ્તૃત વાત કરવી છે. મેં મારી નજર સામે જોયું છે. બિપોરજોય વાવાઝોડામાં તમામ વ્યક્તિઓએ કામગીરી કરી. એ ભયંકર સંકટ હતું અને એ સંકટમાં ઝીરો કેઝ્યુલિટી કઇ રીતે કરી? ભગવાને તો સાથે આપ્યો પણ સરકારે કેવા પગલાં લીધાં એના માટે હું ત્રણ-ચાર મુદ્દા કહેવા માગું છું. એના પ્લાનિંગમાં આદરણીય શ્રી ઋષિકેશભાઇ પટેલના માર્ગદર્શન નીચે હું કચ્છ હતો. રોજ રાત્રે મુખ્યમંત્રીશ્રીનો ફોન આવે કે ''આજે શું કર્યું?'' સરકાર એના માટે ખૂબ ગંભીરતાથી વિચારતી હતી. એના ઉપર રિસર્ચ પણ ચાલી રહ્યું છે કે આટલા મોટા વાવાઝોડામાં ઝીરો કેઝ્યુલિટી કેવી રીતે થઇ? જે વિસ્તારો ૦થી ૧ કિ.મી. સુધી ખાલી કરાવવાના હતા એ વિસ્તારો ૦થી ૫ કિ.મી. સુધી ખાલી કરાવ્યા. જે સ્થળ ઉપર લોકોને રાખવાના હતા ત્યાં પાણી, જનરેટર, દવા વગેરેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

**વિરામનો સમય રદ કરવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ(મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત કરું છું કે બિનસરકારી કામકાજ હાથ ધરવાના હેતુથી વિરામનો સમય રદ કરવામાં આવે.

તા. ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪
દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો

શ્રી અમૃતજી મો. ઠાકોર : (કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) બિનસરકારી કામકાજ હાથ ધરવાના હેતુથી વિરામનો સમય રદ કરવામાં આવે છે.

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે સંવેદનની વાત કરવી છે. કચ્છ જિલ્લાના ધારાસભ્યશ્રી ૨૪ કલાક જાગતા હતા. આદરણીય શ્રી ઋષિકેશભાઇ રાત્રે કલેક્ટર ઓફિસના સોફા પર સૂઇ જતા હતા. બધા ધારાસભ્યશ્રીઓ ગ્રામ્ય કક્ષાએ પ્રવાસ કરી રહ્યા હતા. દરેક ગર્ભવતી બહેનોને સાંજે હૉસ્પિટલમાં પહોંચાડી દીધેલ હતી. હૃદયરોગની તકલીફવાળાને પણ હૉસ્પિટલમાં પહોંચાડી દીધેલ હતા. જે રાત્રે સાયક્લોન હતું તે જ રાત્રે લગભગ ૨૦૦ જેટલી બહેનોની પ્રસૂતી થઇ અને તંદૂરસ્ત બાળકોને જન્મ આપ્યા હતા તેના આશીર્વાદ પણ સરકારને પ્રાપ્ત થયા છે. દૂધ બગડી જવાનો વિચાર આવ્યો તો આદરણીય ઋષિકેશભાઇએ ફોન કરીને કહ્યું અઠવાડિયા સુધી એક પણ ગરીબ વ્યક્તિ કે બાળક દૂધથી વંચિત ન રહે તે માટે ટેટ્રા પેકમાં દૂધ આપો. આપણા અધિકારીઓ પણ એટલાં જ સંવેદનશીલ હતા. પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. પ્રીતિબેન શર્મા કે જે પોતે ગર્ભવતી હોવા છતાં અમારી સાથે રાત્રે એક વાગ્યા સુધી કામ કરી રહ્યાં હતા. મેં અને આદરણીય ઋષિકેશભાઇએ એમને ઘરે જવા માટે કહ્યું. આ પારિવારિક ભાવનાઓ હતી કે અધિકારીઓ પોતાની તકલીફ ભૂલીને કલેક્ટર ઓફિસે ફરજ બજાવી રહ્યા હતા. મેં બીજી મિટિંગમાં આ બહેનોનું સન્માન કર્યું હતું. ગુજરાતમાં આયુર્વેદ ક્ષેત્રે પૂરા વિશ્વનું બેસ્ટ ડેસ્ટિનેશન જામનગરમાં બન્યું છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી સૌથી ઊંચું સ્ટેચ્યૂ છે જે યુનિટી દર્શાવે છે. સૌથી મોટું ક્રિકેટનું સ્ટેડિયમ ગુજરાતમાં છે. એશિયાની સૌથી મોટી સરકારી હૉસ્પિટલ આપણા ગુજરાતના અમદાવાદની છે કે જ્યાં સૌથી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે. સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટે આપણા ગુજરાતનું સુરત પ્રથમ નંબરે છે. બે દાયકાથી ગુજરાત સરકાર દ્વારા વાઇબ્રન્ટ નવરાત્રિનું ભવ્ય આયોજન થતું હતું અને એ ગરબો યુનેસ્કો દ્વારા પારંપારિક નૃત્યનો દરજ્જો મેળવીને દુનિયામાં પ્રસિદ્ધ થયો છે ત્યારે મોં જગદંબાની પૂજા–અર્ચના ફળી છે. ગુજરાતના કચ્છનું ધોરડો ગામ યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન દ્વારા પ્રતિષ્ઠિત પ્રવાસ ગામના ખિતાબ સાથે સન્માનિત થયું છે. આજે મારા તમામ સાથી મિત્રો જે અગાઉ બોલ્યા છે તેમને હું અભિનંદન પાઠવું છું અને આ ગુજરાતની સિદ્ધિઓ અંત્યોદય સુધી સતત વધતી રહે અને સરકારની સેવા પહોંચતી રહે એ જ અભ્યર્થના.

**દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો**

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક**

**ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજ્યમાં માલિકે પંચાસી ટકા સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા અને તેની સાથે સંકળાયેલ અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી અર્જુનભાઇ દે.મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક**

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય સભ્યશ્રી ગેરહાજર

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ(નિવારણ અને નદીઓનું શુદ્ધીકરણ)વિધેયક**

શ્રી અમિત શાહ(એલીસબ્રિજ) : માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાયંધરી વિધેયક**

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય સભ્યશ્રી ગેરહાજર

માઘ ૧૯, ૧૯૪૫ શાકે

દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો

**સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક**

શ્રી પી.સી. બરંડા(ભિલોડા) : માનનીય સભ્યશ્રી ગેરહાજર

**સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ(રદ કરવા)બાબત વિધેયક**

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સભાગૃહનું કામકાજ  સાંજના ૫.૩૩ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માઘ ૨૦, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર

* 15/4/841 : **શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) કંપની સાથે કેટલા સમય માટે ક્યા ભાવે વીજ ખરીદીના કરાર ક્યારે કરવામાં આવેલ છે, | (૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે ૨૫ વર્ષ માટે રૂ ૨.૨૬/યુનિટના લેવલાઈઝડ દરે તા.૨૨.૦૪.૨૦૦૭ના રોજ વીજ ખરીદીના કરાર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત કંપની પાસેથી કેટલી વીજળી ક્યા ભાવે ખરીદવામાં આવી, અને<br>(૩) ઉક્ત કરારથી વધુ ભાવે ઉક્ત માસમાં વીજળી ખરીદવામાં આવી હોય તો તેના કારણો શા છે? | (૨) અને (૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપની પાસેથી માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત નીચે મુજબ છે: |

| ૨૦૨૨ | | | |
| --- | --- | --- | --- |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ (રૂ–કરોડ) | એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ દર |
| જાન્યુઆરી | ૯૭૨ | ૯૪ | ૨.૯૫ |
| ફેબ્રુઆરી | ૪૪૪ | ૪૧ | ૩.૧૪ |
| માર્ચ | ૬૫૯ | ૬૩ | ૩.૧૩ |
| એપ્રિલ | ૧૧૩૪ | -૬૭* | ૪.૨૦ |
| મે | ૯૦૮ | ૯૩ | ૫.૬૮ |
| જૂન | ૯૬૦ | ૯૪ | ૬.૦૬ |
| જુલાઈ | ૯૮૪ | ૯૭ | ૫.૮૯ |
| ઓગસ્ટ | ૯૭૩ | ૯૭ | ૫.૧૮ |
| સપ્ટેમ્બર | ૮૯૨ | ૯૪ | ૪.૮૧ |
| ઓક્ટોબર | ૬૩૯ | ૯૭ | ૫.૮૧ |
| નવેમ્બર | ૯૧૦ | ૯૪ | ૫.૭૦ |
| ડિસેમ્બર | ૯૭૨ | ૯૭ | ૫.૪૮ |
| ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | | |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ (રૂ.–કરોડ) | એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ દર |
| જાન્યુઆરી | ૩૮૫ | ૫૬ | ૩.૬૩ |
| ફેબ્રુઆરી | ૧૦૨ | ૯ | ૩.૭૬ |
| એપ્રિલ | ૨૬૧ | ૨૦ | ૩.૭૪ |
| મે | ૮૯૬ | ૫૩ | ૪.૪૨ |
| જૂન | ૬૬૯ | ૭૧ | ૪.૫૨ |
| જુલાઈ | ૭૬૭ | ૯૬ | ૪.૨૯ |
| ઓગસ્ટ | ૧૦૩૭ | ૯૨ | ૩.૭૧ |

| | | | |
|---|---|---|---|
| સપ્ટેમ્બર | ૯૬૮ | ૯૩ | ૩.૬૭ |
| ઓક્ટોબર | ૧૦૭૪ | ૯૭ | ૩.૭૬ |
| નવેમ્બર | ૮૭૮ | ૯૭ | ૪.૦૨ |
| ડિસેમ્બર | ૮૫૨ | ૮૮ | ૩.૯૭ |

*જી.યુ.વી.એન.એલ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) પાસેથી, વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પ્લાન્ટની ઉપલબ્ધતા ન હોવાના કારણોસર કરારની શરતો મુજબ વસૂલ કરવાની થતી રૂ.૧૩૯.૮૭ કરોડની પેનલ્ટીની રકમમાંથી, એપ્રિલ-૨૦૨૨ના ફિક્સ ચાર્જ પેટે ચુકવવાની થતી રૂ.૭૨ કરોડની રકમ સરભર કરવામાં આવેલ છે.(કરારની શરતો પ્રમાણે, ફિક્સ ચાર્જની ચૂકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાને આધારે કરવામાં આવે છે. વેરીએબલ ચાર્જની ચૂકવણી પ્રોજેક્ટમાંથી મેળવેલ ઉત્પાદનને આધારે કરવામાં આવે છે)

ઈન્ડોનેશિયન કોલસાનો ઈન્ડેક્સ (HBA) જે સામાન્ય રીતે સરેરાશ ૯૦ યુ.એસ ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર-૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ-૨૦૨૨માં મહત્તમ ૩૩૧ યુ. એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ. આથી આ પછીના સમયગાળા દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટરી કરાર અંતર્ગતના વીજ દર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ.

વધુમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહી.

ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રીસિટી એકટ-૨૦૦૩ના સેકશન-૧૧ અંતર્ગત ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે.

તદ્દઅન્વયે, નિર્ધારિત એનર્જી ચાર્જના દરે કોસ્ટલ ગુજરાત પાવર લિ.ને ચૂકવણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને કોસ્ટલ ગુજરાત પાવર લિ. દ્વારા કેન્દ્રીય વીજ નિયમન આયોગ(CERC) સમક્ષ સેકશન-૧૧(૨) અંતર્ગત પીટીશન કરવામાં આવેલ. જે અન્વયે, CERC દ્વારા નિર્દેશિત કલેઈમને, એપેલેટ ટ્રીબ્યુનલ દ્વારા વચગાળાના નિર્દેશ થકી મનાઈ હુકમ (Stay) કરવામાં આવેલ હોવાથી સદર બાબત નિર્ણયાધીન છે.

ઉક્ત સ્થિતિમાં કોસ્ટલ ગુજરાત પાવર લિમીટેડ (ટાટા પાવર) પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની (એનર્જી ચાર્જ) પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પૂરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : ડો. કિરીટભાઇ, કોઇ પ્રદર્શનની વસ્તુ હોય તો બહાર ન બતાવતા.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : નથી સાહેબ.

અધ્યક્ષશ્રી : તમારા હાથમાં બન્ચ હતો એટલા માટે કહું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઘણી બધી સરકારી કંપનીઓ હતી જે અગાઉ વીજ ઉત્પાદન કરતી હતી. પરંતુ છેલ્લા ઘણા સમયથી માત્ર અદાણી, ટાટા જેવી પ્રાઈવેટ કંપનીઓ પાસેથી વીજળી ખરીદવામાં આવે છે અને એના ભાવમાં પણ મોટો તફાવત હોય છે. રૂ.૨થી લઈને રૂ.૭ સુધીના જુદા-જુદા ભાવે આ વીજળી ખરીદવામાં આવે છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આટલો બધો ભાવનો તફાવત કેમ? આટલા વધારે ભાવે વીજળી શા માટે ખરીદવામાં આવે છે અને ભાવમાં આટલો તફાવત શા માટે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગયા વખતના પ્રશ્નનું જ પુનરાવર્તન છે એટલે મારે જવાબ પણ એ રીતે જ આપવો પડશે.

અધ્યક્ષશ્રી : આ પ્રાઈવેટ કંપની માટેના પ્રશ્ન ક્રમાંક-૨, ૯, ૨૩, ૨૭ અને ૩૦ એક જ પ્રકારના છે એટલે આપ જવાબ આપો. આ બધું એક વખત વિગતવાર સમજાવી દો કે બધાના ભાવ અલગ-અલગ કેમ હોય છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મેં ગયા વખતે જણાવ્યું હતું તેમ રાજ્યની વીજ માંગ વર્ષ ૨૦૦૨માં ૭૭૪૩ મેગાવૉટ હતી. જે વર્ષ ૨૦૨૩માં વધીને ૨૪,૫૪૪ મેગાવૉટ થઈ. છેલ્લા બે દાયકામાં રાજ્યની મહત્તમ માંગમાં ત્રણ ગણો વધારો થયો છે. એક સમય હતો જ્યારે ખેતીના જોડાણો માટે ખેડૂતોએ ૧૫ વર્ષ રાહ જોવી પડતી હતી. અત્યારે ખેડૂતોને ૩થી ૬ મહિનામાં જોડાણ મળી જાય છે. ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ થયો છે. ૪૮થી ૫૦ ટકા શહેરીકરણ થયું છે અને આપણા યશસ્વી વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગામડાઓમાં પણ ૨૪ કલાક વીજળી આપવાની જ્યોતિગ્રામ યોજના શરૂ કરી એના કારણે પણ વીજળીનો વપરાશ વધુ થયો છે. હવે સાંભળી લેજો એટલે આખા સત્રમાં આ પ્રશ્ન બીજી વાર ન આવે. વર્ષ ૨૦૦૬માં કૉંગ્રેસની સરકાર હતી. નેશનલ ટેરિફ પૉલિસી મુજબ ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી સ્પર્ધાત્મક બીડ દ્વારા વીજ ખરીદવાના નિર્દેશ આપ્યા હતા કે તમે બીડિંગ લો અને એ સ્પર્ધા થાય એ પ્રમાણે તમે કૉન્ટ્રાક્ટ કરો. રાજ્યની કુલ પરંપરાગત સ્ત્રોત કોલસા આધારિત વીજળીનો ૨૫ ટકા ફાળો છે. પહેલાં આપણે ૨૦ ટકા વીજળી આ ખાનગી ઉત્પાદકો પાસેથી લેતા હતા. હાલના સંજોગોમાં આપણે ફક્ત ૧૬ ટકા વીજળી ખાનગી ઉત્પાદકો પાસેથી લઈએ છીએ

એટલે કે એમાં ૫૦ ટકાનો ઘટાડો કર્યો છે અને આપણે સૌર ઊર્જા અને પવન ઊર્જાની સાથે–સાથે રૂફ ટોપ ઊર્જાનો પણ ઉપયોગ કરીએ છીએ. રૂફ ટોપ એક એવી યોજના છે કે જેમાં દરેક ગ્રાહક પોતાના ઘર ઉપર સોલાર પેનલ લગાવીને પોતાનું બિલ તો ઓછું કરે સાથે–સાથે વીજ કંપનીને વેચે તો એના પણ એને પૈસા મળે છે. બધા શેર માર્કેટથી તો જાણીતા છે જ. આપણે એક્ષચેન્જમાં ડિમાન્ડ મૂકવાની હોય અને એ પછી જે ઓછામાં ઓછો રેટ હોય એનાથી આપણને વીજળી આપે. એમાં ખાનગી કંપની અદાણી કે ટાટા કોઇ આવતું નથી. જ્યારે રશિયા અને યુક્રેનનું યુદ્ધ થયું ત્યારે ઇન્ડોનેશિયાએ પોતાના કોલસાના નિયમો બદલ્યા. ઇન્ડોનેશિયા કોલસાનો મેન સપ્લાયર દેશ છે. તે લોકોએ જ્યારે નિયમ બદલ્યા ત્યારે ડૉલરનો જે ભાવ ૯૦ રૂપિયા હતો તે લગભગ ૩૩૦ રૂપિયા સુધી ગયો. આટલો ભાવ થયો એટલે બધાએ પ્લાન્ટ બંધ કરી દીધા. ગેસનો સપ્લાય પણ બંધ થઇ ગયો તેથી ગેસ આધારિત પ્લાન્ટ પણ ચાલતા ન હતા. કેન્દ્ર સરકારે રાષ્ટ્રના હિતમાં આ લોકોએ પોતાના પ્લાન્ટ ચાલુ રાખવા જોઇએ તેવો નિર્ણય કરીને સેક્શન–૧૧ એપ્લાય કરીને ફરજિયાત પ્લાન્ટ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. તેનો રેટ કમિટી નક્કી કરે અને તેની ફાઇનલ ઓથોરિટી વીજ નિયમનને આપાવમાં આવી. આ નિયમ ગુજરાતમાં કે બીજા રાજ્યમાં ઇવન કૉંગ્રેસ શાસિત રાજ્યને પણ લાગુ પડે છે. આપણા રાજ્યમાં અંધારપટ રાખવો છે કે વીજળી ખરીદવી છે તે આપણે નક્કી કરવાનું છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગતો હતો કે રાજ્યની કુલ વીજ માંગની સામે ખાનગી વીજ મથકોમાંથી કુલ કેટલી ખરીદી થાય છે. જેનો જવાબ મને માનનીય મંત્રીશ્રીના અગાઉના જવાબમાં મળી ગયેલ છે કે કુલ વીજ માંગમાંથી ૧૬ ટકા ખાનગી વીજ મથકોમાંથી કરવામાં આવે છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજ ખરીદી રાજ હસ્તકના વીજ મથકો કરતાં ઓછી હોવાનાં કારણો શું છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી વીજ ઉત્પાદકોના અલ્ટ્રા મૉડર્ન પ્લાન્ટ છે. આ બધા ઇમ્પોર્ટેડ કોલ બેઝ પ્લાન્ટ છે. આ બધા પ્લાન્ટ દરિયા કિનારાની નજીક આવેલા છે એટલે તેમને ઇમ્પોર્ટની કોસ્ટ એકદમ સસ્તી પડે છે. આપણા ગુજરાતના જે કૉંગ્રેસના સમયે બનાવેલા પ્લાન્ટ છે તેમનો પણ આપણે આભાર માનીએ અને આ બધા પ્લાન્ટ એવી જગ્યાએ છે કે તે દેશી કોલસા આધારિત પ્લાન્ટ છે. આપણો કોલસો ઉત્તરાખંડ, ઓરિસ્સા અને આસામ જેવી જગ્યાએથી આવે છે. તેના લીધે આપણને ટ્રાન્સપોર્ટેશન બહુ મોંઘું પડે છે. ખાસ કરીને આ પ્લાન્ટ જૂના થયા હોવાથી એફિશિએન્સી પણ ઓછી છે. આ કારણસાર કોસ્ટ વધારે રહે છે.

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આયાતી કોલસાના ભાવમાં વધારો થવાના કારણે કયા કયા પ્રોજેક્ટ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે અને ખાસ કરીને ખેડૂતોને દિવસે વીજળી મળે તેના માટે આ બજેટમાં રૂ.૧૫૭૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવવા બદલ માનનીય ઊર્જામંત્રીશ્રી અને આદરણીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વીજ માંગ વધી, ૨૪ કલાક વીજળી આપીએ છીએ તે સારી બાબત છે. જ્યારે કોઇ પણ પ્રાઇવેટ કંપની સાથે વીજ ખરીદી કરાર કરવામાં આવે ત્યારે ૨૫ વર્ષની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કરાર થાય છે. વારંવાર અદાણી અને ટાટા પાવરનો પ્રશ્ન આવ્યો પણ વાત એટલી જ છે કે કરારમાં જે રકમ નક્કી થાય છે, ટાટા પાવર પાસે રૂ.૨.૨૬ પૈસા પ્રતિ યુનિટ ૨૫ વર્ષ માટે કરાર થયો. વર્ષ ૨૦૨૨માં એવરેજ રૂ.૪.૮૩ પૈસે ખરીદી કરી છે. વર્ષ ૨૦૨૩માં પણ વધારે ભાવથી ખરીદી કરી છે. અદાણી કરતાં ટાટા પાવરને થોડો ઓછો ભાવ આપ્યો છે પણ વધારે ભાવથી ખરીદી કરવાનું કારણ શું છે? કંપની જ્યારે કરાર કરે છે ત્યારે ઉતાર ચડાવ અને બધા વૈશ્વિક પરિબળોને ધ્યાને રાખીને જ કરે છે. કંપની પોતાની અસમર્થતા બતાવે તેના કારણે પ્રજાના પૈસા આપીએ છીએ તે વ્યાજબી નથી. આપણે ભાવ શા માટે વધારે આપીએ છીએ? આ ઉપરાંત રૂફ ટોપ સોલાર વીજળીની વાત કરી તો અત્યારે ગુજરાતમાં રૂફ ટોપ સોલાર વીજળી સરકાર કયા ભાવે ખરીદે છે. આના કરતાં સસ્તી પડે છે તો તેમાં વધારે રકમ ફાળવવા માગીએ છીએ કે કેમ અને આટલા પ્રજાના કરોડો રૂપિયાએ કંપનીઓને ફાયદો કરાવીએ છીએ તો તે કંપનીઓનું સી.એ.જી. મારફત ઓડિટ થાય તેવી કોઇ વ્યવસ્થા ગોઠવવા માગીએ છીએ કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ પહેલાં પ્રશ્નનો જવાબ તો આપી દીધો હતો કે, યુક્રેનનું યુદ્ધ ચાલતું હતું ત્યારે કોલસાનો ભાવ ત્રણથી ચાર ગણો થઇ ગયો હતો. જેના કારણે પ્લાન્ટ બંધ કરી નાંખ્યા અને આ પ્લાન્ટ બંધ થવાથી આપણે સ્પેશ્યલ ઓપ્શનમાં જઇને પણ બધાને વીજળી પૂરી પાડી. હવે બીજા અને ત્રીજા પ્રશ્નનો જવાબ આપો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ઇલેક્ટ્રિસિટી એક્ટ–૨૦૦૩ની સેક્શન ૬૧ તથા ભારત સરકારની નેશનલ ટેરિફ પૉલિસી–૨૦૧૬ની જોગવાઇ મુજબ નામદાર વીજ નિયમન આયોગે મલ્ટિયર ટેરિફ ફ્રેમ વર્ક અંતર્ગત વીજ કંપનીઓ માટે પ્રતિવર્ષ વીજદર નક્કી કરવાનો રહે છે. જે અનુસાર વીજ વિતરણ કંપનીઓ દ્વારા ઇલેક્ટ્રિસિટી એક્ટ–૨૦૦૩ની સેક્શન ૬૧ અંતર્ગત જી.આર.સી. મલ્ટિયર ટેરિફ જાહેરનામાં અન્વયે પ્રતિ વર્ષ ખર્ચ તથા આવકના હિસાબો રજૂ કરવાના રહે છે. જેમાં પાછલા વર્ષોનું ટ્રુઅપ રીકન્સિલેશન અને આવનાર વર્ષ માટે વાર્ષિક જરૂરિયાત અને ગ્રાહકોમાં વીજદર નક્કી કરવાની અરજી દાખલ કરવાની રહે છે. વધુમાં, સદર અરજી તમામ લાગુ પડતા દસ્તાવેજી પુરાવાઓ સહિત વીજ વિતરણ કંપનીની

વેબસાઇટ પર જાહેરજનતા માટે મૂકવામાં આવેલ છે. ગુજરાત વીજ નિયમન આયોગ એટલે કે, જી.આર.સી. વીજ વિતરણ કંપનીઓના તમામ ખર્ચ અને આવક સંલગ્ન દસ્તાવેજ પુરાવા સહિત ચકાસે છે એન જાહેર સુનાવણીની પ્રક્રિયા અનુસરી અરજદારોના વાંધાઓ અને સૂચનો ધ્યાને લઇ પ્રત્યકે કક્ષાના વીજ ગ્રાહકો માટે પારદર્શક પ્રક્રિયા દ્વારા વીજદર નક્કી કરે છે. આમ, વીજ વિતરણ કંપનીઓ દ્વારા કરવામાં આવતા તમામ ખર્ચા, આવક અને વાર્ષિક હિસાબો જરૂરી દસ્તાવેજો, પુરાવાઓ સહિત નામદાર આયોગ દ્વારા ચકાસવામાં આવે છે. વીજદર નક્કી થયા બાદ વીજ કંપની દ્વારા ઉત્પાદકોના કરાર હેઠળ વીજ પૂરવઠા અન્વયે ચૂકવવામાં આવેલ રકમ ત્રિમાસિક ધોરણે ચાર્જ માટે ગુજરાત વીજ નિયમન આયોગ સમક્ષ રજૂ કરવામાં આવે છે. વધુમાં વાર્ષિક વીજદર નક્કી થયા બાદ વીજ ઉત્પાદન માટે વપરાતા બળતણ, પરિવહન વગેરેના દરોમાં જે ફેરફાર થાય છે તેના માટે ફ્યુઅલ ચાર્જની ગણતરી અન્વયે વીજ મથક દીઠ ચૂકવણીની તમામ માહિતી ચકાસવામાં આવે છે. આમ, નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા વીજ વિતરણ કંપનીઓના ખર્ચાઓની સંપૂર્ણ ચકાસણી પારદર્શક રીતે કરવામાં આવે છે. આ ઉપરાંત વીજ વિતરણ કંપનીના ખર્ચાઓનું કેગ દ્વારા પણ ઓડિટ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : કેગ દ્વારા પણ ચકાસણી કરવામાં આવે છે એ વાત પણ માનનીય મંત્રીશ્રીએ કરી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે કરાર કરીએ છીએ એના કરતાં વધારે રકમ આપીએ છીએ. દર મહિને ખરીદીની યુનિટ દીઠ રકમમાં ફેરફાર થાય છે. આપણે કરોડો રૂપિયા કંપનીઓને ચૂકવતા હોઇએ તો ખરેખર એને તકલીફ પડે છે એની ચકાસણી કેગ દ્વારા કરવા માંગો છો કે કેમ? વીજ નિયમન વિભાગ દ્વારા જ તપાસ કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ વાત વારંવાર કરવામાં આવે છે. જ્યારે કરાર કરવામાં આવે છે ત્યારે ફિક્સ ચાર્જ નક્કી કરવામાં આવે છે. અદાણી કે ટાટા એ બધાના ફિક્સ ચાર્જ ૭૦ કે ૭૫ પૈસા જેવા હોય છે. એ લોકો પ્લાન્ટ બંધ કરી દે તો એમને દંડ લાગે. આપણે વીજળી ૧૦ રૂપિયે ખરીદવી પડે એના કરતાં આ કંપની પાસેથી રૂ.૬ કે ૭ના દરે ખરીદીએ તો એ ગુજરાત માટે ફાયદાકારક જ છે. કોઇની ફેવર કરવાનો સવાલ આવતો નથી. એ પ્લાન્ટ બંધ કરે, કોલસાનું ઇમ્પોર્ટ ઓછું આવે. જ્યારે કોલસાનો ભાવ રૂ.૩૩૧ ડોલર થયો ત્યારે રૂપિયાનો ભાવ પણ રૂ.૭૩ની જગ્યાએ રૂ.૮૪ ડોલર થયો. આટલા મોંઘા કોલસાએ પોતાના ઘરના પૈસા નાંખીને કોણ ચલાવે? એ લોકો ફિક્સ ચાર્જ પેનલ્ટી આપવા તૈયાર હતા પણ કેન્દ્ર સરકારે સેક્શન–૧૧ લાદી કે આ બધી નેશનલ એસેટ્સ છે એ ચલાવવી જ જોઇએ. આપણે નહીં ખરીદીએ તો બીજા ખરીદશે. તો આપણે ગુજરાતમાં અંધારપટ કરવું છે? આ બધી કંપનીઓ પાસેથી આપણે છેલ્લા છ મહિનાથી ખરીદી કરીએ છીએ એ આપણે સાડા ત્રણ કે ચાર રૂપિયાના ભાવે પડે છે. આપણે જ્યારે કોલસો સસ્તો થયો ત્યારે ખરીદીએ છીએ.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજ્યના ગેસ આધારિત વીજમથકોની ક્ષમતા કેટલી છે? અને છેલ્લા સાત વર્ષમાં ગેસ આધારિત વીજળી કયા ભાવે ખરીદવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે શરૂઆત કરી ત્યારે આપણને વર્ષ ૨૦૧૭માં ગેસ આધારિત વીજળી રૂ.ર.૮૩ પૈસે મળતી હતી. ગેસનો સપ્લાય યુક્રેનમાંથી આવે છે. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ થતાં સપ્લાય બંધ થયો ત્યારે જો ગેસથી પ્લાન્ટ ચલાવીએ તો રૂ.૨૮/–એ પડે એમ હતું. આપણા ગુજરાત રાજ્યની કોસ્ટ લગભગ રૂ.૧૧/– કે રૂ.૧૨/– આવતી હતી. એટલે આપણે ગેસ બેઝ પ્લાન્ટ કોઇપણ જગ્યાએ ચલાવી શક્યા નથી.

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય યોજના**

*15/4/821 : **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ જળસંચય યોજના અંતર્ગત કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સુજલામ સુફલામ જળસંચય યોજના અંતર્ગત નીચે મુજબ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. (રૂા. લાખમાં)

| જિલ્લો | વર્ષ ૨૦૨૨ | વર્ષ ૨૦૨૩ |
|---|---|---|
| અરવલ્લી | ૫૯૭.૮૩ | ૯૪૨.૮૯ |
| સાબરકાંઠા | ૧૯૫.૩૦ | ૧૯૭.૫૩ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પંચાયતના કેટલા તળાવ ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉંડા કરવામાં આવેલ પંચાયતના તળાવોની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ ૨૦૨૨ | વર્ષ ૨૦૨૩ |
|---|---|---|
| અરવલ્લી | ૮૩ પંચાયતોના ૧૧૫ તળાવો | ૧૯૧ પંચાયતોના ૨૮૭ તળાવો |
| સાબરકાંઠા | ૧૪ પંચાયતોના ૧૫ તળાવો | ૬૧ પંચાયતોના ૬૬ તળાવો |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત સ્થિતિએ કેટલી પંચાયતના તળાવ ઉંડા કરવાના બાકી છે? | (૩) | સુજલામ સુફલામ યોજના અંતર્ગત માંગણી અને જરૂરીયાતને ધ્યાને તળાવો ઉંડા કરવામાં આવતા હોય છે. |

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી અને આ સભાગૃહને જણાવવા માગું છું કે, ભૂતકાળમાં જયારે અમે નાના હતા ત્યારે તળાવો ઊંડા કરવાની યોજના તો જોઇ ન હતી પરંતુ તળાવોની એવી પરિસ્થિતિ હતી કે, અમે ત્યાં ક્રિકેટ રમવા જતા હતા ત્યારે તળાવોમાં પાણી જ ન મળે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીઓનો આભાર માનું છું કે, હમણાં જ રૂ.૧૬૦ કરોડની માતબર રકમ આપીને માલપૂર તાલુકાના તળાવો ભરવા માટેની મંજૂરી આપી છે અને એનું કામ પણ ચાલુ થઇ ગયું છે. એવી જ રીતે રૂ.૬૧ કરોડની રકમ વાત્રક જળાશય માટે આપેલ છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ તળાવો ઊંડા કરવા પાછળ આપણે જે ખર્ચો કરીએ છીએ એનાથી વિસ્તાર અને આજુબાજુના ગ્રામજનોને શું ફાયદો થાય છે? અને અત્યાર સુધીમાં છેલ્લાં બે વર્ષમાં કયા કયા તળાવો ઊંડા કરવામાં આવ્યાં? મારું એક સૂચન છે કે વર્ષ ૨૦૧૭, વર્ષ ૨૦૧૮, વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૨માં મેં લેખિતમાં રજૂઆત કરેલી છે કે, બાયડ તાલુકાના આમોદ્રા, ઇન્દ્રાણ અને દેહરોલી વાળા પટ્ટામાં તળાવો ઊંડા કરવા માટેની કોઇ નવી યોજના મંજૂર કરવામાં આવે અને માલપૂર તાલુકાના હેલોદર, રંભોળા અને કાટકૂવા વાળા પટ્ટામાં ખૂબ પાણીની તકલીફ રહે છે, એના માટે આપ કંઇક વિચારો છો કે નહીં?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પાણીનું એક–એક ટીપું વેડફાય નહી અને દરિયામાં ન જાય એના માટે ખૂબ જ સંવેદનશીલ છે અને ચિંતિત છે.

અધ્યક્ષશ્રી : એ સંવેદના રાખવી જ જોઇએ. કેમ કે, વરસાદનું પાણી એ માત્ર વરસાદ નથી, પ્રભુએ આપેલો પ્રસાદ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આવું માને છે તો ખૂબ સારી બાબત છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અરવલ્લી જિલ્લામાં મેઘરજ અને માલપૂર તાલુકામાં રૂ.૧૮૨ કરોડની યોજના, મેશ્વો આધારિત રૂ.૭૫ કરોડની યોજના અને હાથમતી જળાશયની યોજના મળી લગભગ રૂ.૨૯૫ કરોડની યોજનાઓનું ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરીને આવ્યા છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે એના જવાબમાં જણાવું તો, વર્ષ ૨૦૨૨–૨૩માં અરવલ્લી જિલ્લાના મોડાસામાં ૧૩ ગ્રામ પંચાયતોમાં ૧૬ જેટલાં તળાવો ઊંડા કર્યાં છે. ધનસુરામાં ૫ ગ્રામ પંચાયતોમાં ૯ તળાવો ઊંડા કર્યાં છે. માલપુરમાં ૧૧ ગ્રામ પંચાયતોમાં ૧૭ તળાવ ઊંડા કર્યાં છે. ભિલોડામાં ૨૮ ગ્રામ પંચાયતોમાં ૩૫ તળાવો ઊંડા કર્યાં છે. બાયડમાં ૮ ગ્રામ પંચાયતોમાં ૧૨ તળાવો ઊંડા કર્યાં છે. મેઘરજમાં ૧૮ ગ્રામ પંચાયતોમાં ૨૬ તળાવો ઊંડા કર્યાં છે. એમ વર્ષ ૨૦૨૨માં ૮૩ ગ્રામ પંચાયતમાં ૧૧૫ જેટલા તળાવો ઊંડા કર્યાં છે.

એ જ રીતે વર્ષ ૨૦૨૨–૨૩ની વાત કરું તો, મોડાસામાં ૨૩ ગ્રામ પંચાયતોમાં ૪૭ તળાવો ઊંડા કર્યાં છે. ધનસુરામાં ૨૦ ગ્રામ પંચાયતોમાં ૩૦ તળાવો ઊંડા કર્યાં છે. માલપૂરમાં ૧૯ ગ્રામ પંચાયતોમાં ૩૦ તળાવો ઊંડા કર્યાં છે. ભિલોડામાં ૪૨ ગ્રામ પંચાયતોમાં ૬૪ તળાવો ઊંડા કર્યાં છે. બાયડમાં ૨૩ ગ્રામ પંચાયતોમાં ૩૨ તળાવો ઊંડા કર્યાં છે. મેઘરજમાં ૫૭ ગ્રામ પંચાયતોમાં ૮૪ તળાવો ઊંડા કર્યાં છે.આમ, વર્ષ ૨૦૨૩માં ૧૯૧ ગ્રામ પંચાયતની અંદર ૨૮૭ તળાવ ઊંડા કર્યાં છે. એમ અરવલ્લી જિલ્લામાં ૩૨૪ ગ્રામ પંચાયતના તળાવ ઊંડા કર્યાં છે. માનનીય સભ્યશ્રીની જે રજૂઆત છે બાયડની એમાં અમે જોઇ લઇશું. સરવે કરાવી લઇશું. શકય હશે ત્યાં સુધી પાણી આપવાની પૂરેપૂરી કોશિશ કરીશું. પાણી કયાંય વેડફાવા નહીં દઇએ.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ફલડનું પાણી જે વહી જતું હતું એને બાયડ, તલોદ, પ્રાંતિજ, માલપૂર અને માણસા સુધી જનારી યોજના માનનીય મોદી સાહેબના આશીર્વાદથી શરૂ થઇ હતી. એના કારણે આ આખો જે વિસ્તાર છે, ઘરા છે, હાલ ત્યાં સારી ખેતી થઇ રહી છે. એટલે આ તબકકે હું મોદી સાહેબને પણ અભિનંદન આપું છું કે એમણે બહુ સારી યોજના જે તે વખતે મૂકી હતી. માનનીય મુખ્યમંત્રી અને માનનીય મુકેશભાઇને પણ હું અભિનંદન પાઠવું છું કે લગભગ ૪૮૩ તળાવો ૨૨ અને ૨૩માં ઊંડા થયાં છે અને રૂ.૨૦ કરોડ ઉપરનો ખર્ચ પણ એમાં સરકારે કર્યો છે. એટલે કે આ સંવેદનશીલ સરકાર છે. મારો પ્રશ્ન એ છે, જો કે અહીં એ અત્યારે લાંબુ થશે પણ વિગતવાર કયા કયા ગામોના કયા કયા તળાવો ઊંડા થયાં એની માહિતી આપવામાં આવે અને કમાન્ડ એરિયા બહારની પણ જો કોઇ માગણી હોય જે તે ગામના, તો એના વિશે આપ શું વિચારો છો એ મારી ભલામણ છે.

અધ્યક્ષશ્રી : તળાવની આખી યાદી આપને મોકલી આપશે. ઘણા બધા ગામો છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, કમાન્ડ એરિયાની નજીકના રહી ગયેલા ગામ હોય અને એ માગણી કરતા હોય તો એ અંગે આપ શું વિચારો છો?

અધ્યક્ષશ્રી : તમે જે યાદી આપી છે એ પ્રમાણે તો મને લાગે છે કે મોટા ભાગના આવી ગયા છે. હવે બાકી રહી ગયા હોય એમનું કહો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામના નામ નહીં પણ ગામની સંખ્યા આપી દઉં.

અધ્યક્ષશ્રી : એ આંકડો આપો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કહ્યું તેમ હિંમતનગરમાં ૩ ગ્રામ પંચાયતમાં ૩ તળાવ, તલોદમાં ૩ ગ્રામ પંચાયતમાં ૪ તળાવ, વડાલીની અંદર ૨ ગ્રામ પંચાયતમાં ૨ તળાવ, પ્રાંતિજમાં ૫ ગ્રામ પંચાયતમાં ૫

તળાવ, ઇડરમાં ૧ ગ્રામ પંચાયતમાં ૧ તળાવ. આમ વર્ષ ૨૦૨૨માં ૧૪ ગ્રામ પંચાયતમાં ૧૫ તળાવ ઊંડા કર્યાં છે. એ જ રીતે વર્ષ ૨૦૨૩માં હિંમતનગરમાં ૧૪ ગ્રામ પંચાયતમાં ૧૫ તળાવ, તલોદમાં ૧૧ ગ્રામ પંચાયતમાં ૧૩ તળાવ, વડાલીમાં ૩ ગ્રામ પંચાયતમાં ૩ તળાવ, પ્રાંતિજમાં ૪ ગ્રામ પંચાયતમાં ૪ તળાવ, ઇડરમાં ૪ ગ્રામ પંચાયતમાં ૪ તળાવ, ખેડબ્રહ્મામાં ૨ ગ્રામ પંચાયતની અંદર ૨ તળાવ, પોશીનાની અંદર ૨૩ ગ્રામ પંચાયતમાં ૨૫ તળાવ આમ ૨૦૨૩માં ૬૧ ગ્રામ પંચાયતમાં ૬૬ તળાવ ઊંડા કર્યાં છે. સાબરકાંઠા જિલ્લામાં લગભગ ૫૧૮ ગ્રામ પંચાયત આવેલી છે, પણ સભ્યશ્રીની જે કાંઇ રજૂઆત હશે અને જયાં પણ ઊંડા કરવાનાં હશે. કેમ કે પાણી બચાવવાનું જે માનનીય મુખ્યમંત્રીશ્રીનું અભિયાન છે એની અંદર અત્યારે આપણે જોઇએ છીએ કે પાણીના તળ જે નીચે જઇ રહ્યાં છે એને ઊંચા લાવવા માટે અમે ખૂબ સંવેદનશીલ છીએ અને જે પણ તમારા આવા તળાવ હશે એને ઊંડા કરી આપીશું.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ તળાવો ઊંડા કરવાની જે યોજના ચાલે છે એ ૯૦ ટકા તળાવો વર્ષ ૧૯૮૬, ૧૯૮૭ અને ૧૯૮૮માં જયારે ગુજરાતમાં કારમો દુકાળ પડેલો ત્યારે રાહત કામ અંતર્ગત બનેલાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, એમને બોલવા દો. વચ્ચે ના બોલો.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, એક મારી લાગણી એટલી છે કે રાહત કામ અંતર્ગત બનેલાં તળાવો સૌથી વધારે ખેડબ્રહ્મામાં છે, પોશીનામાં છે અને વિજયનગરમાં છે. તો એકે એક તળાવ ઊંડું થાય તો લોકોને સિંચાઇની સુવિધા મળે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ૬૧ પંચાયતમાં ૧૬ જેટલાં તળાવ ખેડબ્રહ્મામાં બન્યાં છે, તો આવનારા દિવસોમાં ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીનામાં તમામ તળાવો ઊંડા કરવામાં આવરી લેવાય એવી કોઇ યોજના છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એ પાછા એમ નથી કહેતા કે રાહત કામ જ ફરીથી કરાવજો. મશીનથી ખોદવાની વાત છે. તમે એવું ના કહેતા કે ફરીથી રાહત કામથી ખોદાવીએ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વર્ષ ૧૯૮૫–૮૬ની વાત કરી છે, પણ આ તળાવોમાં એવું હોય છે કે વરસાદ આવતો હોય અને માટી આવતી હોય એટલે બે કે ત્રણ–ચાર વર્ષ થાય એટલે ફરી એને ખોદવું પડે છે અને કરવું પડે છે. આ પ્રક્રિયા હર હંમેશા માટે ચાલતી રહે છે. આ વખતે તમામ તળાવો અમે આયોજનમાં લીધા છે. આ વખતે નવું આયોજન કરીએ છીએ. તમારા વિસ્તારનું તળાવ હોય તો સૂચન કરજો. અમે લોકોનાં માટે આ બધું જ કામ કરવા તૈયાર છીએ.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામ યોજના અંતર્ગત જે તળાવો અને ચેકડેમો રિપેરિંગ કરવામાં આવે છે, એ જે તે વિભાગની એસેટ હોય. દાખલા તરીકે પંચાયત વિભાગ હસ્તકના હોય, જળ સંચયના હોય તો એ વિભાગ જ રિપેર કરતું હોય છે. તો એક તાલુકામાં અલગ અલગ વિભાગો દ્વારા જો રિપેરિંગ કામ થતું હોય. એના બદલે જો કલ્સ્ટર બનાવીને એક એક વિભાગને એક એક તાલુકો સોંપી દેવામાં આવે તો વધુ કામ થઇ શકે એવું મારું સૂચન છે.

અધ્યક્ષશ્રી : સૂચન છે.

**ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પુન:જીવિત કરવા બાબત**

*** 15/4/658 શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર** (કલોલ)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે**:–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ખારી નદીને પુન:જીવિત કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | **(૧)** | હા. |
| **(૨)** | જો હા, તો નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ના અંદાજપત્રમાં કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે, અને | **(૨)** | રૂ. ૯૫૪.૯૪ લાખ. |
| **(૩)** | ઉક્ત સ્થિતિએ આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | **(૩)** | શૂન્ય. |

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં ખારી નદી ઉપર બાંધવામાં આવનારા ચેકડેમોથી કેટલા અને કયા કયા ગામોને લાભ થશે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ખારી નદી ઉપર જે ચેકડમ બાંધવામાં આવ્યા છે એની અંદર કંથારપૂર ચેકડેમમાં છ ગામની અંદર દહેગામ તાલુકાના કંથારપૂર, મુઢાસણા, ઉડાણ, વાસણા ચૌધરી, ચેકલાદકી અને બાવળા એજ રીતે નાના ઝાલુંન્દ્રા ચેકડેમની અંદર ત્રણ ગામોની અંદર દહેગામ તાલુકાના નાના ઝાલુંન્દ્રા, બિલામણા અને ધનીયોલ, ધારીસણ ચેકડેમની અંદર ૪ ગામની અંદર દહેગામ તાલુકાના ધારીસણા, આંગણજીના મુવાડા, ખાલીસા અને પાટણકુવા એજ રીતે મગોડી ચેકડેમની અંદર ગાંધીનગર તાલુકાના મગોડી, વડોદરા, ડભોડા અને ઇસનપૂર મોટાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગાંધીનગર જિલ્લાની ખારી નદી પુનઃજીવિત કરવા માટે સન ૨૦૨૩–૨૪માં રાજય સરકાર દ્વારા બજેટની ફાળવણી કરવામાં આવી હતી. આ વખતે સન

૨૦૨૪–૨૫નું બજેટ આવ્યું. એક વર્ષના સમયગાળા દરમિયાન બજેટની ફાળવણી કરવા છતાં પણ કયા કારણોસર આ બજેટનો ઉપયોગ કરવામાં આવ્યો નથી એ માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધું આયોજનમાં લઇ લીધું છે અને જે તે સૂચનો જોઇ લઇશું.

**અબડાસા તાલુકાની અબડાસા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના**

***15/4/679 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)**: માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અબડાસા તાલુકાની અબડાસા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાની કામગીરી કયા તબક્કે છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અબડાસા તાલુકાની અબડાસા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના ટેન્ડર પ્રક્રિયાના તબક્કે છે. |
| (૨) | આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) | આ કામગીરીના ટેન્ડર મંજૂર થયેથી ૧૮ (અઢાર) માસની સમય–મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) | આ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે ? | (૩) | અબડાસા અને લખપત તાલુકાના કુલ ૩૩ ગામો / ૦૭ પરાઓને આવરી લેવામાં આવેલ છે. |

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા:માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ અબડાસા તાલુકાની અબડાસા જૂથ સુધારણા પાણી પૂરવઠા યોજનામાં કયા કયા ગામો આવ્યા છે અને કેટલી રકમ ફાળવી અને આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે? મારો અબડાસા વિસ્તાર દેશનો એકદમ છેવાડાનો વિસ્તાર છે પણ અત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને દેશના વડાપ્રધાનશ્રી, મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીની મદદથી અત્યારે છેક સુધી પીવાનું પાણી પહોંચી ગયું છે. વાસ્મો દ્વારા ગામોગામ નળનું પાણી પહોંચી ગયું છે પણ એક મારું સૂચન છે કે લખપત તાલુકાના સાંન્ધ્રો ડેમના પાણીની લાઇન દયાપર સુધી આવે તો ભવિષ્યમાં કોઇ દિવસ લાઇન તૂટે કે લાઇટ ના હોય તો પણ ગામ સુધી પાણી આવી શકે તેમ જ નખત્રાણા તાલુકામાં ડેમ નથી તો મથ્થમ ડેમથી નખત્રાણા સુધી લાઇન કરવામાં આવે તો ભવિષ્યમાં કયારેય ઇમરજન્સીમાં કામ આવે. તેમજ એક અલ્ટ્રા ડેમ અને લીમડા ડેમ...

અધ્યક્ષશ્રી : આમાં ત્રણ જ પ્રશ્ન પૂછ્યા છે. આપના પાંચ પ્રશ્ન થઇ ગયા. માનનીય મંત્રીશ્રી...

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને સંતોષ થાય એ માટે આખા કચ્છ જિલ્લામાં અને ખાસ કરીને અબડાસા તાલુકામાં પીવાના પાણીની સમસ્યા હતી એને ધ્યાનમાં રાખીને કચ્છમાં પીવાના પાણી અને સિંચાઇના પ્રશ્નો માટે બે વખત માનનીય ધારાસભ્યશ્રીને સાથે રાખીને પણ એમના વિસ્તારનો પ્રવાસ કર્યો છે. એની જે સુધારણા અંગેની એમના વિસ્તારની વાત છે એમાં એમણે ઝડપથી કહ્યું પણ પાઇપલાઇન નાખવાની વાત સિંચાઇમાં આવશે પણ પાણીને લગતો પ્રશ્ન છે એના માટે કહું કે અબડાસા તાલુકાના ૧૩૩ ગામો છે એમાં જુદીજુદી ૭ યોજનાઓથી અત્યારે પાણી મેળવે છે તે પૈકી ૧૦૮ ગામો જૂથ યોજના દ્વારા પાણી મેળવે છે. જયારે ૨૫ ગામો સ્વૈચ્છિક ત્યાં બોર વગેરેમાંથી પાણી મેળવે છે. ત્યાં કૂવા પણ છે અને બોર પણ છે, બન્નેમાંથી પાણી મેળવે છે. સ્વતંત્ર કૂવામાંથી પણ પાણી મેળવે છે. આ સાત યોજનામાં એક તો સાંધી, એ જૂથ યોજનામાં ૪૪ ગામ, જખૌ ઝગડીયા–૧૭ ગામ, માંડવી ભાગ–૨માં ૩ ગામ, એ પ્રમાણે તેરા બાલાપર બુડ્ઢો ૨૩ ગામવિરડિયા સુથરીમાં ૩૨ ગામ, નરેડીમાં ૧૩ ગામ, વરસોડામાં ૧ ગામ આમ ૩૩ ગામો એની સાથે સામેલ છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે કયા ગામો જોડાયેલા છે તો આમાં ૨૯ ગામો જેમાં પાણી પૂરતું મળતું ન હતું એને આપણે વ્યક્તિ દીઠ ૭૦માંથી ૧૦૦ એમ.એલ.ડી. પાણી મળે એ અબડાસા જૂથ સુધારણામાં લઇ જઇએ છીએ. આ ૨૯ ગામને પૂરતા પ્રમાણમાં પાણી મળે એ માટેની આ યોજના અમલમાં મૂકી છે. આ યોજનામાં આપના વિસ્તારમાં ખાસ કરીને એના કોમ્પોનન્ટ શું શું કરવા જઇ રહ્યાં છીએ? એ યોજનામાં એક તો પ્રેશર ફિલ્ટર પ્લાન્ટ બનાવવાનો છે, પાઇપ લાઇન, ઊંચી ટાંકી, સમ્પ, પમ્પ હાઉસ, પમ્પિંગ મશીનરી અને આનુષંગિક કામો જેવાં કે આરઓઇ વીજ કનેક્શન, હેડ વર્કર્સ, કંમ્પાઉન્ડ વોલ, ક્વાર્ટર વગેરે બનાવવા માટે જમીન સંપાદન માટેની કાર્યવાહી ચાલે છે. આનું ટેન્ડર ઓન લાઇન છે. ટેન્ડર ફાઇનલ થયેથી બાકી રહેલા ૨૯ ગામો છે કે જ્યાં પાણી મળતું નથી એ યોજનાનું કામ પૂર્ણ થશે. આપે પાઇપ લાઇનની વાત કરી એ સિંચાઇને લગતી છે. એ પણ અમે મુલાકાત કરી ત્યારે રજૂઆત કરી હતી. એ વિભાગની અમારા મંત્રીશ્રી મુકેશભાઇએ વાત કરી છે એ વિભાગ પણ અમારી પાસે છે. સિંચાઇને લગતો પ્રશ્ન છે એ કરાવી આપીશું. આ આખી યોજના ૨૯ ગામોને પાણી મળતું નથી એના ટેન્ડર થયા છે. ટૂંક સમયમાં ટેન્ડર ખોલાય અને એજન્સી ફિક્સ થાય એટલે કામગીરી શરૂ થશે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, તા.૩૧–૧૨–૨૦૦૦ની સ્થિતિએ અન્ય કઇ કઇ યોજનાઓ પ્રગતિ હેઠળ છે અને આ પાણી પૂરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આખા કચ્છના ખાસ કરીને પીવાના પાણીની સમસ્યાવાળા ગામો છે એમાં લગભગ ૨૭ જેટલી કુલ યોજનાઓ કચ્છમાં બનેલી છે. એ પૈકીની ૨૨ જેટલી યોજનાઓ અત્યારે એનું કામ પ્રગતિ હેઠળ છે. એ ૨૨ યોજનાઓ પૈકીની ફતેગંજ ડેમ પ્રોજેક્ટ એ રાપર તાલુકાની છે એમાં ૨૩ ગામ, સૂઇ ડેમ પ્રોજેક્ટ જે રાપર અને ભચાઉ બનંને તાલુકાને લગતો છે એમાં બંનેના ૨૪–૨૪ ગામોનો સમાવેશ અને ત્રીજી યોજના પ્રગતિ હેઠળ છે એ સામખિયાળી જૂથ સુધારણા એ ભચાઉ તાલુકાની છે એમાં ૬ ગામનો સમાવેશ છે. આ ભૂજ ભાગ–૧ જૂથ સુધારણા યોજનામાં ભૂજના ૪૧ ગામોનો સમાવેશ છે. બીજી ભૂજ ભાગ–૨ સુધારણા યોજના ભૂજ તાલુકાની છે એમાં ૪૧ બીજા ગામો એ પ્રમાણે ભૂજ ભાગ–૨ જૂથ સુધારણામાં એની સાથેના ૪૧, માંડવી ભાગ–૩ જૂથ સુધારણામાં માંડવી, ભુજ અને નખત્રાણા ૩ તાલુકાનો સમાવેશ છે. એમાં ૩૧–૧ અને ૨ કુલ ૩૪ ગામોનો સમાવેશ છે. નખત્રાણા કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા યોજના એ નખત્રાણા તાલુકાના ૩૧ ગામો, ખોબડી કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા યોજનામાં બે તાલુકા નખત્રાણા અને ભૂજ એમાં નખત્રાણાના ૧૮ ગામો અને ભૂજના ૨ ગામોનો સમાવેશ થાય છે. વરમસોડા કોમ્પ્લેક્ષ જૂથ સુધારણા યોજનામાં ૩ તાલુકાનો સમાવેશ છે. નખત્રાણાના ૧૯ ગામ, અબડાસાનું ૧ ગામ અને ભૂજનું ૧ ગામ. લખપત જૂથ સુધારણા યોજનામાં લખપતના ૭૮ ગામ અને નખત્રાણાના ૮ ગામ આમ આની સાથે ૧૧ બાકીનાની જૂથ સુધારણા યોજના અબડાસાના ૫ ગામ છે. ગોરસિયા ડેમ આધારિત યોજનામાં અબડાસાના બાકીના ૩૦ ગામો છે. કંડલા–ગાંધીધામ જૂથ સુધારણા યોજનામાં ૩ તાલુકાનો સમાવેશ થાય છે, ગાંધીધામના ૪, ભચાઉના ૩, અંજારના ૧. વિરડી જૂથ સુધારણા યોજનામાં ૨ તાલુકા અંજાર અને ગાંધીધામ એમાં અંજારના ૭ ગામ અને ગાંધીધામના ૪ ગામ. મુંદ્રા જૂથ સુધારણા યોજનામાં મુંદ્રા તાલુકાના ૫૭ ગામ એની ટપર ડેમ આધારિત, વચ્ચે એટલા માટે કહું છું કે, હવે મોટા ભાગના ગામોમાં પીવાના પાણી માટે ટપર ડેમ આધારિત યોજના બનાવવા જઇ રહ્યા છીએ. એટલે જેટલા નાના નાના સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે એ બધા મોટા ભાગનાને ટપર ડેમ આધારિત પીવાના પાણીની યોજનામાં સરફેસ સોર્સમાં લઇ જઇએ છીએ. રાપર જૂથ સુધારણા યોજનામાં રાપર તાલુકાના ૫૬ ગામ, ભચાઉ જૂથ સુધારણા યોજનામાં ભચાઉના ૨૫ ગામ, સુએજ કનેક્ટિવિટી રાપરના ૮ ગામ મંજલ કોમ્પલેક્ષ જૂથ સુધારણામાં નખત્રાણાના ૨૧ ગામ. નરેડી જૂથ સુધારણા યોજના એમાં અબડાસાના ૧૩ ગામ, કંડલા, ગાંધીધામ, ગુરુકૃપા આધારિત બે તાલુકા ભચાઉના ૩ અને ગાંધીધામના ૩ આમ લગભગ ૫૯૪ ગામમાં સુધારણાનાં કામ ચાલી રહ્યાં છે અને પ્રગતિ હેઠળ છે. ટૂંક સમયમાં પૂર્ણ થશે એટલે લગભગ મોટા ભાગના ગામોને સરફેસ સોર્સ આપી શકાય એ રીતનું અમારું આયોજન છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરેન્દ્રસિંહજી જાડેજા.

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ આવી ગયો છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની આ સંવેદનશીલ સરકારમાં જયારે ગુજરાતના છેવાડાના વિસ્તાર સુધી પાણી પહોંચે એ માટે અનેક આયામો સિદ્ધ કર્યા છે ત્યારે આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અબડાસા જૂથ સુધારણા યોજનાના સોર્સીસ શું છે? અને તેનાથી કેટલી વસ્તીને લાભ મળવાનો છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે નર્મદા આધારીત જે ટપર ડેમ જોડાયેલો છે એમાં જુદીજુદી યોજનાઓ જે સરફેસ સોર્સથી બનાવવા જઇ રહ્યા છીએ. અબડાસા જૂથ સુધારણા યોજનાના સોર્સની વાત થાય છે ત્યારે એના સોર્સમાં એક નર્મદા આધારિત છે, બીજો મીઠી ડેમ આધારિત, વિંઝોડા ડેમ આધારિત, ચંદરી ડેમ આધારિત, કંકાવટી ડેમ આધારિત અને બાકીની ટ્યુબવેલ આધારિત યોજના પણ ત્યાં બનાવીએ છીએ. જેના લીધે લગભગ ૨.૫૨ લાખ જેટલા લોકોને આનો લાભ મળવાનો છે. આ યોજના ટેન્ડર મંજૂર થયે લગભગ એની કામગીરી પૂર્ણ થતા ૧૮ મહિના લાગશે. ટેન્ડર પ્રક્રિયા અત્યારે આ યોજનામાં કાર્યરત છે.

### ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ

* **15/4/681 શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા (મહુધા)** : માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં કુલ ૦૪ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત મંજૂર કરેલ યોજનાઓની કુલ કિંમત કેટલી છે ? | (૨) | મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની અંદાજિત કિંમત રૂ.૧૦૬.૪૮ લાખ છે. |

## તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં કયા ગામોમાં આંતરિક પેયજળ યોજના મંજૂર કરવામાં આવેલ છે? આ યોજના કયાં સુધીમાં પૂર્ણ કરવા માટેનું આયોજન છે? આંતરિક પેયજળ યોજનાનું અમલીકરણ કઇ રીતે થાય છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇએ જે રીતે પીવાના પાણી માટે અગ્રિમતા આપી અને એ જ રીતે આપણા રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પણ પીવાના પાણીને ખૂબ અગ્રતા આપી છે. આ વખતે પણ સારી રીતે બજેટની જોગવાઇ સાથે આ જે આંતરિક પીવાના પાણીની પેયજળ યોજના છે એની એક વાત મારે આપના ધ્યાન ઉપર મૂકવી છે કે સામાન્ય રીતે નલ સે જલની વાત આવે એટલે એવું કહે કે આમાં કાંઇકને કાંઇક થયેલું છે. મારે એમાં ચોખવટ એટલા માટે કરવી છે કે આંતરિક પીવાના પાણીની જે યોજના બની એ વાસ્મો આધારિત યોજના છે. ભારત સરકારે એની શરૂઆત કરી અને એ વખતે તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૦૨ માં એને સ્વજલ ધારા તરીકે ઓળખતા. એપ્રિલ ૨૦૧૨ થી ભારત સરકાર દ્વારા સ્વજલ ધારા છે એને ફેરફાર કરીને સુધારા કરીને લાંબાગાળા માટે વિચારીને રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ બીજી વખતે બીજા તબકકામાં દાખલ કર્યો. એ વખતે ખાસ કરીને પીવાના પાણી માટેની આંતરિક પેયજળ યોજનામાં હજી પણ પ્રશ્ન રહેતા વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇએ કેન્દ્રમાં સત્તા સંભાળ્યા પછી ૭૩મા સ્વાતંત્ર્ય દિને એટલે ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯માં દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ આ યોજના દાખલ કરી છે. હર ઘર નલ એટલે આંતરિક પેયજળ યોજના દાખલ કરીને વર્ષ ૨૦૧૯થી શરૂ કરીને વર્ષ ૨૦૨૪ સુધીમાં દરેક ગામમાં ઘર સુધી પાણી મળે તે માટેની આ યોજના છે અને એ પ્રમાણે અલગથી જોગવાઇ કરવામાં આવી છે. આની અંદર કઇ રીતે વ્યવસ્થા થાય છે એ આપના ધ્યાન ઉપર મૂકવું છે. સૌ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે ઘણી વખત ગેરસમજ થાય છે. પાંચ વર્ષમાં આ યોજના ૯૫ ટકા થયેલી. આંતરિક પેયજળ વિતરણ વ્યવસ્થાની કામગીરી એ લોકભાગીદારી અને લોકમાંગ આધારિત હોય છે. એનું આયોજન કોણ કરે છે? તો એનું આયોજન ગામની પાણી સમિતિ કરતી હોય છે. એનું આયોજન, અમલીકરણ અને સંચાલન આ બધી વ્યવસ્થા ગામની પાણી સમિતિ એટલે કે ગામના લોકોની પાણી સમિતિ બનેલી હોય છે એ વ્યવસ્થા સંભાળે છે. આ યોજના માટે વચ્ચે ૩ વર્ષ માટે ભારત સરકારે વધારાનું ફંડ આપ્યું એટલે ૧૦ ટકા લોકફાળો ભર્યા વિના પણ આપણે એની અમલવારી કરાવી. પછી ફંડ ઓછું આવ્યું આમાં ૧૦ ટકા લોકફાળો ભરવાનો હોય છે એ ગ્રામ પંચાયત ભરે અથવા તો પાણી સમિતિ બનેલી હોય છે એ લોકો ગામની અંદરથી ફાળો ઉઘરાવે ૧૦ ટકા એની સામે ૯૦ ટકા રકમ છે એ આપણને ગુજરાત સરકાર અને ભારત સરકારના સહયોગથી મળે. આ સો ટકાની યોજના મળે પણ ૧૦ ટકા લોકફાળો હોય છે અને ૯૦ ટકા રાજ્ય સરકારનો ફાળો હોય છે. આ બધી પીવાના પાણીની યોજના માટેની જે વ્યવસ્થા છે આ પાણી સમિતિ દ્વારા ગામ લોકોની સામેલગીરી તથા સક્રિયાતા સાથે આ કામ કરવાનું હોય છે. ફકત ફંડ જ ભારત સરકાર દ્વારા માળે છે. વર્ષ ૨૦૧૯ થી શરૂ કરીને વર્ષ ૨૦૨૪ સુધીની નલસે જલની યોજના હતી અને તે સમય દરમ્યાન...

અધ્યક્ષશ્રી : હજી ચાર સભ્યશ્રીઓને પ્રશ્નો પૂછવાના બાકી છે. એક પ્રશ્નના જવાબમાં વિગત આપી દીધી છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પાંચ લાખની ઉપરની રકમનાં કામ હોય તો તેનું ટેન્ડર બહાર પાડવામાં આવે છે અને પાંચ લાખથી નીચેનું કામ હોય તો તેનું કામ ગ્રામ પંચાયત કરે છે. માનનીય સભ્યશ્રીએ ખેડા જિલ્લાના મહેમદાવાદની ચિંતા કરી છે ત્યારે કહું તો છેલ્લા એક વર્ષમાં આંતરિક પેયજળ યોજના અન્વયે મંજૂર થયેલી યોજનાઓમાં કનીજ, દેવકી, વણસોલ, વમાલી, મલાતજ. આ યોજનાની કિંમત જોઇએ તો કનીજમાં ૪૬.૯૬ લાખ, દેવકી વણસોલની ૩૬.૩૫ લાખ, વમાલી ૬.૧૪ લાખ, મલાતજની યોજનાની કિંમત જોઇએ તો ૧૭.૦૭ લાખ. આમ કુલ ૧૦૬.૪૮ લાખની આ યોજનાઓ છે. આ યોજનાઓ જૂન–૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બૃહદ ખેડા જિલ્લામાં એક કહેવત છે. વર્ષ ૧૯૮૦–૯૦ના દાયકામાં અમે ભણતા ત્યારે સાંભળતા કે, ''ઓડ ઉમરેઠના ઊંડા કૂવા, ત્યાં દીકરી દે તેના માવતર મુવા.'' આ વર્ષ ૧૯૮૦–૯૦ના દાયકામાં ભણતા ભણતા પાણી માટેની બીજી કહેવત સાંભળતા કે ''દીકરી બંદૂકે દેજો પણ ઘંઘુકે ના દેજો. ''હવે સાંભળીએ છીએ કે, હર ઘર એક નળ, ઘેર ઘેર નળ, ઘેર ઘેર પાણી.

અધ્યક્ષશ્રી : હવે પ્રશ્ન ઉપર આવી જાઓ. બે કહેવત આવી ગઇ છે.

શ્રી કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાના તાલુકાઓમાં છેલ્લાં પાંચ વર્ષમાં પેયજળની કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી અને તેના માટે કેટલાં નાણાંની જોગવાઇ કરવામાં આવી?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પાંચ વર્ષની માહિતી માગી છે તો તેમાં તા.૧૫–૮–૨૦૧૯થી શરૂ કરી વર્ષ ૨૦૨૪ સુધીમાં ખાસ કરીને ખેડા જિલ્લામાં તાલુકાવાઇઝ માહિતી આપું તો મહેમદાવાદ તાલુકામાં મંજૂર થયેલ યોજના–૫૬ છે તેની સામે રૂ.૧૯૩૨.૦૧ લાખની જોગવાઇ, ગળતેશ્વર તાલુકામાં મંજૂર થયેલ યોજના–૧૨ છે તેની સામે રૂ.૬૪૪.૧૪ લાખની જોગવાઇ, કપડવંજ તાલુકામાં મંજૂર થયેલ યોજના–૫૪ છે તેની સામે રૂ.૧૪૦૦.૦૦ લાખની જોગવાઇ, કઠલાલ તાલુકામાં મંજૂર થયેલ યોજના–૩૨ છે તેની સામે રૂ.૧૩૪૫.૦૦ લાખની જોગવાઇ, ખેડા તાલુકામાં મંજૂર થયેલ યોજના–૨૭ છે તેની સામે રૂ.૧૧૭૫.૪૮ લાખની જોગવાઇ, મહુધા તાલુકામાં મંજૂર થયેલ યોજના–૪૮ છે તેની

સામે રૂ.૬૯૭.૩૦ લાખની જોગવાઇ, માતર તાલુકામાં મંજૂર થયેલ યોજના–૩૦ છે તેની સામે રૂ.૭૩૭૪.૩૪ લાખની જોગવાઇ, નડિયાદ તાલુકામાં મંજૂર થયેલ યોજના–૪૪ છે તેની સામે રૂ. ૧૬૭૨.૭૦ લાખની જોગવાઇ, ઠાસરા તાલુકામાં મંજૂર થયેલ યોજના–૨૧ છે તેની સામે રૂ. ૬૦૯૩.૮૨ લાખની જોગવાઇ, વસો તાલુકામાં મંજૂર થયેલ યોજના–૧૨ છે તેની સામે રૂ.૩૧૨.૨૮ લાખની જોગવાઇ કરી છે. આમ કુલ આખા જિલ્લામાં ૩૧૬ યોજનાઓ મંજૂર થઇ છે તેની સામે રૂ.૧૦૬૦૪.૨૪ લાખની જોગવાઇ વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ સુધીમાં કરવામાં આવી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૯માં જાહેરાત કરી કે, ઘેર ઘેર નળથી પાણી પહોંચશે અને આ કામ વર્ષ ૨૦૨૪માં પૂર્ણ કરવાનું છે. નળ તો આવ્યા પણ જળ ના પહોંચ્યું તેવી સ્થિતિ આખા ગુજરાતમાં ઘણીબધી જગ્યાએ છે. પેપરનું હેડિંગ વાંચીએ તો નલ સે જલના બદલે નળસે છળ હોય તેવા ભ્રષ્ટાચારના દાખલા પંચમહાલ, દાહોદ હોય, મહિસાગર હોય અને છેલ્લે વલસાડમાં પણ ખૂબ ભ્રષ્ટાચારની ફરિયાદો થઇ છે અને પુરાવા સાથે સાબિત થયું છે અને એકશન પણ લેવાયા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આવા ભ્રષ્ટાચારની ગુજરાતમાં વ્યાપક ફરિયાદો આવે છે તો આ નલ સે જલ યોજનામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે એની તપાસ કરવા માટે સરકાર SIT બનાવીને ન્યાયિક તપાસ થાય એવું કરવા માગે છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં પણ કોઇ ફરિયાદ આવી હોય એના માટે અમારા વિભાગમાંથી એક કમિટી બનાવીને દરેક જગ્યાએ તપાસ માટે એ કમિટી જાય છે અને એમાં કોઇ જગ્યાએ અમે કચાસ રાખી નથી. કોઇ જગ્યાએ એવું હોય તો એના માટે અધિકારીઓ પર પણ અમે પગલાં લીધાં છે અને આ જે નલ સે જલની યોજના છે એની ગામાની પાણી સમિતિની જવાબદારી છે અને એમાં જે કાંઇ કરવાનું થતું હોય અને કોઇ પદાધિકારી હોય તો એમની સામે પણ પગલાં લેવામાં આવે છે. એટલે એવી કોઇ ફરિયાદ કોઇ જગ્યાએ હશે તો અમે ચોક્કસપણે પગલાં લઇશું અને ખુલ્લામને અમે યોગ્ય કાર્યવાહી કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, એમાં બે બાબત છે નલ સે જલ વાળી યોજના આંતરિક પીવાના પાણીની યોજના છે અને બીજું સુધારાણાનાં કામ ચાલે છે એમાં પણ કોઇ જગ્યાએ ફરિયાદો હશે તો અમે વિભાગમાંથી કમિટી બનાવીને એની તપાસ કરીએ છીએ અને પગલાં પણ લેવામાં આવે છે અને થોડા ક અધિકારીઓને સસ્પેન્ડ પણ કર્યા છે એટલે ચોક્કસ પગલાં લેવામાં આવે છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ નલ સે જલ યોજના માનનીય મોદી સાહેબની યોજના ખરેખર આશીર્વાદરૂપ સાબિત થઇ છે. મારો જવાબ મળી ગયો છે પણ બીજો એક પ્રશ્ન પૂછવા માગું છું કેમ કે, થોડી રજૂઆતો મારી પાસે આવી છે આ યોજના અંતર્ગત તો એ ઝડપથી એની માગણી સ્વીકારાય અને થોડા ગામો મારા વિસ્તારના એવા છે જે લોકફાળો ભરવા માટે સક્ષમ નથી તો એમાં ઘટતું કરવામાં આવે એવી મારી માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગામો માટે જેટલી રકમ ફાળવી હોય અને ક્યાંય બાકી રહી ગયું હોય તો એડિશનલ તરીકે ખર્ચ પાડીને એ કામ લેવા માટેની અમારા વિભાગમાં જોગવાઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ માટે એક ગાઇડલાઇન જ નક્કી થયેલી છે કે, કોઇ ગામ લોકફાળો ભરી શકે કે ન ભરી શકે તો પણ એમણે ૧૦ ટકા કોઇ પણ હિસાબે કાં તો એમણે શ્રમદાન તરીકે લેવા પડે અને એ રીતે ૧૦ ટકા રકમ ભરવાની જોગવાઇ છે. વચ્ચેના સમયમાં ત્રણ વર્ષ માટે ભારત સરકારમાંથી અને રાજ્ય સરકારમાંથી છૂટ આપી હતી કે એ વખતે લોકફાળો છે એને શ્રમદાનમાં ગણીને મુક્તિ આપતા હતા. અત્યારે ૧૦ ટકા લોકફાળો શ્રમદાનમાં ગણે અથવા તો એણે ભરવો પડે.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર**

* 15/4/847 : **ડો.તુષાર અમરસિંહ ચૌધરી *(ખેડબ્રહ્મા)* : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) કંપની સાથે કેટલા સમય માટે ક્યા ભાવે વીજ ખરીદીના કરાર ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત કંપની પાસેથી કેટલી વીજળી ક્યા ભાવે

(૩) ખરીદવામાં આવી, અને ઉક્ત કરારથી વધુ ભાવે ઉક્ત માસમાં વીજળી

**જવાબ**

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે ૨૫ વર્ષ માટે રૂ ૨.૨૬/યુનિટના લેવલાઈઝડ દરે તા.૨૨.૦૪.૨૦૦૭ના રોજ વીજ ખરીદીના કરાર કરવામાં આવેલ છે.

(૨) અને (૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપની પાસેથી માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત નીચે મુજબ છે:

| ૨૦૨૨ | | | |
|---|---|---|---|
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ (રૂ–કરોડ) | એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ દર |
| જાન્યુઆરી | ૯૭૨ | ૯૪ | ૨.૯૫ |

ખરીદવામાં આવી હોય તો તેના કારણો શા છે?

| | | | |
|---|---|---|---|
| ફેબ્રુઆરી | ૪૪૪ | ૪૧ | ૩.૧૪ |
| માર્ચ | ૬૫૯ | ૬૩ | ૩.૧૩ |
| એપ્રિલ | ૧૧૩૪ | -૬૭* | ૪.૨૦ |
| મે | ૯૦૮ | ૯૩ | ૫.૬૮ |
| જૂન | ૯૬૦ | ૯૪ | ૬.૦૬ |
| જુલાઈ | ૯૮૪ | ૯૭ | ૫.૮૯ |
| ઓગસ્ટ | ૯૭૩ | ૯૭ | ૫.૧૮ |
| સપ્ટેમ્બર | ૮૯૨ | ૯૪ | ૪.૮૧ |
| ઓક્ટોબર | ૬૩૯ | ૯૭ | ૫.૮૧ |
| નવેમ્બર | ૯૧૦ | ૯૪ | ૫.૭૦ |
| ડિસેમ્બર | ૯૭૨ | ૯૭ | ૫.૪૮ |
| ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | | |
| માસ | મિલિયન યુનિટ | ફિક્સ ચાર્જ (રૂ.-કરોડ) | એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ દર |
| જાન્યુઆરી | ૩૮૫ | ૫૬ | ૩.૬૩ |
| ફેબ્રુઆરી | ૧૦૨ | ૯ | ૩.૭૬ |
| એપ્રિલ | ૨૬૧ | ૨૦ | ૩.૭૪ |
| મે | ૮૯૬ | ૫૩ | ૪.૪૨ |
| જૂન | ૬૬૯ | ૭૧ | ૪.૫૨ |
| જુલાઈ | ૭૬૭ | ૯૬ | ૪.૨૯ |
| ઓગસ્ટ | ૧૦૩૭ | ૯૨ | ૩.૭૧ |
| સપ્ટેમ્બર | ૯૬૮ | ૯૩ | ૩.૬૭ |
| ઓક્ટોબર | ૧૦૭૪ | ૯૭ | ૩.૭૬ |
| નવેમ્બર | ૮૭૮ | ૯૭ | ૪.૦૨ |
| ડિસેમ્બર | ૮૫૨ | ૮૮ | ૩.૯૭ |

*જી.યુ.વી.એન.એલ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) પાસેથી, વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પ્લાન્ટની ઉપલબ્ધતા ન હોવાના કારણોસર કરારની શરતો મુજબ વસૂલ કરવાની થતી રૂ.૧૩૯.૮૭ કરોડની પેનલ્ટીની રકમમાંથી, એપ્રિલ-૨૦૨૨ના ફિક્સ ચાર્જ પેટે ચુકવવાની થતી રૂ.૭૨ કરોડની રકમ સરભર કરવામાં આવેલ છે.(કરારની શરતો પ્રમાણે, ફિક્સ ચાર્જની ચૂકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાને આધારે કરવામાં આવે છે. વેરીએબલ ચાર્જની ચૂકવણી પ્રોજેક્ટમાંથી મેળવેલ ઉત્પાદનને આધારે કરવામાં આવે છે)

ઈન્ડોનેશિયન કોલસાનો ઈન્ડેક્સ (HBA) જે સામાન્ય રીતે સરેરાશ ૯૦ યુ.એસ ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો રહેતો હતો, જેમાં સપ્ટેમ્બર-૨૦૨૧ બાદ અસાધારણ રીતે વધારો થવા પામેલ, જે ઓગસ્ટ-૨૦૨૨માં મહત્તમ ૩૩૧ યુ. એસ. ડોલર પ્રતિ મેટ્રિક ટન જેટલો થયેલ. આથી આ પછીના સમયગાળા દરમ્યાન આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટરી કરાર અંતર્ગતના વીજ દર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટો દ્વારા વીજ ઉત્પાદન બંધ કરી દેવામાં આવેલ.

વધુમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવમાં પણ અસાધારણ વધારો થયેલ આથી ગેસ આધારિત મથકોમાંથી પણ સ્થાપિત ક્ષમતા મુજબનું ઉત્પાદન મેળવવું શક્ય થયેલ નહી.

ઉક્ત સ્થિતિ નિવારવા તથા સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા ઈલેક્ટ્રીસિટી એક્ટ-૨૦૦૩ના સેક્શન-૧૧ અંતર્ગત ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ છે.

તદ્અન્વયે, નિર્ધારિત એનર્જી ચાર્જના દરે કોસ્ટલ ગુજરાત પાવર લિ.ને ચૂકવણી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને કોસ્ટલ ગુજરાત પાવર લિ. દ્વારા કેન્દ્રીય વીજ નિયમન આયોગ(CERC) સમક્ષ સેક્શન-૧૧(૨) અંતર્ગત પીટીશન કરવામાં આવેલ. જે અન્વયે, CERC દ્વારા નિર્દેશિત કલેઈમને, એપેલેટ ટ્રીબ્યુનલ દ્વારા વચગાળાના નિર્દેશ થકી મનાઈ હુકમ (Stay) કરવામાં આવેલ હોવાથી સદર બાબત નિર્ણયાધીન છે.

ઉક્ત સ્થિતિમાં કોસ્ટલ ગુજરાત પાવર લિમીટેડ (ટાટા પાવર) પાસેથી મેરીટ ઓર્ડરના સિધ્ધાંત મુજબ વીજદરની (એનર્જી ચાર્જ) પ્રાથમિકતાના ક્રમે જરૂરિયાત પૂરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ છે.

## તારાંકિત પ્રશ્નો

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ ૨૫ વર્ષના કરાર જે ખાનગી કંપનીઓ સાથે વીજળી મેળવવા માટે કર્યા છે એ કરારની શરતોનો ભંગ થાય, વીજળી પુરવઠો પૂરો પાડવામાં નિષ્ફળ જાય તો એને પેનલ્ટી કરવાની કોઇ જોગવાઇ છે કે નહીં? અને જો એવી પેનલ્ટી કરવાની જોગવાઇ હોય તો કઇ કંપની પાસેથી કેટલી પેનલ્ટી વસૂલવામાં આવી છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પેનલ્ટી વસૂલવાની જોગવાઇ છે જ્યારે આપણને વીજળી જોઇતી હોય અને ન આપે ત્યારે, પરંતુ જ્યારે એ લોકો પ્લાન્ટ બંધ કરી દે ત્યારે આપણને એ લોકો પેનલ્ટીના પૈસા ભરી દે છે એ પર યુનિટ ૭૦ પૈસા કે ૭૫ પૈસા છે. જે મોંઘી વીજળી ઉત્પાદન કરતા હોય એમને આ પેનલ્ટી આપવાનું સારું પડે છે.

**તાપી-કરજણ લીફ્ટ ઈરીગેશન પાઇપલાઇન યોજના.**

* 15/4/661 **શ્રી મોહનભાઇ ઢેડાભાઇ કોંકણી (વ્યારા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લાના ઉકાઇ જળાશય આધારીત તાપી-કરજણ લીફ્ટ ઈરીગેશન પાઇપલાઇન યોજનાની કામગીરી હાલમાં કયા તબક્કે છે, | (૧) | કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) | આ યોજનાની અંદાજીત રકમ કેટલી છે અને તે ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે, અને | (૨) | યોજનાની અંદાજીત રકમ રૂ.૬૫૧.૧૩ કરોડ છે અને ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાથી ક્યા જિલ્લાના ક્યા તાલુકાના કેટલા ગામોને સિંચાઇનો લાભ મળનાર છે? | (૩) | (નીચેનું કોષ્ટક) |

| અ.નં | જિલ્લો | તાલુકો | લાભિત થનાર ગામો |
|---|---|---|---|
| ૧ | સુરત | ઉમરપાડા | ૫૧ |
| ૨ | નર્મદા | ડેડિયાપાડા | ૨૨ |
| કુલ | | | ૭૩ |

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન છે એનો જવાબ મને મળી ગયેલ છે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નર્મદા જિલ્લાના ડેડીયાપાડા અને સાગબારા તાલુકામાં આગામી બે વર્ષમાં નવા ચેકડેમો બાંધવાનું કોઇ આયોજન છે? અને જો હા, તો એનો અંદાજિત કેટલો ખર્ચ થવાનો છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તાપી-કરજણ યોજના છે એ યોજના એવી છે કે પહેલા આપણે કહેવત હતી કે, "નેવાના પાણી મોભે પહોંચાડવા" આ યોજના અમારી સરકારે સાકાર કરી બતાવી છે અને લગભગ ૨૧૨ મીટર ઊંચાઇથી એટલે લગભગ ૭૧ માળ જેટલા ઊંચાઇએ પાણી તાપી-કરજણ લિંકમાં પહોંચાડવાનું છે ત્યારે માનનીય સભ્યશ્રી દર્શનાબહેનનો જે પ્રશ્ન છે તેની અંદર નર્મદાની અંદર, ડેડીયાપાડાની અંદર ૨૨ ચેક ડેમો બનાવવાના છે. એ જ રીતે સાગબારાની અંદર ૨૫ ચેક ડેમો આમ, લગભગ ૪૭ જેટલા ચેક ડેમો વર્ષ ૨૦૨૪-૨૫માં બનાવવાના છે. એ જ રીતે વર્ષ ૨૦૨૫-૨૬ની અંદર ૧૫ ચેક ડેમો, સાગબારાની અંદર ૩૦ ચેક ડેમો એમ કુલ-૪૫ ચેક ડેમો બનાવવાના છે તેની પાછળ લગભગ ૫૬૦૦ લાખ રૂપિયાનો ખર્ચો થવાનો છે અને તેનો ૯૫૦ હેકટરમાં આવનારા દિવસોમાં લાભ થશે.

ડો. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત હજુ પણ કોઇ નવા ચેક ડેમો બાંધવાનું આયોજન છે કે કેમ ?

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં લગભગ ૧૦૭ ચેક ડેમો અમે બનાવવાનું આયોજન છે અને તેનું કામ પણ પરિપૂર્ણ થઇ ગયેલ છે. એ રીતે નવા લગભગ ૪ ચેક ડેમો અમે બનાવવાનું આયોજન રૂ. ૧૮૪ લાખના ખર્ચે થયું છે એટલે તેમની જે રજૂઆત છે તે બધી આની અંદર આવી ગયેલ છે.

**કચ્છ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત**

*15/4/700**: શ્રી કેશુભાઈ શીવદાસ પટેલ (ભૂજ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલાર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા વીજ ગ્રાહકોએ સોલાર સિસ્ટમ લગાવી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલાર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ કચ્છ જિલ્લામાં કુલ **૭૨૮૦** વીજ ગ્રાહકોએ સોલાર સિસ્ટમ લગાવી. |
| (૨) | ઉક્ત સ્થાપિત થયેલ સોલાર સિસ્ટમની કુલ ક્ષમતા કેટલી છે, અને | (૨) | ઉક્ત સ્થાપિત થયેલ સોલાર સિસ્ટમની કુલ ક્ષમતા **૨૯૩૬૫** કિલો વોટ છે. |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત સ્થાપિત થયેલ સોલાર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવી ? | (૩) | ઉક્ત સ્થાપિત થયેલ સોલાર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને કુલ **રૂ.૪૪૭૧** લાખ સબસિડી આપવામાં આવી. |

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે, ઘર–વપરાશના વીજ ગ્રાહકો માટેની સૂર્ય યોજના, ગુજરાત યોજના શું છે તે જણાવો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે બે સવાલના જવાબમાં જોયું કે પ્રાઇવેટ, ખાનગી કંપનીઓ પાસેથી વીજળીની ઓછી ખરીદી કરવી પડે તેના માટે સરકાર સતત ચિંતાગ્રસ્ત છે અને ખાસ કરીને જ્યારે આપણે ઝીરો કાર્બનનો જે ટાર્ગેટ રાખ્યો છે તેના માટે સૂર્ય આધારિત, પવન આધારિત, હાઇડ્રો આધારિત વીજળી ઉત્પન્ન થાય તે માટેના વિવિધ પ્રયત્નો સરકારે આદર્યા છે. તેમાં સૂર્ય ગુજરાત એક ફ્લેગશિપ કહી શકાય એવી યોજના છે. લગભગ ૨ હજાર મેગાવોટ જેટલી વીજળી આપણને આ યોજનામાંથી મળે છે એ દિવસે વીજળી પેદા થાય છે. રાજયના રહેણાંક શ્રેણીના વીજ ગ્રાહકો પોતાના ઘરની છત ઉપર સોલાર પેનલ લગાડી તેના દ્વારા સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરી તેના વપરાશ થકી વીજ બિલ ઘટાડી શકે છે અને સ્વ વપરાશ ઉપરાંત વધારાની વીજળી વીજ કંપનીને વેચી આવક પણ મેળવી શકે તેવા ઉમદા હેતુથી રહેણાંક શ્રેણીના વીજ ગ્રાહકો માટે સોલાર રૂફટોપ યોજના, સબસિડી યોજના સૂર્ય ગુજરાત નામથી રાજય સરકારે જાહેર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે આ સૂર્ય ગુજરાત યોજના ઓગસ્ટ–૨૦૧૯થી શરૂ કરેલ છે. આ યોજનામાં રહેણાંક શ્રેણીના વીજ ગ્રાહકો માટે સબસિડી જોગવાઇ છે. આ યોજના અંતર્ગત રહેણાંક શ્રેણીના વીજ ગ્રાહકો દ્વારા વીજળીના સ્વ વપરાશ બાદની વીજળી કંપની દ્વારા ખરીદવામાં આવે છે અને સોલાર રૂફટોપ લગાડવામાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. સમગ્ર દેશમાં ઘર ઉપર જેટલા ઈન્સ્ટોલેશન થયા છે તેમાં ગુજરાતનો ફાળો ૮૨ ટકા છે અને આપણા ગુજરાતના ૫ લાખ ઉપરાંતના ઘરો ઉપર આ વીજળી લાગેલી છે. ખાસ કરીને જયારે વારંવાર જાહેરાત કરવામાં આવે કે ૨૦૦ યુનિટ ફ્રી, ૩૦૦ યુનિટ ફ્રી તેના કરતા આ યોજના એ એક સર્વોત્તમ યોજના છે એટલે આપણે બધાએ આ યોજનાનો લાભ લેવો જોઇએ. તાજેતરમાં જ સૂર્યવંશી ભગવાન શ્રીરામ અયોઘ્યા ધામ ખાતે નીજ મંદિરમાં સ્થાપિત થયા તે અવસરે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના અંતર્ગત એક કરોડ ઘરોને સૌર ઊર્જાથી પ્રકાશિત કરવાનું લક્ષ્ય નિર્ધાર કર્યું છે. તે માટે રાજય સરકાર પ્રધાનમંત્રી તથા કેન્દ્ર સરકારનો આભાર માને છે અને ગુજરાત સરકાર દ્વારા પણ આ યોજનામાં અગ્રેસર રહી લોકોને આ યોજનાનો મહત્તમ લાભ મળે તેવા પ્રયત્નો કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટે સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા માટેની આ યોજનામાં મળતી સબસિડી ૧૮ હજારની સબસિડી પ્રતિ કિલોવોટ ૧ થી ૩ કિલોવોટ સુધી, રૂપિયા ૯ હજારની સબસિડી પ્રતિ કિલો વોટ ૩થી ૧૦ કિલોવોટ સુધી, ગ્રુપ હાઉસિંગ સોસાયટી, રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસિએશન, સોસાયટીની મજિયારી કોમન સુવિધાઓના વીજ જોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન સ્થાપિત કરવા રૂપિયા ૯ હજારની સબસિડી પ્રતિ કિલોવોટ ૫૦૦ કિલોવોટની મર્યાદામાં આપવામાં આવશે. આ યોજના અંતર્ગત સબસિડીની રકમ ગ્રાહકના બેંક ખાતામાં ડી.બી.ટી.થી જમા કરવામાં આવશે. સમગ્ર દેશની રહેણાંક શ્રેણીના રૂફ ટૉપની ક્ષમતા ૨૪૭૩ મેગા વૉટ છે જે પૈકી ૨૦૨૫ મેગા વૉટ ગુજરાતની છે એટલે કે ૮૨ ટકા જેટલી છે. સમગ્ર દેશની શ્રેણીની કુલ રૂફ ટૉપ ક્ષમતા એટલે કે રહેણાંક સિવાયના જે રૂફ ટૉપ થયા છે એની ક્ષમતા ૧૦,૬૮૧ મેગા વૉટ છે. જે પૈકી ૩,૨૬૫ મેગા વૉટ ગુજરાતની છે જે ૩૦ ટકા જેટલી છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સૂર્ય ગુજરાત યોજના હેઠળ વીજ ગ્રાહકને વીજ બિલમાં બચત કઇ રીતે થાય છે અને આવક કઇ રીતે થાય છે? એટલે કે યુનિટ ટુ યુનિટ બાદ મળી જાય છે કે યુનિટ કન્ઝમ થયા પછી ઉત્પાદિત યુનિટનું વળતર આપવામાં આવે છે?

| ૧૯ | ૬૬ કે.વી. ચૂલી | ૧ |
| ૨૦ | ૬૬ કે.વી. કંકાવટી | ૧ |
| ૨૧ | ૬૬ કે.વી. નારીચાણા | ૧ |
| ૨૨ | ૬૬ કે.વી. પાનશીના | ૧ |
| ૨૩ | ૬૬ કે.વી. રોજાસર | ૧ |
| ૨૪ | ૬૬ કે.વી. બામણબોર | -- |
| ૨૫ | ૬૬ કે.વી. ચોટીલા | -- |
| ૨૬ | ૬૬ કે.વી.ધોરા પીપળીયા | -- |
| ૨૭ | ૬૬ કે.વી.રાજપરા | -- |
| ૨૮ | ૬૬ કે.વી.ઠીકરીચાળી | -- |
| ૨૯ | ૬૬ કે.વી. ચૂડા | -- |
| ૩૦ | ૬૬ કે.વી. જોબાલા | -- |
| ૩૧ | ૨૨૦ કે.વી. ધ્રાંગધ્રા | -- |

| | | |
|---|---|---|
| ૩૨ | ૬૬ કે.વી. બૈસાબગઢ | -- |
| ૩૩ | ૬૬ કે.વી. બાવલી | -- |
| ૩૪ | ૬૬ કે.વી. ભેચડા | -- |
| ૩૫ | ૬૬ કે.વી. ધ્રાંગધ્રા | -- |
| ૩૬ | ૬૬ કે.વી. ગુરુકુલ | -- |
| ૩૭ | ૬૬ કે.વી. હીરાપુર | -- |
| ૩૮ | ૬૬ કે.વી. ઈશાદ્રા | -- |
| ૩૯ | ૬૬ કે.વી. જીવા | -- |
| ૪૦ | ૬૬ કે.વી. જુના ઘનશ્યામગઢ | -- |
| ૪૧ | ૬૬ કે.વી. કડીયાણા | -- |
| ૪૨ | ૬૬ કે.વી. કાંટાવાવ | -- |
| ૪૩ | ૬૬ કે.વી. કોંઢ | -- |
| ૪૪ | ૬૬ કે.વી. મેથાન | -- |
| ૪૫ | ૬૬ કે.વી. નરલી | -- |
| ૪૬ | ૬૬ કે.વી.નવલગઢ | -- |
| ૪૭ | ૬૬ કે.વી. રાયગઢ | -- |
| ૪૮ | ૬૬ કે.વી. રામગઢ | -- |
| ૪૯ | ૬૬ કે.વી. રામપરા | -- |
| ૫૦ | ૬૬ કે.વી. રણમલપુર | -- |
| ૫૧ | ૬૬ કે.વી.રતનપર | -- |
| ૫૨ | ૬૬ કે.વી. સોલાડી | -- |
| ૫૩ | ૬૬ કે.વી. વાવડી | -- |
| ૫૪ | ૬૬ કે.વી. પાનવી | -- |
| ૫૫ | ૬૬ કે.વી. વસ્તડી | -- |
| ૫૬ | ૬૬ કે.વી.ધોળીયા | -- |
| ૫૭ | ૬૬ કે.વી. ખટાડી | -- |
| ૫૮ | ૬૬ કે.વી. લિયા | -- |
| ૫૯ | ૬૬ કે.વી. મૂળી | -- |
| ૬૦ | ૬૬ કે.વી. નાડાધારી | -- |
| ૬૧ | ૬૬ કે.વી. સારા | -- |
| ૬૨ | ૬૬ કે.વી. ઉમરડા | -- |
| ૬૩ | ૬૬ કે.વી.વઘાદ્રા | -- |
| ૬૪ | ૧૩૨ કે.વી. સીતાગઢ | -- |
| ૬૫ | ૬૬ કે.વી. આયા | -- |
| ૬૬ | ૬૬ કે.વી. ધીકાવડી | -- |
| ૬૭ | ૬૬ કે.વી. જુના જશાપર | -- |
| ૬૮ | ૬૬ કે.વી. નડાલા | -- |

| | | |
|---|---|---|
| ૬૯ | ૬૬ કે.વી. સાયલા | -- |
| ૭૦ | ૬૬ કે.વી.સુદામડા | -- |
| ૭૧ | ૬૬ કે.વી.દેવપરા | -- |
| ૭૨ | ૬૬ કે.વી. થાન–૨ | -- |
| ૭૩ | ૬૬ કે.વી. દૂધરેજ | -- |
| ૭૪ | ૬૬ કે.વી.ખેરાલી | -- |
| ૭૫ | ૬૬ કે.વી. ખોડુ | -- |
| ૭૬ | ૬૬ કે.વી. નાગરા | -- |
| ૭૭ | ૬૬ કે.વી. રાજસીતાપુર | -- |
| ૭૮ | ૬૬ કે.વી. તુવા | -- |
| ૭૯ | ૬૬ કે.વી.વઢવાણ | -- |

**છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના**

15/4/865 : **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય ઊર્જામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત સબસ્ટેશન દીઠ કેટલા ફીડરોમાં દિવસે વીજળી આપવામાં આવે છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લામાં સબસ્ટેશન દીઠ દિવસે વીજળી મેળવતા ફીડરોની માહિતી આ સાથે પત્રક–૧ અને પત્રક–૨ માં સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને ખેતી વિષયક કેટલા કલાક વીજળી આપવામાં આવે છે, અને | (૨) ૮ કલાક કે તેથી વધુ જરૂરિયાત મુજબ. |
| (૩) ખેડૂતોને કાયમી ધોરણે વીજળી આપવા માટે સરકારનું શું આયોજન છે? | (૩) ઉક્ત યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વીજળી આપવાની જરૂરી કામગીરી ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં પૂરી કરવાનું આયોજન છે. |

**પત્રક–૧**

**છોટા ઉદેપુર જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સબસ્ટેશન દીઠ દિવસે વીજળી આપવામાં આવતા ફીડરોની વિગત:**

| ક. નં. | સબ–સ્ટેશનનું નામ | દિવસે વીજળી આપવામાં આવતા ફીડરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૧૩૨ કે.વી. વસેડી | ૪ |
| ૨ | ૬૬ કે.વી.ઉચાપણ | ૪ |
| ૩ | ૬૬ કે.વી. રેન્ડી | ૪ |
| ૪ | ૬૬ કે.વી. બોડેલી | ૩ |
| ૫ | ૬૬ કે.વી. સૂર્ય ઘોડા | ૨ |
| ૬ | ૬૬ કે.વી. લેહવત | ૨ |
| ૭ | ૬૬ કે.વી.સંખેડા | ૨ |
| ૮ | ૬૬ કે.વી.જુદાવત | ૧ |
| ૯ | ૬૬ કે.વી. પાનવડ | ૧ |

| ક્ર. નં. | સબ–સ્ટેશનનું નામ | દિવસે વીજળી આપવામાં આવતા ફીડરોની સંખ્યા |
|---|---|---|
| ૧૦ | ૬૬ કે.વી. રૂસ્તમપુરા | ૧ |
| ૧૧ | ૬૬ કે.વી. ચલમલી | ૦ |
| ૧૨ | ૬૬ કે.વી. કોસિન્દ્રા | ૦ |
| ૧૩ | ૬૬ કે.વી. લાડોથ | ૦ |
| ૧૪ | ૬૬ કે.વી. પાટિયા | ૦ |
| ૧૫ | ૧૩૨ કે.વી. ઝોઝ | ૦ |
| ૧૬ | ૬૬ કે.વી. સીમલ ફળિયા | ૦ |
| ૧૭ | ૬૬ કે.વી. વનાર | ૦ |
| ૧૮ | ૬૬ કે.વી. પાવીજેતપુર | ૦ |
| ૧૯ | ૬૬ કે.વી. રંગલી ચોકડી | ૦ |
| ૨૦ | ૬૬ કે.વી. સજવા | ૦ |
| ૨૧ | ૬૬ કે.વી. વડોથ | ૦ |
| ૨૨ | ૬૬ કે.વી. બૈડિયા | ૦ |
| ૨૩ | ૬૬ કે.વી. ભેખડીયા | ૦ |
| ૨૪ | ૬૬ કે.વી. કવંત | ૦ |
| ૨૫ | ૬૬ કે.વી. નસવાડી | ૦ |
| ૨૬ | ૬૬ કે.વી. રતનપુર | ૦ |
| ૨૭ | ૬૬ કે.વી. સેંગપુર | ૦ |
| ૨૮ | ૬૬ કે.વી.વાઘાચ | ૦ |
| ૨૯ | ૬૬ કે.વી. ભાટપુર | ૦ |
| ૩૦ | ૬૬ કે.વી. રામપુરા | ૦ |

**પત્રક–૨**

**દાહોદ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સબસ્ટેશન દીઠ દિવસે વીજળી આપવામાં આવતા ફીડરોની વિગત:**

| ક્ર. નં. | સબ-સ્ટેશનનું નામ | દિવસે વીજળી આપવામાં આવતા ફીડરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. સરસવા -પૂર્વ | ૪ |
| ૨ | ૧૩૨ કે.વી. લીમખેડા | ૪ |
| ૩ | ૬૬ કે.વી. કરથ | ૪ |
| ૪ | ૬૬ કે.વી. ઝાલોદ | ૪ |
| ૫ | ૬૬ કે.વી. કાથલા | ૩ |
| ૬ | ૬૬ કે.વી.દેવગઢ બારીયા | ૩ |
| ૭ | ૬૬ કે.વી. નલવઈ | ૩ |
| ૮ | ૬૬ કે.વી. મોટા-આંબલિયા | ૩ |
| ૯ | ૬૬ કે.વી. નવાગામ | ૨ |
| ૧૦ | ૬૬ કે.વી.ફાંગીયા | ૨ |
| ૧૧ | ૬૬ કે.વી. કેલીયા | ૨ |
| ૧૨ | ૬૬ કે.વી. પીપલોદ | ૨ |
| ૧૩ | ૬૬ કે.વી. પાઇપરો | ૨ |
| ૧૪ | ૬૬ કે.વી. લખનપુર | ૨ |
| ૧૫ | ૬૬ કે.વી. વજેલાવ | ૨ |
| ૧૬ | ૬૬ કે.વી. ગુલતોરા | ૨ |
| ૧૭ | ૧૩૨ કે.વી. દાહોદ | ૧ |
| ૧૮ | ૬૬ કે.વી. ખરેડી | ૧ |
| ૧૯ | ૬૬ કે.વી. ખારોદ | ૧ |

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિનો બીજો અહેવાલ

શ્રીમતી મનીષા રા. વકીલ (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો બીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ કરતાં વધુ દેવાનું બજેટ લઇને આવ્યા છે તે વિશે મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે બજેટમાં આંકડા રજૂ કરવામાં આવ્યા છે તે મુજબ ૨૩.૫૩ ટકા આવક એ દેવાની આવક છે જેને આપણે જાહેર દેવું કહીએ છીએ. દર વર્ષે જે ખર્ચ કરવામાં આવે છે તેની ૮.૮૩ ટકા રકમ સરકાર જૂના દેવાની પાછળ ચૂકવતી હોય છે. આ બંને વચ્ચેનો તફાવત ૧૪.૭૦ ટકા જેટલો છે. તેનો અર્થ એ થાય કે આગામી દિવસોમાં જાહેર દેવું વધવાનું છે, ઘટવાનું નથી. સરકારે જે પ્રમાણે બજેટના આંકડા જાહેર કર્યા તેમાં ચાલુ વર્ષના સુધારેલા અંદાજમાં રૂ.૬૬ કરોડનું નવું દેવું છે જે ગયા વર્ષે રૂ.૫૨ હજાર કરોડ હતું. આગામી વર્ષે રૂ.૭૭ હજાર ૫૦૦ કરોડના દેવાની વાત કરી છે તે બતાવે છે કે દર વર્ષે સરકારનું જાહેર દેવું રૂ.૫૦ લાખ કરોડ જેટલું વધવાનું છે. અત્યારે રૂ.૩.૭૮ લાખ કરોડનું દેવું છે અને આગામી સમયનું દેવું રૂ.૪.૨૬ લાખ કરોડ બતાવ્યું છે. માનનીય મંત્રીશ્રી કદાચ આ જે દેવું વધી રહ્યું છે તે દેવું ઘટાડવાની વાત લઇને આવ્યા હોત તો અમે ચોક્કસ બજેટને સમર્થન આપ્યું હોત. માનનીય મંત્રીશ્રીએ મોટી મોટી જાહેરાત કરી કે અમે કોઇ કરવેરા નાંખ્યા નથી. તમારા જેવું શાંત બજેટ છે. બજેટમાં કહ્યું છે કે અમો કોઇ કરવેરા નાંખ્યા નથી તો તેનો અર્થ એ થયો કે જો કરવેરા નાંખવામાં ન આવ્યા હોય તો કરવેરાની આવક વધે નહીં પરંતુ સૂધારેલા અંદાજ પ્રમાણે રાજ્ય સરકારના બજેટમાં કરવેરાની આવક રૂ.૧.૩૪ લાખ કરોડ છે. જે આવતાં વર્ષે રૂ.૧.૪૯ લાખ કરોડ થવાની છે. તેનો અર્થ એ થયો કે રૂ.૧૫ હજાર કરોડના વેરા વધુ આવવાના છે. તમે એવું કહેતાં હોય કે અમે વેરામાં કોઇ વધારો કર્યો નથી તો આ વેરામાં આવક કઇ રીતે થઇ એ પણ વિચારવાની જરૂર છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કરવેરાની આવક રૂ.૭૦ હજાર ૩૦૦

કરોડ હતી અને આગામી વર્ષે કરવેરાની આવક રૂ.૧.૪૯ લાખ કરોડ થવાનો અંદાજ મૂક્યો છે. તેનો અર્થ એ થયો કે માત્ર પાંચ વર્ષમાં સરકારની કરવેરાની આવક બમણા કરતાં વધી ગઇ છે. તેની સામે જી.ડી.પી.ની આવક પાંચ વર્ષમાં બમણી થઇ નથી. તેમ છતાં તમે એવું કહો છો કે અમે કરવેરા વધાર્યા નથી તો આ આવક આવી ક્યાંથી? કોઇ જાદુ થયું કે શું થયું તે માનનીય મંત્રીશ્રી તેમના પ્રવચનમાં જણાવે. કોઇપણ રાજ્યના વિકાસ માટે શિક્ષણ અને આરોગ્ય બહુ જ મહત્ત્વનું છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ વર્ષ ૨૦૨૦માં એજ્યુકેશન પૉલિસી લાવ્યા હતા. એમાં સ્પષ્ટ લખ્યું છે કે, વર્ષ ૨૦૨૦ની શિક્ષણ નીતિ મુજબ જી.ડી.પી.નો ૬ ટકા જેટલો ખર્ચ શિક્ષણ પાછળ થવો જોઇએ. વર્ષ ૨૦૨૦ પછી ચાર વખત બજેટ રજૂ કરવામાં આવ્યું. ચાલુ વર્ષે રૂ. ૪૪,૫૭૮ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું એ જી.ડી.પી. ના ૧.૭૫ ટકા જેટલું જ થાય છે. આજે શિક્ષણની પરિસ્થિતિ બહુ ખરાબ છે. ૬ ટકા ખર્ચમાંથી ૪ ટકા ખર્ચ રાજ્ય સરકાર કરશે અને ૨ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર આપશે એવું બતાવવામાં આવ્યું હતું. એટલે શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરવામાં આવે. બીજી બાજુ, તમે એવું કહ્યું છે કે, વિકાસલક્ષી ખર્ચ શિક્ષણના ૨૧.૧ ટકા જેટલો છે પણ એમાં ઘણી બધી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખેલકુંભનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષણનો ખર્ચ શિક્ષણ પાછળ જ થવો જોઇએ. ચાલુ વર્ષે શિક્ષણનો સુધારેલ અંદાજ રૂ. ૩૮,૮૨૬ કરોડનો છે અને આગામી વર્ષે રૂ.૪૪,૫૭૮ કરોડનો છે એટલે કે, ૧૪.૮૧ ટકાનો વધારો કર્યો એને અમે આવકારીએ છીએ. પરંતુ, એની સામે જ્યારે જી.ડી.પી. ૧૧ ટકાના દરે વધવાની શક્યતા હોય તો શિક્ષણ પાછળ ૧૫ ટકા વધારે ખર્ચ થવો જોઇએ એ ખર્ચ થયેલ નથી.

**માનનીય સભાપતિ શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વખતે માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને માનનીય જીતુભાઇ વાઘાણીની રાજ્ય સરકારે કમિટી બનાવી હતી અને તા. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ રાજ્ય સરકારે એક પ્રેસનોટ બહાર પાડી હતી. આ સમાચાર સંખ્યા ૧૧૦૯માં માત્ર વાતો કરવામાં આવી હતી. આજે રાજ્ય સરકારના કર્મચારીઓ રાહ જોઇ રહ્યા છે. તમે કહ્યું હતું કે, રાજ્ય સરકારે અંદાજે ૯ લાખ કર્મચારીઓ અને તેમના પરિવારોના વિશાળ હિતમાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. રાજ્યના પાંચ મંત્રીશ્રીઓ આ કમિટીમાં સામેલ હતા અને એમાં જૂની પેન્શન યોજનાની વાત કરી હતી. કેન્દ્રના ધોરણે તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાં જે કર્મચારીઓની ભરતી થઇ હોય એ કર્મચારીઓને જી.પી.એફ. અને જૂની પેન્શન યોજના આપવાની વાત કરી હતી, કર્મચારીના સી.પી.એફ. માં ૧૦ ટકાના બદલે ૧૪ ટકા વધારાની વાત કરી હતી. માનનીય મંત્રીશ્રી કદાચ આ ભૂલી ગયા કે શું? આ બજેટમાં આ માટેની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. રાજ્ય સરકારના પાંચ-પાંચ મંત્રીશ્રીઓએ જાહેરાત કરી હોય તો કર્મચારીઓ આશા રાખે છે. ગઇકાલે શ્રીમદ્ ભગવદ્ ગીતાની વાત થઇ. ગીતામાં કહ્યું છે કે, 'જે કહેવું હોય એ કરવું' તો માનનીય નાણામંત્રીશ્રી તમે પણ આ કમિટીના સભ્ય હતા. રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે વાત કરી હતી એ વાત પૂરી પાડવામાં આવે. હમણાં જ રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમમાં સરવે કરવામાં આવ્યો હતો. એમાં ૧.૧ કરોડ બાળકોનો સરવે થયો. જેમાં ૧૪.૧૨ લાખ બાળકો કુપોષણનો શિકાર બન્યા હતા. નાનાં બાળકો માટે શિક્ષણમાં આટલો બધો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં દિવસે-દિવસે ડ્રોપ આઉટ રેશિયો વધતો જાય છે. માત્ર બજેટમાં જોગવાઇ કરવાથી નહીં પણ જે નાણાં ફાળવવામાં આવે એનો સાચી રીતે યોગ્ય ઉપયોગ થાય અને સંપૂર્ણ નાણાંનો ઉપયોગ થાય એવી વિનંતી હું માનનીય મંત્રીશ્રીને કરું છું. સ્માર્ટ સિટીની વાત કરવામાં આવી હતી. આજે પણ ૨૩ ટકાથી વધુ સિટીમાં કામો અધૂરાં છે. હમણાં ગુજરાતના યુવાનો માટે 'ઇન્ડિયા સ્કીલ રિપોર્ટ' વર્ષ ૨૦૨૩માં બહુ ચોંકાવનારી વાત રજૂ થઇ છે. આપણે આટલા બધા વાઇબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો કરીએ છીએ. ગુજરાતને મૉડલ રાજ્ય કહીએ છીએ ત્યારે આજે યુવાનોને વેતન આપવામાં આવે છે એ વેતન માટે જે પાંચ રાજ્યો છે એમાં ગુજરાત રાજ્યનો સમાવેશ કર્યો નથી. આઉટસોર્સિંગના નામે કર્મચારીઓની *(xxx) થઇ રહી છે. એટલે આ બધી બાબતોનો સમાવેશ કરવો જોઇતો હતો. ભવિષ્યમાં આ બધી બાબતોનો સમાવેશ થાય એવી હું વિનંતી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના પ્રવચનમાં *(xxx) શબ્દ સરકારશ્રી માટે વપરાયો છે. સરકારશ્રી જે કંઇપણ કામ કે ડોક્યુમેન્ટેશન કરે છે, તે બહુ જવાબદારીપૂર્વક કરે છે. એટલે *(xxx) શબ્દને રેકર્ડમાંથી દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી : આ શબ્દ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે.

શ્રી પુર્ણેશ મોદી(સુરત -પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના શાસનવાળી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી ગુજરાત સરકારશ્રીનું સને ૨૦૨૪-૨૫નું અંદાજપત્ર (બજેટ) માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. આ બજેટ ગુજરાતની જનતાના ઉત્કર્ષનો ઐતિહાસિક દસ્તાવેજ છે. આ બજેટ ગામ, કિસાન, મજદૂર, દલિત, શોષિત, પીડિત, વંચિત, અનુસૂચિત જાતિ સમાજ, અનુસૂચિત જનજાતિ સમાજ, ઓ.બી.સી. સમાજ, યુવા, મહિલા અને સિનિયર સિટીઝન આ તમામના જીવનમાં બદલાવ લાવવા માટેનો ઐતિહાસિક દસ્તાવેજ છે. આ બજેટ આવનારા ૨૫ વર્ષમાં આઝાદીના અમૃતકાળથી શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ગુજરાતથી, વિકસિત ભારતનો પાયો

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નાખનાર સંકલ્પનો ઐતિહાસિક દસ્તાવેજ છે. આ બજેટ ગુજરાતની તમામ વ્યકિત એટલે કે તમામ વર્ગનો, ગુજરાતના તમામ વિસ્તાર એટલે કે તમામ જિલ્લાનો, ગુજરાતની તમામ વસતિ એટલે કે તમામ સમાજનો, લોકોની આર્થિક ઉન્નતિનો ઐતિહાસિક દસ્તાવેજ છે. આ બજેટ ગુજરાતના સતત અને અવિરતપણે વિકાસ માટે, કલ્યાણ રાજની સ્થાપના માટે, રામ રાજ્યની સ્થાપના માટે અને મજબૂત સુશાસનના ઉદ્દેશની પૂર્તિ માટેનો ઐતિહાસિક દસ્તાવેજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ સંવિધાનથી ચાલનારો દેશ છે. આપણો દેશ ભારતના બંધારણ અને કાયદાના અનુશાસનથી ચાલનારો દેશ છે. આપણું ગુજરાત રાજ્ય સંવિધાન, બંધારણ અને કાયદાના શાસનથી ચાલનારું રાજ્ય છે ત્યારે ગુજરાત સરકારનો તમામ વહીવટ કાયદાથી ચાલે છે અને કાયદાના પાલન માટે ન્યાયતંત્રના માધ્યમથી દરેકને કાયદા મુજબ ઝડપી, સરળ, સચોટ અને સુલભ ન્યાય મળે તે માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. ભારતના સંવિધાનમાં મૌલિક અધિકારોના પ્રતિક રૂપે મર્યાદા પૂરષોત્તમ ભગવાન શ્રી રામની તસવીર પ્રકાશિત છે. ભારતના સંવિધાનમાં તું કર્મ કર, તું કર્મ કર, તું કર્મ કર, ફલ કી ઈચ્છા મત કર. મહાભારતના યુદ્ધ વખતે અર્જુનને ભાગવત ગીતાનો ઉદ્દેશ આપતા ભગવાન શ્રી કૃષ્ણની તસવીર છે. ભારતના બંધારણમાં ભગવાન બુદ્ધની તસવીર પ્રકાશિત છે. ભારતના સંવિધાનમાં ભગવાન મહાવીર સ્વામીની તસવીર પ્રકાશિત છે. ભારતના સંવિધાનમાં નાલંદા વિશ્વ વિદ્યાલયની તસવીર પ્રકાશિત છે. ભારતના સંવિધાનમાં રાજાધિરાજ મહારાજા છત્રપતિ શિવાજી મહારાજની તસવીર પ્રકાશિત છે. ભારતના સંવિધાનમાં મહાન યોદ્ધા ગુરુ ગોવિંદસિંહની તસવીર પ્રકાશિત છે. આપણે બધા જ ભારતના સંવિધાનના માર્ગે આગળ વધીએ. આજે સમર્થ ભારત, સક્ષમ ભારત, ભવ્ય ભારત અને દિવ્ય ભારતના નિર્માણ અર્થે સંકલ્પબદ્ધ થવાનું આપણા સૌનું કર્તવ્ય છે. આ એ સંવિધાન છે કે જે આપણા દેશનો ચહેરો છે. આ એ સંવિધાન છે જે આપણા દેશનું રૂપ છે. આ એ સંવિધાન છે કે જે આપણા દેશનું ચરિત્ર છે. એટલે જયાં–જયાં ભા.જ.પ.નું શાસન છે ત્યાં કાયદાનું રાજ છે. લૉ એન્ડ ઓર્ડર જેટલું જ મહત્ત્વ લૉ એન્ડ જ્યુડિશિયરીનું છે. આ બંને એક સિક્કાની બે બાજુ છે. લો એન્ડ જયુડિશિયરીના માધ્યમથી રાજ્યમાં શાંતિ, સલામતી અને સુરક્ષાનું નિર્માણ થાય છે. શાંતિ, સલામતી અને સુરક્ષાના કારણે વેપાર, ઉદ્યોગ અને ધંધામાં ગ્રોસ ડૉમેસ્ટિક પ્રોડક્ટ (જી.ડી.પી.)માં વધારો થાય છે. ઈન્ડસ્ટ્રીઝ ઉદ્યોગના કારણે રોજગારીની વિપુલ તક મળે છે. વિપુલ રોજગારીના કારણે વ્યકિતની આવકમાં વધારો થાય છે. વ્યકિતની આવકમાં વધારો થવાના કારણે વ્યકિતની ખરીદશકિતમાં વધારો થાય છે. વ્યકિતની ખરીદશકિતમાં જયારે વધારો થાય ત્યારે અર્થતંત્રમાં તેજી આવે છે. આમ, અર્થતંત્રને તેજી આપવાનું કામ અને એ આખા ચક્રનું કામ સમર્થ ભારત, સક્ષમ ભારત, દિવ્ય ભારત અને ભવ્ય ભારતના રાષ્ટ્રના નિર્માણ માટે લો એન્ડ જ્યુડિશિયરી એ ખૂબ મહત્ત્વનું અંગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષો પહેલાંની વાત કરીએ તો કોર્ટમાં તારીખ પે તારીખ. આજે એ ન્યાયતંત્ર ઝડપી બન્યું છે. આ ઝડપી ન્યાયતંત્રના લીધે ઝડપી ચુકાદા આવવાને કારણે લોકોની આસ્થા વધી છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે ઈવનિંગ કોર્ટની પણ શરૂઆત કરવામાં આવી. સેશન્સ કોર્ટની વાત કરીએ તો બળાત્કારના કેસોમાં સરકારી વકીલ અને ન્યાયાધીશો પોતાની સંવેદનશીલતા બતાવે છે. આ સંવેદનશીલતા સુરત ખાતે સચીન જી.આઈ.ડી.સી.ના એક બનાવમાં જોવા મળી હતી. એ બનાવ બનેલો અને કોર્ટનો સમય ૬ વાગે પૂરો થઈ જતો હતો, પરંતુ ન્યાયાધીશે રાત્રે ૧૦ વાગ્યા સુધી કોર્ટ ચલાવી અને ન્યાયતંત્ર હંમેશા લોકો માટે સજાગ રહ્યું છે. આ વાતની પ્રતીતિ કરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સચોટ અને સરળ ન્યાય મળી રહે તે માટે ન્યાયાલયો તો બંધાવ્યા છે, પરંતુ વિક્ટિમ, કોમ્પન્સેશન પણ ભોગ બનનારને આપવામાં આવે છે. આમ હાઈકોર્ટ બંધારણની મર્યાદામાં રહીને ચુકાદા આપવામાં આવે છે. પોકસો અને બળાત્કારના કેસોની વાત કરીએ તો સુરતમાં વરાછા રોડ પર બહુ ચર્ચિત કેસ ગ્રીષ્મા. આ બનાવ બન્યો ત્યારે કેટલીક રાજકીય પાર્ટીએ રાજકીય રોટલા શેકવાનું કામ કર્યું. પ્રજાને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યું. પરંતુ એ અમારી સુરતની જ્યુડિશિયરી છે કે જેણે પોકસોમાં કેસ ચલાવીને ૭૦ દિવસમાં આરોપીને ફાંસીની સજા અપાવીને એક મહત્ત્વનું કદમ ઉઠાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ન્યાયતંત્રનું જે કામ છે તેને કરવા દો. વિપક્ષના મિત્રોને વિનંતી છે કે ન્યાયતંત્રને તેનું કામ કરવા દો. લોકોને ગુમરાહ ના કરો. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે ન્યાયાલયો એ ભારતના બંધારણના મૂલ્યોનું જતન કરતા મંદિરો છે. આઝાદીના અમૃતકાળમાં બંધારણના મૂલ્યોનું જતન કરવું. લોકશાહીનું સર્વોચ્ચ મંદિર આપણું પાર્લામેન્ટ ભવન. આ નવા પાર્લામેન્ટના ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે વિશ્વનેતા અને હિન્દુસ્તાનના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા નવા પાર્લામેન્ટ ભવનમાં સેંગોલ સ્વર્ણવાળા એક રાજદંડની સ્થાપના કરવામાં આવી. આ રાજદંડ સેંગોલનો ઈતિહાસ ૫૦૦૦ વર્ષ જૂનો છે. આ સેંગોલનો ઈતિહાસ ચૌલ સામ્રાજ્ય જોડે સંકળાયેલો છે. આ સેંગોલનો ઈતિહાસ એ ભારતની આઝાદી સાથે સંકળાયેલો વિષય છે. આ સેંગોલનો અર્થ થાય છે નીતિ પરાયણતા. તામિલમાં સેંગોલનો અર્થ છે ન્યાય. તેની સ્થાપના ન્યાયપૂર્ણ શાસનની અપેક્ષા. આજે એટલા માટે પ્રસ્તુત કરું છું કે બે દિવસ પહેલા, ગઈકાલે જ સંસદની અંદર વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૨૪. આ બન્ને દાયકાની તુલનાનું શ્વેતપત્ર બહાર પાડવામાં આવ્યું અને જે વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૨૪માં જે પ્રમાણે બ્લેક એન્ડ વ્હાઈટની વાત થઈ. કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં મોદી સાહેબની સરકારમાં વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ એક સુશાસન

પ્રસ્થાપિત થાય એ પ્રકારનો વહીવટ અને વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ વિશ્વમાં સૌથી ભ્રષ્ટમાં ભ્રષ્ટ કોંગ્રેસ સરકાર. એની પ્રતીતિ આ શ્વેતપત્રમાં આપણને જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં એસ.ટી. એસ.સી. એટ્રોસિટી કોર્ટ, પોકસો એકટ–૨૦૧૨ ના હેઠળ ફાસ્ટટ્રેક કોર્ટ. ગુજસીટોક એક્ટ–૨૦૧૫, ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટ, નેગોસિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળની કોર્ટ, સી.બી.આઇ. કોર્ટ, એન.ડી.પી.એસ. એકટ હેઠળની કોર્ટ, મની લોન્ડ્રિંગ એકટની કોર્ટ. અંદાજે ૬૫૦ જેટલી સ્પેશિયલ કોર્ટ એ ગુનાના ઝડપી નિકાલ માટે, નાગરિકોને ઝડપી ન્યાય મળે તે માટે, ઘર આંગણે ન્યાય મળે તે માટે, સરળ, સચોટ સુલભ અને ઝડપી ન્યાય મળે તે માટે, છેવાડાના માનવીને પણ ન્યાય મળે તે માટે, કોઇ છેવાડાનો માનવી ન્યાયથી વંચિત ન રહે તે માટે ભારતીય જનતા પાર્ટીના શાસનવાળી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગની કામગીરી નામદાર ગુજરાત હાઇકોર્ટ તથા સુપ્રીમકોર્ટમાં અસરકારક રીતે કેસો ચલાવવા માટે વકિલોની નિમણૂક કરવામાં આવે છે. કાયદા વિભાગની કામગીરી ન્યાયિક પ્રક્રિયા ઝડપથી ચાલે તે માટે જરૂરી મેનપાવરની વ્યવસ્થા કરવામાં આવે છે. કાયદા વિભાગની કામગીરી ન્યાય તંત્રમાં જરૂરી મૂળભૂત સુવિધા પૂરી પાડવાની રહે છે. કાયદા વિભાગની કામગીરી નામદાર ગુજરાત કોર્ટ અને હાઇકોર્ટના પરામર્શમાં રહી જુદા જુદા કાયદા હેઠળ સ્પેશિયલ કોર્ટની સ્થાપના કરવી એ આપણી કામગીરી રહી છે. પ્રોસિકયુશન એટલે કે કોઇ વિટનેસ, કોઇ પોલીસ અધિકારી માનો કે બીજા જિલ્લામાં ફરજ ઉપર હોય અને એની જુબાની સુરતની કોર્ટમાં હોય તો તેવા સંજોગોમાં એને કાગળ વાંચવા પડે, બે દિવસ પહેલાં એને કાગળ આપવા પડે અને એટલા માટે એ પરિસ્થિતિ નિવારવા માટે પ્રોસિકયુશન પણ આપણે કર્યું છે. સરકારી વકિલોની ઓફિસમાં એક કોમ્પ્યુટર અને એક સ્કેનર પણ આપવામાં આવ્યું છે જેને કારણે જે પોલિસ અધિકારીની જુબાની હોય એ પોલીસ અધિકારી કેસ ડાયરી, કેસના પેપરો સ્કેન કરી કોમ્પ્યુટર દ્વારા ઇ–મેલ મારફતે એને મોકલવામાં આવે છે અને એના કારણે એને પૂરતો સમય મળી રહે છે અને કોર્ટની કામગીરી ઝડપી બને છે. આ વર્ષે બજેટમાં ન્યાયતંત્ર, માળખાગત સુવિધા માટે બજેટના કોર્ટ બિલ્ડિંગ અને બાંધકામ તથા મરામત માટે રૂ.૨૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના રહેઠાણ માટેના મકાનો માટે રૂ.૧૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હાઇકોર્ટ, ઇ–કોર્ટ મીશન મોર પ્રોજેક્ટ અંતર્ગત રાજયની અદાલતોમાં તમામ સ્તરે કોમ્પ્યુટરાઇઝેશન અને ડિજિટલાઇઝેશન માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૮૦ નવી ફેમીલી કોર્ટની સ્થાપના એમાં જરૂરી મહેકમ ઊભું કરવા રૂ.૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતના વકિલોના કલ્યાણ માટે ગુજરાત બાર કાઉન્સિલને રૂ.૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ બાર કાઉન્સિલના ૩૦૦ થી વધુ વકિલોએ આ ગૃહની મુલાકાત લીધી છે. તમામ ટ્રિબ્યુનલને નવતર ટેકનોલોજી સભર વર્ચ્યુઅલ માધ્યમથી સુનાવણીની સુવિધા ઊભી કરવા માટે રૂ. ૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આમ, આ બજેટની અંદર આપણે જોઇ શકીએ છીએ કે સંપૂર્ણપણે નાના માણસ હોય, અનેક જિલ્લાની અંદર નવી કોર્ટો શરૂ કરવામાં આવી હોય, નવા બિલ્ડિંગોનું બાંધકામ કરવામાં આવ્યું હોય, પ્રત્યેક કોર્ટની અંદર વર્ચ્યુઅલ સિસ્ટમ ઊભી કરવામાં આવી હોય, કોર્ટની સુવિધામાં અનેક પ્રકારની સાધન સગવડ સવલતો ઊભી કરાવી શકયા હોઇએ જેને કારણે કામ કરવું ઝડપી બને, સરળ બને, ન્યાયાધીશો અને સરકારી વકિલો પણ ખૂબ મહત્ત્વની ભૂમિકા બજાવી રહ્યા ત્યારે એમને પણ અભિનંદન આપું કે આપણે ત્યાં આખા ભારત ભરમાં આટલો ઝડપી, આટલી સચોટ જે ફાસ્ટ ટ્રેક કોર્ટ પ્રત્યેકને ન્યાય મળી રહે એના માટે કામ કરી રહી છે, આપ જોઇ શકો છો છેલ્લા ત્રણ–ચાર વર્ષના ગાળામાં ત્રણ મહિનાની અંદર બળાત્કારના કેસના આરોપીને ફાંસીના માચડે સુધી લઇ જવા એ આપણી કોર્ટો, ન્યાયધીશ હોય કે સરકારી વકીલ એ સંવેદનશીલ બનીને પ્રજાની સાથે રહીને આ પ્રકારના ન્યાય આપતી હોય છે ત્યારે ગુજરાતનું ન્યાયતંત્ર ખૂબ અગ્રેસર છે અને એના કારણે સરકાર પણ કટિબદ્ધ છે કે તમામ પ્રકારની સુવિધા આપવી, જે પ્રમાણે વહીવટ હોય, જે પ્રમાણે મેનપાવર પૂરો પાડવાનો હોય, એને રહેણાંકની સુવિધા આપવાની હોય આ પ્રત્યેક સ્ટાફને, પ્રત્યેક ન્યાયાધીશને રહેવાની સુવીધા માટે પણ અનેક પ્રકારનો ખર્ચ ગુજરાત સરકાર કરે છે. કોઇપણ આક્રમક ગુનેગાર હોય એને ફાંસીના માચડે લઇ જવા માટે  ગુજરાત સરકાર પણ કટિબદ્ધ છે, અમારું ન્યાયતંત્ર પણ કટિબદ્ધ છે. જે પ્રમાણે વર્તમાન સરકારના આંકડાઓ સરખાવી જુઓ તો ભૂતકાળની સરખામણી અને આજની સરખામણીમાં ખૂબ જ ઝડપથી કેસોનું જે ઝીણવટભર્યુ અવલોકન થાય છે અને સંપૂર્ણપણે કેસોને આક્રમકતાથી લડવા માટે સરકારી વકિલો પણ સજ્જ હોય છે અને સાથેસાથે જે ગરીબ વ્યકિત હોય એને પણ કોર્ટની અંદર વકીલ ન મળતો હોય તો એને વકીલ રોકવાની ફી માફી પણ આપવાની, કાનૂની સલાહ પણ મફત આપવાની આ પ્રકારની તમામ સુવિધા આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર કામ કરે છે ત્યારે માત્ર એક જ નિવેદન છે કે ન્યાયતંત્રને ન્યાય તંત્રનું કામ કરવા દો, ભારતીય જનતા પાર્ટીની સરકાર જયાં જયાં પણ છે ત્યાં કાયદાના રાજથી, સંવિધાનના રાજથી બંધારણના રાજથી આગળ વધે છે ત્યારે આપણે સૌ આવનારા દિવસોમાં સક્ષમ ભારત, સમૃદ્ધ ભારત, દિવ્ય ભારત અને ભવ્ય ભારત બને એના માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિષે બોલતા પહેલા હું વિશ્વની બે મહાન વિભૂત્તિઓને યાદ કરવા માગુ છું. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ્ધ ડો. સર્વપલ્લી રાધાક્રિષ્ણને કહ્યું છે કે, Education gives us power, a life of joy and happiness. એ જ રીતે શાંતિદૂત અને દક્ષિણ આફ્રિકાના ગાંધી એવા ડો. નેશનલ મંડેલાએ પણ કહ્યું છે કે Education is the most powerful weapon by which we can change the world. ઉત્તમ શિક્ષણના મૂળમાં ઉત્તમ શિક્ષણનું કાર્ય છે. આજે ગુજરાતમાં ઉત્તમ શિક્ષણનું કાર્યના મૂળમાં જો કોઇ હોય તો ભાજપ સરકાર છે. આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ પોતાના વિચારો વ્યક્તા કરતા એવું કહ્યું છે કે, માહિતીનો કદાચ લાકડી તરીકે ઉપયોગ થઇ શકે. કદાચ તમારો રસ્તો પણ ક્રોસ કરાવી શકે પણ જો તમે અંધારામાં હોય અને રસ્તો શોધવા જતા હોય તો ફક્ત જ્ઞાન જ એનો રસ્તો બતાવી શકે છે. આજનો વિદ્યાર્થી એ આવતી કાલના ભારત દેશનું ભવિષ્ય છે. આ વિદ્યાર્થીઓને તમામ પ્રકારની વ્યવસ્થાઓ પૂરી પાડવી એ ભાજપની સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની નેમ છે. કોંગ્રેસના સમયમાં શાળા હોય તો ઓરડા ના હોય, ઓરડા હોય તો છત ના હોય અને છત હોય તો શિક્ષકો ના હોય અને શિક્ષકો હોય તો ઝાડના છાંયડામાં બાળકોને ભણાવવામાં આવતાં હતાં આવી પરિસ્થિતિ હતી. જ્યારે ભાજપની સરકારમાં મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ હેઠળ સરકારી અને ગ્રાન્ટ ઇન શાળાઓ મળીને કુલ ૪૦,૦૦૦ શાળાઓને અપગ્રેડ કરવામાં આવી છે. તે ઉપરાંત ૬૫,૦૦૦થી વધુ સ્માર્ટ ક્લાસ બની ગયા છે. ૬,૦૦૦થી વધુ કમ્પ્યુટર લેબ બની ગઇ છે અને હજી બનવાની છે. આ પ્રોજેક્ટ દેશનો સૌથી મોટો સ્કૂલ ટ્રાન્સર્ફોમેશન પ્રોજેક્ટ તરીકે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા લોંચ કરવામાં આવ્યો હતો. આઝાદીના અમૃતકાળમાં વિકસિત રાષ્ટ્ર તરીકે આગળ વધવાના ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં શિક્ષકોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. ગુજરાતના શિક્ષકો ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને જ્ઞાન આપે છે. એક જૂની કહેવત યાદ આવે છે જે કોંગ્રેસના સમયની શિક્ષણની નીતિની યાદ અપાવે છે. ‘‘સોટી વાગે સમ સમ અને વિદ્યા આવે રમ ઝમ’’ એ જમાનમાં બાળકોને સમજ ના પડે તો સોટી વાગતી અને સમજણ આપતા પણ એ બાળક શીખવાના બદલે ઉલ્ટું વધુ જડ બનતો હતો. આવું એક ઉદાહરણ રાષ્ટ્રના પક્ષમાં પણ જોવા મળે છે. એક રાષ્ટ્રના પક્ષમાં એક બાળક છે એ બાળકને અપલિફ્ટ કરવા, સ્ટાર્ટઅપ કરવા બહુ વર્ષોથી ઘણા ગુરુઓ પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે મારે કહેવું છે કે –

**‘‘જીસ કો નહીં બોધ વો ગુરુ જ્ઞાન ક્યા કરે**

**બંદા ના કરે ભજન તો ભગવાન ભી ક્યા કરે’’**

આ સોટી–સમ સમ અને ઝમ ઝમ નો યુગ નીકળી ગયો છે. ભાજપની સરકારમાં સ્કૂલ ડિજિટલાઇઝેશન સાથે ટિચિંગ ટેકનીક, સ્ટાઇલ્સમાં પણ નવી દિશા મળી છે. ટિચર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ ચાલુ કરવામાં આવ્યાં છે. શિક્ષકો ફાઇવ–જીના ટ્રેક ઉપર ચાલી નીકળ્યા છે. એન.ઇ.પી. ૨૦૨૦ની ભલામણથી દિક્ષા પ્લેટફોર્મ પર ટિચર્સને ટ્રેનિંગ આપવામાં આવે છે. પાછલા બે દસકામાં ગુજરાતમાં શિક્ષણની દિશામાં જે પરિવર્તન આવ્યું છે એ અભૂતપૂર્વ છે. બે દસક પહેલા એ હાલત હતી કે ૧૦૦માંથી ૨૦ બાળકો શાળામાં જતાં ન હતાં. એટલે કે પાંચમો ભાગ શિક્ષાથી વંચિત રહી જતો હતો. પહેલાં બાળકો ૮માં ધોરણમાં જાય ત્યારે શાળા છોડી જતા હતા. પરંતુ આજે શહેરથી લઇને ગ્રામ્ય વિસ્તારમાં દરેક બાળકો શિક્ષણ લઇ રહ્યાં છે.આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રી હતા એટલે કે ૨૨ વર્ષ પહેલાની વાત છે અને જે આદિવાસી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ હતો ત્યાં એ પહેલીવાર એ ગામમાં ગયા હતા અને જે દીકરીઓને શાળામાં લઇ જઇને પ્રવેશ કરાવ્યો હતો એ દીકરીઓને એ ૨૨ વર્ષ પછી જયારે મળ્યા ત્યારે ખૂબ ભાવવિભોર થઇ ગયા હતા. એમના માતાપિતાને પણ મળ્યા. આજે એ દીકરીઓ પોતાના પગ ઉપર ઊભી છે. આ છે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના એક વિચારની અસર. આવા ઉચ્ચ વિચારોથી દુનિયાના અનેક દેશો પ્રભાવિત થયા છે. વર્ષ ૨૦૧૯ના એક ન્યૂઝ પેપરમાં વોશિંગ્ટન પોસ્ટમાં ઉલ્લેખ કર્યો હતો. This is Modi's India now. એથી પણ વધારે Wallstreet Journal માં પણ લખાયું હતું India's Modi win with a strong mandate. હવે આવ્યું છે વર્ષ ૨૦૨૪. શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની વિરાટ ચાહના એ આપણે લોકસભામાં પણ એક વિપક્ષના નેતા એમની અભિવાદન સ્પીચમાં બોલ્યા હતા. એમણે કબૂલ પણ કર્યું છે કે અબ કી બાર ૪૦૦ પાર " ઝમીર ઝીંદા રખ, કબીર ઝીંદા રખ, સુલતાન ભી બન જાયે તો દિલ મેં ફકીર ઝીંદા રખ." આ આપણા દેશના વડાપ્રધાનનું વ્યક્તિત્વ છે. ૨૧મી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. જેમાં જીવનના દરેક ક્ષેત્રમાં આઇ.ટી. અને સંલગ્ન ટેકનિકો મહત્ત્વનો ભાગ ભજવી રહી છે. વધુમાં ઉચ્ચકક્ષાની નવી રોજગારીની તકો માટે વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ જરૂરી છે. વિજ્ઞાન પ્રવાહના અભ્યાસક્રમોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સરકારે નમો સરસ્વતિ યોજનાની જાહેરાત કરી છે. હું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. આ યોજના અંતર્ગત જે

વિદ્યાર્થીઓ ધોરણ-૧૧માં રૂ. ૧૦૦૦૦ અને ધોરણ-૧૨માં રૂ.૧૫૦૦૦ કુલ મળીને રૂ.૨૫૦૦૦ની સહાય આ બાળકોને મળવાની છે. આ યોજનાના આગામી પાંચ વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે વાર્ષિક ૨,૦૦,૦૦૦થી વધીને ૫,૦૦,૦૦૦ની ધારણા છે. પ્રવેશોત્સવની સાથેસાથે ગુણોત્સવની પણ શરૂઆત કરવામાં આવી હતી. ગુણોત્સવનું એડવાન્સ ટેકનોલોજી બેઝડ વર્ઝન એટલે વિદ્યા સમીક્ષા કેન્દ્ર અને એ રૂપમાં ખૂબ સારી રીતે આ સમીક્ષા કેન્દ્ર કામ કરી રહ્યું છે. આ સમીક્ષા કેન્દ્રને જોવા દેશભરના રાજયના શિક્ષણ મંત્રી આવ્યા હતા. અલગ અલગ રાજયનું ડેલીગેશન પણ આવ્યુ. કલાકો એનું અધ્યયન કરીને પોતાના  રાજયમાં આ મોડલ લાગુ કરવા એ લોકોએ શરૂઆત કરી છે. સમીક્ષા કેન્દ્રો દ્વારા પળપળની જાણકારી લેવા માટેની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. શિક્ષણનું આકલન, એની હાજરી, ક્વોલિટી ઓફ એજ્યુકેશન વગેરે શિક્ષા સમીક્ષા કેન્દ્રથી આપણે જાણી શકીએ છીએ. ઘણીબધી વ્યવસ્થા ગુજરાતના શિક્ષણમાં કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૨ અને વર્ષ ૨૦૨૩ની જો તુલના કરવામાં આવે તો આપણી યુનિવર્સિટીની સંખ્યા ૧૪ હતી એ ૧૦૩ થઇ ગઇ છે. કોલેજની સંખ્યા ૬૮૫ હતી એ ૨૦૪૮ થઇ ગઇ. પોલીટેકનીકની સંખ્યા ૩૧ હતી એ વધીને ૧૪૪ થઇ ગઇ. એવી જ રીતે મેડિકલની બેઠકો પણ ૧૩૭૫ હતી એ વધીને ૫૭૦૦ થઇ ગઇ. આ વૃદ્ધિ એકદમ નથી થઇ પરંતુ શિક્ષણની સુવિધાથી અંત્યોદય નાગરિક વંચિત ન રહે એની સરકાર ચિંતા કરે છે. આમાંથી ઘણા વિપક્ષના સાથીદારો વિધાનસભામાં બેઠા નથી. અમારી સરકાર ગતિશીલ છે, પ્રગતિશીલ છે અને સામે વિપક્ષની ગતિ ખૂબ ધીમી પડી ગઇ છે. એક ડરનો માહોલ છે એવું લાગી રહ્યું છે. ત્યારે મારે કહેવું છે. ગબ્બર સે જયાદા બી.જે.પી. કા ડર હૈ, ચાર ચાર કોસ તક જબ કોઇ ચુનાવ હોતા હૈ તો સભી પાર્ટીયા કહેતી હૈ મિલકર ચુનાવ લડો વર્ના બી.જે.પી. જીત જાયેગી. નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે શિક્ષણ વિભાગનું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા(મોરબી):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારનો આભાર માનું છું કે, અમને મહાનગરપાલિકા આપી અને ખેતીવાડી ખાતાના મંત્રીશ્રી રાઘવજીભાઇએ કૃષિ વિશ્વવિદ્યાલય આપ્યું તેમનો પણ આભાર માનું છું. મારે મીઠા ઉદ્યોગ વિશે વાત કરવાની છે. વર્ષ ૧૯૯૦ના વર્ષમાં હું તાલુકા પંચાયતમાં પહેલીવાર ચૂંટણી લડ્યો. તે વખતે ગુજરાતમાં કોંગ્રેસની ટેકાવાળી સરકાર હતી અને શ્રી ચિમનભાઇ પટેલ મુખ્યમંત્રી હતા. તે વખતે મીઠાના અગરિયાને એક ખંપારી અને એક બુટ દેવા માટે કાર્યક્રમ ગોઠવતા હતા. આ દેશના વડાપ્રધાન જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૩ના વર્ષમાં મીઠાના અગરિયાઓ માટે લગભગ દસેક હજાર અગરિયાઓને બોલાવી તેમના પ્રશ્નો હલ કરવા માટેનો એક આખો પાયલોટ પ્રોજેક્ટ કર્યો હતો. અત્યારે મીઠા ઉદ્યોગની વાત કરું તો મીઠું ખાવામાં કામ આવે, મીઠું પાવડરમાં કામ આવે, મીઠું કેમિકલમાં પણ કામ આવે તથા મીઠું ટાઇલ્સ ઉદ્યોગમાં પણ કામ આવે છે. આખા વિશ્વમાં ભારત મીઠાના ઉત્પાદનમાં ત્રીજા નંબરે છે. તેમાં પણ આખા ભારતમાં ગુજરાતમાં મીઠાનું ઉત્પાદન ૭૦ ટકા છે. મને કહેતાં આનંદ થાય છે કે, મીઠાના અગરિયાઓ માટે શિક્ષણની નીતિ છે તેમાં સરકારે ખૂબ જ સહકાર આપ્યો છે. આશરે ૧૪૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. ૪૨ જેટલી ફરતી સ્કૂલો છે તેના માટે બસોની પણ વ્યવસ્થા કરી છે. જયારે જયારે મીઠાના અગરિયાઓને તકલીફ પડી હોય અને મને યાદ છે કે, આજથી છ મહિના પહેલાં મીઠાના અગરિયાઓને તકલીફ હતી ત્યારે આપણા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય મુળુભાઇએ સાથે બેસી તેઓના પ્રશ્ન હલ કર્યા હતા. મીઠાના અગરિયાઓને વધારે આવક મળે તેના માટે આ સરકાર કટિબદ્ધ છે તે સો ટકાની વાત છે. સાથોસાથ આખા વિશ્વમાં ૫૫ દેશમાં આપણું મીઠું જાય છે. તે મીઠું ઉત્પાદન કરે છે તેમાં પાટડીની માળીયા સુધીની એક કેનાલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સભ્યશ્રીઓ તળાવની વાત કરતા હતા. માનનીય કુંવરજીભાઇનો હું આભાર માનું છું કે, મીઠાના અગરમાં મીઠું પાણી જાય તો દૂધમાં જેમ એક ટીંપુ છાશ પડે અને દૂધ બગડી જાય તેમ આ મીઠાના અગર બગડી જતા હોય છે અને મીઠાના અગરિયાઓને તકલીફ પડતી હતી. એટલે આ વધારાનું મીઠું પાણી મીઠાના અગરમાં ન જાય તેના માટે તળાવ ભરવાની યોજના લાવ્યા. મોરબી-માળીયા તાલુકો છેલ્લે છે. તેમાં રૂ.૧૪૫ કરોડ રૂપિયા તળાવો ભરવા માટે ફાળવ્યાં છે. આ તળાવો ભરાવવાથી મીઠાના અગર બગડે નહીં. આવી યોજના મંજૂર કરી દીધી છે અને તેના પ્લાન એસ્ટીમેટ માટે એજન્સી પણ નક્કી થઇ ગઇ છે. તેવી જ રીતે નર્મદાની કેનાલ છે તેમાં આશરે દસેક કિલોમિટર દૂર દરિયો આવે છે. તેમાં પણ આજથી એક વર્ષ પહેલાં અમે કેનાલની મુલાકાત લીધી હતી. ત્યારે કેનાલમાં કોઇએ પાઇપ નાખેલી હોય, બકનળી નાખેલી હોય અને તે પાણી મીઠાના અગરમાં આવતું હતું તેના માટે સરકારે નક્કી કર્યું આ બધી પ્રવૃત્તિ બંધ કરીને આજુબાજુના તળાવો મીઠા પાણીથી ભરી દેવાં. હું શ્રી કુંવરજીભાઇનો આભાર માનીશ કે આજથી છ મહિના પહેલાં અમે વવાણીયા ખાતે કાર્યક્રમ રાખ્યો હતો ત્યારે આ જે મીઠાના અગરિયાઓ માટે પાણીની પાઇપ નાખવાનો નિર્ણય કર્યો હતો. અમારે ત્યાં બગસરા જેટી મંજૂર કરી છે.  ટૂંક સમયમાં અમારું તે કામ ચાલુ થશે. અમારે ત્યાં નવલખી જેટી મીઠા માટે હતી. ત્યાં અત્યારે કોલસો ઉતરે છે. ત્યારે અમારા મીઠાના ઉત્પાદકોને ગાંધીધામ કે મુન્દ્રા બંદરે મીઠું લઇને જવું પડે છે. તેના માટે બગસરા ખાતે આ સરકારે જેટી મંજૂરી કરી છે તો તેમનો આભાર માનું છું. મીઠાનું ઉત્પાદન તો કરીએ છીએ પણ આ દેશના વડાપ્રધાન મુરબ્બી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વર્ષ ૨૦૦૩માં જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે કહ્યું હતું કે, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. વ્હાઇટ રણ, વિચાર

તો કરો. અમારા સામે વડીલો છે તેમને વિચાર ન આવ્યો. વ્હાઇટ રણને આખી દુનિયામાં પ્રસિદ્ધ કરી દીધું. મહાન કલાકાર અમિતાભ બચ્ચન બોલ્યા છે કે, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. લોકો આ વ્હાઇટ રણ જોવા આવે છે. મીઠાનું ઉત્પાદન તો આપણે કરીએ છીએ પણ મીઠાના વ્હાઇટ રણમાં લાખો માણસો, ટુરિસ્ટો આવે છે તેવી યોજના બનાવી છે. મને કહેતાં આનંદ થાય છે કે, આપણું મીઠું છે તે ૫૫ દેશોમાં જાય છે અને હજી વધારે ઉત્પાદન થઇ શકે તેમ છે. માનનીય ભૂપેન્દ્રભાઇ સાથે થોડાક સમય પહેલાં અમે બેઠા હતા ત્યારે એમણે નક્કી કર્યું કે, જેટીની સુવિધા આપવી. ઉદ્યોગોમાં મીઠું કેમ વધારે વપરાય તેની સુવિધા કરી. મારી રજૂઆત હતી કે મોરબી–માળીયા તાલુકામાં કેમિકલ ઝોન આવે તો આ મીઠું ત્યાં વપરાય અને મોટા પ્રમાણમાં કેમિકલનનું ઉત્પાદન થઇ શકે. અત્યારે મીઠાની જે વાત કરી એમાં ખૂબ જ રોજીરોટી મળે છે અને ખૂબ જ સારા ભાવ મળે છે. જેમ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી અને શ્રી નરેન્દ્રભાઇની સરકાર આવ્યા પછી વર્ષ નબળા નથી થતાં તેમ મીઠાવાળા પણ અત્યારે બહુ સારી રીતે કમાય છે. ૧ રૂપિયો રોકી અને ૩ રૂપિયા મીઠાવાળા કમાય છે એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ શક્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મીઠા ઉદ્યોગમાં જે કામ કરે છે એની તમે વર્ષો પહેલાં જો પોઝિશન જોઇ હોય તો તમને ખ્યાલ હશે કે ત્યારની સ્થિતિમાં અને અત્યારની સ્થિતમાં ખૂબ જ ફરક આવ્યો છે. મીઠાના ઉદ્યોગમાં કામ કરતાં હોય એ ૮ મહિના રણમાં કામ કરતાં હોય છે તો ત્યાં એને પાણી પણ આપણી સરકાર ટેન્કરથી પહોંચાડે છે, વિદ્યાર્થીને ભણવાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે અને એમને જે પણ જરૂરિયાત હોય એ જરૂરિયાત આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વર્ષોથી પૂરી પાડે છે. અગાઉની સરકાર અમે જોઇ છે, ચાર દાયકાથી રાજકારણમાં છું ત્યારે મેં જોયું છે કે, છેલ્લા બે દાયકાથી જે વિકાસ થયો છે એને કારણે નાનામાં નાના માણસને કામ મળે છે અને એનો પણ વિકાસ થયો છે. આજે માનનીય કનુભાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપુ છું.

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહમાં ગુજરાત રાજયની સહકારી ક્ષેત્રની વાત મૂકવા ઊભો થયો છું. દેશના લોકપ્રિય પ્રધાન મંત્રી મોદી સાહેબે પ્રથમવાર કેન્દ્ર સરકારમાં સહકાર મંત્રાલયની રચના કરી અને મંત્રી તરીકે આપણા ગુજરાતના પનોતા પુત્ર અમિતભાઇ શાહ સાહેબને મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સહકારી ક્ષેત્રની વાત કરીએ તો આપણું રાજય સરકારનું બજેટ લગભગ રૂ.૩.૩૨ લાખ કરોડ છે. સહકરી ક્ષેત્રની વાત કરીએ તો સહકારી ક્ષેત્રે ૧૮ જેટલી ડિસ્ટ્રિક્ટ સહકરી બેન્ક, ૨૪૨ અર્બન બેન્ક, ૨૨૪ એ.પી.એમ.સી. માર્કેટ, જિલ્લા સહકારી સંઘ, જિલ્લા ખરીદ સંઘ, દૂધ મંડળી, સેવા મંડળી એ બધાનું મળીને લગભગ સરકારના બજેટ જેટલું જ સહકારનું બજેટ છે અને ગુજરાતમાં રોજી–રોટી આપવાનું જો કોઇ મોટું કામ કરતું હોય તો એ સહકારી ક્ષેત્ર છે અને રોજી રોટીમાં એનું મહત્ત્વનું યોગદાન છે. આપણે સવારે જ્યારે આપણા દિવસની શરૂઆત ચા થી કરીએ છીએ ત્યારે દિવસના શરૂઆત સહકારી ક્ષેત્રના યોગદાનથી જ થાય છે. કેમ કે, આપણને ચા માટેનું દૂધ અને ખાંડ પૂરી પાડવાની કામગીરી કોઇ કરતું હોય તો તે સહકારી ક્ષેત્ર છે. રાજયમાં આજે ૧૫ કારખાના સહકારી ક્ષેત્રના અને ૨ ખાનગી ક્ષેત્રના કાર્યરત છે જેનું ટર્નઓવર રૂપિયા રૂ.૪૦૦૦ કરોડથી વધુ છે. ગુજરાતનું સહકારી ક્ષેત્ર એ ૧૦૦ વર્ષથી પણ જૂનું છે પરંતુ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી આવી ત્યારથી સહકારી ક્ષેત્રને વેગવંતુ બનાવવાના ભરપૂર પ્રયાસો કર્યા છે. ગુજરાતમાં આજે ૩૬૦૦૦થી વધુ વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ આવેલી છે. ગુજરાતનું સહકારી ક્ષેત્ર અલગ અલગ ભાગોમાં વેંચાયેલું છે જેની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવે તો કદાચ સન્માનનીય ગૃહનો બજેટ સત્રનો સંપૂર્ણ સમય પણ ઓછો પડે તેમ છે. ગુજરાતમાં સહકારી ક્ષેત્રની શરૂઆત ભારતમાં વર્ષ ૧૯૦૪માં કરવામાં આવેલ જે ધિરાણ સહકારી મંડળીઓના કાયદાથી થયેલી છે અને આજે ગામમાં ખેડૂતોની ખેતી, ખેતી માટે પાક ધિરાણ, ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, વિવિધ પ્રકારના ઓજારો વગેરેની જરૂરિયાત માટે એક માત્ર સ્ટોર એટલે ગામની સહકારી મંડળીઓ. રાજયમાં આજે ૧૦,૦૦૦થી વધુ સેવા સહકારી મંડળીઓ આવેલી છે. આ સેવા સહકારી મંડળીઓને મજબૂત કરવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આપણા માનનીય વડા પ્રધાન અને તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતમાં હતા ત્યારે સહકારી ધિરાણ માળખા સંબંધિત કાયદામાં સુધારો લાવીને ધિરાણ ક્ષેત્રને વધુ મજબૂત કરવાનું મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, આવી સહકરી મંડળીઓને જંત્રીના ૧૦ ટકાના ભાવે જમીન મળી રહે તેવી જોગવાઇઓ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને આ જમીન ઉપર ગોડાઉન બનાવવા માટે ૭૩ ટકા સબસિડીની પણ યોજના અમલમાં મૂકી છે ત્યારે આજે તમે નાનામાં નાનાં ગામડામાં જાવ તો ત્યાં સહકારી મંડળી એક માત્ર એવું સ્થળ ગામમાં મળી રહે કે જેનું લોકોની સેવામાં મહત્ત્વપૂર્ણ સ્થાન હોય. આજે મને એ વાતની ખુશી છે કે, રાજયમાં ઘણા એવા ગામો છે કે જે ખૂબ જ અંતરિયાળ હોવા છતાં અને એ ગામો સુધી સંપર્ક કરવો પણ મુશ્કેલ પડી શકે તેમ હોવા છતાં ત્યાં સહકારી મંડળીઓમાં ગામમાં જરૂરી સ્ટોરેજ ક્ષમતા ઊભી કરવા મજબૂત ગોડાઉન વગેરે બનેલા હોય છે એ જોઇને મારું મને હર્ષની લાગણી અનુભવે છે. રાજયના સહકારી ધિરાણ માળખા સાથે જોડાયેલી ૧૮ મધ્યસ્થ બેન્કોમાં આજે અંદાજિત રૂપિયા ૩૪,૪૪૬ કરોડથી પણ વધુ ડિપોઝિટો આવેલી છે જે રાજયની સહકારી સંસ્થાઓ પરની વિશ્વસનીયતા દર્શાવે છે. જયારે સહકાર ક્ષેત્રની વાત આવે અમૂલની વાત ગુજરાતની નહીં, ભારતની નહીં પણ આખા વિશ્વમાં ચર્ચાના સ્થાને રહી છે. તમે બનાસકાંઠા જાવ ત્યારે વર્ષો પહેલાંનુ બનાસકાંઠા અને આજના બનાસકાંઠામાં જમીન આસમાનનો તફાવત જોવા મળે છે. આ તફાવત એ બનાસકાંઠાની સહકારી કામગીરીને કારણે

થયો છે. બનાસ ડેરી જે સમયે દૂધ એકત્રિત કરવામાં આંકડામાં દરેક વિગતો જોતાં આપણે તેને ધ્યાનમાં પણ લેતા ન હતા પરંતુ આજે અમુક દિવસોથી પ્રતિદિન ૮૦ લાખ લીટર જેટલુ દૂધ એકત્રિત કરી અને નવુ કીર્તિમાન સ્થાપિત કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કોઇ મલ્ટીનેશનલ કંપનીઓ આખા ગુજરાતમાં આવે ત્યારે આપણે હર્ષ સાથે ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને એમ કહેવાય છે કે તેનાથી આપણને ખૂબ મોટી રોજગારીની તકો મળશે. પરંતુ હું આજે ગૃહમાં દ્રઢતાપૂર્વક કહુ છું કે રાજયનું સહકારી માળખું જેટલી રોજગારી આપી શકે એટલી કદાચ મોટામાં મોટી કંપની પણ ના આપી શકે આ વાત હું એટલા માટે મૂકું છું કે, ગામડાંની રોજગારીની સ્થિતિ જોઇએ તો ભાઇઓ તો પોતાના વ્યવસાયમાં રોકાયેલા હોય છે પરંતુ ગામડાંની મારી બહેનો પશુપાલન અને દૂધના વ્યવસાયથી પોતાનું ઘર ચલાવવા સક્ષમ બની છે. રાજયમાં ૧૬ હજારથી પણ વધુ દૂધ સહકારી મંડળીઓ આવેલી છે અને આજે તેઓની સર્વોચ્ચ સંસ્થા જીસીએમએફનું ટર્ન ઓવર પણ રૂ.૬૨ હજાર કરોડથી વધુનું છે અને આ બધુ સહકારી ક્ષેત્રનું યોગદાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરતની વાત કરું, અમદાવાદની વાત કરું કે રાજકોટની વાત કરું કોઇ પણ મોટાં શહેરમાં જો આપ સડક માર્ગે મુસાફરી કરશો તો આપના ધ્યાનમાં આવશે કે રાજયના ખૂણે ખૂણે સહકારી નાગરિક બેન્કો સ્થપાયેલી છે. હાલના સમયમાં નાગરિક બેન્કોને વધુ મજબૂત બનાવવામાં આવે અને રાજયમાં સામાન્ય વ્યકિતને જયારે જરૂરિયાત હોય ત્યારે ક્રેડિટ સહકારી મંડળી આપણું સૌથી પહેલું મહત્ત્વનું સ્થાન હોય છે કે જેના સુખ–દુઃખમાં ધિરાણ પૂરું પાડે છે. આપણને અને આ સન્માનીય ગૃહને વાત જાણીને નવાઇ લાગશે કે બાળકો પણ સહકારી મંડળી સાથે જોડાયેલાં છે. સાબરકાંઠામાં બાલ–ગોપાલ બચત સહકારી મંડળી સ્થપાઇ અને આજે સારી રીતે કાર્યરત પણ છે. વર્ષ–૨૦૦૯માં બનેલી આ બેન્ક બાળ બેન્ક તરીકે પણ જાણીતી છે. તેમાં ૧ દિવસના બાળકથી લઇ અને ૧૮ વર્ષ સુધીના સભ્યો થઇ શકે છે જયારે એ બેન્કોમાંથી નજીવા દરે લોન સુવિધા, બાળ સમૃદ્ધિ ડિપોઝિટ જેવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૨૧૦થી વધુ નાગરિક બેન્કો આવેલી છે જેમાં સભાસદોની ૭૬૯૦૨ કરોડથી વધુની ડિપોઝિટ મૂકવામાં આવેલ છે. ગુજરાતના ખેડૂતો જયારે પણ પોતાનો પાક વેચાણ કરવા માગતા હોય ત્યારે એ પાક ફકત અને ફકત,

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપૂર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એવુ કહેતા હતા કે સાચું ભારત ગામડાંઓમાં વસે છે પરંતુ આ બજેટમાં ગામડાંઓની, ખેડૂતોની ખૂબ અવગણના કરવામાં આવી છે. રૂપિયા ૩,૩૨,૪૬૫ કરોડના આ બજેટમાંથી ગ્રામ વિકાસ વિભાગને માત્ર ૧૨૧૩૮ કરોડ રૂપિયા જેટલી જ રકમ ફાળવવામાં આવી છે જે ટોટલ બજેટના ૨.૯ ટકા થાય છે. જયારે શહેરી વિકાસ વિભાગને ૨૧,૬૯૬ કરોડ રૂપિયા જેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે જે ટોટલ બજેટના ૬.૩ ટકા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ગ્રામ વિકાસ વિભાગને બજેટ ફાળવવામાં આવ્યું તેના કરતા શહેરી વિકાસ વિભાગને ડબલ કરતા પણ વધુ બજેટ ફાળવવામાં આવ્યું છે જેના કારણે ગામડાંઓ દિન–પ્રતિદિન ભાંગી રહ્યાં છે અને શહેરોમાં ઝૂંપડપટ્ટી અને મજૂરોનું પ્રમાણ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સરખામણીએ જો અન્ય રાજયોની વાત કરીએ તો ગત વર્ષે મણીપૂર જેવા રાજયમાં ટોટલ બજેટના ૧૬ ટકા, ઝારખંડમાં ૧૩.૬ ટકા અને બિહાર જેવા પછાત રાજયમાં ગ્રામ વિકાસ વિભાગને ૧૦.૬ ટકાનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. ગ્રામ વિકાસ વિભાગની નેશનલ એવરેજ રેશિયાની વાત કરીએ તો દરેક રાજય પોતાનું ૫ ટકા જેટલુ બજેટ ગ્રામ વિકાસ વિભાગને ફાળવતું હોય જયારે ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષથી માત્ર ૨.૯ ટકા જેટલું બજેટ જ ગ્રામ વિકાસ વિભાગને દર વર્ષે ફાળવવામાં આવે છે. એવી જ રીતે જો કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની વાત કરું તો ગુજરાતની સરખામણીએ અન્ય રાજયોમાં કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં પણ ખૂબ વધુ બજેટ ફાળવવામાં આવે છે. ગત વર્ષે છત્તીસગઢમાં ૧૬.૪ ટકા બજેટ, તેલંગણામાં ૧૧.૭ ટકા બજેટ ગુજરાતની સરખામણીએ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને ફાળવવામાં આવ્યુ હતું. હું ગર્વ સાથે કહીશ કે જ્યાં આમ આદમી પાર્ટીની સરકાર છે એવા પંજાબ રાજયમાં ગત વર્ષે કુલ બજેટના ૧૦.૨ ટકા બજેટ કૃષિ વિભાગને ફાળવવામાં આવ્યું હતું. દર વર્ષે બજેટમાં ગામડાંઓ અને ખેડૂતોને અન્યાય થતો આવ્યો છે અને એ સિલસિલો આ બજેટમાં પણ યથાવત રહ્યો છે. દુ:ખની વાત એ છે કે ૧૮૨ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓમાંથી ૧૩૯ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓ ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા હોય ત્યારે દર વર્ષે આ વિધાનસભા ગૃહમાં ખેડૂતોને અને ગામડાંઓને અન્યાય થતો આવ્યો છે. હું જ્યાંથી ચૂંટાઇને આવું છું એ ગ્રામ્ય વિસ્તાર છે એટલા માટે હું આ બજેટને ગામડાઓ અને ખેડૂત વિરોધી ગણાવું છું. વર્ષ ૨૦૨૨–૨૩ના આંકડાઓ જોતાં બહુ દુ:ખ થાય કે ગ્રામ વિકાસ વિભાગને બજેટની ફાળવણી પણ ઓછી કરવામાં આવી હતી અને એમાં પણ ૧૪ ટકા જેટલી રકમ વણવપરાયેલી પડી રહે એટલે કે લગભગ રૂ.૧૮૬ કરોડ ખર્ચ કર્યા વિનાના પડ્યા રહ્યા હતા. એવી જ રીતે વર્ષ ૨૦૨૨–૨૩ના આંકડાઓ જોઇએ તો એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. અને લઘુમતી કલ્યાણ માટે જે રૂ.૫૪૨૨ કરોડની ફાળવણી કરવામાં આવી હતી એમાં પણ રૂ.૩૬૯ કરોડ વણવપરાયેલ પડ્યા રહ્યા હતા. છેલ્લા પાંચ વર્ષના બજેટ ઉપર નજર નાંખીએ તો વર્ષ ૨૦૧૫–૧૬થી વર્ષ

૨૦૨૧–૨૨ વચ્ચે કેપિટલ આઉટ લૅ ઉપર ૧૪ ટકા જેટલું અન્ડર સ્પેન્ડિંગ થાય છે. આ બજેટમાં આરોગ્ય વિભાગનું બજેટ વધારવામાં આવ્યું છે એવી વાત કરવામાં આવે છે પણ ગત વર્ષના રિવાઇઝ બજેટના આંકડા જોઇએ તો કુલ બજેટનું ૬.૬ ટકા બજેટ આરોગ્ય વિભાગ પાછળ ખર્ચાયું હતું. જ્યારે આ બજેટમાં માત્ર ૬.૫ ટકા બજેટ આરોગ્ય વિભાગને ફાળવવામાં આવ્યું છે. અમુક વિભાગોને ઓછું બજેટ ફાળવવામાં આવે છે અને ઓછી ફાળવણી હોય છતાં પણ એ વિભાગનું બજેટ વણવપરાયેલું પડ્યું રહે છે. આવું શા કારણે થઇ રહ્યું છે એ સમજાતું નથી. ખેડૂતની વાત હોય, ઓ.બી.સી./એસ.સી./એસ.ટી./લઘુમતીની વાત હોય તો આ તમામ વિભાગોમાં બજેટ દર વર્ષે વણવપરાયેલું રહી જાય છે. ગુજરાતમાં શિક્ષણ પાછળ આપણે સૌથી વધુ બજેટ ફાળવ્યું એવી વાતો કરતા હોઇએ છીએ ત્યારે ગુજરાતના બજેટમાં શિક્ષણ પાછળ આ વખતે માત્ર ૧૪.૩ ટકા બજેટ ફાળવવામાં આવ્યું છે. જ્યાં આમ આદમી પાર્ટીની સરકાર છે એવા દિલ્હી રાજ્યમાં ગત વર્ષે ૨૪.૩ ટકા બજેટ શિક્ષણ પાછળ વાપરવામાં આવ્યું હતું અને એટલા માટે દિલ્હીની મોડેલ સ્કૂલો બની છે ત્યાં સમગ્ર દેશના નેતાઓ આવી અને સ્કૂલોના વખાણ કરે છે. આપણે વાતો કરીએ છીએ કે આ વખતે શિક્ષણમાં આપણે સૌથી વધુ બજેટ ફાળવ્યું પણ માત્ર બિલ્ડિંગો ઊભી કરવાથી શિક્ષણનું સ્તર નહિ સુધરે.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નાણામંત્રી શ્રીમાન કનુભાઇ દેસાઇ દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫નું જે અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે એના સમર્થનમાં બોલવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, રૂ.૩,૩૨,૪૬૫ કરોડનું ઐતિહાસિક બજેટ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે રાજ્યના નાણામંત્રીએ રજૂ કર્યું છે એમાં ઉદ્યોગ વિભાગની ચર્ચામાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે છેલ્લા બે દાયકામાં સાતત્યપૂર્ણ વિકાસ હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૦૦–૨૦૦૧ દરમિયાન જે જી.ડી.પી. ૫.૧ હતો એ આજે વધીને ૮.૨ ટકા થયો છે. ગુજરાત રાજ્ય આજે દેશના ગ્રૉથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયેલ છે. ૨૦ વર્ષથી સતત થતી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે ગુજરાતના તથા દેશના વિકાસ માટે ઉદાહરણરૂપ વિશ્વસ્તરીય પ્લેટફોર્મ તરીકે ઊભરી આવી છે. વિનાશમાંથી વિકાસ, નિરાશામાંથી આશા અને આપદાને અવસરમાં ફેરવવાની માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની કુનેહને કારણે વાઇબ્રન્ટ ગુજરાત સમિટ આજે રાજ્યમાં એક વિશેષ ઓળખ બની છે. રાજ્યમાં આજે વિવિધ ક્ષેત્રના નાનાથી માંડીને મોટા ઉદ્યોગો વિસ્તરી રહ્યા છે અને ૧૮ ટકા સાથે ઉત્પાદનમાં ફાળો આપી રાજ્ય આજે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. રાજ્ય છેલ્લા બે દાયકામાં ૫૫ બિલિયન ડૉલરથી પણ વધુનું પ્રત્યક્ષ મૂડી રોકાણ મેળવી દેશમાં અગ્રેસર રહ્યું છે. આત્મનિર્ભર ભારતના સૂત્રને ચરિતાર્થ કરવા સ્થાનિક કક્ષાએ સેમી કન્ડક્ટરથી લઇને વિવિધ ઉત્પાદનો માટે ઉદ્યોગો આકાર લઇ રહ્યા છે. આજે વિકસિત ગુજરાત ન્યુ એજ ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલીજન્સી, મશીન લર્નિંગ, આઇ.ઓ.ટી. જેવી ટેકનોલોજીને સાથે લઇને વર્ષ ૨૦૪૭ની ઉદ્યોગ નીતિ સસ્ટેનેબલ મેન્યુફેક્ચરિંગ, ગ્રીન એનર્જી, ગ્રીન હાઇડ્રોજન, બેટરી સંચાલતિ વાહન ઉદ્યોગ પર કાર્ય થઇ રહ્યું છે. સ્ટાર્ટ અપ દ્વારા યુવાનોને ઉદ્યોગ જગત સાથે જોડવામાં ત્રણ વર્ષથી ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય રહ્યું છે. અમૃતકાળમાં સેવા ક્ષેત્રના ઉદ્યોગોનો વિકાસ દર વધારવા આજે ગુજરાત સરકાર કામ કરી રહી છે. આઇ.ટી., નાણાકીય સેવાઓ, ફિન્ટેક જેવા ક્ષેત્રમાં રોજગારીની દૂરોગામી સંભાવનાઓ રહેલી છે. આ ક્ષેત્રના વિકાસ અને મૂડી રોકાણ માટે સરકારે આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા આઇ.ટી.બી.ટી., ઇલેક્ટ્રોનિક્સ, સેમી કંડક્ટર સેક્ટર માટે વિવિધ નીતિઓ ઘડેલી છે. રાજ્યમાં થયેલા આર્થિક અને સામાજિક વિકાસના કારણે રોજગારીની વિપુલ તકોનું સર્જન થયેલ છે. યુવાધનને રોજગારી આપવા ગુજરાત દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ઉદ્યોગની દરેક પ્રકારની જરૂરિયાત માટે કુશળ વર્ક ફોર્સની માંગને પહોંચી વળવા માટે, કૌશલ્ય વિકાસ માટે ભવિષ્યલક્ષી આયોજન પણ થઇ રહ્યું છે. તીવ્ર ગતિએ થયેલા આર્થિક વિકાસના કારણે આજે વર્ષ ૨૦૨૨–૨૩માં માથાદીઠ આવક રૂ.૨ લાખ ૩૭ હજાર ૫૫૮ જેટલી થઇ છે. દેશના જી.ડી.પી.માં રાજ્યની હિસ્સેદારી ૧૦ ટકા જેટલી રહી છે. રાજ્યના અર્થતંત્રમાં મહત્ત્વનો ફાળો આપી રોજગારીની વિપુલ તકોનું સર્જન કરનાર ઉદ્યોગ ક્ષેત્ર ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા ધ્યેય સાથે આ અંદાજપત્રમાં ઉદ્યોગ વિભાગ માટે કુલ રૂ.૯,૨૨૮ કરોડની જોગવાઇઓ વર્ષ ૨૦૨૪–૨૫ના બજેટમાં કરવામાં આવી છે જે આવકાર્ય છે. ન્યુ એજ ઇન્ડસ્ટ્રી થકી ઔદ્યોગીકરણને પ્રોત્સાહન આપવા તથા આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા સરળ નીતિઓ, નાણાકીય પ્રોત્સાહન અને કાયદાકીય મંજૂરીમાં સરળતા માટે સરકાર કટિબદ્ધ છે. સૂક્ષ્મ, લઘુ, મધ્યમ તથા મોટા કદના ઉદ્યોગોને આત્મનિર્ભર ગુજરાત નીતિ અંતર્ગત પ્રોત્સાહન આપવા, ઔદ્યોગિક વસાહતોના ટ્રીટેડ વેસ્ટ વૉટરના નિકાલ માટે, માળખાકીય સગવડોના વિકાસ માટે, ડીપ સી લાઇન નાંખવા, પ્રદૂષિત પાણીને રીસાઇકલ કરવા, હવા–પાણીના પ્રદૂષણની મોનિટરિંગ સિસ્ટમ ઊભી કરવા, સ્ટાર્ટ અપ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા, લોજિસ્ટિક ફેસેલિટી તથા ખર્ચ ઘટાડવા, ગતિશીલ કાર્ગો ટર્મિનલ માટે જી.આઇ.ડી.સી. વસાહતોના શુદ્ધિકરણ માટે, સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, બલ્ક ડર્ટ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, મૅડિકલ ડિવાઇસ પાર્ક, ઇમિટેશન જ્વેલરી પાર્ક વિકસાવવા ધોલેરા જેવા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયોન ખાતે માળખાકીય સુવિધા માટે, યુવા તથા મહિલા ઉદ્યોગ સાહસિકોને કોલેટરલ ફ્રી લેન્ડ આપવા, નાના તથા મધ્યમ કક્ષાના ઉદ્યોગોને સુવિધા આપવા આ બજેટમાં ખાસ જોગવાઇઓ કરવામાં આવી છે. કુટિર અને ગ્રામોદ્યોગ વિકાસ હેઠળ એક જિલ્લો એક પ્રોડક્ટ સહાય યોજના હેઠળ કારીગરોના સર્વાંગી વિકાસ માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. પી.એમ.વિશ્વકર્મા યોજના વધારે અસરકારક બનાવવા, શ્રી વાજપાઇ બૅંકેબલ યોજના અંતર્ગત સબસિડી સહાય આપવા, તેમજ માનવ કલ્યાણ યોજના

હેઠળ વિવિધ ટ્રેડ માટે પણ ખાસ જોગવાઇઓ કરવામાં આવી છે. આ સાથે સરકાર એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ ટેકનોલોજી, ગ્રીન હાઇડ્રોજન, એર ક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ જેવા વૈવિધ્યસભર ઉદ્યોગો લાવી આથિક સમૃદ્ધિનું સર્જન કરવા આગળ આવી રહી છે. આ સાથે મારા ભરૂચ જિલ્લામાં ચાર વર્ષ પહેલા દેશના પ્રધાનમંત્રી શ્રીમાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સમુદ્રના ખારા પાણીને રોકવા માટે વીયર કમ કોઝ વેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે તે યોજનાને પૂર્ણ કરવા માટે રૂ.૧૧૬૭ કરોડની જે જોગવાઇ કરી છે તેને આવકારું છું. સાથે મારા ભરૂચમાં શ્રવણ ચોકડીથી દહેજ સુધી એલિવેટેડ ફ્લાય ઓવર માટે પણ રૂ.૪૨૦ કરોડની જોગવાઇ સરકાર દ્વારા કરવામાં આવી છે તે માટે પણ સરકારનો આભાર માની મારી વાત પૂર્ણ કરું છું.

**(વિરામ બપોરે ૧૨.૦૦થી ૧૨.૩૦)**

**માનનીય સભાપતિ શ્રી રમણલાલ ઇ. વોરા અધ્યક્ષસ્થાને**

શ્રી ત્રિકમ બિ. છાંગા(અંજાર): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ મારા મતવિસ્તાર માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને મામલતદાર કચેરી માટે રૂ. ૮ કરોડની માતબર રકમની ફાળવણી કરેલ છે. પ્રવાસન વિભાગ દ્વારા ગોવર્ધન પર્વતના વિકાસ માટે રૂ. ૧૯ કરોડની જોગવાઇ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી તથા માનનીય પ્રવાસન મંત્રીશ્રીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય બજેટના સંદર્ભમાં પ્રવાસન અને યાત્રાધામ વિષય પર મારા વિચારો રજૂ કરું છું. સુખ, શાંતિ, સ્થિરતા, પ્રગતિ, સમૃદ્ધિ અને વિકાસનું પર્યાય એટલે ગુજરાત. આશા, આધ્યાત્મિકતા અને આધુનિકતાનો ત્રિવેણી સંગમ એટલે ગુજરાત. બે દાયકા પૂર્વે આરંભ થયેલી ગુજરાતની પ્રવાસન વિકાસ યાત્રા અવિરત આગળ ધપી રહી છે. ગુજરાતનો એકપણ જિલ્લો એવો નહીં હોય જ્યાં વિકાસ ન થયો હોય. ગુજરાતના પ્રવાસનની વાત કરવી એટલે ' ગાગરમાં સાગર સમાવવા' જેવું અઘરું કામ ગણી શકાય. ગુજરાતમાં યાત્રાધામ અને પ્રવાસન પ્રવૃત્તિનો વિકાસનો થયો છે એની ગાથા કહેવી હોય તો ખૂબ લાંબો સમય જોઇએ. ગુજરાત છેલ્લા બે દાયકાથી માત્ર ભારતભરમાં જ નહીં, પરંતુ દુનિયાભરમાં હરવા-ફરવા માટેનું અગ્રિમ સ્થળ બની ચૂક્યું છે. જેના કારણે આજે દુનિયાના પર્યટન નકશા પર ગુજરાત મહત્ત્વનું પર્યટન કેન્દ્ર પ્રસ્થાપિત થયું છે. એનો શ્રેય ગુજરાતના પનોતા પુત્ર અને દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ફાળે જાય છે. માનનીય નાણામંત્રીશ્રીએ અત્યાર સુધીનું સૌથી વધુ રકમનું બજેટ રૂ. ૩,૩૨,૪૬૫/- કરોડ રજૂ કર્યું છે. માનનીય મોદીસાહેબે કંડારેલી કેડી પર આગળ વધીને ગુજરાતને વધુ વિકસિત અને સમૃદ્ધ બનાવવાની દિશામાં વર્તમાન મૃદુ, મક્કમ, સહજ અને સરળ વ્યક્તિત્વના સ્વામી એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉમદા અને ઉદાર નીતિના કારણે રાજ્યના માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં પવિત્ર યાત્રાધામોના વિકાસ માટે રૂ. ૨૦૯૮/- કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મને જણાવતા આનંદ થાય છે કે, સરકારશ્રી દ્વારા રાજ્યના મુખ્ય યાત્રાધામો કે જ્યાં દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે એવા પાવાગઢ, અંબાજી, દ્વારકા, સોમનાથ, ડાકોર, ગિરનાર, પાલીતાણા અને શામળાજી એમ ૮ યાત્રાધામોને પવિત્ર યાત્રાધામો તરીકે જાહેર કરીને અનેકવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવ્યાં છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ૩૫૮ દેવસ્થાનોનો આ વિકાસયાત્રામાં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા અન્ય ૯૦ જેટલા પ્રવાસન પ્રવૃત્તિઓનાં કામો હાથ ધરીને રૂ.૫૯૫.૫૪/- કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મોઢેરા, અંબાજી, સિદ્ધપુર, પોરબંદર, માધુપુર જેવા સ્થાનોના વિકાસ કાર્યો પણ ચાલુ છે. રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલી વિકાસયાત્રાના કારણે યાત્રિકોઓની સંખ્યામાં અવિરત વધારો થતો રહ્યો છે. દેશમાં આવેલ મહત્ત્વના યાત્રાસ્થળોએ જતા યાત્રિકોને સહાયરૂપ થવા કૈલાસ માનસરોવર યોજના, સિંધુ દર્શન યોજના અને શ્રવણતીર્થ દર્શન યોજના કાર્યરત છે. હું ગુજરાત સરકારને અભિનંદન પાઠવું છું કે, અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામલલ્લાના દર્શન માટે સમગ્ર દેશમાં સૌ પ્રથમ મા શબરીની સ્મૃતિમાં શ્રીરામ જન્મભૂમિ શબરી સ્મૃતિ સહાય યોજના જાહેર કરવામાં આવી છે. જેનો લાભ આવનારા દિવસોમાં વધુને વધુ લોકો લઇ શકશે. અયોધ્યા ખાતે ગુજરાતના યાત્રાળુઓ માટે યાત્રીભવનના નિર્માણ માટે રૂ.૫૦ કરોડની જોગવાઇ સાથે વર્તમાન બજેટમાં પણ રૂ.૧૦ કરોડની જોગવાઇ રાજ્ય સરકારે કરી છે. રાજ્ય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા યાત્રાધામો ખાતે સ્વચ્છતાની ઝુંબેશ પણ ચલાવવામાં આવી છે. પ્રવાસન સ્થળોની વાત કરીએ તો લગભગ ૧૦૯ જેટલાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે રાજ્ય સરકારે વર્તમાન બજેટમાં જે રીતે જોગવાઇ કરી છે, જે ભૂતકાળના બજેટ કરતાં અનેકગણી વધારે છે. પ્રવાસન પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૪૬૪ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૪૦૭ કરોડ અને વર્તમાન બજેટમાં રૂ.૨૦૯૮ કરોડની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરેલ છે. દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા અખંડ ભારતના શિલ્પી એવા સરદાર પટેલ સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના નિર્માણ સાથે વિઝિટર સેન્ટર શરૂ કરીને, ગુજરાત રાજ્ય માટે પ્રવાસન પ્રવૃત્તિનું એક મહત્ત્વનું કેન્દ્ર ખોલ્યું છે. એટલું જ નહીં, કેવડિયા અને એકતાનગરના માધ્યમથી ગુજરાતને વિશ્વના પ્રવાસનના નકશા ઉપર મૂકવાનું કામ આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ અને રાજ્યના મૃદુ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા કરવામાં આવ્યું છે. નર્મદાથી નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટ, વાસંદા, વડનગર, સાપુતારા લેક અને સાસણગીર વિગેરે જેવા પર્યટન સ્થળોના વિકાસ માટે સરકારશ્રી દ્વારા પ્રયત્નો કરવામાં આવેલ છે.

તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની વાત કરીએ તો કચ્છના ધોરડોને 'બેસ્ટ ટુરિઝમ વિલેજ'નો વર્ષ ૨૦૨૩નો એવોર્ડ મળેલ છે. એક સ્થિતિ એવી હતી કે કદાચ પ્રવાસન પ્રવૃત્તિ આ સ્થાને વિકસી ન હોત તો થોડાં જ વર્ષોમાં આ ગામ નિર્જન બની જાત. એની જગ્યાએ એને વર્લ્ડનું 'બેસ્ટ ટુરિઝમ વિલેજ' નો એવોર્ડ મળ્યો છે. એ જ બતાવે છે કે ગામડાંના વિકાસ માટે રાજ્ય સરકાર કેટલી ચિંતિત છે. માનનીય અમિતાભ બચ્ચનજીએ પણ કહ્યું કે, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા. એમણે એમ પણ કહ્યું કે, કુછ દિન ગુજારો ગુજરાત મે. એની પણ અસર થઇ. ધોરડો ખાતે છેલ્લાં દસ વર્ષમાં ૨૫ લાખ જેટલા યાત્રાળુઓએ મુલાકાત કરી છે. ધોળાવીરા કે જેને યુનેસ્કો દ્વારા 'હેરિટેજ સાઇટ' તરીકે જાહેર કરવામાં આવેલ છે કે જે ૫૦૦૦ વર્ષ જૂનું નગર છે. એના વિકાસ માટે રાજ્ય સરકારે ખૂબ મોટી રકમની ફાળવણી કરી છે. નારાયણ સરોવર, માતાનો મઠ, સરક્રીક, મોતીવન, વીરબાલ ભૂમિ માટે રૂ. ૧૭.૫ કરોડની ફાળવણી કરી છે. ગોવર્ધન પર્વત માટે વર્તમાન બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને પ્રવાસન મંત્રીશ્રી દ્વારા બજેટની ફાળવણી કરવામાં આવી છે. નાણામંત્રીશ્રીએ જે અંદાજપત્ર રજૂ કરેલ છે એનું હું સમર્થન કરું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ જે અંદાજપત્ર રજૂ કર્યું છે તેમાં આદિજાતિ વિકાસ, પાણી પૂરવઠા અને પ્રવાસનની બાબતમાં મારી ચર્ચાઓ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ યોજનાના નામે આદિજાતિ વિનાશ તરીકેની યોજના હોય એવું દેખાઇ રહ્યું છે. એ જ રીતે, નલ સે જલની પાણી પૂરવઠા યોજના અંગે મારા વિસ્તારની ચર્ચા કરીએ ત્યારે જાણે કે ભ્રષ્ટાચારથી ભરાયેલું હોય એવું લાગે છે. મારા વિસ્તારના જે ગામમાં થઇ ધરોઇનું પાણી નીકળે છે એ ગામને કદાચ એક ટીપું પણ પાણી મળતું નથી. આદિજાતિ વિસ્તારની વન વિભાગની ટ્રાયબલ યોજનાઓ છે, એમાં આદિવાસીઓને જે નામજોગ સનદો આપવામાં આવી છે એ દેખાવ પૂરતી જ આપવામાં આવી છે. એ વિસ્તાર માટે ટ્રાયબલમાં જે આદિવાસી ગ્રાન્ટ આવે છે એમાં કદાચ એવું લાગે કે, ગુજરાતના ગાંધીનગરથી આદિવાસીઓના નામે જે ગ્રાન્ટ ઉપડે છે એ ગ્રાન્ટ વિસ્તારમાં જતાં-જતાં કોઇ બે પગવાળા પોપટ અદ્ધરથી અદ્ધર ઉડાડી દેતાં હોય એવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જેને બનાસકાંઠા જિલ્લો નમે છે, ગુજરાત રાજ્ય નમે છે, દેશ અને દુનિયા નમે છે એવા યાત્રાધામ અંબાજી વિસ્તારમાંથી આવી રહ્યો છું. યાત્રાધામ અંબાજીની આજુબાજુનો જે વિસ્તાર છે, એ સૌથી વધારે મોટો આદિવાસી વિસ્તાર છે. પણ કયાંક ને કયાંક ચર્ચાઓ થાય છે એ રીતે એ વિસ્તારમાં યાત્રાધામ અંબાજી હોય કે પ્રવાસન હોય, એના લીધે સ્થાનિક આદિવાસીઓને કોઇપણ જાતનો લાભ મળતો નથી. યાત્રાધામ અંબાજીમાં અગાઉ બંધારણ થયેલું છે કે એ લોકોને વસતિના ધોરણે ત્યાં અમુક ટકા હિસ્સો આપવામાં આવે છે. સાથે સાથે એ વિસ્તારના આદિવાસીઓને એકપણ ટ્રસ્ટ મારફતે આદિવાસીનો જે હક્ક છે અને બંધારણની જોગવાઇમાં જે હક્ક છે એ મળતો નથી. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ મારફતે જે દુકાનો આપવામાં આવી છે, એ વિસ્તારમાં સોગંદ ખાવા પૂરતી એકપણ દુકાન આદિવાસીઓને ફાળવવામાં આવી નથી. એ જ રીતે આજુબાજુના વિસ્તારની અંદર જે નાના મોટા ધંધા કરતા હોય એ લોકોને પણ ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતા અંબાજી યાત્રાધામ અને દેવસ્થાન ટ્રસ્ટને જે દર્શન કરવા માટે આવે છે. સવાશેર માટી માટે એ લોકો બાધા રાખીને આવે છે. ચાલતા પણ આવે છે. બેસતા ઉઠતા પૂરેપૂરા એ માતાજીનું એક ધ્યાન લઇને આવે છે, ત્યારે એ વિસ્તારની જનતા સાથે એ વિસ્તારને કોઇપણ જાતનો લાભ પણ મળતો નથી. હું અંબાજી વિસ્તારમાંથી આવું છું, ત્યારે જોગવાઇ એવી છે કે એ વિસ્તારની અંદર, પૂરવઠાની પાછી ચર્ચા કરું ત્યારે એ વિસ્તારની અંદર પહાડી ઇલાકો આવ્યો છે ત્યારે ધરોઇનું પાણી પણ ઓછું છે અને સાથે સાથે નર્મદાનું પાણી આવતું નથી. અહીં એ વિસ્તારની અંદર જે હેન્ડપંપથી પાણી મળે છે, એ જ પાણી એ લોકો પીએ છે અને સાથે સાથે હું પોતે નથી કહેતો, પણ સરકાર પણ એવું નક્કી કરીને બેઠી છે કે એ વિસ્તારમાં જે પાણી આવે છે તે ક્ષારવાળું પાણી આવે છે અને એ પાણી પીવાલાયક પણ નથી. સરકારને વિનંતી કરું છું કે ધરોઇનું પાણી એ વિસ્તારમાં આવે અને સાથે સાથે ધરોઇમાંથી જે પાણી બનાસકાંઠા છોડીને મહેસાણા જિલ્લા કે પાટણ જિલ્લામાં જઇ રહ્યું છે એ પાણી બનાસકાંઠા અને દાંતાનું પાણી દાંતામાં આપે એવી હું આપના પાસે આશા અને અપેક્ષા પણ રાખું છું. એ જ રીતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જંગલ ખાતામાં જે વિસ્તારની અંદર રોડ રસ્તા કે બીજું પણ જે સનદો આપવામાં આવે છે, એ રીતે એ વિસ્તારમાં કેન્દ્ર સરકારે જે કાયદો ઘડયો હતો, વન અધિકાર સમિતિએ, એ પ્રમાણે પૂરતા પ્રમાણમાં એ લોકોને સનદો આપે એવી વિનંતી કરું છું. થેન્ક યુ.

શ્રી બાબુસિંહ સા. જાદવ(વટવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના માનનીય નાણામંત્રી કનુભાઇ દેસાઇ સાહેબ દ્વારા જે બજેટ લાવવામાં આવ્યું છે તે અંગે મારા વિચારો રજૂ કરું તે પહેલા ગુજરાત વંદનાની પંક્તિઓથી મારી વાતની શરૂઆત કરું.

'' ગુજરાત તને અભિનંદન,  
ગુજરાતીના ગૌરવથી આ ધરા બની નંદનવન  
ગુજરાત તને અભિનંદન  
સ્વર્ણિમ સંકલ્પો જાગ્યા છે, જાગી છે મહાજાતિ  
અમૃત કાળના અરૂણ પ્રભાતે, હરખે હર હર ગુજરાતી  
દેશ અને દુનિયાને ખૂણે, વ્હેંચે કેવા સ્પંદન  
અભિનંદન, ગુજરાત તને અભિનંદન ''

## માઘ ૨૦, ૧૯૪૫ શાકે

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાનો સાણંદ તાલુકો મારું વતન છે. અમદાવાદથી ૫૦ કિલોમીટરના અંતરે આવેલું છે. વર્ષ ૧૯૭૮માં હું પોતે મારા નોકરી ધંધાર્થે ઓઢવ જી.આઇ.ડી.સી.માં આવેલો, ત્યારે મને કલ્પના નહોતી કે ભવિષ્યમાં મારા ગામમાં યુવાનો મારા નળ ભાલ કાંઠા અને ખાખરીયા વિસ્તારના યુવાનો નોકરી ધંધાર્થે અમદાવાદ વડોદરા જાય છે, એની જગ્યાએ આ પ્રદેશમાં સમગ્ર ભારતના યુવાનો નોકરીએ આવશે. પરંતુ આ સ્વપ્ન અત્યારે સાકાર બન્યું. આ દેશના પનોતા પુત્રશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતની ગાદીએ બેઠા અને સૌ પ્રથમ નેનોનું અવતરણ ગુજરાતમાં મારા વિસ્તારમાં કરવામાં આવ્યું. ત્યારબાદ અસંખ્ય ઉદ્યોગો ગુજરાતમાં સાણંદ તાલુકાની સમગ્ર જમીન જે હતી ત્યાં નવા નવા ઉદ્યોગો આવ્યા અને સૌથી મોટી જી.આઇ.ડી.સી. બની. ગુજરાતની ઓળખ આપવી હોય તો એમ કહેવાય કે ગુજરાત એટલે વ્યાપાર, ગુજરાત એટલે વાણિજ્ય, ગુજરાત એટલે સાહસ, ગુજરાત એટલે ઉદ્યોગ અને ગુજરાત એટલે વિકાસ. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા વિકાસમંત્રને આપણે સત્યનિષ્ઠાપૂર્વક લઇને ચાલી રહ્યા છીએ તેથી જ એક ભારત, એક રાષ્ટ્રના એક સંકલ્પ સાથે આપણા ભારતે અસામાન્ય સિદ્ધિઓ હાંસલ કરી છે. મને એ કહેતા આનંદ અને ગૌરવ થાય છે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા–આર.બી.આઇ એ બહાર પડેલ બુલેટીન અનુસાર બેંકો અને નાણાકીય સંસ્થાઓ એ સૌથી વધુ વિશ્વાસ જો કોઇ રાજયમાં મૂકયો હોય તો તે ગુજરાત છે. રાજય સરકાર દ્વારા મેમરી ચીપ્સના ઉત્પાદન માટે માઇક્રોન ટેકનોલોજી સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. જેમાં માઇક્રોન દ્વારા સાણંદ ખાતે રૂ.૨૨૫૧૬ કરોડના ખર્ચે સેમી કન્ડકટર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે. આ સાથે નવસારી જિલ્લાના વાંસી બોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પી.એમ. મિત્ર પાર્ક આકાર પામનાર છે. ગુજરાતે વિકસિત ભારત વર્ષ ૨૦૪૭ની પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં નક્કર પગલાં લીધાં છે. ઉદ્યોગ અને રોકાણના ક્ષેત્રમાં વાઇબ્રન્ટ ગુજરાત–૨૦૨૪ના સફળ આયોજન દ્વારા ગુજરાતે ઔદ્યોગિક વિકાસ ફલકમાં નવતર આયામો સર્જયા છે. દેશ વિદેશના અનેક પ્રમુખો, રાજદ્વારીઓ, વિવિધ દેશોના પ્રતિનિધિઓ, પાર્ટનર ઓર્ગેનાઇઝેશનના પ્રતિનિધિઓ, ઉદ્યોગ જગતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી આવૃત્તિનું શાનદાર આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે. અમૃતકાળની આ પ્રથમ સમિટમાં ૩૫ દેશો પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાયા હતા. જેમાં યુ.એ.ઇ, મોઝામ્બિક, ચેક રિપબ્લિકન અને તિમોર લેસ્ટે એમ ચાર દેશોના વડાઓ, વિયેતનામના નાયબ વડાપ્રધાન સહિત ૪૦થી વધારે મંત્રીશ્રીઓ ૧૪૦થી વધુ દેશોના ૬૧,૦૦૦થી વધુ ડેલિગેટ્સ સહભાગી થયા હતા. આ સમિટમાં કુલ ૧,૩૧,૯૪૩ રજિસ્ટ્રેશન થયા હતા. જેમાં ૩૫૯૦ વિદેશી પ્રતિનિધિઓ હાજર હતા. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે વાઇબ્રન્ટ સમિટ તથા દેશના સૌથી મોટા ટ્રેડ શોનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાનશ્રીના હસ્તે વાઇબ્રન્ટ ગુજરાતની સ્મૃતિમાં રૂ. ૨૦નો સિક્કો, ટપાલ ટિકિટ તથા ઇ–કોફી ટેબલ બુક લોન્ચ કરવામાં આવ્યા હતા. આ સમિટ નવાં સપનાં, નવા સંકલ્પો અને નવી સિદ્ધિઓનો સુભગ સમન્વય છે. મને પૂરો વિશ્વાસ છે કે વાઇબ્રન્ટ સમિટની આ દસમી આવૃત્તિ સમૃદ્ધ ભારતનું ભવિષ્ય સુનિશ્ચિત કરતો ગોલ્ડન ગેટ વે બનીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા વિકસિત ભારત વર્ષ ૨૦૪૭ને સાકાર કરશે. આ પરિણામલક્ષી આયોજનના કારણે ગુજરાત રોકાણકારોનું માનીતું સ્થળ બન્યું છે. આ વાઇબ્રન્ટ સમિટની દસમી આવૃત્તિમાં ૨૬.૩૩ લાખ કરોડના રોકાણને આકર્ષિત કરતા વિવધ પ્રોજેકટસ માટે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગુજરાતનાં યુવાનોમાં રહેલી ઉદ્યોગ સાહસિકતાને આર્થિક પીઠબળ પૂરું પાડી તેમનાં સપનાંઓને પાંખો આપવાનું કામ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકાર અભૂતપૂર્વ રીતે કામ કરી રહી છે. આજે આપણું ગુજરાત' ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. ગુજરાત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમને વેગ મળે એ માટે સૌ પ્રથમ વખત સ્ટાર્ટઅપ કન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૦૦ કરતા પણ વધારે સ્ટાર્ટઅપનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જયારે ૧૫ કરતા પણ વધારે નવિનતમ ક્ષેત્રોને લગતા વિવિધ સ્ટાર્ટઅપનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગુજરાત એટલે ઉદ્યોગ સાહસિકોની ભૂમી. સતત ચોથા વર્ષે સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત પ્રથમ ક્રમે આવ્યું છે. અદભુત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનું ઉત્તમ ઉદાહરણ એટલે ગુજરાત કે જેણે સમગ્ર વિશ્વને ૯૦૦૦ કરતા પણ વધુ સ્ટાર્ટઅપ્સ છેલ્લાં વર્ષોમાં આપ્યા છે. છેલ્લે મારી એક વાત કહીને પૂરું કરું કે આપણા દેશના વડાપ્રધાનશ્રી જેમણે હમણાં જ રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરી, આ ગૃહમાંથી કદાચ હું એવી પહેલી વ્યકિત છું કે શનિવાર–રવિવારે હું રામલલ્લાના પ્રત્યક્ષ દર્શન કરીને આવ્યો. જય જય શ્રી રામ.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ –પશ્ચિમ) : સૌ પ્રથમ તો હું ગાય ઉપર એક કવિતા રજૂ કરું છું. –

‘‘ગાય ધરા કી શાન હૈ અમૃત દે દૂધ
ગાય માતકો પૂજ કર પાયે મન સંતોષ
ગાય ગુણો કી ખાન હૈ, રોમ રોમ હરિ વાસ
જીસ ઘર પલતી ગાય હૈ વો ઘર સ્વર્ગ સમાન
ગાય પાલ લો પ્રેમસે ઉપજે મન મેરાહ
પંચગવ્ય મિલતા હમે કરે માન અને સત્કાર’’

તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહને એમ થાશે કે શહેરી વિકાસ અને ગાય એના વચ્ચે શું સંબંધ છે? આજે હું ગૃહ સમક્ષ ઉદ્યોગના વિકાસ અને ટેકનોલોજીના ચમત્કારની ચર્ચા કરવા આવી નથી. પરંતુ સર્વ ગૃહના હ્રદયને સ્પર્શતી અને ગુજરાતની રાજ્ય સરકારે નવી બાબત કરી છે તેના માટે ધ્યાન દોરવા આવી છે. પશુ કલ્યાણ અને પશુઓની સુવિભન માટે શહેરી વિકાસ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ઢોરવાડા માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે તે અંતર્ગત મારા વિચાર રજૂ કરું છું. આજે હું એક એવી દ્દષ્ટિ સાથે ઊભી છું કે એકબાજુ પ્રગતિ છે, બીજી બાજુ કરુણા છે. આ બંનેની વચ્ચે વિકાસ અને પશુ કલ્યાણ છે. આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને કેબિનેટ કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલના પશુ પાલન વિભાગ દ્વારા ખૂબ સુંદર કામગીરી થઇ રહી છે. આજના સમયમાં શહેરીકરણ વધી રહ્યું છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ આ તમામ વિસ્તારોમાં અર્બન ઓથોરિટી દ્વારા વિકાસ ખૂબ ઝડપથી થઇ રહ્યો છે ત્યારે આજુબાજુનાં ગામડાઓ આ શહેરી વિસ્તારમાં ભળતાં જાય છે ત્યારે આ ગામડાંના લોકોનો મુખ્ય વ્યવસાય પશુ પાલન રહ્યો છે. એજ એમનું ગુજરાનનું માધ્યમ છે. આથી પશુ પાલનના ઉદ્યોગને કોઇ વિપરીત અસર ના થાય એ માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગાય અને બળદના કલ્યાણ માટે પૂરતી સુવિધાઓ પશુવાડા અને પશુ આશ્રયસ્થાન એ માત્ર સુવિધા જ નથી એ આપણો અભિગમ પણ છે.

**''ગાઓ માતાશ્રી ગાઓ ઘેનુંદાતા ગાઓ પ્રિયા, યાસ્મીન દેશે ગાવો દેનવ સંતીતત્ર દર્યાણી સુખમ''**

અર્થાત Cows are mother, cows are source of all blessings, Cows are givers of life and cows are beloved; where there are cows and milkmaids, there is a wealth and happiness. અને એટલા માટે થઇને જ શહેરી વિસ્તારમાં નધણિયાત પશુઓ જે પશુ પાલકો પાસે પશુ રાખવા માટેની જગ્યા નથી એવા રસ્તે રઝળતાં પશુઓ અને ઢોર માટે શહેરી વિસ્તારમાં ગંદકી, ટ્રાફિક અને અકસ્માતમાં ઇજા અને મૃત્યુ ના થાય તે માટે રાજ્ય સરકાર રખડતાં ઢોરના ત્રાસને નિવારવાની બાબતને ગંભીરતાથી લઇને પશુ ત્રાસ અટકાવવા માટે શહેરી વિસ્તારમાં માર્ગદર્શિકા અને પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે અને એ નીતિના આધારે તમામ મહાનગરપાલિકાઓમાં રખડતા ઢોરોને પકડવા માટે અદ્યતન ટેકનોલોજી આર.એફ.આઇ.ડી.ના માધ્યમથી ટેગિંગ કરવું, તેમને ચીપના માધ્યમથી ઢોરોનું ડિજિટલાઇઝેશન કરવું તેમજ આ તમામ ઢોરોને પશુ આધાર કહેવામાં આવે છે. આ પકડેલાં ઢોરોને પૂરતો ખોરાક-પાણી આપવું અને જરૂરિયાત મુજબની સહાય પણ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. ગૌ વંશના પ્રાણીઓની યોગ્ય માવજત થાય એ માટે શહેરી સ્થાનિક સંસ્થાઓને અદ્યતન સુવિધા જેવી કે કમ્પાઉન્ડ વોલ, શેડ, પાણીની સુવિધા, સી.સી.ટી.વી. કેમેરા, લાઇટિંગ, મેડિકલ સવલતની અલાયદી વ્યવસ્થા આપવામાં આવે છે. એટલા માટે અમદાવાદ-સુરતને રૂ.૮-૮ કરોડ, વડોદરા-રાજકોટને રૂ.૫-૫ કરોડ, ભાવનગર, જૂનાગઢ, જામનગર ભાવનગર અને ગાંધીનગરને રૂ.૨.૫ કરોડ અને તમામ નગરપાલિકાઓને રૂ.૧૮ કરોડ એમ થઇને શહેરી વિસ્તારો માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨૪ કરોડ જોગવાઇ કરવામાં આવી છે. આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી દ્વારા ''મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના'' અંતર્ગત રૂ.૪૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એ બદલ પણ હું એમનો ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ હંમેશા કહે છે કે પશુપાલન તેમના હ્રદયની સૌથી નજીક છે. પશુપાલન એ કોઇ વ્યવસાય નથી પરંતુ પ્રકૃતિ સાથેના સબંધ અને જીવન જીવવાની રીત છે. હું રાજકોટની ધારાસભ્ય છું ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આવો સુવિધાસભર ૨૦૦૦ પશુઓ રહી શકે એવો પશુવાડો બનાવવામાં આવ્યો છે અને ચાર પશુ આશ્રયસ્થાનો પણ બનાવવામાં આવ્યા છે. આવનારા દિવસોમાં હજુપણ પશુવાડા અને પશુ આશ્રયસ્થાનનું આયોજન છે. અંતમાં, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ પશુકલ્યાણની પાયાભૂત સુવિધાઓના વિકાસ માટે શહેરી વિકાસના બજેટમાં જે જોગવાઇ કરી છે એ બદલ હું એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. જય ગૌ માતા, જય જય ભારત માતા. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

ડો. જયરામભાઇ ચે. ગામીત(નિઝર): માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇસાહેબ માહિતી અને પ્રસારણ વિભાગનું જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી શબ્દ એક એવો શબ્દ છે કે એ માનવ જીવન માટે જીવનનો એક ભાગ બની જાય છે. ખાસ કરીને આ સરકાર અને પ્રજા વચ્ચે સેતુ તરીકેની કોઇ કામગીરી કરતુ હોય તો માહિતી વિભાગ છે. ગુજરાત રાજયની પ્રજા કલ્યાણકારી યોજનાઓ, સરકારશ્રીની વિવિધ પ્રવૃત્તિઓ, જનહિતલક્ષી કાર્યક્રમો તથા વિવિધ રાજય સરકારની સિદ્ધિઓની જાણકારી અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચે તે માટે માહિતી ખાતુ અનેક રીતે કાર્ય કરે છે અને માહિતી વિભાગની જયારે વાત

કરીએ ત્યારે કોઇ કુદરતી આફત આવતી હોય કે આવવાની હોય, હવામાન વિભાગને કંઇક મેસેજ આપવાનો હોય, પૂર આવવાનું હોય ત્યારે પણ આ માહિતી ખાતુ ખુબ જ સક્રિય રહે છે અને લોકો સુધી માહિતી પહોંચાડીને આપણને જે કંઇ કુદરતી આફતોથી નુકસાન થવાનું હોય તો એ પણ આપણને જાણકારી હોય તો એ પણ અટકે છે. આ માહિતી ખાતું પ્રજા સુધી માહિતી આપવા માટે ઇલેક્ટ્રિક મીડિયા, સોશિયલ મીડિયા, પ્રિન્ટ મીડિયા પરંપરાગત માધ્યમો દ્વારા કામગીરી કરી પ્રસારણ વિભાગ દ્વારા માહિતી આપવામાં આવે છે. માહિતી વિભાગ અસરકારક પ્રચાર, પ્રસાર માટે સતત કાર્યરત રહે છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા વર્ષ ૨૦૪૭નો જે આપણો સંકલ્પ છે, એને સાકાર કરવા માટે પણ માહિતી વિભાગે ખૂબ પ્રયત્ન કર્યા છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કાર્યક્રમ  કરવામાં આવ્યા એમાં પણ લોકો સુધી યોજનાઓના ફોર્મ ભરવા માટે માહિતી વિભાગ દ્વારા માહિતી પહોંચાડવામાં આવી છે. એ જ રીતે શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે જે આપણને સ્વચ્છતા અભિયાનની વાત કરી આ અભિયાનને નીચે સુધી પહોંચાડવા માટે પણ માહિતી વિભાગ દ્વારા ખૂબ સરસ કામ કર્યું છે. ટેકનોલોજીની હરણફાળ યુગમાં વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ વિશ્વસ્તરે આજે ગુજરાત ઇન્વેસ્ટમેન્ટનું હબ બની ગયું છે અને એમાં પણ ગુજરાતનું જે માહિતી ખાતું છે એ ખૂબ સારી કામગીરી કરે છે. એ જ રીતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ભારતીય સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠની જાનદાર અને શાનદાર ઉજવણી કરી આ માહિતી વિભાગ દ્વારા નીચે સુધી માહિતી પહોંચાડીને શહીદોને શ્રદ્ધાંજલિ અને મારી માટી મારો દેશ કાર્યક્રમને સફળ બનાવવાનું મહત્ત્વનું યોગદાન આ માહિતી ખાતાનું છે. માહિતી વિભાગ દ્વારા અખબારી માધ્યમો ઉપરાંત આકાશવાણી, દૂરદર્શન, વિવિધ ચેનલો, વર્તમાન પત્રો, આ ઉપરાંત ફેસબુક, ટ્વિટર, ઇન્સ્ટ્રાગ્રામ જેવા વિવિધ ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરી માહિતી ખાતું સોશિયલ મીડિયા દ્વારા પણ માહિતીનો અસરકારક પ્રચાર, પ્રસાર કરી રહ્યું છે. એ જ રીતે માહિતી ખાતાની ગુજરાતમાં વેબસાઇટ પણ છે એમાં ખાસ કરીને ડબલ્યુડબલ્યુ.ગુજરાત.ઇન્ફર્મેશન. ગુજરાત ઇન ગવર્મેન્ટ અત્યાર સુધી ૧,૨૦,૦૦,૦૦૦ લોકોએ આ વેબસાઇટની મુલાકાત લઇને ગુજરાત રાજ્યની વિવિધ માહિતી પ્રાપ્ત કરી છે. એવી જ રીતે ડબલ્યુડબલ્યુ.સ્ટેટવેન્ડર.ગવર્મેન્ટ ઇન વેબસાઇટ ઉપર ગુજરાત સરકારનાં તમામ ખાતાઓ દ્વારા જે ટેન્ડરની પ્રક્રિયા થાય છે એ પણ એમાં અપલોડ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માહિતી વિભાગ દ્વારા ગુજરાતમાં યુવાનોને રોજગારીની જાણકારી મળી રહે તેના માટે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રોજગાર દર અઠવાડિયે પ્રકાશિત કરવામાં આવે છે. તે જ રીતે ગુજરાત પાક્ષિક ગુજરાત રાજ્યની વિકાસની સમીક્ષા  કરતો અંક દર પંદર દિવસે પ્રકાશિત કરવામાં આવે છે. તેવી જ રીતે ધી ગુજરાત અંકને અંગ્રેજીમાં પણ પ્રકાશિત કરવામાં આવે છે. માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા પ્રતિવર્ષે નવી દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં વિવિધ રાજ્યના ટેબ્લો રજૂ થતા હોય છે. આપણા રાજ્યના ટેબ્લોનું નિર્માણ પણ માહિતી ખાતા દ્વારા કરવામાં આવે છે. ગતવર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસે ગુજરાત સરકાર તરફથી ક્લિન ગ્રીન ઊર્જાયુક્ત રાજ્ય વિષયનું ટેબ્લો ગુજરાત સરકાર તરફથી નવી દિલ્હી ખાતે રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતના આ ટેબ્લોને પોપ્યુલર ચોઇસ કેટેગરીમાં બેસ્ટ ટેબ્લોનો એવોર્ડ પણ મળ્યો હતો. તેવી જ રીતે આ વર્ષે ૨૬મી જાન્યુઆરી ૨૦૨૪ની પરેડમાં ધોરડો કચ્છ ગુજરાત રાજ્યના પ્રવાસન અને કલાને પ્રદર્શિત કરતો ટેબ્લો રજૂ કરવામાં આવ્યો હતો. તેના માટે માહિતી વિભાગને અભિનંદન પણ આપવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, પત્રકારો માટે વીમા યોજનાની ગુજરાત સરકારે આ બજેટમાં જોગવાઇ કરી છે. ખાસ કરીને માન્યતા પ્રાપ્ત પત્રકારોને એમની ઉંમર ૨૫થી ૬૦ વર્ષ વચ્ચેની હોય અને કુદરતી મૃત્યુ થાય તો અત્યાર સુધી એક લાખ રૂપિયા મળતા હતા. આ વર્ષના બજેટની જોગવાઇમાં તેમને બે લાખ રૂપિયાની સહાય આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે જ રીતે અકસ્માતમાં મૃત્યુ થાય તો પહેલા પાંચ લાખ રૂપિયા આપવામાં આવતા હતા તેના બદલે આ વર્ષના બજેટમાં દસ લાખ રૂપિયાની સહાય આપવાનો નિર્ણય કરેલ છે. માન્યતા ધરાવતા પત્રકારોને કોઇપણ આવક મર્યાદા વગર તેમને આયુષ્યમાન ભારત કાર્ડનો લાભ આપવામાં આવેલ છે. સારી કામગીરીની પ્રશંસા થવી જોઇએ. રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા, સ્વચ્છતા હી સેવા અભિયાન, મારી માટી મારો દેશ અભિયાન, સેવાસેતુના કાર્યક્રમોથી લઇને વાઇબ્રન્ટ સમિટ જેવા આંતર રાષ્ટ્રીય કાર્યક્રમોના પ્રચાર પ્રસારની કામગીરી માટે માહિતી ખાતાએ ક્યારેય રાત–દિવસ જોયા નથી અને નિરંતર આ ખાતાનો મહત્ત્વનો રોલ રહ્યો છે. સરકાર અને જનતા વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવતું માહિતી અને પ્રસારણ વિભાગનું અંદાજપત્ર શ્રી કનુભાઇ દેસાઇ લઇને આવ્યા છે તેને મારું સમર્થન જાહેર કરું છું. અસ્તુ.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે રમત ગમત અને યુવક સેવા અંતર્ગત જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં ગુજરાત રાજ્યએ રમત ગમત ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરીને અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. રાજ્યના ભવ્ય ઐતિહાસિક સાહિત્યક અને સાંસ્કૃતિક વારસાને ગરિમાપૂર્ણ રીતે ઉજાગર કરવાની સાથોસાથ યુવાનો, કલાકારો અને કૌશલ્ય ધરાવતા ખેલવીરોને પ્રોત્સાહન આપી તેમની પ્રતિભાનો દેશ અને દુનિયાને પરિચય થાય તે હેતુસર સરકારે સફળતાપૂર્વકનું આયોજન કરી ઘણી એવી યોજનાઓ છે તેને અમલમાં મૂકી છે. આજે ગુજરાત રાજ્યના ખેલાડીઓ અનેક રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ મેળવી ચૂક્યા છે જે આપણા સૌ માટે ખૂબ ગર્વની બાબત છે. શિક્ષણ સાથે રમતમાં સમન્વય માટેની યોજના અંતર્ગત રાજ્યની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ષ ૨૦૧૪–૧૫થી રાજ્યમાં રમત ગમતનો વિકાસ થાય, તેનો વ્યાપ વધે તે માટે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે

શિક્ષણની સાથે સાથે રમત ગમતની તાલીમ આપવામાં આવે છે અને જેના લીધે રાજ્યમાં રમત ગમતનું સ્તર ઊંચું આવે છે. તેવા ઉમદા હેતુસર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી ઈનસ્કૂલ પ્રોગ્રામ પણ કાર્યાન્વિત કરવામાં આવેલો છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં પાંચ હજારથી વધુ ખેલાડીઓએ ૪૦ જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કૂલમાં સઘન તાલીમ મેળવેલી છે. જેમાં ૧૦૦થી વધુ કોચ, ૧૦૦થી વધુ ટ્રેનર, ૨૬થી વધારે ફિઝિયોથેરાપિસ્ટ અને ૨૧ યોગા ટ્રેનરનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૩૦૦૦ જેટલી શાળાઓમાં રમત ગમત માટે ખેલ સહાયકો પણ મૂકવામાં આવ્યા છે. આથી જ રાજ્યકક્ષાએ યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ સહિત ૧૨૦૦ કરતાં પણ વધુ મેડલો આપણા ખેલાડીઓએ મેળવેલા છે. જેના માટે ખેલાડીઓ માનસિક અને શારીરિક રીતે પોતાને તૈયાર કરી શકે તે હેતુસર ૧૫ દિવસ પહેલાં પ્રિનેશન કોચિંગનું આયોજન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું ખેલ મહાકુંભ ૨.૦ વિશે મારી વાત રજૂ કરીશ. ગુજરાત રાજ્યના પનોતા પુત્ર અને હાલના દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો જેનો મુખ્ય હેતું લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે અને રમત-ગમત પ્રત્યે જાગૃતિ કેળવાય અને તંદૂરસ્તી જળવાઈ તે માટે અને રમત-ગમતની સંસ્કૃતિનો વિકાસ થાય તે હેતુસર ખેલ મહાકુંભનું ગ્રામ્ય કક્ષાથી લઇ અને રાજ્ય કક્ષા સુધી આયોજન કરવામાં આવે છે. આવનારા સમયમાં ખેલ મહાકુંભ ૨.૦ની પણ જાહેરાત થઇ ચૂકી છે જેમાં લાખો રમતવીરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલો ઈન્ડિયાની વાત કરું તો ભારત સરકારના યુથ અફેર્સ અને સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી વિભાગની રમતલક્ષી યોજના એટલે કે ખેલો ઈન્ડિયા અંતર્ગત સમગ્ર દેશમાંથી વિવિધ રમતોની એકેડમીને એક્સ્પેક્ટેશન ઓફ ઈન્ટરેસ્ટ મારફત તેઓ દ્વારા નિયત કરેલા ધારા ધોરણો મુજબ માન્યતા આપવામાં આવે છે જેમાં મને કહેતા ખૂબ આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે, નડિયાદ ખાતેની વિવિધ રાજ્ય કક્ષાની એકેડેમી પૈકી કુલ પાંચ રમતો જેવી કે વોલીબોલ, જૂડો, કુસ્તી, એથ્લેટિક અને ફેંસીગ એકેડમીને માન્યતા મળી છે. રમતવીરોમાં લાંબાગાળાનો વિકાસ થાય અને આંતર રાષ્ટ્રીય ફલક ઉપર પોતાનું કૌશલ્ય દાખવી અને શ્રેષ્ઠતા સાબિત કરી શકે એ હેતુસર પ્રત્યેક ખેલાડીદીઠ ૫ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જોગવાઇ અને પ્રત્યેક સેન્ટર દીઠ ૧૦ લાખ રૂપિયાની જોગવાઇ કરેલી છે અને હાલમાં આવા ગુજરાતમાં ૨૩ સેન્ટર કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, શક્તિદૂત યોજના ૨.૦ની વાત કરું તો વર્ષ ૨૦૧૬માં પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી અને રાજ્યનું નામ રોશન કરે તે માટે આ યોજના વર્ષ ૨૦૦૬થી ગુજરાત સરકાર દ્વારા અમલીકરણ કરવામાં આવેલ છે. જેમાં શક્તિદૂત યોજના ૨.૦નો આ બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને ખેલાડીઓની પસંદગી પોઇન્ટ સિસ્ટમ ઑલમ્પિક વર્ષ ૨૦૨૦ થી વર્ષ ૨૦૨૪માં ભાગ લેવાની શક્યતાઓ અને નોન ઓલમ્પિક રમતમાં રાજ્યનું અને રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતા ખેલાડીઓને નાણાકીય સહાય આપવામાં આવે છે, જેથી કરીને ખેલાડીઓને વિદેશી સ્પર્ધામાં અને એની સાથે કમ્પીટ કરવામાં વિદેશમાં પણ સઘન તાલીમ લેવાની જોગવાઇ છે. મને કહેતા ખૂબ આનંદની લાગણી થાય છે કે તા.૨૯.૦૯.૨૦૨૨ના રોજ આપણા લોકપ્રિય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના દેસર ખાતે એક ભવ્ય સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું લોકાર્પણ કરવામાં આવેલું છે જેમાં રૂ.૧૧૦ કરોડના ખર્ચે સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસેલિટી અને આ સ્પોર્ટ્સમાં બોઇઝ અને ગર્લ્સ માટેની હોસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેમાં હાલમાં બોઇઝ હોસ્ટેલમાં ૩૫૦ વિદ્યાર્થી અને ગર્લ્સ હોસ્ટેલમાં ૧૫૦ કરતા પણ વધારે વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહી છે. આ ઉપરાંત રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓ માટે રાષ્ટ્ર કક્ષાએ તથા આંતર રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા થઇ અને રાજ્યનું અને રાષ્ટ્રનું નામ અને ગૌરવ વધાર્યું હોય તેવા હેતુથી રાજ્ય સરકારની સ્વામી વિવેકાનંદ બિન નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર અને સ્વામી વિવેકાનંદ નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર પણ કાર્યરત છે જે અંતર્ગત જુદી જુદી રમતો માટે નડિયાદ, ભાવનગર, અમદાવાદ, ગાંધીનગર, સુરત, મહેસાણા અને નર્મદા ખાતે આવાં કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત કુલ ૧૦૧૮ વિદ્યાર્થીઓની અને ખેલાડીઓની પસંદગી કરવામાં આવેલી છે. આ ઉપરાંત આવનાર ઓલમ્પિકને ધ્યાનમાં રાખીને પણ ઓલમ્પિક કક્ષાનું માળખું તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષા સુધીના રમતવીરો તૈયાર કરવા માટેનું આયોજન પણ આ બજેટ દ્વારા સરકારશ્રી કરી રહી છે. આ ઉપરાંત પેરાહાઇ પર્ફોમન્સ સેન્ટરના નિર્માણનું આયોજન સરકારશ્રી દ્વારા રજૂ કરાયેલ બજેટમાં સમાવિષ્ટ છે. અંતમાં એટલું જ કહીશ કે ગુજરાત સરકાર અને આદરણીય પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા અને આ ગૃહના વડા માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા યુવાઓની રમત-ગમત અને એમના કૌશલ્ય અને એમની રમતને પ્રોત્સાહન મળે તે માટે જે બજેટ રજૂ કરાયેલું છે તેમાં હું મારું સમર્થન આપુ છું અને અંતમાં પ્રધાન મંત્રીશ્રીએ જે યુવાઓને સંબોધીને કાવ્યનું પઠન કરેલું છે એને હું આ ગૃહ સમક્ષ મૂકવા ઇચ્છીશ અને મારી વાતને પૂરી કરીશ.

"યહી સમય હે સહી સમય હે, ભારત કા અનમોલ સમય હે. અસંખ્ય ભુજાઓ કી શકિત હે, હર તરફ દેશકી ભક્તિ હે, તુમ ઉઠો તિરંગા લહેરા દો, ભારત કા ભાગ્ય ફહેરા દો, યહી સમય હે સહી સમય હે, ભારત કા અનમોલ સમય હે. કુછ એસા નહીં જો કર ના શકો કુછ એસા નહીં જો પા ના શકો, તુમ ઉઠ જાઓ, તુમ જુટ જાઓ સામર્થ્ય કો અપને પહેચાનો, કર્તવ્ય કો અપને તુમ સબ જાનો. યહી સમય હે સહી સમય હે, ભારત કા અનમોલ સમય હે." આભાર.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ સર્વગ્રાહી, સર્વસમાવેશક, સર્વસ્પર્શી જે બજેટ લઇને આવ્યા છે તેની આ સામાન્ય ચર્ચાના બીજા દિવસે હું ભાગ લઇ રહ્યો છું.

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિષયના વિભાગ ઉપર વાત કરીએ તો..

**मूलं ब्रह्मा त्वचा विष्णुः शाखा रुद्र महेश्वरः।**

**पत्रे पत्रे तु देवानां वृक्षराज नमोस्तुते ॥**

આવા વનોના વૃક્ષની જે કલ્પના આપણી સનાતન સંસ્કૃતિની અંદર દેવતાઓની સાથે જોડી અને હરિયાળુ વન એટલે કે પ્રકૃતિ પુરુષ અને પ્રકૃતિને જોડમેળ આપેલો છે જે તે બન્ને વસ્તુઓને ભાગ રાખીને અહીં ગુજરાત સરકારમાં તેનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વન અને પર્યાવરણનું સંરક્ષણ, સંવર્ધન, વ્યવસ્થા આ બધાને ઉપયોગમાં આવે એ રીતે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ હોય, મંડળીઓ હોય, વન મંડળીઓ હોય, સ્વસહાય જૂથો હોય, મહિલા સહાય જૂથો હોય આ બધાને સાથે રાખીને લોક ભાગીદારીથી ઉછેરની અને દુર્લભ જાતિઓના સંરક્ષણ માટેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે કારણ કે આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા પીપીપી મોડલ લોક ભાગીદારીને કારણે જ ટકાઉ વિકાસ બતાવી શકાય છે એવા ઉત્તમ ઉદાહરણો પૂરાં પાડયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સામાજિક વનીકરણ યોજનાને વિકસાવવાનો અને વિસ્તારનું કારણ માત્ર એક જ છે કે, ગ્રીન આચ્છાદિત આખું પળ આ પૃથ્વી ઉપર બને જે ગ્લોબલ કલાઇમેટ ચેન્જ, ગ્લોબલ વોર્મિંગના જે ઇશ્યુ બની રહ્યા છે તે ઇશ્યુઓમાં, તે મુશ્કેલીઓમાં આપણને રક્ષણ મળે અને સમગ્ર વિશ્વની દૃષ્ટિ જયારે ભારત ઉપર છે અને દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે નવો વિષય ગ્રીન ગ્રોથ અને ગ્રીન ક્રેડિટ જે કાર્બન ક્રેડિટનો વિષય હતો તેની જગ્યાએ ગ્રીન ક્રેડિટના વિષય સાથે જે નવો વિષય મૂકયો છે તેનો વધારો થાય તેના માટેના વિષયો આ લઇ અને આપણી ગુજરાત સરકાર ચાલી રહી છે જેમાં વનીકરણ, સામાજિક વનીકરણ, પટ્ટી, વિસ્તારનું વનીકરણ, ઘાસ માટેની પણ ખાસ ઘાસિયા મેદાનોની વ્યવસ્થા કે જેને કારણે પશુ પાલકો, પશુઓ આ બધાનું સંવર્ધન થઇ શકે અને પૃથ્વી ઠંડી રહે, પૃથ્વીનું વાતાવરણ બહુ ગરમ ના થાય તેના માટેની ચિંતા આ બજેટની અંદર વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા આ ગૃહને ધ્યાને એ પણ મૂકવા માગું છું કે, આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે મેન્ગ્રોવ ટુરીઝમનો વિષય એક નવો ડેવલપ કરવા માટેની પણ વાત કરેલી છે. જયારે હું જે મત વિસ્તારમાંથી આવી રહ્યો છું મારો મત વિસ્તાર તે દરિયાકાંઠાનો વિસ્તાર છે અને તે દરિયાકાંઠાના વિસ્તારમાં મેન્ગ્રોવનો વિસ્તાર પણ વધે તેના માટેના માંડવી તાલુકાના તરઘડી ગામ પાસે ખાસ એક મોટો બેલ્ટ પાંચેક હજાર એકરનો કે જયાં ખૂબ સારા મેન્ગ્રોવ્ઝ આવેલા છે અને જેને આખું ફેફસું કહી શકાય સ્વચ્છ અને શુદ્ધ ઓક્સિજન આપી શકાય તેનો વિકાસ થાય તેના માટેની વાત છે. આદરણીય અધ્યક્ષશ્રી, માત્ર વનનો વિસ્તાર થાય તો સાથે સાથે વન્ય જીવોનો વિસ્તાર થાય, પશુ-પક્ષીઓનો પણ વિસ્તાર થાય તેના માટે પણ ગુજરાતની અંદર સંવર્ધન થાય તેના માટે ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો છે, ૨૪ અભયારણ્ય છે, ૧ કન્ઝર્વેશન છે આમ કુલ મળીને ૨૯ રક્ષિત વિસ્તારોની અંદર પશુ પક્ષીઓના સંવર્ધન માટેની ચિંતા ગુજરાત સરકાર કરી રહી છે. આપને સૌને વિદિત છે કે આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે આ ગૃહન નેતા હતા અને મુખ્યમંત્રી હતા તે સમયે આપણા એશિયાઇ સિંહોની જે વર્ષ-૨૦૦૫માં વસતિ હતી તે ૩૫૯ હતી, પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના ખૂબ સંવર્ધનના અને કાળજીપૂર્વકના પ્રયત્નો અને ગુજરાત સરકારના પ્રયત્નોથી તેની અંદર વધારો થયો ૨૮ ટકાથી વધુનો વધારો થયો અને તેની વર્ષ-૨૦૨૦ આ એશિયાઇ સિંહોની સંખ્યા ૬૭૪ જેટલી થઇ છે. જીવો જીવસ્ય ભોજનમ્. આ સિંહોનો વિસ્તાર વધ્યો છે કારણ કે, એનો ચરિયાણ વિસ્તાર પણ વધ્યો છે એટલે કે ચિતલ, સાંભર જેવા પ્રાણીઓનો વિસ્તાર પણ વધ્યો છે. આવા તૃણભક્ષી જીવોનો વધારો થયો છે કારણ કે, એમના માટે ઘાસિયા મેદાનો અને જંગલનો વ્યાપ વધ્યો છે. હું કચ્છ જિલ્લામાંથી આવું છું. ત્યાં ફ્લેમિંગો નામના પક્ષી વિદેશથી આવે છે અને અહીંયા આવીને વસવાટ કરે છે અને એ વખતે પક્ષી પ્રેમીઓ કચ્છ જિલ્લાની મુલાકાત લે છે ત્યારે એ પક્ષીઓને પણ સંવર્ધન મળી રહે એના માટે આપણી ગુજરાત સરકારમાં આયોજન થયું છે. હાલના દિવસોમાં માનનીય પ્રધાનમંત્રી સાહેબ ચિત્તાને ભારતમાં લઇ આવ્યા છે. ત્યારે હું આ ગૃહના માધ્યમથી વિનંતી કરવા માગું છું કે કચ્છમાં ખૂબ મોટો બન્ની વિસ્તાર છે. કચ્છના ભૌગોલિક વિસ્તાર અને ક્લાઇમેટના કારણે ભવિષ્યમાં ચિત્તાઓ ગુજરાતનું ઘરેણું બને તો આવનારા દિવસોમાં ચિત્તાને ગુજરાતમાં પણ લાવવામાં આવે એવી વિનંતી સાથે મારી ચર્ચા પૂરી કરું છું. ધન્યવાદ. ભારત માતા કી જય.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન(દરિયાપૂર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ લઘુમતી સમાજ માટે જે યોજનાઓ લાવ્યા છે તે યોજનાઓનો લાભ લઘુમતી સમાજને થવાનો છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમની સહાય યોજનાઓ ચલાવવામાં આવે છે. જેમાં ધાર્મિક અલ્પ સંખ્યક સમાજ જેવાં કે મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, બુદ્ધ, પારસી, યહૂદી અને ભાષાકીય સમુદાય જેવાં કે સિંધી, મરાઠી, ઉર્દૂનો સમાવેશ થાય છે. આ સમાજના વિદ્યાર્થીઓને ટૅકનિકલ કે નૉન ટૅકનિકલ અભ્યાસ માટે વાર્ષિક રૂ.૫ લાખ એટલે કે પાંચ વર્ષ માટે રૂ. ૨૦ લાખની સહાય કરવામાં આવે છે. આ સમાજના વિદ્યાર્થીઓને જો વિદેશ ભણવા જવાનું હોય તો તેમને વાર્ષિક રૂ.૬ લાખ એટલે કે પાંચ વર્ષ માટે રૂ.૩૦ લાખની સહાય કરવામાં આવે છે અને તેનો વ્યાજદર માત્ર ૩ ટકા હોય છે. તેના માટે હું સરકારને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. વિદ્યાર્થીઓને સ્વરોજગારી માટે વ્યવસાયલક્ષી તાલીમ

લેવાની હોય તો અને તેમણે તાલીમમાં સફળતાપૂર્વક કામગીરી કરેલ હોય તો તેમને માસિક રૂ.૧૦૦૦/−નું સ્ટાઇપન્ડ આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં કેન્દ્ર સરકારની સહાયની માઇનોરિટી વિદ્યાર્થીઓ માટે ચાલતી અન્ય સ્કૉલરશિપ યોજનાઓમાં પોસ્ટ એસ.એસ.સી. સ્કૉલરશિપ યોજના, મેરિટ કમ મિન્સ સ્કૉલરશિપ યોજના, પ્રિ−મેટ્રિક સ્કૉલરશિપ જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. પોસ્ટ એસ.એસ.સી. સ્કૉલરશિપ યોજના હેઠળ ધો.૧૧ અને ધો.૧૨ને સમકક્ષ ટૅકનિકલ અને વૉકેશનલ કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે માસિક રૂ.૨૩૦/−થી રૂ.૩૮૦/−ની સહાય પૂરી પાડવામાં આવે છે. યુ.જી. અને પી.જી. કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસિક રૂ.૩૦૦/−થી રૂ.૫૭૦/− સુધીની સહાય પૂરી પાડવામાં આવે છે. પી.એચ.ડી. કોર્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસિક રૂ.૫૫૦/−થી રૂ.૧૨૦૦/− સુધીની સહાય પૂરી પાડવામાં આવે છે. ઉપરોક્ત તમામ કોર્સમાં વિદ્યાર્થીઓએ એડમિશન અને ટ્યુશન ફી પેટે રૂ.૩૦૦૦/−થી રૂ.૧૦,૦૦૦/−ની મહત્તમ સહાય પૂરી પાડવામાં આવે છે. મેટ્રિક કમ મીન્સ સ્કોલરશિપ યોજના હેઠળ મેડિકલ અને એન્જિનિયરિંગ જેવા પ્રોફેશન કોર્સમાં અભ્યાસ કરવા માટે રૂ.૫૦૦ અને રૂ.૧,૦૦૦ જેટલી માસિક સહાય પૂરી પાડવામાં આવે છે તેમજ ઉપરોક્ત અભ્યાસક્રમમાં રૂ.૨૦,૦૦૦ જેટલી મહત્તમ સહાય પૂરી પાડવામાં આવે છે. પ્રિ−મેટ્રિક સ્કોલરશિપ યોજના હેઠળ ધો. ૧થી ૫માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂ.એક હજારની આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. જ્યારે ધો. ૬થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને એડમિશન પેટે રૂ.પાંચ હજાર અથવા વાસ્તવિક લઘુત્તમ ફી ચૂકવવામાં આવે છે. વાર્ષિક શિક્ષણ ફી પેટે રૂ. ત્રણ હજાર પાંચસો અથવા વાસ્તવિક ખર્ચ થયો હોય તેમાંથી જે લઘુત્તમ હોય તે ચૂકવવામાં આવે છે તથા વાર્ષિક જાળવણી ભથ્થાં પેટે રૂ.એક હજાર થી રૂ.છ હજાર સુધી ચૂકવવામાં આવે છે. 'પઢો પરદેશ' યોજના હેઠળ માઇનોરિટીના વિદ્યાર્થીઓને વિદેશ જઇ માસ્ટર, એમ.ફિલ., પી.એચ.ડી. જેવા કોર્સીસમાં અભ્યાસ કરવા માટે ઇન્ટર સ્ટેટ સબસિડી ઓન એજ્યુકેશન લોનની સહાય પૂરી પાડવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી દ્વારા અભ્યાસ પૂર્ણ થયા પછી મોરિટોરિયમ પીરિયડ એટલે કે તે અભ્યાસ પૂરો કરે ત્યારબાદ પાંચ થી છ મહિના ધંધા રોજગાર માટે વિચાર કરતો હોય તો તેને ૬થી ૧૨ મહિના લોનના હપ્તા ચૂકવવાના રહેતા નથી. છેલ્લે એક સુવાક્ય કહું. ''તમે વિશ્વમાં જો પરિવર્તનની અપેક્ષા રાખો છો તો તેની શરૂઆત તમે પોતાનાથી કરો.''

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની વાત કરું તો મારા દરિયાપુર વિધાનસભા વિસ્તારમાં લઘુમતી લોકો ખૂબ મોટા પ્રમાણમાં છે. ભૂતકાળની સરકારોમાં આવી કોઇ પણ સહાય મળતી ન હોવાના કારણે મારા વિસ્તારમાં વર્ષ ૧૯૮૫ થી ૧૯૯૨ સુધી અવારનવાર તોફાનો થતાં હતાં. આ તોફાનોના કારણે વિસ્તારમાં અશાંતિ ફેલાતી હતી પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ આ લઘુમતી સમાજના લોકોને ધંધા રોજગાર અને શિક્ષણ માટે લોન આપી. ગુજરાત યુનિવર્સિટીમાં હું વર્ષોથી કામ કરી રહ્યો છું. ૨૦ વર્ષ પહેલાં ગુજરાત યુનિવર્સિટીમાં માત્ર એક કે બે લોકોને જ ગોલ્ડ મૅડલ મળતા હતા. હમણાં હું ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં ગયો ત્યારે લગભગ ૧૬ લોકોને ગોલ્ડ મૅડલ મળ્યા છે. આપણી સરકારના કારણે લઘુમતી સમાજનો ખૂબ જ ઉદ્ધાર થયો છે. આ સમાજમાંથી મોટા મોટા ઉદ્યોગપતિઓ પણ બન્યા છે તેના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને દેશની આદરણીય નરેન્દ્રભાઇ મોદીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રજૂ થયેલ અંદાજપત્રના સમર્થનમાં કુટિર ઉદ્યોગ વિશે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ તેમ કુટિર ઉદ્યોગ એટલે કુટુંબના જ સભ્ય દ્વારા ઓછામાં ઓછા મૂડીરોકાણથી સ્થપાયેલો ઉદ્યોગ. કુંભારી, સુથારી, લુહારી કામ, ચામડાની બનાવટો, હાથશાળ, ઘાણી, કાસ્ટ, હાથી દાંતની બનાવટો, વાસણો, રેશમી તથા સુતરાઉ કાપડનું વણાટ, જરીકામ, મધમાખી ઉછેર, વાંસની વસ્તુઓ, ગોળ બનાવવાના નાના કુલાઓ, બીડી, ચટાઇ વગેરે બનાવવાનું કામ કરતાં અસંખ્ય કારીગરો જેવાં કે, લુહાર, સુવર્ણકાર, કુંભાર, સુથાર, શિલ્પકારો, કડિયા ઉપરાંત પોતાના હાથથી, કલા કારીગરીથી આવી વસ્તુઓ બનાવતાં અસંખ્ય લોકોની આ વાત છે. આ લોકો પરંપરાગત જૂની એક જ ઢબથી માર્કેટિંગના કોઇ સહારા વગર તેમજ કોઇ અદ્યતન મશીનરીના ઉપયોગ વગર પોતાની વસ્તુઓ બનાવતા હોય છે. આ લોકોની આર્થિક સ્થિતિ સારી હોતી નથી. તેમની રહેવાની જગ્યા અને ધંધાની જગ્યાની સ્થિતિ પણ સારી હોતી નથી. આવા દયનીય સમાજના કરોડો લોકો પર દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની નજર પડી. આ લોકો માનભેર જીવી શકે, એમની આર્થિક સ્થિતિ સુધરે, એમને સહાય મળે, તાલીમ મળે અને તેમની ઉત્પાદિત વસ્તુનું આકર્ષક ડિઝાઇનિંગ, પેકેજિંગ અને બ્રાન્ડિંગ થઇ શકે તેવું આયોજન કરવાનો નિર્ણય આદરણીય વડાપ્રધાનશ્રી અને ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. એટલા માટે જ આદરણીય વડાપ્રધાનશ્રીએ 'લોકલ ફોર વોકલ'ની વાત કરી છે. આ ઉપરાંત જાડા ધાન્યો તેમજ દેશી બનાવટો દ્વારા ભારતને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ લીધો છે. આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને સહાય કરવા, તાલીમ આપવા, અદ્યતન સામગ્રી વસાવવા અને બેંક લોનની વ્યવસ્થા માટે પી. એમ. વિશ્વકર્મા યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના થકી તેમના જીવનમાં આમૂલ પરિવર્તન આવશે. તેમને સરળતાથી લોન સહાય મળશે તેમજ તેમની કુશળતામાં ઉત્તરોઉત્તર વધારો થશે. આ યોજના થકી હસ્તકલા કારીગરોની સમૃદ્ધ પરંપરાનો વિકાસ થશે. પી. એમ. વિશ્વકર્મા યોજના થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબનો આશય આજના કારીગરોને આવતીકાલના મોટા ઉદ્યોગ સાહસિકોમાં ફેરવવાનો છે. આ યોજના થકી કારીગરો દ્વારા બનાવેલા ઉત્પાદનો આકર્ષક ડિઝાઇનિંગ, પેકેજિંગ અને બ્રાન્ડિંગવાળા હોવા જોઇએ. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, દેશના તમામ જિલ્લાઓ પોતાના જિલ્લાની કોઇ

પ્રોડક્ટનું ઉત્પાદન કરી શકે અને ભાગ લઇ શકે એ માટે કુટિર ઉદ્યોગ ખાતા દ્વારા 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' નો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક જિલ્લામાંથી વિશિષ્ટ ઉત્પાદનની પસંદગી કરી તેનું બ્રાન્ડિંગ અને પ્રમોશન કરી એ પ્રોડક્ટ દુનિયાભરમાં જાણીતી બને તે માટેના પ્રયાસો થઇ રહ્યા છે. આ આયોજનના ભાગરૂપે ગુજરાતમાં જુદા-જુદા ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોનો સમાવેશ કરીને રાજ્ય સરકારે રૂ. ૫૮ કરોડની ફાળવણી કરી છે. 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' ની વાત કરું તો, મારા છોટાઉદેપુર જિલ્લામાં મેજ પ્રોડક્ટની પસંદગી થઇ છે. તે અંતર્ગત જેતપુર પાવી તાલુકાના મોટી અમરોલ ગામે મકાઇમાંથી પાસ્તા બનાવવાનું કારખાનું સ્થાનિક ઉદ્યોગ સાહસિક દ્વારા શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાથી દેશ અને ગુજરાતના કરોડો કારીગરોને પી.એમ.વિશ્વકર્મા યોજના અને 'વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ' નો આગામી દિવસોમાં લાભ થાય એ સાથે મારી વાત પૂરી કરું છું. ભારત માતા કી જય. વંદે માતરમ્. જય જય ગરવી ગુજરાત.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આદરણીય શ્રી કનુભાઇ દેસાઇએ વર્ષ ૨૦૨૪-૨૫નું જે બજેટ રજૂ કર્યું છે, તેને આવકારવા માટે ઊભો થયો છું. આજે આ સભાગૃહમાં ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પક્ષના વિવિધ સભ્યશ્રીઓ અને આમ આદમી પાર્ટીમાંથી સભ્યશ્રી હેમંતભાઇએ પોત-પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. પોતાનો દ્દષ્ટિકોણ મૂક્યો છે. ઘણા બધા સભ્યશ્રીઓએ બજેટને વખાણ્યું છે અને આવકાર્યું છે તથા જુદા-જુદા વિભાગો માટે જુદી-જુદી બજેટની જે રકમની ફાળવણી કરી છે એ રકમના હેતુઓ સાથેની છણાવટપૂર્વક ચર્ચા કરી છે, એના માટે હું તમામ સભ્યશ્રીઓનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતનું બજેટ ચંદ્રયાન માટે યાન જયારે લૉન્ચ થાય અને ચંદ્રની નજીકની કક્ષામાં પહોંચવાની તૈયારી કરે એટલે એનું ફાયર એન્જિન છૂટું પડે અને સ્ટાર્ટ ચાલુ થાય છે. વર્ષ ૨૦૪૭નો આ સ્ટાર્ટ છે. વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારત બનાવવા માટેનો સંકલ્પ આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ લીધો છે. ૨૧મી સદીની શરૂઆત ગુજરાત રાજ્યથી થઇ અને આજે ભારત દેશ એના ફળ ચાખી રહ્યું છે. સ્વાભાવિક છે કે, દુનિયાની નજર ભારત દેશ ઉપર છે અને ભારત દેશની નજર ગુજરાત રાજ્ય ઉપર છે. ભારત દેશ શું કરે છે? ભારત દેશ કેવી રીતે વિચારે છે? ભારતની ફિલોસોફી, મિત્રતા, ભારતના સંબંધો અને આવનાર સમયમાં વિશ્વમાં ભારતનું મહત્ત્વનું પ્રદાન શું હોઇ શકે? આ દેશમાં જી-૨૦ની સમિટનું ભવ્ય રીતે આયોજન થયું. જી-૨૦ની સમિટની ૬૬ કે ૬૭ ઇવેન્ટોમાંથી ૧૭ જેટલી મહત્ત્વની ઇવેન્ટો ફક્ત ગુજરાત રાજયમાં થઇ છે. વર્ષ ૨૦૪૭માં ભારત દેશના વિકાસમાં ગુજરાત રાજ્ય એ અગ્રેસર ભૂમિકા ભજવવાની છે, એ નિશ્ચિત બાબત છે. વર્ષ ૨૦૪૭માં વિકસિત રાષ્ટ્ર બનવાની આપણે જયારે વાત કરતાં હોઇએ ત્યારે ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં ભારતના જી.ડી.પી.માં સર્વપ્રથમ નંબરે આવે, જી.ડી.પી.માં સૌથી વધારે મહત્ત્વનું યોગદાન ગુજરાત રાજ્યનું હોય એ પ્રકારનું આ વખતનું બજેટ ૩૬૦ ડિગ્રીએ છે. તમામ પાસાઓમાં, તમામ વિભાગોમાં એ રીતનું જે બજેટ મૂકવામાં આવ્યું છે તે ખરેખર અભિનંદનીય છે. દર વખતે બજેટ રજૂ થાય છે પરંતુ સામાન્ય લોકો, સામાન્ય વર્ગ, ગરીબ વર્ગ, પછાત વર્ગ, આદિવાસી વર્ગ, એસ.સી. વર્ગ આ તમામની પાયાની મૂળભૂત જરૂરિયાતો સાથે ઝીણવટપૂર્વક સંકલિત કરતું આ બજેટ મને લાગે છે કે આવનાર સમયમાં હજુ પણ વધારે મહત્ત્વનું બની રહેશે. દર વખતે આપણો ઇતિહાસ રહ્યો છે કે ઐતિહાસિક બજેટ, વધુ રકમનું બજેટ આ સિલસિલો હંમશા ચાલતો રહેવાનો છે. ભૂતકાળમાં કયાંક સંસદમાં બોલાય કે, ૫ ટ્રિલિયન ઇકોનોમી વાળો ૩૦ વર્ષનો રોડમેપ, એવું નહીં અહીંયા તો ભારત દેશે નક્કી જ કર્યું છે અને ભારત દેશે નક્કી કર્યું છે એમાં ગુજરાત રાજ્ય ૨૧મી સદીમાં પૂરતો સાથ આપવાનું છે. આજે આ સભાગૃહમાં થોડી વાતો થઇ છે. એમાં શ્રી કિરીટભાઇએ દેવા અને કરની વાત કરી છે. આપણી ગુજરાતીમાં એક કહેવત છે કે, ઘી પીવા દેવું કરાય. ઘી એટલા માટે પીવાય કે મજબૂત થવાય, મજબૂત થઇએ તો વધારે મહેનત થાય અને વધારે મહેનત થાય તો વધારે આવક થાય. આ કહેવત ભૂતકાળમાં સાચી હતી અને આજે પણ સાચી છે. પ્રાચીન, અર્વાચીન કાળમાં પણ એ વાત સાચી છે. દારૂ પીવા દેવું ન કરાય, ઘી પીવા દેવું કરાય. આપણે ઘી પીવા માટે અને રાજ્યને મજબૂત કરવા માટે દેવું કરીએ છીએ. દેવું કોને મળે? મારી કેપિસિટી રૂ. ૨ લાખ ચૂકવવાની ના હોય તો મને રૂ. ૨ કરોડની રકમ કોઇ બેંક આપે ખરી? કોઇ શરાફ આપે ખરો? ગુજરાત રાજ્યની નાણાકીય શિસ્તતા એટલી બધી છે અને એમાં પણ ૧૩મા નાણાપંચની ભલામણ અને રાજ્ય વિત્તીય શિસ્તનું પાલન. આપણે વર્ષ ૨૦૦૫માં જે ભલામણો મળી. એમાં આપણે આકરી શિસ્ત, પોતાની સેલ્ફ સસ્ટેઇન, પોતાની જાત પર જ આકરા નિયમો લાદ્યા છે. આપણે નક્કી કર્યું છે કે રાજયનું કુલ દેવું રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદન એટલે કે જી.એસ.ડી.પી.ના ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું રહેશે. જે ૧૫.૩૪ ટકા જ છે. રાજ વિત્તીય ખાધ, ફિસ્કલ ડેફિસિટ રાજયના એકંદર ઘરગથ્થું ઉત્પાદનના ૩ ટકાની મર્યાદામાં રાખવાની વાત હતી તેની સામે આપણે ૧.૭૨ ટકાએ જ છીએ. ૨૩ વર્ષની અંદર કયારેય કેપિટલ કે વ્યાજ ચૂકવવામાં આ રાજયએ કયારેય એક દિવસનું મોડું કર્યું નથી. સાહેબ, ઓવરડ્રાફ્ટ લેવાના જે દિવસો હતા ને, એ દિવસો ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂરા કર્યા છે. ના અંબાજી મંદિરના ટ્રસ્ટમાંથી લેવા પડે કે ના નર્મદા માટે બોન્ડ કાઢવા પડે. નર્મદા પોતાના બલબુતા ઉપર પૂરી કરવા માટે આ રાજ્ય સક્ષમ છે એ આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબ અને ભારતીય જનતા પાર્ટીમાં શકય બન્યું છે સાહેબ.

માનનીય અધ્યક્ષશ્રી, હેમંતભાઇ કહેતા હતા કે ગ્રામ્યનું બજેટ છે ૧૨૧૩૮, શહેરી છે ૧૬૯૬. માનનીય અધ્યક્ષશ્રી, શહેરીકરણનો વ્યાપ વધતો ગયો છે. આજે ૪૮-૫૦ ટકા જેવું શહેરીકરણ થયું છે. ૫૦ ટકા જેટલું ગુજરાત ગામડાઓમાં વસે છે. એટલે સ્વાભાવિક છે કે શહેરમાં જયારે પણ માઇગ્રેશન થતું હોય એટલે ઉદ્યોગોની ગતિને વેગ મળતો હોય, નાના મોટા ધંધા

રોજગાર ત્યાં આવતા હોય. એટલે સ્વાભાવિક છે કે વધારે આવકની લાલચમાં અથવા તો ગામડામાં જે આવક હોય એના કરતા વધારે આવક માટે શહેરમાં એનું માઇગ્રેશન થતું હોય. શહેરમાં તો માઇગ્રેશન થાય, પરંતુ એના આઉટસ્કર્ટના ગામો. અત્યારે આપણી પાસે ૮ કોર્પોરેશન તો છે જ, પરંતુ આ વર્ષે બીજા ૭ નવા બનાવીએ છીએ. આઉટસ્કર્ટમાં રહેલા ગામો જે મ્યુનિસિપલ એરિયામાં એટલે કે નગરપાલિકા એરિયામાં જે સગવડો મળતી હોય, બિલકુલ અડીને આવેલા ગામ હોય, કયાંથી વલ્લભવિદ્યાનગર પૂરું થાય અને કયાંથી આણંદ ચાલુ થાય ખબર ના પડે. છતાં પણ આણંદમાં એનો સમાવેશ ના હોય. એ રીતે ૧૦,૧૨,૧૫ ગામો એવી નગરપાલિકાઓ કે જેની આજુબાજુ ખૂબ બધા પ્રમાણમાં ગામડાઓ ભળવા તૈયાર છે, અથવા તો ગામડાઓની ભળવાની માગણી છે, એ પણ વિકાસ ઝંખતા હોય છે. ત્યારે એવા સંજોગોમાં ૮ આપણી મહા નગરપાલિકાઓ હતી. ૭ આપણે નવી બનાવી રહ્યા છીએ. આ નવી બને એટલે સ્વાભાવિક ઇન્ફ્રાસ્ટ્રકચરનું જે જી.ડી.સી.આર.ના નોર્મ્સ પ્રમાણે જે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવું પડે. ગટરની લાઇન, પીવાના પાણી, ઇલેક્ટ્રિફિકેશન, રોડ-રસ્તા. આ બધા માટે વધારાના નાણાની જરૂર પડે. આપણે એ કરી જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં પણ, ગ્રામીણ બજેટમાં માર્ગ અને મકાન વિભાગ, મુખ્યમંત્રી સડક યોજના, ગામડાઓ માટે હજારો કરોડ વપરાયા છે અને હજુ પણ વપરાવાના છે. આદિવાસી વિસ્તારની વાત કરીએ ને તો આદિવાસી વિસ્તારમાં નાનામાં નાનું ફળિયું હોય, ઓછામાં ઓછા સો-દોઢસો લોકો પણ રહેતા હોય તો આપણે રસ્તા બનાવ્યા છે. આપણી એમ્બ્યુલન્સ ૧૦૮ ફટાફટ અડધી રાત્રે જઇ શકે એ પ્રકારની વ્યવસ્થા.

માનનીય અધ્યક્ષશ્રી, ડુંગરાળ વિસ્તાર હોય, પર્વતીય વિસ્તાર હોય, પાવાના પાણીની સમસ્યા હોય, પીવાના પાણીની સમસ્યા હોય. ગત વર્ષે રૂ. ૫૦૦ કરોડ કેવળ મોટા ચેકડેમ માટે આપણે નક્કી કર્યા છે અને કામ પણ ચાલુ છે. આ ચેકડેમ પર્વતોમાં બને, કુદરતી પાણી એમાં ભેગું થાય, એમાંથી પાણી પુરવઠાની યોજના પણ બની શકે અને એમાંથી ઇરિગેશન પણ થઇ શકે. આમ ઓલ આસ્પેકટમાં એ બધાં કામો થતાં હોય છે. ખેડૂતો માટેની યોજના, ગામડાઓ માટે જ હોય. તળાવો ઊંડા કરવા તો ગામડાઓ માટે થાય. ઇરિગેશન માટે અને ૨૦૬ ડેમ. પીવાનું પાણી કે ખેતરોને પાવાનું પાણી. એ પણ આ ડેમોમાંથી અપાય. ખેડૂતો માટેની વીજ સબસિડી. ખેડ ખાતર અને બિયારણ માટે શ્રી નરેન્દ્રભાઇ ૬ હજાર રૂપિયા આપે છે એ પણ ગામડામાં જાય. આરોગ્યલક્ષી જે બજેટ છે, આ વર્ષે તો ૨૦ હજાર કરોડ ઉપરનું આ બજેટ. એમાંથી ૭૦થી ૭૫ ટકા જે બજેટનું કદ છે. અને એ કયાં કયાં વપરાવાના છે? ૭૫ ટકા ઉપરની રકમ ગામડાઓમાં વપરાવાની છે. શિક્ષણનું બજેટ છે એ પણ ગ્રામ્ય વિસ્તારનાં બાળકો માટે મહત્તમ વપરાતું હોય છે. રમતગમતના સંકુલો પણ તાલુકા કક્ષાએ મળતા થયા છે અને એન.એફ.એસ.એ કાર્ડ, માનનીય કુંવરજીભાઇના તાબા હેઠળનું આ ખાતું છે એમાં પણ એન.એફ.એસ.એ. કાર્ડના ૭૦થી ૭૨ ટકા કાર્ડો ગામડામાં છે એટલે તમે ૧૨,૧૩૮ સામે નહીં એ તો મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રકચર પાયાકીય સગવડો માટેની ગ્રાન્ટ છે એના સિવાય અનેકવિધ રૂપિયા આપણે વાપરી રહ્યા છીએ અને જયારે સન ૨૦૨૪માં ખૂબ મહત્ત્વની બાબત હોય તો આ બે બાબતો ઉડીને આંખે વળગે એવી છે. એક તો ડિસેમ્બર ૨૦૨૩ પહેલા જે જી.૨૦નું સમાપન થયું અને સમગ્ર વિશ્વએ ભારતે મૂકેલા બધા એજન્ડા અને બધા પ્રસ્તાવ કબુલ કર્યા. આફ્રિકાના દેશોને સદસ્ય બનાવવવાનો પ્રસ્તાવ પણ સર્વસ્વીકૃતીથી પસાર કર્યો. પહેલાં આવું કોઇ દિવસ નહોતું થતું. હવે શ્રી નરેન્દ્રભાઇનું સક્ષમ નેતૃત્વ છે એના કારણે આજે વિશ્વ આપણને માનતું થયું છે અને જયારે વિશ્વ આપણને માનતું થયું હોય એટલે જયાંથી નવી નવી અને મહત્તમ બાબતો ગુજરાતે જે ભારતને આપી છે, મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ બન્યું. ઘરે ઘરે પીવાનું પાણી ઘર ઘર જલ બન્યું. આ બધી બાબતો ભારતને મળતી થઇ હોય એટલે ભારત અને ભારતમાં ગુજરાત એ પણ બહુજ ચોકસાઇથી, બહુજ સાવધાનીથી પોતાનું મહત્તમ યોગદાન કેવી રીતે આપી શકાય એના માટે બિલકુલ ચિંતીત છે. વિશ્વની ૭૫ ટકા થી પણ વધારે વસ્તીવાળા દેશો, ૮૫ ટકા કરતા વધુ ખેતી હોય એવા દેશો જયારે ભારતને માનતા હોય અને 'વસુધૈવ કુટુંમ્બકમ્'ની આપણી ભાવનાને પૂરસ્કૃત કરતા હોય, રશિયા યુક્રેન યુદ્ધ હોય, ઇઝરાયેલ ગાઝાનું યુદ્ધ હોય, આજે દુનિયા કયાંકને કયાંક બે ભાગમાં વહેચાય છે, આપણી મિત્રતા, આપણી ભાઇબંધી વિશ્વના તમામ દેશો સાથે છે. આપણે કયાંય કોઇના પક્ષકાર નથી થયા છતાં પણ આપણે આપણી મહત્તા સમજી અને તમામ લોકો, બન્ને લડતા દેશ આપણને મિત્ર છીએ અથવા તો આપણી સહાનુભૂતિ છે એના માટે આજે પણ આપણી સાથે સરસ મજાના સંબંધો રાખી રહ્યા છે. ગુજરાતના પરીપ્રેક્ષમાં ૧૭ બેઠકો તો આપણને મળી પરંતુ વાઇબ્રન્ટ સમિટ, આ ચાલુ વર્ષમાં ૨૦૨૪ની શરૂઆતમાં જે વાઇબ્રન્ટ સમિટ મળી, ૪૫.૨૦ લાખ કરોડનું આપણને રોકાણ મળશે. નવ જે જૂની વાઇબ્રન્ટ હતી એમાં પણ ૭૦-૭૧ ટકા કરતા પણ વધારે ધરતી ઉપર આવી ગયા છે. કદાચ કોઇને કયાંય નાણાકીય તકલીફ પડી હોય કે બીજી કોઇ તકલીફના કારણે ઉદ્યોગ ના સ્થાપી શકયો હોય એવું કયાંય બન્યું હોય પણ રાજય સરકારની મદદ, રાજય સરકારની નીતિઓના કારણે કોઇ ઉદ્યોગ નથી સ્થાપી શકયો એવું નથી બન્યું. આજ સફળતા બતાવે છે અને આ જૂના ઉદ્યોગ અને આ નવા ઉદ્યોગો હવે જયારે ચાલુ થશે એક કરોડ કરતા પણ વધારે લોકોને રોજગારી મળે એ પ્રકારનું આ પ્લેટફોર્મ બની ચૂકયું છે. '' ચરે વેતી ચરે વતી યહી તો અમારા મંત્ર હૈ'' ચહલતા જ રહો, કામ કરતા જ રહો ફળની ઇચ્છા ના કરો, ફળ તો ઓટોમેટિક મળવાનું જ છે પરંતુ ગોલ સાથે, વિઝન સાથે, દષ્ટિ સાથે જે ગુજરાતની ચાલવાની નીતિ છે, જે દષ્ટિ છે, માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ સાત ભીંત પાછળ જોઇ શકતા હતા કે આવતા સમયમાં શું થવાનું છે. સન ૨૦૦૧માં મુખ્યમંત્રી બન્યા એ વખતે એમને ખબર હતી કે એકવીસમી સદીમાં આ ટેકનોલોજી યુગ અને આવતા સમયની એડવાન્સ ટેકનોલોજીઓ, સન ૨૦૨૦ની

સદીની અંદર જેટલી ટેકનોલોજીનો આવિષ્કાર નથી થયો એટલો જ આવિષ્કાર આ એકવીસમી સદીમાં ૨૩ વર્ષમાં થયો છે. સન ર૦૪૭માં ભારતના સો વર્ષ પૂરા થાય એટલે દુનિયા કયાં હશે અને ભારતને કયાં મૂકવું છે એની પણ ચિંતા આપણે કરીએ છીએ. અમારું તો શાસન સેવા પદ્ધતિ માટેનું જ છે અને હંમેશા નાના લોકો વચ્ચે, ગરીબ લોકો વચ્ચે રહેવાની નીતિવાળી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને આગેવાનોની ટીમ છે. નાનામાં નાનો અવાજ, નાનામાં નાની મુશ્કેલી, ગામડાના ગમે તે છેડેથી, ગુરાતના ગમે તે છેડેથી મળે એ પ્રકારની વ્યવસ્થા છે. કેવળ સત્તા ઉપર બેઠા હોઇએ, ખુરશી ઉપર બેઠા હોઇએ એટલે નીચેનો અવાજ સંભળાય નહીં એવી અમારી કાર્યપ્રણાલિ જ નથી. અમારી કાર્યપ્રણાલિ છે, ગામડામાં વસતો માણસ, ગરીબ માણસ, ખેડૂત, ખેતમજૂર, ફેરિયો, લારીવાળો ફૂટપાથ ઉપર વેચવાવાળો સામાન્ય વર્ગનો વેપારી પણ જ્યારે રજૂઆત કરે ત્યારે એની ચિંતા થતી હોય છે અને આ વિકાસ કેવો છે? માનનીય અધ્યક્ષશ્રી, હું એવું નથી કહેતો કે, કોંગ્રેસે પણ ૪૦ વર્ષ રાજ્ય કર્યું એટલે એમણે વિકાસ કર્યો છે અમે એની બિલકુલ ના પાડતા નથી પણ સાહેબ, એ ગાડી કાયમ પહેલા ગેરમાં જ ચાલી. એને ટોપમાં પાડવાનું નસીબ અને એ આવડત અમારી પાસે આવી છે. આ ટોપ ગેરમાં એટલે પહેલા જે આપણી ટ્રેઇન હતી એ ધીમી અને અમુક ગતિએ ચાલતી હતી એના પછી આપણી પાસે વંદેમાતરમ ટ્રેઇન આવી એનાથી સ્પીડ વધારી. હવે બુલેટ ટ્રેઇન આવી રહી છે એટલે વિકાસના કાર્યો પણ અમે તેજ ગતિથી પૂરા કરી રહ્યા છીએ. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર (બેઠાં બેઠાં) : માનનીય મંત્રીશ્રી, ટ્રેઇનમાં ડબા તો અમારા જ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : ડબા નવા બન્યાં અને દશમાં બન્યાં. ''લીવિંગ વેલ અને અર્નિંગ વેલ'' ના સૂત્રને કેન્દ્રમાં રાખીને આ તૈયાર કરેલું બજેટ છે. ''લીવિંગ વેલ અને અર્નિંગ વેલ'' ઘર સારી રીતે કમાય અને સારી રીતે જીવી શકે. ફાઇવ–જી એ ટેકનોલોજીનો વિષય અને સૂત્ર પણ છે. ફાઇવ–જી અમે એને માનીએ છીએ કે જે ગરવી ગુજરાત હોય અન્ય પ્રદેશોથી શ્રેષ્ઠ આપણી ગરવી ગુજરાત, ગુણવંતી ગુજરાત, મૂલ્યનિષ્ઠ નાગરિક જીવન, પર્યાવરણ સંતુલન, સાંસ્કૃતિક વારસો, ગ્રીન ગુજરાત–રિન્યુએબલ એર્નજી, સર્ક્યુલર ઇકોનોમી, ગ્લોબલ ગુજરાત, વિશ્વ અને દેશ સાથે સંકળાયેલું ગુજરાત અને ગતિશીલ ગુજરાત. અન્ય પ્રદેશો કરતા પણ વૃદ્ધિ દર વધુ હોય તેમજ બદલાતી વૈશ્વિક પરિસ્થિતિમાં આર્થિક રીતે આપણે આગળ રહીએ એ પ્રકારનું ૩ લાખ ૩૨ હજાર કરોડનું બજેટ એ ગુજરાતના હોલિસ્ટિક અને સંતુલિત ડેવલપમેન્ટ માટે ખૂબ આગામી વર્ષો માટેનું એક વિઝન મૂકી રહ્યાં છીએ અને આ વિકાસ આપણે કોને કહીએ છીએ? વારંવાર કહેવામાં આવે છે કે ઉદ્યોગપતિઓનો વિકાસ, વેપારીઓનો વિકાસ. વેપાર અને ઉદ્યોગનો વિકાસ એટલે સામાન્ય જનને રોજગાર. એનો વિકાસ એટલે રેવન્યુમાં વધારો. એ રેવન્યુ તિજોરીમાં આવે અને તિજોરીમાંથી લોકો સુધી પહોંચે એ પ્રકારનું અને સાથે જે નીચલા વર્ગનો ગરીબ માણસ છે એમને તો ૨૫ કરોડ કરતા પણ વધારે લોકોને આપણે લિફ્ટ કર્યા છે. આની નોંધ કેવળ આપણે લઇએ છીએ અથવા તો ગુજરાતમાં કહીએ છીએ એવું નહીં આ આંકડા પ્રૂવ કરે છે. ઘણી વખતે સેવા સેવા સેવા ના માધ્યમની વાત થાય. સેવા ઋષિ કાળ અને ઋષિ પરંપરાથી આપણે ત્યાં આરોગ્ય અને શિક્ષણને સેવાનું માધ્યમ ગણ્યું છે. જ્યારે આરોગ્ય અને શિક્ષણને સેવાનું માધ્યમ ગણ્યું હોય એટલે ભૂતકાળમાં પણ રાજ્ય સત્તા દ્વારા અને નીચે ઋષિઓ, વેદો દ્વારા આરોગ્યની સેવાઓ થતી હતી એ એક હોલિસ્ટિક એપ્રોચથી લોકોના આરોગ્યની ચિંતા કરતા હતા. અત્યારે હાલ રાજ્ય સરકાર વત્તા ગુજરાતનો તો એક સ્વભાવ જ રહ્યો છે કે કોઇ પણ નાની મોટી આપત્તિ હોય કે આપત્તિ ના પણ હોય તો એન.જી.ઓ. અને સેવાભાવી લોકો ભેગા થઇને એનો સામનો કરતા હોય છે ત્યારે આ આરોગ્ય અને શિક્ષણમાં પણ આરોગ્યમાં રૂ.૨૦,૦૦૦ અને રૂ.૧૦૦ કરોડની ઐતિહાસિક જોગવાઇ આશરે ૬.૦૫ ટકાની સીધો પાંચેક હજાર કરોડનો આ વધારો આ વખતના બજેટમાં છે અને ગત વર્ષ કરતા ૩૨.૪ ટકાનો વધારો આપણે કર્યો છે. માળખાકીય સેવા, સવલતો આરોગ્ય વિષયક પડકારો અને સમાજના સહિયારા પ્રયાસથી ડામવાનો આ પ્રયાસ આપણે કર્યો છે અને એમાં મહદ અંશે નહીં લગભગ આપણે સફળ થયા છીએ. કયાંક નાની મોટી મીસિંગ લિંક હોય તો પણ એ પૂરવાનો આ બજેટથી આપણે પ્રયાસ કર્યો છે. કુપોષણનો વિષય પણ ખૂબ મહત્ત્વનો છે અને આપણે એમાં પાછળ છીએ એ સ્વીકારવામાં મને વાંધો નથી પરંતુ સરકારનો પ્રયત્ન બિલકુલ નિષ્ઠાપૂર્વકનો છે અને સતત એના વિશે ચિંતન, મનન આપણે કરીએ છીએ. એના માટે દવાઓ, સામાજિક જાગૃતિ, સામાજિક જાગૃતિની સાથે સેલફેલ ગૃપને પણ સાથે લેવાની ચિંતા કરીએ છીએ. આ સામાજિક વિષય છે. જયારે ઝીરો ફિગરની ચિંતા શહેરની આપણી દીકરીઓ કરતી હોય એટલે સ્વાભાવિક આ કુપોષણનો વિષય એ ગામડું હોય કે શહેર હોય, સાર્વત્રિક રીતે કંઇ આદિવાસી જિલ્લામાં જ આ વિષય નડે છે એવું નથી. પરંતુ આંકડાઓ એ બતાવે છે કે જેને આપણે સમૃદ્ધ જિલ્લાઓ કહીએ છીએ એ સમૃદ્ધ જિલ્લાની અંદર પણ કુપોષણનું પ્રમાણ જોવા મળ્યું છે. સરકાર પ્રયત્ન કરે એટલું પૂરતું નથી. આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે ભૂતકાળમાં ટહેલ નાખી હતી સમાજ સામે કે દીકરીઓને ભણાવો. આજે ૭૦થી ૭૫ ટકા દીકરીઓ ગોલ્ડ મેડલ લાવતી થઇ છે. દીકરીઓને બચાવવાની વાત કરી. સમાજના સહયોગથી આખો જેન્ડર રેશિયો બદલાઇ ગયો. કુપોષણના વિષયમાં

## તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ )

કોઇપણ ટીકા કર્યા વગર મિત્રોને એક વિનંતી છે આ વિષય સામાજિક છે તમે અને અમે સૌએ સાથે મળીને આ બાબતની આપણે ચિંતા કરવી પડશે. આપણે જયાં રહીએ છીએ, આપણા મત વિસ્તારના જેટલા ગામો છે તેના પદાધિકારીઓ, ચૂંટાયેલા લોકો, ગામના આગેવાનો, સામાજિક આગેવાનોને સાથે લઇ મારું ગામ કુપોષણ મુકત ગામ. મહોલ્લાની અંદર ૫-૧૦ દીકરા, દીકરીઓ ભણતા હોય સરકાર નક્કી કરે કે એને આટલી આટલી ડેફિશિયન્સી છે તો એ મહોલ્લો ના ઉપાડી શકે? સરકાર મદદ કરે અને મહોલ્લો એનું ધ્યાન રાખે અને એ એક જીવનના રૂટીનમાં જો એને વણી લે તો આ કુપોષણનો વિષય એ સામાજિક પક્ષ વિપક્ષ સિવાય સાથે મળીને જો કરીએ મારો મહેલ્લો કુપોષણમુકત મહેલ્લો, મારું ગામ કુપોષણમુકત ગામ આ પ્રકારનો એક સંકલ્પ અને એક નારો જો અપનાવીએ તો મને લાગે છે કે આ કુપોષણમાંથી આપણે સૌ ના તમારે સાંભળવું પડે, ના સરકારને સાંભળવું પડે અને એમાંથી નીકળવા માટે સરકારના કરોડો રૂપિયા વપરાય છે. સગર્ભા માતાઓને આપીએ છીએ. આંગણવાડીમાં આપીએ છીએ, સ્કૂલમાં આપીએ છીએ અને આ વખતે તો એના માટેની સ્પેશ્યલ જોગવાઇઓ કરી છે. હોલિસ્ટિક એપ્રોચ સાથે આદિવાસી જિલાઓમાં કેન્દ્રીયકૃત ભોજનશાળામાંથી આપણે ભોજન મોકલવાની વ્યવસ્થા કરી રહ્યા છીએ પણ સરકારનો પ્રયત્ન આંગળી ચીંધવાનું કામ એ આપણે સૌએ કરવાનું છે ત્યારે આપણે સૌ એમાં સાથે મળીને કામ કરીશું તો મને લાગે છે કે આવતા સમયમાં ટૂંક જ સમયમાં ૧થી ૨ વર્ષમાં સાથે મળીને જો કામ કરીએ તો ચમત્કારિક પરિણામો આવી શકે એમાં કોઇ શંકાને સ્થાન નથી. આ વખતે તો આપણે માતાઓ માટે ચિંતા કરી. જે માતાઓ કુપોષણ સિવાય અમુક વિષયો એવા હોય છે કે માતા મૃત્યુનો દર પણ એમાં વધતો હોય છે. બાળ મૃત્યુનો દર પણ એમાં વધતો હોય છે. આ વખતે રાજય સરકાર દ્વારા જે માતાઓ અતિ ગંભીર લાગે એ માતાઓને આપણે ૭ દિવસ પહેલા સારામાં સારા દવાખાને લઇ જઇશું. એસ.ડી.એફ.થી નીચે નહીં એવી તમામ કાં તો મેડિકલ કોલેજ હોય, ડિસ્ટ્રિક હોસ્પિટલ છે કાં તો સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ છે અને સબ ડિસ્ટ્રિક હોસ્પિટલમાં લઇ જઇએ અને માનો કે એ ગરીબ ઘરની હોય તો ૧૫૦૦૦ રૂપિયા આપવાની વ્યવસ્થા એ માતાને સરકાર કરે છે અને એ માતાની સંભાળ રાખતી આશાબેનને પણ ૩૦૦૦ રૂપિયા આપવાની ચિંતા સરકાર કરે છે. આ ચિંતા સરકાર કરી રહી છે. આનાથી ૭ દિવસ માતા અને બાળકને રાખીએ તો મોટાભાગે ૭ દિવસની અંદર બાળકનું મૃત્યુ થતું હોય છે તો આ બંનેના જે એમ.એમ.આર. અને આઇ.એમ.આર. જે કહીએ છીએ માતા મૃત્યુ દર અને શીશુ મૃત્યુ દર. સાહેબ ખૂબ મોટો બદલાવ, ખૂબ મોટો બદલાવ આપણે લાવી શકીએ તેમ છીએ. સામાજિક સંસ્થાઓ આપણી સાથે જોડાય, વિપક્ષ જોડાય, ચૂંટાયેલા પ્રતિનિધિઓ જોડાય, સમાજના આગેવાનોને જોડીને નક્કી કરીએ કે સરકાર જે કરે છે તેમાં સહયોગ આપીશું અને ધ્યાન રાખીશું. સરકાર કરોડો રૂપિયા ખર્ચે પણ કરોડો રૂપિયા યોગ્ય જગ્યાએ વપરાય અને સમાજની રીતભાત બદલવા માટે સામાજિક જાગૃતિ જરૂરી છે. ડૉકટરોની બૂમ તો કાયમ પડે જ છે. ત્યારે આ પ્રત્યેક જિલ્લામાં મેડિકલ કોલેજ બને તેની ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે. ૪૦ મેડિકલ કોલેજો થઇ ગઇ છે અને ૭૦૫૦ જેટલી સીટો થઇ ગઇ છે. આ વખતે રૂ. ૨૩૦૮ કરોડની મેડિકલ કોલેજ હોસ્પિટલ સાથે ત્રિસ્તરીય આરોગ્યની વ્યવસ્થા સાથે કરવા માટેની ચિંતા કરી છે. જે આરોગ્યની સેવા, સુવિધા અને માળખાકીય સવલતોને વધુ મજબૂત બનાવશે. અમારી સરકારે આરોગ્ય સેવાઓનું વિકેન્દ્રીકરણ કર્યું છે. ડુંગરાળ, અંતરિયાળ વિસ્તારમાં આપણે સેવાઓ આપવાનું કામ કર્યું છે. બે પૈડાં એટલે કે મોટરસાઇકલ સાથે તેની આરોગ્ય પેટી હોય તે ડુંગરા ઉપર ચડીને સેવા કરશે અને તે આ ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ છે. એટલું જ નહીં અમદાવાદમાં મેડિસિટી હોય તો બરોડામાં કેમ સુપર સ્પેશ્યાલિટી ન મળે. મધ્ય ગુજરાતના લોકોને અમદાવાદ સુધી શું કરવા આવવું પડે? બરોડા, સુરત, ભાવનગર, જામનગર રાજકોટમાં આ બધી ફેસિલિટી મળે. રાજકોટમાં તો એઇમ્સ આવી ગઇ છે. તે પૂર્ણતાના આરે છે. આ બધી વ્યવસ્થાઓનો વ્યાપ આગામી દિવસોમાં પૂરો કરવાના છીએ. આ વખતે બજૅટમાં તેના માટેની જોગવાઇઓ કરી છે. અમદાવાદ મેડિસિટીની સ્પાઇન ઇન્સ્ટિટયૂટ, આંખની એમ.એન.જે હોસ્પિટલ, ડેન્ટલ હોસ્પિટલ આ બધાને આપણે સર ઓટોનોમસ આપવા માગીએ છીએ. યુ.એન.મહેતા સાથે આઇ.કે.ડી.આર.સી. ને ઓટોનોમસ આપ્યું છે. સાહેબ દુનિયામાં તેણે કાઠું કાઢ્યું છે. દુનિયાની અંદર જયારે હોસ્પિટલોનાં નામ આવે એટલે યુ.એન.મહેતાનું નામ લેવું પડે, આઇ.કે.ડી.આર.સી.નું નામ લેવું પડે. આ એક નવી શરૂઆત કરીએ છીએ. તેના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે તકલીફ હોય તો તે બિનચેપી રોગો માટે હતી. આપણે નક્કી કર્યું છે કે, દર શુક્રવારે આનું સ્ક્રિનિંગ કરીએ અને લોકોને જાણ કરીએ. જેને ડાયાબિટીસ છે, બી.પી. છે તે શુક્રવારે જઇને ચેક કરાવે. કયાંક વધારે જોવા મળે તો આગળની સેવાઓ માટે પી.એચ.સી., સી.એચ.સી., સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલો છે તેમાં યોગ્ય દવા મળી રહે તેની ચિંતા કરીએ છીએ. ઘણી વખત એવું થાય છે કે, ચેક કરાવવા આવે અને પહેલી વખત ખબર પડે કે ૨૪૦ સુગર છે, હાઇ બી.પી. છે. ગામડાઓમાં બહુ મોટી મુશ્કેલી છે. કેન્સર, બી.પી., ડાયાબિટીસ, કિડની જેવા જે રોગો છે જે સીધા કોઇને અસરકર્તા નથી પણ વ્યકિતને અસરકર્તા છે તેવા તમામ રોગોનું સ્ક્રિનિંગ કરી યોગ્ય સમયે યોગ્ય સારવાર આપવાનો રાજય સરકારે ઉમદા પ્રયાસ કર્યો છે. મને કહેતા આનંદ થાય છે કે, અત્યાર સુધીમાં ૩૦ થી વધુ વયના ૨ કરોડ ૨૯ લાખ લોકોનું સ્ક્રિનિંગ કર્યું છે. છેલ્લા સવા વર્ષનો ઇતિહાસ છે. આ કાર્યવાહી સતત ચાલુ રહેશે. ગુરુવારે મમતા દિવસ તરીકે કામ કરીએ છીએ. શુક્રવારે એન.સી.ડી. ડે તરીકે નક્કી કર્યો છે. આજે સમાજમાં કેન્સરનું પ્રમાણ ખૂબ વધતું જાય છે. એટલે આપણી જી.સી.આર.આઇ.માં સાઇક્લોન, ઓપટ્રોન અને પ્રોટોન જેવી થેરાપી માટે રૂ. ૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આ સારવાર અત્યારે બે ખાનગી સંસ્થાઓમાં અપાય છે. આપણું રાજ્ય દેશમાં એવું પહેલું રાજ્ય બને છે કે, સરકારી હોસ્પિટલમાં

આટલી મોટી સુવિધા આપણે આપવા માટે તૈયાર થયા છીએ. એક વ્યક્તિને આ સારવાર લેવી હોય તો ૨૫થી ૩૦ લાખ જેટલો ખર્ચ થાય. આવી સારવાર માટે ગુજરાત સુસજ્જ થઇ રહ્યું છે. એલોપેથી સારવારની પદ્ધતિની સાથે દુનિયાએ જ્યારે યોગ, પ્રાણાયામ અપનાવ્યું છે ત્યારે આયુષનો વિષય, આયુર્વેદનો વિષય પ્રાચીનકાળથી ચાલતો આવ્યો છે, તેને દુનિયા સ્વીકારવા માંડી છે. ડબલ્યુ.એચ.ઓ.એ તો જામનગરની અંદર આયુર્વેદનું મોટું સેન્ટર આપ્યું છે. જેમાં દુનિયાભરની પ્રાકૃતિક ચિકિત્સાઓનું સંશોધન થાય આયુર્વેદ મહત્ત્વનું રહે અને એ સાથે ચાઇના, જાપાન કે બીજા દેશોની પ્રાકૃતિક ચિકિત્સાઓનું ત્યાં સંશોધન કરી અને દુનિયા સામે મૂકવાની વ્યવસ્થા કરી છે. પરંતુ આપણી જે પરંપરાગત પદ્ધતિ જે આયુષ્ય છે એ આયુષ માટે પણ આપણે સઘન બનાવવાનું કામ કર્યું છે. કોલવડાને સેન્ટર ઓફ એક્સલન્ટ આયુષ હેઠળના દવાખાનાને સુદૃઢ બનાવવા રૂપિયા ૪૮૨ કરોડની આપણે જોગવાઇ કરી છે. ફૂડ સેમ્પલિંગ, ટેસ્ટિંગની પ્રક્રીયા વધુ સરળ અને ત્વરિત બને તે માટે સુરત ખાતે ખોરાક ઔષધ નિયમનની નવીન કચેરી સ્થાપવા માટે રૂપિયા ૮૭ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ પણ સેવાનો વિષય છે. આરોગ્ય અને શિક્ષણ બંને ભેગા કરો તો લગભગ ૭૫ હજાર કરોડ રૂપિયા આ બે સેવા ક્ષેત્રમાં ગુજરાત સરકારે વાપરવાનું નક્કી કર્યું છે. એક શિક્ષિત બાળક, એક પરિવાર, એક શેરી, એક મહોલ્લો, ગામ, શહેર, રાજય અને દેશની કાયાપલટ કરી શકે છે. અગ્રિમતા આપી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ૫૫,૧૧૪ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આમ સેવાના વિષયોમાં આ બંને વિભાગો માટે ખૂબ મોટું બજેટ ફાળવીને નાણા મંત્રીશ્રીએ અને માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ખૂબ જ ઉદારતા બતાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, નમો લક્ષ્મી, નમો સરસવતી જેવી યોજનાઓની નવીન પહેલ કરી રાજયની દીકરીઓને શિક્ષિત બનાવી સશક્ત બનાવવાની કામગીરી સરકારે હાથ ધરી છે. ધોરણ−૯થી ૧૨માં ભણતી દીકરીઓને અભ્યાસ પૂરો કરે એ માટે કેમ કે, ધોરણ−૮માં આવ્યા પછી કામ માટે એને ઘરવાળા ભણતર છોડાવી ન દે અને ક્યાંક દૂર ભણવા જવું પડે તો પણ તૈયાર થાય એ માટે આ વ્યવસ્થા નમો લક્ષ્મી યોજનામાં કરી છે. આ યોજનામાં ૧૦ લાખ જેટલી દીકરીઓને લાભ મળશે અને રૂ.૧૨૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જેના દ્વારા ધોરણ−૯ અને ધોરણ −૧૦માં ૨૦,૦૦૦ અને ધોરણ−૧૧ અને ધોરણ−૧૨માં ૩૦,૦૦૦ રૂપિયા આમ એ ધોરણ−૧૨ સુધી ભણી શકે અને હાયર એજ્યુકેશન એનું પૂરું કરે ત્યાં સુધીની ચિંતા સરકારે એને નાણાકીય મદદ કરીને કરી છે અને નાણાકીય મદદ કરી હોય એટલે આવતાં વર્ષોમાં ૩૬૦ ડિગ્રીએ ખૂબ મોટો ચેન્જ આપણને જોવા મળશે. આવતા સમયમાં દીકરીઓ ભણતી થાય અને દીકરીઓ ભણતી થાય તો કુટુંબ સંસ્કારી બને, સુસંસ્કૃત બને અને સારી રીતે એ કુટુંબ પ્રગતિ કરી શકે એના માટે દીકરીઓને ભણાવવાની જરૂર છે. આપણે ત્યાં જોવા મળે છે કે, વિજ્ઞાન પ્રવાહમાં વર્ષે વર્ષે સંખ્યા ઘટતી જાય, ૧૨માં ધોરણમાં ૧૦થી ૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષાઓ આપે છે એમાંથી સાયન્સમાં ૨થી ૨.૫૦ લાખ વિદ્યાર્થીઓ હોય છે એનાથી વધુ હોતા નથી. આજે ટેકનોલોજીનો સમય છે અને આપણે ૨૧મી સદીની વાત કરતા હોય ત્યારે વિજ્ઞાનમાં છોકરાઓ વધારે રસ લે એના માટે નમો સરસ્વતી યોજનાની આપણે શરૂઆત કરીએ છીએ. ધોરણ ૧૧માં પ્રવેશ મેળવનારને રૂપિયા ૧૦,૦૦૦ અને ધોરણ−૧૨માં પ્રવેશ મેળવનારને આપણે રૂપિયા ૧૫,૦૦૦ની સ્કોલરશિપ આપવાના છીએ. મિશન સ્કૂલ્સ એક્સલન્સ અંતર્ગત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ઇન્ફ્રસ્ટ્રકચર અપગ્રેડેશન માટે રૂ.૩ હજાર કરોડની ફાળવણી કરી છે. માનનીય કિરીટભાઇ વાત કરતા હતા, આખા રાજયમાં જ્યાં જેટલા તાલુકામાં જોઇએ અને જેટલી આપણી સ્કૂલો છે એમાં ઓરડાની સંખ્યા ખૂટતી હોય અને ઓરડાઓ કદાચ જૂના થઇ ગયા હોય તો એ નવા ઓરડા બનાવવા માટેના ટેન્ડર પબ્લીસ થઇ ગયા છે. ખાલી મકાન બને એટલું પૂરતું નહીં એને સ્માર્ટ ક્લાસ બનાવવા માટેની પણ આ સરકારે યોજના તૈયાર કરી છે અને જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર અહીંથી ખાતરી આપે છે ત્યારે દરેક જગ્યાએ આ થશે અને માનનીય કાંતિલાલ દાંતામાં પણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગતની તમામ જોગવાઇઓમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. ઇજનેરી, પોલિટેકનિક કોલેજો ખાતે ભાવિ ક્ષેત્રો જેવા કે ગ્રીન હાઇડ્રોજન, ટેકનોલોજી વગેરેના સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપના કરવા માટે પણ સ્પોર્ટ્સ ટેકનોલોજી સેન્ટરની સ્થાપના કરવા માટે રૂ. ૩૫ કરોડની જોગવાઇ કરી છે. હવે સંશોધનના વિષયો અત્યારે દુનિયામાં વધી રહ્યા છે. આર. એન્ડ ડી. માટે આપણે એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં પણ એની વ્યવસ્થા કરીએ છીએ. આવતા સમયની અંદર રૂ.૧૦૦ કરોડના ખર્ચે આ વખતે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરી હતી અને ખૂબ મોટું સંશોધનનું ક્ષેત્ર ત્યાં બને, ઉદ્યોગો ત્યાં આવે, પોતાના સ્કીલ લઇને આવે અને સ્કીલ લઇને આવે એટલે તેના સંશોધનમાં તેને વેગ મળે તેના માટેની પણ આપણે વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પોર્ટસ ટેકનોલોજી સેન્ટર માટે રૂ.૩૫ કરોડ છે. મેં કહ્યું તેમ એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ માટે પણ નવી વ્યવસ્થા આપણે ઊભી કરી રહ્યા છીએ. નવીન અભિગમ અને પહેલના પરિણામે રમતવીરોના કૌશલ્ય અને ટેકનોલોજીના સમન્વયથી ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય અને ઓલમ્પિક લેવલના ખેલાડીઓ તૈયાર થશે. ભૂખ્યાને ભોજન આપવું તે આપણો મૂળભૂત સ્વભાવ છે. કોરોના જેવી વિષય પરિસ્થિતિમાં પણ કોઇ પણ જાતના આઇ.ડી.કાર્ડ કે ક્રાઇટેરિયા જોયા વિના ગરીબ અને જરૂરિયાત મંદને વિનામૂલ્યે રાશન આપવાનું કામ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની નેતૃત્વવાળી સરકારે કર્યું.

## તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે આ વર્ષના બજેટમાં અન્ન અને નાગરિક પૂરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે રૂપિયા ૬૨,૭૧૧ કરોડની જોગવાઇ કરેલી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા રાજયના ૭૨ લાખ કુટુંબોને ૪ વર્ષમાં ૬૮ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે પૂરું પાડવાનું ભગીરથ કાર્ય સરકારે કર્યું છે. રાજયનો કોઇ પણ ગરીબ ભૂખ્યો ના સૂવે તેની દરકાર પણ સરકારે કરી છે. રોટીની વ્યવસ્થા તો સરકારે કરી પરંતુ કુટુંબની એ એટલા માટે કરી કે રોટીની વ્યવસ્થા થાય તો રોટીમાં ખર્ચાતા રૂપિયા બચે તો એ તેની બીજી પ્રાયોરિટીને મહત્ત્વ આપી શકે એના માટે પણ આ યોજના ખૂબ મહત્ત્વની છે. એન.એફ.એસ.એ.કાર્ડ ધારકોને રાશનની સાથે પ્રોટિનયુકત પોષણક્ષમ આહાર પણ મળી રહે. તુવેરદાળ, ચણાના વિતરણ માટે રૂપિયા ૭૬૭ કરોડ એન.એફ.એસ.એ.એક્ટ–૧૩ હેઠળ અગ્રતા ધરાવતા અંદાજે ૭૨ લાખ કુટુંબોને એન.એફ.એસ.એ. હેઠળ આવરી લઇ અનાજ પૂરું પાડવા માટે ૬૭૫ કરોડ માતા બહેનોને ચૂલામાંથી રસોઇ બનાવવાથી દૂર રહે અને સ્વસ્થ વાતાવરણમાં રસોઇ કરી શકે તે માટે પ્રધાનમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના કાર્યાન્વિત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અને રાજય સરકારની પી.એન.જી. એલ.પી.જી સહાય યોજના અંદાજે ૩૮ લાખથી વધુ લાભાર્થીઓને ઘરગથ્થું વપરાશ માટે વર્ષમાં બે વખત વિનામૂલ્યે ગેસ સિલિન્ડર રીફિલ કરવા માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ કરી છે. મિલેટ વર્ષમાં પણ આપણે ખૂબ કામ કર્યું છે. દુનિયાએ જયારે આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ પસંદ કર્યું હોય, નક્કી કર્યું હોય ત્યારે તેના માટે પણ શ્રીઅન્નના વપરાશને પ્રોત્સાહન આપવા બાજરી, જુવાર, રાગીની ખરીદી પર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ ઉપરાંત ૬૩૦૦ પ્રતિ ક્વિન્ટલ પ્રોત્સાહક બોનસ ચૂકવવા રૂપિયા ૬૩૭ કરોડની જોગવાઇ કરી છે. પંચાયત અને ગ્રામ વિકાસમાં પણ આપણે ખૂબ મોટી જોગવાઇ કરી છે. મેં પહેલાં જવાબ આપ્યો ખૂબ બધી જોગવાઇઓ એમાં છે. એના સિવાય દરેક વિભાગમાં ગામડું તો આવે જ છે એટલે ગામડાંઓના વિકાસ માટે, ખેડૂતોના વિકાસ માટે ગામડામાં વસતા પ્રત્યેક ઘરના વિકાસ માટે અનેકવિધ જોગવાઇઓ કરી છે પરંતુ પર્ટીકયુલરલી આમાં પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે રૂપિયા ૧૨,૧૩૮ કરોડની જોગવાઇ કરી છે. મહત્ત્વકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોની મહિલાઓને તાલીમ અને નાણાકીય મદદ સાથે ક્ષમતાવર્ધન કરી અને સશકત આત્મનિર્ભર બનાવી લખપતિ બનાવવા કાર્યો હાથ ધરાશે. ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા તેમજ સુઘડતા સુનિશ્ચિત કરવા નિર્મળ ગુજરાત–૨ અંતર્ગત યોજનાકીય કામો સાથે જન–ભાગીદારીની વ્યવસ્થાઓ સાંકળી લેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગુજરાત–૨ અંતર્ગત એકત્રિત થતા ઘન અને પ્રવાહી કચરાના કાયમી નિકાલ તેમજ જાહેર સ્થળોની સફાઇનાં કામો માટે રૂપિયા ૬૩૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. ગ્રામજનોને પાકા આવાસો મળે તેના માટે વડાપ્રધાનશ્રીએ પ્રતિબદ્ધતા બતાવી છે. એ ટાર્ગેટ પૂરો કરવા માટે પણ આપણે રૂ.૭૫૧ કરોડની જોગવાઇ કરી છે. ઉદ્યોગોને અપાતા વેન્ચર કેપિટલના ધોરણે ગ્રામ્ય વિસ્તારના સામાજિક સાહસોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સોશ્યલ એન્ટરપ્રાઇઝ ફંડની સ્થાપના કરી છે. જે માટે આગામી પાંચ વર્ષમાં રૂ.૬૫૦ કરોડનો ખર્ચો કરવામાં આવશે અને આગામી વર્ષ માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરી છે. મેં કહ્યું એમ શહેરી વિકાસમાં પણ ખૂબ મોટી જોગવાઇ કરી છે કારણ કે, ૫૦ ટકા વસતી શહેરોમાં વસે છે. રૂ.૨૦,૦૦૦ કરોડ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આપવામાં આવનારા છે. વર્ષોવર્ષ આપણે શહેરોને મદદ કરતાં રહ્યા છીએ અને શહેરોને જે મદદ થઇ છે એના કારણે શહેરોમાં અવ્યવસ્થા ઊભી નથી થઇ. શહેર વધતું હોય, ગટરની વ્યવસ્થા પૂરતી ના થઇ હોય, પીવાના પાણીની વ્યવસ્થા ના થઇ હોય, રોડની વ્યવસ્થા ના થઇ હોય, લાઇટની વ્યવસ્થા ના થઇ હોય તો ખૂબ અંધાધૂંધી થાય. આ બધી વ્યવસ્થાઓ પૂરી કરવા માટે શહેરી વિકાસમાં પણ ખૂબ સરસ મજાનું આયોજન કર્યું છે. આપણે સાત જેટલી નવી મહાનગરપાલિકાઓ બનાવીશું. સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજનામાં રૂ.૮,૬૩૪ કરોડની જોગવાઇ કરી છે. ૨.૦ હેઠળ પાણી પૂરવઠા, ડ્રેનેજ સિસ્ટમ, તળાવો વિકાસ, પરિવહન વ્યવસ્થા માટે રૂ.૨૦૦૦ કરોડ, અમદાવાદ, સુરત મેટ્રો રેલ માટે રૂ.૧૮૦૦ કરોડ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગરીબો માટે રૂ.૩૨૩ કરોડ, રેલવે ક્રોસિંગ મુક્ત બનાવવા માટે, શહેરની અંદરથી જ્યારે રેલવે પસાર થાય છે ત્યારે ત્યાં ખૂબ મુશ્કેલી સર્જાય છે. પેટ્રોલ, ડીઝલ અને પર્યાવરણ બચાવવા માટે રૂ.૫૫૦ કરોડની જોગવાઇ કરી છે. સ્વચ્છ ભારત મિશનમાં પણ રૂ.૫૪૫ કરોડની જોગવાઇ કરી છે. આપને ખબર છે કે અત્યારે સમગ્ર ભારતમાં ગિફ્ટ સિટી ફિન ટૅક સિટી તરીકે ડેવલપ થઇ રહ્યું છે. જે ૯૦૦ એકરમાં હતું એનો વ્યાપ વધારીને ૩૩૦૦ એકર કરીએ છીએ. ગિફ્ટ સિટી જ્યારે પૂર્ણ રીતે ડેવલપ થશે ત્યારે સપનાંનું શહેર બનશે એમાં કોઇ શંકા નથી. વૉક ટુ વર્ક, લીવ વર્ક પ્લે કૉમ્યુનિટીની આપણી કલ્પના સાકાર થવાની છે. આ વિકાસ કાર્યક્રમમાં સાડા ચાર કિ.મી. લાંબો રિવરફ્રન્ટ, રિ–ક્રિએશનલ ઝોન, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યલક્ષી સવલતો, મેટ્રો કનેક્ટિવિટી, સેન્ટ્રલ પાર્કની સુવિધાઓનો સમાવેશ થશે. રિવરફ્રન્ટ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને એક નવો વિષય કે જે દરેક ધારાસભ્યને લગતો છે એમાં માર્ગ અને મકાનમાં પણ ખૂબ સારી એવી રૂ.૨૨૧૬૩ કરોડની જોગવાઇ છે. ગામડાથી ગામડાને જોડવાનો રસ્તો, ગામડાથી તાલુકાને જોડવાનો રસ્તો, તાલુકાથી તાલુકાને જોડવાનો રસ્તો, તાલુકાથી જિલ્લાને જોડવાનો રસ્તો, જિલ્લાથી જિલ્લાને જોડવાનો રસ્તો, પ્રવાસન ધામોને જોડવાનો રસ્તો, હાઇ સ્પીડ કોરિડોર બનાવવાનું કામ, કૉસ્ટલ

હાઇ–વે બનાવવાનું કામ જે સૌથી વધારે માગ સાથેની આ વખતની આપણી જોગવાઇ છે. આ વખતે તો ગ્રામ સડક યોજના માટે રૂ.૫૦૦૦ કરોડ મૂક્યા છે. સાપુતારા, સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી એકતાનગરને જોડતા પ્રથમ અને બીજા તબક્કા માટે રૂ.૨૮૪ કરોડની કામગીરી પ્રગતિ હેઠળ છે. એમાં રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જૂના પુલોના પુન: બાંધકામ, મજબૂતીકરણ, મરામત અને રેટ્રો ફિટિંગનાં રૂ.૫૩૦ કરોડનાં કામો માટે રૂ.૨૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષો પહેલાં એવું હતું કે પ્રવાસનને કોઇ અડતું જ નહોતું. પ્રવાસનના કારણે લોકોને રોજગાર મળી શકે, રાજ્યને રેવન્યુ મળી શકે, રાજ્યને ઓળખ મળી શકે એવો વિચાર ભૂતકાળમાં કદી નહોતો. આદરણીય શ્રી પ્રધાનમંત્રી સાહેબ જ્યારે આપણા ત્યાં મુખ્યમંત્રી હતા ત્યારે પ્રવાસનનું મહત્ત્વ સમજ્યા અને એના કારણે ધોરડોને વિશ્વ લેવલે મૂકવાનું કામ આપણે કર્યું છે. ગરબાને વિશ્વ ઓળખતું થયું છે. અમદાવાદની પોળોને વિશ્વ ઓળખતું થયું છે. રોજગાર અને રેવન્યુ તમામ બાબતોમાં પ્રવાસન એ ખૂબ મોટો મહત્ત્વનો રોલ ભજવી શકતું હોય તેના માટે રૂ.૨૦૯૮ કરોડની જોગવાઇ કરી છે. રામ મંદિર તો બની ગયું, રામ ભગવાન તો મંદિરમાં નિવાસ કરશે પણ ગુજરાતી જો દર્શન કરવા જાય તો તેના નિવાસની ચિંતા પણ આ સરકારે કરી છે. ગોવાની જેમ શિવરાજપૂરમાં રૂ.૨૦૦ કરોડનાં કામ પ્રગતિ હેઠળ છે. રાજ્ય બહારના ૧૭.૬૫ કરોડ અને ૨૪.૯ લાખ જેટલા વિદેશી પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી. પહેલાં કેટલા પ્રવાસી આવે છે અથવા તો પ્રવાસનની શું હાલત છે તેની કોઇ જાણ ન હતી. ધાર્મિક પ્રવાસન, મનોરંજન પ્રવાસન સાથે સ્પોર્ટ્સ એક્ટિવિટી ધરાવતાં પ્રવાસનોમાં પણ આપણે ખૂબ મોટો જમ્પ કરી રહ્યા છીએ. આવતા સમયમાં ગુજરાત ટુરિસ્ટ ડેસ્ટિનેશન બને તેના માટે સરકારે સતત પ્રયત્નો કરવાનું નક્કી કર્યું છે અને તેનાં પરિણામો આ આંકડાઓ ઉપરથી આપણને મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો બેડા યુદ્ધ થતા હતા. હવે ટેન્કર દ્વારા નહીં પરંતુ નળ દ્વારા પાણી મળે છે. આપણું સૂત્ર છે હર ઘર કો પાની, હર ખેત કો પાની. દરેક ઘરમાં પાણી આવે એટલે મહિલાઓને લગભગ શાંતિ. સમયની બરબાદી, શારીરિક શ્રમ આ બધું જ બંધ થઇ જાય, તેની ચિંતા આ રાજ્ય સરકારે કરી. આજે દેશના તમામ ગામોને ઘર સુધી પાણી પહોંચાડવાનું કામ થયું છે. મહદ્અંશે ક્યાંક નાની–મોટી ફરિયાદો હશે પરંતુ બને ત્યાં સુધી હોરિઝોન્ટલ પાણી પહોંચાડવા માટેનો પ્રયત્ન રાજ્ય સરકારની જૂથ પાણી પૂરવઠા યોજના દ્વારા કરવાનું નક્કી કર્યું છે. ઇરિગેશનમાં તો ખૂબ સારી રીતે પ્રગતિ થઇ છે. નર્મદા અને બાકીના ૨૦૫ ડેમના કમાન્ડ વિસ્તારમાં પૂરેપૂરું પાણી મળે છે. ચોમાસું સારું હોય તો ફક્ત ચોમાસામાં કેનાલો દ્વારા પાણી આપીએ છીએ અને ખેતી કરીએ છીએ એટલું જ નહીં પરંતુ ચોમાસાનું વધારાનું પાણી એક મિલિયન એકર ફૂટ સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતમાં વિતરણ થયું. ચોમાસાનું વધારાનું પાણી કેવી રીતે લઇ જવાય એ દૃષ્ટિ જ ન હતી. મોટી પાઇપ, મોટા હોર્સપાવરવાળા જનરેશન પમ્પ સ્ટેશનો દ્વારા આપણે આ કામ પૂરું કર્યું છે. કચ્છમાં પણ રૂ.૪૩૦૦ કરોડનાં ખર્ચે કામ ચાલુ છે. સેકન્ડ ફેઝ પણ ચાલુ કરવાની તૈયારીમાં છીએ. તળાવો ઊંડા કરવા માટે જળ સંપતિ પ્રભાગ માટે રૂ.૧૧,૫૩૫ કરોડની જોગવાઇ, આમ જુદી જુદી ઘણી યોજનાઓ છે. મારા ખેરાલુ અને સતલાસણા માટે પાઇપલાઇન માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઇ, સરદાર સરોવર યોજના માટે પણ રૂ.૪૭૯૮ કરોડની જોગવાઇ, જુદી જુદી અનેક યોજનાઓમાં કદાચ બ્રેકઅપ છે પરંતુ સમયના અભાવે હું વિસ્તૃત ચર્ચા કરતો નથી. પાણી પૂરવઠા માટે રૂ.૬,૨૪૨ કરોડની જોગવાઇ, આદિવાસી વિસ્તારના ૧૪ જિલ્લાઓમાં ૫૦૬૨ ગામોને સોર્સ આધારિત જૂથ યોજનામાં આવરી લેતી અંદાજિત રૂ.૬,૫૦૦ કરોડની સુધારણા તથા નવીન જૂથ યોજનાના કામો અત્યારે પ્રગતિ હેઠળ છે. ઉમરગામ થી અંબાજી સુધીના આદિવસી જિલ્લામાં ભાજપ ચૂંટાય છે. આદિવાસીના નામે કેવળ મતો લેવાનો વિષય હતો તે હવે બાજુમાં રહ્યો છે અને પ્રત્યેક વર્ગ હવે વિકાસને ઝંખતો થયો છે. આ વિકાસની ભૂખ ભારતીય જનતા પાર્ટીએ ખોલી છે. આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રૂ.૧૧૨૨ કરોડની જોગવાઇ, ડાંગ જિલ્લાના ૨૩૬ ગામો તથા ૩ તાલુકાનો સમાવેશ કરતી ડાંગ જિલ્લાની જૂથ પાણી પૂરવઠા યોજના, અંદાજિત રૂ.૮૬૬ કરોડના ખર્ચે વલસાડ જિલ્લાના ધરમપૂર તાલુકાના ૨૩ ગામોનો સમાવેશ કરતી દમણગંગા બલ્ક પાઇપલાઇન આધારિત ધરમપૂર જૂથ પાણી યોજના પેકેજ–૨ રૂ.૬૧૦૭ કરોડ, સૂક્ષ્મ સિંચાઇ, સામાન્ય વહીવટ વિભાગ, કાયદા વિભાગ. આ કાયદા વિભાગ માટે હું એટલું ચોક્કસ કહીશ કે, આખા દેશમાં ક્યાંય તાલુકા સુધીની કોર્ટો બની નથી. નામદાર હાઇકોર્ટથી લઇ તાલુકા સુધીની કોર્ટો પૂરી કરવાનો શ્રેય જો કોઇને મળતો હોય તો એ ગુજરાતને મળે છે. આપણા માનનીય ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયાએ હમણાં જ રાજકોટમાં જિલ્લા કક્ષાની કોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું. માનનીય શ્રી ચીફ જસ્ટિસ સાહેબે વખાણ કરતાં કહ્યું કે, ''આ તો હાયર જ્યુડિશ્યરીનું મકાન દેખાય છે''. આ પ્રકારના મકાનો બનાવવામાં આવે છે. કોઇપણ જગ્યાએ ઇન્ટરફિયરન્સ વગર વકિલો અને જજીસને અનુકૂળ આવે એ પ્રકારના મકાનોનું નિર્માણ કર્યું છે. આ વર્ષે પણ રૂ. ૨૫૫૯/– કરોડની વ્યવસ્થા કરી છે. અંતમાં હું એટલું જ કહીશ કે, યુવાઓની આકાંક્ષાઓને પરિપૂર્ણ કરતું આ બજેટ છે, મહિલાઓની સલામતી અને સુરક્ષાઓને પરિપૂર્ણ કરતું આ બજેટ છે, આરોગ્ય અને શિક્ષણ વ્યવસ્થાને સુદૃઢ બનાવતું આ બજેટ છે, રાજ્યના ઉદ્યોગોને નવીન ઊંચાઇએ લઇ જતું બજેટ છે. આમ, ખરા અર્થમાં 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' ના સૂત્રને ચરિતાર્થ કરતાં સર્વસમાવેશક બજેટને હું આવકારું છું અને તમામ મિત્રોને પણ આવકારવા માટે વિનંતી કરું છું.

તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ )

સભાપતિશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રીએ આપને ૩૦ મિનિટનો સમય ફાળવ્યો હતો. પરંતુ, આપને ૨૧ મિનિટનો સમય વધારાનો ફાળવવામાં આવ્યો. આપે મૌલિક પ્રવચન કર્યું છે એ બદલ આપને અભિનંદન. વાંચીને કોઈપણ પ્રકારનું ભાષણ ન થાય એ સ્પષ્ટ નિયમ છે. આ નિયમ તમામ માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય સભ્યશ્રીઓને લાગુ પડે છે. સિનિયર ધારાસભ્યશ્રીઓને તો આ નિયમની ખબર જ છે. બીજું સત્ર પણ હવે તો લગભગ અડધું થવા આવ્યું એટલે નવા ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે નિયમોનું પાલન કરીને મૌલિકતાથી ભાષણ કરવામાં આવે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૨.૨૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

માઘ ૨૩, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર, તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**માઘ ૨૩, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય

*** 15/ 4/ 716 : શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) બાગાયત ખાતા મારફત ખાનગી કોલ્ડ સ્ટોરેજની સહાય માટે અરવલ્લી જિલ્લામાં કુલ રૂ.૧૯,૯૯,૬૦,૦૦૦/- તથા સાબરકાંઠા જિલ્લામાં કુલ રૂ.૨૪,૦૦,૦૦,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવી |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં હાલ કેટલા ખાનગી કોલ્ડ સ્ટોરેજ આવેલા છે, | (૨) બાગાયત ખાતાની સહાયથી ઉભા કરવામાં આવેલ હોય તેવા અરવલ્લી જિલ્લામાં ૫૦ તથા સાબરકાંઠા જિલ્લામાં ૪૯ ખાનગી કોલ્ડ સ્ટોરેજ આવેલા છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી કોલ્ડ સ્ટોરેજ માટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં રૂ.૧૯,૯૯,૬૦,૦૦૦/- તથા સાબરકાંઠા જિલ્લામાં રૂ.૨૪,૦૦,૦૦,૦૦૦/- |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં કેટલી સહાય ચુકવવાની બાકી છે? | (૪) અરવલ્લી જિલ્લામાં કુલ રૂ. ૧૦,૦૦,૦૦,૦૦૦/- તથા સાબરકાંઠા જિલ્લામાં કુલ રૂ. ૪,૦૦,૦૦,૦૦૦/- |

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ તો માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી રાઘવજી પટેલ સાહેબ ખેડૂતોની સતત ચિંતા કરતા આવ્યા છે. ખેડૂતો માટે ખૂબ કપરો સમય હતો અને બટેટા અને ડુંગળીના ભાવમાં ખૂબ ઘટાડો થવાના કારણે રૂ.૨૦૦ કરોડની જે સહાય આપી હતી તેના કારણે ખેડૂતોના ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી. આવો જો કોઇ નિર્ણય લઇ શકે તો માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને શ્રી રાઘવજીભાઇ લઇ શકે. મારા તમામ પ્રશ્નોના જવાબ મને મળી ગયા છે. કોલ્ડ સ્ટોરેજમાં રૂ.૪૪ કરોડ સુધીની સહાય આપવામાં આવી છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષોમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખાનગી કોલ્ડ સ્ટોરેજ ઊભા થયા અને તેમાં સંપૂર્ણપણે કેટલી સહાય ચૂકવવામાં આવી છે? ખેડૂતોની સહાય કરવાના લીધે શ્રી રાઘવજીભાઇ પટેલ સાહેબને ખૂબ જ આશીર્વાદ મળવાના છે અને તેમની તબિયતને કશું થવાનું નથી.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખેડૂતો માટેની લાગણીની વાત કરી છે અને જે પ્રશ્ન પૂછ્યો છે તેના અનુસંધાને મારે આપના મારફત માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, બાગાયતી પાકની કાપણી કર્યા બાદ જણસો ઝડપથી બગડી જતી હોય છે. બગાયત ખેતી કરતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ફળ અને શાકભાજી મળી રહે તે હેતુસર આવી જણસોનો કોલ્ડ સ્ટોરેજમાં લાંબા સમય સુધી સંગ્રહ કરવામાં આવે છે. રાજ્યમાં બટાકાનું ઉત્પાદન ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં થાય છે. માલ કોલ્ડ સ્ટોરેજમાં મૂકવાથી એક સાથે બજારમાં આવતો નથી જેથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે અને સામાન્ય જનતાને આખા વર્ષ દરમિયાન વ્યાજબી ભાવે બટાકા મળી રહે તેવા ઉમદા આશયથી આ કોલ્ડ સ્ટોરેજ માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપવા સામાન્ય વિસ્તારમાં ૧૫ ટકા અને આદિવાસી વિસ્તારમાં ૨૫ ટકા પૂરક સહાય આપવામાં આવે છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લાં બે વર્ષ દરમિયાન બાગાયતી પાકોના સંગ્રહ માટે

તાલુકાવાર બનાવવામાં આવેલ ખાનગી કોલ્ડ સ્ટૉરેજની અને તેને ચૂકવેલ સહાયની વિગતો આ પ્રમાણે છે.ધનસુરા તાલુકામાં ત્રણ કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે, બાયડ તાલુકામાં બે કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૪ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે, મોડાસા તાલુકામાં પાંચ કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૯ કરોડ ૯૯ લાખ ૬૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે. આમ, કુલ દસ કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૧૯ કરોડ ૯૯ લાખ ૬૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે. સાંબરકાઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં બાગાયતી પાકોના સંગ્રહ માટે તાલુકાવાર ખાનગી કોલ્ડ સ્ટોરજ બનાવવામાં આવેલ છે. ઈડર તાલુકામાં પાંચ કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૧૦ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. તલોદ તાલુકામાં ત્રણ કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. પ્રાંતિજ તાલુકામાં એક કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૨ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. હિંમતનગર તાલુકામાં ત્રણ કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. આમ, કુલ ૧૨ કોલ્ડ સ્ટૉરેજ બનાવવામાં આવેલ છે અને રૂ.૨૪ કરોડ રૂપિયાની માતબર રકમ ચૂકવવામાં આવેલ છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખાનગી કોલ્ડ સ્ટૉરેજ માટેના સહાયના ધારા–ધોરણો શું છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, કોલ્ડ સ્ટૉરેજ માટે ભારત સરકાર અને રાજ્ય સરકારના ૬૦ અને ૪૦ ટકાના ધોરણે સહાય આપવામાં આવે છે.

**પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રાજયનો ૧૦૦ % ફાળો**

*** 15/04/808 અમીત શાહ (એલીસબ્રીજ) : માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦ % રાજય ફાળા હેઠળ કઈ કઈ યોજનાઓ અમલમાં છે, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦ % રાજય ફાળા હેઠળ મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના અને બાથરૂમ બાંધકામ સહાય યોજનાઓ અમલમાં છે. |
| (૨) | તે અંતર્ગત લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવે છે ? | (૨) | તે અંતર્ગત લાભાર્થીઓને મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના હેઠળ લાભાર્થી દીઠ રકમ રૂ.૨૦,૦૦૦/– અને બાથરૂમ બાંધકામ સહાય યોજના હેઠળ લાભાર્થી દીઠ રકમ રૂ.૫,૦૦૦/– સહાય ચૂકવવામાં આવે છે. |

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સો ટકા રાજ્ય ફાળા હેઠળ કઇ યોજના અમલમાં છે? જે અંતર્ગત લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રોત્સાહક સહાય અને બાથરૂમ સહાય ચૂકવવામાં આવેલ છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨માં બાવળા, દસક્રોઇ, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, ધોળકા, માંડલ, સાણંદ અને વિરમગામમાં કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૨૩માં બાવળા તાલુકામાં ૧૧ લાભાર્થીઓની સંખ્યા હતી અને રૂ.૨ લાખ ૨૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે, દસક્રોઇ તાલુકામાં ૩ લાભાર્થીઓની સંખ્યા હતી અને રૂ.૬૦ હજારની સહાય ચૂકવેલ છે, દેત્રોજ તાલુકામાં ૨૦ લાભાર્થીઓ હતા અને રૂ. ૪ લાખની ચૂકવણી કરવામાં આવેલ છે, ધંધુકા તાલુકામાં ૨ લાભાર્થીઓ હતા અને રૂ.૪૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે, ધોલેરા તાલુકામાં ૨૧ લાભાર્થીઓ હતા અને રૂ.૪ લાખ ૨૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે, ધોળકા તાલુકામાં ૧૩ લાભાર્થીઓ હતા અને રૂ.૨ લાખ ૬૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે, માંડલ તાલુકામાં ૪૨ લાભાર્થીઓ હતા અને રૂ. ૮ લાખ ૪૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે, સાણંદ તાલુકામાં ૨૯ લાભાર્થીઓ હતા અને રૂ. ૫ લાખ ૮૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે, વિરમગામ તાલુકામાં ૧૯ લાભાર્થીઓ હતા અને રૂ. ૩ લાખ ૮૦ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે. આ કેલેન્ડર વર્ષમાં કુલ લાભાર્થીઓની સંખ્યા ૧૬૦ હતી. જેની સામે રૂ. ૩૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે, બાથરૂમ સહાયમાં વર્ષ ૨૦૨૨માં બાવળા તાલુકામાં ૬ લાભાર્થીઓ હતા અને રૂ.૩૦ હજાર ચૂકવવામાં આવેલ છે, દસક્રોઇ તાલુકામાં ૩ લાભાર્થીઓ હતા અને રૂ. ૧૫ હજાર ચૂકવવામાં આવેલ છે, દેત્રોજ તાલુકામાં ૨૪ લાભાર્થીઓ હતા અને રૂ.૧ લાખ ૨૦ હજારની ચૂકવણી કરવામાં આવેલ છે, ધંધુકા તાલુકામાં ૫ લાભાર્થીઓ હતા અને રૂ.૨૫ હજાર ચૂકવવામાં આવેલ છે,ધોલેરામાં ૪ લાભાર્થીઓ હતા અને રૂ.૨૦ હજાર ચૂકવવામાં આવ્યા છે. ધોળકામાં ૭ લાભાર્થીઓ હતા અને રૂ.૩૫ હજાર ચૂકવવામાં આવ્યા છે. માંડલમાં ૨૩ લાભાર્થીઓ હતા અને રૂ.૧ લાખ ૧૫ હજાર ચૂકવવામાં આવ્યા છે. સાણંદમાં કોઇ ખર્ચ કરવામાં આવ્યો નથી. વિરમગામમાં ૭ લાભાર્થીઓ હતા અને રૂ.૩૫ હજાર ચૂકવવામાં આવ્યા છે. એ જ પ્રમાણે કેલેન્ડર વર્ષ ૨૦૨૩ની વાત કરીએ તો, બાવળા, દસક્રોઇ, દેત્રોજ અને ધંધુકા આ ચાર તાલુકાઓમાં કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી. ધોલેરા તાલુકામાં ૬૩ લાભાર્થીઓ હતા અને રૂ.૩ લાખ ૧૫ હજાર ચૂકવવામાં આવ્યા હતા. ધોળકામાં કોઇ લાભાર્થી ન હોવાથી ચૂકવણું કરવામાં આવેલ નથી. માંડલમાં ૧૪ લાભાર્થી હતા અને રૂ. ૭૦ હજાર ચૂકવવામાં આવ્યા છે. સાણંદમાં ૧૭ લાભાર્થી હતા અને રૂ.૮૫

હજાર ચૂકવવામાં આવ્યા છે. વિરમગામમાં ૩૪ લાભાર્થીઓ હતા અને રૂ.૧ લાખ ૭૦ હજાર ચૂકવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ અને વર્ષ ૨૦૨૩ આ બંને કેલેન્ડર વાત કરીએ તો, વર્ષ ૨૦૨૨માં રૂ.૭૯ લાભાર્થીઓની સામે રૂ.૩ લાખ ૯૫ હજાર ખર્ચ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૩માં ૧૨૮ લાભાર્થીઓને રૂ.૬ લાખ ૪૦ હજારનું ચૂકવણું કરવામાં આવ્યું છે. બંને કેલેન્ડર વર્ષમાં કુલ મળીને ૨૦૭ લાભાર્થીઓને રૂ.૧૦ લાખ ૩૫ હજારનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આપણે જે પ્રશ્નની વિગતો માહિતી અધિકાર અન્વયે અથવા પત્ર લખીને સહજતાથી મેળવી શકીએ, એને બદલે વિધાનસભામાં કોઇ પ્રશ્નનો ઉકેલ થઇ શકે એ માટે તેવા વિષયોનો ઉપયોગ કરીએ તો વધારે સારું રહેશે. માનનીય મંત્રીશ્રીઓને મારી વિનંતી છે કે તમે લંબાણપૂર્વક જવાબ આપો છો, એના બદલે ટૂંકમાં, સચોટ અને તાત્કાલિક માહિતી આપશો તો તમારું પરફોર્મન્સ ખૂબ સારું બનશે. એવું ન હોય કે વધારે સમય લેવામાં આવે એનું પર્ફોમન્સ વિધાનસભામાં કે પબ્લિકમાં સારું દેખાશે. ઓછો સમય લઇ સારો જવાબ આપી શકો એ બધા માટે અનુકૂળ રહેશે. હું માત્ર શ્રી કુંવરજીભાઇને કહેતો નથી. બધા જ મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓને મારી વિનંતી છે કે માત્ર માહિતી મેળવવા માટે તમારી પાસે બીજા રસ્તાઓ પણ છે, એના ઉપયોગથી તમે ઘણી બધી માહિતી મેળવી શકશો.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી ગુજરાત સરકારને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવવા માગું છું કે, ગઇકાલે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં ૧૮૨ વિધાનસભામાં લગભગ ૧ લાખ ૩૧ હજારથી વધારે આવાસો અને રૂ.૩૦૦૦ કરોડનાં કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું છે. આવાસ યોજનામાં પહેલો હપ્તો રૂ.૨૦ હજારનો આપવામાં આવે છે. ત્યારબાદ બીજો હપ્તો આપવામાં કયાંક થોડું ડીલે થઇ ગયું હોય એ દરમિયાન જો કોઇ લાભાર્થીએ એનું કામ એડવાન્સમાં ઝડપથી પૂરું કરી દીધું હોય તો એવા સમયે એમને થોડું ઝડપી પેમેન્ટ થઇ જાય એના માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માધ્યમ દ્વારા રૂ. ૧ લાખ ૨૦ હજારની મકાન સહાય આપવામાં આવે છે. એમાં પ્રોત્સાહિત રકમ તરીકે રૂ. ૨૦ હજારનો પહેલો હપ્તો આપ્યા પછી છ માસમાં એનું જીઓ–ટેક કરાવવામાં આવતું હોય છે અને જીઓ–ટેક ન થાય ત્યાં સુધી એનું પેમેન્ટ ચૂકવવામાં આવતું નથી. એટલા માટે કદાચ થોડુંઘણું ડીલે થતું હશે, પણ એમાં કોઇ સુધારો થઇ શકે એ માટે ચોક્કસપણે વિચારણા કરીશું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ગરીબ લોકો પોતાનું ઘરનું ઘર મળે એવું સ્વપ્ન વર્ષ ૨૦૧૨થી જુએ છે. ૫૦ લાખ કાચા મકાનો છે એવો સરવે વર્ષ ૨૦૧૨માં ઘેરઘેર જઇ ફોટા પાડીને કરવામાં આવ્યો હતો. આજે પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરવામાં આવી એના કારણે, બાકીની ઇન્દિરા આવાસ યોજના, સરદાર આવાસ યોજનાનું બજેટ ખૂબ ઓછું કરીને બધું બજેટ આમાં ફાળવવામાં આવ્યું છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે, વર્ષ ૨૦૧૨માં ૫૦ લાખ કાચા ઝૂંપડા હતા અને આ પ્રધાનમંત્રી આવાસ યોજના માટેની પ્રતીક્ષા યાદી બનેલ છે. તો આજની તારીખે ગુજરાતમાં પ્રતીક્ષા યાદીમાં એવા કેટલા લોકો છે જે કાચા મકાનમાં રહે છે અને આવાસ યોજનાની રાહ જુએ છે? એટલે કે પ્રતીક્ષા યાદીની સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં કેટલી છે?

અધ્યક્ષશ્રી : ટૂંકમાં પ્રશ્ન પૂછો.

શ્રી અમિત ચાવડા : શહેરી વિસ્તારોની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારમાં યુનિટ કોસ્ટ ઓછી છે. તો એનાં કારણો શાં છે? અને પ્રોત્સાહક રકમ, આ મોંઘવારી છે, સ્ટીલ, સિમેન્ટ બધું મોંઘુ થયું છે, તો રાજય સરકાર જે પ્રોત્સાહક રકમ ૧૦૦ ટકા ફાળો આપે છે, એમાં વધારો કરવા માગે છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આ મકાન આવાસનો પ્રશ્ન નથી માનનીય અમિતભાઇ. આ જે પ્રશ્ન છે, તે પૂરક સહાય અને બાથરૂમ સહાયનો પ્રશ્ન છે. પ્રધાનમંત્રી આવાસ યોજના આખી અલગ છે. આ પ્રોત્સાહક સહાય યોજના માટેનો પ્રશ્ન છે. આમાં પણ તમે જે કહ્યું છે, વધારો કરવાની વાત કરી. પી. એમ. આવાસમાં મકાનો જે આવે છે, એમાં ૧,૨૦,૦૦૦ ચૂકવણું કરવામાં આવે છે. જે સમય મર્યાદામાં એટલે કે ૬ મહિનામાં મકાન પૂરં કરે તો એને વધારાના ૨૦૦૦૦ રૂપિયા રાજય સરકારના ૧૦૦ ટકા ફાળાથી સહાય આપવામાં આવે છે અને એ એને પ્રોત્સાહન ઇનામ છે. સાથે સાથે પી. એમ. આવાસમાં જે શૌચાલય બનાવતા હતા, એનાથી વંચિત રહેલી આપણી ગરીબ, મધ્યમ વર્ગની બહેનો આ બાથરૂમ સહાયથી વંચિત ન રહી જ જાય એટલા માટે એને વધારાની ૫ હજાર સહાય આપીએ છીએ. તમારું જે પહેલું સૂચન છે કે એમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ? એમાં રાજય સરકાર ચોક્કસપણે તમારું સૂચન છે એને ધ્યાનમાં લેશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી....

અધ્યક્ષશ્રી : શહેરી વિકાસનો જવાબ એ ના આપી શકે. તમે બે વિભાગનું પૂછ્યું. એમની પાસે શહેરી વિકાસનો જવાબ ન હોઇ શકે.

શ્રી અમિત ચાવડા : ગ્રામ વિકાસ વિભાગનો જ પ્રશ્ન છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાનો જ પ્રશ્ન છે. એટલે જ કહીએ છીએ કે આજની તારીખે...

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન પ્રધાનમંત્રી આવાસ યોજનાનો સમગ્ર વિષયનો નથી. એ પણ મંત્રીશ્રીએ ખુલાસો કર્યો છે.

શ્રી અમિત ચાવડા : પણ એ યોજનાને પ્રોત્સાહક ગ્રાન્ટ જે આપીએ છીએ, પણ મૂળ યોજના તો પ્રધાનમંત્રી આવાસ યોજના જ છે.

અધ્યક્ષશ્રી : એમણે સ્કોપ ઓપન નથી કર્યો. એમણે માત્ર સ્કોપ પૂરતો જ જવાબ આપ્યો છે. એ આપ્યો હોત તો હું તમને ૧૦૦ ટકા તક આપત.

શ્રી અમિત ચાવડા : એમણે કયા તાલુકામાં કેટલી સહાય આપી. માનો કે પ્રધાનમંત્રીશ્રી આવાસ યોજના એવું અમદાવાદ જિલ્લાનું સ્પેસિફિક આપ્યું અને આ રાજ્યનો પ્રશ્ન છે. કોઇ જિલ્લાનો પણ સ્પેસિફિક નથી. એટલે પોલિસી મેટરનો જ પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસો એક મિનિટ. એમણે સ્પેસિફિક કહ્યું છે કે આખી પ્રધાનમંત્રી આવાસ યોજનાનો આમાં પ્રશ્ન નથી આવતો. બીજું કે મંત્રીશ્રી એના જવાબમાં પણ સ્કોપ બહાર નથી ગયા. એમણે આખી આવાસ યોજનાનો જવાબ આપ્યો હોત તો હું પણ તમને ઓપન સ્કોપમાં પૂછવા દેત. એમણે એની જે પૂરક સહાયો છે એના માટેની વાત કરી છે. એટલા માટે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક-૨ નો પૂરક પ્રશ્ન છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના, ગ્રામીણ અંતર્ગત છેલ્લાં ૨ કેલેન્ડર વર્ષમાં લાભાર્થીઓને કેટલી રકમની સહાય બાથરૂમ સહાય પેટે આપી છે, પણ મારા ખ્યાલથી મને જવાબ મળી ગયો છે. મને સંતોષ છે.

**જૂનાગઢ જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન**

* **15/4/798 શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા (માંગરોળ): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનની જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) | ૭૯૧ |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી? | (૨) | ૩.૨૩,૭૩,૦૦૦ |

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મેં જે પ્રશ્ન પૂછયો છે, એનો જવાબ મને મળી ગયો છે, પરંતુ આ સહાય મેળવવા માટે કયા કયા દસ્તાવેજ એમાં સામેલ કરવા પડે? અને આ સહાય સરળતાથી મળી રહે એના માટે શું આયોજન કરેલું છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે આ કૃત્રિમ બીજદાન વાછરડીઓના ઉછેર માટેની સહાયની જે વાત કરી છે. ગ્રામ્ય વિસ્તારના અર્થતંત્રને આપણે વધારે મજબૂત કરી શકીએ અને સમૃદ્ધ બનાવી શકીએ, તે માટે પશુપાલન એક મહત્ત્વનું પરિબળ છે. પશુપાલનના આ મહત્ત્વને સમજયા પછી વધુને વધુ લોકો પશુપાલનને સ્વતંત્ર વ્યવસાય તરીકે અપનાવતા થયા છે અને પશુપાલનને નફાકારક બનાવવા માટે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા વધુ ઉત્પાદનના અનુષંગિક સાધનો ધરાવતી એક સારી ઓલાદનો ઉછેર કરવામાં આવે, એ હાલતમાં સમયની પણ માંગ રહી છે, અને માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ એ વ્યવસાય સાથે જોડાયેલા છો અને પશુપાલનના વ્યવસાયનું ભવિષ્ય, આછની વાછરડીઓ અને પાડીઓ. આવી વાછરડીઓના ઉછેર એ ખૂબ મહેનત, જાળવણી અને સતત દેખરેખ હેઠળ છે. આ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે કે છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓ માટે કેટલા પશુપાલકોને સહાય કરવામાં આવી? તો કેશોદ તાલુકામાં ૫૭ પશુપાલકોને...

અધ્યક્ષશ્રી : તાલુકાવાઇઝ આપે માગ્યું છે? એક મિનિટ. એમણે કહ્યું છે કે જવાબ મને મળી ગયો છે. એમને માત્ર એટલું જ પૂછ્યું છે કે એના માટે ડોક્યુમેન્ટ શું શું જોઇએ? ડોક્યુમેન્ટની આપની પાસે વિગત હોય તો આપો.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ડોકયુમેંટની જે વાત કરી છે, બીજા પ્રશ્નમાં એમણે પૂછયું છે તો બેંક ખાતાની પાસબુકની નકલ, રદ કરેલ ચેક જોડવામાં આવે છે. બારકોડ રેશનકાર્ડ, કૃત્રિમ બીજદાનથી પશુ ફેળવ્યું હોય તો કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાનું પ્રમાણપત્ર, સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્ર, આધારકાર્ડની નકલ, પશુ ચિકિત્સા અધિકારી કે પશુધન નિરીક્ષક દ્વારા વાછરડીની વિગત માટે સ્થળ ચકાસણીનું પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર ફક્ત દિવ્યાંગ પશુપાલકો માટે છે, આટલા એની અંદર પુરાવા જોડવામાં આવે છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના કેટલા પશુઓની અરજી નામંજૂર કરવામાં આવી અને મારો બીજો પ્રશ્ન એ છે કે નામંજૂર કરવાનાં કારણો શું છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે નામંજૂર કરવાનાં કારણો મને પૂછ્યા છે અને એમાં કેટલી સંખ્યા છે તો એમાં મારે તેઓશ્રીને જણાવવાનું કે કેશોદ તાલુકાની ૩૯ અરજીઓ, જૂનાગઢ તાલુકાની ૯ અરજીઓ, જૂનાગઢ શહેરની ૩ અરજી, ભેંસાણ તાલુકાની ૨૯ અરજીઓ, મેંદરડા તાલુકાની ૧૬ અરજીઓ અને માંગરોળ તાલુકાની ૩૦ અરજીઓ અને માણાવદર તાલુકાની કોઇ અરજી નામંજૂર થયેલી નથી. માળીયા હાટીનાની ૨૧૫ અરજીઓ અને વંથલીની ૬ અરજીઓ, વિસાવદરની ૧૨ અરજીઓ આમ કુલ મળીને જૂનાગઢ જિલ્લામાં ૩૬૯ અરજીઓ નામંજૂર થઇ છે. માનનીય સભ્યશ્રીએ એ જાણવાની વાત કરી છે કે નામંજૂર થવાનાં કારણો શું છે તો એમાં સરકારશ્રીના નિયમ મુજબ જે પૂરતા પૂરાવા જોઇએ છે એમાં અરજી સાથે જે યોજના હેઠળ નિયત કરવામાં આવેલ આધારો, દસ્તાવેજો પૂરા ન કરવાના કારણે અને અરજીની તારીખે વાછરડીની ઉંમર ૧૧ માસથી વધુ હોવાથી પણ નામંજૂર થાય છે. શુદ્ધ સંવર્ગને બદલે શંકર સંવર્ધન દ્વારા દેશી ઓલાદની ગાયની કૃત્રિમ બીજદાનમાં આવેલ હોવાથી, કૃત્રિમ બીજદાનને બદલે કુદરતી સંવર્ધન થકી દેશી ઓલાદની ગાયને ફેળવવામાં આવી હોય એ કિસ્સામાં, કૃત્રિમ બીજદાનથી પશુ ફેળવ્યા અંગેના કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાનું પ્રમાણપત્ર બિડાણમાં સામેલ ન હોય આવા વિવિધ કારણોસર આવી અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શુદ્ધ સંવર્ધન દ્વારા રાજયમાં સ્થાનિક ઓલાદની જે વાછરડીઓનો જન્મ થાય છે તો એમની કઇ યોજના છે અને એમની કઇ શરત છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કૃત્રિમ બીજદાન માટે પૂછ્યો એમાં ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય કૃત્રિમ બીજદાન કાર્યક્રમ વર્ષ ૨૦૧૯–૨૦થી અમલમાં મૂકવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ આપણા રાજયના કુલ ૨૧ જિલ્લાઓમાં કચ્છ, જામનગર, દેવભૂમી દ્વારકા, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, અમદાવાદ, પાટણ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત અને પંચમહાલ અને દાહોદનો સમાવેશ કરવામાં આવેલો છે. આ કાર્યક્રમ હેઠળ પશુપાલકોને બીજદાનની સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે, એમાં પશુપાલકે આઇ–ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહે છે. સ્થાનિક ઓલાદની ગાયો રાખતા પશુપાલકને આ યોજનાનો લાભ આપવાનો રહેશે. કુટુંબ દીઠ એકજ પશુપાલકને વર્ષમાં એક જ વાછરડી માટે લાભ મળવાપાત્ર છે. અરજીની તારીખે વાછરડીની ઉંમર ૧૧ માસથી વધુ ન હોવી જોઇએ, લાભાર્થી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં એક વર્ષ માટે પ્રતિ વર્ષ એક વખત સહાય મેળવેલ નથી એ બાબતનું પ્રમાણપત્ર, દાખલો આપવાનો રહેશે. વાછરડીની ખરાઇ તાલુકાના પશુચિકિત્સક અધિકારી, પશુધન નિરીક્ષકથી કરવામાં આવશે. યોજનાનો લાભ મેળવવામાં વાછરડીના જન્મનું પ્રમાપત્ર કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાના નામ સાથે રજૂ કરવાનું રહેશે. આ પ્રકારે કરવામાં આવેલ ખરાઇ વેરિફિકેશન બાદ જિલ્લા પશુધન અધિકારી દ્વારા સહાય લાભાર્થીના બેંક ખાતાની અંદર ડાયરેકટ ડીબીટીથી સહાયની રકમ એના ખાતામાં જમા કરાવવામાં આવે છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાછરડાઓ માટે કૃત્રિમ બીજદાનની આ જે યોજના છે એ ખરેખર બહુ સારી યોજના છે. કારણ કે જે પ્રકારે બુલની સંખ્યા ખેતી નથી કરતાં એના કારણે રસ્તા ઉપર આવે છે ત્યારે આ યોજના બહુ સારી છે. આ યોજનામાં વાછરડાઓની કેટલી સંખ્યા, કેટલા પ્રકારે અને ઘાસચારા પેટે કેટલા અને કેટલા સમય માટે આપવામાં આવે છે? શહેરમાં રાખતા હોય એમના માટે આ યોજના લાગુ પડે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ એને બીજદાન માટેની યોજના છે. એને એક જ વાર માત્ર ૩ હજાર રૂપિયા સહાય કરવામાં આવે છે.

### સુરત જિલ્લામાં પશુપાલન શિબિરોનું આયોજન

* **15/4/801 શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા તાલુકા અને જિલ્લા શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) | ૧૭ તાલુકા શિબિર<br>૦૨ જિલ્લા શિબિર |
| (૨) | તેમાં કુલ કેટલા પશુપાલકોએ લાભ લીધો? | (૨) | ૬૦૦૦ |

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે? કેટલા ગામોના પશુપાલક લાભાર્થીઓએ આનો લાભ લીધો અને બીજો પ્રશ્ન છે કે તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિર દીઠ ખર્ચ માટેની જોગવાઇ કેટલી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પશુપાલકો સ્વતંત્ર રીતે પશુ પાલનનો વ્યવસાય કરતાં થાય તે માટે પશુ પાલકોને તે અંગેની અદ્યતન માહિતી મળી રહે તે માટે તાલુકા અને જિલ્લાની શિબિરોનું આયોજન કરવામાં આવે છે. જેમાં પશુપાલકોને વધુ સારવાર, વધુ રસીકરણ, પશુપોષણ, પશુ માવજત, પશુ સંવર્ધન અને નવીન ટેકનોલોજીનું જ્ઞાન તજજ્ઞો દ્વારા આપવામાં આવે કે જેના થકી પશુપાલકોના જ્ઞાનમાં વધારો થાય અને વધુ દૂધ ઉત્પાદન લઇ શકે એ માટે

શિબિરો કરીને એ જ્ઞાન થકી પશુપાલકોને માર્ગદર્શન મળે અને ચેપી રોગોના ફેલાવામાંથી બહાર નીકળી શકે એના માટેની માહિતી પશુપાલકોને મળી શકે, પશુના રક્ષણની બાબતો શિબિરના માધ્યમથી વિવિધ રોગોથી રક્ષણ માટે રસીકરણ ક્યારે કરાવવું તેનું વિશેષ જ્ઞાન મળે છે. પશુઓને રસીકરણ કરાવીને વિવિધ પ્રકારના રોગો અટકાવી શકાય એના માટે સુરતમાં છેલ્લાં બે વર્ષમાં પશુપાલકોની શિબિરો જે કરવામાં આવી એમાં ચોર્યાસી તાલુકામાં એક શિબિર કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : તાલુકાવાર નહીં પણ સમગ્ર આંકડો આપી દો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : કુલ ૧૭ તાલુકાઓની અંદર શિબિરો તાલુકા કક્ષાએ કરી છે અને જિલ્લા કક્ષાની ૨ શિબિરો કરી છે અને એમાં પણ અનેક લાભાર્થીઓએ ભાગ લીધો છે અને સારવાર કરવાનું જ્ઞાન પણ આપવામાં આવ્યું છે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુપાલકોએ આ શિબિરમાં ભાગ લીધો છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં જે પશુપાલકોએ ભાગ લીધો છે એની માહિતી આપું તો ચોર્યાસી તાલુકામાં ૧૨૦ સ્ત્રીઓ અને ૧૮૦ પુરુષો મળીને કુલ ૩૦૦ લાભાર્થીઓએ ભાગ લીધો છે.

અધ્યક્ષશ્રી : કુલ લાભાર્થી કહો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : કુલ ૧૮૭૪ સ્ત્રીઓ અને ૪૧૨૬ પુરુષો મળીને કુલ ૬ હજાર લાભાર્થીઓને લાભ મળ્યો છે.

અધ્યક્ષશ્રી : તાલુકાવાર માહિતી માનનીય સભ્યશ્રીને જોઇએ તો લખીને આપી દેજો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : જી, હું મોકલી અપીશ.

**એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત**

***15/4/1177 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, | (૧) | ૧૬૦૬ |
| (૨) | ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) | • યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાનસહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>• વધ–ઘટ કેમ્પ<br>• જિલ્લા આંતરિક બદલી કેમ્પ<br>• જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન |
| (૩) | ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે? | (૩) | જેમ બને તેમ ઝડપથી |

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે કુલ ૧૬૦૬ જેટલી શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલે છે. પ્રાથમિક શિક્ષણ બે પ્રકારનું હોય છે. એકમાં ધોરણ–૧થી ૪ અને બીજું મુખ્ય હોય એ ધોરણ ૧થી ૮નો અભ્યાસ થાય છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ ૧૬૦૬ શાળાઓ પૈકી કેટલી વર્ક શાળાઓ છે અને કેટલી મુખ્ય શાળાઓ છે? મારા પેટા પ્રશ્નના જવાબમાં ઉક્ત તમામ શાળાઓમાં એકથી વધારે શિક્ષકોની આપ ક્યારે ભરતી કરશો? એનો જવાબ એવો આપ્યો છે કે, જેમ બને તેમ ઝડપથી તો મારે એનો અર્થ શું સમજવો? જ્યારે વિધાનસભામાં પ્રશ્નની ચર્ચા થતી હોય ત્યારે સમય મર્યાદાની અવધિમાં આપવાનો હોય કે કેટલાં વર્ષોમાં આપવાનો હોય, જેમ બને એમ ઝડપથીનો અર્થ મને સમજાતો નથી તો મંત્રીશ્રીને વિનંતી છે કે આની સ્પષ્ટતા કરે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક ફરજ બજાવે છે? જવાબ છે કે ૧,૬૦૬ ઉક્ત શાળામાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતા હોવાથી વિદ્યાર્થીઓને વિપરીત અસર ના પડે એના માટે વ્યવસ્થા

કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ બાબતનો આનંદ છે કે, આટલાં વર્ષો પછી નિયમમાં સરળીકરણ કરીને વર્ષોથી જે શિક્ષક મિત્રો વતનથી દૂર હતા એને પરિવાર સાથે જોડાણ કરવા માટે અને પરિવાર સાથે રહી શકે તેમજ પોતાના વતનનો લાભ મળે એ હેતુથી આપણે બદલી કેમ્પો કર્યા હતા એટલે આ સ્કૂલોમાં સંખ્યા થોડી ઘટી છે. આ ૧,૬૦૬ નિયમિત શાળાઓ જ છે, એમાં વર્ક શાળાઓનો કોઇ સમાવેશ થતો નથી. એટલે ૧,૬૦૬ શાળામાં શિક્ષકો કામગીરી કરી રહ્યાં છે એમાં ઘટતી સંખ્યા છે એનું ટૂંક સમયમાં મિત્રો નિવારણ લાવીશું.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધયક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જિલ્લાવાઇઝ કુલ પ્રાથમિક શાળાઓ અને માત્ર એક જ શિક્ષક હોય એવી ૧,૬૦૬ પ્રાથમિક શાળાઓ છે એમાં જિલ્લાવાઇઝ ટકવારી કેટલી છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે એક જ શિક્ષક હોય એવી ૧,૬૦૬ પ્રાથમિક શાળાઓ છે એમાં જિલ્લાવાઇઝ ટકાવારી પૂછી છે તો જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તક સરકારી શાળાઓ ચાલે છે એમાં કુલ સંખ્યા ૩૦,૫૧૦ છે. અમદાવાદ જિલ્લામાં ૬૮૬ છે એમાં એક શિક્ષકવાળી શાળા ૧૭ અને ટકાવારી ૨.૮ છે. અમરેલી જિલ્લામાં ૭૫૯ શાળાઓ ચાલે છે એમાં એક શિક્ષકવાળી શાળા ૪૧ અને ટકાવારી ૫.૪૦ છે. આણંદ જિલ્લામાં કુલ ૯૯૨ શાળાઓ છે એમાં ૧૬ શાળાઓ એક શિક્ષકવાળી અને ટકાવારી ૧.૬૧ છે. અરવલ્લી જિલ્લામાં ૧,૧૯૫ શાળાઓ છે એમાં ૧૯ શાળાઓ એવી છે કે જેમાં એક શિક્ષકથી પ્રશિક્ષણ ચાલે છે એની ટકાવારી ૧.૫૯ છે. બનાસકાંઠા જિલ્લામાં કુલ ૨,૩૪૬ પ્રાથમિક શાળાઓ છે અને ૮૭ શાળાઓ એક શિક્ષકથી શિક્ષણ કાર્ય ચાલે છે એની ટકાવારી ૩.૭૧ છે. ભરૂચ જિલ્લલો ૮૭૭ શાળાઓ છે એમાં ૧૦૨ શાળાઓ એવી છે કે જે એક શિક્ષકથી કામગીરી ચાલે છે એમાં ૨૯ શાળાઓ એક શિક્ષકવાળી છે, ટકાવારી ૧૧.૬૩ છે. ભાવનગર જિલ્લામાં ૯૨૦ પ્રાથમિક શાળાઓ છે જેમાં એક શિક્ષકવાળી ૨૯ શાળાઓ છે અને એની ટકાવારી ૩.૧૫ છે. બોટાદમાં ૨૨૫ શાળાઓ છે એમાં ૨૯ શાળાઓમાં એક શિક્ષકથી કામગીરી ચાલે છે જેની ટકાવારી ૩.૧૫ છે. છોટાઉદેપુર જિલ્લામાં કુલ ૧,૨૫૦ શાળાઓ છે ૨૮૩ શાળામાં એક શિક્ષકથી કામગીરી ચાલે છે, જેની ટકાવારી ૨૨.૬૪ છે. દાહોદ જિલ્લામાં ૧,૬૪૫ કુલ શાળાઓ છે એમાં ૨૦ શાળામાં એક શિક્ષકથી કામગીરી ચાલે છે જેની ટકાવારી ૨.૬૫ છે. ડાંગ જિલ્લામાં કુલ ૩૭૮ શાળાઓમાંથી ૧૦ શાળાઓ એક શિક્ષકથી કામગીરી ચાલે છે જેની ટકાવારી ૨.૬૫ છે. દેવભૂમિ દ્વારકામાં કુલ ૫૮૭ શાળાઓ છે જેમાંથી ૧૦૪ શાળાઓ એક શિક્ષકથી કામગીરી ચાલે છે જેની ટકાવારી ૧૭.૭૨ છે. ગાંધીનગર જિલ્લામાં ૫૬૬ શાળાઓ છે જેમાં ૮ શાળાઓ એવી છે કે જેમાં એક જ શિક્ષકથી ચાલે છે.

અધ્યક્ષશ્રી : હવે કેટલા જિલ્લા બાકી છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : ૩૩ જિલ્લા છે.

અધ્યક્ષશ્રી : બાકીની માહિતી ટેબલ ઉપર મૂકી દે તો ચાલશે? તો બાકીની ટેબલ ઉપર મૂકી દેજો. બહુ લાંબુ છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : ૩૩ જિલ્લાની ૩૦૫૧૦ શાળાઓ છે એમાં ૧૫૯૫ શાળાઓ અને ૫.૨૨ અને નગર પ્રાથિમક શિક્ષણ સમિતિ હસ્તકની આપણી સરકાર હસ્તકની પ્રાથમિક શાળાઓ છે જેમાં ૧૧ સ્કૂલો એવી છે કે જેમાં એક શિક્ષકથી ચાલે છે. એમ કરીને કુલ ૫.૩ ગુજરાતમાં જગ્યા ખાલી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે શિક્ષકોની ઘટ હોય અને એને કારણે જે શાળાઓમાં શિક્ષક ન હોય એ બાળકો શિક્ષણમાં જિંદગીભર પાછળ રહી જતા હોય છે. એ પાછું રિપીટ થઇ શકતું નથી હોતું અને હવે તો જ્ઞાન સહાયકો માનનીય મંત્રીશ્રીએ વારંવાર કહ્યું છે કે તમે એને મૂકીને જગ્યાઓ પૂરવા માગો છો પણ તેમ છતા ૧૬૦૬ જેટલી સ્કૂલોમાં તો એક જ શિક્ષક છે અને બીજું, જે છેવાડાના જિલ્લાઓ છે એમાં મોટી સંખ્યામાં શિક્ષકોની ઘટ છે. મારી પોરબંદરની જ મહાત્મા ગાંધી ઇંગ્લીશ મીડિયમ સ્કૂલ છે. એમાં ૨૮ શિક્ષકોની જગ્યા હતી એમાંથી માત્ર એક જ શિક્ષક આપ્યા છે. ૨૭ શિક્ષકોની જગ્યા ખાલી છે. જગ્યા ખાલી રહી એટલે વાલીઓએ આંદોલન કર્યું એટલે બીજી શાળામાંથી ઉઠાવીને ત્યાં મૂકી દીધો એટલે બીજી શાળામાં ખાલી એટલે જે ભૂતકાળની અંદર વ્યવસ્થા હતી કે જે તાલુકાઓની અંદર શિક્ષકોની ઘટ હોય તો મેરિટના ધોરણે તાત્કાલિક ત્યાંથી બીજે જ દિવસે શિક્ષકો ભરાઇ જાય તો આ બાળકોનું શિક્ષણ ન બગડે અને જે સરકારી શાળાનાં બાળકો છે એ ખાનગી શાળામાં જતા અટકે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે તો એવું છે કે આ નીતિને કારણે ખાનગી શાળાની સંખ્યા વધે છે અને સરકારી શાળાઓ ઘટે છે.

## તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન શું છે એ પૂછો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો જ છે કે આ જે ખાલી જગ્યાઓ રહે છે એ તાકીદે આપણે ભરી દેવી જોઇએ અને તાકીદમાં જેમ બને તેમ જલદી નહીં, એમાં એક અઠવાડીયું પણ જગ્યા ખાલી રહે તો સ્થાનિક ડી.ઇ.ઓ.ને પાવર આપીને જગ્યા ભરવા માગો છો કે કેમ? નહીં ભરાય તો આપણું સરકારી માળખું તૂટી જવાનું છે એવું હું ચોક્કસપણે કહી શકું.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન આવકાર્ય છે. જેમ બને તેમ જલ્દી આની વ્યવસ્થા અમે કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજયના પ્રાથમિક શિક્ષણમાં ખાસ કરીને સરકારીમાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ૧૬૦૬ પ્રાથમિક શાળાઓમાં ફકત એક જ શિક્ષક છે. બીજા જવાબમાં એવું લખ્યું છે કે શિક્ષકની ભરતી કયારે કરવામાં આવશે તો યોગ્ય લાયકાતના આધારે જ્ઞાન સહાયક મૂકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વિધાનસભા ગૃહની અંદર તા. ૧૪-૩-૨૦૨૨ના રોજ આ જ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો અને પ્રશ્નના જવાબમાં માર્ચ-૨૦૨૨ના દિવસે આ જ વિધાનસભા ગૃહમાં એમ કહેવામાં આવ્યું હતું કે રાજયની એક શિક્ષકથી ચાલતી પ્રાથમિક શાળાઓની સંખ્યા માર્ચ-૨૦૨૨માં ૭૦૦ હતી. હવે ફેબ્રુઆરી-૨૦૨૪ની વાત કરીએ છીએ એટલે એક શિક્ષકથી ચાલતી શાળા ૧૬૦૬ થઇ છે એટલે એક શિક્ષકથી ચાલતી શાળાઓની સંખ્યામાં વધારો થયો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એવું કહે છે કે અમે ભરતી કરવા માગીએ છીએ તો આ જ રાજયની અંદર આજે પણ પ્રાથમિક શાળાઓની અંદર...

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. આપનો પ્રશ્ન શું છે એની વાત આપ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી,એક શિક્ષકથી ચાલતી શાળાઓની સંખ્યામાં વધારો થયો છે. રાજય સરકાર એમ કહે છે કે અમે ભરતી કરીશું. આજે પણ ૧૯૬૫૦ પ્રાથમિક શિક્ષકોની જગ્યા ખાલી છે તો એમ કહે છે કે અમે સત્વરે ભરીશું. વર્ષ ૨૦૨૨થી માંડીને ૧૯૬૫૦ શિક્ષકોની જગ્યા ખાલી છે. આજે એક શિક્ષકવાળી શાળાઓની સંખ્યામાં વધારો થયો છે તો રાજય સરકાર આ શિક્ષકોની ભરતી કઇ રીતે કરવા માગે છે? ભરતીનું કેલેન્ડર બનાવો છો એમાં ૧૯૬૫૦ શિક્ષકોની જગ્યા ખાલી છે એના માટે શું કરવા માગો છો?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇએ કહ્યું કે, એક શિક્ષકની શાળાઓની સંખ્યા વધી છે તે તદ્દન સાચી છે. તેમાં મૂળ વસ્તુ જોઇએ તો આપણે આટલાં વર્ષો પછી શિક્ષકોને વતનનો લાભ આપવાનો કાર્યક્રમ કર્યો. તેમાં ધારાસભ્યશ્રીઓની ભલામણ હતી એટલે તેના પોર્ટલ પર આપણે આની વ્યવસ્થા કરી. શિક્ષકોને પોતાના વતનનો લાભ મળ્યો છે. ૫૦૦ જેટલી શાળાની જે સંખ્યા વધી છે તેમાં ત્રણ મહિના પહેલાં શિક્ષકો છૂટા થઇને પોતાના વતનમાં ગયા છે. વિશેષમાં મારે જણાવવાનું કે, મિત્રો એમ કહે છે કે, શાળાઓ એક શિક્ષકથી ચાલે છે પણ કોઇ મિત્ર વિદ્યાર્થીની સંખ્યા પૂછતા નથી. આર.ટી.ઇ. એકટનો નિયમ છે કે, વિદ્યાર્થી રેશિયો સાથે જ આપણે શિક્ષક આપતા હોઇએ છીએ. આર.ટી.ઇ.એકટનો નિયમ છે કે ૩૦ વિદ્યાર્થીએ એક શિક્ષક મળી શકે. આ સભાગૃહનું મારે ધ્યાન દોરવું છે કે, એક શિક્ષક ધરાવતી શાળાઓની સંખ્યા ૧૬૦૬ છે તેમાં ૫(પાંચ)થી ઓછી વિદ્યાર્થીની સંખ્યા ધરાવતી ૨૦ શાળાઓ છે. આર.ટી.ઇ. એકટનો નિયમ છે કે ૩૦ વિદ્યાર્થી હોય તો એક શિક્ષક આપવાનો. પાંચથી ઓછી વિદ્યાર્થીની સંખ્યા ધરાવતી આખા ગુજરાતમાં ૨૦ શાળાઓ છે. ૫ થી ૧૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતી ૮૬ શાળાઓ છે. ૧૧થી ૨૦ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી ૩૧૬ શાળાઓ છે. ૨૧થી ૩૦ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી ૪૧૯ શાળાઓ છે. ૩૧થી ૬૦ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી ૬૯૪ શાળાઓ છે. ૬૧થી વધુ સંખ્યા ધરાવતી શાળાઓની સંખ્યા ૭૧ શાળાઓ છે. રેશિયો મુજબ ૩૦ વિદ્યાર્થીએ એક શિક્ષક આપી શકીએ છીએ. આ જે વ્યવસ્થા છે તેના ભાગરૂપે જે પ્રશ્ન અહીં ઉપસ્થિત થયો છે તેમાં સંખ્યા આધારિત શિક્ષક નેકસ્ટ ટાઇમમાં મૂકી દઇશું.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજ્યમાં મનગમતી જગ્યાએ શિક્ષકોની માગણી મુજબ જે બદલી કરી છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. મારું શિક્ષણ મંત્રીશ્રીને સૂચન છે અને જાણવા માગું છું કે, જે શિક્ષકોની ગ્રામ્ય કક્ષાએ ફરિયાદ આવી છે, કોઇ અનિયમિત હોય, કોઇ વ્યસની હોય તો આવા શિક્ષકોની બદલી માટે જિલ્લા કક્ષાએ અન્ય તાલુકાઓમાં બદલવા માટે સત્તા આપવા માગો છો કે કેમ?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી છે તે સાચી છે. કયારેય શિક્ષકની ગેરવર્તણૂકના કારણે શિક્ષણ, સમાજ બદનામ થતો હોય છે. આવી ઘટનાઓ ધ્યાન પર આવે ત્યારે અમારા ડી.પી.ઇ.ઓ.શ્રી રિપોર્ટ કરે ત્યારબાદ નિયામકશ્રી કક્ષાએ તેનો નિર્ણય થાય છે અને તેમાં અમે પનીશમેન્ટ કરીએ છીએ. આવી જે બે-ત્રણ બાબતો અમારા ધ્યાનમાં આવી તેમાં અમે નિર્ણય કર્યો છે. આ ગૃહને હું જણાવવા માગું છું કે, કોઇ શિક્ષક ગેરવર્તણૂક કરે અને વ્યસન કરીને સ્કૂલમાં આવે તો તેના માટેની જોગવાઇઓ છે. આવું કોઇ આપના ધ્યાન પર આવે તો અમને જણાવજો. અમે તેમાં ચોક્કસ કાર્યવાહી કરીશું. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીની સ્પષ્ટ સૂચના છે કે, શિક્ષણ વિભાગમાં કોઇ એક વ્યક્તિના કારણે શિક્ષણ જગત બદનામ ના થાય તેના માટે ચોક્કસ પગલાં લેવાં જોઇએ.

**દાહોદ જિલ્લામાં બકરાં એકમ સહાય**

*** 15/4/796 કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને | (૧) | ૧૪૬ |
| (૨) | તે અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) | ૩.૬૫,૭૦,૦૦૦/– |

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં બકરાં એકમ યુનિટ મહિલા લાભાર્થીઓને આપવામાં આવે છે તે અમારા અનુસૂચિત જનજાતિ સમાજ માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે. બકરાં એકમ યુનિટનો જે લાભ આપવામાં આવે છે તેમાં સહાયમાં વધારો કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : બકરાં એકમના લાભમાં વધારો કરવા માગો છો કે કેમ એટલો જ પ્રશ્ન છે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લો એટલે ટ્રાઇબલ અને જંગલ વિસ્તાર. ત્યાંની બહેનો બકરાંને પાળે, પોષે, ઉછેરે, તેનું વેચાણ કરે અને બાળકોને દૂધ પાય. આ બધુ અમારા ત્યાં આ બકરાં એકમ થકી ચાલતું હોય છે. તેમાં અત્યાર સુધી દાહોદ જિલ્લામાં ૧૪૬ બકરાં એકમનો લાભ આપ્યો છે. ૧૦ બકરી અને ૧ બકરો આપવામાં આવે છે. ૧૦૯ ગામોમાં ૧૪૬ બકરાં એકમ આપ્યા છે. તેમાં ૬૫ લાખ ૭૦ હજાર જેટલી સહાય ચૂકવી છે. આ સહાય વર્ષોવર્ષ આગળ વધારતા જ જઇએ છીએ. આ યોજના બંધ કરતા નથી. આવનારા દિવસોમાં બહેનોને આત્મનિર્ભર કરવાની જે વાત છે તેમાં આ યુનિટ સાથે જોડીને આત્મનિર્ભર થાય તેના માટે સરકાર પ્રયત્ન કરી રહી છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અનુસૂચિત જનજાતિની મહિલાઓની બહેનોને બકરાં એકમ આપવા માટેની શરતો શું છે તેમજ હાલના બકરાં એકમમાં લક્ષ્યાંક બમણો કરવા માગો છો કે કેમ? બમણો કરવા માગો છો તો તેના શું ધોરણો નક્કી કરવા માગો છો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા માનનીય સભ્યશ્રીએ જે જાણવાની વાત કરી છે કે આ યોજના અનુસૂચિત જાતિ માટેની તેની શરતો જે મૂકવાની વાત કરી છે તેના વિશે મારે આ ગૃહને થોડી જાણકારી આપવાની છે કે આ યોજનાનો લાભ મેળવવા અનુસૂચિત જનજાતિના એક કુટુંબના એક મહિલા સભ્ય અરજી કરી શકે છે. આ યોજનાનો લાભ લેવા લાભાર્થી આઇ પોર્ટલ ખેડૂત પર ઓન લાઇન અરજી કરવાની હોય છે. ઓન લાઇન કરેલ અરજીની પ્રિન્ટ આઉટ સહી કરી અરજી કર્યાના સાત દિવસમાં અરજીની પ્રિન્ટ જણાવેલ કચેરીમાં રજૂ કરવાની રહે છે. અરજીની પૂર્વ મંજૂરી મળ્યા બાદ ૯૦ દિવસની સમય–મર્યાદામાં બકરાં એકમની સ્થાપના કરવાની રહે છે. લાભાર્થીએ સહાય યોજનાનો લાભ લેવા માટે દસ બકરી અને એક બકરાની ખરીદી કરવાની રહે છે. આ યોજના હેઠળ લાભાર્થીઓને ખોરાક, પાણી, ઘાસચારો, રહેણાંક અને ખાણદાણના ખર્ચના ૫૦ ટકા ફાળો પણ ભોગવવાનો રહે છે. લાભાર્થીને આ એકમ સામાન્ય સંજોગોમાં ૩ વર્ષ સુધી નિભાવવાનું રહે છે અને તેની પાત્રતાઓ પણ એટલી છે અને તેની પૂર્વ મંજૂરી તે પણ બધુ છે અને આમાં માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નની જો હું વાત કરું તો આ અરજીની સાથે બેન્કની પાસબુકની નકલ અથવા રદ કરેલો ચેક જોડવામાં આવે છે અને બારકોડ રેશનકાર્ડની નકલ, આધાર કાર્ડની નકલ, બાંયેધરી પત્ર, જન્મ તારીખનો દાખલો, ચૂંટણી કાર્ડ અથવા સરકાર માન્ય ફોટાવાળું વિધવા, ત્યકતા, દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્ર અને સંખ્યા વધારાની તેમણે વાત કરી તો અગાઉના જવાબમાં મેં માનનીય સભ્યશ્રીને જવાબ આપ્યો.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બકરાં એકમના લાભાર્થીઓને બકરાના આરોગ્ય માટે સરકારે શું વ્યવસ્થા કરી છે? અને મારો બીજો પ્રશ્ન છે રાજયમાં બકરામાં થતાં રોગોને અટકાવવા અને નિયંત્રણ માટે શું વ્યવસ્થા કરી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું એમાં પશુ જાતમાં આવતા તમામ પશુઓ માટે અમારી સરકાર તેના વિસ્તારની અંદર અમારા પ્રાથમિક પશુ કેન્દ્રો છે કે અમારા વેટરનરી અધિકારીઓ છે, ડોકટરો છે તે પણ ઘરે ઘરે ફરીને સેવાઓ આપતા હોય છે. અને બકરાની બીમારીની સારવાર માટે પણ નજીકના સરકારી પશુ સારવાર સંસ્થા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પશુ દવાખાના દ્વારા સેવા આપવામાં આવે છે. અને જે સભ્યશ્રીએ વાત કરી તો બકરાને થતી પીપીઆર, ખરવા, મોવાસા જેવા ચેપી રોગોના રક્ષણ માટે વિનામૂલ્યે રસીકરણની સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેમજ ઘેંટા–બકરાને વર્ષ દરમિયાન ઝૂંબેશરૂપે કૃમિનાશક દવાના ડોઝ પીવડાવવાની પણ કામગીરી કરીએ છીએ અને ગરીબ મેળાની અંદર પણ પશુમેળા કરી અને આવા તમામ પશુઓની અમે સારવાર કરતા હોઇએ છીએ.

## તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણાં રાજયનાં જે ઘેટાં–બકરાં છે તે અન્ય રાજયોના કતલખાનામાં સરકારની પરમિશન વગર જઇ રહ્યાં છે તો તેને અટકાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ સહાય પૂરતો વિષય છે, આમાં એ નહીં આવે.

**રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માસિક ગ્રાન્ટ**

***15/4/791: શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ માસિક કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૨) રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે નીચે મુજબની શાળાદીઠ વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે પ્રતિમાસ રકમ ચૂકવવામાં આવે છે: |

| વિદ્યાર્થી સંખ્યા | માસિક સહાય (રૂપિયામાં) |
|---|---|
| ૦ થી ૧૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૦૦૦/– |
| ૧૦૧ થી ૩૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૮૦૦/– |
| ૩૦૧ થી ૫૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૪૦૦૦/– |
| ૫૦૦ કે તેથી વધુ હોય તેવી શાળાઓ | ૫૦૦૦/– |

| | |
|---|---|
| (૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ સને ૨૦૨૩–૨૪માં કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | (૩) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ સને ૨૦૨૩–૨૪માં રૂ. ૫૭,૦૭,૩૧,૦૦૦/– ની રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી હું જાણવા માગું છું કે, સ્વચ્છતા સહાય યોજના તે આ શાળાઓ માટે તાતી જરૂરિયાત છે તો આ યોજના કયારથી અમલમાં મૂકવામાં આવી? અને કયારે અને કેટલો આ રકમમાં વધારો કરવામાં આવ્યો છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વચ્છતાનો પ્રશ્ન આપણા સન્માનનીય મહાત્મા ગાંધીજીનો પણ આ વિચાર કે જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા. આ સ્વચ્છતા બધા માટે જરૂરી છે અને આપણા સન્માનનીય પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ પણ સ્વચ્છતાના આગ્રહી છે આપણે પણ આ સ્વચ્છતા સહાય યોજના કયારથી અમલમાં મૂકવામાં આવી અને તેમાં કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો છે તે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે. નાનપણથી બાળકનું વ્યક્તિત્વ નિર્માણ થાય, પરિવાર નિર્માણ થાય અને સમાજ નિર્માણ થાય એ ભાવનાથી શાળાઓમાં સ્વચ્છતા સહાય યોજના વર્ષ ૨૦૦૫–૦૬થી લાગુ કરવામાં આવી છે. જેમાં ધો.૧થી ૪ની શાળા માટે શાળા દીઠ વાર્ષિક રૂ.૧૨૦૦/– અને ધો.૧થી ૭ની શાળા માટે શાળાદીઠ વાર્ષિક રૂ.૨૪૦૦/–ની રકમ ફાળવવામાં આવે છે. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૦–૧૧થી શાળાદીઠ માસિક રૂ.૪૦૦/– એટલે કે વાર્ષિક રૂ.૪૮૦૦/–ની રકમ નક્કી કરવામાં આવેલ હતી એટલે કે ચાર ગણો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૫–૧૬થી શાળાદીઠ માસિક રૂ.૧૮૦૦/– એટલે કે વાર્ષિક રૂ.૨૧,૬૦૦/–ની રકમ નક્કી કરવામાં આવેલ હતી. જેમાં પાંચ ગણો વધારો કરવામાં આવેલ હતો. વર્ષ ૨૦૨૦–૨૧થી આ રકમમાં વધારો કરીને વિદ્યાર્થી સંખ્યાના આધારે ફેરફાર કરવામાં આવ્યો છે. આ નવા સુધારામાં ૧૦૦ વિદ્યાર્થીની સંખ્યા ધરાવતી શાળા માટે રૂ.૧૦૦૦/– પ્રતિ માસ એટલે કે વાર્ષિક રૂ.૧૨,૦૦૦/–, ૧૦૦થી ૩૦૦ સુધીની વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળા માટે પ્રતિ માસ રૂ.૧૮૦૦/– એટલે કે વાર્ષિક રૂ.૨૧૬૦૦/– નક્કી કરવામાં આવેલ છે. ૩૦૧થી ૫૦૦ની વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળા માટે પ્રતિ માસ રૂ.૪૦૦૦/– મળીને વાર્ષિક રૂ.૪૮,૦૦૦/–સ્વચ્છતા સહાય માટે ગ્રાન્ટ આપીએ છીએ. સાથો–સાથ ૫૦૧ કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળા હોય તો એના માટે પ્રતિ માસ રૂ.૫૦૦૦/– એટલે કે વાર્ષિક રૂ.૬૦,૦૦૦/–ની રકમ આપણે આપીએ છીએ. એનો ઉપયોગ સી.આર.સી., બી.આર.સી. આને આપણા શિક્ષક મિત્રો સારી રીતે કરી રહ્યા છે. કેટલાક શિક્ષકોએ આ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ખૂબ સરસ શાળાઓ બનાવી છે અને એનું આંગણું બોલતું કર્યું છે. બાળકો પણ સ્વચ્છતાના પાઠ શીખીને સમૂહ જીવનનો ભાગ બન્યા છે.

**સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ**

***15/4/1180: શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્ટીજન્સી ગ્રાન્ટ શાળા દિઠ, શિક્ષક દિઠ કે આચાર્ય દિઠ કેટલી ફાળવવામાં આવે છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીદીઠ રૂ.૮/- લેખે ડેટમ કેપિટેશન ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તેમાંથી મુખ્ય શિક્ષક દીઠ રૂ.૫૦/- તથા વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૨૫/- કન્ટીન્જન્સી ગ્રાન્ટ આપવાના ધોરણો અમલમાં છે. |
| (૨) | ઉક્ત દરો ક્યારથી અમલમાં છે, | (૨) | ડેટમ કેપીટેશન ગ્રાન્ટ આપવાના ધોરણો તા.૦૧/૦૪/૧૯૯૯થી અમલમાં છે. કન્ટીન્જન્સી ગ્રાન્ટ આપવાના ધોરણો તા.૧૦/૧૦/૨૦૦૭થી અમલમાં છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ, અને | (૩) | ડેટમ ગ્રાન્ટ આપવાના ધોરણોમાં તા.૦૧/૦૪/૧૯૯૯થી રૂ.૪/- માં વધારો કરીને રૂ.૮/- તથા કન્ટીન્જન્સી ગ્રાન્ટ આપવાના ધોરણોમાં તા.૧૦/૧૦/૨૦૦૭થી મુખ્ય શિક્ષક દીઠ રૂ.૨૫/- માં વધારો કરીને રૂ.૫૦/- અને વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૧૦/- માં વધારો કરીને રૂ.૨૫/- આપવાનું ઠરાવેલ છે, અને. |
| (૪) | ઉક્ત દરોમાં હવે ક્યારે કેટલો વધારો કરવામાં આવનાર છે? | (૪) | ઉક્ત દરોમાં વધારો કરવાની બાબત હાલ વિચારણામાં નથી. |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવા માગું છું કે આ કન્ટિજન્સી ગ્રાન્ટ આપવામાં આવે છે. એમાં વિદ્યાર્થી દીઠ રૂ.૮/-, મુખ્ય શિક્ષક દીઠ રૂ.૫૦/- અને વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૨૫/- આપવામાં આવે છે. એ કઇ તારીખથી અમલમાં છે? મારો બીજો પ્રશ્ન એ છે કે રાજ્યની કેટલી સરકારી પ્રાથમિક શાળામાં કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે?

ડો. કુબેરભાઇ ડીંડોર : તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની સરકારી પ્રાથમિક શાળામાં કન્ટિજન્સી ગ્રાન્ટ આપીએ છીએ. એમાં પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી દીઠ રૂ.૮/- ડેટમ કેપિટલ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમાંથી મુખ્ય શિક્ષક દીઠ રૂ.૫૦/- તથા વધારાના પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૨૫/- કન્ટિજન્સી ગ્રાન્ટ આપવાના ધોરણો અમલમાં છે. આ ડેટમ કેપિટલ ગ્રાન્ટ આપવાના ધોરણો તા.૧/૪/૯૯થી અમલમાં છે. કન્ટિજન્સી ગ્રાન્ટ આપવાના ધોરણો તા.૧/૧૦/૨૦૦૭થી અમલમાં છે. ડેટમ કેપિટલ ગ્રાન્ટમાં તા.૧/૪/૯૯થી રૂ.૪/-નો વધારો કરીને રૂ.૮/- તથા કન્ટિજન્સી ગ્રાન્ટમાં વધારો કરીને તા.૧૦/૧૦/૨૦૦૭થી મુખ્ય શિક્ષક દીઠ રૂ.૨૫/-નો વધારો કરીને રૂ.૫૦/- કરવામાં આવ્યા અને પ્રત્યેક શિક્ષક દીઠ રૂ.૧૦/- હતા એમાં વધારો કરીને રૂ.૨૫/- કરવામાં આવ્યા. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે રાજ્યમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની સરેરાશ હાજરીના ધોરણે વિદ્યાર્થી ગ્રાન્ટ લેખે ડેટમ ગ્રાન્ટ આપવામાં આવે છે એમાં કુલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ફાળવેલ ગ્રાન્ટ રૂ.૩ કરોડ ૭૨ લાખ છે અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે જે ગ્રાન્ટ ફાળવી છે એ રૂ.૪૬,૪૩,૦૦૮/- અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૪૬,૪૬,૯૦૬/-વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૪૫ લાખ ૫૨ હજાર ૨૨૪. આ ગ્રાન્ટ ફાળવણી વિદ્યાર્થીદીઠ કરવામાં આવતી હોવાથી જિલ્લા કક્ષાએ ફાળવણી થતી ગ્રાન્ટ નજીકના રાઉન્ડ ઓફ કરીને ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટ વિદ્યાર્થીઓની વાર્ષિક સરેરાશ હાજરીના ધોરણે ફાળવવામાં આવતી હોવાથી શૈક્ષણિક વર્ષ પૂરું થયા બાદ બીજા વર્ષે ફાળવવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના હાલના જવાબમાં આગળના વર્ષમાં રૂ.૩ કરોડનો ઉલ્લેખ કર્યો અને ગયા વર્ષમાં રૂ.૪૬ લાખનો ઉલ્લેખ કર્યો અને તેમણે જણાવેલ જવાબમાં શાળાની સંખ્યાના આધારે, વિદ્યાર્થીની સંખ્યાના આધારે આ ગ્રાન્ટ આપવામાં આવે છે તેવું કહ્યું છે. વર્ષ ૨૦૨૦-૨૧ કે ૨૦૨૧-૨૨માં રૂ.૩ કરોડ અને આ વર્ષે રૂ.૪૬ લાખની ગ્રાન્ટ જણાવી તો માનનીય મંત્રીશ્રી જણાવે કે જ્યારે રૂ.૩ કરોડની ગ્રાન્ટ આપી ત્યારે વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી અને આજે જ્યારે જવાબ આપી રહ્યા છે ત્યારે વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે?

અધ્યક્ષશ્રી : આ માત્ર કન્ટિજન્સી છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને સ્પષ્ટ કરવું છે કે વર્ષ ૨૦૨૩-૨૪માં જે રૂ.૪૫ લાખ ૫૨ હજાર ૨૨૪ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે સાચી વાત છે. આ શૈક્ષણિક સત્ર હજુ પૂરું થયું નથી. આ ગ્રાન્ટ વિદ્યાર્થીઓની વાર્ષિક સરેરાશ હાજરીના ધોરણે ફાળવવામાં આવે છે. વર્ષના અંતે બીજો હપ્તો પણ ફાળવવામાં આવશે. આથી ચોક્કસ રકમ હાલ મારી પાસે નથી એટલે આંકડામાં વેરિએશન છે.

તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષક**

***15/4/1166 શ્રી ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):** ૧૫ મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા. ૨૯-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૯૦૬(અગ્રતા-૬૫) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | રાજ્યમાં કુલ ૯૦૬ પ્રાથમિક શાળામાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, તે શાળાઓમાં વધુ શિક્ષકોની નિમણૂંક કરવા તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ શા પગલાં લીધાં, | (૧) | વધુ શિક્ષકોની નિમણૂંક કરવા લીધેલ પગલાં :<br>• યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાનસહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે<br>• વધ-ઘટ કેમ્પ<br>• જિલ્લા આંતરિક બદલી કેમ્પ<br>• જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન<br>• વિદ્યાસહાયક ભરતી |
| (૨) | ઉક્ત સ્થિતિએ માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોય તેવી કુલ કેટલી શાળાઓ છે, અને | (૨) | ૧૬૦૬ |
| (૩) | ઉક્ત શાળાઓમાં વધુ શિક્ષકોની નિમણૂંક ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) | જેમ બને તેમ ઝડપથી |

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, અગાઉ આ પ્રશ્ન ચર્ચામાં આવી ગયો છે. મારું એક સૂચન છે કે ગયા વખતે એક શાળમાં ૭૦૦ શિક્ષકોની ઘટ હતી તે ૧૬૦૦ થઇ. આવતા સત્રમાં આ સંખ્યા ૩૨૦૦ ન થાય તેની ખાતરી રાજ્ય સરકાર આપે. આ સિવાય જે શિક્ષકો તાલુકામાં કેપિટલ સુધી અપ-ડાઉન કરે ત્યાં સુધી બરાબર છે પણ ૨૦૦ કિ.મી. સુધી જે શિક્ષકો અપ-ડાઉન કરે છે તેના ઉપર રોક આવે અને શૈક્ષણિક કાર્ય દરમિયાન જે ટેકનોલોજીનો ઉપયોગ થાય છે તેના ઉપર પ્રતિબંધ મૂકવામાં અને દરેક પ્રાથમિક શાળામાં શૈક્ષણિક કાર્ય દરમિયાન સી.સી.ટી.વી.ની વ્યવસ્થા ચાલુ કરવામાં આવે તેવું મારું સૂચન છે. બનાસકાંઠાની જે ૮૭ જગ્યાઓ ખાલી છે તે ખરેખર ઝડપી ભરવાના બદલે ચોક્કસ સમયમર્યાદમાં ભરવામાં આવે અને નવું શૈક્ષણિક સત્ર ચાલુ થાય તે પહેલાં આ જગ્યાઓ ભરવામાં આવશે તેવો મંત્રીશ્રી જવાબ આપે તો બધા સભ્યશ્રીઓને સંતોષકારક જવાબ મળી જાય.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ૨૭ જગ્યાઓ ખાલી છે તેવું જણાવ્યું તે વિષયમાં ૨૭ જગ્યાઓ ખાલી નથી પણ એક શિક્ષકથી ૨૭ શાળાઓ ચાલે છે તેવો જવાબ આપ્યો છે. તેમાં સંખ્યા આધારિત શિક્ષક મિત્રો હોય છે. ચાલુ વર્ષે શિક્ષક મિત્રોની બદલીના જે નિયમો બન્યા અને જે વ્યવસ્થાઓ કરી તેના ભાગરૂપે વધ-ઘટ અને જિલ્લા આંતરિક ફેરબદલી કેમ્પ કરવામાં આવ્યા. વર્ષ ૨૦૨૨-૨૩માં ભરતી પણ કરી છે અને કુલ ૨૭૪૮૪ બદલી પૈકી ૧૭૧૭૪ જિલ્લા આંતરિક બદલી અને ૧૦૬૭૪ જિલ્લા ફેર બદલીથી શિક્ષકો પોતાના વતનમાં ગયા છે એટલે આ ૧૬૦૬નું વેરિએશન થયું છે. આવનારા સમયમાં જે જગ્યાઓ ખાલી છે તે ભરીશું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વર્ષ-૨૦૧૭થી અમે ધારાસભ્ય થયા ત્યારથી પ્રશ્નોતરી કરીએ છીએ તેમાં બનતી ત્વરાએ, સત્વરે કે ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે તેવા જ જવાબો મળ્યા છે પણ હજુ સુધી આવો કોઇ તબક્કો પૂરો થતો નથી. એટલે ફરીથી કોઇ પણ પ્રશ્નના જવાબની સમયમર્યાદામાં ૩૦ દિવસ, ૧૫ દિવસ બે મહિના કે છ મહિના તે રીતે ચોક્કસ સમયમર્યાદા આપવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : વિધાનસભાના નિયમો મુજબ, કોઇપણ માનનીય ધારાસભ્યશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ પ્રમાણેનો જ જવાબ આપવો એવો આગ્રહ કરી શકશે નહીં.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના સભ્યશ્રીઓ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા તો પૂછતા જ નથી, શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે જ શિક્ષકો મળે છે. એક શિક્ષકવાળી શાળામાં વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાના કારણે બીજો શિક્ષક આપી શકતા નથી. તેમ છતાં કેટલીક શાળાઓમાં શિક્ષકો બદલી કરી પોતાના વતનમાં ગયેલ હોવાથી જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ પણ આપણે ભરીશું. જેની આ અગાઉ પણ વાત કરી છે. જે શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૫, ૧૦, ૧૧ અને ૨૧ છે એની માહિતી પણ અગાઉ આપેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. સભાગૃહ એક મિનિટ મોડું ચાલુ થયેલ હતું. એટલા માટે પ્રશ્નોત્તરીકાળનો સમય એક મિનિટ લંબાવેલ છે.

**અતારાંકિત પ્રશ્નો**

**(** તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ **)**

**અમદાવાદ શહેરની ખાનગી શાળાઓમાં વસૂલવામાં આવતી ફી**

15/4/720 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ)** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં ખાનગી શાળાઓ દ્વારા ફી રેગ્યુલેટરી કમિટિના હુકમોનું ઉલ્લંઘન કરીને ઉંચી ફી ઉઘરાવવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) (નીચેના કોષ્ટક મુજબ) |
| (૨) | ઉક્ત સ્થિતિએ ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાઓની કેટલી ફી નિયત કરવામાં આવેલ છે અને સંચાલકો દ્વારા કેટલી ફી ઉઘરાવવામાં આવેલ છે, અને | (૨) **પત્રક-અ** મુજબ |
| (૩) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત કઈ શાળાના સંચાલક સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) **પત્રક-બ** મુજબ |

| **ફરિયાદોની સંખ્યા** | | |
|---|---|---|
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | કુલ |
| ૦૩ | ૦૨ | ૦૫ |

પત્રક-અ

| ક્રમ | શાળાનું નામ | મળેલ ફરિયાદોની સંખ્યા | ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાની નિયત કરવામાં આવેલ ફી | | | સંચાલકો દ્વારા ઉઘરાવવામાં આવેલ ફી (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ષ | ધોરણ | મંજૂર ફી (રૂ.) | |
| ૧ | ત્રિપદા ઇંગ્લીશ સ્કૂલ, અમદાવાદ | ૦૨ (૨૦૨૨-૨૩) | ૨૦૨૧-૨૨ | ધો-૧ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો-૨ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો-૩ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો-૪ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો-૫ | ૩૩,૨૫૦ | ૩૬,૭૫૦ |
| | | | | ધો-૬ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો-૭ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો-૮ | ૩૩,૦૦૦ | ૩૯,૯૦૦ |
| | | | | ધો-૯ | ૩૩,૫૦૦ | ૪૫,૦૦૦ |
| ૨ | નારાયણી હાયર સેકન્ડરી સ્કૂલ, નરોડા, અમદાવાદ. | ૦૧ (૨૦૨૨-૨૩) | ૨૦૨૧-૨૨ | પ્રિ-પ્રાયમરી | ૧૩,૩૫૦ | ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરી દ્વારા મંજૂર થયેલ ફી કરતા વધુ ઉઘરાવેલ ફીના આધારો રજૂ થયેલ નથી. |
| | | | | પ્રાયમરી | ૧૫,૭૫૦ | |
| | | | | સેકન્ડરી | ૧૭,૫૦૦ | |
| ૩ | સ્વસ્તિક સ્કૂલ, નવા વાડજ, અમદાવાદ. | ૦૧ (૨૦૨૩-૨૪) | ૨૦૨૧-૨૨ | પ્રાયમરી | ૨૬,૭૫૦ | ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરી દ્વારા મંજૂર થયેલ ફી કરતા વધુ ઉઘરાવેલ ફીના આધારો રજૂ થયેલ નથી. |
| ૪ | નિરમા વિદ્યાવિહાર, બોડકદેવ, અમદાવાદ | | ૨૦૨૧-૨૨ | પ્રિ-પ્રાયમરી | ૮૫,૦૦૦ | ૧,૦૧,૫૨૧ |

| ક્રમ | શાળાનું નામ | મળેલ ફરિયાદોની સંખ્યા | ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા શાળાની નિયત કરવામાં આવેલ ફી | | | સંચાલકો દ્વારા ઉઘરાવવામાં આવેલ ફી (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | | વર્ષ | ધોરણ | મંજૂર ફી (રૂ.) | |
| | | ૦૧ (૨૦૨૩-૨૪) | | પ્રાયમરી | ૮૪,૫૦૦ | ૧,૦૦,૯૨૪ |
| | | | | સેકન્ડરી | ૮૪,૫૦૦ | ૧,૦૦,૯૨૪ |

પત્રક – બ

| ક્રમ | શાળાનું નામ | જિલ્લો | ફરિયાદના નિકાલ માટે સંચાલક મંડળ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? |
|---|---|---|---|
| ૧ | ત્રિપદા ઇંગ્લીશ સ્કૂલ, અમદાવાદ | અમદાવાદ શહેર | શાળા દ્વારા ફાઈનલ ફી નક્કી થયા પહેલા રૂ.૩૯,૯૦૦/- ની ફી ઉઘરાવતી હતી. જે ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરી દ્વારા તા.૦૭/૦૩/૨૦૨૨ ના રોજ સુનાવણી હાથ ધરીને (CBSE BOARD) માટે ફાઈનલ હુકમ કરી વધુ ઉઘરાવેલ ફી બાબતે શાળાને ફી સરભર કરવા માટેનો આદેશ કરેલ છે.<br>(વર્ષ : ૨૦૨૧ – ૨૨થી સદર શાળા CBSE બોર્ડમાં ચાલુ કરેલ છે.) |
| ૨ | નારાયણી હાયર સેકન્ડરી સ્કૂલ, નરોડા, અમદાવાદ. | અમદાવાદ શહેર | ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરીને મળેલ ફરિયાદ બાબતે ફી નિયમન સમિતિ, અમદાવાદ ઝોનની કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર પાસેથી તપાસ અહેવાલ મંગાવેલ હતો. તા.૦૩-૦૨-૨૦૨૪ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેરનો અહેવાલ રજૂ થયેલ છે. શાળા દ્વારા વૈકલ્પિક ફી ફરજિયાત ન હોવાનું જણાવતાં અરજદાર શ્રી સુરેશભાઇ પટેલ પોતાની ફરિયાદનું નિવારણ આવતા તેમણે પોતાની ફરિયાદ પરત ખેચેલ છે તેથી આ અંગેનો કોઇ અન્ય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ આ રજૂઆત બાબતે વાલીશ્રીએ પોતાનું નિવેદન આપેલ છે. |
| ૩ | સ્વસ્તિક સ્કૂલ, નવા વાડજ, અમદાવાદ. | અમદાવાદ શહેર | ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરીને મળેલ ફરિયાદ બાબતે ફી નિયમન સમિતિ, અમદાવાદ ઝોનની કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર પાસેથી તપાસ અહેવાલ મંગાવેલ હતો. તા.૦૩-૦૨-૨૦૨૪ના રોજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેરનો અહેવાલ રજૂ થયેલ છે જેમાં અરજદાર શ્રી આશિષ કણજરિયા દ્વારા મળેલ ફરિયાદ બાબતે વાલીનો સંપર્ક કરી વધુ કોઈ આધાર પુરાવા માંગેલ હતાં પણ વાલીએ ત્યારબાદ કોઇ આધાર પુરાવા રજૂ કરેલ નથી. જ્યારે શાળા ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરીએ નકકી કરેલ ફી કરતાં વધૂ ફી લેવામાં આવતી હોવાનું જણાતું નથી. |
| ૪ | નિરમા વિદ્યાવિહાર, બોડકદેવ, અમદાવાદ | અમદાવાદ શહેર | તા.૧૫/૦૪/૨૩ ના રોજ ગુજરાત વાલી મંડળ દ્વારા ફી નિયમન સમિતિ, અમદાવાદ ઝોનની કચેરીને મળેલ ફરિયાદ બાબતે તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ શહેર દ્વારા તા.૦૬/૦૫/૨૩ના રોજ મળેલ તપાસ અહેવાલ અન્વયે તા.૧૫/૦૫/૨૩ ના રોજ ફી નિયમન સમિતિ- અમદાવાદ ઝોનની કચેરી સમક્ષ રૂબરૂ સુનાવણી હાથ ધર્યા બાદ તા.૨૧/૦૬/૨૩ના રોજ હુકમ કરી ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે. જેમાં ટર્મ ફી વસૂલવા બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટના તા. ૨૨/૦૭/૨૦૨૨ ના SCA(Special Civil Application) No. 2356/2021 ના જજમેન્ટ અનુસાર શાળા ફી નિયમન સમિતિએ નક્કી કરેલ ફી ઉપરાંત એક માસની ફી વર્ષમાં બે વખત ટર્મ ફી તરીકે તેમજ નવા પ્રવેશના કિસ્સામાં એક માસની પ્રવેશ ફી ઉઘરાવી શકશે. આ જજમેન્ટ અનુસાર શાળાએ ટર્મ ફી વસુલેલ છે. |

--------------------------------

**અમદાવાદ જિલ્લામાં એકીકૃત ઘાસચારા વિકાસ યોજના**

**15/4/741 શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ (સાબરમતી): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં અમદાવાદ જિલ્લામાં એકીકૃત ઘાસચારા વિકાસ યોજના હેઠળ કેટલી બિયારણ કીટ વિતરણ કરવામાં આવી, અને | (૧) | ૪૩૯૦ |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) | રૂ.૨૫,૨૨,૨૫૨ |

-------------------

**જૂનાગઢ જિલ્લાના માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં માધ્યમિક શાળાઓ**

15/4/1184: **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં તાલુકાવાર કેટલી ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલ છે, | (૧) |

| ક્રમ | તાલુકાનું નામ | ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ (ધોરણ ૯ અને ધોરણ ૧૦) ની સંખ્યા | ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (ધોરણ ૧૧ અને ધોરણ ૧૨) ની સંખ્યા | ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (ધોરણ ૯ થી ધોરણ ૧૨) ની સંખ્યા | કુલ ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | માણાવદર | ૯ | ૦ | ૩ | ૧૨ |
| ૨ | મેંદરડા | ૬ | ૦ | ૬ | ૧૨ |
| ૩ | વંથલી | ૯ | ૦ | ૨ | ૧૧ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કઈ શાળાનાં મકાનો જર્જરિત હાલતમાં છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | તા.–વંથલી, જિ.– જૂનાગઢ | શ્રી કચરાભગત માધ્યમિક શાળા, મોટા કાજલીયાળા |

(૩) ઉક્ત શાળાનાં મકાનોને રીપેરીંગ કે નવા બનાવવા માટે કઈ યોજના અમલમાં છે, અને

(૩) કોઇ યોજના અમલમાં નથી.

(૪) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શિક્ષક યોગ્યતા કસોટી ટેટ-૧ યોજવા બાબત**

**15/4/1187: શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૩૦૪(અગ્રતા–૧૧૫) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય પરીક્ષા બોર્ડના તા.૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાથી ટેટ–૧ પરીક્ષાના આવેદનપત્રો ભરાયેલ તે અન્વયે પરીક્ષા સભંવિત માસ મે/જૂન–૨૦૨૩માં લેવાનું આયોજન હતું તે પરીક્ષા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે લેવામાં આવી, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લે ટેટ–૧ પરીક્ષા તા.૧૬/૦૪/૨૦૨૩ના રોજ લેવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓએ ભાગ લીધો, તે પૈકી કેટલી પરીક્ષાર્થીઓ પાસ જાહેર થયા, | (૨) ઉક્ત પરીક્ષામાં કુલ ૭૩,૨૭૧ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો, જે પૈકી ૨,૭૭૯ પરીક્ષાર્થીઓ પાસ જાહેર થયા. |
| (૩) ઉક્ત પાસ જાહેર થયેલ ઉમેદવારો પૈકી કેટલાને નોકરી અંગેના નિમણૂંકો પત્રો આપવામાં આવ્યા? | (૩) શૂન્ય. |

તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના**

**15/4/805 શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ (ચોટીલા): માનનીય ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ગામોમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (ડબલ્યુ.ડી.સી.–૨.૦) હેઠળ કેટલા પ્રોજેકટ મંજૂર થયેલ છે, | (૧) | ૨૦ ગામોમાં ૨ (બે) પ્રોજેકટ |
| (૨) | ઉકત સ્થિતિએ આ પૈકી કયા તાલુકામાં કામો કરવામાં આવેલ છે, અને | (૨) | ચોટીલા અને થાનગઢ |
| (૩) | ઉકત કામો પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) | |

| તાલુકો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ચોટીલા | ૩.૫૦૮.૭૪ |
| થાનગઢ | ૩.૫૦૯.૦૫ |

**જૂનાગઢ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન–કઠોળ યોજના**

15/4/787: **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન–કઠોળ યોજના અંતર્ગત ચણા પાકમાં કેટલા નિદર્શન આપવામાં આવ્યા, અને | (૧) | ૩૫૮. |
| (૨) | સદર નિદર્શનમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) | વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ.૭.૬૨૬ લાખ અને ચણા રવિ પાક હોઈ હાલ વર્ષ ૨૦૨૩–૨૪માં ખર્ચ શૂન્ય છે. |

**સુરત જિલ્લામાં શાળાઓમાં જર્જરીત ઓરડા**

**15/4/948 : શ્રી ગણપતસિંહ વસાવા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં શાળાઓમાં જર્જરીત ઓરડા અંગે કોઇ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને, | (૧) હા. |
| )૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ઓરડા નવા મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) ૬૭૭ ઓરડા |
| (૩) | ઉક્ત સ્થિતિએ નવા ઓરડા બનાવવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂપિયા ૧૫૨૦.૩૦ લાખ |

**કચ્છ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ મંજૂર કરવામાં આવેલ અરજીઓ બાબત.**

15/4/1226: **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

**પ્રશ્ન** **જવાબ**

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાનાં નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ માટે કેટલી અરજીઓ મળી,

(૧)

| તાલુકો | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|---|
| નખત્રાણા | ૬૫ | ૪૬ |
| અબડાસા | ૧૯ | ૪ |
| લખપત | ૧૮ | ૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકો | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|---|
| નખત્રાણા | ૪૨ | ૩૨ |
| અબડાસા | ૯ | ૩ |
| લખપત | ૯ | ૦ |

(૩) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો?

(૩)

| તાલુકો | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|---|
| નખત્રાણા | ૩૭ | ૩૦ |
| અબડાસા | ૬ | ૩ |
| લખપત | ૯ | ૦ |

### રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ

**15/4/1143:- શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૫૧૯ (અગ્રતા-૫૮)ના અનુસંધાને **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૪૪૧ જગ્યાઓ ખાલી હતી તે જગ્યાઓ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરની અવધિ ૨૦૨૩માં પૂર્ણ થતી હતી તે અનુસાર સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૧) ૩૧ |
| (૨) ઉકત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૪૨૦ |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ ન ભરવાના કારણો શા છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર ભરવાપાત્ર ખાલી જગાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. |

### ભરૂચ જિલ્લામાં વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સહાય

**15/ 4/ 809 : શ્રી ડી.કે.સ્વામી** (જંબુસર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં ભરૂચ જિલ્લામાં પપૈયા પાકના વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) કુલ-૭૪૫ લાભાર્થીઓને કુલ રૂ. ૧,૯૮,૧૯,૩૭૪/- ની સહાય ચૂકવવામાં આવી. |

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ યુનિટ**

**15/ 4/ 811 : શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ** (માણસા) **: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા શાકભાજી અને ફળ પાકોના શોર્ટીંગ ગ્રેડીંગ યુનિટ માટેની યોજના માટે સહાય આપવામાં સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તે પેટે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) કુલ– ૯ લાભાર્થીઓને કુલ રૂ.૫૩,૦૫,૮૬૦/– ની સહાય ચૂકવવામાં આવી. |

**રાજ્યમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક**

૧૫/૪/૧૩૩૧: **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) **:** ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર (૨૦૨૧)માં સભાગૃહમાં તા.૨૬/૦૩/૨૦૨૧ના રોજ રજૂ થયેલ સોળમી અતારાંકિત યાદીમાં અ.તા પ્રશ્ન ક્રમાંક–૮૭૮૦ના અનુસંધાને **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) મનરેગાની ફરિયાદોના નિકાલ માટે મનરેગા લોકાયુક્તની નિમણૂક રાજ્યના તમામ જિલ્લામાં બાકી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા જિલ્લાઓમાં નિમણૂક કરવામાં આવી, | )૧) મનરેગાની ફરિયાદોના નિકાલ માટે મનરેગા લોકાયુક્તની નિમણૂક રાજ્યના તમામ જિલ્લામાં બાકી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના કુલ–૨૮ જિલ્લાઓમાં (મોરબી, વડોદરા, અમદાવાદ, પંચમહાલ, નવસારી, દાહોદ, સાબરકાંઠા, રાજકોટ, વલસાડ, મહેસાણા, ખેડા, સુરેન્દ્રનગર, પાટણ, સુરત, બોટાદ, ડાંગ, છોટા ઉદેપુર, અમરેલી, બનાસકાંઠા, તાપી, ભાવનગર, ગાંધીનગર, જામનગર, પોરબંદર, મહીસાગર, અરવલ્લી, ભરૂચ, ગીર સોમનાથ) મનરેગા લોકાયુક્તની નિમણુંક કરવામાં આવી. |
| )૨) ઉક્ત સ્થિતિએ કયા જિલ્લાઓમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક બાકી છે, અને | )૨) ઉક્ત સ્થિતિએ જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, નર્મદા, કચ્છ અને આણંદ જિલ્લાઓમાં મનરેગા લોકાયુક્તની નિમણૂક બાકી છે. |
| )૩) ઉક્ત નિમણૂક ન થવાના કારણો શા છે, આવી નિમણૂક ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે? | )૩) કુલ – ૦૫ જિલ્લા માટે રાજ્ય પસંદગી સમિતિને યોગ્ય ઉમેદવાર ન મળતાં નિમણુંક થયેલ નથી. યોગ્ય ઉમેદવાર મળ્યેથી નિમણુંક કરવામાં આવશે. |

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય**

**15/4/1339 : શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવા કેટલી અરજીઓ મળી? | (૧) જામનગર જિલ્લામાં ૧૪૭ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૫૬. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) જામનગર જિલ્લામાં ૧૧૧ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૩૮. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) જામનગર જિલ્લામાં રૂ.૨૨૦.૦૦/– લાખ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂ.૭૬.૦૦/– લાખ. |

---------------------

**ડાંગ જિલ્લામાં ચાલતી સિઝનલ હોસ્ટેલોમાં થતી ગેરરીતિઓની ફરિયાદ.**

15/4/1194 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૭/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૧૮૦ (અગ્રતા–૧૦૩) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) રાજ્ય સરકારને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડાંગ જિલ્લામાં કાર્યરત સિઝનલ હોસ્ટેલોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ બાબતે ત્રણ ફરિયાદો અન્વયે સમગ્ર શિક્ષા દ્વારા તપાસ કમિટી નીમી તપાસ સોંપવામાં આવેલ તે તપાસ ક્યારે, કોને, કેટલા સમયમાં અહેવાલ સુપ્રત કરવાની શરતે સોંપવામાં આવેલ, | (૧) રાજ્ય સરકારને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડાંગ જિલ્લામાં કાર્યરત સિઝનલ હોસ્ટેલોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ બાબતે ત્રણ ફરિયાદો અન્વયે સમગ્ર શિક્ષા દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડાંગને તા.૦૨.૦૩.૨૦૨૩ના રોજ તપાસ સોંપવામાં આવેલ. |
| (૨) તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે અહેવાલ મળેલ છે, અને | (૨) તે અન્વયે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડાંગનો તા.૦૪.૦૫.૨૦૨૩ ની સ્થિતિએ અહેવાલ મળેલ છે. |
| (૩) મળેલ અહેવાલ અન્વયે કેટલા ભૂતિયા વિદ્યાર્થીઓ ક્યારથી હોવાનું સામે આવ્યું અને તે સબબ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા? | (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગના તા.૦૪.૦૫.૨૦૨૩ના અહેવાલ મુજબ અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલ આક્ષેપો પાયાવિહોણા હોઈ, જે હકીકતલક્ષી વિગતો અન્વયે પ્રકરણ દફ્તરે કરેલ છે. |

**ભાવનગર જિલ્લામાં વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સહાય**

**15/ 4/ 810 : શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ** (મહુવા): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેળ(ટીસ્યુ), પાકના વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) કુલ-૩૬૨ લાભાર્થીઓને કુલ રૂ. ૧,૨૮,૬૩,૨૨૭/- ની સહાય ચૂકવવામાં આવી. |

**પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રાજયનો ૧૦૦ % ફાળો**

**15/04/807 ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ) : માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦ % રાજ્ય ફાળા હેઠળ કોઈ સહાય ચૂકવવામાં આવે છે કે કેમ, અને | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવે છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મુખ્યમંત્રી પ્રોત્સાહક સહાય યોજના હેઠળ લાભાર્થી દીઠ રકમ રૂ.૨૦,૦૦૦/- અને બાથરૂમ બાંધકામ સહાય યોજના હેઠળ લાભાર્થી દીઠ રકમ રૂ.૫,૦૦૦/- સહાય ચૂકવવામાં આવે છે. |

**રાજયમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની ખાલી જગ્યાઓ**

**15/4/1126:- શ્રી જિજ્ઞેશ મેવાણી (વડગામ):** ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૫૧૯ (અગ્રતા-૫૮)ના અનુસંધાને **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન: | જવાબ: |
|---|---|
| (૧) રાજ્યમાં પશુપાલન અધિકારી વર્ગ-૨ ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૪૪૧ જગ્યાઓ ખાલી હતી તે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન હતું અને આ ૧૦ વર્ષીય કલેન્ડરની અવધિ વર્ષ-૨૦૨૩માં પૂર્ણ થઈ છે તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૧) ૩૧ |
| (૨) ઉકત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ૪૨૦ |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર ભરવાપાત્ર ખાલી જગાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. |

**પોરબંદર જિલ્લામાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા.**

15/4/1160 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા** (પોરબંદર)**:** ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૨૮૨ (અગ્રતા-૭૩)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૮૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની અને ૨૨૦ શાળાઓમાં વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ન હતી, તે સુવિધા જેમ બને તેમ ઝડપથી ઉપલબ્ધ કરાવવાની હતી તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉકત શાળાઓમાંથી કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી, | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ ૧૩૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને ૧૫ સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ)ની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે: |

| તાલુકો | કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની) | કોમ્પ્યુટર લેબ ઉપલબ્ધ છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| કુતિયાણા | ૫૩ | ૧૧ | ૧૭ | ૨૫ |
| પોરબંદર | ૧૧૭ | ૨૫ | ૪૬ | ૪૬ |
| રાણાવાવ | ૫૬ | ૧૧ | ૨૦ | ૨૫ |
| કુલ | ૨૨૬ | ૪૭ | ૮૩ | ૯૬ |

| તાલુકો | કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની) | ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ઉપલબ્ધ છે તેવી શાળાઓની સંખ્યા | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ઉપલબ્ધ કરાવેલ છે તેવી શાળાઓની સંખ્યા | ગણિત-વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ) ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| કુતિયાણા | ૫૩ | ૦૦ | ૦૦ | ૫૩ |
| પોરબંદર | ૧૧૭ | ૦૪ | ૦૮ | ૧૦૫ |
| રાણાવાવ | ૫૬ | ૦૨ | ૦૧ | ૫૩ |
| કુલ | ૨૨૬ | ૦૬ | ૦૯ | ૨૧૧ |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા નથી, અને | (૨) | ઉકત સ્થિતિએ તાલુકાવાર કુલ ૯૬ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા નથી.<br>તથા તાલુકાવાર કુલ ૨૧૧ શાળાઓમાં ગણિત–વિજ્ઞાન લેબ(સ્ટેમ લેબ)ની સુવિધા નથી. |
| (૩) | ઉકત શાળાઓમાં કયાં સુધીમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૩) | ઉક્ત સ્થિતિએ નામાંકનને આધારે પ્રાથમિક્તા આપી તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી બાકી રહેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને ગણિત–વિજ્ઞાન લેબ (સ્ટેમ લેબ)ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. |

**તાપી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય**

**15/4/788 : શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તાપી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) | ૭૫. |
| ( ૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | ( ૨) | ૫૫. |
| (૩) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) | રૂ.૧૦૯.૦૦ લાખ. |

**બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કોલ્ડ સ્ટૉરેજ**

**15/ 4/ 541 : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી** (દાંતા )**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|---|
| (૧) | તા. ૩૧/ ૧૨/ ૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કેટલા કોલ્ડ સ્ટૉરેજ મંજૂર કરી આપવામાં આવ્યા, અને | (૧) દાંતા તાલુકામાં ૧ (એક) અને અમીરગઢ તાલુકામાં ૨ (બે) |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કેટલી રકમનો ખર્ચ થયો? | (૨) છેલ્લા બે વર્ષમાં કોઈ ખર્ચ થયેલ નથી. |

**અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના**

**15/4/804 શ્રી હાર્દિક ભરતભાઈ પટેલ (વિરમગામ ): માનનીય ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે**:–**

તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં પશુઓનું રસીકરણ**

**15/4/792 શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું,અને | (૧) | ૬,૬૨,૬૮૩ |
| (૨) | ઉક્ત રસીકરણ કયા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું ? | (૨) | પશુઓના જીવાણુંજન્ય અને વિષાણુંજન્ય રોગો માટે |

---------------------

**રાજયમાં પશુચિકિત્સા વર્ગ–૨ ની જગ્યાઓ**

**15/4/1174:- શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):** ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯–૦૩–૨૦૨૩ના રોજ

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિચાઇ યોજના (ડબલ્યુ.ડી.સી.) હેઠળ જળસંગ્રહની કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો કયા તાલુકામાં કઇ કામગીરી કરવામાં આવેલ છે? | (૨) | (નીચે કોષ્ટક મુજબ) |

| **તાલુકા** | **કરવામાં આવેલ કામગીરી** |
|---|---|
| વિરમગામ | ચેકડેમ, પોન્ડ વેસ્ટિવચર, |
| બાવળા | પોન્ડ આઉટલેટ, પોન્ડ બંડ, નવા તળાવ, પોન્ડ ઇનલેટ |
| દસ્ક્રોઇ | પોન્ડ બંડ, નવા તળાવ, ચેકડેમ, પોન્ડ વેસ્ટવિયર |

સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૫૧૯ (અગ્રતા–૫૮)ના અનુસંધાને **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પશુપાલન ચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૪૪૧ જગ્યાઓ ખાલી હતી તે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન હતું અને આ ૧૦ વર્ષીય કેલેન્ડરની અવધિ વર્ષ–૨૦૨૩માં પૂર્ણ થાય છે તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૧) ૩૧ |
| (૨) ઉક્ત ભરવામાં આવેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવી, | (૨) ૩૧ |
| (૩) ઉક્ત સીધી ભરતીથી ભરવામાં આવતી જગ્યાઓમાં કેટલું માસિક વેતન આપવામાં આવે છે. | (૩) ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો,૨૦૧૬ મુજબ પે મેટ્રીક્ષ માં લેવલ –૮, ( રૂ.૪૪૯૦૦–૧૪૨૪૦૦) તથા અન્ય ભથ્થાઓ. |

| | |
|---|---|
| (૪) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૪) ૪૨૦ |
| (૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૫) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર ભરવાપાત્ર ખાલી જગાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. |

એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત

**15/4/1170 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, | (૧) | ૧૬૦૬ |
| (૨) | ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) | • યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાનસહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>• વધ–ઘટ કેમ્પ<br>• જિલ્લા આંતરિક બદલી કેમ્પ<br>• જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન |
| (૩) | ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે? | (૩) | જેમ બને તેમ ઝડપથી |

**સુરેન્દ્રનગર જિલ્લામાં પશુઓનું રસીકરણ**

**15/4/793 શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર (દસાડા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું,અને | (૧) | ૫,૧૦,૧૬૧ |
| (૨) | આ રસીકરણ કયા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું ? | (૨) | પશુઓના જીવાણુંજન્ય અને વિષાણુંજન્ય રોગો માટે |

**રાજકોટ જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન**

**15/4/799 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનની જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) | ૩૬૬ |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી? | (૨) | રૂ.૧૦,૯૮,૦૦૦ |

**મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

**15/4/794 શ્રી કરશનભાઇ પુંજાભાઇ સોલંકી (કડી): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) | ૨૧૩ |
| (૨) | તેમાં કુલ કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) | ૩૯,૫૦૧ |
| (૩) | તેમાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) | ૨૦૦ |

## તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નો

**એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત**

**15/4/1191 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, | (૧) | ૧૬૦૬ |
| (૨) | ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) | • યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાનસહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>• વધ–ઘટ કેમ્પ<br>• જિલ્લા આંતરિક બદલી કેમ્પ<br>• જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન |
| (૩) | ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે? | (૩) | જેમ બને તેમ ઝડપથી |

**અમદાવાદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

**15/4/795 શ્રી કાળુભાઇ રૂપાભાઇ ડાભી (ધંધુકા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) | ૧૭૧ |
| (૨) | તેમાં કુલ કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) | ૩૮,૧૦૯ |
| (૩) | તેમાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) | શૂન્ય |

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાતર બિયારણ માટેના ડેપો**

**15/4/818: શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા** (બાયડ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને ખાતર બિયારણ માટેના કેટલા સરકારી ડેપો છે? | (૧) | ઉક્ત સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને ખાતર બિયારણ માટેના કોઈ સરકારી ડેપો નથી |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં કેટલા ખેડૂતોએ આ ડેપો પરથી ખાતર બિયારણનો લાભ લીધો, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) | તે માટે સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

-----------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષક**

**15/4/1182 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): ૧૫ મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા. ૨૯–૩–૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૯૦૬(અગ્રતા–૬૫) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | રાજ્યમાં કુલ ૯૦૬ પ્રાથમિક શાળામાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, તે શાળાઓમાં વધુ શિક્ષકોની નિમણૂંક કરવા તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શા પગલાં લીધાં, | (૧) વધુ શિક્ષકોની નિમણૂંક કરવા લીધેલ પગલાં :<br>• યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાનસહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>• વધ-ઘટ કેમ્પ<br>• જિલ્લા આંતરિક બદલી કેમ્પ<br>• જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન<br>• વિદ્યાસહાયક ભરતી |
| (૨) | ઉક્ત સ્થિતિએ માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોય તેવી કુલ કેટલી શાળાઓ છે, અને | (૨) ૧૬૦૬ |
| (૩) | ઉક્ત શાળાઓમાં વધુ શિક્ષકોની નિમણૂંક ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) જેમ બને તેમ ઝડપથી |

### અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ

**15/4/722 : શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલ છે, | (૧) **પત્રક-અ** મુજબ |
| )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને | (૨) **પત્રક-બ અને પત્રક-ક** મુજબ |
| (૩) | ઉક્ત ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી |

---

**પત્રક – અ**

**તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ.**

**સરકારી પ્રાથમિક શાળાઓ**

| અમદાવાદ શહેરની સરકારી પ્રાથમિક શાળા | | અમદાવાદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળા | |
|---|---|---|---|
| તાલુકો | શાળાની સંખ્યા | તાલુકો | શાળાની સંખ્યા |
| અમદાવાદ શહેર | ૪૪૯ | બાવળા | ૬૧ |
| | | દસક્રોઇ | ૧૩૩ |
| | | દેત્રોજ | ૫૫ |
| | | ધંધુકા | ૫૦ |
| | | ધોલેરા | ૩૯ |
| | | ધોળકા | ૧૦૦ |
| | | માંડલ | ૪૩ |
| | | સાણંદ | ૧૦૯ |
| | | વિરમગામ | ૯૬ |
| કુલ | ૪૪૯ | કુલ | ૬૮૬ |

**સરકારી માધ્યમિક શાળાઓ**

| અમદાવાદ શહેરની સરકારી માધ્યમિક શાળા | | અમદાવાદ જિલ્લાની સરકારી માધ્યમિક શાળા | |
|---|---|---|---|
| તાલુકો | શાળાની સંખ્યા | તાલુકો | શાળાની સંખ્યા |

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૦૨ | દસ્ક્રોઈ | ૩ |
| | | દેત્રોજ | ૧ |
| | | ધંધુકા | ૨ |
| | | ધોલેરા | ૪ |
| | | ધોળકા | ૯ |
| | | બાવળા | ૭ |
| | | માંડલ | ૧ |
| | | વિરમગામ | ૭ |
| | | સાણંદ | ૧૦ |
| | | સિટી | ૧ |
| કુલ | ૦૨ | કુલ | ૪૫ |

**પત્રક – બ**

**તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર ઉક્ત શાળાવાર ઓરડાઓની ઘટ.**

**અમદાવાદ શહેરની સરકારી પ્રાથમિક શાળા**

| ક્રમ | જીલ્લો / શહેર | શાળાનું નામ | ખૂટતા ઓરડાઓની ઘટ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | સૈજપુર ગુજ ૦૧ પ્રા. શાળા | ૧૧ |
| ૨ | અમદાવાદ શહેર | કોતરપુર ગુજ ૦૨ | ૧૨ |
| ૩ | અમદાવાદ શહેર | વિનોબાભાવે નગર ગુજ | ૧૫ |
| ૪ | અમદાવાદ શહેર | વીર શહીદ ચેતન છોટાલાલ સોલંકી પ્રા. શાળા | ૬ |
| ૫ | અમદાવાદ શહેર | રાજપુર ઉર્દુ ૧ અને ૭ | ૯ |
| ૬ | અમદાવાદ શહેર | સાબરમતી ગુજ ૧૦ | ૭ |
| ૭ | અમદાવાદ શહેર | રાણીપ – ૪ પ્રા. શાળા | ૮ |
| ૮ | અમદાવાદ શહેર | ડી કેબીન હિન્દી પ્રા. શાળા | ૧ |
| ૯ | અમદાવાદ શહેર | મોટેરા કુમાર પ્રા. શાળા | ૮ |
| ૧૦ | અમદાવાદ શહેર | સુમીનનગર પ્રા. શાળા | ૩ |
| ૧૧ | અમદાવાદ શહેર | ઓઢવ હિન્દી ૩ | ૨ |
| ૧૨ | અમદાવાદ શહેર | અમરાઈવાડી હિન્દી ૫ | ૯ |
| ૧૩ | અમદાવાદ શહેર | રાજપુર હિન્દી ૧ | ૨ |
| ૧૪ | અમદાવાદ શહેર | અમરાઈવાડી - ૪ | ૧ |
| ૧૫ | અમદાવાદ શહેર | ખોખરા હિન્દી ૪ | ૮ |
| ૧૬ | અમદાવાદ શહેર | રાજપુર હિન્દી ૨ | ૭ |
| ૧૭ | અમદાવાદ શહેર | અસારવા હિન્દી ૮ | ૬ |
| ૧૮ | અમદાવાદ શહેર | અસારવા ૨ | ૬ |
| ૧૯ | અમદાવાદ શહેર | અસારવા ગુજરાતી ૨૩ | ૬ |
| ૨૦ | અમદાવાદ શહેર | આશાપુરા પ્રા. શાળા | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | અમદાવાદ શહેર | બદરાબાદ (નરી) પ્રા. શાળા | ૫ |
| ૨૨ | અમદાવાદ શહેર | બેહરામપુરા - ૧ | ૧૬ |
| ૨૩ | અમદાવાદ શહેર | બેહરામપુરા - ૧૧ | ૬ |
| ૨૪ | અમદાવાદ શહેર | બેહરામપુરા - ૯ | ૧૩ |
| ૨૫ | અમદાવાદ શહેર | ચંડોળા ગુજ ૧ | ૧૧ |
| ૨૬ | અમદાવાદ શહેર | ચંડોળા ગુજ ૨ | ૪ |
| ૨૭ | અમદાવાદ શહેર | બેહરામપુરા - ૧૭ | ૭ |
| ૨૮ | અમદાવાદ શહેર | બાપુનગર હિન્દી –૪ | ૮ |
| ૨૯ | અમદાવાદ શહેર | બાપુનગર હિન્દી –૫ | ૭ |
| ૩૦ | અમદાવાદ શહેર | બાપુનગર –૯ | ૮ |
| ૩૧ | અમદાવાદ શહેર | દાણીલીમડા ગુજ ૬ | ૯ |
| ૩૨ | અમદાવાદ શહેર | દૂધેશ્વર હિન્દી - ૧ | ૮ |
| ૩૩ | અમદાવાદ શહેર | નારણપુરા હિન્દી –૧ | ૬ |
| ૩૪ | અમદાવાદ શહેર | દૂધેશ્વર – ૩ | ૯ |
| ૩૫ | અમદાવાદ શહેર | શાહીબાગ – ૪ | ૫ |
| ૩૬ | અમદાવાદ શહેર | એલિસબ્રિજ - ૧૦ | ૬ |
| ૩૭ | અમદાવાદ શહેર | ચાણક્ય ગુજરાતી પ્રા. શાળા | ૫ |
| ૩૮ | અમદાવાદ શહેર | ચાંદલોડિયા પ્રા. શાળા | ૬ |
| ૩૯ | અમદાવાદ શહેર | ઘાટલોડિયા - ૩ | ૨ |
| ૪૦ | અમદાવાદ શહેર | હાંસોલ ગુજ ૧ | ૮ |
| ૪૧ | અમદાવાદ શહેર | સરદારનગર ગુજ –૧ | ૨ |
| ૪૨ | અમદાવાદ શહેર | ઈશનપુર પબ્લિક શાળા ૨ | ૧૧ |
| ૪૩ | અમદાવાદ શહેર | શાહપુર ઉર્દુ – ૬ | ૬ |
| ૪૪ | અમદાવાદ શહેર | શાહપુર ઉર્દુ – ૧૦ | ૨ |
| ૪૫ | અમદાવાદ શહેર | જશોદાનગર ગુજ –૧ | ૧૨ |
| ૪૬ | અમદાવાદ શહેર | મુમતપુરા પ્રા. શાળા | ૬ |
| ૪૭ | અમદાવાદ શહેર | રામદેવનગર પ્રા. શાળા | ૫ |
| ૪૮ | અમદાવાદ શહેર | મહાત્મા ગાંધી –૧ | ૯ |
| ૪૯ | અમદાવાદ શહેર | કાલુપુર પબ્લીક શાળા | ૬ |
| ૫૦ | અમદાવાદ શહેર | કુબેરનગર અંબ ગુજ ૨ | ૧ |
| ૫૧ | અમદાવાદ શહેર | કુબેરનગર ગુજ ૪ | ૨ |
| ૫૨ | અમદાવાદ શહેર | ઈશનપુર – ૧ | ૧૩ |
| ૫૩ | અમદાવાદ શહેર | વટવા ગુજ ૪ | ૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૫૪ | અમદાવાદ શહેર | મિલ્લતનગર - ૨ | ૬ |
| ૫૫ | અમદાવાદ શહેર | ચંડોળા ઉર્દુ ૧ | ૧૦ |
| ૫૬ | અમદાવાદ શહેર | દાણીલીમડા ઉર્દુ ૪ | ૬ |
| ૫૭ | અમદાવાદ શહેર | મિલ્લતનગર ઉર્દુ – ૧ | ૧૪ |
| ૫૮ | અમદાવાદ શહેર | મિલ્લતનગર ઉર્દુ – ૨ | ૨ |
| ૫૯ | અમદાવાદ શહેર | સંકલિતનગર ઉર્દુ ૧૮ | ૪ |
| ૬૦ | અમદાવાદ શહેર | વટવા ઉર્દુ ૨ | ૭ |
| ૬૧ | અમદાવાદ શહેર | વાડજ –૧ | ૧૬ |
| ૬૨ | અમદાવાદ શહેર | કુબેરનગર અંબ હિદી ૨ | ૭ |
| ૬૩ | અમદાવાદ શહેર | મેઘાણીનગર હિન્દી ૧ | ૩ |
| ૬૪ | અમદાવાદ શહેર | સરદાર હિન્દી ૧ | ૪ |
| ૬૫ | અમદાવાદ શહેર | બાપુનગર ઉર્દુ ૮ | ૧ |
| ૬૬ | અમદાવાદ શહેર | ગોમતીપુર ઉર્દુ ૪ | ૫ |
| ૬૭ | અમદાવાદ શહેર | રાજપુર ઉર્દુ ૭ | ૧૨ |
| ૬૮ | અમદાવાદ શહેર | રામોલ ઉર્દુ ૧ | ૫ |
| ૬૯ | અમદાવાદ શહેર | ગોમતીપુર ૪ | ૮ |
| ૭૦ | અમદાવાદ શહેર | સરદાર અંગ્રેજી ૧ | ૨ |
| ૭૧ | અમદાવાદ શહેર | દૂધેશ્વર પ્બ્લિક શાળા ૨ | ૧ |
| ૭૨ | અમદાવાદ શહેર | સૈજપુર ગુજ ૦૩ પ્રા. શાળા | ૨ |
| ૭૩ | અમદાવાદ શહેર | સૈજપુર ગુજ ૦૫ પ્રા. શાળા | ૨ |
| ૭૪ | અમદાવાદ શહેર | કૃષ્ણનગર ગુજ ૧ | ૯ |
| ૭૫ | અમદાવાદ શહેર | નવા નરોડા ગુજ | ૯ |
| ૭૬ | અમદાવાદ શહેર | સૈજપુર પો. હે. ગુજ ૦૨ પ્રા. શાળા | ૪ |
| ૭૭ | અમદાવાદ શહેર | સરસપર – ૧૩ | ૧૬ |
| ૭૮ | અમદાવાદ શહેર | સરસપર – ૧૧ | ૧૬ |
| ૭૯ | અમદાવાદ શહેર | શાહપુર –૧૫ | ૬ |
| ૮૦ | અમદાવાદ શહેર | સૈજપુર હિન્દી ૦૧ પ્રા. શાળા | ૧૭ |
| ૮૧ | અમદાવાદ શહેર | બગેફીરદોષ હિન્દી ૧ | ૧૪ |
| ૮૨ | અમદાવાદ શહેર | જાણીચાપીર હિન્દી | ૪ |
| ૮૩ | અમદાવાદ શહેર | વટવા હિન્દી ૧ | ૧૦ |
| ૮૪ | અમદાવાદ શહેર | દેવાલીચાપરા | ૧ |
| ૮૫ | અમદાવાદ શહેર | વટવા શાળા ૬ | ૧૪ |
| ૮૬ | અમદાવાદ શહેર | વેજલપુર પ્બ્લિક ગુજ શાળા | ૬ |

| | | | |
|---|---|---|---|
| ૮૭ | અમદાવાદ શહેર | વિંઝોલ – ૨ | ૧૫ |

**અમદાવાદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળા**

| ક્રમ | તાલુકા | શાળાનું નામ | ખૂટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બાવળા | બગોદરા પ્રાથમિક શાળા | ૬ |
| ૨ | દસક્રોઈ | રણોદરા પ્રાથમિક શાળા | ૧ |
| ૩ | દસક્રોઈ | રાયમલપુરા પ્રાથમિક શાળા | ૧ |
| ૪ | દસક્રોઈ | સંકલિતપુરા પ્રાથમિક શાળા | ૧ |
| ૫ | દસક્રોઈ | વિસલપુર પ્રાથમિક શાળા | ૩ |
| ૬ | દસક્રોઈ | ગોબરજીની મુવાડી પ્રાથમિક શાળા | ૧ |
| ૭ | દસક્રોઈ | ઝાણું પાટીયા પ્રાથમિક શાળા | ૧ |
| ૮ | દસક્રોઈ | ધામતવાણ પ્રાથમિક શાળા | ૫ |
| ૯ | દેત્રોજ–રામપુરા | ભગાપુરા પ્રાથમિક શાળા | ૫ |
| ૧૦ | દેત્રોજ–રામપુરા | મોટી રંતાઈ પ્રાથમિક શાળા | ૧ |
| ૧૧ | દેત્રોજ–રામપુરા | સુજપુરા પ્રાથમિક શાળા | ૧ |
| ૧૨ | દેત્રોજ–રામપુરા | ગુંજાલા પ્રાથમિક શાળા | ૧ |
| ૧૩ | દેત્રોજ–રામપુરા | ઓઢવ પ્રાથમિક શાળા | ૧ |
| ૧૪ | ધંધુકા | ફતેપુરા પ્રાથમિક શાળા | ૧ |
| ૧૫ | ધોલેરા | આનંદપુર પ્રાથમિક શાળા | ૩ |
| ૧૬ | ધોળકા | કાદીપુર પ્રાથમિક શાળા | ૩ |
| ૧૭ | ધોળકા | ગુંદી પ્રાથમિક શાળા | ૮ |
| ૧૮ | ધોળકા | જાખડા પ્રાથમિક શાળા | ૭ |
| ૧૯ | ધોળકા | આંબેઠી પ્રાથમિક શાળા | ૨ |
| ૨૦ | ધોળકા | મિશ્ર શાળા રામપુર | ૨ |
| ૨૧ | ધોળકા | અરણેજ પ્રાથમિક શાળા | ૧ |
| ૨૨ | ધોળકા | રીડપુરા પ્રાથમિક શાળા | ૧ |
| ૨૩ | ધોળકા | ટપરપરા પ્રાથમિક શાળા | ૧ |
| ૨૪ | માંડલ | રાણીપુરા પ્રાથમિક શાળા | ૩ |
| ૨૫ | સાણંદ | પોપટપુરા પ્રાથમિક શાળા | ૧ |
| ૨૬ | સાણંદ | દોદર પ્રાથમિક શાળા | ૮ |
| ૨૭ | સાણંદ | કન્યા શાળા નં–૨ | ૬ |
| ૨૮ | સાણંદ | લોદરીયાળ પ્રાથમિક શાળા | ૨ |
| ૨૯ | સાણંદ | ગિબપુરા પ્રાથમિક શાળા | ૨ |

| | | | |
|---|---|---|---|
| ૩૦ | સાણંદ | હમજીપુરા પ્રાથમિક શાળા | ૩ |
| ૩૧ | વિરમગામ | અલબદર પ્રાથમિક શાળા | ૧ |
| ૩૨ | વિરમગામ | કુલવાડી પ્રાથમિક શાળા | ૫ |
| ૩૩ | વિરમગામ | હરિપુરા પ્રાથમિક શાળા | ૧ |
| ૩૪ | વિરમગામ | કાદીપુરા પ્રાથમિક શાળા | ૧ |
| ૩૫ | વિરમગામ | કન્યા શાળા નં-૩ | ૫ |
| ૩૬ | વિરમગામ | કરણગઢ પ્રાથમિક શાળા | ૧ |
| ૩૭ | વિરમગામ | કરિયાલા પ્રાથમિક શાળા | ૬ |
| ૩૮ | વિરમગામ | મેલજ પ્રાથમિક શાળા | ૭ |
| ૩૯ | વિરમગામ | નાની કુમાદ પ્રાથમિક શાળા | ૩ |
| ૪૦ | વિરમગામ | સાકરીયા પ્રાથમિક શાળા | ૫ |
| ૪૧ | વિરમગામ | નીની કીશોલ પ્રાથમિક શાળા | ૭ |
| ૪૨ | વિરમગામ | કુમાર શાળા નં-૮ | ૪ |
| ૪૩ | વિરમગામ | ચંદ્રનગર પ્રાથમિક શાળા | ૨ |
| ૪૪ | વિરમગામ | શાહપુર શાળા નં-૨ | ૨ |

**<u>પત્રક – ક</u>**

**તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર ઉક્ત શાળાવાર ઓરડાઓની ઘટ.**

**અમદાવાદ શહેરની સરકારી માધ્યમિક શાળા**

| ક્રમ | જિલ્લો / શહેર | શાળાનું નામ | ખૂટતા ઓરડાઓની ઘટ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | -- | ૦ |

**અમદાવાદ જિલ્લાની સરકારી માધ્યમિક શાળા**

| ક્રમ | જિલ્લો / તાલુકો | શાળાનું નામ | ખૂટતા ઓરડાઓની ઘટ |
|---|---|---|---|
| ૧ | સિટી | સરકારી મા.અને ઉ.મા શાળા, જુહાપુરા તા.સિટી | ૧૨ |
| ૨ | બાવળા | સરકારી માધ્યમિક શાળા(RMSA) અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, દેવધોલેરા | ૯ |

**એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત**

**15/4/1168 શ્રી ગેનીબેન નગાજી ઠાકોર (વાવ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, | (૧) ૧૬૦૬ |
| (૨) ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) • યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાનસહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>• વધ-ઘટ કેમ્પ<br>• જિલ્લા આંતરિક બદલી કેમ્પ<br>• જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન |
| (૩) ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે? | (૩) જેમ બને તેમ ઝડપથી |

## અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) અંતર્ગત વ્યકિતગત શૌચાલય બાબત**

**15/4/743 શ્રી હર્ષદભાઈ રણછોડભાઇ પટેલ (સાબરમતી):-માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા?

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત તાલુકાવાર નીચે મુજબના કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા. |
|---|---|---|
| ૧ | બાવળા | ૮૭ |
| ૨ | દસ્ક્રોઈ | ૧૦ |
| ૩ | દેત્રોજ | ૦૯ |
| ૪ | ધંધુકા | ૮૭ |
| ૫ | ધોલેરા | ૬૪ |
| ૬ | ધોળકા | ૧૩૦ |
| ૭ | માંડલ | ૮૮ |
| ૮ | સાણંદ | ૧૪૦ |
| ૯ | વિરમગામ | ૩૨૨ |
| **કુલ** | | **૯૩૭** |

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | તા: ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના અંતર્ગત તાલુકાવાર બનેલ વ્યક્તિગત શૌચાલય માટેનો ખર્ચ(રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | બાવળા | ૧૦.૪૪ |
| ૨ | દસ્ક્રોઈ | ૧.૨૦ |
| ૩ | દેત્રોજ | ૧.૦૮ |
| ૪ | ધંધુકા | ૧૦.૪૪ |
| ૫ | ધોલેરા | ૭.૬૮ |
| ૬ | ધોળકા | ૧૫.૬૦ |
| ૭ | માંડલ | ૧૦.૫૬ |
| ૮ | સાણંદ | ૧૬.૮૦ |
| ૯ | વિરમગામ | ૩૮.૬૪ |
| કુલ | | ૧૧૨.૪૪ |

**એક જ શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા બાબત**

**15/4/1188 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે,

(૧) ૧૬૦૬

(૨) ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને

(૨)
- યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાનસહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.
- વધ–ઘટ કેમ્પ
- જિલ્લા આંતરિક બદલી કેમ્પ
- જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન

(૩) ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે?

(૩) જેમ બને તેમ ઝડપથી

**કચ્છ જિલ્લાના બાળકોને પરિવહન સુવિધા.**

15/4/789 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): માનનીય શિક્ષણ** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન**

(૧) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧ -૨૨ અને ૨૦૨૨-૨૩ દરમ્યાન પરિવહન સુવિધા અંતર્ગત કચ્છ જિલ્લાના કેટલા બાળકોને લાભ આપવામાં આવે છે, અને

(૨) વર્ષ ૨૦૨૨ -૨૩માં આ સુવિધા અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં પરિવહન સુવિધા અંતર્ગત નીચે મુજબ બાળકોને લાભ આપવામાં આવ્યો છે.

| ક્રમ | તાલુકો | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ |
|---|---|---|---|---|
| ૧ | લખપત | ૩૪૨ | ૪૨૧ | ૨૨૨ |
| ૨ | રાપર | ૯૯ | ૧૨૯ | ૮૩ |
| ૩ | ભચાઉ | ૨૧૨ | ૩૧૦ | ૨૪૭ |
| ૪ | અંજાર | ૬૫૨ | ૧૧૯૨ | ૮૨૩ |
| ૫ | ભુજ | ૫૩૦ | ૧૪૫૬ | ૧૨૬૨ |
| ૬ | નખત્રાણા | ૨૩૭ | ૬૯૪ | ૭૫૯ |
| ૭ | અબડાસા | ૧૪ | ૮૦ | ૯૨ |
| ૮ | માંડવી | ૩૪૧ | ૫૦૯ | ૩૩૧ |
| ૯ | મુન્દ્રા | ૨૧૭ | ૪૭૨ | ૩૧૫ |
| ૧૦ | ગાંધીધામ | ૩૯૮ | ૫૩૫ | ૩૮૫ |
| | કુલ | **૩૦૪૨** | **૫૭૯૮** | **૪૫૧૯** |

(૨) કચ્છ જિલ્લામાં પરિવહન સુવિધા અંતર્ગત નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ રૂ. |
|---|---|
| ૨૦૨૨ -૨૩ | ૨,૦૬,૪૩,૫૫૦ |
| ૨૦૨૩-૨૪ | ૧,૯૦,૬૫,૯૮૭ |

**ખેડૂતોને ડુંગળી અને કપાસના પોષણક્ષમ ભાવ**

**15/ 4/ 1332 : શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ડુંગળી અને કપાસના પોષણક્ષમ ભાવ મળતા નથી તે હકીકત સાચી છે,અને

(૨) જો હા, તો ખેડૂતોને ડુંગળીના પોષણક્ષમ ભાવ મળે તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) ડુંગળી અને કપાસના ભાવ બજારમાં માંગ અને પુરવઠાની પરિસ્થિતિ પર આધારિત છે.

(૨) રાજ્યમાં લાલ ડુંગળી ઉત્પાદન કરતા ખેડુતોને આર્થિક વળતર મળી રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજયના ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂતોને ૫૦ કિલોગ્રામ એ રૂ. ૧૦૦/- ની સહાય તથા રાજયના ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂત/વેપારીને વાહતુક સહાય જાહેર કરવામાં આવેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂતોને રૂ. ૬૨૬૯.૫૦ લાખની તથા ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂત/વેપારીને રૂ. ૪૭.૯૭ લાખની વાહતુક સહાય ચુકવામાં આવેલ છે.

---

**એક જ શિક્ષક હોય તેવી પ્રાથમિક શાળાઓ**

**15/4/1127 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શિક્ષક જ ફરજ બજાવે છે, | (૧) | ૧૬૦૬ |
| (૨) | ઉક્ત શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ફરજ બજાવતાં હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર ન પડે તે માટે વધારે શિક્ષકો મુકવા શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) | • યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાનસહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.<br>• વધ-ઘટ કેમ્પ<br>• જિલ્લા આંતરિક બદલી કેમ્પ<br>• જિલ્લાફેર બદલી કેમ્પનું આયોજન |
| (૩) | ઉક્ત તમામ શાળાઓમાં ક્યાં સુધીમાં એક કરતાં વધારે શિક્ષકો મુકવામાં આવશે? | (૩) | જેમ બને તેમ ઝડપથી |

**રાજ્યમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની જગ્યા**

**15/4/542:- શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન:** **જવાબ:**

(૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં આવેલ પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે?

(૧) સંવર્ગવાર મંજૂર મહેકમ

| અ.નં | તાલુકાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | ડ્રેસર (વર્ગ-૪) | પટ્ટાવાળા/ ડ્રેસર કમ એટેંડન્ટ/ એટેંડન્ટ (વર્ગ-૪) | |
|---|---|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૦૪ | ૦૨ | ૦૦ | |
| ૨ | દાંતા | ૦૭ | ૦૨ | ૦૨ | |

(૨)તે અંતર્ગત કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) પશુચિકિત્સા અધિકારીના ખાલી મહેકમની વિગત

| અ.નં | તાલુકાનું નામ | પશુચિકિત્સા અધિકારી (વર્ગ-૨) | |
|---|---|---|---|
| | | પશુદવાખાનાનું નામ | કેટલા સમયથી ખાલી છે? |
| ૧ | અમીરગઢ | વિરમપુર | ચાર વર્ષથી વધુ |
| ૨ | દાંતા | બામણીયા | બે વર્ષ, સાત માસથી |
| | | દાંતા | ચાર વર્ષથી વધુ સમયથી |
| | | ગોઘાણી | બે વર્ષથી વધુ સમયથી |
| | | માંકડી | દસ વર્ષથી વધુ સમયથી |

ડ્રેસર, વર્ગ-૪ સંવર્ગ તથા પટ્ટાવાળા/ડ્રેસર કમ એટેન્ડન્ટ/ એટેન્ડન્ટ,વર્ગ-૪ સંવર્ગની કોઈ જગા ખાલી નથી.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ સંવર્ગની ભરવાપાત્ર ખાલી જગાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે.

## તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**રાજયમાં પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ અને પશુ નિરીક્ષક વર્ગ–૩ની જગ્યાઓ**

**15/4/1171:–શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):** ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૨૨૧ (અગ્રતા–૧૧૫) ના અનુસંધાને **માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કે**:–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૪૭૧ જગ્યાઓ અને પશુધન નિરીક્ષકની ૭૫૪ જગ્યાઓ ખાલી હતી તે ભરવાની કાર્યવાહી પ્રગતી હેઠળ હતી તો કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૧) પશુચિકિત્સા અધિકારી -૩૧<br>પશુધન નિરીક્ષક – ૧૩૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પશુચિકિત્સા અધિકારી -૪૨૦<br>પશુધન નિરીક્ષક – ૬૧૫ |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર ભરવાપાત્ર પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ ની ખાલી જગાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. જ્યારે પશુધન નિરીક્ષક વર્ગ–૩ ની રાજયકક્ષાની ભરવાપાત્ર ખાલી જગાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. તેમજ જિલ્લા પંચાયત હસ્તકની પશુધન નિરીક્ષક વર્ગ–૩ની ખાલી જગાઓ ભરવાની કામગીરી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે. |

**અમદાવાદ જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો**

15/4/745 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ** (સાબરમતી): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૨–૨૩ માં અમદાવાદ જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઇન એડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વર્ષ ૨૦૨૨–૨૩ માં અમદાવાદ જિલ્લામાં બિન સરકારી ગ્રાન્ટ ઇન એડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની કુલ–૧૭ (સત્તર)દરખાસ્તો મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી? | (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ૧૨ (બાર) દરખાસ્તો મંજૂર કરવામાં આવી |

–––––––––––

**બનાસકાંઠા જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના**

**15/4/543 કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃત્રિમ બીજદાન યોજના હેઠળ વાછરડા ઉછેર માટે કેટલા પશુપાલકોને વર્ષવાર લાભ અપાયો? | (૧) શૂન્ય |

–––––––––––––

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૪

**સને ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩**

**ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૪**

**સન ૨૦૨૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૪નું ગુજરાત(પૂરક)વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૪નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરાવાનું છે. ઉક્ત વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ચાર સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે આ વિધેયક ઉપરની ચર્ચા સભાગૃહની આ બેઠક મુલત્વી રાખવાના ૧ કલાક પહેલા પૂરી કરવાની રહે છે. આજે પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)ની ચર્ચા હાથ ધરવાની હોવાથી પૂરક વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર દરેક સભ્યશ્રીને ત્રણ મિનિટનો સમય ફાળવું છું. તદ્દનુસાર આ મુદ્દા ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ તથા માનનીય નાણામંત્રીશ્રીનો જવાબ પૂરો થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી ઇમરાન ખેડાવાલા : **માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એ છે કે, ''ગ્રામીણ વિસ્તારોમાં હલકી ગુણવત્તાની પાણીની પાઇપલાઇનોની સમસ્યા નિવારવામાં તંત્રની નિષ્ફળતા.'' હું પૂરક માંગણી નં. ૬૭માં મારા વિચારો રજૂ કરું છું. સમગ્ર ગુજરાતમાં જૂથ યોજનાઓ મારફત લોકોને પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. ખાસ કરીને, બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ વિસ્તારો નર્મદા જૂથ યોજના સાથે સંકળાયેલા છે. છેવાડાના લોકોને પીવાનું પૂરતું પાણી મળતું નથી. ભૂતકાળમાં બનાસકાંઠા જિલ્લામાં ડીસા અને શિહોરીથી પાણી પૂરું પાડવામાં આવતું હતું, ટ્યુબવેલો બનાવવામાં આવેલ હતી. જૂથ યોજનાના કારણે આ ટ્યુબવેલો બંધ કરી, નર્મદા આધારિત તમામ ગામોને પાણી પૂરું પાડવામાં આવે છે. અતિવૃષ્ટિ કે આકસ્મિક ઘટનાઓ બને ત્યારે પીવાના પાણીનો મોટો પ્રશ્ન ઊભો થાય છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, રાજસ્થાનની મુખ્ય કેનાલની આજુબાજુ પાણી પુરવઠા વિભાગ મારફતે પીવાના પાણીના નવા બોર બનાવવામાં આવે. બીજું, પાણી પુરવઠાની ઘણી યોજનાઓ એવી છે કે જેમાં લોકફાળો ફરજિયાત છે. બધા ગામો લોકફાળો ભરવાની ક્ષમતાવાળા હોતા નથી. કયાંક નાણાપંચ, એમ.એલ.એ કે એમ.પી.ની ગ્રાન્ટમાંથી લોકફાળો ભરી, પાણીની સુવિધામાં દસ ટકાનો લોકફાળો રાજ્ય સરકાર મારફત પરિપત્ર કરીને કરવામાં આવે, એવી માનનીય મંત્રીશ્રી પાસે અપેક્ષા રાખું છું. નગરપાલિકા એરિયામાં, ભાભરનો દાખલો આપું તો હું બે–ત્રણ વાર સાહેબને કલેકટર ઓફિસમાં મળી હતી અને સંકલન સમિતિમાં પણ વાત કરી હતી કે જે લોકો સો ટકા પાણીવેરો ભરે છે એમને મીઠું પીવાનું પાણી મળતું નથી. ૨૦૦૦ ટી.ડી.એસ.વાળું પાણી ભાભર નગરપાલિકાના લોકો પીવે છે. મેં વ્યક્તિગત રીતે માધવસિટી અને અંબેશ્વર સોસાયટીનાં નામ આપ્યાં છે. જે લોકો બિલકુલ પાણીવેરો ભરતા નથી એ લોકો એમની મનસુબી ઉપર અને અધિકારીશ્રીઓ તથા વહીવટી તંત્રની ખામીના કારણે સો ટકા પાણીનો ઉપયોગ કરે છે. જે લોકો સો ટકા પાણીવેરો ભરે છે એમને પાણી મળતું નથી. અમારા સરહદી વિસ્તારમાં પાણી પુરવઠા જૂથ યોજના મેઇન્ટેનન્સ કરવા માટે પાણી પુરવઠા વિભાગ મારફત ટેન્ડર પદ્ધતિથી પાંચ–પાંચ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. સ્ટાફ ભરવાથી લઇ તમામ મેઇન્ટેનન્સ તથા લોકો સુધી પાણી પહોંચાડવા માટેની આટલી લાંબી મુદતના કારણે પ્રાઇવેટ એજન્સીઓ પોતાની મનસુબી પ્રમાણે વર્તે છે. એટલે એનો સમયગાળો ટૂંકો રાખી અને સો ટકા પીવાનું પાણી વર્તમાન વસતિના ધોરણે લોકોને મળી રહે એવી હું અપેક્ષા રાખું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો ''પછાત વર્ગોના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ શિષ્યવૃત્તિ ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા''અંગેનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૩ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. પછાત વર્ગના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ આપવાની દર વર્ષે જાહેરાત કરવામાં આવતી હોય છે. જેમાં, આવા વિદ્યાર્થીઓ ખૂબ પછાત વિસ્તાર એટલે કે પછાત સમાજમાંથી આવતા હોય છે. એમના માતા–પિતા શ્રમિકો અને ખેડૂતો હોય છે. આવા વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર સમયસર શિષ્યવૃત્તિ ન આપે તો એના અભ્યાસ ઉપર ખૂબ મોટું નુકસાન થતું હોય છે. ગુજરાતમાં મોટાભાગના જિલ્લાઓમાં પછાત વર્ગનાં બાળકો છે જેમાં, ઓ.બી.સી., એસ.સી., એસ.ટી. કે લઘુમતિનાં બાળકો હોય એને એક–એક વર્ષ એટલે કે ૧૫–૧૫ મહિના વિતી ગયા છતાં રાજ્ય સરકાર તરફથી

* વિધેયક તા. ૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શિષ્યવૃત્તિ આપવામાં વિલંબ થતો હોય છે અને એના માટે આજ સુધી કોઈ નક્કર પગલાં ભરવામાં આવ્યાં નથી. આપણા ઈ. ડબલ્યું.એસના વિદ્યાર્થીઓને પણ નહિવત પ્રમાણમાં શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આવા તમામ વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિમાં વધારો કરવામાં આવે એવી વિનંતી છે. સાથે સાથે આપણા પછાત સમાજના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે કૉલેજો કરી રહેલ છે, એમાં પણ શિષ્યવૃત્તિનું પ્રમાણ ખૂબ જ નહિવત જોવા મળે છે. અત્યારે શિક્ષણનું પ્રાઈવેટીકરણ થઈ રહ્યું છે અને શિક્ષણ ખૂબ ખર્ચાળ તથા મોંઘુ થઈ રહ્યું છે એના માટે ખાસ કરીને, પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિમાં મોંઘવારી પ્રમાણે વધારો કરવામાં આવે તથા ઈ.ડબલ્યુ.એસ.ના વિદ્યાર્થીઓને પણ મોંઘવારી પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવે તેવી માનનીય નાણામંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

શ્રી વિમલભાઈ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો ''વેરાવળ વિસ્તારમાં ખાનગી કંપનીઓ દ્વારા થતી રેતી-મેટલની ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા'' અંગેનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક વિનિયોગ વિધેયક લઈને આવ્યા છે, તેમાં હું આપના માધ્યમથી મારી વાત રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ૯૦-સોમનાથ વિસ્તારમાં જે વેરાવળ શહેર આવેલું છે, ત્યાં જેટીનું કામ મંજૂર થયેલું છે અને હાલમાં ચાલુ છે. આ જે કામ ચાલુ છે, એમાં આર.કે.સી. પ્રોજેક્ટ કંપની, વિશાખાપટ્ટનમને મંજૂર કરવામાં આવેલ છે. આ કામમાં રો-મટિરિયલનો મોટો ઉપયોગ થતો હોય છે. જેમ કે રેતી હોય છે, કાળા પથ્થર હોય છે. એ બધું કન્સ્ટ્રક્શન માટે ઉપયોગ થતો હોય છે, એટલે આ બધું ત્યાં મોટા પ્રમાણમાં આવતું હોય છે. આ ખનિજોની મને ઘણીવાર જાણ કરવામાં આવતી હોય છે અને તે વખતે હું પોતે રૂબરૂ મુલાકાત લઈને ગયેલો, ત્યારે એમાં ૧૦૦ ટકા મટિરિયલ આવતું હોય અને એમાં ૫૦ ટકા જ રોયલ્ટીનો ઉપયોગ થતો હોય છે. મેં ખાણ ખનિજ વિભાગને ફરિયાદ પણ કરેલી, એટલે તેમના દ્વારા તપાસ કરવામાં આવતા ખ્યાલ આવ્યો કે હજારોની સંખ્યામાં રો મટિરિયલ ત્યાં પડ્યું છે અને એના સ્ટોકની મંજૂરી લેવામાં આવેલી નથી. એટલે એની માપણી કરવામાં આવેલી અને માપણી કરતા ત્યાં મોટા પાયે ખનિજ ચોરી જે રોયલ્ટીનો ઉપયોગ થયેલ નથી. રોયલ્ટી લીધેલ નથી. એને પકડવામાં આવ્યા અને ખાણના અધિકારીઓ દ્વારા એમને રૂ. ૫ લાખ ૨૬ હજારનો દંડ પણ કરવામાં આવેલ. છતાં પણ ત્યાં હાલમાં મોટા પ્રમાણમાં ખનિજ ચોરી થતી હોય છે અને હજુ પણ ચાલે છે. આર.ટી.ઓ. દ્વારા પણ તપાસ કરવામાં આવી અને ત્યાં ઓવરલોડ વાહનો પકડાયા. આર.ટી.ઓ. ના અધિકારીઓ દ્વારા ખનિજ અધિકારીઓને લખવામાં આવ્યું કે આ વાહનો પકડાયા છે અને તે ઓવરલોડ હતાં. તેની તેમની પાસે રોયલ્ટી પણ નહોતી. તેમણે રોયલ્ટીની પણ ચોરી કરી છે. એવું લેખિતમાં આપવા છતાં પણ આજદિન સુધી સ્ટોકની મંજૂરી હજી પણ લેવામાં આવેલ નથી અને ગેરકાયદેસર રેતી અને કાળા પથ્થરોના મોટા ઢગલાં કરવામાં આવેલા છે. આર.કે.સી.ના કંપનીના અધિકારીઓ દ્વારા કહેવામાં આવે છે કે આ તો સરકારી કામ છે અને સરકારી કામ છે એમાં ખનિજ ચોરી કરી શકાય. ઓવરલોડ વાહનો લાવી શકાય. આ તો વર્ષોથી અમે કરતા આવ્યા છીએ. તો મારે એટલું કહેવું છે કે આ સરકારી કામ કરતાં હોય છે ત્યારે સરકાર દ્વારા એમને પૂરું પેમેન્ટ કરતા હોય છે, છતાં પણ એમને ઓવરલોડ વાહનો લાવવાની કે ખનિજ ચોરી કરવાની કયાં જરૂર છે? તેથી આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે આવી કંપનીઓ ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં આવી ખનિજ ચોરી ન કરવામાં આવે અને ઓવરલોડ વાહનો ન ભરવામાં આવે એટલું કહીને મારી વાત પૂરી કરું છું.

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં સને ૨૦૨૩-૨૪ ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓ પૈકીની ૧૦ માગણીઓ પર સભાગૃહમાં વિસ્તૃત ચર્ચા થઈ છે. બાકીની માગણીઓ ગીલોટીનથી પસાર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ સને ૨૦૨૩-૨૪ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ માગણીઓના પૂરક વિનિયોગ વિધેયક-૨૦૨૪ પર માનનીય સભ્યશ્રીઓએ જે મુદ્દા રજૂ કર્યા છે. તેની મેં નોંધ લીધી છે અને ટૂંકમાં જવાબ આપવાનો પ્રયત્ન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ગેનીબેને ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સમસ્યા અંગે વાત કરી. હું માનનીય સભાગૃહને જણાવવા માગું છું કે ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯થી જલજીવન મિશનની શરૂઆત થયેલ છે. તે અંતર્ગત પાણી પુરવઠા વિભાગ દ્વારા રાજ્યના ગ્રામીણ વિસ્તારના ઘરોને નળથી પાણી પૂરું પાડવાનો નિર્ધાર કરેલ છે. નળ મારફતે શુદ્ધ, નિયમિત અને પૂરતી માત્રામાં પીવાનું પાણી મળી રહે તે માટે બલ્ક પાઈપલાઈન નવી જૂથ યોજના તેમજ હયાત જૂથ યોજનાનાં સુધારણાનાં કામો તેમજ ગામમાં નળ જોડાણ માટેની ગ્રામ્યની આંતરિક વિતરણ વ્યવસ્થાનાં કામો હાથ ધરવામાં આવે છે. તમામ કામોના ધારાધોરણ નક્કી થયેલ છે. એ મુજબ ગુણવત્તાની પૂરી કાળજી રાખવામાં આવે છે. આ અંગે આદિજાતિ વિસ્તારોમાં, અંતરિયાળ વિસ્તારોમાં ખાસ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. એ કામોમાં પાણીના આંતરિક વિતરણ માટે પાણી પુરવઠા યોજનાઓમાં અમલીકરણ જે તે ગામની પાણી સમિતિ દ્વારા કરવામાં આવે છે. ઘણી પંચાયતોમાં સરપંચશ્રીની ચૂંટણી પછી ફેરફાર આવે છે અને તેથી પાણી સમિતિનાં કામોમાં થોડી અડચણ થતી હોય છે.

આમ ગ્રામીણ વિસ્તારોમાં પાણીની પાઈપલાઈન નાંખી પાણી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નર્મદા યોજના હેઠળ સમગ્ર રાજ્યમાં પાણીની ગ્રીડ ઊભી કરી રાજ્ય સરકારે રાજ્યનાં બધાં ગામડાઓમાં

અને શહેરોને જળ સલામતી પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરેલ છે. આ માટે આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરંદેશીભર્યા નેતૃત્વને અભિનંદન આપું છું. આમ છતાં આપના તરફથી કોઇ ચોક્કસ માહિત કે ફરિયાદ હશે તો યોગ્ય તપાસ કરી નિકાલ કરવામાં આવશે એની હું ખાતરી આપું છું, પરંતુ આપણે એ જમાનો પણ યાદ રાખવો જોઇએ કે ટ્રેનથી પાણી જતું હતું, લોકો માટલાની લાઇન લગાવતા હતા,એ હિસાબે અત્યારે આપણી સરકારે જે વ્યવસ્થા કરી છે એમાં દરેક ચૂંટાયેલા ધારાસભ્યો પછી સત્તા પક્ષના હોય કે વિપક્ષના હોય બધા ધારાસભ્યો આ જે એક આયોજન છે એમાં સાથ આપે તો ચોક્કસ રીતે આપણે ઘરે ઘર નળથી જળ પહોંચાડી શકીશું અને ભૂગર્ભનું જે પાણી દૂષિત થયેલું હશે એનાથી મુકિત અપાવી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ઉમેશભાઇ મકવાણા એ પછાત વર્ગોના કલ્યાણ માટે પૂરતા બજેટની જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા બાબતે ચિંતા વ્યક્ત કરેલ છે. આ બાબતમાં સભાગૃહના માધ્યમથી જણાવવા માંગુ છુ કે, અનુસૂચિત જાતિ, વિચરતી અને વિમુક્ત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ તેમજ લઘુમતીઓના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે અમારી સરકાર સતત ચિંતિત રહે છે. માનનીય ભૂપેન્દ્રભાઇની અમારી સરકાર દ્વારા પછાત વર્ગના સંર્વાંગી વિકાસ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકેલ છે. જેમાં વિધાર્થીઓને વિવિધ અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિઓ, ધોરણ૧ થી ૮નાં બાળકોને ગણવેશ સહાય, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન, ધોરણ ૯ની કન્યાઓને સાઇકલ, કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન, ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ, ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ, કોલેજકક્ષાના વિધાર્થીઓ માટે સરકારી છાત્રાલયો, સ્વરોજગારી માટે માનવ ગરિમા યોજના, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, કુંવરબાઇનું મામેરું અને સાતફેરા સમુહલગ્ન જેવી વિવિધ યોજનાઓનો સમાવેશ થાય છે. ખાસ કરીને આ બજેટમાં પણ કિશોરીઓને વધુ પ્રોત્સાહન આપવા માટે ધો. ૯, ૧૦, ૧૧, ૧૨ માટે વિશેષ ૨૫ હજારની નવી જાહેરાત આપણે કરી છે અને લાભાર્થીઓને આ યોજનાઓનો ઝડપી લાભ મળે તેમજ પારદર્શિતા જળવાય તે માટે ઓનલાઇન પદ્ધતિ અમલમાં મૂકી છે. દર માસે જિલ્લા અધિકારીઓની સમીક્ષા બેઠક બોલાવીને દરેક યોજનાની સમીક્ષા કરવામાં આવે છે. તેમજ, ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ જિલ્લા કચેરીઓની મુલાકાત લઇને યોજનાકીય કામગીરીની સમીક્ષા અને મોનિટરિંગ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછતા વર્ગો માટે વિવિધ યોજનાઓ હેઠળ રૂપિયા ૧૮૯૭ કરોડ ફાળવ્યા હતા. જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને રૂપિયા ૨૫૯૯ કરોડ થયા છે. મને જણાવતાં આનંદ થાય છે કે, વર્ષ ૨૦૨૪-૨૫ માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે વિવિધ યોજનાઓ હેઠળ કુલ રૂ.૨૯૨૮.૮૧ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. આ તમામ વિગતો પરથી ફલિત થાય છે કે, રાજયના પછાત વર્ગોના કલ્યાણ માટે અમારી સરકારે સતત કાર્યશીલ રહીને વિવિધ યોજનાઓનું અસરકારક અમલીકરણ કરાવી હકારાત્મક અભિગમ અપનાવેલ છે. આથી, તંત્રની નિષ્ફળતાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, છતાં માનનીય ઉમેશભાઇએ જે સમયસર પેમેન્ટ કરાવવાની વાત કરી છે એના ઉપર ચોક્કસ રીતે અમે ધ્યાન રાખીશું. માનનીય ધારાસભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા એ વેરાવળ બંદરનાં જેટીનાં કામોમાં ખાનગી કંપનીઓ દ્વારા થતી રેતી-મેટલની ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા અંગેની રજૂઆત કરેલ છે. આ બાબતમાં સભાગૃહનું ધ્યાન દોરતા હું જણાવવા માગું છું કે, વેરાવળ ખાતે ફેઝ-૨ મત્સ્યબંદર વિકસાવવા માટે ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ફિશરીઝ ખાતાવતી ડિપોઝિટ વર્ક તરીકે ભાવપત્રકની નિયમાનુસારની કાર્યવાહી પૂર્ણ કરીને નિયત કરેલ એજન્સી દ્વારા યોજનાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ યોજના માટે ગુણવત્તાની કામગીરી અન્વયે કામમાં વાપરવામાં આવતા માલસામાનની ગુણવત્તા જાળવવા માટે તેમજ તાંત્રિક રીતે સુપેરે કામગીરી હાથ ધરાય તે માટે થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન/પ્રોજેકટ મેનેજમેન્ટની કામગીરી માટે IIT ચેન્નાઇની નિમણૂક કરવામાં આવેલ છે. આઇઆઇટી ચેન્નાઇ એકદમ રિનોન્ડ ઇન્સ્ટિટ્યૂટ છે. તેઓ દ્વારા સ્થાનિક કક્ષાએ તેમના તાંત્રિક કર્મચારીઓ મારફતે રોજબરોજની ગુણવત્તા જાળવવાની કામગીરી હાથ ધરાય છે. જે અન્વયે જરૂરી ધારાધોરણ મુજબ માલસામાનની નિયત પરીક્ષણો દ્વારા ખરાઈ કરવામાં આવે છે. જે માલસામાનના પરીક્ષણો નિયત ધારાધોરણ મુજબના ન હોય તેને યોજનામાં ઉપયોગમાં લેવાય નહીં, તે અંગે IITના માર્ગદર્શન મુજબ એજન્સી દ્વારા કામગીરી હાથ ધરાય છે. આઇ.આઇ.ટી. ચેન્નાઇ સ્થિત વરિષ્ઠ તજજ્ઞો દ્વારા પણ સમયાંતરે સાઇટ વિઝિટ કરવામાં આવે છે અને ગુણવત્તા જાળવવા જે સૂચનો કરાય છે તેની અમલવારી હાથ ધરાય છે અને એ મુજબની કામગીરી હાથ ધરાય છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડની કચેરીમાં ગુણવત્તા નિયંત્રણની અલાયદી કચેરી દ્વારા આ સાઇટની વિઝિટ કરીને માલ-સામાનની ચકાસણી કરવામાં આવે છે. આ ઉપરાંત ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગની ટીમ દ્વારા વિવિધ તબક્કે ખનિજના જથ્થાનું મેળવણુ કરી રી-કન્સિલેશન કરી ચકાસણી કરવામાં આવે છે. આમ, સદરહુ બાબતને ગંભીરતાથી લઇ સત્વરે કાર્યવાહી કરવામાં આવે છે એટલે તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છતાં આપના તરફથી કોઇ ચોક્કસ ફરિયાદ હશે તો એનો નિકાલ કરવામાં આવશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૪ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ )

**કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૪ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૪ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

શ્રી અમિત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫નું અંદાજપત્ર માનનીય નાણામંત્રીશ્રીએ જે રજૂ કર્યું છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું આ બજેટ અને એનો હિસાબ જોઇએ તો રૂ. ૪૮,૯૮૦ કરોડ જેટલી રકમ પગાર ખાતે ખર્ચ થવાની છે. ૨૬ હજાર કરોડ જેટલી રકમ નિવૃત્ત કર્મચારીઓને પેન્શન આપવામાં ખર્ચ થવાની છે. લગભગ ૨૯,૯૦૦ કરોડ જેટલી રકમ આપણે દેવું કર્યું છે એનું વ્યાજ ચૂકવવામાં જવાની છે. લગભગ ત્રીજા ભાગની બજેટની રકમ પગાર, પેન્શન અને વ્યાજ ચૂકવવામાં ખર્ચ થવાની છે. સરકાર ગુજરાતના લોકોને રાહતો આપવા માટે બજેટ વધારે કે દેવું વધારે તો આવકાર્ય છે. પણ ઉત્સવો થાય છે, મેળાવડા થાય છે, જાહેરાતો થાય છે અને ઉદ્યોગપતિઓને ફાયદો કરાવવા માટે બજેટ વધે અને દેવું વધે એ સ્વીકાર્ય હોઇ શકે નહીં. વર્ષ ૨૦૨૩–૨૪ના વર્ષના હિસાબો જોઇએ તો રાજ્યનું દેવુ રૂપિયા ૩ લાખ ૭૭ હજાર કરોડે પહોંચ્યું અને એની પાછળ ૨૫ હજાર કરોડ રૂપિયા જેટલી રકમ વ્યાજ ચૂકવવા માટે વપરાવાના. વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજો છે એ મુજબ આ દેવું ૪ લાખ ૨૬ હજાર કરોડે પહોંચશે. ગત વર્ષની સરખામણીમાં દેવું ૫૦ હજાર કરોડ રૂપિયા વધવાનું.

**માનનીય સભાપતિશ્રી પંકજ દેસાઇ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માનનીય નરેન્દ્રભાઇ ૨૦૦૧માં મુખ્યમંત્રી બન્યા ત્યારે આ રાજ્યનું દેવું ૫૩,૦૦૦ કરોડ રૂપિયા હતું અને આજે એ દેવું વધીને રૂપિયા ૪ લાખ ૨૬ હજાર કરોડે પહોંચ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ સૂત્ર આપ્યું કે ''સબ કા સાથ, સબકા વિકાસ'' બજેટ પ્રવચન અને આખું બજેટ રજૂ થયું એનાથી સ્પષ્ટ થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સૂત્ર તો ''સબ કા સાથ, સબકા વિકાસ'' બધાનો સાથ મળ્યો. શહેરોનો અને ગામડાનો પણ સાથ મળ્યો એટલે ૧૫૬ સીટો આવી. પરંતુ બજેટ જોતાં આ સરકારે ગ્રામ્ય વિસ્તારોને સતત અન્યાય કરવાની એની નીતિ અને નિયત ચાલુ રાખી છે. બજેટ પ્રવચનમાં કહેવામાં આવ્યું કે, ૨૦૪૭ની સાલ સુધીમાં શહેરી વિસ્તારમાં ૭૫ ટકા વસ્તી વસવાટ કરતી હશે. કોઇ પણ સરકાર હોય એણે ગામડાં તૂટતાં અટકાવવા જોઇએ. શહેરીકરણ અને શહેરો તરફની દોટ અટકાવવી જોઇએ. એ એટલા માટે કે જ્યારે શહેરોમાં વસ્તીનો વધારો થશે ત્યારે ટ્રાફિક, રહેણાંકની સમસ્યા થશે, ઇનફ્લુઅન્સ થશે એટલે સાથે સાથે ગુનાખોરી અને બીજા પણ પ્રશ્નો આવશે. બીજી તરફ ગામડાં તૂટે છે કેમ? એની પણ ચિંતા કરવી પડે. કારણ કે, ગામડાંમાં આપણે સારી વ્યવસ્થાઓ જેમ કે–પાકા રસ્તા હોય, શુદ્ધ પીવાનું પાણી, શિક્ષણની અને આરોગ્યની વ્યવસ્થા હોય, એને આર્થિક ઉપાર્જન માટે વ્યવસાયનાં કે એવાં સાધનો કે વ્યવસ્થાઓ આપી શકતા નથી એટલા માટે ગામડાં તૂટી રહ્યાં છે. સાથે સાથે બજેટની ફાળવણી ઓછી કરવાના કારણે પણ આજે ગામડાં તૂટી રહ્યાં છે. આખું કુલ બજેટ ફળવાયું એમાંથી ફક્ત ગ્રામ વિકાસ માટે ૨.૯ ટકા બજેટની ફાળવણી કરવામાં આવી છે. આખા દેશમાં બધાં રાજ્યોમાં જોઇએ તો નેશનલ એવરેજ છે એ નેશનલ એવરેજ મુજબ ગુજરાતમાં ગ્રામ વિકાસ માટેનું બજેટ ખૂબ ઓછું ફળવાયું છે. નેશનલ એવરેજ ૫ ટકાની છે અને આપણે ૨.૯ ટકાની ફાળવણી કરી છે. આ વર્ષે ૨૦૨૪માં ચૂંટણી આવવાની છે એટલે ભારતીય જનતા પાર્ટીએ હમણાં કાર્યક્રમ આપ્યો ''ચલો ગાંવ કી ઔર'' ગઇ કાલે ક્યાંક મીડિયામાં જોયું કે મુખ્યમંત્રીશ્રી પણ ગામડાંમા ફરતા હતા. આપણે મત લેવા હોય ત્યારે ગામડાં યાદ આવે છે પણ બજેટ ફાળવણી કરવાની હોય ત્યારે આપણે ગામડાંને ભૂલી જઇએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે કે થોડાં વર્ષો પહેલાં આ ગૃહમાં રૂર્બન પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી. ખૂબ ઢોલ વગાડીને એનો પ્રચાર થયો. એ વખતે અહીંયા સ્પીચમાં કહેવામાં આવ્યું હતું કે, રૂર્બન પ્રોજેક્ટ એટલા માટે લાવીએ છીએ કે, ''આત્મા ગામડાંનો અને સુવિધા શહેરની.'' આજે મારે સરકારને પૂછવું છે કે આ રૂર્બન પ્રોજેક્ટ ક્યાં ગૂમ કે અદ્રશ્ય થઇ ગયો? એમાં જેટલા ગામોના પ્રોજેક્ટ બન્યાં હતા એમાંથી તમે કયા ગામોમાં શહેર જેવી સુવિધા આપી? કરોડો રૂપિયા ફળવાયા. ભ્રષ્ટાચાર થયો પણ આજે પણ એ રૂર્બનનાં ગામડાં એવાં ને એવાં જ છે માટે ગામડાં તૂટે છે. ગામડાંમાં શિક્ષણની વ્યવસ્થાઓ નથી. અહીંયા જેમ હમણાં પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષકથી ચાલતી ૧૬૦૦ જેટલી શાળાઓ છે. અનેક સ્કૂલોમાં પૂરતા ઓરડા કે પૂરતા શિક્ષકો નથી. શિક્ષણની વ્યવસ્થા નહીં હોવાના કારણે પરિવારોએ શહેરોમાં શિફ્ટ થવું પડે. પાકા રસ્તા, ગટર, પીવાનું પાણી નહીં હોવાના કારણે શહેરોમાં આવવું પડે છે. ધંધા–રોજગાર નહીં હોવાના કારણે શહેરોમાં આવવું પડે છે ત્યારે આ ભેદભાવની નીતિ સરકારની છે. આવનારા દિવસો ગુજરાત માટે ખૂબ ગંભીર છે. મારી સરકારશ્રીને વિનંતી છે કે હજુ પણ જ્યારે બજેટની માગણીઓ લાવીએ ત્યારે ગ્રામ્ય વિસ્તારની માગણીઓ છે એમાં વધારે બજેટ ફાળવે. આ ગૃહમાં કોંગ્રેસની ઘરના ઘરની યોજનાની ઘણી વાતો થાય છે. આજે સવારે પ્રશ્નોત્તરીમાં આપણે જોયું કે, વર્ષ

૨૦૧૨માં જ્યારે કોંગ્રેસે ઘરના ઘરની યોજના જાહેર કરી ત્યારે લાખોની સંખ્યામાં બહેનો એના ફોર્મ ભરવા માટે લાઇનોમાં જોવા મળ્યાં. લાખોની સંખ્યામાં ફોર્મ ભરાયા એટલે એ વખતે તત્કાલીન મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીજીને લાગ્યું કે, આ ચૂંટણીમાં આપણને નુકસાન થશે. એટલે તાત્કાલિક આદેશો કર્યા કે આખા ગુજરાતમાં કેટલા કાચા મકાનો કે ઝૂંપડાં છે? એનો સરવે કરીને ફોટા પાડી લાવો અને એ વખતે વર્ષ ૨૦૧૨માં ૫૦ લાખ કાચા મકાનો કે ઝૂંપડા છે એ સરવેમાં આવ્યું. આજે વર્ષ ૨૦૧૨ નહીં વર્ષ ૨૦૨૪ થયું. ૧૨ વર્ષ થયાં. શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીથી આજે પ્રધાનમંત્રી સુધી પહોંચ્યા. ડબલ એન્જિનની સરકાર છે પણ એ ઝૂંપડાવાળાઓને પાકું મકાન આજે પણ મળ્યું નથી. ગઇકાલની જ વાત કરી કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા. એક લાખ સમથીંગ કોઇ સંખ્યા કહી. વર્ષ ૨૦૧૨માં ૫૦ લાખ ઝૂંપડા હતા. આજે વસ્તી ગણવા જઇએ તો ૫૦ લાખના ૭૦ લાખ થયા હશે પણ દર વર્ષે ૧-૧ લાખ લોકોને જો ગુજરાતમાં આવાસ મળશે તો આવતા ૫૦ વર્ષ સુધી પણ પાકા મકાનનું સ્વપ્નું જે ગુજરાતીઓનું છે એ પૂરું નહીં થાય. આમાં પણ ભેદભાવ કેટલો કે પ્રધાનમંત્રી આવાસ યોજના છે ગ્રામ્ય વિસ્તારમાં એની યુનિટ કોસ્ટ ૧,૨૦,૦૦ રૂપિયા આપવામાં આવે અને બાજુમાં જ નગરપાલિકા વિસ્તાર હોય તો ત્યાં એને સાડા ત્રણ લાખ રૂપિયા આપવામાં આવે. ઘણી જગ્યાએ આપણે બધા ફીલ્ડમાં છીએ. એક નગરપાલિકા વિસ્તાર હોય તો એનો બીજો સરવે નંબર જોઇએ તો ગ્રામ્ય વિસ્તારમાં આવતો હોય. અડધો કિલોમીટર કે એક કિલોમીટરનું જ અંતર હોય એમાં ત્યાં શહેરમાં સાડા ત્રણ લાખ રૂપિયા યુનિટ કોસ્ટ મળે અને ગામડાંમાં ૧,૨૦,૦૦૦ મળે. ગામડામાં સિમેન્ટ સસ્તો મળે છે? ગામડામાં સ્ટીલ સસ્તુ મળે છે? ગામડામાં મજૂરી સસ્તી છે? તો આટલો મોટો ભેદભાવ શું કામ? મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે કદાચ કેન્દ્ર સરકારના નોર્મ્સમાં સુધારો ન થાય તો પણ રાજ્ય સરકારે પોતાના બજેટમાંથી રકમ વધારીને ગ્રામ્ય વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની યુનિટ કોસ્ટ સાડા ત્રણ લાખ રૂપિયા કરવી જોઇએ અને એની વ્યવસ્થા કરવી જોઇએ. લાખો લોકો પ્રતિક્ષાયાદીમાં આજે આવાસ યોજનાની રાહ જોઇને બેઠા છે. તાત્કાલિક એનો સરવે કરીને એના માટે બજેટ વધારીને એની વ્યવસ્થા કરવા માટે પણ માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે. સબ કા સાથ સબ કા વિકાસ સૂત્રની વાત કરીએ તો ગુજરાતમાં સાથ તો તમને બધાનો મળ્યો એટલે જ ૧૫૬ સીટ આવી પણ વિકાસ થોડા લોકોનો થયો. બજેટ થોડા લોકો માટે ફાળવાયું. *(xxx) આ સરકારની બુકલેટ છે. સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ કામગીરી અંદાજપત્ર સન ૨૦૨૪-૨૫ એમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે રાજયમાં ૫૨ ટકા વસ્તી ઓ.બી.સી. સમાજની છે. ૧૪૬ કરતા વધારે જ્ઞાતિઓનો સમાવેશ થાય છે એમાં જે બજેટની જોગવાઇ કરવામાં આવી છે સન ૨૦૨૨-૨૩નો જે ખર્ચ બતાવ્યો છે એ રૂ. ૨૨૪૧ કરોડ છે. સન ૨૦૨૩-૨૪ની જોગવાઇ રૂ.૨૫૯૯ કરોડ છે અને આજે સન ૨૦૨૪-૨૫ની જોગવાઇ રૂ. ૨૯૨૮ કરોડ છે. (અંતરાય) રૂ. ૩ લાખ અને ૩૨ હજાર કરોડના બજેટમાં આ ગુજરાતની ૫૨ ટકા વસ્તી ધરાવતા બક્ષીપંચ સમાજ માટે રૂ.૨૯૦૦ કરોડની જોગવાઇ કરી છે એનો મતલબ કે તમે બજેટના એક ટકો રકમ આ ૫૨ ટકા વસ્તીને ફાળવતા નથી અને પછી આપણે એમ કહીએ કે પ્રધાનમંત્રીશ્રી ઓ.બી.સી. સમાજના છે પણ એ જન્મે નહીં કર્મે પણ ઓ.બી.સી. સમાજનું હિત નથી જોતા અને જો સરકાર હિત જોતી હોય તો મારી માગણી છે કે જાતિ આધારિત વસ્તી ગણતરી કરવામાં આવે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિજાતિ વિકાસ વિભાગના અંદાજપત્ર ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મને જણાવતા આનંદ થાય છે કે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ દેશમાં ચાર મુખ્ય જાતિઓ ઉપર વધારે આધારસ્તંભ રાખ્યો છેઃ એક યુવા,બીજો મહિલા,ત્રીજો ગરીબ અને ચોથો ખેડૂત. આ ચાર મુખ્ય જાતિ છે અને એના ઉપર દેશના વિકાસનો સૌનો સાથ સૌનો વિકાસમંત્રને સાર્થક કરવા માટે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ આજે પૂરા દેશમાં કામ કરી રહ્યાં છે. આદિજાતિઓના વિકાસના મહામંત્રને સાર્થક કરવા માટે રાજ્ય સરકારે આદિવાસી સમાજના વિકાસનું સર્વસ્પર્શી, સર્વગ્રાહી અને સર્વ સમાવેશક જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશની આઝાદી પછી અને આઝાદીના સૌથી લાંબા કાર્યખંડમાં કોઇએ આદિવાસી સમાજ માટે વિચાર કર્યો હોય, કોઇએ આદિવાસી સમાજની યોજનાઓ વિશે વાત કરી હોય, તે સમાજ માટે યોજનાઓ બનાવી હોય તો તે સ્વ. આદરણીય અટલ બિહારી બાજપાઇજી હતા અને તેમના નેતૃત્વ હેઠળની સરકારે આદિવાસી સમાજ માટે પહેલી વખત તેનો વિભાગ અલગથી બનાવવામાં આવ્યો અને તેના માટે બજેટ બનાવવામાં આવ્યું. આદિવાસી સમાજનો વિકાસ કેવી રીતે થાય, તે આગળ કેવી રીતે વધે તેના માટે ભારતીય જનતા પાર્ટી અને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાની હેઠળ પૂરા દેશભરમાં આદિવાસી સમાજને સન્માન આપવાનું કામ કર્યું છે. ૬૦ વર્ષ પહેલાં જ્યારે દેશ આઝાદ થયો અને લાંબા સમય સુધી જેમણે શાસન કર્યું, આદિવાસી સમાજને સપનાઓ બતાવ્યાં, તમને આવાસ આપીશું, આરોગ્યની સગવડો આપીશું, સારું ગુણવત્તાયુક્ત શિક્ષણ આપીશું, શાળાઓ આપીશું ત્યારે આદિવાસી સમાજના લોકો આજે તેમને પૂછે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે કે, મેં જીવન કી રાહ દેખતા હું, એવું જીવન કે તેમને સપનું દેખાડ્યું. મેં જીવનકી રાહ દેખતા હું, બરસોસે જાગકર મેં જીવનકી રાહ દેખતા હું, વો રોશની કા સપના દિખાનેવાલે કહાં ગયે?

માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિવાસી સમાજ કેવી રીતે આગળ વધે, કેવી રીતે સમાજની મુખ્ય ધારામાં જોડાઇને પોતે સ્વાવલંબી બને, આત્મનિર્ભર બને તેના માટેના પ્રયત્નો થઇ રહ્યા છે. દેશની આઝાદીમાં અંગ્રેજો સામે લડવા માટે પોતાની આહુતિ આપી દીધી, આદિવાસી સમાજમાં જેમણે બલિદાન આપ્યા છે તેમના સન્માન માટે, તેમની ઉપલબ્ધિઓ માટે, ઇતિહાસનાં પાનામાં જેમનાં નામ હતાં અને તે નામ ઉપરથી ધૂળ ઉડાડીને, સમાજ માટે તેમણે જે કાર્યો કર્યા હતા તેને દેશ નહીં પણ વિદેશ સુધી પહોંચાડવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. આ સમાજમાંથી દેશની આઝાદી માટે અંગ્રેજો સામે લડવા માટે બિરસા મુંડા ભગવાને ગામડાઓમા લોકોને એકત્રિત કર્યા, આદિવાસી સમાજને આત્મનિર્ભર બનાવવા માટે ભગવાન બિરસા મુંડાએ જે કર્તવ્યો કર્યા અને જે પ્રેરણા આપી તેનો આધાર લઇને આજે આપણે આગળ વધી રહ્યા છીએ. તેના માટે ભગવાન બિરસા મુંડાની ૧૫મી નવેમ્બરની જન્મ જયંતિને જનજાતિ ગૌરવ દિવસ તરીકે ઉજવવાની ઘોષણા કરી. દેશભરમાં આજે આદિવાસી સમાજનું સન્માન વધારવાનું કામ કર્યું છે. હું આજે શિક્ષણની વાત કરું તો, કોઇપણ સમુદાય હોય તેનો વિકાસ કરવો હોય તો શિક્ષણ ઉપર સૌથી વધારે ભાર મૂકવો પડતો હોય છે. આજે ભારત દેશના પનોતા પુત્ર અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દૂરદરાજ અને ટ્રાયબલ વિસ્તારમાં જઇ તેમણે એવું કહ્યું હતું કે, હું આજે ભિક્ષુક તરીકે આજે તમારી પાસે આવ્યો છું અને મને તમે આદિવાસી દીકરા-દીકરીઓનું શિક્ષણ દાનમાં આપો. તેના થકી આજે આપણા ગુજરાત રાજ્યમાં શિક્ષણમાં ઉત્તમ પરિણામો જોવા મળી રહ્યાં છે. આપણી રાજ્ય સરકાર દ્વારા આદિજાતિના શિક્ષણના વિકાસ માટે અંદાજપત્રમાં વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ બજેટ રૂ. ૨૯૪ કરોડ જોગવાઇ કરેલ હતી. જેમાં વધારો કરીને આ વર્ષ એટલે કે, વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૩૪૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એક જ વર્ષમાં રૂ.૭૪૯ કરોડનો વધારો રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વિભાગમાં કરવામાં આવ્યો છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કન્યા કેળવણી રથ હોય અથવા તો શાળા પ્રવેશોત્સવ કે ગુણોત્સવ કાર્યક્રમ હોય, સારી ગુણવત્તાયુકત શિક્ષણની પદ્ધતિ થકી આજે સાક્ષરતા દરમાં સુધારો આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૧માં આદિવાસી સાક્ષરતા દરમાં ૪૭.૭ ટકા જેટલો દર હતો અને જે વર્ષ ૨૦૧૧માં સુધારીને ૬૨.૫ ટકા થયો છે. આજે અંતરિયાળ વિસ્તારમાં, ટ્રાયબલ વિસ્તારમાં દીકરો હોય કે દીકરી હોય આ બન્નેને સમાન શિક્ષણની તક મળે અને સમાન રીતે ભણીને આગળ દેશની પ્રગતિ માટે પોતાનું યોગદાન આપી શકે તેના માટે ડ્રોપ આઉટ રેશિયો પણ આજે ઘટ્યો છે. પ્રાથમિક શાળાએ જતાં અમારા ટ્રાયબલ વિસ્તારના વિદ્યાર્થીઓ ડ્રોપ્ આઉટ દર પણ વર્ષ ૨૦૦૧-૦૨માં ૩૭.૨૨ ટકા હતો અને આજે વર્ષ ૨૦૧૮-૧૯માં ડ્રોપ આઉટ રેઇટ ઘટીને ૪.૪૮ ટકા થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સારામાં સારું ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તેના માટે પૂરાં રાજ્યભરમાં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલની શરૂઆત કરી છે. અંતરિયાળ વિસ્તારમાં રહેતા નાના નાના ડુંગરાળ વિસ્તારમાં રહેતાં કે જે શિક્ષણથી વંચિત છે, જે બાળકો શિક્ષણ મેળવવા માગે છે પણ શાળા સુધી પહોંચી શકતા નથી કારણ કે એમની આર્થિક સ્થિતિ નબળી હોય છે તેના કારણે એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ દ્વારા તે વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણ મળી શકે, તેને રહેવા, જમવાની તમામ પ્રકારની સુવિધાઓ મળી શકે. શિક્ષણનું સ્તર એવું મળે કે જે શહેરમાં જે વિદ્યાર્થીઓ ભણતાં હોય તેની સાપેક્ષમાં આવીને, તેની જોડે હરીફાઇ કરીને તે શિક્ષણમાં આગળ વધે, પ્રગતિ કરે એવું શિક્ષણ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલમાં આપણા રાજ્ય સરકારના માધ્યમથી આપવામાં આવે છે. એવી રીતે આદર્શ નિવાસી શાળા હોય, આદર્શ નિવાસી શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે. અધવચ્ચેથી અભ્યાસ ના છોડે, તેના વાલીની આર્થિક સ્થિતિ નબળી હોય તો તમામ પ્રકારનું એ જોવામાં આવે છે. અને આ તમામ પ્રકારની યોજનાઓ સાથે શિક્ષણનું દર ખૂબ આગળ વધ્યું છે. અગાઉની સરકારમાં કયારેય આરોગ્ય માટેની ચિંતા કરી હતી નહીં જયારે આદિવાસી સમાજમાં સિકલસેલ એનિમિયાનું પ્રમાણ જયારે વધારે જોવા મળે છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા નેશનલ સિકલસેલ એનિમિયાનું એક મિશન ચલાવવામાં આવ્યુ છે અને તેના લીધે જે વિસ્તારમાં આપણા જે દર્દીઓ હોય છે તેને દવા, ફોલિક એસીડ, તમામ પ્રકારની દવાઓ એનું આરોગ્ય સારું રહે તેના માટે તમામ પ્રકારની જરૂરિયાતો અંતરિયાળ વિસ્તારમાં આપવામાં આવે છે. એટલુ જ નહીં પણ જે કિડનીના દર્દીઓ છે તેના માટે અમારા ટ્રાયબલ વિસ્તારમાં ૨૬૫ જગ્યાએ મફત ડાયાલીસીસ સેન્ટર ખૂલ્યાં છે અને માત્ર ગુજરાત નહીં પણ મધ્યપ્રદેશથી પણ ડાયાલીસીસ કરાવવા માટે ગુજરાતમાં નિઃશુલ્ક સારવાર મેળવવા માટે આવી રહ્યા છે. હું આ બજેટમાં મારું અનુમોદન આપું છું.

શ્રી ભરતભાઇ કી. પટેલ (વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને સરકારના આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું જમ્બો બજેટ લઇને આવ્યા છે ત્યારે હું નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું અને ખાસ કરીને મારે જે ચર્ચા કરવાની છે તે બંદર વિભાગને વાહન-વ્યવહાર વિભાગ માટે રૂ. ૩૮૫૮ કરોડનું જે બજેટ આપ્યુ છે તેને હું સમર્થન આપું છું, અભિનંદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થયાં ત્યારે આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્યના સૌનો સાથ અને સૌનો વિકાસના ધ્યેય સાથે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે ત્યારે હવે સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી

ભારતીય જનતા પાર્ટીની સરકારે જે વચનો આપ્યા હતા તે બજેટમાં જોવા મળી રહ્યા છે. આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇ ત્રણ પ્રજાલક્ષી બજેટ રજૂ કરી ચૂકયા છે જેનું પરિણામ વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં દેશ સમક્ષ ગુજરાતે પૂરું પાડ્યું છે અને ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં ૧૫૬ સીટ મેળવી છે તે અમારું ગૌરવ છે. ત્યારે અમારી અપેક્ષા મુજબ નાણામંત્રીશ્રીએ ગુજરાતનું ખૂબ સારું બજેટ બહાર પાડ્યું છે. એમને હું ફરીથી અભિનંદન આપું છું. વર્ષ ૧૯૯૫થી ૨૦૨૪ સુધીમાં ગુજરાતની ૬ કરોડ જનતાએ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારને જે મત આપ્યા છે એ ફક્ત ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષા માટેના મત મળ્યા છે અને ગુજરાત રાજ્ય 'શાંતિપ્રિય ગુજરાત' તરીકે જાણીતું થયું છે. ગુજરાત એક એવું રાજ્ય છે જેમાં વન ઓફ ધ બેસ્ટ રોડ કનેક્ટિવિટી, વન ઓફ ધ બેસ્ટ રેલ કનેક્ટિવિટી, વન ઓફ ધ બેસ્ટ એર કનેક્ટિવિટી, વન ઓફ ધ બેસ્ટ એજ્યુકેશન કનેક્ટિવિટી, વન ઓફ ધ બેસ્ટ હેલ્થ કનેક્ટિવિટી, વન ઓફ ધ બેસ્ટ વૉટર કનેક્ટિવિટી, વન ઓફ ધ બેસ્ટ ગેસ કનેક્ટિવિટી, વન ઓફ ધ બેસ્ટ બંદરો ડેવલપમેન્ટ કનેક્ટિવિટી મળી રહે છે. આ બધું આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ થયું છે. એટલા માટે મોદી સાહેબ માટે એવું કહેવાય છે કે 'મેન ઓફ ધ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા'. બંદરોનો પણ ગુજરાતના વિકાસમાં મહત્તમ ફાળો રહેલો છે. ગુજરાતના બંદરોમાં થયેલ ઉત્તરોત્તર પ્રગતિ બાબતે મારા વિચારો રજૂ કરું તો ભારત દેશના દરિયાઇ ક્ષેત્રમાં વિકાસ અને સુધારણા માટે મેરિટાઇમ ઇન્ડિયા વિઝન ૨૦૩૦ બહાર પાડવામાં આવેલ છે. માલવાહન માટે ગુજરાત અગ્રેસર રાજ્ય છે. ગુજરાતના દરિયાકિનારા પર વિપુલ તકોનું અનુમાન છે. ભારત સરકાર દ્વારા મેરિટાઇમ ઇન્ડિયા વિઝન – ૨૦૩૦ માટે કરવામાં આવેલ કામોના કારણે ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે ઘણી તકો ઉપલબ્ધ થાય એમ છે. તે માટે આપણા લોકપ્રિય વડાપ્રધાન જે કામ કરી રહ્યાં છે એના માટે એમને ખૂબ–ખૂબ અભિનંદન. ગુજરાતના બંદરો પરથી વર્ષ ૨૦૨૦–૨૧માં ૩૮૮ મિલિયન મેટ્રિક ટન પરિવહન થયેલ હતું. ગુજરાતના બંદરો અધિક સુવિધાઓ સાથે, જરૂરી પાણીના ઉદાહરણ સાથે દુનિયાના બીજા દેશોના બંદરો સાથેની સ્પર્ધામાં સરખામણી માટે સક્ષમ છે. નવલખી બંદર માટે જેટી કન્સ્ટ્રક્શન માટે માળખાકીય સુવિધાઓના વિસ્તૃતીકરણ માટે રૂ.૧૬૯ કરોડનું કામ ૧૮૫ મીટર જેટીનું બાંધકામ સપ્ટેમ્બર–૨૦૨૧થી હાથ ધરવામાં આવેલ છે. આ બંદરોના ૨૩ કિ.મી.ના એપ્રોચ રોડને ચાર માર્ગીય નેશનલ હાઇ–વે તરીકે વિકસાવવાની મંજૂરી પણ મળેલ છે. ગુજરાતના ૧૬૦૦ કિ.મી.ના દરિયાકાંઠા અને વ્યુહાત્મક સ્થાનને લીધે ભારતના મેરિટાઇમ ઉદ્યોગમાં અગ્રણી દરિયાઇ રાજ્ય બનાવવામાં સફળ રહ્યું છે. કેમિકલ પોર્ટસ, કન્ટેનર પોર્ટસ તેમજ વિશ્વના સૌથી મોટા શીપ સાયકલિંગ યાર્ડને કારણે ગુજરાત દરિયાઇ ક્ષેત્રમાં અગ્રેસર રહ્યું છે. મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિને વેગ આપવા માટે રૂ.૧૩૦૦ કરોડના ખર્ચે વેરાવળ, માટવડ અને સુત્રાપાડા ખાતે મત્સ્ય બંદરોના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. પોરબંદર, ઓખા, મુદ્રા અને કોસ્ટગાર્ડ જેટી બનાવવા માટે કુલ રૂ.૪૩૦.૮૦ કરોડના ખર્ચનું આયોજન છે. જે પૈકી પોરબંદર ખાતે રૂ.૧૮.૧૧ કરોડના ખર્ચે જેટી તથા રિપ્લેસમેન્ટનું કામ હાથ ધરવામાં આવી રહેલ છે. ગુજરાત મેરિટાઇમ બોર્ડ પર્યાવરણ ક્ષેત્રના રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કાયદાના દાયરામાં રહીને બંદરો અને તેને લગતી માળખાકીય સુવિધાઓ અને સમુદ્રકાંઠાના વિસ્તારના વિકાસ, પર્યાવરણની રીતે ટકાઉ થાય તે રીતે કાર્ય કરે છે અને ગુજરાત મેરિટાઇમ બોર્ડના બંદરોના પર્યાવરણ વ્યવસ્થાતંત્રને વધુ અસરકારક બનાવવામાં આવેલ છે. ગુજરાત મેરિટાઇમ બોર્ડના બંદરો પર બધા માટે બિઝનેસ કરવાની સરળતા માટે બધી પ્રક્રિયાઓ કોમ્પ્યુટરાઇઝ અને ડિજિટાઇઝેશન લાગુ કરવામાં આવેલ છે. માનનીય નાણામંત્રીને મારું સૂચન છે કે ઘણા ક્ષેત્રમાં બંદરોનો વિકાસ થઇ રહ્યો છે ત્યારે આ બંદરો જેટ્ટી સાથે સંકળાયેલા છે. મારા વલસાડ તાલુકામાં જે કોસંબા, દાંતી, કકવાડી અને ભડેલીના ગામોમાં લગભગ અઢીથી ત્રણ હજાર બોટથી માછીમારો મત્સ્ય ઉદ્યોગનો ધંધો–વેપાર કરે છે. આ સ્થળે જેટી ન હોવાના લીધે આ લોકોએ મુંબઇ જઇને કાર્યવાહી કરવાની હોય છે તેની માગણી સરકાર સમક્ષ કરેલી છે. આ જેટીનું કામ સત્વરે મંજૂર થાય અને ઝડપથી જેટી બનાવવામાં આવે તેવી મારી માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે. ગુજરાત સરકાર જે જમ્બો બજેટ લઇને આવી છે તેના માટે હું આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી અભેસિંહ મો. તડવી(**સંખેડા**):માનનીય અધ્યક્ષશ્રી, આજે હું અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચાના ત્રીજા દિવસની ચર્ચામાં ભાગ લેવા માટે ઊભો થયો છે. હું આજે આદિજાતિ વિકાસ વિભાગના વિષય ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર ''સર્વ જન સુખાય, સર્વ જન હિતાય'' ની ભાવના સાથે છેલ્લાં ૨૭–૨૮ વર્ષથી આદિવાસીઓની ચિંતા કરી રહી છે. અગાઉની સરકારોએ કામ કર્યું વર્ષો સુધી છતાં જે રીતે આદિવાસી સમાજની ઉન્નતિ થવી જોઇએ તેવી થઇ ન હતી પરંતુ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપવા પડે કે આદિવાસીઓની એમણે ચિંતા કરી. વન બંધુ કલ્યાણ યોજના કલમ–૪૪ હેઠળ વર્ષ ૨૦૦૬માં દાખલ કરી. આદિવાસી સમાજને રસ્તા, પાણી, આજીવિકા, પુલ, શાળા, આરોગ્ય જેવી સુવિધાઓના દસ મુદ્દાના કાર્યક્રમને આવરી લઇને રૂ.૧૫ હજાર કરોડનું પેકેજ તેમણે જાહેર કર્યું તે વખતે હું જિલ્લા પંચાયતનો સભ્ય હતો અને હું અહીં જોવા આવેલો. *(xxx) આદરણીય મોદી સાહેબે જવાબ આપેલો કે ભાઇ, આ કમળના ફૂલવાળી ભાજપની સરકાર છે,

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આદિવાસીઓનું હિત કરનારી સરકાર છે. તમે જોજો આ તમારું વ્યારા, ડાંગ કે દાહોદની કેવી પ્રગતિ થશે તેની તમને કલ્પના નહીં હોય. મને કહેતા આનંદ થાય છે કે શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ ગયા વખતે રૂ.૩૪૦૦ કરોડનું બજેટ લઇને આવ્યા હતા અને આ વખતે રૂ.૪૩૭૪ કરોડનું એટલે કે રૂ.૯૦૦ કરોડના વધારા સાથેનું બજેટ લઇને આવ્યા છે ત્યારે હું તેમને અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી સરકારને અભિનંદન આપવા માગીએ છીએ કે આદિવાસી સમાજના પહેલાં ૧૪ ધારાસભ્યો હતા આ વખતે ૧૫ના આંકડો આવ્યો તેમાં ૨૪ થઇ ગયા. ત્રણ જ લોકો બાકી છે. જે કામ થયું છે તે કામ ખરેખર લોકોએ જોયું છે. એકલવ્ય મૉડલ શાળા, આશ્રમ શાળા. વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૪-૨૫ સુધીમાં આદિવાસી સમયુદાયને વ્યક્તિગત સગવડો અને વિકાસનાં કામો માટે રૂ.એક લાખ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ આદિવાસી વિસ્તારોના સ્થાનિક ધોરણે હાથ ધરવામાં આવતાં કામો માટે ૧૦૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ગયા વખતે અમારા ધારાસભ્યોને તકલીફ પડી હતી કે, એક રૂપિયો આપવા માટે સવાસો રૂપિયાનું આયોજન કરવું પડતું હતું અને લોકોનાં કામ કપાઇ જતાં હતાં. માનનીય શ્રી કનુભાઇ દેસાઇ, માનનીય આદિજાતિ મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર અને માનનીય શ્રી કુંવરજીભાઇ હળપતિને અભિનંદન આપીએ છીએ કે તમે સો ટકાનું બજેટ આપ્યું છે. એક ટકાનાં કામના બદલે હવે સો ટકાનું કામ થશે એવો મને વિશ્વાસ છે. યોજનાઓ ઘણી બધી આવી છે. મારે એક અગત્યની વાત કરવી છે....

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, પ્રવચન ચાલુ હતું અને આપ જે ક્રોસ થયા એ ક્રોસ થઇ શકાય નહીં.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, સભ્યશ્રીએ પ્રવચનમાં શ્રી અમરસિંહભાઇ ચૌધરી, વિરોધપક્ષના નેતાનો ઉલ્લેખ કર્યો છે અને વનબંધુ કલ્યાણ યોજનાની વાત કરી છે. વનબંધુ કલ્યાણ યોજના વર્ષ ૨૦૦૭માં લોન્ચ કરવામાં આવી હતી. શ્રી અમરસિંહભાઇ ચૌધરીનું નિધન વર્ષ ૨૦૦૪માં થયેલ છે. એટલે મહેરબાની કરીને આ શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

સભાપતિશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે તમે કબૂલ કરો કે ના કરો પણ લોકોએ ફેંસલો આપી દીધો છે. અમારો આદિવાસીનો દીકરો ડૉકટર અને વકીલ બન્યો છે. વિદેશ અભ્યાસ માટે ૬૨ લોકોને રૂ. ૧૫ લાખની સ્કૉલરશિપ આપીએ છીએ. અમારા વિસ્તારમાં સારા આવાસો બન્યા છે. હમણાં જ પ્રધાનમંત્રી આવાસ યોજનાની વાત થઇ. મારી સંખેડા વિધાનસભા વિસ્તારમાં આવાસના નવા લોકાર્પણો થયા. એ લોકો કહેતા હતા કે, ''પ્રધાનમંત્રીશ્રીનું ભલું થજો, કે એમણે અમને સારા મકાનમાં રહેતા કર્યા.'' પહેલાં તો રૂ.૭૦૦૦નું આવાસ મળતું હતું અને એક ધક્કો મારીએ તો બારણું પાછળ જતું રહેતું. અમારા વિસ્તારની કાયાપલટ થઇ છે. એકલવ્ય મૉડલ શાળાઓ, આશ્રમ શાળાઓ અને ગ્રાન્ટેડ છાત્રાલયો બન્યા છે. ખેડૂતોની આમદની વધારવા માટે આ સરકાર ખેડૂતોને પણ મદદ કરી રહી છે. સારા બાગાયતી પાક અને શાકભાજી ઉછેર માટે વનબંધુ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ વિસ્તારમાં સારી-સારી સ્કૂલો બની છે અને બાળકો આ સ્કૂલોમાં ભણવા જાય છે, સમરસ છાત્રાલયો પણ બન્યા છે, સારા રસ્તાઓ બન્યા છે. મારા વિસ્તારની વાત કરું તો, કૉંગ્રેસના સમયમાં ૧૦૮ પણ આવતી નહોતી. પણ માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ ૧૦૮ની યોજના લાવ્યા. મારા વિસ્તારમાં ગનીયાબારી અને સાંકડીબારી જેવા વિસ્તારોમાં પહાડો પર ચાલીને જવું પડતું હતું. અત્યારે સારા રસ્તાઓ બન્યા છે. રૂ. ૧૪ કરોડ અને રૂ.૧૫ કરોડના રસ્તાઓ બન્યા છે. શ્રી મંગુભાઇ પટેલ સાહેબ આ જ ગૃહના સભ્ય હતા. એમણે મધ્યપ્રદેશના રાજ્યપાલ બનાવીને આદિવાસી સમાજની ચિંતા કરી છે. ઓરિસ્સાના દીકરીને અમારા રાષ્ટ્રપતિ બનાવ્યા છે. આ અમારા આદિવાસી સમાજ માટે ગૌરવની વાત છે. આવું પહેલાં કોઇને સૂઝયું નહોતું. અમારી દીકરી સરિતા ગાયકવાડ નેશનલ લેવલે ચેમ્પિયન બન્યા છે. માનનીય મંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપું છું.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ સત્રમાં ઉચ્ચ શિક્ષણમાં કરવામાં આવેલ જોગવાઇ માટે અને બજેટમાં મારા વિચારો રજૂ કરવાની તક આપી એ બદલ હું આપનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન કરવાની દિશામાં રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ અસરકારક અને પરિણામલક્ષી કામગીરી થઇ રહી છે. જેની સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે નોંધ લેવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યે છેલ્લા બે દાયકામાં શિક્ષણ ક્ષેત્રે સાતત્યપૂર્ણ વિકાસ કર્યો છે. શિક્ષણ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવવામાં આવી રહ્યું છે તે આપણે સૌ અનુભવી રહ્યા છીએ. હું એના માટે રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને રાજ્યના શિક્ષણ મંત્રીશ્રીઓને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાષ્ટ્રીય શિક્ષા નીતિ-૨૦૨૦ની જાહેરાત વખતે કહેલ કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ સાથે જોડાયેલી છે. તેનો હેતુ ભારતને વૈશ્વિક જ્ઞાન ન થતા, વર્લ્ડ નોલેજ સુપર પાવર બનાવવાનો છે. સમગ્ર દેશમાં તે દિશામાં ગુજરાત રાજ્યની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર હંમેશા અગ્રેસર રહી છે. આ વર્ષે માનવ સંશાધન વિકાસ તથા શિક્ષણ માટે આપણા માનનીય નાણામંત્રીશ્રી દ્વારા રૂ. ૫૫,૧૧૪ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે તેના માટે હું માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું. કે.જી. થી પી.જી. સુધીની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉચ્ચ શિક્ષણ એ શિરમોર છે, તેથી તેની જવાબદારી સૌથી વિશેષ થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની જાહેરાત વખતે માનનીય વડાપ્રધાનશ્રીએ જણાવેલું

કે, શિક્ષણ ૨૧મી સદીના નવા ભારતના નિર્માણનો પાયો નાંખનાર સાબિત થશે. રાષ્ટ્રીય શિક્ષા નીતિ–૨૦૨૦ના વિઝન અને ધ્યેયને વેગ આપવા માટે એક ચોક્કસ રોડમેપ બનાવીને, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે અનેકવિધ પગલાં લીધાં છે. વર્ષ ૨૦૨૩માં ગુજરાત વિધાનસભા દ્વારા 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ' ને મંજૂરી આપી, ૧૧ સરકારી યુનિવર્સિટીઓમાં વહીવટ, શિક્ષણ, પરીક્ષાઓ અને અન્ય વિદ્યાર્થીલક્ષી બાબતો માટે રાષ્ટ્રીય શિક્ષા નીતિમાં જે માર્ગદર્શન આપવામાં આવેલું તે દરેક બાબતોનો સમાવેશ કરેલ છે. વર્ષ ૨૦૨૩માં ૧૧ જેટલી યુનિવર્સિટીઓમાં કૉમન યુનિવર્સિટી એક્ટ એટલે કે એકસમાન કાયદો લાવી વર્ષ ૨૦૨૦ની રાષ્ટ્રીય શિક્ષા નીતિમાં સૂચવેલા માર્ગદર્શનોનો ગુજરાત સરકારે ત્વરીત અમલ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં તમામ યુનિવર્સિટીઓમાં તમામ વિદ્યાર્થીઓને સમાન એડમિશનની તક મળે તે માટે રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં એડમિશન માટે એક કૉમન પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ અંતર્ગત યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. જેમાં, શરૂઆતથી અંત સુધી એડમિશન પ્રક્રિયાને સંચાલિત કરવા માટે એક સરળ અને સુનિશ્ચિત એપ્લિકેશનને ડેવલપ કરવામાં આવેલી છે. આ પોર્ટલમાં ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં એકસેસ અને ઇક્વિટી સુનિશ્ચિત કરવા માટે રાજ્યની ૧૦૮ યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે પૈકી ૧૬ પબ્લિક યુનિવર્સિટીઓ છે. ૨ સેન્ટ્રલ ડિમ્ડ યુનિવર્સિટીઓ છે. ૧૦ ઇન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઇમ્પોર્ટ ઓન છે. ૨ સેન્ટ્રલ ડિમ્ડ યુનિવર્સિટીઓ છે. ૬૫ પ્રાઇવેટ યુનિવર્સિટીઓ અને ૧૩ સેક્રોટરિયલ યુનિવર્સિટીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય શિક્ષા નીતિ–૨૦૨૦ના અમલીકરણ માટે એક સામાન્ય સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસ.ઓ.પી.) ગત તારીખ ૨૬મી જુલાઇ ૨૦૨૩ના રોજ બહાર પાડવામાં આવેલ. ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને ઓટોનોમસ કૉલેજોએ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ સામાન્ય એસ.ઓ.પી.નો ફરજિયાતપણે પાલન કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરમાં દર્શાવવામાં આવેલ તમામ કોર્સીસમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસક્રમોની પણ જોગવાઇનો સમાવેશ કરવામાં આવેલ છે. ટેકનિકલ શિક્ષણ હેઠળની વિવિધ સરકારી સંસ્થાઓ ખાતે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ, Computation and Advance Software System including Cloud Services, coding, cyber physical systems, semi-conductor design and advance verification, electrical vehicle, advance manufacturing and robotics, drone technology જેવા વિવિધ ઇન્ટરનેશનલ કક્ષાએ emerging technology કહી શકાય તેવા કુલ ૧૩ જેટલા સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવા અત્યારે વિચારણા થઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓ અંતર્ગત ડિગ્રી ઇજનેરી કોલેજ, ડિપ્લોમા ઇજનેરી કોલેજ દ્વારા નવા સંશોધનો માટે કુલ ૨૦૬ પેટન્ટ રજિસ્ટર થયા છે. આ સિવાય પણ અન્ય કન્વેન્શનલ પ્રોગ્રામ ચલાવતી યુનિવર્સિટીઓ છે, તે યુનિવર્સિટીઓના સાયન્સ વિભાગમાં પણ અસંખ્ય પેટન્ટ રજિસ્ટર થયેલી છે. કુલ ૪૨૩ ઇન્ક્યુબેશન્સ સ્ટાર્ટ અપ માટે રૂપિયા ૨૩૦૦ કરોડની ઇનોવેશન ઇકો સિસ્ટમ ડેવલપ કરવામાં આવી રહી છે. તેમાં રૂ.૩૪૦ કરોડનું પ્રાઇવેટ ફંડ ઊભું કરવામાં આવેલ છે. જેના થકી આ સ્ટાર્ટ અપ દ્વારા રૂ.૪૩૦ કરોડની રેવન્યુ પણ જનરેટ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્યની કુલ ૨૯૪ લાભાર્થી સંસ્થાઓ પૈકી ૯ યુનિવર્સિટી અને ૨૮૫ કોલેજો માટે કુલ રૂ.૪૬૩ કરોડનું અનુદાન પણ જાહેર કરવામાં આવેલ છે.

સભાપતિશ્રીઃ આપનું પ્રવચન પૂરું થાય છે.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫નું બજેટ વિકસિત ભારત ૨૦૪૭ના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના લક્ષ્યને ધ્યાનમાં રાખીને એમાં સહભાગી થવા માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ના બજેટનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે આ ૩,૩૨,૪૬૫ કરોડનું ઐતિહાસિક બજેટ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા લાવવામાં આવ્યું છે ત્યારે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આભાર પણ વ્યકત કરું છું. સામાજિક વ્યવસ્થાઓના ઉત્થાન માટે કાર્ય કરતું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂપિયા ૬૧૯૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે માટે હું આ ગૃહ સમક્ષ મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ સમાજ હોય કે અનુસૂચિત જનજાતિ સમાજ હોય કે બક્ષી પંચ સમાજ હોય. આપણે જોઇ શકીએ છીએ કે પહેલાના વખતમાં વધારે પડતા ગરીબ લોકો આ સમાજમાંથી હોય છે ત્યારે ૨૦–૨૫ કે ૩૦ વર્ષ પહેલાની સમાજના જરૂરિયાતમંદ, નબળા અને વંચિત વર્ગ માટેની વ્યવસ્થાઓની વાત કરીએ તો એ વખતના સમયમાં ફક્ત ને ફક્ત ગરીબી હટાઓના નારા લાગતા હતા, પરંતુ સાચા અર્થમાં કયારેય પણ ગરીબી હટાવવાની કોઇપણ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવતી નહોતી. શું ગરીબી હટાઓના ફકત નારા લગાવવાથી ગરીબી દૂર થાય? જરૂરિયાતમંદ વર્ગના ગરીબ અને વંચિત વર્ગની ગરીબી સાચા અર્થમાં દૂર કરવા માટે, સાચા અર્થમાં એ પરિસ્થિતિમાંથી એ લોકોને બહાર લાવવા માટે સરકાર દ્વારા સુવ્યવસ્થિત વ્યવસ્થાઓ કરવી પડે છે અને એ વ્યવસ્થાઓ સાચા અર્થમાં લોકો સુધી પહોંચાડવા માટેની એક વ્યવસ્થા બનાવવી જોઇએ. પરંતુ અફસોસ સાથે કહું કે એ વખતની સરકારોમાં નારા તો લગાવ્યા, પરંતુ વ્યવસ્થાઓ કરવામાં આવી નહીં. જયારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આ રાજયમાં આવી ત્યારથી સાચા અર્થમાં કહું તો,

તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ )

''**क्या होती है लोगों की अपेक्षाए, ना हो कहीं भी कोई समस्याए।**

**अच्छी हो सरकार की व्यवस्थाए, लोगों तक पहुंचे हर कोई सुविधाए।**''

માનનીય અધ્યક્ષશ્રી, એ લોકોની અપેક્ષાઓ, એ લોકોની સમસ્યાઓને જાણી અને એ પ્રકારની વ્યવસ્થાઓ બનાવી અને સાચા અર્થમાં એ સુવિધા લોકો સુધી પહોંચાડવાનું કાર્ય જો કોઇએ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે જયારથી આ ગરવી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સત્તાનું સુકાન સંભાળ્યું છે ત્યારથી આજદિન સુધી સાચા અર્થમાં સામાજિક વ્યવસ્થાઓમાં વધારો કરીને, એમની જરૂરિયાત શું છે, એમની સમસ્યાઓ શું છે એ જાણીને એમની જરૂરિયાતોને પૂરી કરવા માટે, એમની સમસ્યાઓને જાણીને એમની સમસ્યાઓનું સમાધાન યોજનાઓરૂપી પાર પાડી અને એ લોકો સુધી પહોંચાડવાનું કાર્ય આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. ગરીબી હટાવો, ગરીબી હટાવો પણ ગરીબી કયારે હટી એ સાચા અર્થમાં સમગ્ર ગુજરાતની જનતા તો ખૂબ સારી રીતે જાણે છે અને એટલા માટે એ લોકો ભારતીય જનતા પાર્ટીનેજ આશીર્વાદ આપે છે અને એનું પરિણામ આપણે અત્યારે આ ગૃહમાં પણ જોઇ રહ્યાં છીએ અને આવનારા ટૂંક સમયમાં ફરી એક વાર મોદી સરકાર આપણે એનું રિઝલ્ટ કેન્દ્રમાં પણ જોઇ શકીશું. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ સમાજ માટે અનેકવિધ યોજનાઓ કાર્યરત છે. જેમ મેં અગાઉ પણ કહ્યું કે સાચા અર્થમાં એમની વ્યવસ્થાઓને પાર પાડવા માટે, એમને સુનિશ્ચિત કરવા માટે અનેક યોજના બનાવવામાં આવી છે ત્યારે ડો. બાબાસાહેબ આંબેડકરને વિદેશમાં અભ્યાસ કરવા માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે લોન અને શિષ્યવૃત્તિ આપીને એમને વિદેશ મોકલ્યા હતા અને આ બાબતને લક્ષમાં રાખીને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અનુસૂચિત જાતિનાં બાળકો વિદેશમાં અભ્યાસ કરવા અર્થે જઇ શકે અને એમનાં સપનાં, એમનાં પરિવારનાં સપનાં, એમનાં સમાજનાં સપનાંને એ પૂરાં કરી શકે એ દિશામાં વિદેશ અભ્યાસ લોન અમલમાં લાવવામાં આવી. વર્ષ ૧૯૯૮-૯૯માં ભા.જ.પ. સરકારે શરૂઆતમાં રૂ.પાંચ લાખની લોન માત્ર ૪ ટકાના વ્યાજના દરે આપવાનું નક્કી કર્યું હતું. તેમાં બમણો વધારો કરીને રૂ.૧૦ લાખ કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૪-૧૫માં વધારો કરીને રૂ.૧૫ લાખ કરવામાં આવ્યા. છેલ્લાં ૧૦ વર્ષમાં ૨૧૯૧ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા માટે લોન સહાય આપવામાં આવી અને જેના માટે રૂ. ૩૨૨.૪૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો અને એના માટે આ ચાલુ વર્ષમાં પણ રૂ.૧૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. એ જ રીતે શિક્ષણમાં એમના માટે વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે ગુજરાતના વિકાસ પુરુષ તત્કાલિન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતીના ભાગરૂપે સમરસ છાત્રાલય બાંધવાનું નક્કી કર્યું અને આ ઉમદા કાર્ય માટે ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં રહેવા, જમવા માટેની અદ્યતન સુવિધાવાળા કેમ્પસ જેમાં લાઇબ્રેરી હોય, કોમ્પ્યુટર લેબ હોય, પ્રાર્થનાખંડ હોય એવા દસ-દસ માળવાળી હોસ્ટેલો સામાજિક સમરસતાના ભાગરૂપે અનુસૂચિત જાતિ, આદિજાતિ, બક્ષીપંચ અને અન્ય વર્ગોના જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી. આ હોસ્ટેલો ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, ભુજ, જામનગર, હિંમતનગર અને પાટણમાં આ હોસ્ટેલ બનાવવામાં આવી છે અને એમાં ૧૩ હજાર વિદ્યાર્થીઓનું ભવિષ્ય સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. એમની વ્યવસ્થામાં વધારો કરી એમનું ભવિષ્ય સુનિશ્ચિત બને એ માટેની સુવિધા આપી અને એ સમાજમાં પોતાનું સાચા અર્થમાં યોગદાન આપે એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી. મેં પહેલાં કહ્યું કે કોઇપણ સમાજના નબળા વર્ગને એ પરિસ્થિતિમાંથી બહાર લાવવો હોય તો સાચા અર્થમાં એને પૂરતું શિક્ષણ આપવું અને શિક્ષણ મેળવવા માટેની તમામ પ્રકારની સુવિધા આપવી. અને મને કહેતા આનંદ થાય છે કે આ વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે ત્યારે હું ફરી એકવાર અભિનંદન આપું છું અને મારી વાત પૂરી કરું છું. જય હિન્દ, જય ભારત.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નીડ છે તો નૂર છે બાકી બધું ધૂળ છે. ટીપેટીપું એક કરીને જળસંચયની વાત કરવી છે. મને જણાવતા આનંદ થાય છે કે રાજ્ય સરકારે રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં સલામત અને પર્યાપ્ત પાણી આપવાનો અથાગ પ્રયત્ન કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ જળ આધારિત પાણી પુરવઠા યોજનાઓ અને ગામોને સરદાર સરોવર નર્મદા કેનાલ કે અન્ય પાણીના સોર્સ આધારિત પાણી પુરવઠા યોજનાઓના ભાગ તરીકે આવરી લેવાનું આયોજન કરેલ છે. જેથી અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૪,૯૨૬ ગામો અને ૨૪૧ શહેરી વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવી છે. નલ સે જળ કાર્યક્રમ અંતર્ગત જ્યાં જરૂરિયાત હોય તેવા ગામોને અને ફળિયાઓને જૂથ યોજના સાથે જોડીને કામગીરીનું અમલીકરણ કરવામાં આવેલ છે. સાથોસાથ છેલ્લા ૨૨ વર્ષથી ગ્રીડના નિર્માણ સાથે તબક્કાવાર ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં અને નવીન તથા સુધારણા હેઠળની જૂથ યોજનાનાં કામો કરવામાં આવી રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૯,૫૮૮ મીની પાઇપ યોજનાઓ, ૨,૬૯,૭૫૬ હેન્ડ પમ્પ બેસાડીને છેવાડાના માનવી સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. આદિજાતિ વિસ્તારમાં પણ સરકારે છૂટાછવાયા ડુંગરો અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસી વિસ્તારના લોકોની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે. રાજ્યમાં પાણીની ગુણવત્તાની ચકાસણી માટે એક સ્ટેટ લેબોરેટરી અને જિલ્લા કક્ષાની ૩૩ લેબોરેટરીઓ અને તાલુકા કક્ષાની ૪૬ લેબોરેટરીઓ કાર્યરત છે. જેમાં દર વર્ષે ૪ લાખથી વધુ પાણીના સેમ્પલ લેવામાં આવે છે. હું મારા વિસ્તારના પીવાના પાણી બાબતની વાત કરું તો જૂનાગઢ જિલ્લામાં ૯ તાલુકા આવેલ છે. ૮ શહેરોનો

સમાવેશ કરવામાં આવેલ છે. જિલ્લામાં કુલ વસતિ ૧૫.૨૫ લાખ માણસોની છે. જૂનાગઢ જિલ્લામાં ૫૧૮ ગામો પૈકી ૪૫૮ ગામો નર્મદા અને સરફેસ સોર્સ દ્વારા જૂથ યોજના દ્વારા જોડવામાં આવેલ છે. અન્ય ગામોમાં પોતાના સ્થાનિક સોર્સથી પાણી મળે છે. આ તમામ ગામોને નવીન/સુધારણા જૂથ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે અને એનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે. હું મારા વિસ્તારની વાત કરું તો માંગરોળ તાલુકાના ૬૩ ગામો સરફેસ સ્ત્રોત આધારિત જૂથ યોજનાનું પાણી મેળવે છે. મારે બે તાલુકા આવે છે. માળિયા તાલુકાની વાત કરું તો માળિયા તાલુકામાં પણ ૬૩ ગામો છે તે પૈકી તમામ ગામો સરફેસ સ્ત્રોત આધારિત વિવિધ જૂથ યોજના હેઠળ પાણી મેળવે છે. નલ સે જલ કાર્યક્રમ હેઠળ મારા વિસ્તાર માટે હાથ ધરવામાં આવેલ વિવિધ જૂથ યોજનાઓની વાત કરું તો માળિયા તાલુકા અને માંગરોળ તાલુકાના ૨૬ ગામો માટે માંગરોળ ઇમર્જન્સી સુધારણા જૂથ યોજના રૂપિયા ૯૮ કરોડ ૮૧ લાખની મંજૂર કરવામાં આવી છે, જે અત્યારે એના અમલીકરણના તબક્કામાં છે. માળિયા તાલુકા માટે માળિયા જૂથ-૧ પાણી પુરવઠા યોજના અંદાજિત રૂપિયા ૧૯.૭૮ કરોડ તથા માળિયા ભાગ-૨ જૂથ પાણી પુરવઠા યોજના રૂપિયા ૧૫.૪૩ કરોડની મંજૂર કરવામાં આવેલ છે. જેનું અમલીકરણ ટૂંક સમયમાં થવા જઇ રહ્યું છે. આમ, રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણી ક્ષેત્રે માળખાગત સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલ છે. જેનાં પરિણામે રાજ્યના દરેક ગામડામાં ગુણવત્તાયુક્ત પૂરતા જથ્થામાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહેલ છે. મારો વિસ્તાર દરિયાઇ પટ્ટી પર અને ગીરના જંગલનો પણ વિસ્તાર આવેલો છે ત્યાંથી નર્મદા ડેમ લગભગ ૪૨૫ કિલોમિટર દૂર થાય છે ત્યાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે પીવાના પાણીની પાઇપ લાઇન ગામડે ગામડે પહોંચાડી છે. હું વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૦૨ સુધી ધારાસભ્ય હતો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ રાજકોટમાં એક મિટિંગ બોલાવી હતી ત્યારે સૌની યોજના જાહેર કરવામાં આવી ત્યારે આપણે પણ વિચાર કરી શકતા નથી કે સૌરાષ્ટ્રમાં નર્મદા ડેમનું પાણી ત્યાં આવે અને ડેમો ભરાય એમાંથી પીવાનું પાણી મળે. પરંતુ માનનીય નરેન્દ્રભાઇએ એ સપનું સાકાર કર્યું છે. તે વખતે કોંગ્રેસના મિત્રો કહેતા હતા કે, એમાં પાણી નહીં આવે પણ હવા આવવાની છે. અત્યારે આખા સૌરાષ્ટ્રમાં દરિયાના પાણીથી જમીનમાં ખારાશ વધતી જતી હતી એ નર્મદાનું પાણી આવવાથી એ ખારાશ પણ અટકી ગઇ છે. માનનીય નરેન્દ્રભાઇના સમયમાં મોટા ભાગની કેનાલો દરિયા કિનારે કરવામાં આવેલી છે. એટલે દરિયાનું ખારું પાણી આવતું બંધ થઇ ગયું છે અને મીઠા પાણીનો સ્ત્રોત પણ થવા માંડ્યો છે. મનુષ્ય જીવનનું અભિન્ન અંગ ગણી શકાય એવું એક જળ માનવ જીવન માટે મહત્ત્વનો ભાગ ભજવે છે ત્યારે જળ સંપત્તિનો યોગ્ય સંગ્રહ કરવો એ આપણા સૌની નૈતિક ફરજ છે. એ સંગ્રહ કરેલા જળને ''નલ સે જલ'' લાવવાનું કામ આપણી સરકાર કરી રહી છે ત્યારે હું નાણામંત્રીશ્રીને ખૂબ જ અભિનંદન આપીશ કે પાણી પુરવઠામાં ખૂબજ મોટું બજેટ ફાળવી અમારા સૌરાષ્ટ્રના લોકોને પાણી પૂરું પાડવાની યોજનામાં મોટી યોજનાઓ મૂકી છે અને એનો અમલ થવાનો છે ત્યારે હું નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને સાથે સાથે આ બજેટ લઇને આવ્યાં છે એમાં મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું. ભારત માતા કી જય.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા(ઝાલોદ):માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભામાં અંદાજપત્ર સને ૨૦૨૪ અંતર્ગત સામાન્ય ચર્ચાના ત્રીજા દિવસની ચર્ચા દરમ્યાન આ ગૃહના સન્માનીય સભ્યશ્રીઓને મારા જયશ્રી રામ. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની રાહબરી હેઠળની સરકાર અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ દ્વારા રજૂ કરાયેલ બજેટ વખાણવાલાયક, દૂરદર્શિતા ધરાવતું અને લોકાભિમુખ છે જેને હું આવકારું છું અને મારું અનુમોદન આપું છું. આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીમંડળના તમામ સભ્યશ્રીઓને અભિનંદન પાઠવું છું. દેશના પનોતાપુત્ર, યુગ પુરુષ, વિશ્વ વિભૂતિ આદરણીય મોદી સાહેબને કેમ ભૂલાય? એમના અથાગ પરિશ્રમ અને મહેનતના કારણે અમારા જેવા નાના કાર્યકર પણ આજે વિધાનસભાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છીએ જે બદલ તેમના સદાય આભારી રહીશું. આજે મને વન અને પ્રયાવરણના ક્ષેત્રે થયેલ પ્રગતિ અને તેની વણથંભી વિકાસની વાત આપ સૌ સમક્ષ મૂકવાનો અવસર માનનીય દંડકશ્રી દ્વારા આપવામાં આવ્યો છે તેનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડુંગરો, પહાડો, નદીઓ અને જંગલોમાં છેક છેવાડાના અમો માનવી કહેવાતા. પહેલાના જમાનાની ફિલ્મો અને ધારાવાહિકોમાં અમો આદિવાસીઓને જંગલી અને સમાજથી દૂર અને વિકૃત્ત દર્શાવવામાં આવતા હતા જેનો અમને કોઇ રંજ કે વિરોધ નથી પણ આજે અમારું જીવન ધોરણ બદલાયું છે. અમો પણ સમાજની મુખ્ય ધારામાં સમાયેલા જોઇ શકીએ છીએ અને તેનું કારણ માત્ર ને માત્ર રાજ્ય અને દેશની ભારતીય જનતા પાર્ટીની સરકારોના કારણે જ છે. આજે અમારો આદિવાસી સમાજ શહેરમાં વસતો થયો છે અને નોકરી-ધંધો મેળવી રહ્યો છે જેનું કારણ જંગલોનો વિકાસ પણ છે. રાજયમાં વન વિસ્તાર વધી રહ્યો છે. જેથી આ દેશમાં પશુ, પક્ષીઓ, જીવનંતુઓ, પ્રાણીઓ રહી શકે છે એ આપણા વિકસિત ભારતની એક ઉમદા તસ્વીર છે. વન અને વનવાસી એકબીજાના પર્યાય છે. આદિઅનાદિ કાળથી માણસ આદિમાનવથી ઓળખાતો હતો અને એમાં અમે વનને વળગીને રહ્યા છીએ તો આજે વન બચ્યું છે અને વન બચ્યું છે તો વન જીવો બચ્યા છે. આજે વિકાસની હારમાળા સર્જાઇ છે. દેશ અને દુનિયા બદલાઇ રહ્યા છે ત્યારે શાંતિપૂર્ણ વિકાસ માટે વન અને પર્યાવરણના જતનના ક્ષેત્રોમાં પણ ગુજરાતે હરણફાળ ભરી છે. જૈવિક વિવિધતા, સમુદ્રો, ગાઢ વનો, નદીઓ, જળપલ્લવિત વિસ્તારો, જંગલો, અભ્યારણ્યો, ઘાસિયા મેદાનો સુરક્ષિત કરવા તેમજ વન વિસ્તારના બાહ્ય વિસ્તારોને પણ વૃક્ષોમાં વધારો

કરવા સરકાર કાર્યશીલ છે. વનોના વિકાસ, વૃદ્ધિ, સંરક્ષણ, સંવર્ધન, વળતર, વનીકરણ માટે પણ રાજય સરકારે રૂ. ૯૫૦ કરોડની જંગી રકમની જોગવાઇ કરી છે જે સરાહનીય છે. સાથોસાથ વન્યપ્રાણીઓ, વન્યજીવો, બૃહદ ગીર વિસ્તાર, સાગરકાંઠે ચેરના વૃક્ષોના વાવેતર થકી પ્રાણીજન્ય જળજીવોની સુરક્ષાની પણ કાળજી લેવાઇ રહી છે. વન્યજીવો, વન્યપર્યાવરણ, સંરક્ષણ, સંવર્ધન, વિકાસ અને વ્યવસ્થા માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, સહકારી મંડળીઓ, સ્વસહાય જૂથો, સહભાગી વન વ્યવસ્થાઓ, લોક સહકારથી જંગલો વધુ ગાઢ બની રહ્યા છે. સાથોસાથ વૃક્ષોની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દુર્લભ જાતિઓની સંરક્ષણ કામગીરી પણ સુપેરે થઇ રહી છે. જે સરાહનીય કામગીરી છે. વન અને પર્યાવરણ વિભાગની કુનેહ અને સજાગતાને કારણે વર્ષ ૨૦૦૩માં કુલ ૨૫.૧૦ કરોડ વૃક્ષો નોંધાયેલા છે. જેમાં નોંધપાત્ર વધારો થયો છે. વર્ષ ૨૦૨૧ની ગણતરી મુજબ ૨૯.૭૫ કરોડ વૃક્ષો નોંધાયેલા છે. જે સન ૨૦૦૩ની સરખામણીએ ૫૮.૩૬ ટકા વૃક્ષોનો વધારો નોંધાયો છે. જે ખૂબ જ ગૌરવશાળી ગણી શકાય. માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ૧૦મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેનાથી સૌ અવગત હશો જ કે એશિયાટિક લાયન માત્ર ભારત દેશમાં માત્ર ગુજરાત રાજયમાં છે તે પણ આપણા સૌ માટે ગૌરવ અને અભિમાનની વાત છે. દુનિયામાં સૌ કહે છે કે સિંહ જોવો હોય તો ગુજરાતમાં જ આવવું પડે છે. આ બાબતે વન વિભાગે આપણા દેશ, પ્રદેશની આન, બાન, શાન વધારી છે. આપણને સૌને ગૌરવવંતા કર્યા છે એ બદલ વન વિભાગના તમામ નાના મોટા કર્મચારીઓને પણ મારા અંતરના શુભાશિષ પાઠવું છું. મને જણાવતા આનંદ થાય છે કે ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયાના અહેવાલ મુજબ ગુજરાતનો વન વિસ્તાર ૧૪૮૫૭ ચોરસ કિલોમીટર હતો જે વર્ષ ૨૦૨૧ના અહેવાલ મુજબ ૧૪૯૨૬ ચોરસ કિલોમીટર જેટલો થયો છે એટલે ૬૯ કિલોમીટરનો વધારો થયો છે. જે ખરેખર આવકારદાયક છે. વનોના વિકાસની સાથોસાથ વન વિભાગ દ્વારા જીવન જરૂરિયાતની ચીજોમાં પણ પોતાનું આગવું અને અલાયદું સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૫ લાખ કિલો જેટલા ઘાસનું ઉત્પાદન થયેલ છે. વન ગૌણ પેદાશો જેવી કે ગુંદર, ટીમરુના પાન, ડોળી, વિવિધ પ્રકારના ગુંદર, મધ, મહુડો, જનઔષધિ પેદાશો થકી આદિવાસી પરિવારો પગભર બન્યા છે. વન પેદાશોના વેચાણ થકી તેમની આજીવિકામાં સુધારો થયો છે. રાષ્ટ્રિય ફલક ઉપર સૌથી વધુ લોકચાહના ધરાવતા, પોતાની વાકછટાથી સૌ કોઇને મંત્રમુગ્ધ કરતા આપણા સૌના ચાહિતા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ ગુજરાત રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે સૌનો સાથ અને સૌનો વિકાસના મંત્રને અનુસરીને આપણી અને અમારી આદિવાસીઓની સુખાકારીની પણ ચિંતા કરી હતી. વનબંધુ કલ્યાણ યોજના અમલમાં લાવીને વન અધિકાર અધિનિયમ ધારો-૨૦૦૬ લાવવામાં આવ્યો જેના થકી વનવાસી કે વનબંધુ જે વર્ષોથી ડુંગરો, પર્વતો ખેડતા હતા આ કાયદાને આધિન કાયદેસર ખેડાણ કરવાની પરવાનગી મળી છે.

(વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)

**માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

શ્રી લવિંગજી મુ. સોલંકી**(**રાધનપુર) :માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભામાં આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ વર્ષ ૨૦૨૪-૨૫નું જે બજેટ લઇને આવ્યા છે તેમાં હું ગૃહના તમામ સભ્યો વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આપણા બાહોશ નાણામંત્રી આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે જે અંદાજપત્ર રજૂ કર્યું છે તેને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને ગ્રામ વિકાસ વિભાગ ઉપર બોલવાની તક મળી છે તે બદલ આપનો આભાર માનું છું. ગામડાંઓનો સર્વાંગી વિકાસના સંકલ્પ સાથે આગામી વર્ષમાં ગ્રામ્ય કક્ષાએ રોજગારી ઊભી કરી, સફાઇ, પાણી, આવાસ, જેવી મૂળભૂત સુવિધાઓ સાથોસાથ ગ્રામ્ય સંશાધનોના યોગ્ય સંચાલન અને માવજત માટે જરૂરિયાત મુજબની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવેલ છે. આ ઉપરાંત સ્ત્રી સશક્તિકરણ અંતર્ગત મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે તાલીમ પણ આપવામાં આવે છે. ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ચાલુ વર્ષની સિદ્ધિઓ અને આગામી વર્ષ માટે કરેલ જોગવાઇની વિગતો નીચે મુજબ છે.

વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૨-૨૩ માટે કુલ ૬,૦૬,૦૪૧ લાભાર્થીઓના આવાસો માટે લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે. તે લક્ષ્યાંક સામે કુલ ૫,૧૩,૭૬૨ ગ્રામીણ લાભાર્થીઓના આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે અને ૮૯૯૨૬ આવાસોનાં કામ પ્રગતિ હેઠળ છે. તેનો કુલ ખર્ચ ૬૫૭૦.૦૫ કરોડ જેટલો થયેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત રૂ.૭૫૦.૮૩ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગ પી.એમ.જે.વાય. મિશન હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે કુલ રૂ.૧૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારો માટે ઓડીએફ પ્લસ સ્ટેટસ તરફ અગ્રેસર કરવા માટે ગોબરધન એક મહત્ત્વની યોજના છે. બાયોગેસ પ્લાન્ટ થકી ગ્રામ્ય વિસ્તારમાં પશુ છાણનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી ગ્રામ્ય વિસ્તારોને વૈકલ્પિક ઊર્જા, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય, રોજગારીનો એક સ્ત્રોત તથા બહેનોના સ્વ સહાય જૂથોને સશક્ત કરવાનો મહત્ત્વનો ઉદ્દેશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન યોજના ભાગ-૨ અંતર્ગત ગામને ઓડીએફ પ્લસ જાહેર કરવા માટે ઘન કચરા વ્યવસ્થાપન અંતર્ગત જૈવિક કચરાના નિકાલ માટે ૨૯૧૮૫ સામૂહિક કમ્પોસ્ટ પીટ અને ૧૨૮૪૫ વ્યક્તિગત કમ્પોસ્ટ પીટના બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. ઘન કચરા વ્યવસ્થાની કામગીરીના ભાગરૂપે હાલમાં ૧૫૦૫૮ ગામોમાં કચરાનો ડોર ટુ ડોર કલેકશન થાય છે અને ૭૨૮૪ સેગ્રીગેશન શેડનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

માઘ ૨૩, ૧૯૪૫ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ ઉપર બોલવાની વાત કરું તો અગાઉ ૩૦ વર્ષ પહેલાં મારા વિસ્તાર રાધનપુરમાં પીવાના પાણીની તકલીફ હતી અને ખેડૂત આધારિત મારો રાધનપુર–૧૬ હતો અને તેમાંય ૩૦ વર્ષ પહેલાં એવી સરકાર હતી કે, આંતરે–દહાડે કે બીજા વર્ષે દુષ્કાળ પડતો અને ખરેખર હું આ વાત સત્ય કહું છું ગુરુમુખી માણસ છું તેથી જુઠ્ઠું ના બોલાય પણ જયારે આપણા આ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારે યુગ પુરુષ ભારતના યશસ્વી વડાપ્રધાને વર્ષ ૨૦૧૪માં સુકાન સંભાળ્યું અને આખા ગુજરાતને હરિયાળું કરી પાટણ જિલ્લો બનાસકાંઠા થઇ અને કચ્છમાં પાણી પહોંચાડ્યું અને ગામડાની વાત કરું તો ગામડામાં પીવાનાં પાણીનાં ફાંફાં હતાં અને અત્યારે હરિયાળી એટલી બધી છે કે આ મારો વિસ્તાર અત્યારે સુંદર હરિયાળો બન્યો છે અને ખેડૂતોને સાઇકલ ફેરવવાનાં ફાંફાં હતાં જયારે અત્યારે તે બાઇક અને ફોરવ્હીલમાં ફરે છે આ મોદી સાહેબનો પ્રતાપ છે. હું તો આ ગૃહના તમામ સભ્યોને વિનંતી કરું કે આપણે બધા ભેગાં થઇને પ્રાર્થના કરીએ કે આપણા એ વડાપ્રધાન મોદી સાહેબને ખૂબ આશીર્વાદ આપીએ કે જીવો હજારો સાલ. કેમ? તેઓ પુરુષાર્થનાં કામ કરે છે. મોદી સાહેબ ૧૮–૧૮ કલાક ગરીબો માટે, મહિલાઓ માટે, યુવાનો માટે કામ કરે છે. આવા વડાપ્રધાનશ્રી આપણને મળે. આખું વિશ્વ મોદી સાહેબને નેતા માને છે અને આપણા તો અહોભાગ્ય છે કે વર્ષ ૨૦૨૪માં તેઓ પાછા વિજયી થવાના છે અને એ માટે તેમને માતા અને બહેનોના આશીર્વાદ છે.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી(માણાવદર): માનનીય અધ્યક્ષશ્રી, આજના આપણા અંદાજપત્રની ચર્ચાના ત્રીજા દિવસમાં બજેટમાં જે જોગવાઇ થઇ છે તેમાં કયાંક કયાંક ત્રૂટી રહી ગઇ છે આ બાબતે મારાં સૂચનો માનનીય નાણામંત્રીશ્રીને હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારું પહેલું સૂચન એ છે કે, મારા વિસ્તારમાં સૌરાષ્ટ્રમાં ખાસ કરીને ઓઝત નદી જે નીકળે અને છેવાડે દરિયાના કાંઠે એક માટીનો ૨૫ કિલોમીટર લંબાઇના પાળાવાળો એક ચેક ડેમ બનેલ છે. જેનું નામ અમીપર ડેમ આવેલ છે. આ ડેમમાં હાલ પાણી રહેતું નથી. જયારે ચોમાસામાં વધુ વરસાદ થાય ત્યારે આ ડેમ બધા ઓવરફ્લો થાય અને પાણી દરિયામાં વહી જાય છે ત્યાર પછી આ ડેમ લિકેજ હોવાના કારણે ખાલી થઇ જાય છે અને તેમાં જે પાણી આવે છે તે દરિયાનું રિપીટ પાણી આવે છે જે ખારું અને ક્ષારવાળું પાણી આવી જાય છે જેને કારણે આ પાણી ખેતીના ઉપયોગમાં લઇ શકાતું નથી. આ સિવાય મારા માણાવદરમાં બાટવા ખારા ડેમ આવેલો છે આ ડેમની અંદર સૌની યોજનાનું પાણી પણ નાંખવું જરૂરી છે તો સરકારે આ બજેટમાં આ બાબતે આની જોગવાઇ કરી છે કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિસ્તારમાં દર વર્ષે ઉપરવાસ રાજકોટથી પણ વધુ વરસાદ થાય તેનો ભોગ સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો ભોગવે છે. ગયા વર્ષે પણ જુલાઇ માસમાં જે વરસાદ થયો ત્યારે આપણા મુખ્યમંત્રીશ્રીએ પણ હવાઇ નિરીક્ષણ કરેલું અને ખરેખર એવું બોલ્યા હતા કે અહીંયા નુકસાની મોટી છે. જેને કારણે ચોમાસામાં ખેડૂતો પાક લઇ શકતા નથી તો તેના માટે શિયાળુ પાક જ એક મહત્ત્વનો ગણાય તો આ સૌની યોજના વહેલામાં વહેલી તકે અમારા વિસ્તારના બન્ને ડેમને મળે એવી મારી માગણી છે જેની આ બજેટમાં જોગવાઇ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ મારું સૂચન છે કે, અમારા વિસ્તારના જિલ્લા પંચાયત અને રાજય સરકાર હસ્તકના જે રસ્તાઓ છેલ્લાં સાત વર્ષથી રી–કાર્પેટ નથી થયા અને આ વર્ષે બજેટમાં જોગવાઇ કરી અને કરવા માગો છો કે કેમ ? આ સિવાય મારા વિસ્તારમાં કુલ–૧૪૪ ગામ છે તેમાં ૧૭૦થી વધુ નોન પ્લાનના રસ્તા કે જેને રાજાશાહી વખતના રસ્તા કહેવાય છે. એ ડામરથી વઢ્યા વગરના બાકી છે. આ હિસાબમાં જો રૂ. પાંચ કરોડની ગ્રાન્ટ સરકાર ફાળવે તો ૧૦ કિ.મી.ની અંદરના રસ્તા થાય. મારા વિસ્તારના કુલ રસ્તાની લંબાઇ ૭૫૦ કિ.મી. છે. એ પૂરા કરતાં ૭૫ વર્ષ નીકળી જાય અને ૭૫ વર્ષ સુધી તો આપણે અહીંયા રહેવાના નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે નોન પ્લાનના રસ્તા માટે વધુમાં વધુ ગ્રાન્ટ ફાળવે. એક ધારાસભ્યના વિસ્તારદીઠ ખરેખર રૂ.૨૫ કરોડની જોગવાઇ થાય તો અમને એમ લાગશે કે આ સરકાર ગામડાંનો વિકાસ કરવા માગે છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ(મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ સાહેબ વર્ષ ૨૦૪૭માં આપણો દેશ વિશ્વમાં વિકસિત ભારત તરીકે ઓળખાય એ માટે એમણે જે નિર્ધાર કર્યો છે એ નિર્ધારને પરિપૂર્ણ કરવા માટે આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન અને પ્રેરણાથી આપણા રાજ્યના નાણામંત્રી માનનીય શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ બજેટમાં કૃષિને પ્રાધાન્ય આપવા માટે રૂ.૨૨૧૯૪ કરોડની જોગવાઇ કરી છે એ બદલ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ એ કૃષિ સાથે સંકળાયેલો દેશ છે. આ દેશમાં ગામડાનો વિકાસ કરવો હોય તો ગામડામાં રહેતો ખેડૂત આત્મનિર્ભર થાય અને કૃષિમાં વિવિધ યોજનાનો લાભ લે, વિવિધ પદ્ધતિઓમાં જોડાય એ જરૂરી છે. આપણા દેશનો આર્થિક વિકાસ એ કૃષિ સાથે સંકળાયેલો છે. આપણા દેશનો આર્થિક વિકાસ કૃષિ સાથે સંકળાયેલો છે. આપણા દેશની પરંપરાગત ખેતી એટલે કે જાડા ધાનની ખેતી સાથે બાગાયત ખેતી પણ વધુમાં વધુ થાય એ આ સમયની માંગ છે. હોર્ટિકલ્ચરનો દેશના જી.ડી.પી. ગ્રોથમાં ૩૦.૪ જેટલો હિસ્સો રહેલો છે અને એમાં આપણા રાજ્યમાંથી પણ બાગાયત ખેતી વધુમાં વધુ થાય એ જરૂરી છે. એટલા માટે ગુજરાત રાજ્યમાં બાગાયતી પાકોનું મહત્ત્વ અને ટૅકનૉલૉજી યુક્ત ખેતી પદ્ધતિઓ આજે ખેડૂતો અપનાવી રહ્યા છે. આ બાગાયતી ખેતી થકી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ

યોજનાઓ અને સહાય પૂરી પાડવામાં આવે છે. રાજ્ય સરકારશ્રીના બાગાયત ખાતા દ્વારા સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળ બાગાયતી પાકોના નવા વાવેતરમાં સહાય, બાગાયતી યાંત્રીકરણ, મધમાખી ઉછેર, સંકલિત પોષણ વ્યવસ્થા, સંકલિત જીવાત વ્યવસ્થાપન, રક્ષિત ખેતી, કાપણી પછીના વ્યવસ્થાપનમાં પણ સહાય આપવામાં આવે છે. બાગાયતી યોજનામાં કેનિંગ અને કિચન ગાર્ડન હેઠળ વિવિધ ઘટકો આવરી લેવામાં આવે છે. કેનિંગ યોજના હેઠળ ફળ અને શાકભાજીની જાળવણી અને પરિક્ષણ અંગે બે દિવસની અને પાંચ દિવસની તાલીમ યોજનાઓ ચાલી રહી છે. આ તાલીમ થકી મહિલાઓને ફળ અને શાકભાજીમાંથી મળતા જરૂરી મિનરલ્સ, વિટામિન વિશે તેમજ કેનિંગ પદ્ધતિઓ વિશે માહિતી આપવામાં આવે છે. આ તાલીમમાં જે મહિલાઓ હાજર હોય છે તેમને સ્ટાઈપેન્ડ અને તાલીમ પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં લગભગ ૨૦,૯૮૪ ચાલુ વર્ષે ૧૭,૫૯૯ જેટલી ગૃહિણીઓને આ તાલીમ આપવામાં આવેલ હતી. ઘરઆંગણે પણ શાકભાજી ઉગાડવાની યોજના હેઠળ ઘરના વાડામાં કે ખુલ્લી જગ્યામાં કિચન ગાર્ડન ઊભા કરવાના હેતુથી વ્યાજબી દરે શાકભાજીના બિયારણ પૅકેજ અને ખાતરના પૅકેટ પૂરા પાડવામાં આવે છે. શહેરી વિસ્તારમાં અર્બન હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ સ્થાપવામાં આવેલ અને શહેરી વિસ્તારમાં જે લોકો આ યોજનાનો લાભ લેવા માંગતા હોય તેમને ત્યાં તાલીમ આપવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૧૩,૬૦૩ તેમજ ચાલુ વર્ષે ૭,૮૫૫ જેટલા તાલીમાર્થીઓએ આ યોજનામાં ભાગ લીધો હતો. મિશન ફોર ઈન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટિકલ્ચર યોજના હેઠળ ગુજરાતમાં ફળ, ફૂલ, શાકભાજી અને મસાલા જેવા બાગાયતી પાકોની ખેતી કરતાં બાગાયતદારો અને સર્વાંગી બાગાયત ક્ષેત્રના વિકાસ માટે વિવિધ યોજનાઓ પણ અમલમાં મૂકેલી છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન એમ.આઇ.ડી.એચ. યોજના હેઠળ ૬૪,૧૧૮ જેટલા લાભાર્થીઓને તેમજ ચાલુ વર્ષે ૩૦,૮૦૨ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. રાજ્યમાં ઈન્ડો-ઈઝરાયેલ વર્ક પ્લાન હેઠળ આધુનિક ટેકનૉલૉજીનો વ્યાપ વધારવાના પ્રયત્નો પણ થઇ રહ્યા છે. જેના પરિણામ સ્વરૂપ હાઈટેક પ્લગ નર્સરીઓમાં તૈયાર થયેલ ગુણવત્તાયુક્ત શાકભાજીના ધરોનું વાવેતર કરતા થયા છે. બાગાયત ખાતા હસ્તક ફળ અને શાકભાજી પાકોના સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા અદ્યતન પ્રકારની ટેકનૉલૉજી ખેડૂતો સુધી વિસ્તરણ કરી ઉપયોગી બની રહી છે. રાજ્યમાં ખેડૂતોને નવીનત્તમ ટેકનૉલૉજીનો લાભ મળી રહે તે હેતુથી રાજ્યમાં હાલ સાત સેન્ટર ઓફ એક્સલન્સ કાર્યરત છે તેમજ ૬ સેન્ટર ઓફ એક્સલન્સ નવનિર્માણ પાણી રહેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે અન્ય પાંચ સેન્ટર ઓફ એક્સલન્સની દરખાસ્ત સૂચિત કરેલ છે.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવવા માટે ઊભો થયો છું. વન અને પર્યાવરણ પર જ્યારે મારે બોલવાનું છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે રૂ.૨,૫૮૬ કરોડની જોગવાઇ વન અને પર્યાવરણ માટે કરેલ છે તેના થકી જંગલો પણ ખૂબ વધશે અને પર્યાવરણને પણ ફાયદો થશે. મને કહેતાં આનંદ થાય છે કે વન અને પર્યાવરણની સાથે આપણે સતત જોડાયેલા છીએ. વન એ કુદરત દ્વારા મનુષ્યને આપેલી શ્રેષ્ઠ ભેટ છે. ઘણા જીવંત પ્રાણીઓને રહેવા માટે વન જગ્યા આપે છે. આ સિવાય મનુષ્ય પણ વનમાંથી તમામ પ્રકારના લાભ લેતો આવ્યો છે. વન અને પર્યાવરણ એક જ સિક્કાના બે પાસા છે. વનના વૃક્ષોનો છાંયડો હોય કે પછી હવા, ખોરાક, ફળ, લાકડાં, પાણી અને ઔષધ જેવી પાયાની જરૂરિયાત પણ વન આપણને પૂરું પાડે છે. એટલા માટે પર્યાવરણનું જતન કરવાની જવાબદારી આપણા સૌની છે ત્યારે મને એક કવિ રચના યાદ આવે છે. જો પેડ મેરે પિતાને કભી લગાયા થા, પિતા કે બાદ પિતા સા હી ઉસકા સાયા થા.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણને લગતાં અનેક પ્રશ્નો સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે અત્યંત અગત્યના બની ગયેલ છે. વિકાસની સાથે સાથે પર્યાવરણનું પણ સંતુલન જાળવવું અતિ આવશ્યક છે. આ માટે રાજ્ય સરકાર વર્ષોથી સજાગ હોઇ, વન અને વન્ય જીવોનું સંરક્ષણ તથા સંવર્ધનની સાથે સાથે વન વિસ્તાર બહારના વિસ્તારમાં પણ વૃક્ષારોપાણ વધારવા માટે રાજ્યનો વન વિભાગ સતત પ્રયત્નશીલ રહ્યો છે. વન વિભાગ ખૂબ જ અગત્યના અંગ એવા સામાજિક વનીકરણ યોજનાના મૂળ હેતુ વન વિસ્તારમાં વૃક્ષોનું આવરણ અને સંખ્યા વધારવાનું છે. ચાલુ વર્ષે ૭૪મા વન મહોત્સવની ઉજવણી દરમિયાન રાજ્યમાં ૧૦.૪૦ કરોડ રોપાના વિતરણના આયોજન સામે નવેમ્બર-૨૦૨૩ સુધીમાં ૧૦.૮ કરોડ રોપાનું વિતરણ કરવામાં આવેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે સરકારશ્રીની 'હરિત વસુંધરા' યોજનામાં ૪૦ વન કુટિર તૈયાર કરવામાં આવેલ છે તેમજ 'વન કવચ' મૉડલ હેઠળ ૧૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતરની કામગીરી પૂર્ણ કરેલ છે તથા શહેરી વિસ્તારમાં પણ સરકારશ્રી દ્વારા ૨૦ અર્બન ફૉરેસ્ટ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. વૃક્ષારોપણ થકી જ ગ્રામ વન જીવન વિહોણા ખેતમજૂરોની ભાગીદારીથી ફળાઉ વૃક્ષોનું વાવેતર અને વન નિર્માણ શક્ય બન્યું છે. આ લોકોને પ્રકૃતિ અને ભગવાન શ્રીરામના પૂજક ગણવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડ સાહેબના વિસ્તારમાં વન વિસ્તારો જેવા કે, રતનમહાલ હોય, ડાંગનું પૂર્ણા અભ્યારણ્ય હોય કે નર્મદા જિલ્લાનું સૂરપાણેશ્વર હોય આ તમામ થકી જ અમારા આદિવાસી જિલ્લાઓનું પ્રભુત્વ છે. જેટલું વન જરૂરી છે તેટલું જ વન્ય જીવોનું રક્ષણ પણ જરૂરી છે. વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો, ૨૪ અભ્યારણ્યો અને એક કન્ઝર્વેશન રિઝર્વ વિસ્તાર મળી કુલ ૨૯ રક્ષિત વિસ્તારો આવેલા છે. મને કહેતાં ગર્વ થાય છે કે, સરકારશ્રીએ વન્ય જીવોના રક્ષણની સાથોસાથ વન્ય પ્રાણીઓ દ્વારા માનવજાત અને માલ-ઢોર પર થતાં હુમલામાં મળતી સહાયની રકમમાં વધારો કર્યો છે. આ સહાય રૂ.૪ લાખના બદલે રૂ.૫ લાખ ચૂકવવાનો નિર્ણય સરકારશ્રીએ કરેલ છે અને આ સહાય બનાવ બન્યાના ૪૮ કલાકમાં જ ચૂકવવામાં આવશે. ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઊજવણીના

આયોજિત કાર્યક્રમમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા સેટકોમ મારફતે સિંહ સંરક્ષણ અને સંવર્ધન અંગેના સંદેશાનું જીવંતપ્રસારણ શરૂ કરવામાં આવેલ હતું. જેમાં 'લાયન એન્થમ' તથા 'સિંહ સૂચના' એપ લોન્ચ કરવામાં આવેલ હતી. મને જણાવતાં આનંદ થાય છે કે નેશનલ એન્થમ સાંભળીએ ત્યારે દેશ પ્રત્યે આદર અને ગર્વની લાગણી સહજ ઊભરી આવે છે. તેવી જ રીતે વન વિભાગ દ્વારા આ 'લાયન એન્થમ' તૈયાર કરવામાં આવ્યું છે, જે સાંભળીને ગુજરાતની શાન સમા સાવજને લઇને ગૌરવની લાગણી ઊભરી આવશે. આ પ્રસારણ કાર્યક્રમમાં ગુજરાતના ૧૦ જિલ્લાના ૭૪ તાલુકાઓની આશરે ૭ હજારથી વધુ શાળાઓ અને કૉલેજો સહભાગી થયેલ છે એ આનંદની વાત છે. સરકારની યોજનાઓની સાથે આ ગૃહના માધ્યમથી દરેકને વિનંતી કરું છું કે હાલમાં જ સી.ઓ.પી.–૨૮માં માનનીય મોદીસાહેબે ગ્રીન ક્રેડિટની પણ પહેલ કરેલ છે. ખેડૂતોની આજીવિકામાં વૃદ્ધિ સાથે વનવિકાસ વિસ્તારને વેગ આપતી એગ્રો ફ્રેશ યોજનાનો વ્યાપ વધારી આવનાર વર્ષમાં ૩૧ હજાર હેક્ટરમાં વાવેતર કરવાની સરકારે નેમ કરેલ છે. હું કોરોનાકાળની વાત કરું તો, જંગલ વિસ્તારમાં કોરોનાની બીમારી ખૂબ જ ઓછી થઇ હતી. એના થકી એક મેસેજ ગયો કે, વનનું વાવેતર વધારે કરીશું તો ઓક્સિજન વધારે મળશે અને કોરોના સામે રક્ષણ મળશે. અમારો ધાનપુર તાલુકો એવો હતો કે જ્યાં ઓછામાં ઓછા કોરોનાના દર્દીઓ હતા. વન સાથે તો પૌરાણિક ગ્રંથો અને વેદો–પુરાણો પણ જોડાયેલા છે. વેદોમાં પણ એનો મહિમા વર્ણવ્યો છે. છેલ્લી પંક્તિ કહીને મારી વાત પૂરી કરીશ. વન અને પર્યાવરણનું રક્ષણ કરવાની આપણા સૌની જવાબદારી છે ત્યારે, 'વૃક્ષ લગાવો, પૃથ્વી બચાવો. વૃક્ષ લગાવો, દેશ બચાવો. વૃક્ષ લગાવો, પર્યાવરણ બચાવો. વૃક્ષ લગાવો, ખુદકો બચાવો'. ભારત માતા કી જય.

શ્રી અમિત શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ જે બજેટ રજૂ કરેલ છે તેમાં કાયદા વિભાગ માટે એમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી હોય ત્યારે જ રાજ્યમાં કે દેશમાં રોકાણ આવે છે. ગુજરાતમાં સૌ દોડીને રોકાણ કરવા આવે છે. કારણ કે, આપણે ત્યાં લૉ એન્ડ ઓર્ડરની પરિસ્થિતિ કાબૂમાં છે. દેશના વડાપ્રધાનશ્રી અને માનનીય ગૃહ મંત્રીશ્રીએ અંગ્રેજોના શાસનના અનેક કાયદાઓ નાબૂદ કરીને નવા કાયદા લાવ્યા છે. એફ.એસ.એલ. યુનિવર્સિટી થકી કેટલાક કેસોમાં એફ.એસ.એલ. સેલને ફરજિયાત રાખીને ઝડપી અને સારો ન્યાય મળે એ માટે પ્રયત્ન કર્યો છે. માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ પણ બજેટમાં અદ્યતન ટૅકનૉલૉજીનો ઉપયોગ થાય અને ઝડપી ન્યાય મળે તે માટેના પ્રયત્નો કર્યા છે. કોર્ટોના બિલ્ડિંગો માટે રૂ.૨૦૦ કરોડની માતબર રકમ ફાળવી છે. માનનીય જજો અને અધિકારીશ્રીઓના મકાનો માટે રૂ. ૧૨૫ કરોડ જેટલી રકમની આદરણીય શ્રી કનુભાઇએ ફાળવણી કરી છે. ડિજિટલાઇઝેશન અને કોમ્પ્યુટરાઇઝેશન માટે રૂ. ૨૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવેલ છે. કોર્ટોનું ડિજિટલાઇઝેશન થવાથી ન્યાયની પ્રક્રિયા થોડી ઝડપી થશે. જનસંખ્યાના આધારે ફેમિલી કોર્ટની સ્થાપના થવાની છે, તેના કારણે અત્યારે ફેમિલી કોર્ટમાં કેસોનો ભરાવો થઇ ગયો છે તેનાથી ખૂબ મોટી રાહત થશે. બુદ્ધિશાળી પ્રજા એવા વકીલશ્રીઓના કલ્યાણ માટે દર વર્ષની જેમ બાર કાઉન્સિલને રૂ. ૫ કરોડ જેવી માતબર રકમ આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે ફાળવી છે તે માટે એમને હું અભિનંદન આપું છું. હું વકીલાત કરતો નથી પણ વકીલ છું. ટ્રિબ્યુનલો ટેકનોલોજીથી સુસજ્જ થાય અને વર્ચ્યુઅલ હાઇબ્રિડ માધ્યમથી સુનાવણી થાય તેના માટે એમણે જંગી રકમની ફાળવણી કરી છે. સ્પેશિયલ કોર્ટોની સ્થાપના હોય, લોક અદાલતો હોય, ગરીબ માણસ માટે મફત કાનૂની સહાય હોય કે પ્રોસિક્યુશન જલદી થાય તેના માટે એમના અનેક પ્રયત્નોની હું સરાહના કરું છું અને તેને સમર્થન આપું છું. ખૂબ–ખૂબ આભાર.

શ્રી પંકજ વિ. દેસાઇ(નડિયાદ):માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના લોકલાડિલા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વડપણ અને માર્ગદર્શન હેઠળ આપણા નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫નું રૂ. ૩ લાખ ૩૨ હજાર ૪૬૫ કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે, એને હું મારું સમર્થન આપું છું. જેમાં, આઝાદીના શતાબ્દી અર્થાત વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના આપણા લોકપ્રિય વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના આહ્વાનને ચરિતાર્થ કરતું આ બજેટ રાજ્યના સર્વે પ્રજાજનોમાં લોકપ્રિય બન્યું છે. જેનો સર્વત્ર આનંદ પ્રસર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપ સૌને યાદ અપાવું છું કે, હું ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડકશ્રી તરીકે ઓગસ્ટ ૨૦૧૦થી વર્ષ ૨૦૨૨ સુધી રહ્યો છું. એ સમય દરમ્યાન મારી જે ભૂમિકા હતી એ એક જુદા જ પ્રકારની હતી અને એના કારણે મને સભાગૃહમાં બોલવાની ખૂબ ઓછી તક મળતી હતી. આજે મને તક મળી છે. દેશના માનનીય લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા સમગ્ર ભારત વર્ષમાં અને વિશ્વમાં જેની પ્રજાજનો ૫૦૦ વર્ષોથી પણ વધારે સમયથી રાહ જોતાં હતા, એવી સમગ્ર સંસ્કૃતિના આરાધ્ય અને પૂજનીય ભગવાન શ્રી રામની પ્રતિષ્ઠાની સાથે ભવ્ય અને દિવ્ય રામમંદિરનું નિર્માણ કરીને એક મોટો ઇતિહાસ રચ્યો છે. ભારતના ઇતિહાસમાં આ દિવસ સૂવર્ણ અક્ષરે લખાવાનો છે. આ બેઠકમાં બજેટની પ્રશંસનીય વિગતો જોઇએ તો, જી.એસ.ડી.પી.માં ૧૪.૮૯ ટકાનો વિકાસદર ગુજરાત રાજ્યએ બે દાયકામાં જ હાંસલ કર્યો છે. એ આપણા માટે ખૂબ મોટી અને આનંદની વાત છે. વાઇબ્રન્ટ ગુજરાતની વાત કરીએ તો, આપશ્રીને ખબર છે અને આપશ્રી એ વખતે મંત્રીશ્રી તરીકે રહી ચૂક્યા છો. વાઇબ્રન્ટ ગુજરાત કાર્યક્રમની શરૂઆત આપણા દેશના વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારથી થઇ છે. આ વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી ત્યારે દેશ–વિદેશથી પાર્ટનર કન્ટ્રી તરીકે અનેક દેશો ગુજરાત સાથે જોડાયા હતા. દેશ અને વિદેશમાંથી અનેક ઉદ્યોગપતિઓ ગુજરાતમાં

આવી આ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ઉપસ્થિત રહ્યાં હતા અને ભાગ લીધો હતો. ત્યારે મને યાદ છે કે સામેના પક્ષેથી એમ કહેવામાં આવતું હતું કે તમે તાયફાઓ કરો છો. ત્યારે એ લોકોને એવું લાગતું હતું. ગુજરાતને આગળ વધારવા માટે થતી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ એ ખૂબ જરૂરી હતી એવું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ સાબિત કરી બતાવ્યું છે. આજે ઉદ્યોગની દૃષ્ટિએ ગુજરાતને નંબર વન બનાવવા માટે આ વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ખૂબ ઉપયોગી થઇ છે. ગુજરાતમાં નાનકડી શરૂઆતથી જે સફળ થયા હતા એ ૨૦ વર્ષમાં આજે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે એક વિશ્વ સ્તરનું પ્લેટફોર્મ બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમૃત કાળની પ્રથમ દસમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ૪ દેશના રાષ્ટ્રીય અધ્યક્ષ, ૪૦ દેશના મંત્રી, ૧૪૦ દેશના પ્રતિનિધિ મંડળ સહિત દેશ વિદેશના અનેક ઉદ્યોગપતિઓએ આ વિકાસ યાત્રામાં જોડાવાનો જે સંકલ્પ કર્યો છે, એના પરિણામે ગુજરાત આજે વિશ્વભરમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શક્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી સાહેબની દુરંદેશી દૃષ્ટિનું આ એક પરિણામ છે. એ માટે આપણા દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપણા ગુજરાતના મુખ્યમંત્રી અને સરકારને અભિનંદન આપીને બિરદાવ્યા પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલથી પણ કોમળ અને વજ્રથી પણ કઠોર એવા આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનું સ્વપ્ન છે કે ગુજરાત ફાઈવ–જી બને. તેઓની કલ્પના છે કે ગરવી ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત. આ કલ્પનાને સાકાર કરવા માટે પ્રજાના મતોથી ચૂંટાયેલા અને અત્રેની વિધાનસભામાં બિરાજમાન થયેલા મારા સૌ સાથી ધારાસભ્યોને હું આહવાન કરું છું કે સમગ્ર રાજ્યની પ્રજાના સાર્વત્રિક વિકાસ માટે અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના સુદૃઢ સંકલ્પને સાકાર કરવા માટે આપણે કટિબદ્ધ થવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના માનનીય લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશને ૪ વર્ગમાં વહેંચ્યો છે. એમાં ગરીબ, યુવાન, અન્નદાતા, નારી શક્તિના ઉત્કર્ષ પર ભાર મૂકીને સૌનો આર્થિક વિકાસ થાય. સૌની સુરક્ષાનો સુગમ સંયોગ છેવાડાના માનવીને પ્રાપ્ત થાય તે માટે અમલી બનાવીને સરકારી યોજનાઓના લાભ સૌને પહોંચાડવા માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબે આ બજેટની અંદર યોજનાઓનો સમાવેશ કરીને રાજ્યની અંદર એક નવો માઈલસ્ટોન આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે મોદીજીનું વિઝન એટલે seeing invisible અને મોદીજીનું મિશન એટલે doing impossible. Modi is Man Of Developing India. અને સાહેબ your one vote to Modi got you this. આપણે આપેલો એક મત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આપણને CAA, RERA Act, Ram Mandir, 3 crore homes, 9 crore toilets, stable government, 370 removal, Tripple Talaq, Low Inflation, terrorism drop, 15 new AIMS, 35 new airports, transgender Act, 1.8 lakh kilometer road, Motor Vehicle Act, weaponry for forces, New Education Policy, 7 New ILTS, IIMs, reduced Corporate Tax, PM Kisan for all farmers, second largest solar power, second largest steel producer, second largest mobile manufacturer, fourth largest automotive market, fugitive economic offender act, converting post office into banks, reduction in bank Non Performing Assets, clearing 2 lakh crore fuel debit by Congress, world larges health care scheme Ayushman Bharat and fifth largest GDP power from the previous 11th, privatization of failed business for over 12 years, માનનીય અધ્યક્ષશ્રી, આ આપણને માનનીય મોદીજીએ એક વોટના બદલામાં આ દેશને આપ્યું છે એની મેં વિગતો આપની સમક્ષ રજૂ કરી છે. ગુજરાત રાજ્યની ૬૦ ટકા વસ્તી ૧૮થી ૬૦ વર્ષની વયમર્યાદામાં છે. આ તમામ પ્રજાજનો કાર્યશીલ છે ત્યારે રાજ્યને ડેમોગ્રાફી, ડિવિડંડનો લાભ મળે તેમ છે ત્યારે વિકાસની નવી ક્ષિતિજો ખુલતા રોજગારીની વિપુલ તકો અહીંયા ગુજરાતમાં સર્જાઇ છે અને ત્યારે શિક્ષણ અને કૌશલ્ય વર્ધનના લાભ દરેકને મળે તે જરૂરી છે અને તેના થકી ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ થવાનો છે અને ઉત્પાદનને વેગ મળવાનો છે એ નક્કર હકીકત છે. આપણા નાણામંત્રી માનનીય કનુભાઈ દેસાઈએ બજેટમાં સમગ્ર સમાજના વિકાસ માટે મહિલાઓની અગત્યની ભૂમિકા ગણાવી છે. નારી શકિત વંદન અધિનિયમ કેન્દ્રમાં લાવીને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે એ નારી શકિતને વેગ આપ્યો છે અને એનાથી મહિલાના પોષણ, આરોગ્ય અને શિક્ષણને સુદૃઢ બનાવવા માટેના સંકલ્પો સાકાર થવાના છે એ પણ સમાજના વિકાસ માટે ખૂબ મોટી અગત્યની બાબત છે. રાજ્યના સાત કરોડ ગુજરાતીઓના સ્વપ્નો અને આકાંક્ષાઓને સાકાર કરવા માટે વિકસિત ગુજરાત એટ ૨૦૪૭ ના વિઝન ડોકયુમેન્ટ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ છે અને દેશના ભવિષ્યના ૨૫ વર્ષના લક્ષ્યાંકોને તેમાં નક્કી કરાયા છે. આ વિઝન ડોકયુમેન્ટ થકી દેશના તમામ રાજ્યોને વિકાસની નવી રાહ આ ગુજરાતે ચીંધી છે એ ખૂબ જ આવકારદાયક છે. ગુજરાત સરકાર દ્વારા રજૂ થયેલા બજેટમાં કુપોષિત ગુજરાત મિશન યોજના દ્વારા બાળકો, કિશોરીઓ, મહિલાઓને કેન્દ્રમાં રાખીને તેઓનું પોષણ સુનિશ્ચિત કરવાનો પણ સંકલ્પ કરાયો છે. નમો લક્ષ્મી યોજના થકી ૧૦ લાખ વિદ્યાર્થીનીઓને ધોરણ–૧૨ની અભ્યાસ પૂર્ણ કરતા તેઓને ૫૦ હજારની સહાય આપવા માટે રૂ. ૧૨૫૦ કરોડની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબે કરી છે. નમોશ્રી યોજના થકી રૂ. ૭૫૦ કરોડની જોગવાઇ કરીને એસ.સી., એસ.ટી., એન.એફ.એસ.એ. પી.એમ. જે. સહિત ૧૧ માપદંડોમાં આવતી સગર્ભા મહિલાઓને રૂ.૧૨

હજારની સહાય આપવાનું સરકારે નક્કી કર્યું છે. ૩થી ૫ વર્ષનાં બાળકો માટે રૂ.૧૮૦૦ કરોડના ખર્ચે ૩ વર્ષમાં ૮ હજાર આંગણવાડીઓનું નિર્માણ કાર્ય થવાનું છે અને ૨૦ હજાર આંગણવાડીઓને આઇ.ટી. કનેક્ટિવિટી પૂરી પાડીને સ્માર્ટ આંગણવાડીઓ બનાવવામાં આવનાર છે. પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ રૂ.૩૧૦૦ કરોડની ફાળવણી કરીને દરેક જરૂરિયાતમંદ દર્દીને ૧૦ લાખ સુધીની સારવાર નિઃશુલ્ક મળવાપાત્ર બની છે અને સુગમતાપૂર્વક લોકો લાભ લઇ રહ્યા છે. રાજ્યની ૨૫૩૧ હોસ્પિટલોની અંદર આ યોજનાનો લાભ લોકોને મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નમો સરસ્વતી યોજના પણ શરૂ કરાઇ છે જેમાં ઉચ્ચ અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમવર્ગના ૫ લાખ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની નાણાકીય સહાય ચૂકવવા માટે રૂ.૪૦૦ કરોડની બજેટમાં ફાળવણી કરી છે જે વિદ્યાર્થીઓ માટે ખૂબ આશીર્વાદરૂપ છે. દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ૧૮ ટકા ઉપરાંતનો છે. ગુજરાતમાં ઔદ્યોગિક એકમોની સંખ્યા ૧૬ લાખ છે. મેન્યુફકચરિંગ ક્ષેત્રમાં રાજ્યનો ફાળો ૩૫.૩૦ ટકા છે. છેલ્લા એક દસકામાં આ ક્ષેત્રે ૧૨.૮૦ ટકાના ટકાના વૃદ્ધિ દરને પામીને નવા આયોમો આપણે પ્રસ્થાપિત કર્યા છે.સાથે સાથે બે દશકામાં ૫૫ બિલિયન યુ.એસ. ડોલરથી વધુ વિદેશી રોકાણ મેળવીને રાજ્ય અગ્રહરોળમાં રહ્યું છે જે ગુજરાત માટે હરણફાળ સમાન ગણી શકાય. રાજ્યમાં સ્ટાર્ટ–અપ યોજનાથી પ્રતિભાશાળી યુવાનોને ઉદ્યોગ જગત સાથે જોડીને છેલ્લાં ત્રણ વર્ષમાં ગુજરાતે દેશમાં પ્રથમ નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને એને જાળવી પણ રાખેલ છે. આ આગવું લક્ષ્યાંક સિદ્ધ કર્યું છે એ આપણા સૌ માટે ખૂબ આનંદની વાત છે. રાજ્યમાં વિશ્વ કક્ષાનું આઇ.ટી. ઇન્ફાસ્ટ્રકચર પ્રસ્થાપિત કરી વિવિધ નીતિઓનું અસરકારક અમલીકરણ પણ કરવામાં આવનાર છે. ઇન્ક્યુબેટર્સ, સ્ટાર્ટ–અપ, ખાનગી એકમોને પ્રોત્સાહિત કરી રાજ્યમાં આઇ.ટી. ક્ષેત્રને વધુ વેગ આપવામાં આવનાર છે. એના માટે વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગ મારફત રૂપિયા ૨,૪૨૧ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. ખાસ બાબત તો એ છે કે ગુજરાતના પરંપરાગત ગરબાને યુનેસ્કો દ્વારા માનવ સભ્યતા માટે ઇન્ટેજિબલ કલ્ચર હેરિટેજ જાહેર કરવામાં આવ્યા છે. આપણા માટે આ ગૌરવની વાત છે. સાથોસાથ કચ્છના સફેદ રણ ધોરડોને દેશના ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ મળ્યો છે એ રાજ્ય માટે ખૂબ મોટા ગૌરવની બાબત છે. રાજ્યના આઇકોનિક પ્રવાસન સ્થળો જેવા કે અંબાજી હોય, ધોરડો હોય, તારંગા હોય, વડનગર હોય એ વિશ્વ કક્ષાના અસ્પૃશ્ય સાંસ્કૃતિક ટકાઉ અને પર્યાવરણને પણ જાળવી શકે તેવા પ્રવાસી તીર્થધામ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. તેનાથી પ્રવાસન ક્ષેત્રને સારી આવકની સાથે સાથે રોજગાર પણ પ્રાપ્ત થનાર છે. સાંસ્કૃતિક ધરોહરનું રક્ષણ પણ થવાનું છે જે ગુજરાત માટે ખૂબ ગૌરવની બાબત છે. વિધાનસભામાં ખાસ ઉલ્લેખનીય બાબત તો એ છે કે ભગવાન શ્રીરામના અયોધ્યા ધામમાં ગુજરાતના પ્રવાસીઓને સગવડતા મળી રહે એ માટે રાજ્ય સરકારે ગુજરાતનું યાત્રીભવન બનાવવાનું નક્કી કર્યું છે અને એના માટે જમીન પણ મેળવી લીધી છે અને એનું નિર્માણ ટૂંક સમયમાં કરવા જઇ રહ્યા છીએ. એના માટે રૂ.૫૦ કરોડના આયોજન સાથે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આનાથી અયોધ્યા ધામમાં દર્શને જતાં પ્રવાસીઓને ખૂબ સગવડતા, સુગમતા પ્રાપ્ત થનાર છે. આ એક સીમાચિન્હરૂપ બાબત છે. પ્રજાની સુખાકારી માટે રાજ્યના માર્ગોનું નિર્માણ, હયાત બ્રિજોની ચકાસણી...

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ વખતે રાજ્યના બજેટમાં આપણા પ્રગતિશીલ મુખ્યમંત્રીશ્રી અને આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇ સાહેબ વિજ્ઞાન અને ટેકનોલોજી માટે રૂપિયા ૨૪,૨૧ કરોડ જેટલી માતબર રકમ લઇને આવ્યા છે તેને બિરદાવવા હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતમાં એક શ્લોક છે. વિદ્યા, તર્કશક્તિ, વિજ્ઞાન, સ્મૃતિશક્તિ, તત્પરતા ઔર કાર્યશીલતા જિસકે પાસ હૈ ઉસકે લીયે કુછ ભી અલભ્ય નહીં, નામૂમકિન નહીં. આવી નામૂમકિનને મૂમકિન કરનારી આ ગુજરાત સરકાર જે રીતે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં પ્રગતિ કરી રહી છે તેને ધન્યવાદ આપવા માટે આજે હું ઊભો થયો છું. આપના માધ્યમથી વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં આ સરકાર દ્વારા જે કાંઇ પ્રયત્નો થયા છે તેના કેટલાક ભાગ હું આપ સમક્ષ મૂકીશ. ગુજરાત તેના યુવાનોને ક્યાંય વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં પાછળ રાખવા માગતું નથી. વિજ્ઞાનલક્ષી પ્રદર્શન અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ કેળવવા વિજ્ઞાન કેન્દ્રોનો વ્યાપ વધારી જિલ્લા કક્ષાએ આવા કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય ગુજરાત સરકારે કર્યો છે. સૌથી મહત્ત્વની બાબત કે જેની આજે વિશ્વમાં ચર્ચા થઇ રહી છે અને જેના પર વિશ્વની નજર છે એવી સેમી કંન્ડકટર પોલિસી અંતર્ગત આ વખતે ૯૨૪ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની જોગવાઇ કરવમાં આવી છે. ગુજરાતમાં માઇક્રોન કંપનીના સહયોગથી સાણંદખાતે ૨૪,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે સેમી કન્ડક્ટર ઉદ્યોગની સ્થાપના થઇ ગઇ છે તે ગુજરાત માટે માત્ર આનંદના સમાચાર નહીં, પરંતુ ભવિષ્યમાં રોજગારી અને સમૃદ્ધી લાવનારી વાત છે. આ માટે બંને આપણા માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપણે જાણીએ છીએ કે આપણો દેશ અને આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જે રીતે ગુજરાત માટે સાયન્સ અને ટેકનોલોજીમાં વ્યવસ્થાઓ કરી છે તે ખૂબ સરાહનીય છે. શ્રધેય નરેન્દ્રભાઇના નેતૃત્ત્વમાં થોડા જ સમય અગાઉ જે એક વિશ્વમાં કહી શકાય એવી ઘટના ઘટી તેની સૌને યાદ અપાવવા માગું છું. ચંદ્રયાન–૩નું ચંદ્રની ધરતી પર તારીખ ૧૪મી જુલાઇના રોજ લોંચ કરવામાં આવ્યું હતું. ૫મી ઓગસ્ટના રોજ ચંદ્રયાન–૩એ ચંદ્રની કક્ષામાં પ્રવેશ કર્યો. તારીખ ૨૩મી ઓગસ્ટ સાંજે ૬–૦૦ વાગ્યે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક ઉતરાયણ થયું અને આમાં પણ ગુજરાતના વૈજ્ઞાનિકોનો હાથ હતો એ આપણા

સભાગૃહ માટે આનંદ અને ખૂબ સમૃદ્ધીની વાત છે. દેશમાં જ્યારે કોરોના જેવી મહામારી વખતે સમગ્ર વિશ્વ જ્યારે સ્તબ્ધ હતું અને રસીની વેક્સિનની વાત હતી ત્યારે પણ આ સાયન્સ અને ટેકનોલોજીના માધ્યમથી આપણા પોતાના દેશમાં ઉત્પાદિત થયેલી રસીનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું. માત્ર દેશના ૨૦૦ કરોડ લોકોને નહીં. પરંતુ વિશ્વના કેટલાય દેશોને જેને જેને આ રસીની જરૂર હતી એમને આ રસી પૂરી પાડી આ દેશના અને ગુજરાતના વૈજ્ઞાનિકોએ પોતાની એક આગવી છાપ ઊભી કરી છે. એક ભૂતકાળની ઘટનાને પણ અત્યારે યાદ એટલા માટે કરવા માગું છું કે, એમાં પણ ગુજરાતના વૈજ્ઞાનિકોનો હાથ રહ્યો છે. કેન્દ્ર અને રાજ્યમાં જ્યારે જ્યારે ભાજપની સરકાર આવી છે ત્યારે સાયન્સ અને ટેકનોલોજી પર વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. આપણે આપણા ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઇજીને અત્યારે યાદ કરું છું અને તેમના નેતૃત્ત્વમાં વર્ષ ૧૯૯૮ માં તારીખ ૧૧થી ૧૩ મે દરમ્યાન પાંચ અણું ધડાકા કરવામાં આવ્યા અને વિશ્વમાં આત્મવિશ્વાસ સાથે દેશની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાધાન્ય આપીને ભારતીય જનતા પાર્ટીની સરકારે ભારતને એક વૈશ્વિક અણું સત્તા તરીકે પ્રસ્થાપતિ કરી આ પણ આપણા માટે ગૌરવનો વિષય છે. હું પાછો ગુજરાત પર આવું છું ઇલેક્ટ્રોનિક પોલિસી દ્વારા આ ક્ષેત્રના ઉદ્યોગોને સહાય મળે એ માટે પણ સરકારશ્રીએ ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરી છે. આઇ.ટી. પોલિસી, કદાચ હું જ્યારે ભણતો હતો ત્યારે હૈદ્રાબાદને આઇ.ટી.નું હબ કહેવામાં આવતું હતું. આજે અહીંયા આપણી ગિફ્ટ સિટી હબ બન્યા પછી માત્ર ગુજરાતની નહીં પણ સમગ્ર વિશ્વની નજર આજે ગાંધીનરના આ ગિફ્ટ સિટી ઉપર છે. ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર અને સિક્યોરિટી ઓપરેશન સેન્ટરના માળખાને સુદૃઢ બનાવવા માટે અને એડવાન્સ સિસ્ટમ સુનિશ્ચિત કરવા માટે આ બજેટમાં રૂ.૧૨૦ કરોડની જોગવાઇ પણ કરેલ છે. એક બીજી ટેકનોલોજી, હું સાયન્સનો વિદ્યાર્થી છું એટલે કહેવા માગું છું કે ડીપ ટેક પ્રોજેક્ટ દ્વારા આર્ટીફિશિયલ ઇન્ટેલીજન્સ જેની અત્યારે વિશ્વમાં શરૂઆત થઇ રહી છે જેને એ.આઇ. કહીએ છીએ એની પણ ક્રાઉડ જેવા ક્ષેત્રોમાં પણ કોમ્પ્યુટર ઇન્ફ્રાસ્ટ્રકચર માટે યુવા પેઢીને પ્રોત્સાહિત કરવા ૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ આજે અહીંયા કરવામાં આવી છે. હું એવું માનું છું કે શાળામાં શરૂ થયેલી અટલ ટીંકરિંગ લેબ પણ આનું ઉદાહરણ છે એની ખૂબ વાતો થઇ શકે છે. પરંતુ જે રીતે માનનીય કનુભાઇ અને આપણા મુખ્યમંત્રીશ્રીએ વિજ્ઞાન અને ટેકનોલોજીને મહત્ત્વ આપ્યું છે ત્યારે ફરી એક વખત હું ખૂબ ખૂબ બિરદાવી મારી વાત પૂરી કરું છું. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

શ્રીઉમેશભાઇ ના. મકવાણા (બોટાદ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૪-૨૫નું જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ખૂબ મોટું બજેટ લઇને આવ્યા છે. ૩,૩૨,૦૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધારે રૂપિયાનું આ બજેટ છે પણ ચિંતાનો વિષય એ છે કે એની કરતા પણ વધારે આપણા ગુજરાતનું દેવું છે એટલે ૨૦૨૪-૨૫માં અંદાજે ૩,૪૦,૦૦૦ કરોડનું આપણા ગુજરાતમાં દેવું થવા જઇ રહ્યું છે. આ જે બજેટ છે એ ગુજરાતની જનતાના પરસેવાના ટેક્સના પૈસા પોતાના માનીતા ઉદ્યોગપતિઓ જે છે અદાણી, અંબાણી વગેરે અને પોતાના માનીતા કોન્ટ્રાકટરોને ફાયદો પહોંચાડવા સિવાય આ બજેટ બીજું કાંઇ નથી. ગુજરાતના જે ગામડાંઓમાં વસતો પછાત સમાજ જે ઓ.બી.સી. સમાજ, ઠાકોર સમાજ, કોળી સમાજ, લઘુમતી સમાજ કે એસ.સી., એસ.ટી. સમાજનાં બાળકો છે એ શિક્ષણથી વંચિત રહી જાય અને શહેરમાં વસતો જે માણસ માનીતા ઉદ્યોગપતિઓની ફેકટરીમાં કામ કરે એના માટેનું આ એક બજેટ છે. આજે પણ બજેટની અંદર ગૃહમાં બેઠેલા કોઇ ધારાસભ્ય પાસેથી કોઇ એક રૂપિયાનું પણ સૂચન બજેટ બનાવતી વખતે લેવામાં આવ્યું નથી.

સભાપતિશ્રી : કયારેય લેવામાં આવતું નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : લેવું જોઇએ એવું મારું સૂચન છે.

સભાપતિશ્રી : ખોટું સૂચન કરીને તમારો સમય બગાડો છો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, વિનંતીના રૂપે કહેવા માગું છું આ બજેટમાં ગુજરાત માટે એટલે કે ગુજરાતની જનતા માટે અન્ય રાજ્યની જેમ આજે પણ ૩૦૦ યુનિટ વીજળી હજી આપવામાં આવી નથી. સારું શિક્ષણ આપવામાં આવ્યું નથી. ઇન્ફ્રાસ્ટ્રકચરની વાત કરવામાં આવે તો આજે પણ છેવાડાના ગામડાંઓમાં હજી પૂરતા ઓરડાઓ નથી. જેમ વાત કરી કે ગુજરાતની અંદર ૩૨૦૦૦ શિક્ષકોની તો ઘટ છે. મારા બોટાદ જિલ્લાની વાત કરું તો આ વર્ષમાં માનનીય નાણામંત્રીશ્રી દ્વારા કોઇ રૂપિયા ફાળવવામાં આવ્યા નથી. અમારી પાર્ટી દ્વારા ૫૭ જેટલી વિવિધ માગણીઓ માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય નાણામંત્રીશ્રીને કરવામાં આવી હતી અને એ માગણીઓ ગુજરાતની જનતા પાસેથી લેવામાં આવી હતી પણ આજે એક પણ માગણી સ્વીકારવામાં આવી નથી. એ ખૂબ જ દુઃખની બાબત છે. જયારે અન્ય રાજયોમાં જો આપણી માતાઓને ૪૦૦ રૂપિયે ગેસની બોટલ આપવામાં આવતી હોય તો આપણા ગુજરાત રાજયમાં શા માટે આપવામાં ન આવે? અન્ય રાજયોમાં જો ૩૦૦ યુનિટ સુધી વીજળી ફ્રી આપવામાં આવે તો આપણા રાજયમાં શા માટે આપવામાં ન આવે? અન્ય રાજયોમાં જો ઘરેઘરે જઇને રાશન પહોંચાડવામાં આવતું હોય તો આપણા ગુજરાતમાં પણ આવી વ્યવસ્થા ઊભી કરવાની ખાસ જરૂર છે. મારા બોટાદ જિલ્લાની સિવિલ હોસ્પિટલની વાત કરું તો આજે પણ સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી નથી. એક માત્ર સોનાવાલા હોસ્પિટલ છે જનરલ તો એમાં પણ પૂરતો સ્ટાફ હોતો નથી. ઓર્થોપેડિક ડોકટર નથી અને જિલ્લા લેવલની હોસ્પિટલનો દરજ્જો આજે પણ સોનાવાલા હોસ્પિટલને આપવામાં આવ્યો નથી. સિટી બન્યું એને ખૂબ લાંબો સમય થઇ ગયો છે. આજે પણ રીંગરોડ બનાવવાની ખાસ જરૂર છે પણ હજી પણ રીંગરોડ માટે એક રૂપિયો બજેટ અમારા બોટાદ જિલ્લાને

ફાળવવામાં આવ્યું નથી. ભાવનગરની વાત કરું તો અલંગ વિશ્વનું મોટામાં મોટું શિપ-બ્રેકિંગ યાર્ડ છે એને ડેવલપ કરવા માટે એક પણ રૂપિયો નાણામંત્રીશ્રી દ્વારા ભાવનગરને ફાળવવામાં આવ્યો નથી. દુઃખ સાથે કહેવું પડે છે કે ગુજરાતમાં અત્યારે હીરાની મજૂરી સાથે ખૂબ મોટો વર્ગ જોડાયેલો છે. ખાસ કરીને મારા બોટાદ જિલ્લામાં અને ભાવનગર જિલ્લામાં તો એનાં બાળકોના ભવિષ્ય માટે, એની રોજગારી માટે એક પણ રૂપિયો બજેટમાં ફાળવવામાં આવ્યો નથી, એટલે આ બજેટ જે છે એ માત્રને માત્ર ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડવા સિવાય બીજું કાંઇ છે નહીં.

શ્રી કેશુભાઇ શિ. પટેલ (ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મૃદુ અને મકકમ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલસાહેબ અને નાણામંત્રી આદરણીય શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે રીતે ગુજરાતનું બજેટ આવતા વર્ષ માટે લઇ આવ્યા છે અનેક પ્રકારની વિકાસની વાતો લોકોના હિત માટે અનેક યોજનાઓ લઇને આવ્યું છે ત્યારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નર્મદા વિશે આખા ગુજરાતમાં જે રીતે બજેટમાં જોગવાઇ કરી છે એને હું ખૂબ ખૂબ આવકારું છું અને મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, 'હર હાથકો કામ હર ખેતકો પાણી' એ આ સરકારનો મંત્ર રહ્યો છે. દેશનો, વિસ્તારનો વિકાસ કરવો હોય તો તેના માટે પ્રથમ પાણી અગત્યનો હિસ્સો રહેલો છે. જે રીતે ગુજરાતનો વિકાસ કરવા માટે મન બનાવી લીધું છે અને ખર્ચની કોઇપણ ચિંતા કર્યા વગર પીવાના પાણી માટે, ખેતીના પાણી માટે પછી તે નહેર કે પાઇપલાઇન દ્વારા હોય કરોડો રૂપિયા મંજૂર કર્યા છે. આ ડેમ વર્ષોથી બન્યો હતો. અગાઉ ઇચ્છાશક્તિ ન હોવાના કારણે સૌરાષ્ટ્ર, કચ્છ અને બનાસકાંઠા વિસ્તાર વર્ષોથી દુષ્કાળગ્રસ્ત, પાણી અછતવાળો રહ્યો છે અને ત્યાંના પશુધન હોય, ખેડૂત હોય તે બધા પાયમાલ થયા છે. ત્યારે આ સરકાર આવ્યા પછી જે રીતે આ માટે એક યોજના બનાવી પાણીનું વ્યવસ્થિત આયોજન કરી આખા ગુજરાતમાં જયાં પાણીની જરૂરિયાત છે ત્યાં વધારે પાણી આપવું તેવી નીતિ અપનાવી છે ત્યારે ફરી વખત આ બજેટને સ્વીકારું છું અને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ભૌગોલિક અને કુદરતી સમસ્યાનો ઉકેલ ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલે વર્ષો પહેલાં વિચારી લીધો હતો. વર્ષ ૧૯૬૧માં નર્મદાનો પાયો નંખાયો, તેનું ખાતમુહૂર્ત થયું અને ૧૨ જુલાઇ ૧૯૭૪ના દિવસે ચારેય રાજ્યો એટલે કે, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાત વચ્ચે પાણી અને વીજળીની વહેંચણી થઇ. ૧૨૧૦ મિટર લાંબા અને પાયાથી ૧૩૦ મિટર ઊંચા ક્રોંક્રિટ ડેમના બાંધકામનો ઇજારો એપ્રિલ ૧૯૮૭માં અપાયો. તેનું કામ ૧૧૦ મહિનાની સમય મર્યાદા સાથે એટલે કે જૂન ૧૯૯૬માં આ કામ પૂર્ણ થયું. વર્ષ ૨૦૦૧માં રાજ્યના મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શાસનધૂરા સંભાળી અને સરકારના વિકાસલક્ષી એજન્ડામાં પાણીને ખાસ પ્રાધાન્ય આપ્યું. આજે એ જ ગતિ, એ જ પદ્ધતિ અમલમાં છે તેને હું આવકારું છું. જે રીતે દૃઢ ઇચ્છાશક્તિ અને નિર્ણયશક્તિ સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સરદાર સરોવર યોજનાને ટોચની અગ્રિમતા આપી છે. ભાગીદારી રાજ્યોનો સહકાર મેળવી, નાણાકીય સ્ત્રોતની પૂરતી વ્યવસ્થા ગોઠવી વર્ષ ૨૦૦૨માં બંધની ઊંચાઇ ૯૫ મિટર, જુલાઇ-૨૦૦૩માં ૧૦૦ મિટર અને ૩૦ જૂન ૨૦૦૪માં ૧૧૦.૬૪ મિટર સુધી પહોંચાડવામાં આવી. ડિસેમ્બર-૨૦૦૪માં ૨૫૦ મેગાવોટ ક્ષમતા ધરાવતા કેનાલ હેડ પાવર હાઉસને કાર્યાન્વિત કરાયા. ફેબ્રુઆરી વર્ષ ૨૦૦૫થી ૨૦૦૬ સુધીમાં ૧૨૦૦ મેગાવોટના રિવરબેડ પાવર હાઉસ ધમધમતા થઇ ગયા. સરકાર અત્યારે પણ કચ્છ, સૌરાષ્ટ્ર અને બનાસકાંઠાનો જે દુષ્કાળગ્રસ્ત વિસ્તાર હતો તેમાં વર્ષ ૨૦૦૨માં નર્મદાના નીર સૌરાષ્ટ્ર શાખા નહેરમાં વહેતા થયા. તા. ૧૮-૨-૨૦૦૩ના રોજ પાઇપલાઇન મારફતે કચ્છમાં ભૂજ સુધી નર્મદાના પાણી પહોંચ્યા. કચ્છમાં દુષ્કાળ પડે ત્યારે મને યાદ છે કે, રેલવે મારફત કચ્છમાં પીવાનું પાણી આવતું હતું. ૧૯૬૧ની સાલમાં નર્મદા ડેમનો પાયો નંખાયો અને વર્ષ ૧૯૬૧ પછી જે સરકારોએ શાસન સંભાળ્યું તેમણે કયારેય કોઇ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની ચિંતા કરી ન હતી. અમારી સરકાર આવી ત્યારે આવા અનેક કામો કરીને, ખર્ચની કોઇ ચિંતા કરી નહીં અને દરવર્ષે ત્રણથી ચાર હજાર ગામડાંઓને ટેન્કરથી પાણી પૂરું પાડતા હતા તે ગામડાંઓમાં આજે ઘેર ઘેર નળથી પાણી મળી રહ્યા છે. ધન્યવાદ આદરણીય નરેન્દ્રભાઇનો. વર્ષ ૧૯૯૫માં મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ હતા ત્યારે પહેલી પાઇપલાઇન કચ્છની નાખી ત્યારે લોકો એમ કહેતા હતા કે, આમાં પાણી નહીં અને કેશુબાપા એમ કહેતા કે આ પાઇપ મારૂતિ ચાલે તેવી છે અને તેમાં મારૂતિની ઝડપે પાણી આવશે. આ એક કલ્પના હતી તે આજે વાસ્તવિકતા બની છે. જે રીતે વર્ષ ૨૦૦૬માં બંધની ઊંચાઇ ૧૨૧.૯૨ મિટર સુધી લઇ જવા માટે પર્યાવરણ અને પુનઃવસન કમિટીની ભલામણ પછી ૮ માર્ચના રોજ નર્મદા કંટ્રોલ ઓથોરિટીની મંજૂરી મળી અને ડેમનાં કામનો પ્રારંભ થયો. પછી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની મંજૂરી મળી અને કામનો પ્રારંભ થયો અને ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ જયારે એ ઉપવાસ ઉપવાસ ઉપર બેઠા અને ત્યાર પછી તેઓ પ્રધાનમંત્રી બન્યા પછી તાત્કાલિક મંજૂરી આપીને ચોથા દિવસે જે દરવાજા બંધ કરવાની મંજૂરી મળી તેને પણ હું ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલુ જ કહીશ કે જે રીતે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇએ ગુજરાતના વધારાના પાણી માટે કચ્છને બજેટ વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૪૧૧૭ કરોડની યોજના મંજૂરી કરી અને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૨૭૦૦ કરોડની જે પાઇપલાઇનથી મંજૂરી આપી છે તેનો કચ્છ જિલ્લો ખૂબ ખૂબ આભાર માને છે અને જે રીતે મન બનાવ્યું છે ઇચ્છા શકિત હોય તો અશકયનું શકય નથી. આજે ૭૦૦ કિલોમીટર નર્મદા ડેમથી કચ્છમાં પીવાનું પાણી પીવાય છે. કચ્છ આજે પાતાળ નો-સોર્સ વિસ્તાર છે. હું ફરી ફરીને બજેટમાં જે પીવાના પાણીની, ખેતીના પાણીની જોગવાઇ કરી છે ત્યારે માનનીય

નાણામંત્રીશ્રી કનુભાઇ જયારે આ બજેટ લઇને આવ્યા છે તેને મારા દિલથી અભિનંદન આપું છું અને સૌ સાથે મળી અને કચ્છનો, ગુજરાતનો જો વિકાસ કરવો હોય તો પાણીને અગ્રિમતા આપી, પાણીનો કરકસરયુકત ઉપયોગ પણ કરવો પડશે. ધન્યવાદ, ભારત માતા કી જય.

શ્રી કુંવરજીભાઇ હળપતી(રાજયકક્ષાના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહની અંદર સૌ પ્રથમ પહેલી વખત મને જવાબ આપવાનો મોકો મળ્યો છે. અમારા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આપેલા માર્ગદર્શન મુજબ અને સુશાસનના સ્થાપિત કરેલા ધોરણો મુજબ અમારી ગુજરાત સરકાર કામ કરી રહી છે. અમારી સરકારમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા મહત્તમ સુશાસનના સૂત્ર ઉપર અમારી ગુજરાતની સરકાર ચાલી રહી છે. અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી સરકાર "નમો લક્ષ્મી, નમોશ્રી, નમો સરસ્વતી" યોજનાના માધ્યમથી રામ રાજયની પરિકલ્પનાને સાકાર કરવા માટે કૃતનિશ્ચિત છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન ડોકયુમેન્ટ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે વિકસિત ગુજરાત ૨૦૪૭નું વિઝન ડોકયુમેન્ટ સમગ્ર ભારતમાં સૌ પ્રથમ તૈયાર કરીને તેના સમગ્ર ભારત સમક્ષ મૂકયુ તે માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. વિકસિત ગુજરાત ૨૦૪૭ની કલ્પના સાકાર થાય તેવુ બજેટ રજૂ કર્યું છે. સૌનો સાથ,સૌનો વિકાસ એ સૂત્ર એ માત્ર સૂત્ર નથી પરંતુ ભારતના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ગેરંટી છે. મોદી હૈ તો મુમકીન હૈ, મોદી હૈ તો ગેરંટી ભી મુમકીન હૈ. અને તેણે સેવેલા તમામ સ્વપ્નોને સાકાર કરવા માટે તનતોડ મહેનત કરવાની અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારની પણ ગેરંટી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારતના પાયાને મજબૂત કરવા માટે પોતાની પૂરી શકિતથી કામ કરશે તેવી મોદીની પણ ગેરંટી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્ર બને તે માટે નમો લક્ષ્મી, નમોશ્રી, નમો સરસ્વતી જેવી યોજનાઓ ભેટ આપવા બદલ ગુજરાતના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. હું દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે છેવાડાનો માનવી કહી શકાય, ગામડાનો આદિવાસી કહી શકાય, કોટવાડિયા સમાજ, કાઢુરી, પઢાર, સીંધી જાતિના લોકો માટે ઝારખંડ જઇને એક નવી જન્મની યોજનાની જાહેરાત કરી. આઝાદીનાં ૭૫ વર્ષમાં પહેલી વખત કોટવાડિયા સમાજની કોઇએ ચિંતા કરી હોય તો દેશના વડાપ્રધાન અને આપણા સૌના નેતા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આપણા નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇએ ચિંતા વ્યક્ત કરી છે. જે રીતે રામાયણમાં અમારા આદિવાસી શબરી માતાનું સ્થાન રામાયણમાં આપ્યું હતું તેવી જ રીતે દેશના વડાપ્રધાને અમારા આદિવાસી સમાજને રાજનીતિમાં સૌથી મોટું સ્થાન જો કોઇએ આપ્યું હોય તો એ શ્રીમતી દ્રૌપદી મુર્મૂજીને સર્વોચ્ચ પદ આપ્યું છે. આઝાદીનાં ૭૫ વર્ષમાં કોઇને સૂઝયું નહોતું એવું કામ કરીને બતાવ્યું હોય તો આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. એટલું જ નહિ અમારા આદિવાસીના દીકરા મંગુભાઇને ભોપાલમાં બેસાડીને રાજ્યપાલ બનાવ્યા. એ પણ અમારું આદિવાસીનું ગૌરવ છે. આજે હું કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, આદિવાસી વિકાસ, શ્રમ અને રોજગાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, મહિલા અને બાળ વિકાસ, બંદરો અને મહેસૂલ વિભાગ ઉપર બોલવા જઇ રહ્યો છું ત્યારે મને આનંદ છે કે આ બજેટમાંથી વંચિતોની સેવા થશે. અમારી મહિલાઓને નારી વંદનાનું પણ મહત્ત્વ આપ્યું છે એવા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને શ્રી ભૂપેન્દ્રભાઇ અને શ્રી કનુભાઇને પણ હું અભિનંદન પાઠવું છું. હું જે વિભાગ સંભાળી રહ્યો છું એ આદિજાતિ વિભાગમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર ગામડાઓની સાથે-સાથે આદિવાસી વિસ્તારોના સામાજિક અને આર્થિક વિકાસ માટે કટિબદ્ધ છે. આદિવાસી વિસ્તારોમાં અંતરિયાળ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા સાથે શૈક્ષણિક અને આરોગ્ય વિષયક સેવાઓ માટે બજેટમાં આઝાદીના ઈતિહાસમાં સૌથી મોટું બજેટ જ્યારે તમારી સરકાર હતી ત્યારે આખા ગુજરાતના બજેટના આંકડા ત્રણ ડિજિટમાં હતા. આજે અમારી સરકારમાં આદિવાસીઓ માટે માત્રને માત્ર રૂ.૩,૩૭૪ કરોડનું માતબર બજેટ જો કોઇએ આપ્યું હોય તો એ આપણા શ્રી કનુભાઇ દેસાઇ સાહેબે આપ્યું છે. સરકારના ગ્રાન્ટ ઇન છાત્રાલયોમાં પણ અમારા ૭૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સહાય આપવા માટે રૂ.૨૬૯ કરોડની જોગવાઇ લઇને તથા ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને સહાય આપવા માટે રૂ.૧૪ કરોડ જેવી માતબર રકમ આપી છે. સરકારી છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળાઓમાં બાંધકામ માટે રૂ.૨૫૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પહેલાંના જમાનામાં અમારા આદિવાસીના દીકરાઓ શાળાએ જઇ શકતા ન હતા. રોડ, રસ્તા, પાણી, બસની સુવિધા નહોતી. આજે મને કહેતાં આનંદ થાય કે મારો આદિવાસીનો દીકરો જ્યારે શાળાએ જાય છે ત્યારે શૂટ-બૂટમાં જઇ રહ્યો છે. એનો અમને આનંદ છે. દૂધ સંજીવની યોજના અંતર્ગત રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ધો.૧થી ૮માં અભ્યાસ કરતાં અંદાજે ૧૩,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને ગણવેશ આપવામાં આવે છે અને રૂ.૧૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ધો.૯માં અભ્યાસ કરતી અંદાજિત ૩૯,૦૦૦ વિદ્યાર્થીનીઓને વિદ્યા સાધના યોજના હેઠળ સાઇકલ આપવામાં આવે છે. એના માટે પણ રૂ.૨૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજપીપળા મુકામે બીરસામુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હું ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું કે ભારતમાં સૌ પ્રથમ આદિવાસીઓ માટે કોઇએ યુનિવર્સિટીની સ્થાપના કરી હોય તો તે પણ ગુજરાતની સરકારે કરી છે. મુખ્યમંત્રી આદિમ જૂથ, હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના, કન્વેન્શન બાંધકામ ડેવલપમેન્ટ

પ્રોજેક્ટ હેઠળ રૂ.૧૩૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને સહાય માટે રૂ.૩૫ કરોડની જોગવાઇ, આદિજાતિ વિસ્તારોમાં બાંધકામ ક્ષેત્રે જરૂરી સાધનો માટે બેંક લોન ઉપર સહાય આપવા રૂ.૧૦૦ કરોડની જોગવાઇ, આદિજાતિ જિલ્લાઓમાં કાર્યરત પાંચ હજારથી વધુ દૂધ મંડળીઓ પર સોલાર રૂફ ટોપ આપીને આદિવાસીઓની દૂધ મંડળીઓનું બિલ માફ કરવાનું કામ જો કોઇએ કર્યું હોય તો ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને અમારા નાણામંત્રી શ્રી કનુભાઇએ કરીને સાચા અર્થમાં આદિવાસીઓની કદર કરી છે. તેના માટે સબસિડી પેટે રૂ.૨૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.' માનવ ગરિમા યોજના' હેઠળ સ્વરોજગારી માટે કિટ આપવા રૂ.૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારોમાં ૪૫ હૉસ્પિટલ અને નર્સિંગ હોમ ડિસ્પેન્સરી શરૂ કરવા માટે ડૉક્ટરને હૉસ્પિટલ માટે સબસિડી આપવા રૂ.૧૩ કરોડની જોગવાઇ આઝાદીના ઇતિહાસમાં પહેલીવાર કરવામાં આવી છે. મને કહેતાં આનંદ થાય કે આ બજેટમાં અમારો આદિવાસીનો દીકરો ડૉક્ટર અને એન્જિનિયર બની શકે છે. અમે જ્યારે ભણતા હતા ત્યારે નહોતા બની શક્યા. અમારા માતા–પિતા એટલા સદ્ધર ન હતા કે અમને ભણાવી શકે. ડૉક્ટર અને એન્જિનિયર બનવા માટે રૂ.૧૫ લાખની માતબર રકમની જોગવાઇ, આદિવાસીના દીકરા કે દીકરીને પાઇલટ બનવા માટે રૂ.૨૫ લાખની સહાય માત્ર ચાર ટકાના સહારે મળે છે.

સભાપતિશ્રી : માનનીય કાંતિભાઇ, છૂટાછેડા થયા પછી પાછળ ફરવાનો કોઇ મતલબ નથી.

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દૂધાળા પશુઓની યુનિટ કોસ્ટ અને સહાય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. આ યોજનામાં રૂ.૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલ ' વનબંધુ કલ્યાણ યોજના' હેઠળ વર્ષ ૨૦૨૧–૨૨થી વર્ષ ૨૦૨૪–૨૫ સુધીમાં માળખાકીય સગવડો તેમજ સુવિધાઓ અને વ્યક્તિગત વિકાસનાં કામો માટે રૂ.એક કરોડનો ખર્ચ કરવાનું સરકારે નક્કી કર્યું છે. આ દિશામાં સરકાર આયોજનબદ્ધ રીતે આગળ વધી રહી છે. ' ન્યુ પેટર્ન ગુજરાત' હેઠળ આદિજાતિ વિસ્તારોમાં સ્થાનિક ધોરણે કરવામાં આવતાં કામો હાથ ધરવા માટે ૧૮ વર્ષ પછી સો ટકા બજેટ વધારવામાં આવ્યું છે. હું માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇને અભિનંદન આપું છું. ભારતના સર્વાંગી વિકાસ માટે વૈશ્વિક મંચ ઉપર ભારત માતાને ગૌરવ અપાવવાનું ભગીરથ કાર્ય ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વના લોકપ્રિય નેતા આદરણીય વડાપ્રધાને કર્યું છે. ' મેરી માટી મેરા દેશ' કાર્યક્રમને ઉદ્દેશીને ગામડે ગામડે રથ કાઢીને તેની આગતા–સ્વાગતા કરીને ધરતીમાતાની સાથે દેશના સૈનિકોને પણ સન્માન અપાવ્યું. સાથે સાથે આપણું આયુષ્ય સારું રહે તેના માટે ચિંતા વ્યક્ત કરીને પ્રાકૃતિક ખેતી તરફ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશને પ્રેરણા આપી તે દિશામાં ગુજરાત પણ આગળ વધ્યું છે. રૂ.૩ લાખ ૩૨ હજાર કરોડનું ઐતિહાસિક માતબર બજેટ જનતાની સેવામાં રજૂ કરવામાં આવ્યું છે. જેમાં રૂ.૨૨ હજાર ૧૯૪ કરોડની માતબર રકમનું કૃષિ બજેટ પશુપાલન અને સંવર્ધનના હેતુથી ખેડૂતો માટે મૂકવામાં આવેલ છે. રાજ્યના બજેટમાં આપણી ભાવિ પેઢી સ્વસ્થ અને સુશિક્ષિત બને એ માટે કૃષિના મહત્ત્વના બે વિષયો જેવા કે, રસાયણ મુક્ત ખેતી એટલે કે, પ્રાકૃતિક ખેતી તથા મિલેટ્સનું વાવેતર અને મૂલ્યવર્ધનને પ્રોત્સાહિત કરવા માટેની પણ આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તેમજ રાજ્યના તમામ ખેડૂતો સુધી આ પદ્ધતિ પહોંચે તે માટે રાજ્યમાં છેલ્લાં ૩ વર્ષથી ૯ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક પદ્ધતિ સાથે જોડવામાં આવેલ છે. જેનાથી ૭.૫૬ લાખ એકરથી વધુ જમીનમાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થઇ જશે. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો ખ્યાલ દરેક વ્યક્તિ સુધી પહોંચે તે માટે ૨૫ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિની ઝુંબેશને વધુ તેજ અને અસરકારક બનાવવા ગુજરાતના પ્રાકૃતિક કૃષિ અમલીકરણ એકમની રચના કરી રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે રાજ્યની ગ્રામ્ય કક્ષા સુધીની સમગ્ર વ્યવસ્થા સુદઢ કરવા માટે ગૌશાળા, પાંજરાપોળ, સહકારી સંસ્થા, ખેડૂતો, જૂથો, સખીમંડળો વગેરે દ્વારા જીવામૃત અને ઘાન્ય જીવામૃત બનાવી ખેડૂતોને વિતરણ કરવા તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં જરૂરી સહાય આપવાના હેતુથી નવી બાબતમાં જોગવાઇ પણ કરવામાં આવી છે. મિલેટ્સના વાવેતરને પ્રોત્સાહન આપવા માટે, લોકોમાં મિલેટ્સની જાગૃતિ અને સભાનતા કેળવાય એ માટે આપણે સૌએ વર્ષ ૨૦૨૩ની ' આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ' તરીકે ઊજવણી કરી. આપણો દેશ મિલેટ્સ પાકોનું ઉત્પાદન અને વપરાશ કરતો સૌપ્રથમ દેશ છે. ભારતદેશમાં મિલેટ્સ પાક તરીકે જુવાર, બાજરી, રાગી, બંટી, કાંગ વગેરે જેવા પાકોનું વાવેતર થાય છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોને મિલેટ્સનો વાવેતર વિસ્તાર વધારવાની પ્રેરણા મળે અને મૂલ્યવર્ધન કરી પોતાની આવકમાં વધારો કરે તે હેતુથી પ્રોત્સાહન અને પ્રચાર–પ્રસાર માટે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. જમીન અને પર્યાવરણનું સ્વાસ્થ્ય જળવાઇ રહે, ખેતી ખર્ચ ઘટે, ખેડૂતોની આવકમાં વધારો થાય તેવા અભિગમ સાથે આગામી વર્ષ ૨૦૨૪–૨૫ માટે શીડ્સ રિપ્લેસમેન્ટ ટેસ્ટમાં વધારો કરવા માટેની તેમજ નેનો યુરિયાને લિક્વિડ ફોર્મેન્ટેડ ઓર્ગેનિક મેન્યુઅલના ઉપયોગથી ખેડૂતોને પ્રોત્સાહન મળે એ અંગેની નવી બાબતની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. બાગાયતી ખેતી તેની આગવી વિશેષતાને કારણે દેશના ટકાઉ વિસ્તારના લક્ષ્યાંકો અને પાંચ ટ્રિલિયન અર્થતંત્રના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની ક્ષમતા ધરાવે છે. રાજ્યમાં બાગાયતી પાકોના નવા વાવેતર, રક્ષિત ખેતી, સંકલિત જીવ વ્યવસ્થાપન, મધમાખી ઉછેર, બાગાયતી એકત્રીકરણ, સંરક્ષણ સાધનો, કાપણી પછીનું સંકલિત વ્યવસ્થાપન જેવા તમામ ઘટકોને સાંકળી લઇ બાગાયત ક્ષેત્રે રૂ. ૬૩૪.૭૮ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. બાગાયતી ખેતીની પેદાશો નાશવંત હોઇ, તેનું મૂલ્યવર્ધન અને સંગ્રહ ક્ષમતા વધારવા માટે હયાત માળખાકીય સુવિધામાં વધારો કરવાથી બાગાયતી પાકોમાં બગાડ અટકશે

અને વર્ષ દરમિયાન ફળો અને શાકભાજી પાકો પ્રજાજનો માટે ઉપલબ્ધ થાય તે માટે રૂ. ૬૫ કરોડની જોગવાઇ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. મસાલા પાકોના સર્ટિફાઇડ બિયારણ, પપૈયા પાકમાં ફળની ઉત્પાદકતા વધારવા માટે અને ફળ પાકોના જૂના બગીચાઓના નવસર્જન માટે કુલ રૂ.૧૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બાગાયતી ખેતીની નવીનતમ પદ્ધતિને પ્રોત્સાહિત કરવા માટે પાંચ નવા સેન્ટર ઓફ ધ એક્સેલન્સ શરૂ કરવા માટે રૂ. ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બાગાયત ખાતાના રોપ ઉછેર કેન્દ્રોની ઉત્પાદક ક્ષમતા વધારવા અંગેના કાર્ય હેઠળ રૂ. ૧૫.૪૯ કરોડનું બજેટ સૂચન કરવામાં આવ્યું છે. આદિજાતિ વિસ્તારના મધમાખીના પાલકોને રોજગારી પૂરી પાડવા તેમજ મધમાખી ઉછેરને પ્રોત્સાહન આપવા વિનામૂલ્યે મધમાખીની હાઇસ્ટ્રીસ તથા કૉલોની પૂરી પાડવા માટેની યોજનામાં રૂ. ૫.૮૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજયમાં શાકભાજી પાકોની ખેતી કરતા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી, રાસાયણિક તત્ત્વોથી મુક્ત થાય એવી શાકભાજી ઉત્પન્ન કરી શકે અને આવક મેળવી શકે તથા પ્રજાજનોના સ્વાસ્થ્યની સુખાકારી માટે શાકભાજી પાકો અંગે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના અંગે નવી બાબતો યોજવામાં આવેલી છે. ડેરી ક્ષેત્રે પશુઓના દૂધ ઉત્પાદન ઉપર અસર કરતા અગત્યના રોગોની સંપૂર્ણપણે નાબૂદી થાય અને દેશના તમામ પશુધન માલિકો માટે આજીવિકાની સારી તકો સુનિશ્ચિત થાય તે નિર્ધાર સાથે રાજ્ય સરકારશ્રી, કેન્દ્ર સરકારશ્રી સાથે મળી સતત કાર્ય કરી રહી છે. કોઇપણ પશુપાલકનું પશુ સારવાર વિહોણું ન રહે તેવા ઉમદા આશયથી વર્ષ ૨૦૧૪–૧૫થી શરૂ કરવામાં આવેલ 'મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના' હેઠળ રાજ્ય સરકાર દ્વારા તમામ સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે પશુ સારવાર પૂરી પાડવા માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં આ યોજના માટે રૂ. ૪૩.૮૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજયમાં પશુચિકિત્સાની વ્યાપક સેવાઓના હેતુ અંગે ૮૩૭ ફરતાં દવાખાનાની સેવાઓ માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની યોજના હેઠળ રૂ. ૧૦૧ કરોડની જોગવાઇ અંદાજપત્રમાં મૂકવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે જે રીતે મનુષ્ય માટે ૧૦૮ની સેવા મૂકી છે અને ૧૦૮ ડાયલ કરીએ એટલે સ્થળ ઉપર એમ્બ્યુલન્સ પહોંચી જાય તેવી જ રીતે, મૂંગા પશુ–પ્રાણીઓ માટે ૧૯૬૨ નંબર આપેલ છે. આ નંબર ડાયલ કરીએ એટલે જે પશુ બીમાર હશે ત્યાં એમ્બ્યુલન્સ પહોંચી જાય તેવી વ્યવસ્થા રાજયની સરકારે પશુઓ માટે કરી છે. એના માટે ૩૭ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ જેવી સેવાઓ શરૂ કરી છે અને અંદાજપત્રમાં રૂ.૯ કરોડની જોગવાઇ મૂકવામાં આવી છે. પશુપાલન વ્યવસાય થકી ગ્રામ્ય રોજગારીનું નિર્માણ થાય તે માટે ૧૨ દૂધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે રૂ.૫૦.૨૫ કરોડની જોગવાઇ કરેલ છે. ૧થી ૨૦ દૂધાળા પશુઓના એકમની સ્થાપના ઉપર વ્યાજ સહાય માટે રૂ.૯.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને ૫૦ દૂધાળા પશુઓના એકમની સ્થાપના માટે રૂ. ૩ કરોડની જોગવાઇ મળી કુલ રૂ. ૬૨.૪૫ કરોડની જોગવાઇ વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં મૂકવામાં આવી છે. રાજયના પશુપાલકો ઉત્તમ પશુઓ રાખવા પ્રેરિત થાય તથા પશુપાલનના વ્યવસાયમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવે તે માટે પશુપાલન શિબિરો, પશુદર્શન હરિફાઇ, રાજ્ય વ્યાપી દૂધ ઉત્પાદન, અશ્વ હરિફાઇઓ, શ્રેષ્ઠ પશુપાલકોને પુરસ્કારથી નવાજવા જેવા અનેક કાર્યક્રમો રાજ્ય સરકાર કરી રહી છે અને એના માટે અંદાજપત્રમાં જોગવાઇ કરી છે. ગૌવંશના નિભાવ અને જીવદયાપ્રેમીઓ માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની આ સરકારે બિનસરકારી અને સેવાભાવી સંસ્થાઓના યોગદાનની નોંધ લીધી છે. ગૌસેવકો, ગૌપાલકો અને ગૌરક્ષકો માટે ચિંતા કરી 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' અમલમાં મૂકી છે. જેના માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં રૂ.૪૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. પશુ મૃત્યુના સંજોગોમાં, પશુપાલક વીમાની રકમમાંથી નવું પશુ ખરીદી શકે અને પશુપાલનનો વ્યવસાય ચાલુ રાખી શકે તેવા શુભ આશયથી કેન્દ્ર પુરસ્કૃત 'નેશનલ લાઇવસ્ટોક મિશન યોજના' હેઠળ પશુધન વીમા યોજનાના લાભાર્થીને રાજય સરકાર દ્વારા વધારાની સહાય કરી, વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં રૂ.૨૩ કરોડની જોગવાઇ મૂકવામાં આવી છે. પાડી, વાછરડી ઉછેર યોજનાને બજેટમાં અમલ મૂકવામાં આવેલી છે અને રૂ.૧૧ કરોડ જેટલી જોગવાઇ કરવામાં આવી છે. આકસ્મિક મૃત્યુ, કાયમી અપંગતાના કિસ્સામાં પણ જમીન વિહોણા પશુપાલકોને જૂથ વીમા યોજના થકી વીમા રક્ષણ હેઠળ આવરી લેવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં જોગવાઇ કરી છે. ખેતીવાડીમાં ખાતેદાર ખેડૂતોને આકસ્મિક વીમા યોજનાના લાભથી વંચિત રહી જતા જમીન વિહોણા પશુપાલકો માટે પશુપાલક આકસ્મિક વીમા યોજનામાં ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ડેરી સંઘોને રાજયના અન્ય વિકસિત ડેરી સંઘોની હરોળમાં લાવવાના હેતુસર વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કામધેનુ યુનિવર્સિટી પશુ ચિકિત્સા પશુપાલન અને ડેરી વિજ્ઞાનના ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણલક્ષી કામગીરી સંબંધિત યોજનામાં રૂ.૩૧૨ કરોડ જેટલી માતબર રકમ વર્ષ ૨૦૨૪–૨૫માં મૂકવામાં આવી છે.

આપણા વિપક્ષના નેતા શ્રી અમિતભાઇ ચિંતા વ્યકત કરતા હતા કે ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા લોકો માટે ગામડાં ભાંગી ગયા છે એવું કહેતાં હતાં. મને કહેતા આનંદ થાય કે આદર્શ ગામ. અમારા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપ્યું અને એના કારણે એક પંચાયતને ૨૫–૨૫ લાખ આપ્યા. એનાથી રોડ, રસ્તા, પાણી, વીજળીની કનેક્ટિવિટી મળી. આવી અનેક સુવિધાઓ આપી અમારી ગુજરાત સરકાર અને ભારત સરકાર કામ કરી રહી છે. લોકોના જીવનની ગુણવત્તા

સુધારવા માટે ગ્રામ્ય કક્ષાએ સફાઇ, પાણી, આવાસ જેવી મૂળભૂત સુવિધાઓ આપવાની સાથે સાથે ગામ સંશોધન, યોગ્ય સંચાલન અને માવજત માટે જરૂરી વ્યવસ્થા કરી છે. પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત સ્ત્રી સશક્તિકરણ માટે અને મહિલાઓ આત્મનિર્ભર બની શકે તે માટેનું આયોજન નાણામંત્રીશ્રીએ બજેટમાં હાથ ધરેલું છે. મને કહેતા આનંદ થાય છે કે દેશના વડાપ્રધાને આપણી મા કહી શકાય, માતૃ શક્તિ કહી શકાય તેવી બહેનોના ઉદ્ધાર માટે નમો દીદી યોજના લઇને આવ્યા છે. સાથે સાથે લખપતિ દીદી યોજના પણ લઇને આવ્યા છે. એનાથી નારી શક્તિ યોજના લઇને આવ્યા છે અને આપણા ગ્રામીણ જીવનને સુવિધાયુક્ત બનાવવા માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં રૂ. ૩૯૨.૫૮ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ.૭૫૦.૮૩ કરોડની જોગવાઇ, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રૂપિયા ૨૭૭.૩૪ કરોડની બજેટમાં જોગવાઇ, મહાત્મા ગાંધી નરેગા અંતર્ગત વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન કુલ ૫૮૦ લાખ માનવદિન રોજગારી પૂરી પાડવાનો લક્ષ્યાંક છે અને તે માટે રૂપિયા ૧૩૦૯.૩૫ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. માતબર રકમ આપવામાં આવેલ છે મિત્રો. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ રૂ. ૨૬૧.૬૯ કરોડની જોગવાઇ. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, વોટર શેડ ડેવલપમેન્ટ કોમ્પોનન્ટ ૨.૦ વર્ષ ૨૦૨૪–૨૫ માટે રૂ. ૨૫૪.૭૫ કરોડની જોગવાઇ મૂકવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી બાબતની વાત કરીએ તો વન્ય વિસ્તારમાં વસવાટ કરતા આદિમ જૂથના ગરીબ આદિવાસી લોકોને સામાન્ય પ્રવાહમાં ભેળવવા માટે અને તેનું જીવન સ્તર ઊંચું લાવવા માટે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન અંતર્ગત ઘરનું ઘર આપવા માટે રૂ. ૧૬૪ કરોડ શ્રી અમિતભાઇ, આપ ચિંતા વ્યકત કરતા હતા કે ઘર મળતા નથી. હવે ગ્રામ્ય વિસ્તારમાં ઘરો પૂરતા પ્રમાણમાં મળી રહે છે. રાજયમાં મહત્ત્વાકાંક્ષી તાલુકાઓ અને જિલ્લાઓમાં અંત્યોદય પરિવારોને, ૫ હજાર મહિલાઓને તાલીમ અને નાણાકીય મદદ આપી ક્ષમતાવર્ધન કરી સશક્ત અને આત્મનિર્ભર બનાવી લખપતિ દીદી તેઓ બને તે માટે રૂ. ૧૦૦ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોને અપાતા વેન્ચુ ઓફ કેપિટલના ધોરણે ગ્રામ્ય વિસ્તારના સામાજિક સાહસિકોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સોશિયલ એન્ટરપ્રાઇસ ફંડની રચના કરવા વર્ષ ૨૦૨૪–૨૫માં ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સ્વસહાય જૂથોની આર્થિક પ્રવૃતિમાં વધારો થાય તે માટે તંદૂરસ્ત હરિફાઇને પ્રોત્સાહન આપવાના આશય સાથે એ યોજનાઓમાં કુલ રૂપિયા ૫ કરોડની જોગવાઇ. તાલુકા, જિલ્લા તથા ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા એવોર્ડ આપવા માટે રૂ.૭૧.૮૦ કરોડની જોગવાઇ, નિર્મળ ગુજરાત–૨ અંતર્ગત સામાજિક અને વર્તણૂકીય પરિવર્તન સંચાર તથા ગામડાઓ સ્વચ્છ રહે તે માટે રૂ.૩૮.૪૨ કરોડની જોગવાઇ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત વિસ્તારોના લોકોને ગોવર્ધન પ્રોજેકટ હેઠળ વ્યક્તિગત સહાય આપવા માટે રૂ.૨૫.૫૦ કરોડની જોગવાઇ છે.  આખા બજેટની અંદર જોવા જઇએ તો ગામડાની અંદર એટલી બધી વિકાસ માટે જોગવાઇ કરવામાં આવી છે અને છેવાડાના ડાંગ જેવા ડાંગ વિસ્તારમાં માનનીય શ્રી વિજયભાઇને માતબર રકમ આપીને જયાં વર્ષોથી રસ્તા નહોતા એવા વિસ્તારમાં રસ્તા કરીને કનેક્ટિવિટી થવાની છે. હવે અમારા આદિવાસીઓ માટે ખરેખર જે આદિજાતીનું બજેટ આવ્યું છે એના કારણે આદિવાસીઓનો ચોક્કસ વિકાસ થવાનો છે.  તેના માટે ફરીથી ગૃહના નેતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય કનુભાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું. જયહિંદ, જય ભારત.

સભાપતિશ્રી : આજની બેઠકનું કામ પૂર્ણ થાય છે. સભાગૃહ આવતી કાલે તા.મંગળવારે,૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ કલાકે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૪–૩૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના૧૦–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૧૦૩ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર ઈ. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૫ |
| | વડોદરા જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય | ૧૯ |
| | વડોદરા જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૭૮ |
| અનંતકુમાર હ. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૭ |
| | ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ બાબત | ૧૩ |
| | કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત | ૧૨૮ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કૂપોષિત બાળકો | ૩૫ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | ૧૭૮ |
| | નવસારી અને તાપી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૫૫ |
| | રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના બાકી લાભો આપવા બાબત | ૨૧૨ |
| અનિકેત ગી. ઠાકર | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૬૭ |
| અનિરુદ્ધ ભા.દવે | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૮ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૯ |
| | કચ્છ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો | ૨૫ |
| અભેસિંહ મો. તડવી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૨૯ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૧ |
| | કવાંટ તાલુકામાં નર્મદાનું પાણી | ૧૮૮ |
| અમૃતજી મો. ઠાકોર | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૬ |
| | છોટા ઉદેપુર અને ગાંધીનગર જિલ્લામાં કૂપોષિત બાળકો | ૨૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં એપીએમસીમાં થયેલ ગેરરીતિની ફરિયાદો | ૧૮૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિદેશી દારૂ પકડવા બાબત | ૧૪૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં હયાત સ્ટ્રકચરની જગ્યાએ હાઈ લેવલ બ્રિજ બનાવવા બાબત | ૧૧૯ |
| | ભરૂચ અને નર્મદા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૧૮ |
| | વડોદરા અને તાપી જિલ્લામાં કૂપોષિત બાળકો | ૩૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૫૯ |
| અમૂલ ભટ્ટ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૯ |
| અમિત ચાવડા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૨૬ |
| | અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં આઉટસોર્સિંગથી ભરતી | ૧૭૩ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં નલ સે જલ યોજના | ૨૦૯ |
| | ઉદ્યોગ પ્રભાગના તાબા હેઠળના ઈન્ડેક્ષ – બી દ્વારા મહોત્સવો,સમિટ અને શો | ૩૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૬ |
| | સરકારી સંકલ્પની દાખલપાત્રતા અંગે | ૪૭ |
| | સુરત શહેર અને જિલ્લામાં રત્ન કારીગરો | ૧૬ |
| અમિત ઠાકર | અમદાવાદ જિલ્લામાં સોલર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૮૨ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૮ |
| અમિત શાહ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૭ |
| અર્જુનભાઈ દે. મોઢવાડિયા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૪૫ |
| | ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક, ૨૦૨૩ | ૧૫૨ |
| | પ્રચંડ બોમ્બ બ્લાસ્ટથી કામદોરોના થયેલ મૃત્યુ અંગે | ૪૪ |
| | IT–ITes પોલીસી હેઠળ ચૂકવવાની બાકી સબસિડી | ૧૪૧ |
| | ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન આપવા બાબત | ૧૪૪ |
| | પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૂપોષિત બાળકો | ૩૯ |
| | પોરબંદર અને રાજકોટ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના. | ૨૨૩ |
| | પોરબંદર જિલ્લાની મિયાણી ઔદ્યોગિક વસાહત ખાતે જમીન ફાળવણી | ૨૭ |
| | બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલ્ફેર સેસ | ૪૩ |

| | | |
|---|---|---|
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | ૧૮૮ |
| | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સંવર્ગવાર જગ્યાઓ ભરવા બાબત | ૧૨૦ |
| અર્જુનસિંહ ઉ. ચૌહાણ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૯ |
| અરૂણસિંહ અ. રણા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૦ |
| | દહેજ જીઆઇડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત | ૧૫ |
| | ભરૂચ જિલ્લામાં તલાટી કમ-મંત્રીનું મહેકમ | ૧૨૪ |
| | ભરૂચ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૭૪ |
| અરવિંદ છો. પટેલ | વલસાડ જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય | ૧૫ |
| અરવિંદ શાં. રાણા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૭ |
| | સુરત જિલ્લાના એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય | ૨૦ |
| અરવિંદભાઇ જી. લાડાણી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૫ |
| | જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કૂપોષિત બાળકો | ૨ |
| | આણંદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કૂપોષિત બાળકો | ૪૧ |
| | કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત | ૧૩૦ |
| | જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કૂપોષિત બાળકો | ૧ |
| | જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના. | ૨૧૩ |
| | રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે મળવાપાત્ર વળતર | ૧૮૦ |
| | વડોદરા અને ડાંગ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના. | ૨૫૭ |
| | જૂનાગઢ જિલ્લામાં નદીઓમાંથી ગેરકાયદેસર રેતીની ચોરી | ૧૪૧ |
| | લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ પ્રભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ | ૩૨ |
| અલ્પેશ ખો. ઠાકોર | ગાંધીનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ | ૭ |
| આર. સી. પટેલ | નવસારી જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ | ૧૩૩ |
| ઇમરાન યુ. ખેડાવાલા | અમદાવાદ સેન્ટ્રલ જેલમાંથી કેદીઓને સજા માફી | ૧૩૧ |
| | રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે મળવાપાત્ર વળતર | ૧૭૪ |
| ઇશ્વરભાઇ ર. પરમાર | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો બીજો અહેવાલ | ૧૪૫ |
| ઉમેશભાઇ ના. મકવાણા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૪૦ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૪ | ૩૨૩ |
| | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૯ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૯ |
| ઋષિકેશ ગ. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૮૧ |
| કનુભાઇ ક. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૩ |
| કનુભાઇ મો. દેસાઇ | ગીલોટીન કરેલી માગણીઓ | ૧૧૧ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૪ | ૩૨૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૧ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૪ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૮૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૯ |
| કનૈયાલાલ બ. કિશોરી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૬ |
| | દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત | ૧૧૩ |
| કમલેશભાઇ ર. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૫ |
| | આણંદ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના | ૨૬ |
| કેયુર ના. રોકડિયા | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૭ |
| કલ્પેશભાઇ આ. પરમાર | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૩ |
| | ખેડા જિલ્લાના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૨૧ |
| કુંવરજીભાઇ હળપતી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૪૨ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૪૧ |
| | કચ્છ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૬૫ |
| કેશાજી શિ. ચૌહાણ | પાટણ અને બનાસકાંઠાની ડીંડરોલ-મુક્તેશ્વર પાઇપલાઇન યોજના | ૧૬૭ |

| | | |
|---|---|---|
| કાંતીલાલ ર. અમૃતિયા | મોરબી જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદા ભંગની ફરિયાદો | ૨૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૬૯ |
| | મોરબી જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૮૨ |
| કાન્તિભાઇ કા. ખરાડી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૪ |
| | દાંતા–અમીરગઢ તાલુકામાં સોલાર રૂફ ટોપ યોજના | ૧૯૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણ | ૧૩૯ |
| કાળુભાઇ રૂ. ડાભી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૮ |
| કાળુભાઈ ચ. રાઠોડ | ગીર સોમનાથ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૬૭ |
| કિરીટકુમાર કે. પટેલ | સિધ્ધપુર અને વડનગર ખાતે એરપોર્ટ | ૨૩ |
| કિરીટકુમાર ચી. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૬૪ |
| | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૪ |
| | ઉંઝા–પાટણ રસ્તાના સમારકામ બાબત | ૧૩૮ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | ૧૫૪ |
| | પાટણ અને કચ્છ જિલ્લામાં કુપોષિત બાળકો | ૪૨ |
| | પાટણ અને મોરબી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૧૯૪ |
| | શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઈ | ૫ |
| | મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઇ | ૩૩ |
| કિરીટસિંહ સ. ડાભી | અમદાવાદ જિલ્લાના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૪ |
| કૌશિકભાઇ સુ. જૈન | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૯ |
| ગણપતસિંહ વસાવા | સુરત જિલ્લાના માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં નલ સે જલ યોજના | ૧૭૧ |
| ગેનીબેન ન. ઠાકોર | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૪ | ૩૨૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૮૯ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | ૧૭૬ |
| | બનાસકાંઠા અને ભરૂચ જિલ્લામાં કુપોષિત બાળકો | ૪૦ |
| | બનાસકાંઠા અને સુરત જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૪૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં એપીએમસીમાં થયેલ ગેરરીતિની ફરિયાદો | ૨૧૨ |
| | સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી | ૧૨૭ |
| | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે બજેટમાં વર્ષવાર રકમની જોગવાઇ | ૩૨ |
| ગુલાબસિંહ સો. ચૌહાણ | કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત | ૧૩૬ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં કુપોષિત બાળકો | ૩૭ |
| | છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૬૨ |
| | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં કુપોષિત બાળકો | ૨૪ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૨૧ |
| | રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી લેવાની થતી રકમ | ૧૪૩ |
| | રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચના બાકી લાભો આપવા બાબત | ૧૮૨ |
| ગીતાબા જ. જાડેજા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૨ |
| ગોવિંદભાઈ ર. પરમાર | આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ | ૧૬૮ |
| ગૌતમભાઇ ગો. ચૌહાણ | ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યાઓ | ૧૧૭ |
| | ભાવનગર જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૨૩૭ |
| | તળાજા તાલુકાના મેથળા ગામે બંધારા યોજના | ૧૯૩ |
| ચૈતન્યભાઇ મ. દેસાઇ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૪ |
| ચૈતન્યસિંહ પ્ર. ઝાલા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૦ |
| | દેવભૂમિ દ્વારકા અને વડોદરા જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો | ૧૨૫ |
| જયંતિભાઇ સ. રાઠવા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ | ૧૩૦ |
| જયંતીભાઈ સો. પટેલ | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ઔધોગિક તાલીમ સંસ્થાઓ | ૩૦ |
| જયરામભાઇ ચે. ગામીત | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૮ |
| | તાપી જિલ્લામાં મોટા ચેકડેમો. | ૧૯૧ |

| | | |
|---|---|---|
| જયસુખભાઇ વ.કાકડિયા | અમરેલી જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત | ૨૩ |
| | અમરેલી જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૮૦ |
| જિજ્ઞેશ મેવાણી | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | ૧૯૦ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૨૯ |
| | રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની બેઠકો | ૨૭ |
| | સરકારી ભરતીના પેપરો ફૂટવા બાબત | ૧૨૬ |
| જિતેન્દ્રભાઇ સ. વાઘાણી | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૫ |
| જીતેન્દ્ર કાં.સોમાણી | મોરબી જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્રવ મરણોત્તર સહાય | ૪ |
| | મોરબી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત | ૧૩૮ |
| જીતેન્દ્રકુમાર ર. પટેલ | અમદાવાદ મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૧૨૯ |
| ડી.કે.સ્વામી | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૩ |
| | ભરૂચ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી | ૧૮૧ |
| ત્રિકમ બિ. છાંગા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૩ |
| તુષાર અ. ચૌધરી | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કૂપોષિત બાળકો | ૨૫ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | ૧૬૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં નલ સે જલ યોજના | ૧૯૯ |
| | ખેડબ્રહ્મા તાલુકામાં મંજૂર થયેલ રસ્તાઓના કામ | ૧૨૭ |
| | વિજયનગર અને પોશીના તાલુકામાં આવેલ વિશ્રામગૃહ બાબત | ૧૪૧ |
| | સુરત જિલ્લાની જી.આઇ.ડી.સી.માં કેમિકલ/ગેસ ગળતરની દુર્ઘટના | ૩૮ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૩૭ |
| દુર્લભજીભાઇ હ. દેથરીયા | મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના ગામોમાં પીવાના પાણી બાબત | ૧૭૧ |
| દર્શના એમ. વાઘેલા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૭ |
| દર્શના ચં. દેશમુખ | નર્મદા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | ૧૬ |
| દર્શિતાબેન પા. શાહ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૫ |
| | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૨ |
| દિનેશભાઇ આ.ઠાકોર | કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત | ૧૩૩ |
| | બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં કૂપોષિત બાળકો | ૨૬ |
| | રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે મળવાપાત્ર વળતર | ૨૧૧ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | ૧૭૪ |
| | જામનગર અને મોરબી જિલ્લામાં કૂપોષિત બાળકો | ૩૮ |
| | ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ | ૧૪૩ |
| | વલસાડ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના | ૨૪૬ |
| દિનેશસિંહ રા. કુશવાહ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૯ |
| | અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ રોજગાર વાંચ્છુઓ | ૨૦ |
| ધવલસિંહ ન. ઝાલા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૪ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય યોજના | ૧૫૭ |
| | અરવલ્લી જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૯૮ |
| નરેશભાઇ મ. પટેલ | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૬ |
| નિમિષાબેન મ. સુથાર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૨૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૧ |
| | સંત રોડ થી સંતરામપુર રોડ સ્ટેટ હાઈવે મંજૂર કરવા બાબત | ૧૩૭ |
| પંકજ વિ. દેસાઇ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૭ |
| પુર્ણેશ મોદી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૬૫ |
| પ્રદ્યુમન ગ. વાજા | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૮ |
| પ્રદ્યુમનસિંહ મ. જાડેજા | અબડાસા તાલુકાની અબડાસા જુથ સુધારણા પાણી પુરવઠા યોજના | ૧૬૦ |
| પ્રફુલભાઇ પાનશેરિયા | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૪૮ |
| | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૯ |

| | | |
|---|---|---|
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૪૯ |
| પ્રવિણકુમાર ગો. માળી | બનાસકાંઠા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | ૨૮ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૪૭ |
| પ્રવીણભાઇ મ. ઘોઘારી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૩ |
| પરષોત્તમભાઇ ખેં. પરમાર | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૧ |
| | સુરેન્દ્રનગર જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં વીજ કનેક્શન | ૨૯ |
| પાયલ મ. કુકરાની | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૬ |
| પી.સી. બરંડા | અરવલ્લી જિલ્લામાં પાલક માતા–પિતા યોજના | ૨૨ |
| બલરાજસિંહ ક. ચૌહાણ | દહેગામ તાલુકાના ગામો માટે પીવાના પાણીની યોજના | ૧૭૦ |
| બળવંતસિંહ રાજપૂત | પ્રચંડ બોમ્બ બ્લાસ્ટથી કામદોરોના થયેલ મૃત્યુ અંગે | ૪૪ |
| બાબુભાઇ જ. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૪ |
| | અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ | ૧૮ |
| બાબુસિંહ સા. જાદવ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૪ |
| ભગવાનજીભાઇ લા. કરગટિયા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૨ |
| ભગાભાઇ ધા. બારડ | ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જમીનના રી–સરવે અંગેની કામગીરી | ૧૪૫ |
| | ગીર સોમનાથ અને જૂનાગઢમાં આવેલ બ્લેકટ્રેપની ખાણો | ૧૩૭ |
| | ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં ડીકલેર ટી. પી. | ૧૪૪ |
| ભરતભાઇ ડી. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૨૮ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૧ |
| | વલસાડ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૯૦ |
| ભીખાભાઈ ર. બારૈયા | ભાવનગર જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના | ૧૦ |
| મુકેશકુમાર ડી. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૫ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૫ |
| | મહેસાણા જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૩૦ |
| | મહેસાણા જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૭૦ |
| મેઘજીભાઇ અ. ચાવડા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૦ |
| | જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા | ૯ |
| | જામનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધોનો નિકાલ બાબત | ૧૩૪ |
| મનુભાઇ એમ. પટેલ | સુરત જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત | ૧૩૩ |
| મનીષા રા. વકીલ | અંદાજ સમિતિનો બીજો અહેવાલ | ૨૬૪ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૬૭ |
| મહેન્દ્રભાઇ પાડલિયા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૦ |
| મહેન્દ્રભાઈ ર.ભાભોર | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મહેકમ | ૧૩૫ |
| મહેશ કસવાલા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૮ |
| મહેશભાઇ ભુરીયા | ઝાલોદ તાલુકાના તળાવોમાં કડાણા–દાહોદ પાઇપલાઇન દ્વારા પાણી ભરવા બાબત | ૧૭૨ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૩ |
| | "ગોવિંદ ગુરુ–લીમડી" તાલુકાની નવ રચનાની દરખાસ્ત બાબત | ૧૩૮ |
| માનસિંહ કો. ચૌહાણ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૩ |
| | મહિસાગર જિલ્લામાં સંત સુરદાસ યોજના | ૨૪ |
| માલતી કિ. મહેશ્વરી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૧ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૬ |
| | કચ્છ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેક્શન | ૧૮ |
| માવજીભાઇ મ. દેસાઇ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૮ |
| મોહનભાઇ ઢે. કોંકણી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૨ |
| | તાપી–કરજણ લીફ્ટ ઈરીગેશન પાઇપલાઇન યોજના. | ૧૬૫ |
| | ૧૫માં નાણાંપંચ અંતર્ગત તાપી જિલ્લાના તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત ફાળવેલ ગ્રાન્ટ | ૧૧૩ |
| યોગેન્દ્રસિંહ પરમાર | ખેડા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત | ૨૨ |
| રમેશભાઇ ના. મિસ્ત્રી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૨ |
| રમેશભાઇ ભુ. કટારા | દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના બાકી રહેલ ગામોમાં પાણી પુરવઠા યોજના | ૧૯૩ |

| | | |
|---|---|---|
| | દાહોદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત | ૧૧૫ |
| રમેશભાઈ વી. ટીલાળા | રાજકોટ જિલ્લાના એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય | ૨૦ |
| રાકેશ ગુ. દેસાઈ | નવસારી જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૬૯ |
| રાજેન્દ્રસિંહ મો. રાઠવા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૮૦ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૦ |
| | છોટાઉદેપુર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના | ૭ |
| રાજેશકુમાર મ. ઝાલા | ખેડા જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૯૨ |
| રિવાબા ર. જાડેજા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૭ |
| | ધોરણ ૬થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતાસાર"નો સમાવેશ કરવા અંગે | ૫૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૩ |
| | જામનગર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના | ૨૨ |
| | જામનગર જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૭૬ |
| રીટાબેન કે. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૨ |
| | ગાંધીનગર જિલ્લામાં વહાલી દીકરી યોજના | ૨૧ |
| લક્ષ્મણજી પું.ઠાકોર | ગાંધીનગર જિલ્લામાં ખારી નદી પુન:જીવિત કરવા બાબત | ૧૫૯ |
| | ગાંધીનગર જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૯૮ |
| લવિંગજી મુ. સોલંકી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૩૪ |
| | પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૪ |
| વિનેન્દ્રસિંહ દિ. ઝાલા | સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ | ૧૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૮૧ |
| વિનોદભાઈ અ. મોરડિયા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૨ |
| વિપુલકુમાર વિ. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૧ |
| | આણંદ જિલ્લામાં સોલાર રૂફ ટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૯૩ |
| વિમલભાઈ કા. ચુડાસમા | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૨૪ | ૩૨૪ |
| | ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં કૂપોષિત બાળકો | ૧૨ |
| | ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના. | ૨૦૪ |
| | પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદર/ભાડાથી સરકારી જમીન | ૧૨૯ |
| | રાજકોટ અને સુરત જિલ્લામાં કૂપોષિત બાળકો | ૩૪ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | ૧૭૨ |
| શંભુનાથજી ટુંડીયા | બોટાદ જિલ્લામાં ગોમા સિંચાઇ યોજનાની લેફ્ટ કમાન્ડની કામગીરી | ૧૮૩ |
| | બોટાદ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૨૨૩ |
| | લાખેણી ડીસ્ટ્રી(એલ.ડી.-૧૯)ની કરીયાણી માઇનોર-૩ની લંબાઇ | ૧૩૦ |
| શૈલેષ મ. પરમાર | અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કૂપોષિત બાળકો | ૧૭ |
| | અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના. | ૨૦૧ |
| | અમદાવાદ શહેરમાં ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત)ના કાયદા હેઠળ નોંધાયેલ ગુનાઓ | ૧૩૪ |
| | રાજ્યમાં જલ જીવન મિશન- હર ઘર જલ યોજના | ૧૬૯ |
| શૈલેષભાઈ ક. મહેતા | વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ | ૧૮૧ |
| | વડોદરા શાખા નહેર પરના સોલર આધારિત વીજ મથકની ક્ષમતા | ૧૨૬ |
| | સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એરપોર્ટ | ૨૧ |
| શૈલેષભાઈ સુ. ભાભોર | દાહોદ જિલ્લામાં કાર્યરત જિલ્લા રમત સંકુલ | ૧૧૭ |
| | દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ | ૧૮૭ |
| શામજીભાઈ ભી. ચૌહાણ | ખાદી વેચાણને પ્રોત્સાહન માટે બજાર વિકાસ સહાય | ૧૪ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યાઓ | ૧૨૮ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૯૪ |
| શિવાભાઈ જે. ગોહિલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૨ |
| | ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા | ૨૩ |
| | અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મહેકમ | ૧૩૧ |
| સુખાજી સો. ઠાકોર | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૫ |
| | મહેસાણા જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં વીજ કનેક્શન | ૧૫ |

| | | |
|---|---|---|
| સંગીતાબેન રા. પાટીલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૬૫ |
| સંજય સુ. કોરડિયા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૦ |
| | જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા | ૨૦ |
| | જૂનાગઢ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૯૨ |
| સંજયસિંહ વિ. મહિડા | ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકામાં આંતરિક પેયજળ યોજનાઓ | ૧૬૧ |
| | ખેડા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ભરવા બાબત | ૧૨૮ |
| | ખેડા જિલ્લામાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ | ૧૫ |
| સેજલબેન રા. પંડ્યા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૧૦૭ |
| | ભાવનગર મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ | ૧૩૭ |
| | ભાવનગર જિલ્લામાં વ્હાલી દીકરી યોજના | ૧૬ |
| સંદિપ દેસાઈ | સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા | ૨૭ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૦ |
| | સુરત જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ભરવા બાબત | ૧૨૯ |
| | સુરત જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૭૧ |
| સરદારભાઇ શા. ચૌધરી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૮ |
| સી.કે.રાઉલજી | પંચમહાલ જિલ્લાના ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો | ૧૯ |
| | પંચમહાલ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૮૧ |
| મહેન્દ્રભાઈ પાડલિયા | રાજકોટ જિલ્લામાં સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાત | ૧૭૬ |
| હેમંતભાઇ હ. આહિર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૭૧ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આશ્રમ શાળાઓ | ૪૩ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના. | ૧૮૩ |
| | જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં જી.આઇ.ડી.સી. | ૨૩ |
| | જામનગર જિલ્લાના લાલપુરમાં આવેલ જર્જરીત વિશ્રામગૃહ | ૧૪૪ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આંતર જ્ઞાતિય લગ્ન સહાય | ૩૬ |
| | જામનગર જિલ્લામાં રોડ અકસ્માત અટકાવવા લીધેલ પગલા | ૧૪૨ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાણાકીય ઉચાપાતના કારણે આત્મહત્યા | ૧૩૧ |
| હર્ષદભાઇ ર. પટેલ | અમદાવાદ શહેરના ઔદ્યોગિક એકમોમાં થયેલ પ્રાણઘાતક અકસ્માત | ૧૯ |
| | રોજમદારોના જી.પી.એફ.ના આખરી ચુકવણાની પડતર અરજીઓ | ૨૦૪ |
| | અમદાવાદ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો | ૧૬૯ |
| | અમદાવાદ જિલ્લામાં સોલર રૂફટોપ યોજના | ૨૪૫ |
| | અમદાવાદ શહેરમાં ટેક્ષટાઈલ એકમોમાં વેટ/એસ.જી.એસ.ટી સહાયની ચૂકવણી | ૩૬ |
| | અમદાવાદ શહેરમાં સેવાસેતુ કાર્યક્રમ | ૧૧૨ |
| | ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ | ૪૨ |
| હસમુખ પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૪૬ |
| | ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના | ૧૧ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૯૫ |
| હિરાભાઇ ઓ. સોલંકી | રાજુલા તાલુકામાં જીઆઇડીસી સ્થાપવાનું આયોજન | ૨૨ |
| | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ | ૪૭ |
| | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત | ૪૭ |